# શ્રી હરિવંશ-ઢાળ સાગર

* સંપાદક *

પંડિતરત્ન ગુરુદેવશ્રી ભેરાલાલજીસ્વામીના સુશિષ્ય

મુનિશ્રી સ્નેહચન્દ્રજી મહારાજ

સ્વ. ગચ્છાધિપતિ પૂ૦ આચાર્યશ્રી દેવજીસ્વામી ગુરુભ્યો નમઃ
સ્વ. પૂ૦ આચાર્યશ્રી નાગચંદ્રજીસ્વામી ગુરુવે નમઃ

સ્વ. પૂ૦ આચાર્યશ્રી કર્મસિંહજીસ્વામી સ્મારક શાસ્ત્રમાળા
મણુકો ૯૩ મો.

# શ્રી હરિવંશ-ઢાળ સાગર

* મુળ લેખક *

સ્વ. મુનિવર્યશ્રી ગુણુસાગરજી મહારાજ (વિજયગચ્છ)

卐

* સંપાદક *

પંડિતરત્ન ગુરુદેવશ્રી છોટાલાલજીસ્વામીના સુશિષ્ય
મુનિશ્રી રમેશચંદ્રજી મહારાજ

卐

* પ્રકાશક *

સ્વ. પૂ૦ આચાર્યશ્રી નાગચંદ્રજીસ્વામી સ્મારક જૈન જ્ઞાન ભંડારવતી
વ્યવસ્થાપક શા દામજી લખધીર સંગોઇ કપાયાવાલા
હાલ સાયન, મુંબઈ નં. ૨૨

નવી આવૃત્તિ
વીર સંવત ૨૫૦૬
વિક્રમ સંવત ૨૦૩૬
ઈ. સ. ૧૯૮૦

પડતર કિંમત રૂા. પંદર
વેચાણ કિંમત રૂા. દશ * જ્ઞાનખાતે
પોષ્ટેજ સહિત

સ્વ. પૂ૦ આચાર્ય ગુરુદેવશ્રી **નાગચંદ્રજીસ્વામીની** પ્રથમ જન્મ શતાબ્દિની ઉજવણીના ઉપલક્ષમા આ પુસ્તક પ્રગટ થયેલ છે અને પૂ૦ ગુરુદેવની પુણ્યસ્મૃતિ નિમિત્તે અડધી કિંમતે વેચાણ કરવામાં આવેલ છે.

* મળવાના ઠેકાણા *

૧. શા દામજી લખધીર સંગોઇ
C/o. જયશ્રી કેટરર્સ,
ઠે. ૨૦૬, શીવ મ્હાલ, સાયન મેઈન રોડ,
મુંબઇ પીન નં. ૪૦૦૦ ૨૨

૨. સ્વ. પૂ૦ આ. શ્રી કર્મસિંહજીસ્વામી જૈન જ્ઞાન ભંડાર
C/o. પાસુભાઇ વણવીર
મું. વાંકી વાયા ભુજ-કચ્છ પીન નં. ૩૭૦૪૨૫

:: મુદ્રક ::
મહેતા ભાનુચંદ્ર નાનચંદ
શ્રી બહાદુરસિંહજી પ્રિન્ટીંગ પ્રેસ.
પાલિતાણા * સૌરાષ્ટ્ર

# અર્પણ પત્રિકા

મારા જીવન બાગને ખીલવનાર માળી સમા દીક્ષા દાતા
વાણી આભુષણ અજોડ ઉપકારી પંડિતરત્ન ગુરુદેવ શ્રી
**છોટાલાલજી સ્વામીને** હ્રદય પૂર્વક સમર્પણમ્ કૃપા
સિંધુ પૂ૦ ગુરુદેવ શ્રી ! મને (નવિનચંદ્રજી મુનિ
સહીત) સંવત ૨૦૧૯ના વૈશાખ શુદ ૧૩ ને
મંગળવારના પવિત્ર દિને ભવજલધિથી તરવા
માટે સંયમરૂપી જહાજ આપી આપ મારા
સાચા ઉપકારી બન્યા છો સાથે સાથે આજ
દિવસ પર્યંત મારા જીવન બાગને
હરિયાળું રાખવા કૃપાના ઝરણા
વહાવ્યા છો આવા આવા
આપના અનંત ઉપકારોનો
બદલો વાળવા હું સર્વદા
અસમર્થ છું પણ કંઈક
અંશે અનૃણી થવા આ
**હરિવંશ ઢાળ સાગર**
નામનું પુસ્તક આપના
પવિત્ર પદ પંકજમાં
સમર્પિત કરૂં છું.

લી૦

આપનો બાલ શિષ્ય મુનિશ્રી **રમેશચંદ્રજી** ચાતુર્માસ સ્થળ
**કપાયા** (કચ્છ) સંવત ૨૦૩૬ના કાર્તિક શુદ ૧૫ ને શનિવાર.

# ❋ પ્રસ્તાવના ❋

**न चोर चौर्यं न च राज हार्यं, न भ्रातृभाज्यं न च भारकारी ।**
**व्ययेकृते वर्धत इव नित्यं, विद्याधनं सर्व धनं प्रधानम् ॥**

પરિવર્તનશીલ સંસારમાં અનાદિકાળથી નરકાદિ ચારે ગતિમાં જન્મ-મરણ કરતા આ આત્માએ મહાન પુણ્યોદયે માનવ જન્મ પ્રાપ્ત કર્યો અને કર્મોથી મુક્ત કરવા માટેના સર્વ સાધનો પણ પ્રાપ્ત કર્યા છતાં આ જીવ પ્રમાદી બનીને અમૂલ્ય સમયને જ્ઞાનધ્યાનની આરાધના કર્યા વિના વેડફી નાખે છે. જીવનમાં જ્ઞાનની બહુ જ આવશ્યકતા છે. જ્ઞાનથી સાર-અસાર પદાર્થોનું જાણ પણું થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કેઃ— '**नाणेण जाणइ भावे**' જ્ઞાનદ્વારા સર્વે ભાવો જાણી શકાય છે. જાણપણું કરવા માટે જ જ્ઞાની પુરૂષોના જીવન ચરિત્રો છે. મહાન પુરૂષોના જીવન ચરિત્રમાંથી આપણને ઘણો ઘણો બોધ મળે છે.

આ ઢાળ સાગર ( હરીવંશ ) નામનું પુસ્તક છે. જેમાં ખાસ કરીને શ્રી કૃષ્ણ ચરિત્ર અને પાંડવ ચરિત્ર સવિસ્તર આપ્યું છે. હરિવંશી અસંખ્ય રાજાઓ મોક્ષગામી બની ગયા છે. શ્રી કૃષ્ણ મહારાજાના પરિવારમાંથી ઘણા ઘણા રાજાઓ, રાજકુમારો અને રાણીઓ ઉત્તમ ચારિત્ર અને તપો-ધર્મની આરાધના કરીને સ્વર્ગ તથા મોક્ષગતિએ પામ્યા છે. શ્રી ભગવતી સૂત્ર, અંતગડસૂત્ર જ્ઞાતા વિગેરે સિદ્ધાંતોની શાંખ છે. આ 'ઢાળસાગર'ને ઢાલો રૂપે બનાવનાર વિજય ગચ્છના શ્રી પદ્મસાગરસૂરિના શિષ્યરત્ન, **ગુણસાગરસૂરીશ્વરજી** મહારાજ છે. વિક્રમ સં. ૧૬૭૨ ના શ્રાવણ શુદ ત્રીજને સોમવારે **કુર્કટસ્વર** નગરમાં આ ઢાલો પૂર્ણ કરી ગ્રંથનું નામ **ઢાળસાગર** ( હરિવંશ ) આપ્યું. આ ઢાળસાગર નવરસથી ભરપુર છે. શ્રોતા અને

વક્તાઓને આનંદ અને વૈરાગ્ય ઉત્પન્ન કરાવનાર છે. ઢાળસાગરની ૧૭૫ ઢાલો ગુણસાગરસૂરિ વિરચિત છે. અને કેટલીક ઢાળો ઉદયરત્નજી મહારાજે વિસ્તારપૂર્વક રચીને ''ઢાલ સાગર'માં દાખલ કરી છે. આ બંને મહાપુરૂષોએ ઘણોજ પરિશ્રમ વેઠી જનકલ્યાણને અર્થે આ સુંદર ગ્રંથ રચીને સમાજને અર્પણ કર્યો છે. આ ગ્રંથ રચ્યાને વર્ષો વીતી ગયા છતાં લોકોને આજે પણ એટલો જ વલ્લભ છે.

આ 'હરિવંશ' પુસ્તક વર્ષો જુનો હોવાથી જીર્ણપ્રાયઃ થઈ જતાં તેની નવી નકલ તૈયાર કરવાની આવશ્યક્તા જણાઇ અને પં. ર. ઉપકારી પૂ. ગુરૂદેવશ્રી **છોટાલાલજીસ્વામી** અને સાહિત્યરસિક, મુનિશ્રી **રમેશચંદ્રજી સ્વામી** આદિ સાધુ સાધ્વીજીઓની પ્રેરણાથી નવી આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે. ખૂબ સુધારો કરી, અશુદ્ધિ દૂર કરી આવૃત્તિ તૈયાર થઈ છે, છતાં પુસ્તકની અંદર કોઈ ક્ષતિઓ રહી ગઈ હોય તો વાંચકો સુધારીને વાંચે. આ પુસ્તકનો ખૂબ સદુપયોગ થાય અને વક્તા, શ્રોતા વ્યાખ્યાનમાં વાંચી સાંભળીને લાભ લે એજ અંતરેચ્છા ! ૐ શાંતિ ! ! !

લેખિકા—સ્વ૦ શાંતસ્વભાવિની વિદુષીનિ મહાસતીશ્રી
**કમળાબાઇસ્વામીની** સુશિષ્યા સાધ્વીજી **નિર્મળાબાઇ**
સં. ૨૦૩૬ ના મહા શુદ ૧૫ ને ગુરૂવાર
વાંકી કચ્છ

## 卐 આ...ભા...ર દ...ર્શ...નં 卐

વિષમભર્યા સંસારના વિષમ વાતાવરણ વચ્ચે આ 'હરિવંશ' ( ઢાળ સાગર ) નામનું પુસ્તક પ્રગટ કરતાં અપૂર્વ આનંદ થાય છે. કાગળ અને પ્રિન્ટીંગના વધતા જતા ભાવ વચ્ચે પુસ્તકોનું પ્રકાશન કરવું કેટલું કઠીન છે. તે તો અનુભવેજ ખબર પડે ? આ પુસ્તકના પ્રકાશનમાં જેમનો સ્નેહ ભર્યો સાથ સહકાર મલ્યો છે, તેની નોંધ ન લઈએ તો કેમ ચાલે ?

પ્રથમ તો આ પુસ્તક પ્રકાશનના પ્રેરણા દાતા ને મારા દીક્ષાદાતા પરમ ઉપકારી વાણી આભૂષણ પંડિત રત્ન ગુરૂમહારાજશ્રી **છોટાલાલજી સ્વામીનો** ઉપકાર તો વિનમ્રતા પૂર્વક માનવાનો કે જેમની પ્રેરણા માર્ગ-દર્શન અને આર્થિક ભાર હળવો કરવામાં હંમેશા મીઠી નજર રહી છે. તથા પોતાનો અમૂલ્ય સમયનો ખાસ ભોગ આપી આ હરિવંશ પુસ્તકની પ્રેસ કોપી શુદ્ધતા પૂર્વક અને લક્ષ્યપૂર્વક, પરિશ્રમ વેઠીને કરી આપનાર સ્વ. શાંતમૂર્તિ મહાસતીજી કમળાબાઈ સ્વામીની સુવિનિત સુશિષ્યા અને અમારા આત્મ ભગિની સુવ્યાખ્યાની સાધ્વી **શ્રી નિર્મળાબાઈ સ્વામીનો** હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવે છે.

આ હરિવંશના લેખક વિજય ગચ્છના પૂ. પદ્મસાગર મહારાજના સુશિષ્ય પૂ. ગુણસાગર મહારાજનો વર્તમાન કાળે તેમનો શિષ્ય પરિવાર જે ભૂમંડળ ઉપર વિચરતાં હશે તેમનો પણ આભાર માનવામાં આવે છે.

આ પુસ્તકને સુંદર ટાઈપથી છાપનાર અને પ્રુફ સંશોધન કરનાર શ્રી બહાદુરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસના માલિક **શ્રી ભાનુચંદ્ર નાનચંદ મહેતા** આદિ સર્વ પરિવારનો પણ આ સ્થળે આભાર માનવામાં આવે છે. આ પુસ્તકમાં આર્થિક દાન આપીને જે જે ભાવિકોએ જ્ઞાન પ્રકાશનનો અમૂલ્ય લાભ લીધો છે. તે પ્રશંસનીય છે.

આ પુસ્તકમાં પ્રેસ દોષ, દૃષ્ટિદોષથી રહી ગયેલી ક્ષતિઓ સુજ્ઞ પાઠકો સુધારીને વાંચે એવી અપેક્ષા છે, જ્ઞાન એ આત્મ સાધનાનું પ્રથમ સોપાન છે. આ હરિવંશ (ઢાળ સાગર) પુસ્તકનું મુમુક્ષુ આત્માઓ પઠન- પાઠન કરી જૈન સમાજને વ્યાખ્યાનમાં વાંચી જ્ઞાન પીણા પીવડાવે એવી શુભ કામના ! ૐ શાંતિ ! શાંતિ ! શાંતિ !

લી. પંડિતરત્ન ગુરૂદેવ**શ્રી છોટાલાલજી** સ્વામીના
સુશિષ્ય મુનિશ્રી **રમેશચંદ્રજી** મહારાજ

## હરિવંશ (ઢાળસાગર)માં આર્થિક સહાય કરનાર
## * દાતાઓની નામાવલી *

૨૦૦૦) સ્વ. કાનજી સામજીના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની
ગં. સ્વ. કેશરબાઈ તથા સુપુત્ર વસંતલાલ — બીદડા-કચ્છ
૧૦૦૦) સ્વ. ઉમરશી મોનાના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની
ગં. સ્વ. ઉમરબાઈ તથા સુપુત્રો તરફથી — કપાયા-કચ્છ
૧૦૦૦) શા રવજી રાયમલ તથા શ્રીમતિ મણિબાઈ — વાંકી-કચ્છ
૫૦૦) ગં. સ્વ. જીવાંબાઇ ધારશી પુંજા — કપાયા-કચ્છ
૫૦૦) માણેકભાઈ ઉમરશી — ભોજાય-કચ્છ
૫૦૦) સ્વ. લાછબાઈ લધા કચરા — કપાયા-કચ્છ
૫૦૦) રમણિકલાલ મોહનલાલ શાહ — ન્યુ ડીસા-ઉ ગુજરાત
૫૦૦) રામજી લાલજી ટોકરશી — કપાયા-કચ્છ
૫૦૦) વિશનજી નાનજી — બાડા-કચ્છ
૫૦૦) નટવરલાલ ચત્રભુજ શાહ — અમદાવાદ ગુ.
૫૦૦) ભીખમચંદ્રજી રૂગનાથજી — જાવલ ઉ. ગુ. હાલ પુના
૫૦૦) ગં. સ્વ. શાંતાબહેન અમૃતલાલ પાનાચંદ
(પોતાના સુપુત્ર પ્રકાશના સ્મરણાર્થે) — લાકડીયા-કચ્છ
૫૦૦) સ્વ. મોતીચંદ જીવરાજના કુટુંબીજનો — અંજાર-કચ્છ
૫૦૦) અનશનવ્રત ધારિણી લાછબાઈ ભુલા હઃ ભચીબાઇ ઉમરશી જેવત-પત્રી
૫૦૦) ચાંદરડા જૈન સંઘ હઃ કેશવલાલ લીલાધર — ચાંદરડા-કચ્છ
૩૦૦) પોપટલાલ કાનજી આદિ ગુરૂભક્ત મંડળ — બીદડા-કચ્છ
૨૫૧) છગનલાલ દેવચંદ મહેતા — દરશડી-કચ્છ
૨૫૧) મગનલાલ રવજી ભારમલ — ગુંદાલા-કચ્છ
૨૫૧) શા કુંવરજી ઉકેડા પોતે કરેલ માસખમણ તપ તથા
તેમના સુપુત્ર લક્ષ્મીચંદ ૧૬ ઉપવાસ કર્યા તે પ્રસંગે કપાયા-કચ્છ
૨૫૧) નાનજી કેશવજી — બાડા-કચ્છ
૨૦૧) શા નેણશી જેવત (પોતાની દોહિત્રી કુ. લતાબહેનના
માસખમણ તપ નિમિત્ત) — દેશલપુર-કચ્છ
૨૫૧) સામજી દેવજી છેડા — દેશલપુર-કચ્છ
૨૫૧) શા હંસરાજ માણેક — મોટીખાખર-કચ્છ
૨૫૧) અમૃતલાલ એન્ડ કું. — લાખાપુર-કચ્છ
૨૫૧) શા પ્રેમજી ગેલાભાઈ — ગુંદાલા-કચ્છ
૨૫૧) શા ભવાનજી લાલજી ઉમરશી — છસરા-કચ્છ
૧૫૧) રામજી શવરાજ — લાખાપુર-કચ્છ

# —: હરિવંશ (ઢાળસાગર)નું શુદ્ધિ પત્ર :—

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૧૯ | મ જોયું | મ મેસુ |
| ૧ | ૧૯ | તે તે | ત તે |
| ૨ | ૨૫ | ઉત્તમ પુરુષ તણા થાયે | ઉત્તમ પુરુષ તણા ગુણ થુણતાં થાયે |
| ૩ | ૪ | છશીસ કલા | છવીશ કલા |
| ૫ | ૧૦ | કરમે તો | કરમેતો |
| ૫ | ૧૨ | સર્વ ભોમજી | સર્વભોમજી |
| ૮ | ૪ | વાસુદેવ | વસુદેવ |
| ૮ | ૨૧ | રાજા | રાજ્ય |
| ૧૦ | ૨૩ | સઉવીસા | ચઉવીસા |
| ૧૩ | ૭ | જગ | જશ |
| ૧૭ | ૧૧ | ઠાઢચા | કાઢચા |
| ૨૧ | ૭ | ફર્તા | કર્તા |
| ૨૪ | ૧૧ | ચભિરામ | અભિરામ |
| ૨૪ | ૧૭ | ટલવા | ટાલવા |
| ૨૫ | ૧૨ | આપુ | આયુ |
| ૨૬ | ૭ | હરણભી | હરણલી |
| ૨૬ | ૨૫ | રાહે | રહે |
| ૩૦ | ૨૪ | છેમ | જેમ |
| ૩૧ | ૧૯ | મેડ | જોડ |
| ૩૨ | ૧૧ | ચારી | ચાતુરી |
| ૩૩ | ૨૦ | વિસર | વાસર |
| ૩૪ | ૩ | ફિર ફિ | ફિર ફિર |
| ૩૬ | ૧૪ | પડચા | પડચો |
| ૩૭ | ૧૧ | કરૂ છું | કરૂં હું |
| ૩૮ | ૫ | વીણો | વીણા |
| ૩૮ | ૨૮ | લતિ ઓધ્યો | પ્રતિઓધ્યો |
| ૪૫ | ૧૯ | વિચ્છેહો | વિચ્છોહો |
| ૪૬ | ૧૯ | જગ જાવ | જગજાદવ |
| ૪૮ | ૨૦ | સખી છે છું | સખી છું |
| ૫૧ | ૧૬ | પ્રમાદ | પ્રસાદ |
| ૫૩ | ૪ | સૂર્યક | સૂર્પક |
| ૫૪ | ૨ | કીલી | |
| ૫૪ | ૮ | ડુંગ થી | ડુંગરથી |
| ૫૪ | ૧૪ | ભરતો રે | ભરતારો રે |
| ૫૪ | ૨૧ | નામ | કામ |
| ૫૫ | ૪ | દવાની હો | દવાનો હો |
| ૫૬ | ૧૨ | સુખદાયી હો | કુણ થાઈ હો |
| ૫૯ | ૧૬ | નેહ ઘણેરાજી | નેહ ઘણેરાજી |
| ૬૧ | ૧૮ | ચડીઓ આવે રે | અડીઓ આવે રે |
| ૬૨ | ૨૪ | પહિરાવી | પરણાવી |
| ૬૪ | ૮ | ન વાંછિત | મનવાંછિત |
| ૬૭ | ૧૧ | દરિદગ માઇઓ | દરિદ્ર ગમાઇઓ |
| ૬૭ | ૧૨ | મેન્યાસું | સેન્યાસુ |
| ૬૮ | ૨૪ | દેખ બે | પેખે બે |
| ૭૩ | ૨૨ | વહ દ્રથ | વૃહદ્રથ |
| ૭૬ | ૧૭ | સાધ્યો | સાહ્યો |
| ૭૭ | ૨૦ | સાધે | સાથે |
| ૮૧ | ૧૩ | જીભ | જીમ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૮૪ | ૨ | દૈવ | દૈત્ય |
| ૮૭ | ૧૨ | છે દીકરી | છેદી કરી |
| ૮૮ | ૨૨ | શિ ટીકો | શિર ટીકો |
| ૯૧ | ૩ | આસાના | આસના |
| ૯૨ | ૨૦ | જસોદ | જસોદા |
| ૯૪ | ૨૨ | લાલપણે | બાલપણે |
| ૯૬ | ૧૧ | છોડયા વિણ કાજ | છોડાવણ કાજ |
| ૯૮ | ૬ | આપ સમે | એક સમે |
| ૧૦૧ | ૨૭ | તાર | તારો |
| ૧૦૩ | ૪ | પાયક સાહિબા | પાયક લાયક સાહિબા |
| ૧૦૫ | ૧૭ | ઈમ થાય | ઈમ વાય |
| ૧૧૦ | ૯ | ધસુખ્ય | ધનુષ્ય |
| ૧૦ | ૧૬ | ફાઠી | ફાટી |
| ૩૧૨ | ૧૧ | સમુદ્રજવિય | સમુદ્રવિજય |
| ૧૨ | ૧૭ | કરી સહુ | કરીશ હું |
| ૧૧૮ | ૧૪ | ઘર | વર |
| ૧૧૮ | ૨૫ | કીયો | કીયો એ |
| ૧૨૦ | ૭ | અધાંગ | અર્ધાંગ |
| ૧૩૧ | ૧૩ | આવી સહુ | આવીશ હું |
| ૧૪૫ | ૨૧ | અલજા લગે ધસે | અલજા લગે આવી ધસે |
| ૧૫૬ | ૧૧ | ઉન્મૂલ શું | ઉન્મૂલશું |
| ૧૫૭ | ૧૪ | ગૃહ | ગૃધ |
| ૧૬૫ | ૪ | બરખીએ | બરછીએ |
| ૧૬૫ | ૫ | ખકધારા | ખડ્ગધારા |
| ૧૬૬ | ૮ | દાર | દાવ |
| ૧૬૭ | ૮ | બારધાર | બાણધાર |
| ૧૭૦ | ૫ | પ્રભુને મને | પ્રભુ નેમને |
| ૧૭૨ | ૨૬ | થાય | થાપ |
| ૧૭૮ | ૧૭ | સહસ્ય | સહસ્સ |
| ૧૮૦ | ૨૦ | સુભ એ | સુભટ એ |
| ૧૮૪ | ૩ | ઢાલમેં | ઢાલ રે |
| ૧૮૭ | ૨૪ | સહુ રાય એ, દિલાસા જાય એ; | સહુ રાયએ, કરે દિલાસા જાય એ; |
| ૧૮૮ | ૨૩ | ભાલો એ | ભલોએ |
| ૧૯૦ | ૧૧ | દો ગુંદક | દોગુંદક |
| ૧૯૩ | ૯ | તો માથો માથું | તો માથું |
| ૨૦૨ | ૨૨ | સુણી | શુની |
| ૨૦૨ | ૨૪ | ગુણગ્રાણ | ગુણગ્રામ |
| ૨૦૪ | ૯ | ઉન્હો જલદર | ઉન્હે જલ દર |
| ૨૦૪ | ૧૧ | બાકરા | બકરા |
| ૨૦૫ | ૧૪ | ભામા નામ ન ભાવતા | ભામા ના મન ભાવતા |
| ૨૦૬ | ૮ | ગિરિ કંદરા કંદરા રે | ગિરિ કંદરા રે |
| ૨૦૬ | ૧૭ | પવત | પર્વત |
| ૨૦૯ | ૨૧ | રતિ | રાત્રે |
| ૨૧૪ | ૧૨ | ખુજી | ખીજી |
| ૨૧૫ | ૧૦ | ક્ષિણ ક્ષિણ દાઝે દેહ | આંખ ઉનિંદો નિંદ તણો ક્ષય, ક્ષિણ ક્ષિણ દાઝે દેહ; |
| ૨૧૭ | ૧૦ | રાડ | રાંડ |
| ૨૧૮ | ૮ | એ હમ | એહ મ |
| ૨૧૮ | ૧૬ | ટલી | ટલે |
| ૨૧૯ | ૯ | પામીયો | પામીયા |
| ૨૨૦ | ૮ | ન | ને |
| ૨૨૪ | ૧૯ | વાન રૂપ | વાનર રૂપ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૨૬ | ૧૦ | માટો | મોટો |
| ૨૩૫ | ૨૩ | માસ | તાસ |
| ૨૩૫ | ૨૫ | કહા | કહો |
| ૨૪૪ | ૨૩ | શકયા | શકયો |
| ૨૪૭ | ૧૭ | ઢુષી | ઋષી |
| ૨૪૯ | ૨૧ | તેમની | તમ ની |
| ૨૫૦ | ૨ | આધલા | આંધલા |
| ૨૫૧ | ૭ | વામવ | વામન |
| ૨૫૨ | ૪ | ગિરિ શંગ | ગિરિશૃંગ |
| ૨૫૨ | ૧૦ | ઉદ્ધી કુમરી | ઉદધીકુમરી |
| ૨૬૪ | ૧૭ | રંગ | રંગે |
| ૨૬૫ | ૧૯ | વારહ | વાહરુ |
| ૨૭૪ | ૨૪ | ૐ ઈ હ્રીં | ૐ હ્રીં |
| ૨૭૭ | ૨૦ | પૂરા | પૂરો |
| ૨૭૯ | ૧૪ | મજી સૂડો રે | જીમ સૂડો રે |
| ૨૮૧ | ૮ | કડેવાયો રે | કહેવાયો રે |
| ૨૮૩ | ૨૪ | બાલ તજી | બાલઋષિ |
| ૨૯૧ | ૩ | કાણુર, મોકલીયા | કારણુ મોકલીયા |
| ૨૯૨ | ૧૨ | ચિગન કરે વખકોડ | ચિગન કરે લખકોડ |
| ૨૯૫ | ૨૦ | ગહ્યો રે; | ગાધો રે |
| ૨૯૭ | ૨૩ | રી હરણુ | કુમરી હરણુ |
| ૩૦૫ | ૧૬ | ર, | રે. |
| ૩૦૮ | ૩ | હુમે | હમે |
| ૩૦૯ | ૧૩ | સોઈ | સોઈ રે. |
| ૩૧૧ | ૯ | સુખમેં હો, | સુખમેં રાજે હો, |
| ૩૧૨ | ૭ | હ્રાર | હાર |
| ૩૧૫ | ૧૦ | હીંડી | હોડી |
| ૩૨૧ | ૧૩ | મૂરાડાં | મૂરાડા |
| ૩૨૨ | ૧૮ | હિડોલે | હિંડોલે |
| ૩૨૩ | ૩ | કાચી | કામી |
| ૩૩૦ | ૧૭ | નિંધા | વિદ્યા |
| ૩૩૩ | ૨૧ | બઉ | બેહુ |
| ૩૩૯ | ૫ | ભજી શ્રીરામ રે હાં, | ભજો રામને રે હાં, |
| ૩૩૯ | ૧૦ | નાકારા | નાકારો |
| ૩૪૦ | ૨૧ | સુગધ | સુગંધ |
| ૩૪૧ | ૭ | સુને | મુને |
| ૩૪૬ | ૧૩ | આવીયો ર, | આવીયો રે. |
| ૩૪૯ | ૧૫ | હાન | હિન |
| ૩૫૦ | ૧૨ | ચૂડામણી એ; | ચૂડામણી એ; |
| ૩૫૧ | ૬ | મુખ મલ | મખમલ |
| ૩૫૧ | ૨૧ | સહસ્ય | સહસ્સ |
| ૩૫૪ | ૧૩ | દેશે | દ્વેશ |
| ૩૬૧ | ૧૮ | હેયે | હૈયે |
| ૩૬૩ | ૨૧ | કુમમ | કુમર |
| ૩૬૪ | ૨૧ | ગોલણીજી, | બોલણીજી, |
| ૩૬૫ | ૨૦ | બીજે પણુ મલી કરી કીધો, | બીજે પણુ મલી કરી, |
| ૩૬૬ | ૫ | આલણુ | આલસ |
| ૩૬૮ | ૮ | હરગીત | હરખીત |
| ૩૭૦ | ૧૮ | દીસે દીસે | દીસે |
| ૩૭૧ | ૧૭ | બઠા | બેઠા |
| ૩૭૭ | ૧૫ | બઠા | બેઠા |
| ૩૭૭ | ૨૨ | પહેર્યો | પહેર્યા |
| ૩૮૩ | ૧૭ | મ પતી જોયું | મ પતીજો યું |
| ૩૮૪ | ૯ | જાયે છે એ; | જાયે છે સહિ એ; |
| ૩૮૪ | ૧૧ | દ્રમગિરી | દ્રુમગિરી |
| ૩૮૪ | ૧૧ | પરિહરી એ; | પરિહરી એ; |
| ૩૮૬ | ૧૪ | ભાણુંતા | ભણુંતા |
| ૩૮૮ | ૨૪ | ત્રુડયું | ત્રુટયું |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૯૦ | ૮ | આડાલે રે, | આગલે રે, |
| ૩૯૦ | ૧૦ | માગ્ય માગ્ય | માગ્ય રે માગ્ય |
| ૩૯૪ | ૧૦ | ધન દેવતાજી, | ધન દેવતા જી, |
| ૩૯૫ | ૨૨ | જયદ્રરથ | જયદ્રથ |
| ૩૯૬ | ૨૫ | અજુને, | અર્જુને, |
| ૩૯૭ | ૧૮ | ઉગાર | અપકાર |
| ૩૯૮ | ૪ | દિપત મહી, | દીપ તમ હી, |
| ૩૯૯ | ૫ | નારા | નારી |
| ૩૯૯ | ૨૩ | પૂંઠ આવી | પૂંઠે આવી |
| ૪૧૦ | ૧૮ | ને ઉર | નેઉર |
| ૪૨૦ | ૭ | છે | છે |
| ૪૨૭ | ૮ | ભાંગે | ભાંખે |
| ૪૨૮ | ૧૯ | તેતી | તેની |
| ૪૪૦ | ૬ | દુર્મતા | દુર્મતિ |
| ૪૪૦ | ૧૩ | અંગીકરીને | અંગી કરી |
| ૪૪૦ | ૧૪ | મરણ કરીને | મરણ પામી કરી |
| ૪૪૨ | ૨૨ | આઝોજી | આઝોજી |
| ૪૪૩ | ૧૦ | આસુંર | આ સુંદર |
| ૪૪૪ | ૪ | અશ્વસ્થા | અશ્વસ્થામા |
| ૪૪૫ | ૧૧ | મએ | એમ |
| ૪૪૯ | ૪ | તરીતા | સરીતા |
| ૪૫૮ | ૧૭ | સોહલીજી | સોહલોજી |
| ૪૬૧ | ૧૩ | તન્કાલ રે. | તત્કાલ રે. |
| ૪૬૨ | ૧૪ | ધાતકીખંડ | ધાતકી ખંડ |
| ૪૭૦ | ૧૪ | મેં તસ વાજ, | મેં તસ કાઢચો વાજ, |
| ૪૭૧ | ૨ | જાહાવી, | જાહ્નવી |
| ૪૭૭ | ૨૧ | લહ્યા; | લહ્યો; |
| ૪૮૧ | ૧૬ | દેઈ | હોઈ |
| ૪૮૧ | ૨૧ | વેહુ રે, | હુવે રે, |
| ૪૮૨ | ૨૭ | પારણોજી. | પારણોજી. |
| ૪૮૪ | ૧૧ | સાંમલ | સાંભલ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૮૬ | ૨૪ | ખહેરાવણી | પહેરાવણી |
| ૪૮૭ | ૨ | જી હો ભાલે કરાવણ ચંદ; | ભાલે કરાવણ ચંદ; |
| ૪૯૦ | ૧૨ | તરવ | તરવો |
| ૪૯૧ | ૫ | અનુમત | અનુમતિ |
| ૪૯૨ | ૧૪ | હિંસતાં રે. | હિંસતી રે |
| ૪૯૨ | ૨૧ | બંધવ હતા | બંધવ હંતા |
| ૪૯૮ | ૨ | વર | વાર |
| ૪૯૮ | ૨૧ | કાતાં | કાતી |
| ૪૯૮ | ૨૪ | કહ્યું | કયુ |
| ૪૯૯ | ૧૨ | બટા | બેટા |
| ૫૦૩ | ૧૭ | ઉપવ આરોહે | ઉપર આરોહે |
| ૫૦૬ | ૬ | ત્રાયશું | ત્રીયશું |
| ૫૧૧ | ૧૦ | ભાલ્ઈ | ભાઈ |
| ૫૧૧ | ૨૨ | બલદ લેલા | બલદ લેવા |
| ૫૧૩ | ૨ | ઘાતકી ખંડમેં | ધાતકી ખંડમેં |
| ૫૧૩ | ૩ | દ્રોપદી | દ્રૌપદી |
| ૫૧૪ | ૨૨ | વહ્યે | વહ્યો |
| ૫૧૮ | ૧૩ | તે હું કૃષ્ણ તેં મારીઓ ન મટચા શ્રી નેમના વચન રે. | તે હું કૃષ્ણ તેં મારીઓ, ન મટચા શ્રી નેમના વચન રે. ગર્વ૦ ૧૯. |
| ૫૨૬ | ૮ | પાંસુ સયા | પાંચ સયા |
| ૫૨૬ | ૧૧ | સચવતાં | સાચવતાં |
| ૫૨૭ | ૬ | વિશ નવી લધા વિગુતા, | વિષય વિલુદ્ધા વિગુત્તા, |
| ૫૨૯ | ૨ | ને દયાલે દેવતા, | નેમ દયાલે દેવતા, |
| ૫૨૯ | ૧૫ | તારી તરી | તારી તારી |
| ૫૩૩ | ૧૨ | બલદેજી, | બલદેવજી, |
| ૫૩૪ | ૧૯ | વાશેષ; | વિશેષ; |

## કપાયા ગામે સ્વર્ગસ્થ શ્રી અમરચંદ બાબુલાલને અપાયેલી શ્રદ્ધાંજલી

[ રાગ :– સારી સારી રાત તેરી યાદ સતાવે ]

વહાલા ભાઈઓની આજે યાદ સતાવે
યાદ સતાવે એ તો ભૂલ્યા ન ભૂલાયે રે......એ ટેક.
રાહ ગામેથી દર્શન કરવા આવ્યા સંઘ રૂપે લાભ જ લેવા;
દર્શન કર્યા ભાઈ બ્હેનો અતિ હોંશે રે......યાદ સતાવે...૧

પૂજ્ય મુનિવરોના દર્શન કરીને ગયા પછી વાંકી ગામે સ્નેહ ધરીને;
ગુરુ દર્શન કરી ભાવે સુખ સાતા પૂછી રે....યાદ સતાવે....૨

સ્નાન કરવા એ તો નદીએ ગયાં ગોઝારી સરિતાએ પ્રાણ જ હર્યા;
એવી વાત જાણી સકળ સંઘ દુઃખ પાવે રે...યાદ સતાવે...૩

માવિત્રોનાં કુળ દીપક બન્યાં મિલન સાર સ્વભાવે સહુને ગમ્યા;
રાહ ગામે યશ બહુલો ફેલાવ્યો રે....યાદ સતાવે......૪

આશા તમારી રહી ગઈ અધુરી અમર, બાબુ સીધાવ્યાં સ્વર્ગપુરી;
કપાયા શ્રી સંઘ શ્રદ્ધાંજલી આપે રે.....યાદ સતાવે.......૫

અંતરની આશા અંતરમાં સમાણી કહેવી કોને આ ક્રુર કહાણી;
નહોતું જાણ્યું કે આમ હાણી થાશે રે...યાદ સતાવે...૬

વૃક્ષ થકી પતું ખર્યું પરવશ થાય વાયુ પ્રારબ્ધનો ભાવે ત્યાં લઈ જાય;
તેથી જ વાંકી ગામે આપ પોઢયા રે......યાદ સતાવે....૭

સંવત બે હજાર પાંત્રીસની સાલે. શાંત મંજુલાં ગાયે ભક્તિભાવે;
પ્રભુ તુમ આત્માને શાંતિ સુખ આપે રે....યાદ સતાવે....૮

લેખિકા :— કુ. મંજુલા મોરારજી સંગોઈ
કુ. શાંતા રતનશી મામણિયા
કપાયા કચ્છ

ॐ શ્રી વિતરાગાય નમઃ

# અથ શ્રી હરિવંશ ઢાલ સાગર

## ખંડ ૧ લો

### દોહા

શ્રી જિન આદિ જિનેશ્વરૂ, આદિ તણો કિરતાર;
યુગલા ધર્મ નિવારણો, વરતાવણ વ્યવહાર. ૧

શાંતિ સકલ સુખદાયકુ, શાંતિકરણ સંસાર;
અરતિ અસુખ દુઃખ આપદા, મારી નિવારણહાર. ૨

નેમનાથ મતિ નીર્મલી, અનમિ નમાવણ દેવ;
બાલ બ્રહ્મચારી પ્રભુ, સુરનર સારે સેવ. ૩

પાર્શ્વ પાર્શ્વ સારિખો, સુખ સંપત્તિ દાતાર;
ક્ષુદ્ર ઉપદ્રવ ટાલણો, નામે સદા જયકાર. ૪

વીરસ્વામી ત્રિભુવન તિલો, ગુણમણિનો ભંડાર;
તીર્થંકર ચોવીસમો, શાસણરો શિરદાર. ૫

કાલ અતિ તે જે હુવા, વર્તમાન જિન ઇશ;
કોડી દોય કેવલધરા, ચરણ નમું નિશદીશ. ૬

ગણધર ગૌતમ ગુણ નીલો, ગૌતમ ગુરૂઓ નામ;
ગૌતમગુરૂ ગુરૂમેં વડો, ગૌતમ કરૂં પ્રણામ. ૭

કામધેનુ ગો શબ્દથી, તે તે તરૂ સુરવૃક્ષ;
મ જોયું મણિ ચિંતામણિ, ગૌતમસ્વામી પ્રત્યક્ષ. ૮

દેશ દેશાંતર કાંઇ ભમો, મુરખ લોક અયાણ;
ઘર બેઠા હરિ પુરિષો, ગૌતમ કેરો ધ્યાન. ૯

બ્રહ્માણી બ્રહ્મા સુતા, શારદ માત પ્રણામ;
કરી માગું મતિ નિર્મલી, જિમ પામું કવિ નામ. ૧૦

કવિ વાણી વારૂ કહી, જશ તુઠી તું માય;
તુજ તુઠા વિણ બોલણો, મુરખ માંહિ કહાય. ૧૧

પઢે ગુણે મતિ આગલો, રાજ સભા સન્માન;
લહે નિવાજા તાહરા, મોટપ મેરૂ સમાન. ૧૨

માત મયા કરી સાંભળો, સેવકની અરદાસ;
તિમ કર જિમ પોહચે સહિ, માહરા મનની આસ. ૧૩

ગુરૂ નમીયે ગુરૂતા ભણી, ગુરૂ વિણ ગુરૂતા નાંહિ;
ગુરૂ જનને પ્રગટો કરે, લોક ત્રિલોકા માંહિ. ૧૪

ગુરૂ કારીગર સારિખા, ટાંકે વચન પ્રહાર;
પત્થરથી પ્રતિમા કિયા, પૂજા લહે અપાર. ૧૫

અંધકાર અજ્ઞાનતા, જ્ઞાન સલાઇ સાર;
ફેરી કીયા જગ દેખતા, ધન્ય ગુરૂના ઉપકાર. ૧૬

તિર્થંકર ગણધર સહુ, સારદ સુગુરૂ સકામ;
સહુ મલી મુજ આપજો, કાવ્ય કલા અભિરામ. ૧૭

ઉત્પત્તિ શ્રી હરિવંશની, હલધર કૃષ્ણ નરેશ;
નેમિ મદન જુગ પાંડવા, ચરિત્ર ભણું સુવિશેષ. ૧૮

યાદવ કથા સોહામણી, જે સુણશે નરનાર;
સુકૃત તણો ફલ પામશે, નહિ સંદેહ લગાર. ૧૯

---

## ઢાળ ૧ લી

( વાંદું શ્રી આદિ જિણંદ કિયો જિનધર્મ પ્રકાશ એ દેશી. )

નહિં સંદેહ લગાર નિરોપમ, શ્રી હરિવંશ વખાણું;
ઉત્તમ પુરૂષ તણાં થાયે, જન્મ પ્રમાણું;

જંબુદ્વિપ પ્રસિદ્ધ પ્રમાણે, જોયણ લાખ કહાવે,
ષટ કુલ ગિરિને ક્ષેત્ર સાતશું, શોભા અધિક પાવે. ૧

ભરતક્ષેત્ર જોયણસેં પંચ, છવીસકલા છોહાવે,
ગરી વૈતાઢય વિચાલ વિશેષ કે, આધોઆધ કહાવે;
સોલ હજાર સુસારદેશમેં, આર્ય સાઢા પચવીસે,
જિહાં જિન પંચકલ્યાણીક હોવે, ઇમ જિનમતમાં દિસે. ૨

કોસંબી નગરી વનવાડી, કુવા વાવ વિશેષી,
ગઢ મઢ મંદીર પોલ પાગારકે, ઇંદ્રિપુરી સમ લેખી;
રાજા રાજ કરંત વિશેષે, વિદ્યાવંત સનૂરો,
હયગય રથ પાયકદલ પુરિત, રાય મહારણ શૂરો. ૩

આયો માસ વસંત વિરાજીત, રાય સુમુખ સરાગી,
રામતિ રંગ કરેવા કારણ, ભૂપતિની મતિ જાગી;
કોઈ અટાલે કોઇ માલે, નારી તમાસે લાગી;
કૌતુક જોણું વંશ વિગોણું, હુઇ ઘણું અનુરાગી. ૪

વીર કોવિંદક કેરી નારી, વનમાલા સુવિશાલા,
નયણે નિરખી હરખી રાજા, રાગ ધરે તતકાલા;
રૂપે રૂડી રંભા સરખી, વંશ વરતાવે દેવા,
આઈ ઇહાં હું જાણું એ મુજ, પાસ કરાવણ સેવા. ૫

બોલી ખ્યાલ બેહાલ પરિણામે, રાજા મંદીર આવે,
મંત્રીશ્વર ઉપાય કરીતે, વનમાલા રાય મેલાવે;
નારી સુશીલા પર પુરૂષાને, કદિય ન આવે પાસે,
વાય તણે બલ દેવલની ધ્વજ, હુઇ અપુઠી નાસે. ૬

શીલ સુધારી જે બ્રહ્મચારી, નારી દેખી ન ચૂકે,
રામચંદ્રજી સુર્પનખા જ્યું, માથે મારી મુકે;
ભુંડે ભુંડા દોય મીલંતાં, કોડી અકારજ કીજે;
દીર્ઘરાજા ચુલણી રાણી, કેરી ઉપમા દીજે. ૭

રાજા રાણી પ્રીત તણે વશ, ભોગવે ભોગ ઉદાર,
વિદ્યુત પાતે મરણ લહી તવ, હરિ વરસે અવતાર;
ત્રીજે પ્રહરે કે ત્રિજે વાસર, ત્રણ માસે ત્રણ વરસે,
પ્રગટ ઉખાણો એ જગ જાણું, પુણ્ય પાપ ફલ વરસે. ૮

નારી વિયોગે વીર કોવિંદક, ગહિલો ગર્વ ગેમારો,
રડયો પડયો વિલખ્યો વિલખાણો, વિકલ થયો અપારો;
તાપસ રૂપી ચારિત્ર પાલી, કષ્ટ તણી કરી કોડી,
સ્વર્ગ સુધર્મે કીલ્વિષીયામેં, દેવ થયો દિન થોડી. ૯

કીધા કર્મ ન કોઇ છુટે, કાઈ રાવ જયું રાણો,
રાજા રાણી સાથે કેડી પરે, સાલે વૈર પુરાણો,
પહેલી ઢાલ રસાલ રાગમેં, આનંદ રંગ વિલાસા,
શ્રી ગુણસાગર સુરી પયંપે, સબ જુગ મીઠી આશા. ૧૦

---

## દોહા

સેવક રૂપી દેવતા, કહે તદા શિરનામ;
કુણ કારણ સુર ઉપના, આપ પ્રકાશો સ્વામ. ૧

અવધિજ્ઞાન કરી દેખીયો, પૂર્વ ભવંતર તામ;
રાજા રાણી પેખીયા, યુગલપણે અભિરામ. ૨

અંગુઠાથી ઉપની, અગ્નિજવાલા અસરાલ;
કાલ રૂપ કોપ્યો તિહાં, આવ્યો સુર તત્કાલ. ૩

મારૂતો સુરગતિ લહે, ક્ષેત્ર સ્વભાવે એહ;
દુઃખ કોડયો છૂટે નહિં, તો ફરી ચિંતે તેહ; ૪

નરક તણી ગતિ સંચરે, પાવે દુઃખ અપાર;
એહ મતો મનમેં ધરી, કીધો તવ અપહાર. ૫

સાથે લીયા સુરતરૂ તદા, ચંપાપુરી સુર જાય;
વનમેં મુકી દેવતા, મન રલિયાયત થાય. ૬

---

## ઢાલ ૨ જી

( વીશ જણાસું વાદ ન કીજે-એ દેશી. )

આદિનાથનો નંદન નીકો, બાહુબલ બલવંતજી;
ભરતેશ્વર ભુજબલે હરાયો, એ બહુલો વિરતંતજી. આ૦ ૧

પુત્ર પનોતા તેહને પ્રગટ, તિન લાખ ગુણધામજી;
સોમજસાથી સોમવંશની, થિર થાપન અભિરામજી; આ૦ ૨

સોમયસ્યા કુંવર કરમે તો, શ્રી શ્રેયાંસકુમારજી;
આદિનાથને જેણે કરાયો, ઇક્ષુરસનો આહારજી. આ૦ ૩

તેહનો નંદન સર્વ ભોમજી, તેહનો હુવો સુભૂમજી;
સુઘોષ રાજા તસ પાટે, વૈરી કુલનો ધૂમજી. આ૦ ૪

ઘોષ સુબુદ્ધન તેહનો નંદન, મહાનંદ સુનંદજી;
સુભદ્ર સુભંકર સોમવંશે, ઉદયા પુનમચંદજી. આ૦ ૫

કો મુગતે કો સુરગતિ પામી, એહ વંશના ભુપજી;
અસંખ્યાતમી પેઢીએ ઉપજ્યો, કીર્તિચંદ્ર અનુપજી. આ૦ ૬

નિઃસંતાન રાજા તવ મૂવો, દૈવ તણે સજોગજી;
નૃપ પદવી લાયક નહિં કોઇ, મલીયા સઘળા લોકજી. આ૦ ૭

પંચ દિવ્ય કરી વનમેં આયા, સુભટ ને મંત્રીસજી;
હરી હરિણી યુગલપણે દેખી, મનમેં ધરે જગીશજી. આ૦ ૮

અંબરથી સુરવાણી પ્રગટી, સોચ કરો તુમ કાહિંજી;
ચંપાનગરીનો ભલ ભૂપતિ, થાપ્યો એહ ઉછાંહિજી. આ૦ ૯

રાજા રાણીને તુમે દેજો, મદિરા માંસ આહારજી;
મારો વચન ન માનસો તો, કરસું સહિ સંહારજી. આ૦ ૧૦

સુર વચને ચંપાપુર નાયક' કરી, થાપ્યો સહુ તેમજી;
વેરી વેરપણું નવિ મૂકે, અમરખ પાલ્યો એમજી. આ૦ ૧૧

હરિ નામેં રાજા તવ હુવો, લોક નમ્યા કરજોડજી;
પાયક લાયક પરિગ્રહ પુરો, હયગય રથનો ક્રોડજી. આ૦ ૧૨

એહ થાપના હરિવંશની, વસુધામેં વિખ્યાતજી;
દશમા જીનવરજીને વારે, આગે નીસુણો વાતજી. આ૦ ૧૩

હરિ હરિણીથી નંદન ઉપજયો, પૃથ્વીપતિ ગુણધામજી;
મહાગિરી હિમગિરી વસુગિરી રાજા, ઉત્તમ નામ પ્રણામજી. ૧૪

મંત્રિગિરી સુયસા નરનાયક, એ મોટો રાજનજી;
ત્રીખંડ પૃથ્વીમાંહિ અખંડીત, વરતાવી નિજ આણજી. આ૦ ૧૫

એવા હરિવંશી નૃપ હુવા, સંખ્યા રહિત અપારજી;
કિણ સુરગતિ કિણ શિવગતિ સાધી, સફલ કીયા અવતારજી. ૧૬

મુનિસુવ્રતસ્વામી જગતારક, રાજગ્રહી હરિવંશજી;
મુનિસુવ્રત સુત સુવ્રત રાજા, વંશ તણો અવતંશજી. આ૦ ૧૭

ભુરિ ભૂપનો અંતર હોતાં, મથુરાપુરી મોઝારજી;
વસુપુત્ર વરવૃહત કેતુવર, વંશ વિભુષણ સારજી. આ૦ ૧૮

કેટલાએક કાલને અંતર, યદુરાજા ઉત્પન્નજી;
જેહથી જાદવ નામ કહાયા, ધન એ પુરૂષ રતન્નજી. આ૦ ૧૯

યદુ રાજાનો સુત સનુરો, સુર સરીખો રાવજી;
શાખા પ્રતિશાખા હવે ચાલી, તે કહેવા ચિત્ત ચાવજી. આ૦ ૨૦

બીજી ઢાલ સુણંતાં ગોરી, દુઃખ દુર્ગતિનું ભાંજજી;
ગુણસાગર ગુણવંત નમતા, સિઝે સઘલા કાજજી. આ૦ ૨૧

---

### દોહા

સુરવંશ સુરજમા, નંદન ઉપજ્યા દોય;
પહેલો સૌરી સુલક્ષણો, સુવિર બીજો હોય. ૧

સૌરીકુમર રાજા કીયો, અપર કીયો યુવરાજ;
સુરભૂપ સંયમ ગ્રહી, સાર્યાં આતમ કાજ. ૨

સૌરીરાય સોરીપુરી, વાસ કીયો નિજ વાસ;
લઘુ ભ્રાતાને આપીયો, મથુરાપુરી નિવાસ. ૩

---

### ઢાલ ૩ જી

**( ઈણ પુર કંબલ કોઈ ન લેસી–એ દેશી. )**

સૌરીરાય નંદન વખાણું, અંધકવિષ્ણુ વડો નૃપ જાણું;
સુવિર રાય સુત વિશ્વ વદિતો, ભોજગવિષ્નુ જગમેં જસ જીતો. ૧

રાય સુવિર મથુરાનો રાજા, સુતને દીધો જાણી સકાજા;
સિંધુદેશ જાઈ પુરવાસી, વાસ કીયો નૃપ લીલવિલાસી. ૨

અંધકવિષ્ણુ કુમર પટ થાપી, હયગય રથ પાયક સહુ આપી;
સુપ્રતિષ્ઠ મુનિપેં વ્રત પામી, સૌરિરાય હુવા શિવગામી. ૩

ભોજગવિશ્નુ નરેશ્વર રાજા, પાલે પ્રજાના સારે કાજા;
ઉગ્રસેન આદિક સુત શૂરા, શસ્ત્ર શાસ્ત્ર કલા ગુણ પુરા. ૪

અંધકવિષ્ણુ ઘરે પટરાણી, રૂપે રૂડી રંભા સમાણી;
સુભદ્રા નામે ગુણખાણી, સતીય માંહિ આદિ વખાણી. ૫

જાયા કુંવર દસહિ દસાર, પુત્રી દોય અતિ ઉત્તમ સાર;
સમુદ્રવિજય ગુણનો ભંડાર, દાતા ભુક્તા અધિક ઉદાર. ૬

અક્ષોભ ૨ મહારણ શૂરો, સ્તિમિત નામ કુંવર ગુણ પુરો;
સાગર ૨ ઉપમાધારી, હિમતવાન સહુને સુખકારી. ૭

અચલ ૨ સંગ્રામે લહિ, ધરણિધર સમ ધરણ સંગ્રહિ;
પૂરણ પુરો સઘલી વાત, ધન્ય અભિચંદ્ર તણા અવદાત. ૮

શ્રી વાસુદેવ દોગુંદકદેવ, જેહની સારે સુરીનર સેવ;
એ દસહિ બંધવની જોડી, પુન્ય પસાયે પહુંચે કોડી. ૯

સમ આચારી સઘલા કહિયા, માંહોમાંહિ સપ્રીતા લહીયા;
માય બાપની ભક્તિ કરતા, બહિનડ આશીષે જયવંતા. ૧૦

બહિન ભલી દોય સમશીલા, ભાગ્યવંતી અતિ રૂપ સુલીલા;
કુંતી રૂપકલા ગુણ પાત્ર, માહેંદ્રી મહિમાવંત સુગાત્ર. ૧૧

કુંતિકુમરી વ્યાહણકામ, કવિ કુરૂવંશ કહે અભિરામ;
આદિનાથને સુત કુરૂ જાણું, તેહથી કુરૂક્ષેત્ર કહાણું. ૧૨

કુરૂ સુત હસ્તીરાય કહાયો, હથિણાપુર ભલ નગર વસાયો;
હસ્તીનૃપ સંતાન વખાણું, વિશ્વવીર્ય નરેશ્વર જાણું. ૧૩

તદનંતર કુરૂવંશે વારૂ, સનંતકુમાર ચક્રીશ્વર વારૂ;
શાંતિ કુંથુ અરજી સુખદાયા, દો દો પદવી નાથ કહાયા. ૧૪

ઇંદ્રકેતુ નૃપ કીર્તિકેતુ, શુભવીર્ય સુવીર્ય સમેતુ;
રાય અનંતવીર્ય કૃતવીર્ય, સુભૂમ ચક્રીશ્વર અતિ ધીર્ય. ૧૫

અસંખ્યાત નૃપ હુવા અનંતર, સાંતનુરાય હુવો હથિણાઉર;
દુઃખકે દારણ સાધુ ઉજાગર ત્રિજી ઢાલ કહે ગુણસાગર. ૧૬

---

## દોહા

હસ્તિનાપુર વર ધણી, પાલે રાજા નિઃશંક;
પણ રાજાને એક એ, લાગ્યો વડો કલંક. ૧

આહિડો કરતો ફિરે, જીવતણો સંહાર;
શીખ ન માને કેહની, એ મોટો અવિચાર. ૨

સાયર જલ ખારો કીયો, ચંદ્ર કલંકી કીધ;
કમલનાલ કાંટા ઘણાં, દાયક વિત ન દીધ. ૩

રાજા મન અવિવેકતા, વાલ્હા નરા વિયોગ;
ઠામ ઠામ ભૂલ્યો ઘણું, ફિટ રે દૈવ કુલોક. ૪

---

## ઢાલ ૪ થી

(દેખી સખી પ્રભુ કંઠ વિરાજે તથા શ્રી શ્રીમંધર સાહેબ મેરા-એ દેશી)

એક દિવસ રાજા વન જાઈ, કરી આહેડી રૂપ હો;
લંઠ કુલંઠ કુજાતિ, કલેશી, ભુંડ નરાશું ભૂપ હો,
કુવિસન મારગ માથે ધીગ ધીગ. ૧

સાચ કહે એ લોક હો, ઇહલોકે અપયશ અતિ પામે;
અરુ વિણસે પરલોક હો. કુ૦ ૨

મૃગ સાથે રાજા એકાકી, અટવી માંહિ આવંત હો;
ગંગાતટ એક દેવલ દેખી, ગાઢો સુખ પાવંત હો. કુ૦ ૩

એટલે ખેચરની વર કુમરી, અમરીને અનુહાર હો;
નયણે નિરખી હરખી રાજા, ચિંતવે ચિત્ત મોઝાર હો. કુ૦ ૪

કે ઇંદ્રાણી કે હરી રાણી, કે હરનાર ઉદાર હો;
વિદ્યાધર એક આવી ભાંખે, સાંભળ રાય વિચાર હો. કુ૦ ૫

જાનુ સુતા એ ગંગાદેવી, ગિરિ વૈતાઢ્ય નિવાસ હો;
એ કુંવરી વર પૂછ્યો રાજા, જંઘાચારણ પાસ હો. કુ૦ ૬

સાંતનુરાયા સીધો બતાયો, ગંગાતટ વિવાહ હો;
દેવલ કીધો કારજ સીધો, સ્વામી આણી ઉચ્છાંહ હો. કુ૦ ૭

ખેચર જઈ ખેચરપતિ લાયો, માંડયો વ્યાહ મંડાણ હો;
ગંગા ભાંખે તો હું વ્યાહું, જો માનો મુજ આણ હો. કુ૦ ૮

જેમ કહીશું તેમ કરશો રાજા, વાદ કીયા રસ નાંહિં હો;
કામ વિમાસીને ધુર કીજે, અવિમાસ્યો દુ:ખ પ્રાંહિ હો. કુ૦ ૯

કામ અસોચિ કીયોથો આગે, સૂર્યયશા નરનાથે હો;
ઇંદ્રતણી નાટકણી પરણી, અરતિ કરી સહુ સાથે હો. કુ૦ ૧૦

કુણિકમાંહિં પડે જબ પાણી, થાય તામ નીકામ હો;
વાયસ બોટયો કુંભ અકારજ, લોક વચન અભિરામ હો. કુ૦ ૧૧

પતિવ્રતા પતિ સાથે ન બાઝે, જન્મ અકારજ જાત હો;
ઠોકી બજાઇ હાંડી લીજે, અવર તણી શી વાત હો. કુ૦ ૧૨

સઘળી માની કરી પટરાણી, આવ્યા મંદિર રાય હો;
લાડીની લાવનતા નિરખી, સહુ રલિયાયત થાય હો. કુ૦ ૧૩

ગંગા જાયો લોક સુહાયો, શ્રી ગંગેવ કુમાર હો;
રાજા નવ નવા કીધા ઓચ્છવ, જગમાંહિં જયકાર હો. કુ૦ ૧૪

ગંગા વર માંગતી બોલે, સ્વામી આહેડો છોડ હો;
રાય ન માને પુત્ર લઈ સા, પીયર ગઇ મુંહમોડ હો. કુ૦ ૧૫

કુવ્યસન વાલો વાચ ન માને, મુંઢ ન જાણે મર્મ હો;
નેમ ન માને પ્રેમ ન માને, નવી માને કુલકર્મ હો. કુ૦ ૧૬

માત ન માને, તાત ન માને, ભ્રાત ન માને ભોર હો;
નારી ન માને નંદ ન માને, બોલે બોલ સજોર હો. કુ૦ ૧૭

હાથી જે રે હરાયો હોવે, કિમ સામો થયા જાય હો;
ભડીયે નહિં તો ભાજી સકીજે, રૂસી ગઇ સા ન્યાય હો. કુ૦ ૧૮

માત પિતા ઘર નંદન શીખ્યો, સકલ કલા ગુણ છંદ હો;
સઉવીસાં વરસાનો હુવો, નંદન આનંદ કંદ હો. કુ૦ ૧૯

એક દિવસ રાજા નિકલાયો, સાથે ઘણાં નરવૃંદ હો;
ગંગાતટે અતિ ઝગડો મચ્યો, શ્રી ગંગેવ નરિંદ હો. કુ૦ ૨૦

ગંગા ચિંતે દોઇ પવાડા, એ મુજ આરતિ ઠામ હો;
પુત્ર મરંતા નપુત્રી પ્રીતમ, મરંતા રાંડ કુનામ હો. કુ૦ ૨૧

મંગા આવી દો સમજાવી, પછી ગઇ તત્કાલ હો;
ગુણસાગર નૃપ સુત ઘર આવ્યા, ચોથી ઢાલ રસાલ હો. કુ૦ ૨૨

## દોહા

રાજા કુવ્યસન નવી તજે, ગંગા નાવે બાર;
સાહંકારી નારીની, એ સહિનાણી વિચાર. ૧

આદરનો ભલો કાપડો, નિરાદર સ્યો ચીર;
ભલી સમુહની રાબડી, મહાતમ વિણ શી ખીર. ૨

બાલો સોનું સામટું, બાળો ભોગ વિલાસ;
આદર અજરામર મહા, બીજું સહુ વિખાસ. ૩

વેંચી કુટી કામની, લાત ધણુકા ખાય;
નિ:પિતામર વાડ રે, તે કેમ મોંઘી થાય. ૪

તેજણ ન સહે તાજણો, ત્રિય ન સહે અપમાન;
તિમ તિમ મૂલ વાધે ઘણો, શંક ધરે રાજાન. ૫

જાવજીવનું રૂસણું, ગંગાદેવી નરેશ;
એક વચનને કારણે, સહ્યો ન જાય કલેશ. ૬

કુંવરે કરી નૃપ શોભીયો, કમલે કરી જિમ વાર;
દિવસ કરી દિનકાર જ્યું, શીલે કરી જિમ નાર. ૭

જમુનાતટ નૃપ આવીયો, દિઠી કુમરી એક;
તન મન લાગ્યો તેહ સ્યું, વિસરી ગયો વિવેક. ૮

## ઢાલ ૫ મી

( બંધવ બોલ માનો હો–એ દેશી. )

રાજા પ્રેમ લાગ્યો હો, લોચન હુવા લાલચી;
લજ્જાગુણ ભાંગ્યો હો. રાજા૦ ૧

નયન અન્યાયી છે ખરા, જિહાં તિહાં લાગે હો;
સોચ ન આગળ પાછલે, ભુંડાપણુ આગે હો. રા૦ ૨

કોડી કુહેલા કેલવે, એ કીકીમાં કુવાણી હો;
ચતુરા ચહુટે પારીખો, એમ નક્કી સહિનાણી હો. રા૦ ૩

સ્વર્ગ મૃત્યુ પાતાલની, સબ નારી લુંટી હો;
જાતીતી ઉંચી અંબરે, અધવચથી તૂટી હો. રા૦ ૪

એકુ હી અંગ વખાણતાં, કવિ પાર ન પાવે હો;
બ્રહ્મા વિશ્નુ મહેશ્વરૂ, એ લીલા ગાવે હો. રા૦ ૫

ઇંદ્ર ચંદ્ર નર રાજવી, બલવંતા બલીયા હો;
કો કો કો કો કો નહિં, એહ માયા છલિયા હો. રા૦ ૬

નયન ન પાછા આવહી, જાણી બાંધ્યા તાણી હો;
નાવિક સાથે બોલીયો, રાય કોમલ વાણી હો. રા૦ ૭

એ કુહે કેહની કુંવરી, ડોકર તું જાણે હો;
એ કુંવરી નૃપ માહરી, રાય કર સુખ આણે હો. રા૦ ૮

સત્યવંતી નામે ભલી, સુરતરુની વેલી હો;
પુન્યવંત જે પ્રાણીયા, થાઇ તસુ ભેલી હો. રા૦ ૯

રાય પ્રધાન બોલાવીયો, એ મુજ પરણાવો હો;
ઢિલ કિહાં ઢીલો પડે, વ્યાહ વેગે કરાવો હો. રા૦ ૧૦

નાવડીયો માને નહિં, એક અડવી રોડે હો;
પુત્રી પુત્રા કારણે, નૃપ પદવી લોડે હો. રા૦ ૧૧

વિલખાણો રાજા ફિરી, નિજ મંદિર આવે હો;
બાપ દુચિંતો દેખતા, કુંવર દુઃખ પાવે હો. રા૦ ૧૨

ભક્તિ નહિં મા બાપની, નવી જાણે પીડા હો;
તે તો બેટા જાણવા, પેટના કીડા હો. રા૦ ૧૩

જાણી વાત સુવેગશું, નાવિક સમજાવે હો;
કરી દિલાસા તેહને, નૃપ વ્યાહ મનાવે હો. રા૦ ૧૪

રાજ તણે તો કારણે, સુત બાપને મારે હો;
ગાંગેવા ગુરૂ આપણો, ગુરૂ કાર્ય સારે હો. રા० ૧૫

માહરી ધરણિ ધરણિનો, હું ધણી જ કહેતા હો;
ઉંચા જાઇ અંબરે, બોલે ગહગહતા હો. રા० ૧૬

કરી નહિં કરશે નહિં, કો કરત ન દીઠો હો;
ગુરૂ ગાંગેવા સારીખા, જગમેં જગ મીઠો હો. રા० ૧૭

નાવિક કુંવરસું કહે, એ છે નૃપ કુંવરી હો;
વેલી સમા ફલ નીપજે, એસા નહિં અમરી હો. રા० ૧૮

સત્યવંતીસું વ્યાહતી, કીધાં રંગ રોલ હો;
પંચેંદ્રી સુખ ભોગવે, વર પુન્ય કલોલ હો. રા० ૧૯

સત્યવંતી ઉર ઉપના, દો નંદ સલુણા હો;
આપ થકી અધિકા હુવા, તેજે કરી દુણા હો. રા० ૨૦

ચિત્રાંગદ નામેં ભલો, કુંવરજી નીકો હો;
ચિત્રવીર્ય એ દુસરો, કુરૂવંશી ટીકો હો. રા० ૨૧

રાજા આહેડો તજી, શુભ મારગ આયો હો;
સાધુ સંગતિ ચાલતાં, જગમેં જશ પાયો હો. રા० ૨૨

પાપ ખમાવી પાછલા, આતમ આરાધિ હો;
કાલ કિયો ધરણિ ધણી, સુરની ગતિ સાધી હો. રા० ૨૩

ચિત્રાંગદ રાજા કીયો, સબ લોકાં સાખી હો;
શ્રી ગંગેવ નરેશ્વરે, નિજ વાચા રાખી હો. રા० ૨૪

નિલાંગદ ગાંધર્વસું ચિત્રાંગદ લડીયો હો;
કહ્યો ન માન્યો ભાઇનો, સમરાંગણ પડીયો હો. રા० ૨૫

માય રોતી સૂત દુઃખથી, ફીર સોગ મીટાયો હો;
પાંચમી ઢાલે સાંતનુ, ગુણ સુરે ગાયો હો. રા० ૨૬

દોહા

સગપણ સંસારે ઘણાં, ભાઇ સમો નવ કોય;
લક્ષ્મણ કાજે રામજી, કહી કેમ દીધો રોય. ૧

ભીડ પડયા ભાઇ ભજે, ભાઇ બિરાણા ભાજ;
ભરત ભૂપ ભર રાત્રિમેં, દોડયો લક્ષ્મણ કાજ. ૨

પુરુષોને નારી ઘણી, નારીથી સુત હોય;
મા જાયા બંધવ હુવે, અંતર મોટો જોય. ૩

ભાઈ વૈર વિશોધવા, શ્રી ગાંગેવ કુમાર;
નીલાંગદ રણમેં હણ્યો, રાખ્યો કુલ વ્યવહાર. ૪

લઘુ ભ્રાતા પટ થાપીયો, વરતી આણ અખંડ;
પ્રબલ પ્રતાપ મહાબલી, તસ ભુજદંડ પ્રચંડ. ૫

કાશી ભૂપતિને ભલી, કન્યા તીન પ્રધાન;
અંબા બાલી અંબીકા, વ્યાહ તણો મંડાણ. ૬

કાશી ભૂપ તે તેડીયા, રાજા રાજકુમાર;
ગજપુર ધણી નવ તેડીયો, જાતિ હિન અવધાર. ૭

---

ઢાલ ૬ ઠી

( ઈમ જિન પુજીયે-એ દેશી. )

આમણ દુમણ હોઇ રહ્યો રે, ગજપુર કેરો રે રાય;
ગંગાસુત પુછયો તદા રે, જાબ ન દેણો જાય રે.
પક્ષ ભલો સહિ, નિઃપક્ષી સીદાયો રે;
પક્ષ ન મંજીયે, પક્ષિણી ઇંડા પાયો રે. પક્ષ૦ ૧

અરતિ અસુર વાધી ઘણી રે, ગહવરીયો ભૂપાલ;
જાણે ધરણિ વિવર દીયે રે, તો જઇયે પાતાલો રે. પક્ષ૦ ૨

જાણી નિશ્ચે વાતનો રે, ભિષ્મ ભિષમ રૂપ;
મુજ બેઠા લઘુતા હુવે રે, તો મુજ વડો વિરૂપો રે. પક્ષ૦ ૩

ગંગાસુત ચાલી ગયો રે, કાશી નૃપને પાસ;
કન્યા તીને અપહરી રે, માંડયો જુઝ ઉલ્લાસો રે. પક્ષ૦ ૪

નાના લોગા સોચણો રે, બલીયા ઉજડ માગ;
બલીયા હોડ કરે જોકે રે, ભન્નીશીરઉપર પાગો રે. પક્ષ૦ ૫

હત પ્રહત ભૂપતિ કીયા રે, જીત્યો ગંગાનંદ;
કન્યા લેઈ આવીયો રે, ગજપુરમેં આણંદો રે. પક્ષ૦ ૬

પરણાવી તીને તદા રે, હરખ્યો ગજપુર ઇશ;
પક્ષ પ્રસાદે હુઇ સહિ રે, સફલ સકલ જગીશો રે. પક્ષ૦ ૭

અંબીકા ઉરે ઉપનો રે, શ્રી ધૃતરાષ્ટ્ર કુમાર;
બાલા પાંડુ જાઇયો રે, અંબા વિદુર ઉદારો રે. પક્ષ૦ ૮

રોગવશે આતુર થયો રે, છુટયા નૃપના પ્રાણ;
એ દયા ગતિ અનુસારથી રે, પ્રાણ લીયા ઘટ આનો રે. પક્ષ૦ ૯

પાંડુ રાજા થાપીયો રે, થંભણ સહુ પરિવાર;
પૃથ્વી ફલદાયક મહા રે, રાજા પુન્ય પ્રકારો રે. પક્ષ૦ ૧૦

છઠ્ઠી ઢાલ સોહામણી રે, ગુણસાગર ઉચ્છાહ;
ભવીકજનો તુમે સાંભલો રે, કુંતા કુમરી વ્યાહો રે. પક્ષ૦ ૧૧

---

દોહા

શ્રી પાંડુ પૃથ્વીપતિ, મધુ ઓચ્છવને કાજ;
રાજી ગાજી વનમેં ગયો, ખેલણ કેરે સાજ. ૧

ખેલ ખેલંતા ખાંતસું, એક નર આવ્યો તેથ;
ફલક વિલોકન કીજતો, ઉભો તરુવર હેઠ. ૨

ફલક હાથ રાજા લીયો, નારી રૂપ અપાર;
સુંદરતા નખશીખ લગે, જોવે વારંવાર. ૩

## ઢાલ ૭ મી

( સીતાજી દીયે રે ઓલિંભડા–એ દેશી. )

રાજા રંજયો રૂપસું, નયન રહ્યાં લોભાય;
જોતાં તૃપ્તિ ન ઉપજે, શોભા મુખ કહી ન જાય. ૧

એ જગમાંહિ મોહની, મોહ્યો સહુ સંસાર;
પશુ પંખી નર દેવતા, વશ કીધાં ઇણુ નાર. એ જગ૦ ૨

પહિલો મોહ્યો સુરપતિ, સો લાગ્યો ઇંદ્રાણી પાય;
ઇંદ્રાણી લાતે હણ્યો, તો તસ રોષ ન થાય. એ૦ ૩

શંકર સ્વાંગજ ઠાવીયો, રાચ્યો પાર્વતીરૂપ;
ટેક તજી ત્રીયા આગલે, નાચ્યો ધરી વિરૂપ. એ૦ ૪

રાધારૂપ રામાપતિ, રમીયો રલિયાયત હોય;
રાસ મંડલ રચના કીયા, એ કૌતુક પ્રગટ્યો જોય. એ૦ ૫

રાજા પુછે પુરુષને, એ રૂપ કહે કેહનો હોય;
કુંતિરૂપ સોહામણો, ઇમ ભાંખે પરદેશી સોય. એ૦ ૬

ખેલ સહુ એ વીસર્યો, વિસરીયો સહુ કાજ;
ક્ષુધા તૃષા સહુ વીસરી, જાણે મલીયે આજ. એ૦ ૭

કુંતિ કુંતિ કુંતિ કો, લાગ્યો રાજા ધ્યાન;
થોડે જલ જિમ માછલો, નૃપ વેદન અસમાન. એ૦ ૮

દીધો દાન અનર્ગલ, પંથી સોરિપુર જાય;
રાજા આગે વર્ણવે, ગુણવંતો ગજપુર રાય. એ૦ ૯

તાત ગોદે બેઠી સુણે, કુંતિ નૃપના વખાણ;
રૂપકલા ગુણ મન વસ્યો, તવ કુંવરી કરહિ નિદાન. એ૦ ૧૦

કે પરણું ગજપુર ધણી, કે પરણું પરભવ જાય;
અવર પુરુષ બંધવ સમા, એ નિશ્ચે મન લાય. એ૦ ૧૧

પંડુ નૃપ ઘર આવીયો, આહટ દોહટ અપાર;
ફરે ફિરે ઉચાટીયો, ન જણાવે કેહને સાર. એ૦ ૧૨

એક દિવસ વનમેં ગયો, ખેચર ખીલ્યો દેખ;
આપ ચિંતા તજી પર ચિંતા, આણી મનસું વિશેષ. એ૦ ૧૩

વિરલા જાણે પરગુણા, વિરલા પાલે પ્રેમ;
વિરલા પર કારજ કરા, પરદુઃખે દુઃખીયા તેમ. એ૦ ૧૪

ઉરે પરે અવલોકતાં, ખાંડો દીઠો ઉદાર;
ઔષધ બલીયા દોય ભલા, એક ઘાવ રૂઝાવણહાર. એ૦ ૧૫

ખીલા કાઢયા અંગથી, ઔષધે કીધ નીરોગ;
સજા પુછે એ વડો, કીયો તુજ દુઃખ સંજોગ. એ૦ ૧૬

ખેચર કહે સુણ મિત્રજી, મુજ રાણી લીધો કો જાય;
કેડે હુઓ હું એકલો, તેહ કારણ દુઃખ થાય. એ૦ ૧૭

નિઃકારણ ઉપગારીયો, હું થારી ફીર ફીર બલિ જાઉં;
ચામ કરાવું ખાસડા, તોહિ ઓસિંગલ નવિ થાઉં. એ૦ ૧૮

ઔષધ બલિયા એ ગ્રહો, એ મુદ્રડી લીજે સ્વામ;
બહુ ગુણકારી એ મુદ્રડી, લેઇ જાયે વંચ્છિત ઠામ. એ૦ ૧૯

અવસર જાણી કામનો, ચિત્તમાંહિ આણવો દેવ;
ઇમ કહી સોઇ ચાલીયો, નિજ સ્થાને તતખેવ. એ૦ ૨૦

મુદ્રડી પ્રસાદથી, મનકેરી પહુંચે આશ;
જયતિ શ્રીશુભ ગતિમતિ, પામે તે પુન્યપ્રકાશ. એ૦ ૨૧

ઢાલ સાતમીએ કહ્યો, મિલવા ઉપાય અપાર;
ગુણસાગર ઉપદેશથી, ભવી કરજો સર્વને ઉપગાર.
એ જગમાંહિ મોહની. ૨૨

દોહા

કુંતિ કુમરી ચિંતવે, મન ચિંત્યા એ કાજ;
દૈવ ન પુરા પાડશે, તો ભલો મરવો આજ. ૧

એમ ચિંતવી તે નીસરી, ગઇ મહાવન માંહિ;
ગલફાંસો માંડી કહે, સુણુ કુલદેવ તે પ્રાંહિં. ૨

---

## ઢાલ ૮ મી

( ગૌતમ સમુદ્રકુમાર-એ દેશી. )

તું જઇ કહેજે માય, માહરા મન તણી,
પાંડુ પૃથ્વીપતિ ભણી એ;
કુંતિ કુમરી આજ, વિરહ તુમારડે,
પ્રાણુ તજયા વિણુ તું ધણી એ. ૧

ઇમિ કહી ગલે પાસ, માંડે જેટલે, સાનિધ હુઈ તેટલે એ;
વર મુંદ્રડી પ્રભાવ, મલવા સુંદરી, રાજા આવ્યો એટલે એ. ૨

ફેલકરૂપ અનુહાર, કુમરી ઓલખી, પાસો તોડી નાંખીયો એ;
પદમણીને પ્રસંગ, આતુરતા ઘણી, ભાવ હૈયાનો ભાંખીયો એ. ૩

દાસી પાસ મંગાવી, સામગ્રી સહુ, વ્યાહ તણી વિધી સાચવી એ;
પૂર્યાં મનના કોડ, હોડાહોડસું, હસી રમી મન રાચવી એ. ૪

ગર્ભતણી ઉત્પતિ, ચિત્ત વિચારીયું, રાય જણાવી સાદરી એ;
સહીનાણીને કાજ, આપી મુંદ્રડી, રાય ગયો ઘર સંચરી એ. ૫

કુમરી પણ ઘરે આવી, માય જણાવી એ,
દિન કેતે એ વાતડી એ;
ગુપ્તપણે સૂત જાયો, જલમેં વાહિઓ,
જઇ નિસરીયો શુભ ઘડી એ. ૬

કર્ણ કહાયો નામ, મોટો રાજવી, માતા કીધી ઉજલી એ;
કુમરી કેરો વ્યાહ, પાંડુ રાયસું, પ્રગટ કીયો પુગી રલી એ. ૭

શુભ સપના અવલોય, શુભવેલા સહિ,
યુધિષ્ઠિર સુત જાઇયો એ;
ભીમ મહાબલવંત, કૌરવ કીચક, હંતા નામ ધરાવીયો એ. ૮

અર્જુન અરિકુલ કાલ, ભિષ્મ કરણનો
હણુણહાર કહાઇયો એ;
નકુલ અને સહદેવ, પાંડવ પંચ એ,
જગમાંહિ જસ પાઇયો એ. ૯

પરમારથ આરાધિ, કરણીને બલે, માતાસું સિવ પામશે એ;
ઉત્તમગતિ મતિવાસ, લહેસે તે સહિ,
ગિરૂઆના ગુણ ગાયશે એ. ૧૦

---

દોહા

તેણે સમે દેશ ગંધારનો, નૃપ સુબલ એણે નામ;
આઠ છે તેહને અંગજા, ગાંધારી આદે ગુણગ્રામ. ૧

ગોત્રદેવીના વચનથી, ધૃતરાષ્ટ્રને ગેહ;
સકુની સુતસું મોકલી, કન્યા આઠે તેહ. ૨

સકુની ધૃતરાષ્ટ્રને, ભગિની પરણાવી આઠ;
મહામોચ્છવ મંડાણસું, સઘલો મેલી ઠાઠ. ૩

કન્યા નામે કૌમુદિની, દેવક નૃપની તામ;
વિદુર પણ પરણ્યો વલી, સુધર્યા સઘલા કામ. ૪

---

ઢાલ–સુલગી

શ્રી ધૃતરાષ્ટ્ર સુગ્રેહ, ગંધારી ઉરે, કૌરવ સતહિ સુતપણે એ;
ઉપજીયા અદ્ભૂત, દુર્યોધન આદે, વાધે આનંદ અતિ ઘણો એ. ૧૧

માહેંદ્રી કુમરી વ્યાહી, દમઘોષાં ભણી,
સુત શીસુપાલ ચરી ઘણી એ;
સંક્ષેપે સંબંધ, ગ્રંથ વધતો ઘણો, જાણી કથા ન વિસ્તરી એ. ૧૨

ઢાલ આઠમી એહ, નેહ ધરી સુણે,
તસ આંગણે અફલા ફલે એ;
ગુણસાગર ગુણગેહ, તેહ પનોતા એ,
જેહ કથા રસ સાંભલે એ. ૧૩

---

દોહા

દુર્યોધન કપટી મહા, કપટ કેલવે ક્રોડ;
પાંડવ સરલ સભાવીયા, ન કરે તોડાતોડ. ૧

કૌરવની ખસ ખોટણી, પાંડવ જોર વિશેષ;
બાલપણાહીથી ચાલ્યો, માંહોમાંહિ અદેષ. ૨

કૌરવ બાંધી ભીમને, નાંખે પાણી માંહિં;
બંધન તોડી કુટીયા, કૌરવ સો હિ પ્રાંહિ. ૩

---

ઢાલ ૯ મી

( જુઠ ન હાલે જુઠ ન ચાલે-એ દેશી. )

બલવંતો જાણી ખરો, શ્રી શ્રી ભીમકુમાર હો લાલ;
વિષ દીધો દુર્યોધને, આણી દ્વેષ અપાર હો લાલ. ૧

જો જો કયું ન કરે અરિ, અરિ નો શો વિશ્વાસ હો લાલ;
કોઇ મ કરજો પંડિતો, અરિથી વિપનાસ હો લાલ. જોજો૦ ૨

કામ પડયા બેટો હુવે, કામ સરીયા બાપ હો લાલ;
દાવ લહિ દૂર્જન ઘણું, દેખાવે સહિ આપ હો લાલ. જોજો૦ ૩

અંતઃકરણ ન મેલવે, મુખે મીઠા હોય હો લાલ;
સજ્જન લલીતાંગ સંબંધથી, સમજો ભવી લોય હો લાલ. જો૦ ૪

જો પરમેશ્વર પાધરો, નહિ પિશુન પ્રવાહ હો લાલ;
કૌરવની ઘર્ષણ કલા, પાંડવ જુએ રાહ હો લાલ. જો૦ ૫

ઉરયામેં અંતર કરે, મુંગાને એ જોઇ હો લાલ;
કર્તા રાખે જેહને, અરિથી શું હોઇ હો લાલ. જો૦ ૬

વિષ અમૃત હોઇ પરિણમ્યો, વાયુસુતને સોઇ હો લાલ;
પૂર્વ પુન્ય પ્રસાદથી, પહુંચે નહિં કોઈ હો લાલ. જો૦ ૭

બીજ કુખેતા દાન જ્યું, વિણુ પાત્ર વિચાર હો લાલ;
વાંઝણસું ઘરવાસજી, નિઃફલ તે અવધાર હો લાલ. જો૦ ૮

કૌરવના ઉપકર્મથી, મારણ શ્રી ભીમ હો લાલ;
એક ન લાગે આકરો, વાઉલ જેમ હીમ હો લાલ. જો૦ ૯

છડોતર સો એકઠા, પઢવાને કાજ હો લાલ;
કૃપાચારજજી ભણી, સોંપ્યા શ્રી મહારાજ હો લાલ. જો૦ ૧૦

પ્રજ્ઞાબલે આગે નીસરે, અર્જુનને એ કર્ણ હો લાલ;
બુદ્ધિવિશેષ વિચારવે, ગ્રહે પડતા વર્ણ હો લાલ. જો૦ ૧૧

દિવસ અણોજાને સહુ, રમવાને જાય હો લાલ;
ગેડી દડે અતિ ખેલતાં, રલિયાયત થાય હો લાલ. જો૦ ૧૨

દડી કુદી કૂવે પડી, ન કઢાઇ જામ હો લાલ;
માંખી જેમ મહુઆલને, રહ્યા વીંટી તામ હો લાલ. જો૦ ૧૩

દ્રોણાચારજ આવીયા, કીધો તવ પ્રણામ હો. લાલ;
બાલકલાસું ગઈદને, કાઢી તે અભિરામ હો લાલ. જો૦ ૧૪

કૃપાચારજ પુછીયો, ભીષ્મ ધરી સ્નેહ હો લાલ;
દ્રોણાચારજ પાખતિ, મેલ્યા સુત તેહ હો લાલ. જો૦ ૧૫

અસ્ત્ર શસ્ત્રની કલા, સાધે તે સુવિશેષ હો લાલ;
કર્ણ શશી તારા વિષે, રવિ અર્જુન દેખ હો લાલ. જો૦ ૧૬

ધનુષ ચહોડી ખેંચવે, નાંખેવે એ બાણ હો લાલ;
કરવે ચોટ અચુકજી, હરીનંદ સુજાણ હો લાલ. જો૦ ૧૭

દિન દિન તેજ પ્રતાપસું, વાધંતો એ વાન હો લાલ;
સઘલામાંહિ સામટો, પામે અતિ સન્માન હો લાલ. જો૦ ૧૮

દ્રોણાચારજ એકદા, કાલિંદ્રમાંહિ સ્નાન હો લાલ;
કરતાં તાંતણિયે ગ્રહ્યો, નવિ દોડયા અન્ય હો લાલ. જો૦ ૧૯

અર્જુન તવ આવ્યો ધસી, છોડાવણને હેત હો લાલ;
હેત ઘણો ગુરૂશિષ્યને, જેહવા એ ચુગનેત હો લાલ. જો૦ ૨૦

બાહિર આવ્યા પ્રેમસું ન પ્રશંસ્યો તેહ હો લાલ;
જાણ્યું કૌરવ કોપશે, ગર્વાસે વલી એહ હો લાલ. જો૦ ૨૧

એકાંતે હરિનંદસું, ગુરૂ બોલ્યા એમ હો લાલ;
ધનુષ્ય કલા અવરા ભણી, દેવા મુજ નેમ હો લાલ. જો૦ ૨૨

રાધાવેદે કલા શીખવી, અર્જુન વાચા લીધ હો લાલ;
દુર્યોધનને ભીમ ગદાની, યુદ્ધ તણી વિધિ સાધ હો લાલ. જો૦ ૨૩

યથાયોગ્ય જે જાણીયા, તેહવી વિદ્યા આપ હો લાલ;
કલા દેખાવણ આપણી, વાત વિશેષે થાય હો લાલ. જો૦ ૨૪

એ તો નવમી ઢાલ વિશેષે, કુમર વિદ્યા પામ હો લાલ;
શ્રી ગુણસાગર સુરજી, ગુરૂ પ્રણમ્યો શિરનામ હો લાલ. જો૦ ૨૫

---

### દોહા

ભીષ્મ તો ભલપણ ભણી, મંચક સંચ આરંભ;
મંડાવી પુત્રા તણો, દેખણ સમરારંભ. ૧

બેઠા વડવડ રાજીયા, આગળ સકલ કુમાર;
કલા દેખાવે આપણી, શસ્ત્રાં તણી અપાર. ૨

રણરંગે રાચ્યા સહુ, વિસ્મય પામ્યા તામ;
લોક સકલ મન ચિંતવે, મત કો થાય અકામ. ૩

દુર્યોધનને ભીમજી, માંહોમાંહિં કલેશ;
કરત નીવાર્યા દ્રોણસુત, લહિ તાત આદેશ. ૪

---

## ઢાલ ૧૦ મી

( તુમ્હેં પીતાંબર પહેરો હો કે મુખને મરકલડે—એ દેશી. )

એ તો ગુરૂ દ્રઢક પ્રેરયા હો, પાંડવ અર્જુન ઉદાસ;
એ તો વિદ્યા દેખાવે હો, પાંડવ ધનુષકી વારૂ. ૧

એ તો રાધાવેદ હો, પાંડવ નિરખી રાજાનો;
એ તો સરાહણ કીજે હો, પાંડવ મેરૂ સમાન ૨

એ તો કૌરવ રાય હો, પાંડવ સયનો બતાઇ;
એ તો કરણ કરાઇ હો, પાંડવ ચંપાપુરી પાઈ. ૩

એ તો સારથ સુત હો, પાંડવ એટલે આયો;
એ તો રાય કે આગે હો, પાંડવ કર્ણે બેસાયો. ૪

એ તો વિપરીત વાત હો, પાંડવ રાય રીસાણા;
એ તો ખર ખાવા દ્રાખ હો, પાંડવ કુ દિયે સયાણા. ૫

એ તો અર્જુન ભીમ હો, પાંડવ ઉઠીયા દોઇ;
એ તો ચંપા કીમ ઉપાવે હો, પાંડવ કર્ણ છે કોઈ. ૬

એ તો દોઇ વડવીરા હો, પાંડવ રણરંગ માગે;
એ તો કૌરવ કર્ણ હો, આઈ ઉભા આગે. ૭

એ તો હાકોહાક હો, પાંડવ રવિરથ વાજી;
એ તો ચાલીયા વેગે હો પાંડવ રજની વિરાજી. ૮

એ તો રજની છ માસ હો, પાંડવ કૌરવ જાણી;
એ તો મંડીયા પ્રાત હો, પાંડવ ગુરૂ દયા આણી. ૯

એ તો સમજીયા દોઇ હો, પાંડવ મેટ લઠાઇ;
એ તો કૌરવ તાતે હો, પાંડવ સુત બોલાઇ. ૧૦

એ તો પુછીયો વંશ હો, પાંડવ મુદ્રા દેખાઇ;
એ તો કરણજી જાણ્યો હો, પાંડવ પાંડવભાઈ. ૧૧

એ તો ગંગામેં આયો હો, પાંડવ લીયો કઢાઇ;
એ તો કીયો મોચ્છવ હો, પાંડવ ખાટ વધાઇ. ૧૨

એ તો સુહણામાં દેખ્યો હો, પાંડવ સુર સતેજો;
એ તો રવિ સુત નામ હો, પાંડવ લહિયો સહેજો. ૧૩

એ તો કરતલ કાને હો, પાંડવ દીઠા તામ;
એ તો થાપ્યો અભિરામ હો, પાંડવ વર્ણજી નામ. ૧૪

એ તો કૌરવ ભૂપ હો, પાંડવ મચ્છર ધરંતો;
એ તો નિજ ઘર આવે હો, પાંડવ સોચ કરંતો. ૧૫

એ તો પ્રભુતાઇ પેખે હો, પાંડવ જગ મોઝારો;
એ તો પ્રત્યક્ષ ખીજે હો, પાંડવ વહે અતિ ખારો. ૧૬

એ તો માંહોમાંહિં હો, પાંડવ ઉપજ્યો વિરોધો;
એ તો પાંડવ ભૂપ હો, પાંડવ ટલવા ક્રોધો. ૧૭

એ તો દેશ વિલાયત હો, પાંડવ આપીયા જુઆ;
એ તો એવડો પક્ષ હો, પાંડવ જુયા જુયા હુવા. ૧૮

એ તો ગઇ કરો શોક હો, પાંડવ રંચ ન આણે;
એ તો હોનારી વાત હો, પાંડવ અધિક ન તાણે. ૧૯

એ તો વરતતી વાર હો, પાંડવ વરતે અપારો;
એ તો એહથી જાણ્યો હો, પાંડવ શ્રીહરિ પ્યારો. ૨૦

એ તો કહી દસમી હો. પાંડવ ઢાલ થુણીજે;
એ તો શ્રી ગુણસાગર હો, પાંડવ સુજસ સુણીજે. ૨૧

### દોહા

અંધકવિશ્નુ દિક્ષા ગ્રહી, પાલે જીનવર આણ;
સોરિપુર રાજ કરે ભલો, સમુદ્રવિજય રાજાન. ૧

નામ શિવાદે ભામની, આશ્રવ તણો પરિહાર;
સુખદાઈ સહુ લોકને, શીલ તણે શણગાર. ૨

॥ ઇતિ વંશાવલી સંપૂર્ણ ॥

---

### દોહા

રૂપ શિરે લક્ષણ શિરે, કલાશિરે ગુણધામ;
શ્રી વસુદેવ કુમારનો, ચરિત્ર ભણું અભિરામ. ૧

ચારિત્ર પાલી નિર્મલો, નંદિષેણ અણગાર;
કરી વૈયાવચ્ચ સાધુની, પાયો સુજસ અપાર. ૨

આપુ સાગર વીસનો, ભોગવી સુર સુખ સાર;
શેષ પુન્યને કારણે, થયો વસુદેવ કુમાર. ૩

---

### ઢાલ ૧૧ મી

( નણદલની દેશી. )

શ્રી વસુદેવ કુમારજી, રૂપ અનુપ રસાલ હો કુમર;
ભોગપુરંદર સુંદરૂં, સોભાગી સુકુમાલ હો; કુમર. ૧
મોહનવેલ કુમારજી. એ આંકણી.

અવર અનેરા રાજીયા, રાજા ભરત કહેવ હો; કુમર.
અવર અનેરા કુમારીયા, કુંવર તો વસુદેવ હો. કુ૦ મો૦ ૨

મિત્ર ઈંદ્રિ સમાન છે, સેવક અમર અનુપ હો; કુ૦
આપણ સુરપતિ સાચલો, ગજ ઐરાવણ રૂપ હો. કુ૦ મો૦ ૩

સ્વર્ગ સરીખો જાણીયે, સોરીપુર સુખ વાસ હો; કુ૦
સ્વ ઇચ્છા રમત કરે, કરતો લીલ વિલાસ હો. કુ૦ મો૦ ૪

દેવ દૂગંદક સારીખો, કામ તણો અવતાર હો. કુ૦
મોહી રહી અતિ માનની, લાગી હોડે લાર હો; કુ૦ મો૦ ૫

કરે કતોહલ કામની, છાંડી ઘર વ્યાપાર હો; કુ૦
ફીરે કુદતી હરણુભી, ન લહે ઘરની સાર હો, કુ૦ મો૦ ૬

કેઇ અલુણો રાંધતી, કરે લુણ દો વાર હો; કુ૦
આધો પીરસી પિરસણો, જાયે તજી ભરતાર હો. કુ૦ મો૦ ૭

ભૂષણ થાનક પાલટે, આધો કરી શણગાર હો; કુ૦
ટોલે ટોલે સામટી, સાથે ફીરે સબ નાર હો. કુ૦ મો૦

ઘર ઉઘાડાંહિ રહે, થાયે અતિ ઉજાડ હો; કુ૦
સાહ મલી રાવ લે ગયાં, વાલણુ પગે કમાડ હો. કુ૦ મો૦ ૯

રાજા ભાંખે સાદરો, કેમ પધાર્યા સાહ હો; કુ૦
પામી આદર અતિ ઘણો, સાહ વદે સોચ્છાહ હો. કુ૦ મો૦ ૧૦

પુજય પ્રસાદ તુમારડે, સુખીયા સઘલા લોક હો; કુ૦
લાભ ઘણો વ્યાપાર મેં, અન્નધન સર્વ સંજોગ હો. કુ૦ મો૦ ૧૧

તો તુમે કેમ દેખાઓ છો, આરતિવંતા આજ હો; કુ૦
જે જીમ છે તિમ દાખવો, લાજે વિણસે કાજ હો. કુ૦ મો૦ ૧૨

વાત કહંતાં સંકિએ, અણકહીયાં ન રહાય હો; કુ૦
સાપે ગ્રહી છછુંદરી, એહ પરે અમ થાય હો. કુ૦ મો૦ ૧૩

દોષ ન કોઈ કુમારનો, નિરંકુશી ત્રિયજાત હો; કુ૦
વિકલ થઇ વિધુલ મહા, કીશી કરાઇ તાત હો. કુ૦ મો૦ ૧૪

કાન ગયાં લોચન ગયાં, ગઇ લાજ વિશેષ હો; કુ૦
કુમર દેખ્યાં ત્રિયાની, રાહે છે ઈંદ્રી શેષ હો. કુ૦ મો૦ ૧૫

તરૂણી બુદ્ધિ બાલિકા, એક સરિખી હોય હો; કુ૦
સોવતી ભાંખે સખી, આવંતો પ્રભુ જોય હો. કુ૦ મો ૧૬

સાથે ફિરે સઘલી સહી, ન લિખે ઘરની વાત હો; કુ૦
યાન તણી તો પાછલી, ભોજન વિણ અકુલાત હો. કુ૦ મો૦ ૧૭
કુમર ન રહે ખેલતો, ત્રીયા ન રહે ઘરમાંહિં હો; કુ૦
વાસ અનેરી જાયગા, આપ આપ નૃપ પ્રાંહિં હો. કુ૦ મો૦ ૧૮
નૃપને થઈ વિચારણા, કુમરસું અતિ પ્રેમ હો; કુ૦
લોગ વિણા નહિં સાહિબી, અબ કહો કીજે કેમ હો. કુ૦ મો૦ ૧૯
અર્થ મીત હોઈ રાખણો, એહ સયાણો કામ હો; કુ૦
વિપ્ર સુતા સંબંધથી, સોચ મહા અભિરામ હો. કુ૦ મો૦ ૨૦
શિખ દઇ શાહા ભણી, મહિલમાંહિ નરદેવ હો; કુ૦
આયો અરતિ જાણકે, દેવિ વદે તતખેવ હો. કુ૦ મો૦ ૨૧
નામે શિવા શિવકારિણી, ષટગુણ ધારક નાર હો; કુ૦
ભેદ લહી લોગા તણો, કિમ લે વાત સમાર હો. કુ૦ મો૦ ૨૨
એટલે કુમર આવીયો, બેઠો નૃપની ગોદ હો; કુ૦
રાજા રાણી રંજવે, વારૂ વાત વિનોદ હો. કુ૦ મો૦ ૨૩
પ્રિતી પોષી પરિઘલપણે, રાય વદે સુવિચાર હો; કુ૦
આજકાલ તો અતિ ઘણો, દુર્બલ થયો કુમાર હો. કુ૦ મો૦ ૨૪
રાણી ભાંખે રાયસ્યું, આણી અતિશે પ્યાર હો; કુ૦
માહરો વચન વિશેષથી, માને નહિંય લગાર હો. કુ૦ મો૦ ૨૫
ફિરે ઘણું વન બાગમેં, તને લાગે અતિ તાપ હો; કુ૦
થયો ખરો હી દૂબલો, માહરે મન સંતાપ હો. કુ૦ મો૦ ૨૬
ભૂપ ભણે વચ્છ સાંભલો, મિત્રા કેરે સંગ હો; કુ૦
ખેલ કરો મન ભાવતો, મહિલમાંહિ મન રંગ હો. કુ૦ મો૦ ૨૭
પ્રાણથકી પ્યારો ખરો, ભાઇ પુત્ર સમાન હો; કુ૦
તુજ સુખીયે સુખીયા હમે, તું છે પ્રેમ નિધાન હો. કુ૦ મો૦ ૨૮
એ ઇગ્યારમી ઢાલમેં માની વાત વિશેષ હો; કુ૦
શ્રી ગુણસાગર સૂરજી, અબ કીમ ઉપજે દ્વેષ હો. કુમર
મોહનવેલ કુમારજી. ૨૯

### દોહા

મહિલમાંહિ છે બાગવર, તરુવર જાત અનેક;
વૃક્ષ અશોક સોહામણા, કુવા વાવ વિશેષ. ૧

ક્ષણ ઘરમેં ક્ષણ બાગમેં, ક્ષણ ભાઇ ચિત્ત ચાવ;
ખેલાવે અતિ ખાંતશું, ભોજાઇ ભલ ભાવ. ૨

---

### ઢાલ ૧૨ મી

( ઉઠ ગોવિંદા ઉઠ ગોપાલા-એ દેશી. )

જૂઠ ન હાલે જૂઠ ન ચાલે, જુઠ ન આગો થાય હો લાલ;
ભેદ લહી જૂઠી માયાનો, કુમર પરદેશે જાય હો લાલ.
જૂઠ ન હાલે૦ ૧

બાવનાચંદન કર કચોલી, દીધી દાશી હાથ હો લાલ;
એટલે કુમરજી ચલી આયો, મિત્રા કેરે સાથ હો લાલ. જૂ૦ ૨

કુમર પૂછે રે એ કાંઇ, સા તવ બોલે ગાજ હો લાલ;
દેવી શીવા એ ચંદન ભેજયો, રાય વિલેપન કાજ હો લાલ. જૂ૦ ૩

દ્યો મુજને એ ચંદન ચેટી, કરૂં વિલેપન આપ હો લાલ;
ચેડી નાપે જીભ કરંતાં, કીયે મુંહ માથે થાપ હો લાલ. જૂ૦ ૪

ચંદન લઇ વિલેપન કરી તન, ઘણું, પોમાવે સોઇ હો લાલ;
માહરાં માર્યાં બુંબ ન વાહરૂ, પહિલી ન સમજી કાંઇ હો લાલ. જૂ૦ ૫

હોઇ ખિસાણી બોલે તાણી, ચેડી ચંચલ જાત હો લાલ;
તન મન જૂઠી ને અતિ રૂઠી, વાણી વદે અકુલાત હો લાલ. જૂ૦ ૬

નમણો ખમણો માણુસ નીકો, ન નમે ન ખમે જેહ હો લાલ;
આકા કેરાં ઈંધણ સરીખો, લેખવીએં નર તેહ હો લાલ. જૂ૦ ૭

જો એહવા લક્ષણ છે તારાં, ત્યારે પોકાર્યાં લોક હો લાલ;
ત્યાયે પડયો છે બંદીખાને, કુમર કહે એ રોક હો લાલ. જૂ૦ ૮

ચિત્તમેં ચમકી ચતુરપણાથી, કરી દિલાસા તાસ હો લાલ;
પૂછંતાં તવ પ્રગટ કીધો, સહુ સંબંધ પ્રકાશ હો લાલ. જૂ૦ ૯

સાચ જૂઠની કરણુ પરીક્ષા, પોલે આવે તામ હો લાલ;
દરવાને રોકી તવ જાણ્યો, સાચો સઘલો કામ હો લાલ. જૂ૦ ૧૦

પાછો ફિરી મંદીર આયો, ચિત્તશું ચિંતે એહ હો લાલ;
કુકર ભૂષાનો ઠામ નહિં કોઈ, જાણ્યો ભાઇ સ્નેહ હો લાલ. જૂ૦ ૧૧

ધિક્ મુજ જાણપણો એ અધિકો, ધિક્ મુજ રૂપરસાલ હો લાલ;
દુઃખદાઇ હુઓ હું સહુને, અરુ શિર આયો આલ હો લાલ. જૂ૦ ૧૨

અહિ મણી કસ્તૂરી મૃગ મૈંગલ, દંત થકી વિપનાશ હો લાલ;
ચમરી પૂંછ થકી નર રૂપે; ગુણથી વૈર નીવાસ હો લાલ. જૂ૦ ૧૩

વિણ ગુનહે એ લોક પોકાર્યા, રાજા માની વાત હો લાલ;
અણખ આયા ભાઇ રીસે, મેં તો દુઃખ ન ખમાત હો લાલ. જૂ૦ ૧૪

માન ગયો ને મહાતમ મિટીયો, રહિણો નહિં એહ થાન હો લાલ;
ભાંગી શાખાએ વિલગેવો, તે તો ઉપજે હાન હો લાલ. જૂ૦ ૧૫

પુરુષા પાણી ઇમ રાખેવો, જયેં રાખે નાલિયેર હો લાલ;
ગોકલ કો તો પૈડો ન્યારો, સાધાં સૂધો શેર હો લાલ. જૂ૦ ૧૬

ગામ તલાઇ ન તજે બગલો, ન તજે માલો કાગ હો લાલ;
માન સરોવર તજે તતક્ષિણ, હંસ તણો સોભાગ હો લાલ. જૂ૦ ૧૭

માઝમરાતે અશ્વ ચઢીને, સાથે એક ખવાસ હો લાલ;
નિકલીયો પુર બાહિરે આયો, મતો કરે સોલ્લાસ હો લાલ. જૂ૦ ૧૮

અશ્વ ગ્રહીને રહે તું અલગો, સેવકશું દાખંત હો લાલ;
હું વિદ્યા સાધુ સમશાને, ભેદ ન કો ભાખંત હો લાલ. જૂ૦ ૧૯

લાકડ લાવે ચિતા બનાવે, મૃતક આણી એક હો લાલ;
આભૂષણ પહિરાવી બાલે, ટાલણ ખોજ વિવેક હો લાલ. જૂ૦ ૨૦

જંઘા ચીરી લોહી કાઢી, તામ લિખ્યો એ લેખ હો લાલ;
મેં એ કીધી રાજા પ્રજા, કરજો રાજ્ય વિશેષ હો લાલ. જૂ૦ ૨૧

પોલે ચિઠ્ઠી બાંધી ચાલ્યો, ધરી બ્રાહ્મણનો વેષ હો લાલ;
એહ બારમી ઢાલે ભાંખે, ગુણસાગર સુવિશેષ હો લાલ. જૂ૦ ૨૨

---

દોહા

પ્રાત હુઆ પ્રભુ જાગીયા, કુમર ન દીઠો સોય;
શુદ્ધિ ન લાગી શોધતાં, આરતિવંતો હોય. ૧

ભૂપ ભલીપરે પૂછીયો, સેવક સોઇ સુજાણ;
વિવરી વાત કહી સહુ, આભૂષણ અહિનાણ. ૨

ચીઠી દીઠી દેવજી, ખોલે વાંચી તામ;
સાચી સઘલી જાણતાં, મુરછાણા નૃપ તામ. ૩

મુરછાણા ભાઇ અવર, મુરછાણી નૃપ નાર;
બાન ગુલામ આદે કરી, હાહારવ સંસાર. ૪

ચેતન લહી રાજા પ્રજા, ગુણનો કરે પ્રકાશ;
હા વડભાગ કીયો કિસ્યું, વિલવે રાય ઉદાશ. ૫

---

ઢાલ ૧૩ મી

( સારંગીયો ગણરૂદ્ધિમેં અથવા બીભીષણ વાત વિચારે એમ–એ દેશી )

કુમરજી એસી કીજે કેમ,
સમુદ્રવિજય શીવાદેવી વિલવે, છેહ ન દીજે એમ. કુમર. ૧

હા સોભાગ નિધાન નિરૂપમ, જાદવ વંશ અવતંસ;
હા સતવંત મહંત ગુણાકર, પૃથ્વીમાંહિ પ્રશંસ. કુ. ૨

હા ચંદ્રાનન પંકજલોચન, હા ગુણભરિત શરીર;
સબવિધ સુંદર ભોગપુરંદર, સાયર જેમ ગંભીર. કુ. ૩

હા ભાઇ હા બંધુ સહોદર, હા વડવીર સધીર;
જીવે કયું ચિત્ત કરી અતિ ગાઢો, માંછલડી વિણુ નીર. કુ. ૪

પુત્ર પનોતા પુનરપિ હોવે, રમણીરૂપ અનૂપ;
ગામ નગર પુર નવી પામીજે, ભાઇજી ભલ ભૂપ. કુ. ૫

દેવરીયો દિલ દરીયો દેખત, પેખત પ્રભુતા પૂર;
નજરે ન આવે નર કોઈ બીજો, કીયો કામ કરૂર. કુ. ૬

શ્યું કીજે એ લોગા સાથે, સોર મચાયો ભૂર;
વાત કહંતાં વિચિક્ષણશું, ઉડી ગયો અતિ દૂર. કુ. ૭

રે કૂડા કિરતાર કલેશી, સોચ નહિં તુજ માંહિં;
સાજન મેલી વિછોહો કરતાં, કાલજ કાંપે પ્રાંહિં. કુ. ૮

એમ વિલવંતા રાજા રાણી, એક નિમિતીયો તામ;
બલતે છાંટ સુધારસ કેરી, વાણી વદે અભિરામ. કુ. ૯

કુમર ન મૂઓ છે જયવંતો, અરતિ મ કરજો કોઇ;
લાભ ઘણો દિન થોડા માંહિં, આવી મિલશે સોઇ. કુ. ૧૦

કાંઇક એ નિમિતીયા વચને, કાંઇક ચિત્ત વિચારી;
સુસતા હુઆ રાજા રાણી, આશા ને અધિકારી. કુ. ૧૧

એ તેરમી ઢાલે રાજા, વરતે ધરતો કોડ;
શ્રી ગુણસાગર ભાઈ દશાની, છે જગ અવિહડ મેડ. કુ. ૧૨

---

દોહા

ચાલંતો પશ્ચિમ દિશે, મેલંતો બહુ ગ્રામ;
વિજયખેડ પૂર પામીયો, તામ ગ્રહ્યો વિસરામ. ૧

ભૂપ ભલો સુગ્રીવજી, સુંદરી નામા નાર;
પુત્ર પંચ ઉપરે હુઇ, પુત્રી દોય સુવિચાર. ૨

સોમા નામ સોહામણી, સોમ સુસેના જાણુ;
પઢિ ગુણી મતિ આગલી, પુત્રી ગુણમણી ખાણ. ૩

---

## ઢાલ ૧૪ મી

( વીર સુણો મારી વિનતિ–એ દેશી. )

ગુણવંતાને ગુણ ચઢે, કીર્તિ હો કીર્તિ વધતી જોય;
મેંગલની પરે માનવી, મૂલે હો મૂલે મોંઘા હોય. ગુણ. ૧

હીરા લાલ પિરોજડા, મોતી હો મોતી માણેક મોલ;
પારખીયાથી વાધતો, માણસ હો માણસ તિમ નિરમોલ. ગુણ. ૨

કુમરી કલા ગુણ આગલી, જાણે હો જાણે રાગ પ્રમાણ;
વેણ વજાવે ચારી, રીઝે હો રીઝે ચતુર સુજાણ. ગુણ. ૩

એહ અભિગ્રહ મન ધરયો, અમને હો અમને જીતે જેહ;
વેણ વજાવી વેગશું, પિઉડો પિઉડો મ્હારો તેહ. ગુણ. ૪

રાયજાદા રૂયડા, રાજા હો રાજા આવે કેઇ;
કાજ ન સરહિ કોઇનો, જાયે હો જાયે કરશીર દેઇ. ગુણ. ૫

કુમર ચાલી તિહાં આવીયો, લીધી હો લીધી વિણા હાથ;
સુઘડપણે રે વજાવજો, અચરિજ હો અચરિજ સઘલે સાથ. ગુણ. ૬

કે કિન્નર કે ખેચરુ, કે હો કે એ સુર અવતાર;
ભૂચર ભરમાણા ઘણું, કુમરી હો કુમરી મોહી અપાર. ગુણ. ૭

પહિરાવી વરમાલિકા, કીધો હો કીધો અધિક ઉચ્છાંહ;
કુમરી દોઇશું ભલો, હુઓ હો હુઓ તે વિવાહ. ગુણ. ૮

સુખ વિલસંતા સુંદરૂ, નંદન હો નંદન નામ અંક્રૂર;
સોમસુસેના જાઇયો, દિન દિન હો દિન ચડતો નૂર. ગુણ. ૯

એક દિવસ આગે ચલ્યો, ખબર ન હો ખબર ન જાણી કેણ;
સજલાવર્ત સોહામણો, દીઠો હો દીઠો સરોવર તેણ. ગુણ. ૧૦

સરોવર જલમેં ઝીલતા, આયો હો આયો એક ગયંદ;
ગજ શિક્ષાએ વશ કરી, ચઢિયો હો ચઢિયો તામ નરિંદ. ગુ૦ ૧૧

ખેલાવે અતિ ખાંતસું, ઓલખીયો હો ઓલખીયો અસવાર;
મૈંગલ મનમેં મોહિયો, ઉલટ હો ઉલટનો અધિકાર. ગુ૦ ૧૨

કુમરે ઓછો દેખીયો, ઈહાં હો ઇહાં નહિં નિજ કોઇ;
જે દેખે બલ માહરો, સોરી હો સોરીપુર કહે સોઇ. ગુ૦ ૧૩

આયા દોઇ વિદ્યાધરૂ, ભાંખે હો ભાંખે મીઠી વાત;
નાગાવર્તન પુર ભલો, રાજા હો રાજા વિશ્વ વિખ્યાત. ગુ૦ ૧૪

અસનિવેગ વિરાજતો, રાણી હો રાણી વિજયા પામ;
કુમરી કરમયતિ મહા, જાઇ હો જાઈ શામા નામ. ગુ૦ ૧૫

કુમરીનો વર પૂછતાં, નિમતિ હો નિમતિ ભાંખ્યો સાર;
જે ગજને વશ આણશે, થાશે હો થાશે સોઇ ભરતાર. ગુ૦ ૧૬

બેશી વિમાને હરખશું, આવે હો આવે પુરમેં ચાલ;
રાજા રાણી રંજીયા, પ્રભુનો પ્રભુનો નૂર નિહાલ. ગુ૦ ૧૭

કંચનનો મંડપ કીયો, મણિના હો મણિના થંભ ઉદાર;
પુતલિયા મન મોહની, શોભા હો શોભા વિવિધ પ્રકાર. ગુ૦ ૧૮

ઢોલ દદામા દડવડી, વાજાં હો વાજાં અધિક ઉદાર;
વિવાહતણી વિધિ સાચવી, વર્ત્યા હો વર્ત્યા મંગલ ચાર. ગુ૦ ૧૯

એ ચઉદમી ઢાલમેં, સુખમેં હો સુખમેં વિસર જાય;
શ્રી ગુણસાગર સૂરજી, પૂર્વ હો પૂર્વ પુણ્ય પસાય. ગુ૦ ૨૦

---

## દોહા

શામા મંજુલ ભાષિણી, સુઘડ મહાગુણ જાણ;
વીણા વજાવી એકદા, રંજવીયો રાજાન. ૧

રંજીયો રાજા ઘણું, વાણી વદે અનૂપ;
માગ્ય માગ્ય વર માનની, ફિર ફિર ભાંખે ભૂપ. ૨

---

## ઢાલ ૧૫ મી

( આદિ જીણંદ મયા કરો–એ દેશી. )

તવ બોલે સા સુંદરી, સાંભલ જાદવનાથ રે;
નિશદિન રહેશું પાખતિ, નવિ છોડું તુમ સાથ રે. તવ બોલે૦ ૧

પ્રભુ ભણીશું માગીયું, એ લઘુતાની વાતો રે;
પુરૂષ અબંધ સરાહિયો, બંધક પરવશ થાતો રે. તવ૦ ૨

અતિ સન્માની માનની, નર શિર ચઢતી જાયો રે;
ગંગાદેવી શિવતણે, બેઠી માથે આયો રે. તવ૦ ૩

નારી કુહે નિજ સુખ ભણી, એ તો હું નવિ ભાખું રે;
કારણ જાણી વિશેષથી, દેવ તમાસો દાખું રે. તવ૦ ૪

ખેચર અંગારક આકતો, પાપીડો મતિ પીડે રે;
ભૂચર જાણી ભોલવી, ભુજબલશું મતિ ભીડે રે. તવ૦ ૫

ભૂપ ભલીપરે ભાંખતો, એ છે કુવણ વિચારો રે;
રૂપાચલ દક્ષિણ દિશે, પુરવર છે અતિ સારો રે. તવ૦ ૬

કિન્નર ઉચ્છીંગીત એવો, અર્ચિતમાલી રાજા રે;
પ્રભાવતી ઉરે ઉપન્યા, નંદન દો અતિ તાજા રે. તવ૦ ૭

અગ્નિવેગ અતિ આકરો, અશનિવેગ સોભાગી રે;
સમરથ જાણી નંદન, રાજા થયો વૈરાગી રે. તવ૦ ૮

પ્રજ્ઞપ્તિ વર વિદ્યાસું, પ્રથમને નૃપપદ આપ્યો રે;
અવર ભણી યુવરાજનો, પદ તો સ્થિર કરી થાપ્યો રે. તવ૦ ૯

આપણ સંયમ લહીને, મુનિનો મારગ સાધ્યો રે;
તપ જપ કરણીને બલે, આપે આપ આરાધ્યો રે. તવ૦ ૧૦

વિમલા નામ સુલક્ષણા, રાય ઘરે પટરાણી રે;
અંગારક સુત જાઇયો, કીર્તિ અધિક વખાણી રે. તવ૦ ૧૧

યુવરાજા ઘર જાણીયે, નામે સુપ્રભા નારી રે;
તસ ઉરે હું ઉપની, આદિ લગે સુવિચારી રે. તવ૦ ૧૨

રાય તણે પદ સ્થાપિયો, પ્રીતિ ભણી લઘુ ભાઇ રે;
વિદ્યાસુ નિજ નંદન, યુવરાજા પદ ઠાઈ રે. તવ૦ ૧૩

ચારિત્ર લીધો મુનિવરૂ, મોટપ મેરુ સમાણી રે;
આપ સરીખા લેખવે, જગમાં જે છે પ્રાણી રે. તવ૦ ૧૪

રાય અને યુવરાયમાં, ઉપજ્યો અધિક કલેશ રે;
ભુજબલ ને વિદ્યાબલે, રાય છંડાયો દેશ રે. તવ૦ ૧૫

નાગાવર્ત સુનગરીયે, રાજાજી ગયો નાશી રે;
પંખી પંજરની પેરે, વાસર જાય ઉદાશી રે. તવ૦ ૧૬

એક દિવસ નંદન વને, ગયો એહ નરિંદો રે;
જંઘાચારણ જ્ઞાનીજી, મિલીયો એક મુનિંદો રે. તવ૦ ૧૭

પગે લાગીને પુછીયો, રાજા ગયો કે આ સોરે;
પુત્રી પતિથી થાયશે, તારે લીલવિલાસો રે. તવ૦ ૧૮

પુનરપિ ભાંખે રાયજી, પુત્રી પતિ કોણ થાશે રે;
સજલાવર્ત સરોવરે, હાથી સાસો ધાશે રે. તવ૦ ૧૯

ગજ શિક્ષાએ ખેલવી, હાથી વશ કરશે રે;
શ્રી વસુદેવ નરેશ્વરૂ, સામા કુમરી વરશે રે. તવ૦ ૨૦

તે ઉપર એ ખેચરુ, જાસુસીને હેતો રે;
કામ સર્યાં પ્રભુ તુમને, લેઇ આવ્યો ગહગહતો રે. તવ૦ ૨૧

વિસ્તારથી એ વાતજી, ખેચર સઘલી જાણી રે;
પિસુનપણે તુમ હણવાની, બુદ્ધિ અછે તિહિ ઠાણી રે. તવ૦ ૨૨

ઓ ખેચર તુમ ભૂચરુ, મત કે વિણુશે કામો રે;
તેહથી હું વર માગું છું, સાથ રહી અભિરામો રે. તવ૦ ૨૩

તવ વર આપી સ્થાપીયો, ગાઢો પ્રેમ અપારો રે;
એ પન્નરમી ઢાલમાં, ગુણસાગર જયકારો રે. તવ૦ ૨૪

---

### દોહા

નિશભર નિંદમેં સોવતો, ખેચર તે અંગાર;
લેઇ ગયો વસુદેવને, આણી દ્વેષ અપાર. ૧

જાગી શામા સુંદરી, પિઉ ન દેખ્યો જામ;
શસ્ત્ર ગૃહી પુંઠે હુઈ, આણી પહુતિ ઠામ. ૨

અરિ સંઘાતે શામીકા, લાગી હોઈ વિરૂપ;
અરિને સન્મુખ હોવતાં, કોપ્યો જાદવ ભૂપ. ૩

મુષ્ટિ પ્રહારે મારીયો, ખેચર જાદવ રાય;
નાખી દીધો આકાશથી, પડયા સરોવર માંય. ૪

સમરંતાં નવકારને, આલ ન આયો અંગ;
જલપયરી તટ આવિયો, સુસતો થયો સુચંગ. ૫

---

### ઢાલ ૧૬ મી

( ગોરાંજી થેં મને ગોડે ન રાખ્યો-એ દેશી. )

ધન ધન કરમે તો નર કહીએ,
જિહાં જાયે તિહાં આદર લહીયો. ધન ધન૦ એ ટેક.
મારગ જાતાં બલદેવ કેરો, દેવલ દેખી હરખ ઘણેરો;
જાણી શુભસ્થાન રાતે તિહાં વસીયો,
કર્મચરિ લખી મનમાં હસીયો. ધન૦ ૧

પ્રાતઃ હુઓ એક આવ્યો પૂજારો,
દેખી કુમર મન હરખ અપારો;
પુછે પ્રભુજી પુજય પ્રકાશો,
એ કવણ પુરી કોણ નૃપનો વાસો. ધન૦ ૨

નગરી ચંપા નામે નીકી, ભૂ ભામનીને શિર ટીકી;
ચારુદત રાજા જયવંતો, વિશાલા ક્ષત્રિયાણીનો કંતો. ધન૦ ૩

શ્રી ગંધર્વ સુસેના કુમરી, રૂપે રૂડી જાણી અમરી,
ચોસઠ્ઠ નારી કલા તે જાણે, રાગ કલામાં અધિકું તાણે. ધન૦ ૪

વેણુ વજાયે ને મુખ ગાવે, આપે રહી છે અધિકે દાવે;
એહ કલાએ જીતે જેહિ, મુજ ભરતાર કરૂં છું તેહી. ધન૦ ૫

ભૂપત ને ભૂપતિના જાયા, પંચ સયા પરિમાણુ કહાયા;
શ્રી સુદર્શનગુરૂની પાસે, રાત દિવસ એ કલા અભ્યાસે. ધન૦ ૬

ગ્રામ તીન સાત સ્વર કહીજે, મૂર્છના એકવીશ લહીજે;
ગુણ પંચાસય તાન વખાણી, જાણુ કહાવે એ વિધિ જાણી. ધન૦ ૭

પુન્યને દિન મુજરો હોવે, એના ચે મોં સામું જોવે;
કારજ કરવા કોઇ ન શુરો,
કુમરી હસી કહે અબ તો અધુરો. ધન૦ ૮

પુનરપિ વિદ્યા અધિકી શીખે,
હઠે પડીયા એ [ભૂપતિ ભાંખે;
અણિ નવિ છે એ લે તન મેલત,
માસ માસ એક આદ્યો ઠેલત. ધન૦ ૯

કુમર ગયો આચારજ સંગે, સાચવતો અતિ સેવ સુચંગે;
કલાંગ્રહંતા વાર ન લાવે, પણુ તો વેણુ વિપરીત બજાવે. ધન૦ ૧૦

રાજકુમર તવ કરતાં હાંસો, મુખ ભાંખે એવડો તમાસો;
અવર નહિં પણુ એ ગુણવંતો, થાશે કુમરી કેરો કંતો. ધન૦ ૧૧

તામસ જાણે જાદવ આયો, અબહિ જાણશે કુડો સાચો;
કાંસો શબ્દ કરે છે જેહી, સોનું શબ્દ કરે નહિં તેહી. ધન૦ ૧૨

પુનમનો દિન આયો જામો, કુમરી મંડપ આવી તામો;
ગાઈ વાઈ વીણો વહેલી, સાથે ઘણેરી તાસ સાહેલી. ધન૦ ૧૩

તિલોત્તમા ઉર્વશી ઉલ્લાસો, સૂર્ય યક્ષને પાડણ પાસો;
સ્વર્ગ થકી જેમ ચાલી આવી, વિશ્વમોહની નામ ધરાવી. ધન૦ ૧૪

ગાવે અને બજાવે વીણા, મોહી રહ્યા સબ લોક પ્રવીણા;
કુમરી રૂપકલા ગુણ દેખી, એહી સભામાં સુખ વિશેખી. ધન૦ ૧૫

ભૂપ તદા ભરમાણા ભારી, વિસરીયા સુઘડાઇ સારી;
આરતિયો આચારજ હોઇ, વીણા ગ્રહી કર કુંવર સોઇ. ધન૦ ૧૬

નૌતમ ઘાટ બનાયો રૂડો, કોઇજ વાતે નાંહિં જ કુડો;
ગાન બજાવણી છે બેઉ સરખી,
કુમરી ઘણું મનમાંહિં હરખી. ધન૦ ૧૭

કુમરી ભાંખે વાત ભલેરી, એવી વીણા આણી અનેરી;
વિણ સુઘોષા નામે વારૂ, જેહી રિઝાયો વિશ્નુકુમારૂ. ધન૦ ૧૮

સા વિણા કર સાહિ પ્યારે, અચરિજ તવ હુવો જગ સારે;
કુહે અબ કેવો ગાઉં ગાનો, સૌને લાગે અમી સમાનો. ધન૦ ૧૯

સા ભાંખે સુણ ચતુર શિરોમણિ,
તું દેખાય છે નભોમણિ;
વિશ્નુકુમારનો ટાલણ ક્રોધો, ઉપદ્રવ મેટણને પ્રતિબોધો. ધન૦ ૨૦

હો હાં તુંબરૂ નારદ આયો,
જેહિ ગ્યાને ઋષિજી રિઝાયો;
જો આવે તો સોહિ સુણાવો,
અવર ગ્યાન છે મોહિ અભાવો. ધન૦ ૨૧

ભેદ સંગીત હી જાણે સુધો;
જેહિ ગ્યાને ઋષિજી પ્રતિબોધ્યો;

સોહિ સુણાયો ગ્યાન સયાણે,
ભલો ભલો કહી ખલક વખાણે. ધન૦ ૨૨

રંજી રામા અતિ અભિરામા, પહેરાવી વરમાલ સકામા;
વ્યાહ તણો કીધો મંડાણ, એ પણ મોટો પુન્ય પ્રમાણ. ધન૦ ૨૩

વહુ વરની સરખી છે જોડી, પહોંચાવે મન કેરા કોડી;
ધર્મ વિષે પણ સરખા દોઇ, સુખમાં વાસર જાતા જોઇ. ધન૦ ૨૪

એક દિવસ હરિ ઓચ્છવ હેતે,
આવે કુમર નિજ મહિલ સમેતે;

ઢાલ સોલમી કહી સુણાવે, શ્રીગુણસાગરજી ગુણ ગાવે. ધન૦ ૨૫

---

દોહા

વિદ્યાધર આવ્યા ઘણા, હરિ ઓચ્છવને કાજ;
હસત રમત ખેલે તિહાં, નરનારી શુભ સાજ. ૧

વિદ્યાધરની કુમરી, નીલજશા નામેણ;
કુમરી રૂપે રંગીલી, અમરી જીતી નેણ. ૨

નીલજશા વસુદેવને, દેખિરામની સૂર
ઉપજી જાણી વિશેષથી, ચમકી ભૂચરી ભૂર. ૩

પ્રીતમ લેઇ પાધરી, આવી નિજ આવાસ;
વિદ્યાધર ઓચ્છવ કરી, ચાલી ગયા આકાશ. ૪

---

ઢાલ ૧૭ મી

(હમ મગન ભઈ પ્રભુ ધ્યાનમેં અથવા જીયા ગયું જોબનીયું વાઇસે—એ દેશી)

કુમરી હુઇ રે ઉદાસણી, હસત ન બોલત ડોલત ચિત્તડોલ,
કુમર, ચરણ નિવાસણી. કુમરી૦ ૧

ભોજન ત્યાગ ન પીબત પાણી, સોવત નિંદ ન આવતી;
લાંબા અતિ નિશાસા લેતી, યદુપતિને ચિત ધ્યાવતી. કુ૦ ૨

પ્રેમ રાગ છે તિખી કાતી, કાલજ ને અતિ કાપતી;
જો સુખ ચાહે માનની મનમાં, પર ને ચિત્ત મત આપતી. કુ૦ ૩

જાણી આરતી અપાર અનોપમ, ધાઇ પુછે વાતજી;
ભૂત તણા છલની પરે તું તો, દિસે છે અકુલાતજી. કુ૦ ૪

તવ સા ધાઈ પ્રતે ભાંખે, શ્રી વસુદેવ કુમારજી;
દિઠો દેવ ઓચ્છવ કરંતાં, ચિત્તનો ચોરણ હારજી. કુ૦ ૫

એ વર પામું તો પરણુવો, અવર ન પરણું કોઇજી;
અણુસરખે પીઉડે પદ્મનીનો, આવટ મરણો હોયજી. કુ૦ ૬

ધાઇ તણા મુખની સુણી રાજા, એ સઘલો વૃત્તાંતજી;
સંતોષી વચને વર કુમરી, ચાલ્યો આપ તુરંતજી. કુ૦ ૭

સોવંતો કુમર અપહરીયો, કરીયો કામ અનૂપજી;
નિજ પુર આણી રાજા રાણી, પૂજ્યો જાદવ ભૂપજી. કુ૦ ૮

કુમરી અમરી સરખી સઘલી, સાત સયાં પરિમાણજી.
પરણાવી કુમરને હરખે, કીધો અતિ મંડાણજી. કુ૦ ૯

સોર સુણંતો પુછે પ્રભુજી, એ શ્યો સોર પ્રકારજી;
પ્રતિહારણી ભાંખે સ્વામી, એહનો એહ વિચારજી. કુ૦ ૧૦

કુમરીતણી માતાશું ભાઈ, બોલ્યો તો એ બોલજી;
જો માહરે હોશે સુત સુંદર, તારે સુતા અમૂલજી. કુ૦ ૧૧

સગપણનો સંબંધ કરેશાં, એ હુવો તો ન્યાયજી;
લોક મલી એ ઝગડો ભાંજ્યો, નારી કીયો નવિ થાયજી. કુ૦ ૧૨

કમલી રમલી કરતો અતિ વરતે, ભોગી ભમરો જેમજી;
શ્રી વસુદેવ કુંવર રમતો, પદ્મનીયાંને પ્રેમજી. કુ૦ ૧૩

ગિરિશીર ખેલંત નીલકંઠસો, આયો હોઇ મોરજી;
નીલયશાને લઇ ગયો તવ, કાંઇ ન ચાલ્યો જોરજી. કુ૦ ૧૪

દક્ષિણદિશી ગિરી તટવર નગરે, સોમા રાજકુમારીજી;
દેવતણે વાદે જીતી પ્રભુ, પરણી રતિ અવતારીજી. કુ૦ ૧૫

એ કહેતા રાયથો સુર આવી, લઈ ગયો તતખેવજી;
યક્ષ તણા દેવલમાંહિં મુકયો, સાચવતો અતિસેવજી. કુ૦ ૧૬

રાક્ષસ એક તણો છે વાસો, પહેલા દેવલમાંહિંજી;
દેશનગરના લોક સહુને, રાક્ષસ દુઃખ દે ત્રાહિજી. કુ૦ ૧૭

રાક્ષસને વશ કરવા સુરવર, કરતા જય જયકારજી;
રાય પણ સઘલે આવીને, પ્રણમ્યો કુમાર ઉદારજી. કુ૦ ૧૮

કન્યા પાંચસયા પરિમાણે, પરણાવી ભૂપાલજી,
સુખ માનતા વિવધિ પ્રકારે, પુછયો સાલો ખ્યાલજી. કુ૦ ૧૯

કુલ અણજાણ્યા કેમ પરણાવી, કન્યા એ સતપંચજી;
સાલો ભાંખે સ્વામી સાંભલ, સઘલીનો એકસંચજી. કુ૦ ૨૦

નિમિતીયા વચને યદુનાયક, રાક્ષસ જીતણ સુરજી;
કન્યા સકલ તણો વર થાશે, વાજયા એ જસ તુરજી. કુ૦ ૨૧

યાદવરાજા રાયરાયાના, જિહાં જાયે તિહાં આપજી;
ગુણસાગર સતરમીઢાલે, પૂર્વ પુન્ય પ્રતાપજી. કુમરી૦ ૨૨

---

દોહા

અચલપુરી પ્રભુ આવીયો, વનમાલા સુખકાર;
પુત્રી સારથવાહની, પરણાવી પ્રેમ અપાર. ૧

સંચરતો સોમાપુરી, આઇ ગયો તે સ્વામ;
કંપીલરાયની કુમરી, પરણી કપીલા નામ. ૨

વિવિધપરે સુખ માનતા, સરોવરમાં ઝીલંત;
નીલકંઠ ગજરૂપ ધરી, આઈ કુમર ચઢંત. ૩

---

## ઢાલ ૧૮ મી

( ચંદલીની-એ દેશી )

હાથી આકાશે ચાલીયો, વિદ્યાધર વિદ્યા બલિયો;
જન ભાંખે કુંવર બલિયો. કુંવરજી. ૧

કુંવરજી રૂપે નીકો, કુંવરજી પ્યારો જીકો;
કુંવર કુમરા શિર ટીકો હો. કું૦ ૨

હાથી તો ચાલ્યો જાયે, રાખ્યો કોઇનો ન રહાયે;
કુંવર ચિત ચિંતા થાયે હો. કુ૦ ૩

તવ મુષ્ટિ પ્રહારે માર્યો, હાથીનો મદ ઉતાર્યો;
આપુણ કામ હિ સમાર્યો હો. કું૦ ૪

પડીયો ગંગાજલમાંહિં, નવકાર ભણંતો પ્રાહિં;
અંગે દુઃખાણો નાંહિં હો. કું૦ ૫

ગંગાજલ પચરી જામો, અટવીમેં પડીયો તામો;
આગે આયો એક ગામો હો. કું૦ ૬

સિંહગુહા તસ નામો, વિમલનૃપ ગુણ ધામો;
ત્રીય શ્રીમતિ અભિરામો હો. કું૦ ૭

પુત્રી પદ્માબાઇ વારુ, અતિ વેદ કલાએં ચારુ;
સા જીતિ આણી ઉદારુ હો. કું૦ ૮

પરણીને સુખ માણીજે, આપુણ પુ ધન જાણીજે;
આગે કી મતિ ઠાણીજે હો. કું૦ ૯

જયપુરના તો પતિ સાધી, એક કુમરી નીકી લાધી;
દિન દિન કિર્તી અતિ વાધી હો. કું૦ ૧૦

ભદિલપુર ચાલી આયો, તિહાં રાજા પોદ્ર સોહાયો;
પ્રભુજી સૌ ને મનભાયો હો. કું૦ ૧૧

કુમરી ધાર્યો પુર્વ વેશો, તસ રૂપકલા સુવિશેષો;
પરણે યદુરાય નરેશો હો. કું૦ ૧૨

પુરૂષવેષનો ભેવો, તવ પુછે શ્રી વસુદેવો;
સા ઉતર દે તતખેવો હો. કું૦ ૧૩

તવ નીમતિ ને રાયે, પુછયો મુજ વરને તાંઇ;
તિહાં નામ લીયો ગોંસાઇ હો. કું૦ ૧૪

યોગ કહો કીમ મિલશે, રૂડે જઇ રૂડું ભલશે;
એ આરતિ વેગે ટલશે હો. કું૦ ૧૫

રૂપ પુરૂષનો ઠાણી, સો રાજ રાખંતી જાણી;
પ્રભુજી મિલશે વેગો આણી હો. કું૦ ૧૬

ગુરૂ ગોત્રજ ને સુપસાયે, એ એક સરીખે દાઇ;
સાતમેં વાસર જાઇ હો. કું૦ ૧૭

અંગારક ક્રોધે ભરીયો, તિહાં રૂપ હંસકો કરીયો;
સુખે સોવંતો અપ હરીયો હો. કું૦ ૧૮

મુષ્ટિ પ્રહાર જયાં દીધો, ચેતનથી અલગો કીધો;
ગંગામેં પડીયો સીધો હો. કું૦ ૧૯

પાણી તરી કાંઠે આવે, અટવી તજી વસતિ પાવે;
ઇલાવર્ધન નગર સોહાવે હો. કું૦ ૨૦

હાટે બેઠા વેપારી, તે લક્ષ્મીવંતા ભારી;
એક શેઠ અછે અધિકારી હો. કું૦ ૨૧

કુમર બેઠો તસ પાસે, તિહાં મલિયા લોક તમાસે;
એ મોટો શેઠ વિમાસે હો. કું૦ ૨૨

તવ અન્ન વસ્ત્રને નાણું, જુહરીયા ને કરીયાણું;
તે દિન અધિકું વેચાણું હો કું૦ ૨૩

લાભ તણો નહિં પારો, તવ શેઠ કરે સુવિચારો;
એ તો એહનો ઉપગારો હો. કું૦ ૨૪

આદર અધિકે ઘેર આણ્યો,
ભોજનસું પ્રેમ પરમાણ્યો;
વખતાવર પુરૂષ પિછાણ્યો હો. કું૦ ૨૫

કન્યા છે રૂપ રસાલી, સા રત્નવતી સુવિશાલી;
પરણાવી ઝાકઝમાલી હો. કું૦ ૨૬

અષ્ટાદશમી ઢાલે પ્રેમો,
સુખ વિલસે સુરપતિ જેમો;
ગુણસાગર ભાંખે એમો હો. કુંવર ૨૭

---

દોહા

લાભે લોભ વાધે ઘણો, ઉદ્યમે અધિકો લાભ;
લાભે શિર જાય અડે, ઉંચો તો અતિ આભ. ૧
લાભ વિશેષ વિચારવે, આગે ચાલ્યો સ્વામ;
મહાપુરી આયો સહી, હરખ્યો અચરજ પામ. ૨
ઠામ ઠામ દિશે ઘણાં, મંદિરના મંડાણ;
નિશ્ચે કરવા કારણે, પુછ્યો પુરુષ પ્રધાન. ૩

---

ઢાલ ૧૯ મી

(હું વારી તુજ સાહેબ, કાબલ મતિ ચાલો તથા પાંચમીવાડે પરમેશ્વર-દેશી)

પુરૂષ કહે પ્રભુજી સુણો, એ વાત જ વારુ;
અચરજ કારી છે ઘણી, ચતુરા ચિત્ત ચારુ. ૧

સોમદત્ત રાજા ભલો, રાણી સુવિચારી;
પુરણભદ્રા જાણીયે, નૃપને સુખકારી. ૨

સોમશ્રી નામે ભલી, કુંવરી અભિરામ;
સ્વયંવર મંડપ તેહનો, એ કીધાં ધામ. ૩

રાય ઘણાં ચાલી આવીયાં, એ ભીડ નિરખો;
વચ્ચે હુવો સંબંધજી, તે સુણણ સરીખો. ૪

ઉપર ભોમી એકદા, સા રાજકુમારી;
દેખે લાંછન ચંદ્રનું, 'લય' લાગી ભારી. ૫

ઋષિ કેવલ ઓચ્છવ ભણી, સુર જાતા દેખી;
જાતિ સ્મરણ પામીયો, મુર્છા સુવિશેષી. ૬

ઉઠાડી બેઠી કરી, કરી શીતલ તાઇ;
મૌન ગ્રહીને સા રહી, કહી વાત ન કાંઈ. ૭

ધાય માયને પુછતાં, દીયે જવાબ ગરીઠૂઠો;
જ્ઞાનબલે પરભવ તણો, મેં પ્રીતમ દીઠો. ૮

હું હુતી દેવાંગના, તું હુતો દેવો;
ભોગવી આયુ સુરગતિ તણો ચવીયો તતખેવો. ૯

તું ઉપજયો હરિવંશમેં, હું આઇ ઇહાંજી;
દેવે વિચ્છેહો પાડિયો, કેમ કીજે માજી. ૧૦

જો પતિ પામુ સુલગો, તો તો પરણાવો;
નહિંતર પરણુવા આખડી, સહી સંયમ લેવો. ૧૧

ધાત્ર જણાવી વાતડી, રાજાને જાઈ;
લોક વિસજર્યા વેગશું, મનમાં દુચિતાઇ. ૧૨

તું છે ભૂચર રાજવી, માહરો ખગ નામ;
વિષમ વાત આવી બની, કેમ સીઝે કામ. ૧૩

એટલે એક નિમિતીયો, ભાંખે સુસનેહો;
ઈંદ્ર ઓચ્છવ દેખણ ભણી, આવશે એહો. ૧૪

હાથી પાસે છોડાયને, પરણશે આપો;
એમ સુણંતાં હરખીયો, કુમરીનો બાપો. ૧૫

હરિધ્વજને દેખણ ભણી, અંતે ઉર આયો;
વાહન ત્રિવિધ પ્રકારનાં, અતિ સોર મચાયો. ૧૬

બંધન તોડી જોરશું, હાથિ વિફરાયો;
અબલા ઉપરે આકલો, હોઇને ધાયો. ૧૭

સુભટ ન આવે આસના, સહુ જાયે ભાગ્યા;
શસ્ત્રગ્રહીને સામટા, સંબાહણ લાગ્યા. ૧૮

સાચો શુર શિરોમણી, યાદવજી જાચો;
અટલ ટલ્યો નહિં ઠામથી, નર ફાડે ડાચો. ૧૯

અગ્નિજાલ ગજકેસરી, એહ સામું હોણું;
નિ:સત્વ નરને દોહિલું, સાહસિયાને જોણું. ૨૦

શ્વાસભરી આવી ધસી, શરણે સા બાલ;
રાખ રાખ પ્રાણેશજી, કોપ્યો છે કાલ. ૨૧

છલબલ કેલવી ઘણો, હાથી વશ આણ્યો;
ઉવારી કુમારીકા, જગ જાવ જાણ્યો. ૨૨

રાયત્રીયાને કુમરી, હરખ્યાં મનમાંહિં;
એ મોટો ઉપગારીયો, પુરુષોત્તમ પ્રાંહિં. ૨૩

શૂર ઘણો ને બલ ઘણો, ધન્ય યૌવન વંતો;
એ ઓગણીશમી ઢાલમાં, ગુણસુરિ કહંતો. ૨૪

---

દોહા

વિસ્મય ઉપજાવી ઘણો; સહુ ભણી સુકુમાર
શેઠ કુબેર જ દત્તને, ઘર આયો તેહિવાર. ૧

કુમરીને રાણી સહુ, નિજ ઘર કરે પ્રવેશ;
વાટ વધી એ અતિઘણી, ઓચ્છવ કીયો વિશેષ. ૨

## ઢાલ ૨૦ મી

( બગડીયાની તથા સુગુણ નરનારી રૂપ ન જોય એ-દેશી )

એહ સુણી નૃપ હરખીયો રે, કરે પ્રશંસ અપાર;
વારંવાર વધામણાં રે, મલિયો સહુ પરિવાર રે. મોહનજી૦ ૧

તું સુરતિ કાં સોહનજી, તું દૂષજલકા પ્રોહણજી;
તું ગુણમણિકા રોહણજી, તું ચિત્ત કજકા બોહનજી;

તેરા રે તેરા ધન અવતાર રે, મોહનજી મેરારે મેરા તુજશું પ્યાર રે;
ત્રુઠયો ત્રુઠયો મુજ કિરતાર રે, પાયો રે પાયો ભલ ભરતાર રે.
મોહનજી, એ આંકણી.

વ્યાહતણી વિધિ સાચવી રે, જેસા ચિત્ત વિત્ત હોય;
આનંદ રંગ વિનોદમાં રે, વાસર જાતા જોય રે. મો૦ ૨

માનો વેગ મનોહરૂ રે, વિદ્યાધર બલવંત;
નિશભર સુખે સોવતો રે, આઇ ગયો મયમંત રે. મો૦ ૩

સોમશ્રી કુમરી હરી રે, ચાલી ગયો આકાશ;
જાગ્યો શ્રી વસુદેવજી રે, દેવી ન દીઠી પાસ રે. મો૦ ૪

પ્રીયા પ્રિયા પોકારતાં રે, સોમશ્રી આકાર;
અરિ ભગિની આવી ધસી રે. વેગવતી વર નાર રે. મો૦ ૫

ભેદ ન જાણ્યો ભૂપતિ રે, પુછણ લાગ્યો તાસ;
કિહાં ગઈ તી બીહીરા રે, બોલે સા ઉલ્લાસ રે. મો૦ ૬

ગરમી હુઇ મુજને ઘણી રે, શીતલતાઇ જાણ;
ઉભીથી હું બાહરે રે, પ્રીતમ અરતિ મ આણ રે. મો૦ ૭

રામા રાચી રૂપસું રે, ન કીયો કિશ્યો વિચાર;
કરી અતિ ખિજમત ખરી રે, ભોગવે ભોગ ઉદાર રે. મો૦ ૮

પોઢયો પ્રભુજી પાલકે રે, પોષ્યો પદમની પ્રેમ;
વિમાસણુ વિધિ સાચવી રે, અવસર પામી તેમ રે. મો૦ ૯

એક દિન સુખે સોવતાં રે, ખેચરી એ અભિરામ;
રૂપ ધરીયો મુલગો રે, જાગીયો પ્રભુ તામ રે. મો૦ ૧૦

બાલમુદ્રા શશીકલા રે, જુઆ હાર્યા દામ;
દિવસ બ્રીજે પ્રગટે રે, તિમ હી એહ અકામ રે. મો૦ ૧૧

પુછી પ્રભુજી પદ્મની રે, કોણુ છો તમે આપ;
રૂજુપણે ભાંખે ભલો રે, કોઇ ન રાખે પાપ રે. મો૦ ૧૨

રૂપાચલ દક્ષિણુ દિશે રે, સ્વર્ણપ્રભ પુર દેખ;
ચિત્તવેગ વિદ્યાધરૂ રે, રાય રૂડો પેખ રે. મો૦ ૧૩

ત્રીય અંગારવતી કહી રે, મનોવેગ તસુ નંદ;
નંદની તો હું ભલી રે, અછું નયનાનંદ રે. મો૦ ૧૪

રૂપ અધિકો સાંભળી રે, મનોવેગ નરેશ;
સોમશ્રી લઇ ગયો, સીતા જ્યું લંકેશ રે. મો૦ ૧૫

સોમશ્રી સાચી સતી રે, જોર ન ચાલ્યો ચોર;
કેશ[1] મણીને[2] કામની[3] રે, ન લેવાયે જોર રે. મો૦ ૧૬

હું સખી છે છું તેહની રે, પ્રાણુ હી થી પ્યાર;
મોકલી છું તુમ કને રે, આણી એહ વિચાર રે. મો૦ ૧૭

મુજ સંઘાતે છે ઘણો રે, નાથજીકો નેહ;
આકતો હોઇ ખરો રે, મતિ તજે નિજ દેહ રે. મો૦ ૧૮

રૂપે મોહીપ્રભુ તણે રે, શુધ હી નાઠી દૂર;
હણી મન્મથ બાણુશું રે, ઉપજ્યો રાગ સનૂર રે. મો૦ ૧૯

રૂપ ધરીને મ્હેની તણો રે, માનીયો મેં ભોગ;
સ્વારથીયો સંસાર છે રે, આપ વંછો લોગ રે. મો૦ ૨૦

સ્વામી થારી સુંદરી રે, હું હુઇ સુખ હેત;
છાંડી મણી ચિંતામણી રે, કાચ કુણ ચિત દેત રે. મો૦ ૨૧

સોમશ્રી અપહારની રે, એહ નિસુણી વાત;
હુઓ ભૂપ ઉદાસીયો રે, અરતિમેં દિન જાત રે. મો૦ ૨૨

ઢાલ ભલી એ વીશમી રે, કરત ભોગ વિલાસ;
શ્રીગુણસાગર સુરિજી રે, પુન્ય પુરે આશ રે. મો૦ ૨૩

---

દોહા

શ્રી વસંતઋતુ રાજીયો, આયો અધિક વિરાજ;
ફુલ ફલ શોભા ખરી, કોયલ બોલે ગાજ. ૧

મિત્રોના પરિવારશું, ખેલે વસંત નરેશ;
સુખે સોવંતો અપહર્યો, માનસવેગ વિશેષ. ૨

મુષ્ટિ પ્રહારે મારતાં, શુદ્ધ રહી નહિં કોય;
સમરંતો નવકારને, ઉર હોઇ આયો સોય. ૩

ગંગા તટ વિદ્યાધરૂ, વિદ્યા સાધે જામ;
આણી પડયો ઉપરે, પ્રભુવિદ્યા સિદ્ધિ તામ. ૪

---

ઢાલ ૨૧ મી

(આજુકો દિહડો મોહે ભાવે હો નણદી તથા
હું વારી ઘણા તું મુજ પ્યારો હો—એ દેશી)

આવી એક વિદ્યાધરી હે યાદુ, લેઇ ચાલી જામ;
પ્રભુને મેલી બાગમેં હે યાદુ, ખબર કરી અભિરામયાદુ
ઝગમગ જ્યોતિ સોહાવે. ૧

પરખંડ પરદેશમેં હે યાદુ, શોભા અધિકી પાવે
હે યાદુ. ઝ૦ ૨
રાજા અમૃતદ્વારનાહે યાદુ, ખેચર બંધવ તીન;
દધિમુખ દિલનો સુર છે હે યાદુ,
ચતુર શિરે સુપ્રવીણ હે યાદુ. ઝ૦ ૩
દ્રઢસુવેગ વિરાજતો હે યાદુ, ચંડસુવેગ પ્રચંડ;
આયા પ્રભુની સામા હે યાદુ,
માને આણુ અખંડ હે યાદુ. ઝ૦ ૪
પધરાવી જિમંદિરે હે યાદુ, શ્રી વસુદેવ નરેશ;
મદનસુવેગા વેગશું હે યાદુ,
પરણાવી સુવિશેષ હે યાદુ. ઝ૦ ૫
પ્રીતમ પદમની પ્રેમશું હે યાદુ, મગ્ન મહા મનમાંહિં;
ઉલટ અતિ ઘણી માનતો હે યાદુ,
સુખમાંહિં દિન જાય હે યાદુ. ઝ૦ ૬
ઉગંતો દિનકારનો હે યાદુ, ઘડીએ વધતો તેજ;
તિમ નરિંદ વસુદેવનો હે યાદુ,
ચડતો તેજ સહેજ હે યાદુ. ઝ૦ ૭
આપ છોડાવણ કારણે હે યાદુ, દધિમુખ ભાંખે વાત;
શ્રીનમિવંશ વિશેષથી હે યાદુ,
વિદ્યુતવેગ વિખ્યાત હે યાદુ. ઝ૦ ૮
પુત્ર પનોતા તેહના હે યાદુ, એહ મતિ ન વિયાણુ;
થારા મનની ભાવતી હે યાદુ,
પુત્રી ચોથી જાણુ હે યાદુ. ઝ૦ ૯
નિમિતીયાને પુછીયું હે યાદુ, કુમરી કારણ કંત;
નિર્મલમતિ બોલીયો હે યાદુ,
નિમિતીયો ગુણવંત હે યાદુ. ઝ૦ ૧૦
ચંડસુવેગ કુમારને યાદુ, વિદ્યાસાધન જોઇ;
પડશે ખાંધા ઉપરે હે યાદુ, પુત્રીનો વર સોઇ હે યાદુ. ઝ૦ ૧૧

તે દિનથી લઘુભાઇજી હે યાદુ, નિશ્ચય કરવા હેત;
વિદ્યા સાધે વેગશું હે યાદુ,
શુભ વાંછિત ફલ દેત હે યાદુ. ઝ૦ ૧૨

નભનું તિલક સોહામણું હે યાદુ, નગર નિરૂપમ નામ;
શ્રી ત્રિશેખર નરેશ્વરૂ હે યાદુ,
સર્પક સુત ગુણધામ હે યાદુ. ઝ. ૧૩

તેહને અર્થે માંગતાં હે યાદુ, પુત્રી નાપી તાત;
યુધે હરાવી તેહને હે યાદુ, ચલ્યો લઈ આરાત હે યાદુ. ઝ. ૧૪

બંધીખાને રાખીયા હે યાદુ, દેવ હમારો બાપ;
જોર ન ચાલે માહરો હે યાદુ,
અરિનો પ્રબલ પ્રતાપ હે યાદુ. ઝ. ૧૫

પુજ્ય પ્રતાપ કરી ખરા હે યાદુ, સરસે સઘલા કાજ;
આજ થકી તો આગલે હે યાદુ,
તુમને સબલી લાજ હે યાદુ. ઝ. ૧૬

વિદ્યા સાધી સાદરી હે યાદુ, બંધવ તુમ પ્રસાદ;
સાહ્ય જે કરી સ્વામીને યાદુ,
હોશે એ આહલાદ હે યાદુ. ઝ. ૧૭

દિન વચન એ સાંભલી હે યાદુ, ઉઠયો મુછ મરોડ;
આરતિ કોઇ મ રાખજો હે યાદુ,
કરશુ કારજ કોડ હે યાદુ. ઝ૦ ૧૮

સાલા પાસે શીખીયો હે યાદુ, અસ્ત્ર અનેક પ્રકાર;
અગ્નિ અને બ્રહ્મા ભલા હે યાદુ,
શ્રી મહેન્દ્ર ઉદાર હે યાદુ. ઝ૦ ૧૯

વૈશ્રવ વારુ નામથી હે યાદુ, જમદંડ અસ્ત્ર વિચાર;
સ્થંભન મોહન તોટિકા હે યાદુ,
અનુરોહણ અવિધાર હે યાદુ. ઝ૦ ૨૦

બંધન મોક્ષન જાણિયે હે યાદુ, જંભનને એ સાન;
વાયવ્ય છેદન ભેદના હે યાદુ,
આરુઢ અસ્ત્ર પ્રધાન હે યાદુ, ઝ૦ ૨૧

સર્વ સુઅસ્ત્રહિ છાદના હે યાદુ, શલ્યનિવારણકાર;
ગુણસાગર ગુણ ગાજતો યાદુ,
ઢાલ એકવીશમી સાર હે યાદુ. ઝ૦ ૨૨

### દોહા

સાહણ વાહણ સામટો, સાથે ઘણા નરેશ;
ચઢીયો આડંબર ઘણે, અરિ ઉપરે સુવિશેષ. ૧

મંગલ મલિયો મલપતો, ઘોડો દક્ષિણ હાથ;
મંગલ ગાતી ગોરડી, સાત પાંચનો સાથ. ૨

ઉદયો ભણતી યોગિની, સામો આવ્યો શાહ;
દક્ષિણ ભયરવ કલકલી, ઉપજ્યો અતિ ઉચ્છાહ. ૩

ખરદેવી ડાબી ભલી, બોલે હોડાહોડ;
કુંકર વામે ઉતર્યો, કાજ સમારે કોડ. ૪

હરિણમાલ અધુરડી, જમણી જાયે પ્રાંત;
સાંડ ચાસ દક્ષિણ દિશે, વામે વાયસ જાત. ૫

ડાબાં લાલી બોલીયાં, અવર અનેરા સાર;
શુકન વિચારી ચાલીયો, શ્રી વસુદેવ કુમાર;
અરિ પુણ આયો સામુહો, દલ બલનો નહિં અંત;
રેણું રહી ઉંચી ચઢી, સમજ ન કોઇ પડંત. ૭

### ઢાળ ૨૨ મી

(તેતરીયા રે ભાઈ તેતરીયા–એ દેશી)

પુન્યબલે અધિકો યદુરાજા, કરતો અધિક દવાજા રે;
ખેચર સાથે આણી અઢીયો, વાજ્યા જશ શુભ વાજા રે. પુ૦ ૧

હાથીઓથી હાથી, સાથીઓથી સાથી, અસવારે અસવાર રે;
રથ સાથે રથ ભડીયા ભારી, મચ્યો યુદ્ધ અપાર રે. પુ૦ ૨

નીલ સુકંઠ અંગારક આતુર, સૂર્યક માનસ વેગો રે;
ચંડ સંવેગ તણે આગે એ, હાર્યો નકુરી તેગો રે. પુ૦ ૩

ખેચરને યાદવને લડવે, દેવો અચરજ પાયો રે;
વિવિધ પ્રકાર વિશેષ વિશેષે, બાણે અંબર છાયો રે. પુ૦ ૪

અગ્નિશું બાણે અગ્નિ વિકુર્વી, હાથી ઘોડા બાલે રે;
વારુણ બાણે ઘન વરસાવી, એહ ઉપદ્રવ ટાલે રે. પુ૦ ૫

મોહનબાણે નિંદ તણે બલ, લોક સહુ તે સોય રે;
બાણ પ્રબોધે નિંદ નિવારી, હોંશીયારીમાં હોય રે. પુ૦ ૬

શ્રી માહેન્દ્ર બાણે હણતો, ખેચર પડીયો મંદ રે;
યાદવની જગ જીત ગણાવી, ઉપજ્યો અતિ આનંદ રે. પુ૦ ૭

સુસરો બંધનથી છોડાવી, દેઇ દદામે ઘાવ રે;
પામી યશ નિજ નગર ભણી તે, આવે સહુ પરિવાર રે. પુ૦ ૮

સુર્પનખા નામે અરિનારી, વૈરી વિશોધન આવી રે;
મદનસુવેગા રૂપ વિરાજી, પ્રભુજી કે મન ભાવી રે. પુ૦ ૯

છલ પામીને પ્રભુ સોવંતો, ચાલી લઇ આકાશ રે;
માનસવેગ ભણી પ્રભુ સોંપ્યો, કરવા કાજ વિનાશ રે. પુ૦ ૧૦

અરિ કરથી ખસી આણું માંહિ, પડીયો લાગી થોડી રે;
રાજગ્રહી નગરી ચલી આયો, જીતી કંચન કોડી રે. પુ૦ ૧૧

કંચન વાટે દેતાં બોલે, કીર્તિ ચારણ ભાટો રે;
શ્રી વસુદેવ પધાર્યા પહિલી, જરાસંઘ ઉચાટો રે. પુ૦ ૧૨

નિમિતીયો પૂછયોથો રાજા, સુજને મારણહાર રે;
વેગ બતાવી કરૂં ઉપક્રમો, કેરો કોઇ વિચાર રે. પુ૦ ૧૩

જ્યોતિષ જાણુ કહે જીતશે, જુયા કીલી જેહ રે;
કુંચક કોડી તણા વરદાતા, ગુણમણિ કેરો ગેહ રે. પુ૦ ૧૪

તેનો જાયો કૃષ્ણકુંવર વર, તુમ હંતા જાણુ રે;
નિશ્ચય વાત વિશેષ વિચારી, સંશય એક ન આણુ રે. પુ૦ ૧૫

એમ સુણી જાસુસી કારણ, નૃપનો લોક ફરંતો રે;
કુંચન જાતી ત્યાગ કરંતા, મલિયો તંતે તંતો રે. પુ૦ ૧૬

ચામ તણી ભાથામેં ઘાલી, ડુંગથી નાખંતો રે;
અડતો આવી પડયો ભૂ ઉપર, પરમેષ્ઠિ ભાંખંતો રે. પુ૦ ૧૭

વેગવતી રાણી સાંભલીયો, જબ એ શ્રી નવકારો રે;
ભાથી ખોલી દેખત દીઠો, પ્યારો પ્રાણ આધારો રે. પુ૦ ૧૮

વેગવતી રુવે પ્રભુ આગે, પ્રભુજી સુસતો હોઇ રે;
નારી નિહાલી નેહ ધરીને, પુછી ભાંખે સોઈ રે. પુ૦ ૧૯

તુમ અપહરી શ્રેણી દોયમેં, શોધી શોધ્યો ભરતો રે;
મદનસુવેગા ઘરથી તુમને, સુર્પનખા અપહરતો રે, પુ૦ ૨૦

સુર્પનખાથી માનસવેગે, લીધો મારણ હેતો રે;
મારી ન શકયો રાજગ્રહમેં, આયો શુભ સંકેતો રે. પુ૦ ૨૧

ઢાલ બાવીશમી હું ધન પ્રભુજી, જે તુમ સેવા લાધી રે;
શ્રી ગુણસાગર સુરિ ભલો જે, જાણે અવસર સાધી રે. પુ૦ ૨૨

દોહા

વેગવતી સાચી સતી, આવી પીઉને નામ;
પ્રીતિ વિશેષ વિચારવે, અતિ સન્માની સામ. ૧

ગિરિકાંઠે ઉદ્યાનમેં, ખેલ ખેલંતાં જામ;
નાગપાશ બાંધી થકી, દીઠી કુમરી તામ. ૨

બંધન છોડયા હાથશું, સા ભાંખે સુવિચાર;
વિદ્યા સિદ્ધિ માહરી, એ પ્રભુ તુમ ઉપકાર. ૩

## ઢાલ ૨૩ મી

(મુગ્ધા સુસ્નેહિ, આસનના યોગી. તથા વેધક જગ વિરલા-એ દેશી)

ઉપગારી હો રાજા, થારા અધિક દવાની હો. ઉ. એ ટેક.

દક્ષિણ શ્રેણિ નગર નિરૂપમ, નામે ગગનપ્રિય વારૂ હો. ઉ૦
વિદ્યુતદંત નરેશ્વર નીકો, ગુણમણિનો ભંડારૂ હો. ઉ૦ ૧

તેનો નંદન બાલ સુધાકર, હું છું તાસ કુમારી હો; ઉ૦
વિદ્યાસાધત વૈરીએ મુજને, બાંધી બંધન ભારી હો. ઉ૦ ૨

બંધન છોડયાં કરૂણા આણી, હું થાઇશિ તમારી રાણી હો; ઉ૦
અમૃત છાંડી ખારો પાણી, કોણ પીએ સુખ જાણી હો. ઉ૦ ૩

વિદ્યા આપું વિવિધ પ્રકારે, અંતર ન આણું કોઇ હો; ઉ૦
વેગવતીને આપ પનોતી, ભાંખે પ્રીતમ સોઇ હો. ઉ૦ ૪

પ્રભુ આદેશે વેગવતીને, લેઇ નિજ ઘર આવી હો; ઉ૦
વિદ્યા સાધન કરતી વરતે, વેગવતી સુખ પાવી હો. ઉ૦ ૫

તાપસસ્થાનક પધાર્યો વનમેં, અચરજ અધિકો પાયો હો; ઉ૦
નોતમ તાપસ તે સહુ દીસે, એક તદાવૃત લાયો હો. ઉ૦ ૬

સો ભાંખે તું સાંભલ સ્વામી, વાત અચંભાકારી હો. ઉ૦
સાવથીં નગરીનો નાયક, ઇંદ્ર તણો અવતારી હો. ઉ૦ ૭

એણીપુત્ર પવિત્ર પનોતો, તાસ સુંદરી નારી હો; ઉ૦
કુમરી અમરીને અનુસરતી, પ્રિયંગુસુંદરી પ્યારી હો. ઉ૦ ૮

સ્વયંવરમંડપ તેહ તણેજી, ભૂપ ઘણા બોલાવ્યા હો; ઉ૦
કુમરીને મન કોઇ ન માન્યો, તામ ઘણું અકુલાયા હો. ઉ૦ ૯

ઝગડો મચ્યો કુમરી પિતાશું, દીયે પુત્રી પરણાવી હો; ઉ૦
કુમરી હઠીલી અધિક અડીલી, સમજે નહિં સમજાવી હો. ઉ૦ ૧૦

ભૂપ ભણે હમ જોરેં વરસ્યાં, કુમરી પિતા તવ કોપ્યો હો; ઉ૦
યુદ્ધ કરવા કારણ કાઢો, સદ્રપણાથી રોપ્યો હો. ઉ૦ ૧૧

કોઇ નરપતિ લટ્ઠી લડી મુઆ, કોઇ નાઠા જુજુઆ હો; ઉ૦
લાજ ધરી વનવાસ ગ્રહીને, તાપસ ઋષિ હુઆ હો. ઉ૦ ૧૨

તે કુમરીને દેખણુ કેરી, યદુપતિની મતિ જાગી હો; ઉ૦
નગરી વનમેં ચાલી આયો, અત્રયતો અનુરાગી હો. ઉ૦ ૧૩

દેવલ એક ભલો છે ઉત્તમ, દ્વાર જડિત અતિ વારૂ હો; ઉ૦
પેખી પુછીયો, પુરૂષ પ્રભાવિક, સો ભાંખે સુવિચારૂ હો. ઉ૦ ૧૪

સકલ શિરોમણી શેઠ પ્રસિદ્ધો, કામદેવ સકામ હો; ઉ૦
તા ઘર સુંદરી સુંદરનારી, રૂપગુણ અભિરામ હો. ઉ૦ ૧૫

તાસ પુત્રી અછે ગુણવંતી, બંધુમતી સુકુમારી હો; ઉ૦
જોબન તન જન મોહનગારી, બાલી ઝાકઝમાલી હો. ઉ૦ ૧૬

શેઠ પુછયો નિમિતિકવારૂ, સુતા વર સુખદાઇ હો; ઉ૦
દ્વાર ખોલશે દેવલ કેરો, સોઇ વર સુખદાઈ હો. ઉ૦ ૧૭

એમ નિસુણી મન ખ્યાલજ લાગ્યો, દેવલમાંહિ જાય હો; ઉ૦
વીશ બાર એ અર્ગદા કેરો, દ્વાર ખોલ્યો રાય હો. ઉ૦ ૧૮

દેખી પ્રભુને દેવલમાંહિં, શેઠ આશ્ચર્ય પાઇ હો; ઉ૦
પરણાવી પુત્રી નિજ ખાંતે, ઢીલ ન કીધી કાંઈ હો. ઉ૦ ૧૯

ઢાલ એ ત્રેવીશમી વર ચારૂ, ભોગવે ભોગ ઉદારૂ હો; ઉ૦
શ્રીગુણસાગર સુરિ પયંપે, યાદવ જશ વિસ્તારૂ હો. ઉ૦ ૨૦

---

### દોહા

અંતેઉર પરિવારશું, રાજા વનમેં જાય;
દીઠો પ્રભુ બાજારમેં, નયણ રહ્યા લોભાય. ૧

લોભાયા લોયણ ઘણું, દેખી કુમરની શોભ;
કુમરીને સંભોગનો, લાગ્યો અધિકો લોભ. ૨

શોધ કરંતાં સાંભલ્યો, બંધુમતી ભરથાર;
બોલાવી પુછે તદા, સખીયણ સુવિચાર. ૩

## ઢાલ ૨૪ મી

(ધન ધન જંબુસ્વામીને-એ દેશી)

બ્હેન ભણે બાઇ સુણો, એ વસુદેવ કુમાર;
ભોગપુરંદર સુંદરૂ, કામ તણો અવતાર. ૧

ભાગ્ય પ્રબલ વસુદેવનો,
એ તો ગુણમણી રયણ ભંડાર;
ભાગ્યવતી જે ભામની, એ તો પામે ભલ ભરતાર. ભા૦ ૨

એકાંતે તવ દૂતિકા, આવી પ્રભુજીની પાસ;
કુમરી કામ સમારવા, આપ કરે અરદાસ. ભા૦ ૩

દેવ પધારો મંદિરે, પુરો કુમરીની આશ;
હસી રમી રસરંગમેં, કીજીયે ભોગ વિલાસ. ભા૦ ૪

જો નવ માનો વાત એ, તો થાશે વિપરીત;
પ્રાણ તજશે કુમરી, અતિ દુઃખદાઇ છે પ્રીત. ભા૦ ૫

ઉત્તર દીધો અવસરે, જ્ઞાની દીઠો હોઇ;
સંતોષી ઘર મોકલી, હરખી કુમરી સોઈ. ભા૦ ૬

વડમાતા કુમરી તણી, વિંતરણી અભિરામ;
ચલણપ્રભ સહચારણી, નાગશ્રી તસ નામ. ભા૦ ૭

સોવંતો ભરનિંદમેં, દેવી કીયો અપહાર;
આવી બેઠી બાગમેં, વાણી વદે સુવિચાર. ભા૦ ૮

આરતિ કોઇ મત આણજે, હું થારી હિતકાર;
ચરી સુણાવું આપણી, આલસ નિંદ નિવાર. ભા૦ ૯

અમોઘ દર્શન નામથી, ચંદનપુરનો રાય;
ચારુમતી પતિ જાણ એ, લોક સૌને સુખદાય. ભા૦ ૧૦

ચારુ ચંદ્ર નામેં ભલો, નંદ મહા સુખકંદ;
રાજ કરે રલિયામણો, છે સુકંદ નિકંદ. ભા૦ ૧૧

અનંગ સેનાની સુતા, સા રૂપ નિધાન;
કામપતાકા પ્રગટી, હવી ભામની ભીને વાન. ભા૦ ૧૨

કામપતાકા કામની, લલિત મનોહર ગાત;
રાજા કીધી રાગની, સુખમાંહિં દિન જાત ભા૦ ૧૩

દિન કેતાને અંતરે, રાજા તાપસ થાય;
ગર્ભ કહે વૈરાગની, સાથ રહી સુખપાય ભા૦ ૧૪

તાપસી દિન પુરતે, પ્રસવી પુત્રી સાર;
ઋષિદત્તા અભિધાનથી, વાધે રૂપ અપાર ભા૦ ૧૫

એ ચોવીશમી ઢાલમેં, શ્રાવકના વ્રત પંચ;
શ્રીગુણસાગર આદરે, ભંગ ન આણે રંચ ભા૦ ૧૬

દોહા

સાવર્થી નગરીનો ધણી, શીલાયુદ્ધ નરેન્દ્ર;
ઘોડે ખાંચ્યો આવીયો, તાપસ વન આનંદ. ૧

પગે લાગતાં તાપસે, આદર દીયો અપાર;
તાપસ પુત્રી સાચવે, વિનય તણો આચાર. ૨

ભોજન ભક્તિ વિશેષથી, કરતી વરતે જામ;
આપુણમાંહિં ઉપજયો, કામ રાગ અભિરામ. ૩

ઢાળ ૨૫ મી

( હું તુજ સાથે નહિં બોલું ઋષભજી એ-દેશી )

કામ રાગ અછે જગ મોટો, જેહથી ખાઇ ખોટોજી;
એકલડે તીહું જગ હરાયો, કુણ વડો કુણ છોટોજી. કા૦ ૧

રાજાની આતુરતા જાણી, ઋષિપુત્રી વ્રત રાખેજી;
વ્યાહ તણો વિધિ સાચવી, પ્રેમ તણો રસ ચાખેજી. કા૦ ૨

રાજા બોલે કાં ડમડોલે, નામ પ્રકાશે મારોજી;
સાવથીં નગરીનો નાયક, છે મુજ પ્રીતમ પ્યારોજી. કા૦ ૩

વિવિધપ્રકારે સુખ વિલસંતા, વારુ વચન વદેવોજી;
જો ઓધાન રહેશે માહરે, તો શો ઉત્તર દેવોજી. કા૦ ૪

રાજા નીકલી ગયા પાછે, લોક ઘણું અકલાયોજી;
શુદ્ધ ન લાધે તાસ પુત્રી, પુછયા ઉત્તર પાયોજી. કા૦ ૫

તાપસ વન રાજા છે નિસુણી, સામા લોક સિધાવેજી;
રાજા સન્મુખ દેખી આવત, પરમ મહા સુખ પાવેજી. કા૦ ૬

તાપસ પુત્રી માત પિતાને, વાત જણાવી એહોજી;
છાની રાખત જાયો બેટો, રૂપ કલા ગુણ ગેહોજી. કા૦ ૭

રોગ સુયાને માતા મુઇ, સુરગતિનો અવતારોજી;
સા હું નાગશ્રી વ્યંતરી, નહિં સંદેહ લગારોજી. કા૦ ૮

શ્રી જિનધર્મ અછે જગ સાચો, જો આરાધે કોઇજી;
મોક્ષ તણાં ફલ આપણહારો, સુરગતિ સ્હેજે હોઇજી. કા૦ ૯

જ્ઞાનબલે મેં દેખ્યો પાછો, જાગ્યો નેહ ઘણેરોજી;
માતપિતાને સુત સંઘાતે, મોહી રહ્યો મન મેરોજી. કા૦ ૧૦

ચાલી આવ્યા માતપિતા તો, દુઃખીયા દીઠા દોઇજી;
મા પાખે બાલક જેમ જીવે, કરે વિમાસણ સોઇજી. કા૦ ૧૧

બાલપણે માતા મરી જાઇ, તરુણપણે તો નારીજી;
વૃદ્ધપણે સુત મરતાં ભાંખ્યા, એ તીને દુઃખ ભારીજી. કા૦ ૧૨

આપ જણાવી માતપિતાની, આરતિ અલગી ટાલીજી;
એણી પેરે આપ ધવરાવી, બાલક લીધો પાલીજી. કા૦ ૧૩

એણી પુત્ર કહી બોલાવ્યો, તાપસ સઘલે તામોજી;
એહજ નામ પ્રસિદ્ધો ચાલ્યો, લોકવચન અભિરામોજી. કા૦ ૧૪

મરણસમે નિજ માતપિતાને, જિન મતશું સ્થિરસ્થાપીજી;
અણસણને આરાધન બલે, સુરવર પદવી આપીજી. કા૦ ૧૫

તાપસણી હોઇને હુતો, બાલક લેઈ લારોજી;
શિલાયુદ્ધ તણે ઘર આવી, સોંપણ બાલકુમારોજી. કા૦ ૧૬

રાજા સાથે વદે મૃદુ વાણી, એ લ્યે થારો નંદોજી;
અપુત્રીયાને નંદન કયાંથી, ભાંખે તામ નરંદોજી. કા૦ ૧૭
મૂલથી વાત સુણાવત જાણ્યો, સાચો શીયલ વિચારોજી;
બાલક લીધો કારજ સીધો, માન્યો અતિ ઉપકારોજી. કા૦ ૧૮

એણીપુત્ર કીયો વડરાજા, રાય હુવો વ્રતધારોજી;
નેમિ તિર્થંકર તીર્થ એતો, વાત તણો વિસ્તારોજી. કા૦ ૧૯

એણી પુત્ર તણે વર પુત્રી, પ્રિયંગુ સુંદરી બાલાજી;
રૂપ કલા ગુણ સુંદર સાચી, સ્વામી સુખ માલાજી. કા૦ ૨૦

તુમશું રાગ ધરે અધિકેરો, સારો એહનો કાજજી;
જાણી અદતા મત ખીંચાવો, મેં દીધી એ આજજી. કા૦ ૨૧

એ ઘરમેં હું હરતા કરતા, મ્હારૂં કીધું ચાલેજી;
રાજાજી તો એક મનો અતિ, આણ હમારી પાલેજી. કા૦ ૨૨

કામદેવના દેવલમાંહિં, પ્રીત પનોતિ પોખીજી;
કરી વિવાહ વિનોદ કરીને, સુંદરીને સંતોષીજી. કા૦ ૨૩

દેવલમાંહિં દેવી ભાષિત, કીધો લીધો લાહોજી;
રાય લિખી વ્યંતરણી વિલસીત, પ્રગટ કીયો વિવાહોજી. કા૦ ૨૪
એ પચવીશમી ઢાલે ભાંખી, જિહાં તિહાં અધિકાઇજી;
શ્રી ગુણસાગરસૂરિ કહીજી, પુન્ય સદા સુખદાઇજી. કા૦ ૨૫

---

## દોહા

એક વાર એકલપણે, જાગી જોવે જામ;
કાચિત્ કુમરી આગલે, ઉભી દીઠી તામ. ૧

કવણ અછો તુમ કામની, કહો આપણો નામ;
કામ કિતે આવી અછો, સોઈ પ્રકાશો કામ.

---

### ઢાલ ૨૬ મી

(શ્રી સીમંધર સાહેબ મેરા—એ દેશી)

સ્વામી સુણે ને સુંદરી ભાંખે, સંપ કોઇ ન રાખે રે;
કાજ કરવા કારણ આવી, સોઈ કારજ દાખે રે. સ્વા૦ ૧

ગિરિ વૈતાઢે નગરી નિરોપમ, ગંધ સમૃદ્ધિ સોહાવે રે;
ગુણનો સાગર અધિક ઉજાગર, રાય ગંધાર કહાવે રે. સ્વા૦ ૨

પ્રથવી રાણી રંભા જાણી, કુમરી તેહની જાઇ રે.
નામ પ્રસિદ્ધિ પ્રભાવતી હું, સુજનપણે સુખદાઈ રે. સ્વા૦ ૩

માનસવેગ તણે ઘર ગઇતી, સ્વર્ણ સુપ્રભપુર માંહિ રે;
માત અંગારવતી સતીયાં મેં, સતી શિરોમણી પ્રાહિ રે. સ્વા૦ ૪

વેગવતી નિજ પુત્રી કેરી, આશ અધિકી આણે રે;
મેં પુછી સા કયાં ગઇ છે, ખબર કોઇ ન જાણે રે. સ્વા૦ ૫

સખિયાપણે સોમશ્રી બોલી, માહરે કામ સિખાવી રે;
શ્રી વસુદેવ નરેશ્વર પાસે પણ, પાપણી ફરી ન આવી રે. સ્વા૦ ૬

માનસવેગ મહા મયમંતો, મુજશું ચડીયો આવે રે;
માય દબાવે શીલ સુધર્મણી, પહોંચોવા નવિ પાવે રે. સ્વા૦ ૭

તું ઉપગારી શિરોમણી સાચી, માહરો કારજ સારે રે;
સંદેશો સાઇ સંઘાતે, કહેતાં જીવ ઉવારે રે. સ્વા૦ ૮

આશબલે મેં એ દિન લીધા, આગે આશા છુટે રે;
ઝુરી ઝુરી પંજર હુઇ, અબ મુજ હેડો ફુટે રે. સ્વા૦ ૯

વેગે વ્હાર કીજીયે માહરી, નહિંતર છોડું પ્રાણો રે;
શીલભંગથી નરકે જાણો, પ્રાણ ઘણાં ઘટ આણો રે. સ્વા૦ ૧૦

જીવન મરણ તણું શું માહરૂં, અબલા તો ધુર નામો રે;
પુરૂષપણો તેહનો શ્યો ઉપાજર્યો, જેહથી ન સરે કામો રે. સ્વા૦ ૧૧

દિન વચનમેં એહી વિનવીઓ, જેમ જાણો તેમ કીજે રે;
એટલો જાણી જોર અરિનો, કયું એ સુજશ ન લીજે રે. સ્વા૦ ૧૨

આલો તો પ્રભુને પહોંચાવું, સોમશ્રીને પાસે રે;
આલી કહંતા ચતુરપણાથી, ચાલી લઇ ઉલ્હાસે રે. સ્વા૦ ૧૩

સ્વામી નિરખી સુંદરી હરખી, આરતિ કીધી કોણે રે;
નારી રૂપધરી પ્યારો પીઉડો, પદ્મનીશું સુખ માણે રે. સ્વા૦ ૧૪

કામ સમારી સૈયર કેરો, પ્રભાવતી ઘર ચાલી રે;
લોકાચાર વ્યવહાર વિશેષે, ચિત્તડો પિઉને આલી રે. સ્વા૦ ૧૫

દિન કેતાને આંતરે માનસ, વેગે લખી એ વાતો રે;
કોપ તણે વશ કલકલીઓ અતિ, કાલો પીલો થાતો રે. સ્વા૦ ૧૬
માંડી સમર તણી રે સજાઇ, શોચ ન કીધો કોઇ રે;
સિંહતણી પરે શુરપણાથી, આણી અડીયો દોઇ રે. સ્વા૦ ૧૭

જાણી અન્યાઇ છોડે ભાઇ, ભાઇ ધર્મ સહાઇ રે;
ખેચર પ્રભુનો પક્ષ કરંતા, મચી અધિક લડાઇ રે. સ્વા૦ ૧૮

તવ તો વેગવતીની માઇ, જાણી જમાઈ પ્યારો રે;
દિવ્ય તીરના તરકસ દોઇ, દીધો ધનુષ ઉદારો રે. સ્વા૦ ૧૯

પ્રજ્ઞાપતિ વર વિદ્યા વારુ, પ્રભાવતીથી પાઇ રે;
વિદ્યાબલને ભુજબલે વલી, બાંધ્યો ત્રીયાનો ભાઇ રે. સ્વા૦ ૨૦

સાસુ સામી આવી માગે, પુત્ર ભિક્ષા મુજ દીજેં રે;
બંધન છોડી સાલા સાથે, પરિઘલ પ્રીતિ કીજેં રે. સ્વા૦ ૨૧

સોમશ્રીને પ્રભુ પહિરાવી, સાથે હુવો ખગ સોય રે;
બેસી વિમાને મહાપુરી આયા, સાસરીયા સુખ હોય રે. સ્વા૦ ૨૨

વીશ અને ખટમી એ ઢાલે, દિન જાતા ન જણાઇ રે;
શ્રી ગુણસાગર સુરી સલુણો, સાજનીયો સુખદાઇ રે. સ્વા૦ ૨૩

દોહા

સુર્પંક નામે ખેચરુ, ખેચરપણે તિવાર;
રૂપ ધરી ઘોડા તણો, કીધો નૃપ અપહાર. ૧

ઉંચો જાતાં અંબરે, દીધો મુષ્ટિ પ્રહાર;
ગંગાજલ માંહિં પડયો, શ્રી વસુદેવ કુમાર. ૨

ગંગાજલથી નિકલ્યો, તાપસવન આવંત;
આદર દેખી અતિ ઘણો, ગાઢો સુખ પાવંત. ૩

ઢાલ ૨૭ મી

(વનમાલાની—દેશી)

એક દીઠી રમણીરાઈ રે, સાસુ ધન જાણે કાંઇ રે;
વિકલ રૂપણી દીસે રે, સા દાંત ઘણેરૂ પીસે રે. ૧

વસ્ત્ર વિહુણી બાલી રે, નર હાડ ધર્યા વિકરાલી રે;
એ ઘેલી નામ ધરંતી રે, નૃપ દેખીને રંગ કરંતી રે. ૨

તવ પુછીયો તાપસ રાજા રે, તે ઉત્તર આપે તાજા રે;
એ જરાસંઘની જાઇ રે, એ કેતુમતી કહાઇ રે. ૩

જીતશત્રુ નરેશરાણી રે, એ રૂપે રંભા સમાણી રે;
એ સર્વ સુલક્ષણા ધારી રે, એ માતપિતાની પ્યારી રે. ૪

એ કર્મ ન છૂટે કોઇ રે, સુંદર દાનવ માનવ હોઈ રે;
એહ અવસ્થા પામી રે, તવ પુનરપિ પુછે સ્વામી રે. ૫

એ વાય તણો છે જોરો રે, કિણુ હી કીધો ડાંડો દોરો રે;
જે જીમ હશે તિમ ભાસો રે, હું જોશું એહ તમાસો રે. ૬

કોઇ મંત્રવાદિયો આયો રે, તે આપુણપેરે ખીજાયો રે;
એ તેહના કીધાં કામો રે, એ છે રાજસુતા અભિરામો રે. ૭

એ પરવશ હું જામો રે, ધુર કૂડીયો તેહનો ઠામો રે;
એ મારી વિદારી દેહો રે, તસ હાડા સાથે સનેહો રે. ૮

તવ કરૂણાની મતિ આણી રે,
સા કીધી તામ સયાણી રે;
શ્રી નવકાર પસાઇ રે, ન વંછિત કામ સરાઈ રે. ૯

જમ રૂપીયા જણુ ધ્યાયા રે, રાજાના રોશ ભરાયા રે;
ઉપકાર કોઇ ન જાણયો રે, પ્રભુ રાજગૃહીમેં આણયો રે. ૧૦

પુછતાં ઉત્તર ભાંખે રે, તે કાણી ન કોઇ રાખે રે;
એ કેતુમતીને બાપે રે, વર એક નિમિતિએ આપે રે. ૧૧

એ પુછયોથો પહેલું વારૂ રે, જગજીવન આ સહુ મારૂં રે;
સુજ હંતા આપ બતાવી રે, તું ભાંખ ભલી પરે ભાવી રે. ૧૨

તવ જાણે નર સહિનાણી રે, કહી દાસીએ અહિનાણી રે;
તુમ્હ પુત્રી સારી કરશે રે, તસ નંદનથી તુમ રસ્યે રે. ૧૩

તે દિનથી નૃપ આદેશ રે, હુશીયારીમેં સુવિશેષ રે;
વરતતા તું અબ લાધો રે, સુર ઇષ્ટ ભણી આરાધો રે. ૧૪

અબ વધ ભૂમિકા લેઇ રે, તુજ ધાવ કરેસ્યાં કેઇ રે;
એ સુંદર કાયા કાપી રે, દિશ દેવાને બબ આપી રે. ૧૫

સ્વામીનો કામ સમારી રે, હમ વ્હાલાં હોસ્યાં ભારી રે;
એહ સુણંતાં વાતો રે, પ્રભુનો મન અકલાતો રે. ૧૬

ચિંતાએ ચાંપ્યો જામો રે, એક ખેચર આયો તામો રે;
પ્રભુ લેઈ ચાલ્યો છોડાઇ રે, તે સુભટ રહ્યા મોહવાઇ રે. ૧૭

આકાશે જાતા જોઇ રે, ખગ સાથે પુછે સોઇ રે;
તું કોણ અછે સુખકારી રે, કહે વાત વિશેષ વિચારી રે. ૧૮

હું પ્રભાવતીનો બાબો રે, મ્હારો છે અધિક આસાબો રે;
મુજ ભાગીરથી અભિધાનો રે, હું રાયાનો રાજાનો રે. ૧૯

અબ પોતીને પરણાવા રે, વૈતાઢય ગિરિ રે વસાવા રે;
તુજ લઈ જાઉં છું વીશ રે, થા સાહસવંત સધીસ રે. ૨૦

એ દ્રહિરાગનો સાજો રે, છે પ્રભાવતી શું ઝાઝો રે;
એ સતાવીશમી ઢાલો રે, ગુણસુરિ કહે સુવિશાલો રે. ૨૧

---

દોહા

ભૂમંડલને પરહરી, ગાઉ વીશ હજાર;
ઉંચો જાતાં અંબરે, દક્ષિણ શ્રેણિ ઉદાર. ૧

ગંધ સમૃદ્ધ પુરવરાં, આઇ ગયા તત્કાલ;
ખબર જણાવી સાદરી, સહુ ભણી સુવિશાલ. ૨

---

ઢાલ ૨૮ મી

તુ સાંભલ હો જિનપતિ તથા વાસલડી વેરણ થઈ લાગી તું વ્રજની
નારને-એ દેશી )

જગ જાચો હો યદુપતિ, તસ સાથે દીપતી રતિ;
સુર આનત્તને મોહ્યા યતિ, અતિ કિર્તી ગાવે છતી. જ૦ ૧

સાજન સન્મુખ આવીયાં, તે પ્રભુજીને મન ભાવીઆં;
પુરમાંહિ સીધાવિયાં, તે પરમ મહાસુખ પાવીયાં. જ૦ ૨

મુહુર્તનો મંડાણોજી, તબ કીજે કોડ કલ્યાણોજી;
તબ તેડ્યા જોશી જાણોજી,
દિન સાધ્યો સાર પ્રધાનોજી. જ૦ ૩

પ્રભાવતીને પ્રભુ તણો, તબ કીધો વ્યાહ સોહામણો;
ઘર રૂડાં ને રળિયામણો, તબ ઘર ઘર બાર વધામણો. જ૦ ૪

સુખ સાગરમાંહિં ઝીલઇ, તબ તન મનશું અતિ ફુલઇ;
તબ નેમ સુરતિ પુલિએ, પાછો સઘલો હિ ભુલીએ. જ૦ ૫

સુર્પક આપ વિગોવતાં, તબ આણી પહોતો જોવતાં;
અતિ નિદ્રાવશ હોવતાં, પ્રભુ લઈ ચલ્યો સુખે સોવતાં. જ૦ ૬

અંબર જાતાં જાગીયો, તબ કાહો દોઇ લાગીયો;
ગરદનમેં ગડદો વાગીયો, તવ વૈરીનો બલ ભાગીયો. જ૦ ૭

ઉંડા પાણીમેં પડયો, જલ પથરીને કાં અડયો;
પ્રભુ વસતિ ભણી અતિ દડવડયો,
તવ કુંદનપુરી આવી ચડયો. જ૦ ૮

રાજા રાજ કરે ભલો, તે પદ્મપ્રભ છે નિર્મલો;
તે ગુણ આચારે નિર્મલો, તેગને ત્યાગે આગલો. જ૦ ૯

પદ્મશ્રી નારી સતી, તસ પુત્રી છે ગુણવતી;
સા ચાલ્યે ચાલે મલપતી, સા કોમલ વાણી જલ્પતી. જ૦ ૧૦

સા રાગ કલાએ અતિ તાણે,
અભિમાન પણો મનમાં આણે;
સાંભલી બુરાઇ ન પિછાણે,
જગ સઘલો હિ તૃણ કરી જાણે. જ૦ ૧૧

ઇમ સુણી આયો ચાલી, જીતીને પરણી સા બાલી;
સા નારી મેલી જે ટાલી, લહીયે જો જિન આજ્ઞા પાલી. જ૦ ૧૨

રસરંગે રમતો સંચરે, તબ નીલકંઠજી અપહરે;
તવ શીખ દેતાં કરગરે, પ્રભુ પડીયો ચંપા સરવરે. જ૦ ૧૩

મંત્રીની પુત્રી પરણી, સા કંચનવરણી સુખકરણી;
સા રૂપે રંભા મનહરણી, સા ઇંદ્રાણી ઉપમ ધરણી. જ૦ ૧૪

સુર્પક રીસ ધરે ઘણી, જાણે સુખ પાવું એ હણી;
પણ જેહનો રખવાલો ધણી,
તિહાં કિસી ચલે વૈરી તણી. જ૦ ૧૫

તવ અરિ આ ખુણુ જાણ્યો કીયો,
પ્રભુ જલક્રિડા કરતો લીયો;
તવ મુષ્ટિશું હણતાં હિયો, તે અંબરથી નાખી લીયો. જ૦ ૧૬

તવ પડીયો ગંગાજલમાંહિ,
તવ અટવીમેં ફીરતો પ્રાંહિ;
પ્રભુ વનરાજા ઉઠાઇ, નગરીએ આણ્યો ધરી બાંહી જ૦ ૧૭

કુમરી જરા પરણાવતાં, તવ ગીત ઘણેરા ગાવતાં;
તવ મંગલ ચાર કરાવતાં, તવ સુંદરીશું સુખ પાવતાં. જ૦ ૧૮

તવ નંદન નીકો જાઇઓ, રાજાને આણી સુણાઇયો;
તવ દાને દરિદગ માઇયો. તે જરતકુમર મન ભાઇયો. જ૦ ૧૯

તવ અયવંતી સુંદરી કરી. તવ સુર મેન્યાસું વરી;
સ્રામાદેવી તવ આવે ખરી, વિનંતિ કરે કરધરી. જ૦ ૨૦

બેસી વિમાન પ્રભુ આવે, અશનિવેગને સોહાવે;
સેન સકલ લેઇ ભાવે, ચાલી અરિનો પુર પાવે. જ૦ ૨૧

અંગારક ચઢી આયો, સુર્પક નીલકંઠ બોલાયો;
રણુથંભ તીહારો પાયો, બહુવિધ યુદ્ધ બનાયો. જ૦ ૨૨

વિદ્યાધર બહુ ઠાઠા, યુદ્ધ કરતા અતિ ત્રાઠા;
જાએ અપુઠા નાઠા, પ્રભુજી શું અતિ ગાઢા. જ૦ ૨૩

અશનીવેગને રાજ આપ્યો, સહુવદીતો સ્થિર સ્થાપ્યો;
શ્રેણિમાંહિ મુખ્ય કરી છાપ્યો,
સઘલો તેહનો દુઃખ કાપ્યો. જ૦ ૨૪

નીલયશા આવી ધરી, હાથજોડી વિનતી કરી;
એ દોઇ વિના વર સહચરી, એ સહસ બહુંતેરે ગુણભરી. જ૦ ૨૫

એ ઢાલ વીશને આઠમી, શીવપુરી જાશે આતમ દમી;
એ નારી સહુ સરખી સમી, શ્રી ગુણસાગર મનસા રમી. જ૦ ૨૬

### દોહા

શુદ્ધિ સઘલી લઈ ફરી, શ્રી વસુદેવ કુમાર;
મંધ્યખંડમેં આવતાં, સુણીઓ એહ વિચાર. ૧

શ્રી અરિષ્ટપુર વર ભલો, શ્રી હરિબ્રહ્મ નરેશ;
પટરાણી પદ્માવતી, પદ્માવાસ વિશેષ. ૨

કુમરી નામેં રોહિણી, અમરીનો સુવિલાસ;
નખશિખતાંઇ શોભતી, સ્વયંવર મંડપ તાસ. ૩

જરાસંઘ સુત બાંધવા, પાંડવ કૌરવ રાય;
યાદવ ખેચર નૃપ અવર, મિલ્યા એકઠા આય. ૪

બેઠા વડ વડ આસણા, વડા વડા ભૂપાલ;
વડી વડી શોભા કરી, દીસે ઝાકઝમાલ. ૫

---

### ઢાલ ૨૯ મી

(ધન પ્રભુ રામજી; ધન પરિણામજી–એ દેશી)

કુંવર આયો શ્રી વસુદેવ બે;
રૂપ વિરુપ કરી કોલી કો, ભાઇ ન લહે ભેવ બે. કુંવર૦ ૧

રોહિણી રંભા સરસ બિરાજે, સાજી સખરો વેશ બે;
મંડપ આવી જગત સોહાવી, ભીડ કરી સુવિશેષ બે. કું૦ ૨

પ્રતિહારિણી આગે હોઇ, પ્રગટ કરે નૃપ નામ બે;
જરાસંઘ ત્રિખંડ નરેશ્વર, એ પ્રભુજી અભિરામ બે. કું૦ ૩

અપરાજીત બંધવ કુંવરજી, કાલયવન કુલમાંહિ બે;
દાતા ભોક્તા દિલ દરિયાકો, નામ ધરાવત પ્રાંહિ બે. કું૦ ૪

પાંડવ પંચ પ્રતાપબલે અતિ, કૌરવ સત એ દેખે બે;
કર્ણ કહાવે કલ્પતરુ જે, જે એ પ્રત્યક્ષ દેખ બે. કું૦ ૫

સમુદ્રવિજય આદે નવ ભાઇ, અધિકાંઇમે આણ્યુ બે;
ઉગ્રસેન અલોણ કરંતા, યાદવ રાણ્યા જાણ્યુ બે. કું૦ ૫

ભૂચર ખેચર સર્વ પ્રકારે, આગે એહ નિહાલ બે;
કુમરી મોહ મચકોડી ચાલી, હા આધેર ચાલ બે. કું૦ ૬

વડ વડ રાણા વડ વડ રાજા, પર હરીયા સબ દુર બે;
ચતુરપણાથી ચાલી આવી, શ્રી વસુદેવ હજુર બે. કું૦ ૭

આપ બજાવે વાજા વારુ, સુખડાઇનો સંચ બે;
કુમરી દેખે રૂપ સુરંગો, નજર ન ખંચે રંચ બે. કું૦ ૮

ધો ધો ધપમપ સુઝવર સુઝ વર, માદલ શબ્દ કરંત બે;
ધસી વરમાલા રલિયાયત રોહિણી, કુંવર કંઠ ધરંત બે. કું૦ ૧૦

આપ મને કુમરી તો કીધો, એ તો સર્વ સયાણુ બે;
મર્મ અણલહેવે રાજા સઘલા, હુઆ અધિક અયાણુ બે. કું૦ ૧૧

ઉદ્ધત કુંવર કાલયવનજી, કોપવશે ઉચ્ચરંત બે;
એવર વરાની મોઠી પડીથી, એ વર ન્યાય વરંત બે. કું૦ ૧૨

કુમરી ભૂલી હમં નહિં ભૂલ્યા, લ્યો વરમાલ છિનાય બે;
અગં ગલે કંચનની માલા, એ તો ભલી ન દેખાય બે. કું૦ ૧૩

ચાકર આવી માલા માગે, નૃપ સુત વચન સુણાય બે;
કુમર કહે કેમ રાજ કરે છે, કરતાં એહવો ન્યાય બે. કું૦ ૧૪

કર્મહિન તો કલેશ કયાંથી, કાંઇ કરન ચઢાય બે;
પાણિગ્રહણ ને રજક એ મોટો, અણસરજ્યાં ન લહાય બે. કું૦ ૧૫

નિર્ભછિર્યાં તે જરાસંઘશું, બોલ્યો ચટક લગાય બે;
એ માતંગ અછે મયમંતો, હમ સરખાશું થાય બે. કું૦ ૧૬

જરાસંઘ કોપે કલકલીયો, વડા વડા સુભટ સજાય બે;
હાથી ઘોડા રથથી ઉઠી, રેણું રહી નભ છાય બે. કું૦ ૧૭

શ્રી હરિશ્ચંદ્ર નરેશર ભાંખે, અવસર જાણુ કહાય બે;
ઉતરી રથ કુમરી બેસાડી, અબ તો તું ટલી જાય બે. કું૦ ૧૮

કુમર કહે સસરાજી એહવો, બોલ ન ફેરી બોલ બે;
એ તો સંગ લાચાર હમારી, થા દ્રઢતા મમ ડોલ બે. કું૦ ૧૯

વિદ્યા બલને મન બલે બલીયો, બલીયા છે ભુજ દંડ બે;
તરણા જિમ સુભટ ઉડાઇ નાખ્યા, પ્રભુજી પવન પ્રચંડ બે. કું૦ ૨૦

બીજી ફોજ બની અતિ આવી, કુંવર કુલીયો ઘેર બે;
કાંઇ અધર્મ કરો શુર કહેતાં, લાજી ચલ્યા દલ ફેર બે. કું૦ ૨૧

સંઘકેતુ ભુપાલ પધાર્યો, દલ બલ સબલો સાજ બે;
યદુપતિ સિંહ ઉઠાવણી આગે, મૃગ જેમ ચાલ્યા ભાજ બે. કું૦ ૨૨

મહાબલ રાજા અતિ બલવંતો, સન્મુખ આયો ચાલ બે;
ઉગંતાં રવી આગે તમ જીમ, સો પણ ગયો મુહ ટાલ બે. કું૦ ૨૩

ઉદધિવિજય નૃપબીડો પાયો, એ તુમ સરીખો કાજ બે;
યાદવ જોર વિશેષ જણાવત, આવત કરત અવાજ બે. કું૦ ૨૪

આનંદ દુંદુભી સામો આયો, હાકોહાક હોવંત બે;
અચરજ પામી અંબર સ્વામી, કૌતુત અતિ જોવંત બે. કું૦ ૨૫

આગે પાવન ઠાવે કોઈ, હોઈ રહ્યો એ સોચ બે;
કયું ન ધસે અરિ ઉપર રાજા, લોગાએ આલોચ બે. કું૦ ૨૬

શિરલોચનને ભુજ પણ દક્ષિણ, રાજાના ફુરકંત બે;
કરત વિચારણ એ સ્થિર સ્થાપી, કોઇક ઇષ્ટ મિલંત બે. કું૦ ૨૭

કુમર કહે લડવો નહિં જુગતો, નૃપ મુજ બાપ સમાન બે;
સાક્ષર બાણ ચલાવ્યો આવ્યો, નૃપ આગે અહિનાણ બે. કું૦ ૨૮

અક્ષર વાંચ્યા લઘુ ભાઇના, ઝીલો પ્રભુ પ્રણામ બે;
બહુતેર સહસ એ ગુણ રાણી, જાણી આજ સકામ બે. કું૦ ૨૯

સાજન મેલે વસીયે સોતો, વાસ ભલો કહેવાય બે;
સાજન મેલા પાખે વસવો, જંગલ માંહિ ગણાય બે. કું૦ ૩૦

ધાઇ ધાઇ સન્મુખ આયો, કુમર લાગ્યો પાય બે;
ઉઠાઇ અલજે અધિકેરે, લીધો કંઠે લગાય બે. કું૦ ૩૧

ચામ રૂધિરને માંસ હાડથી, ભીંજી ભીતર જાઇ બે;
પંચ હિ પુટ ભેદાણી ભારી, ગાઢી શીતલતાઇ બે. કું૦ ૩૨

જરાસંધ નરેશ્વર આદે, હરખ્યા રાય અપાર બે;
ધન રોહિણી કુમરી કરમૈતિ, પાયો ભલ ભરથાર બે. કું૦ ૩૩

સો વરસાં ને અંતર આયો, ઋધિ ઘણેરી પાય બે;
વિદ્યા વિવિધ પ્રકારે લાયો, લબ્ધિ વલી વડ રાય બે. કું૦ ૩૪

સઘલી રમણી શું પ્રભુ પ્રગટયો, સોરિપુર આવંત બે;
ઘર ઘર મંગલ ચાર વધાઇ, સાજન સુખ પાવંત બે. કું૦ ૩૫

સાહ સહુ મલી ચરણે લાગ્યા, પ્રભુ દીધો સન્માન બે;
રામચંદ્ર જીમ ગુણનો ગ્રાહક, નાણે મનમેં આન બે. કું૦ ૩૬

ગજ સાયર ને ચંદ સિંઘવર, દેખી સુપના ચાર બે;
શુભ વેલાએ રોહિણી જાયો, શ્રી બલભદ્ર કુમાર બે. કું૦ ૩૭

એગુણત્રીશમી ઢાલ રસાલ, ઉપજયો પુરુષ પ્રધાન બે;
ગુણસાગરે હરિવંશ તણે છે, દિન દિન ચડતો વાન બે. કું૦ ૩૮

ચોપાઈ

ખંડ ખંડ રસ છે નવ નવા, સુણતાં મીઠા સાકરલવા;
શ્રી હરિવંશ ચરિત્ર જય જયો, તે પ્રથમ ખંડ એ પુરો થયો. ૧

॥ इति ढालसागर प्रबंधे हरिवंश नामा प्रथमोऽधिकार समाप्त ॥

## ॥ अथ द्वितिय खंड प्रारंभ ॥

### દોહા

સીમંધર સ્વામી તણા, ચરણ નમું ચિત્ત લાય;
અબ બીજો અધિકાર વર, ૫: ભણતાં સુખ થાય. ૧

ભોજગ વિશ્નુ નરેન્દ્રજી, મનમેં કરે વિચાર;
અબ અવસર સંયમ તણો, તજી એ વિષય વિકાર. ૨

વય પલટયાવાલા પણો, વાંછે વિષય વિકાર;
વિટલ વિગોવે આપને, ન લહે શોચ લગાર. ૩

ઉગ્રસેન નિજ પુત્રને, રાજભાર આપંત;
ધર્મઘોષ મુનિવર કને, સંયમ લીયો તુરંત. ૪

સંયમ પાલ્યો સાચશું, કેવલ કીધો પ્રકાશ;
ભોજંગ વિશ્નુ મહામુનિ, પહોંચ્યો મોક્ષ નિવાસ. ૫

મથુરા રાજ કરે ભલો, ઉગ્રસેન રાજાન;
ન્યાય નિતિ ગુણ ધારણો, શોભા ગુણમણી ખાણ. ૬

---

### ઢાળ ૩૦ મી

(રાખડો સુજસ ઘણો—એ દેશી)

રાજા ગુણવંતો, ન્યાયધર્મ પ્રતિપાલ હો. રાજા૦
ગુરૂઓ ગોત્ર ગોવાલ હો. રા૦ એ ટેક.

ઉગ્રસેન રાજા ભલો હો, પાલે રાજ ઉદાર;
પ્રજા તણી પ્રતીપાલણા હો, નહિં અનિતિ લગાર હો. રા૦ ૧

આપ આપણો સાચવે હો, સહુ એ કુલ આચાર;
જોર ન જાસ્તી કરી શકે હો, કો કેહની કિણવાર હો. રા૦ ૨

નામ પ્રમાણે ધારણી હો, પટરાણી સુવિશાલ;
પતિ ભક્તિ સાચી સતી હો, ગજગતિ ચાલ રસાલ હો. રા૦ ૩

આનન એહુ વિરાજતો હો. વયણ સુધારસ સાર;
મનસા ધર્મજ તત્ત્વની હો, રતી દેવી આકાર હો. રા૦ ૪

સસ્નેહી પરિવારસું હો, દેવ ગુરૂસું પ્રેમ;
પોષા પડિક્કમણા કરે હો. પાલે સુધા નેમ હો. રા૦ ૫

પ્રીતમશું અતિ પ્રીતડી હો જીવ એક તનુ દોય;
આનંદ રંગ વિનોદમેં હો, રાજા રાણી હોય હો. રા૦ ૬

તાપસ એક નિદાનશું હો, રાણી ઉર અવતાર;
ઉપજાવે તે ડોહલા હો, પતિ કાલજનો આહાર હો. રા૦ ૭

મંત્રી બુદ્ધિ વિશેષથી હો, ડોહલો પુરો હોઈ;
જાયો જલહિ પ્રવાહિઓ હો, ભુંડા સગો નહિં કોઇ હો. રા૦ ૮

સોરિપુર વ્યવહારીઓ હો, શેઠ સુભદ્ર ઉદાર;
કાંસાથી કાઢી લીયો હો. નામે કંસ કુમાર હો. રા૦ ૯

બાલા ને બિહામણો હો, કંસ સ્વભાવે આપ;
શંક ન માને કોઇની હો, ન છિપે તેજ પ્રતાપ હો. રા૦ ૧૦

શેઠ કલેશ વિચારવે હો, કીધો રાય હજુર;
શ્રી વસુદેવ કુમારને હો, દીધો જાણી સનુર હો. રા૦ ૧૧

પાસે રહે વસુદેવને હો, સારે સેવ અપાર;
કુમર ન ક્ષણ અલગો કરે હો, વિનય વડો સંસાર હો. રા૦ ૧૨

વહ દ્રથ વારુ મહા હો, હરિવંશી રાજાન;
રાણી નામે શ્રીમતિ હો, જાયો પુત્ર પ્રધાન હો. રા૦ ૧૩

જરાસંઘ વડ રાજવી હો, ત્રિખંડ તણો ભૂપાલ;
રાજગ્રહમાં રાજતો હો, પિશુન નરા નો કાલ હો. રા૦ ૧૪

અપરાજીત આદે કરી હો, બંધવ કેરી જોડ;
કાલયવન આદે ઘણા હો, કુમર મુછ મરોડ હો. રા૦ ૧૫

સિંહરથ રાજા બાંધીયો હો, રાય તણે આદેશ;
શ્રી વસુદેવ કુમારજી હો, સુજશ લીયો સુવિશેષ હો. રા૦ ૧૬

કરત જમાઇ આપણો હો, હરખ્યા લોક અશેષ;
કુમરી જાણી કુલક્ષણી હો, કીધો કંસ નરેશ હો. રા૦ ૧૭

નિશ્ચય લાધો વાતનો હો, લોક વચનથી જામ;
મા સ્યું રીશ ન ઉપજી હો, જ્ઞાન વિચારત તામ હો. રા૦ ૧૮

પતિત પિતા છે છોડવો હો, માય ન છોડી જાય;
ગર્ભ ધરેવે પોષવે હો, મા મોટી કહેવાય હો. રા૦ ૧૯

માગી કર મેલાવણે હો, મથુરા કરણુ ઉપાય;
બાપ દીયો કઠપિંજરે હો, વેર વિલય નવિ જાય હો. રા૦ ૨૦

અસમંજસ દેખી ઘણો હો, શ્રી અતિમુક્ત કુમાર;
પાલે ચારિત્ર સાદરો હો, રાગ ન રોષ લગાર હો. રા૦ ૨૧

કંસ વતંસક સારીખો હો, વરતે આણ અખંડ;
મર્દન માન મહાબલી હો, પાલે રાજ પ્રચંડ હો. રા૦ ૨૨

ઢાલ ભલી એ ત્રીશમી હો, નિસુણે જે નરનાર;
ગુણસાગર ગજે મહા હો, અન્ન ધન ને અધિકાર હો. રા૦ ૨૩

---

દોહા

અનિકજશા જસ આગલો, અનંતસેન દયાલ;
અજીતસેન સોહામણો, અનહિતરિપુ સુકુમાલ. ૧

દેવસેન તો દેવતા, શત્રુસેન અતિધીર;
ઉપજશે હરિ માઉરે, શ્યામલ વરણ શરીર. ૨

વીરા વર્ણે શામલા, વીરા શોભ નિધાન;
વીરા સઘલા સારીખા, વીરા પુરુષ પ્રધાન. ૩

વીરા ભોગી ભમરલા, ભોગવશે ભલ ભોગ;
ત્યાગી તો ત્રિભુવન શીરે, યોગ વશે વરયોગ. ૪

વીરા સાધુ સલુણલા, જોતાં સહસ્ત્ર અઢાર;
હોશે શિવપદ સાધણાં, સાચા સંયમ ધાર. ૫

એ ખટહિ વીરા તણાં, પુર્વ ભવંતર સાર;
મુજ કહેતાં તુમે સાંભલો, ભવિકજનો સુવિચાર. ૬

---

## ઢાલ ૩૧ મી

( પરભવ વાત સુણાવે રે સ્વામી એ-દેશી )

ખટભાઇના પૂર્વ ભવંતર, દેવકીનંદન છે રે સુહંકર;
ચરમ શરીરી ઉત્તમ પ્રાણી, નેમ જિનેશ્વરજીની એ વાણી. પ૦ ૧

મથુરા નામે નગરી બોલી, જાણીએ ઇન્દ્રપુરી સમ તોલી;
ભાનુ નામે શેઠ ઉદાર, કંચન કોડી અછે તસુ બાર. પ૦ ૨

જમુના નામ નિરુપમ નારી,
શાહ ને શાહુણી છે અતિ પ્યારી;
પુત્રા સાતની તે માતા, જગમાંહિં છે અધિક વિખ્યાતા. પ૦ ૩

સુભાનુ ને ભાનુકીર્તિ, ભાનુષેણ એ ત્રીજો વિરતિ;
ચોથો સુરજ ને સુરદેવો, છઠ્ઠો સુરદત્ત કહેવો. પ૦ ૪

સુરસેન એ સાતે ભાઇ, નારી સાતે એ પરણાઇ;
કાલિંદ્રી તિલકા ને કાંતા, શ્રીકાંતા સુંદરી અતિ શાતા. પ૦ ૫

દ્યુતિ સમુદ્યુતિ વેશે વિશાલી, ચંદ્ર સુકાંતા રૂપ રસાલી;
સાત સહોદર સાતે નારી, સાતા માને વિવિધ પ્રકારી. પ૦ ૬

શેઠ અને શેઠાણી દિક્ષા, લેઇ પાલે સુધી શિક્ષા;
સંથારો કરી છોડી પ્રાણો, તત્ક્ષણ પામ્યા અમરવિમાનો. પ૦ ૭

પાછે કુંવર કુવ્યસન પડીયા, ધન ઉજાડી ને રડવડીયા;
આપદ ચુર્યાને અતિ ભાંગ્યા, તવ તે ચોરી કરવા લાગ્યા. પ૦ ૮

ઉજેણી નગરી ચલી આયા, ચોરી કરવા કાજ સિધાયા;
લઘુભાઇને મુકી મસાણે, બીજા ચોરીની મતિ ઠાણે. ૫૦ ૯

તિણે અવસર તિહાં રાજા નીકો,
વૃષભધ્વજ રાય રાયા શિર ટિકો;
કમલા રાણી મંગી કુમરી, રુપે રૂડી જેહવી અમરી. ૫૦ ૧૦

દ્રઢમુષ્ટિને સા તત્ર બ્યાહી, સાસરડે આવી રે ઉમાહિ;
સાસુ ક્રોધણી બહુ વડવેતિ, નિત લડાઇ સાસુ સેતિ. ૫૦ ૧૧

સાસુ વહુ થાએ આગે, તો વહુ સાસુને પગે લાગે;
જો સાસુ અતિ આપ ખેંચાવે, તો વહુ સાસુને વશ નાવે. ૫૦ ૧૨

પાપજ ન્યારો ને ધર્મજ ન્યારો, ઘરમેં વરતે વહુનો વારો;
નારી નેહનો નાથ્યો પિઉડો, મા થી દુર ત્રીયાથી નેયડો. ૫૦ ૧૩

આયો માસ વસંત વિરાજી, ખેલણ કેરો સાજ સુસાજી;
રાય જમાઈ વનમેં આવે, ખેલ કરી રલિયાયત થાવે. ૫૦ ૧૪

પાપણી પાપ વિચારે ગાઢો, વિસહર મોટો આણી સદાઢો;
ઘટમેં રાખી કહે વિકરાલા વહુ લાવો કુસુમકી માલા. ૫૦ ૧૫

વિસહર દોડી સાહ્યો હાથો,
સા મુર્છાણી મલીયો સહુ સાથો;
મુઇ જાણી મસાણે મેલી, પરમ મહાસુખ પામી પહેલી ૫૦ ૧૬

રાતે ઘર આયો ભરતારો, દુચિંતો દેખી પરિવારો;
ખબર લહી શ્મસાને આવે, એક ઋષિ દેખી સુખ પાવે. ૫૦ ૧૭

પગે લાગીને ઉભો હોઇ, ભાંખે આરતિવંતો સોઇ;
જો હું મંગી નારી પાઉં, તો તુમ ચરણે અતિ ચિત્ત લાઉં. ૫૦ ૧૮

આગે જાતાં મંગી પામી, સાધુ સમીપે લાયો સ્વામી;
ઋષિ તનુવાયે ફરસી જામો, વિસહર વિષ ઉતરીયો તામો. ૫૦ ૧૯

મંગી મુકી મુનિવર સંગે, આપુણ ઘર આયો મન રંગે;
લેવા મહિલા સાજ સુચંગે, આભૂષણ વસ્ત્ર બહુ ભંગે. પ૦ ૨૦

એટલે વિતક વિત્યો કેવો, તે સાંભલીયે જે છે જેહવો;
સુરસેન મસાણે બેસાયો, તે મંગીની દ્રષ્ટિ આયો. પ૦ ૨૧

રૂપ ઘણો ને યૌવનવંતો, તરુણી ત્રીયાનો ચિત્ત હરંતો;
મંગી મોહી દેખી તાસો, પતિ કરવાની માંડી આસો. પ૦ ૨૨

વનિતા વેલી સરખી સાચી, પાસે લહે તસ સાથે રાચી;
તે શું મંગી ઘાલે ભાંખો, સુખ વિલસણની છે અભિલાષો. પ૦ ૨૩

ચોર કહે તુજ પતિથી શંકું, મંગી મુંહ કિયું તવ વંકું;
પતિ મારી તુજ સાથે આવું, પણ જો થારી વાચા પાઉં. પ૦ ૨૪

કૌતુક જોવા વાચા આલી, મંગી પતિ તવ આયો ચાલી;
ખાંડો મંગીને પકડાયો, ઋષિ પગ પુજણને ચિત્ત લાયો. પ૦ ૨૫

મંગી ચોટ કરંતી જાણી, મા કહી બોલ્યો કરુણા આણી;
રંડી ચંડી રે કુલભંડી, શું ચાહે નિજ પતિ શિર ખંડી. પ૦ ૨૬

પ્રીતમ પ્રેમ વશે હસી ભાંખે, એ શું સા તવ ઉત્તર દાખે;
જાડે મારી મુજ કર કંપે, મ્યાન પડયો છટકી એમ જંપે. પ૦ ૨૭

ભુંડાને ઉપજે અતિ આઇ, પેલી જેમ યક્ષ મુર્તિ લાઇ;
પ્યારી થઇ પ્રીતમને ભમાઇ, તિમ મંગીએ વાત બનાઈ. પ૦ ૨૮

ભાઇ ચોરીનો ધન લાયા, વાંટા સામે તામ કરાયા;
લઘુ ભાઇ વાંટો નવિ ઇચ્છે, સંજમ લેવો મનમા વંછે. પ૦ ૨૯

ભાઇ પુછે એ કુણ કારણ, મંગી ચરીત સુણાયો તારણ;
હલુકર્મી વૈરાગે રાતા, ધન સઘલો લેઇ વડ ભ્રાતા. પ૦ ૩૦

ઘર આવી વહુ યાને આપી, આપુણ સંજમની મતિ થાપી;
કારણ જાણી વહુ એ વૈરાગી, ચૌદે માણસ હુઆ ત્યાગી. પ૦ ૩૧

દ્રઢમુષ્ટિ ને મંગી મિલીયા, સોલે માણુસ સુરગતિ ભલીયા;
દો સાગરનો પાલી આવો, સ્વર્ગ સોધર્મે પુન્ય પ્રભાવો. ૫૦ ૩૨

ઢાઈ ખંડે ભરત વખાણું,
ગિરિ વૈતાઢય દક્ષિણ દિશી જાણું;
નિત્યાલોક નગરનો નામો, ચિત્રચુડ રાજા અભિરામો. ૫૦ ૩૩

નામે પ્રણામે નારી મનોહર, સાતે સુત ઉપના તસ ઉદર;
એક નિમિત જ મોટો દેખ્યો, સાત હિ ને વૈરાગ્ય વિશેષ્યો. ૫૦ ૩૪

સંજમ પાલી સનતકુમારે, દેવ થયા કરણી અનુસારે;
સાગર સાતનો આયુ હુઓ, વડ બંધવ ઉપજીયો જુયો. ૫૦ ૩૫

કુરૂજંગલ હસ્તિથણાપુર કેરો, ગંગદેવ છે ભૂપ ભલેરો;
નંદજસ્યા રાણી મન ભાવી, ખટ હિ સુત ઉપજીયા આવી. ૫૦ ૩૬

ગંગ ગંગદત્ત ગંગસુમિત્રો, નંદ સુનંદ નંદિષેણ પવિત્રો;
એ ખટહિ બંધવની જોડો, માત પિતાના પુરે કોડો. ૫૦ ૩૭

માત પુત્રા ચારિત્ર લીધો, માણસજન્મ કૃતારથ કીધો;
અણસણ અવસર સુત મુખ જોવે, માત મોહ તણેવશ હોવે. ૫૦ ૩૮

કીધો એહ નિયાણો માઇ, આગે હોજો એહ સગાઇ;
સ્વર્ગ સાતમે તેહ સિધાયા, સોલે સાગર આય લહાયા. ૫૦ ૩૯

દેશ મૃગાવઈ નામે વારુ, નગર દસારણ શોભે અપારુ;
દેવસેન રાજા ગુણ ભરીયો, બહુ પરિવારે અછે પરવરીયો. ૫૦ ૪૦

ધનદેવી રાણી સુખદાઈ, નંદ જસ્યા જીવ ઉપજી આઈ;
દેવકી નામે કુમરી જાઇ, રૂપકલા ગુણની અધિકાઇ. ૫૦ ૪૧

ઓ ખટ બંધવ લીએ અવતારો,
કેહિવિધ તે નિસુણો અધિકારો;
ઢાલ એકત્રીશમી એમ ભાસે,
શ્રી ગુણસાગર પુન્ય પ્રકાશે. ૫૦ ૪૨

## દોહા

કંશ પ્રશંસ કરી ઘણી, શ્રી વસુદેવ નરેશ;
દીધી દેવી દેવકી, કીધો વ્યાહ વિશેષ. 1

હય ગય રથ કંચન રયણ, ઘણા તેમ પટકુલ;
આપ્યા વરને દાયજે, મણી માણેક બહુ મુલ. 2

એક સહસ ગોકુલ વલી, નંદ ગોકુલી સાથ;
દેવક રાય પુત્રી ભણી, આપે બહુલી આથ. 3

કંસ નંદ સાથે ગ્રહી, શ્રી વસુદેવ નરંદ;
મથુરા નગરી આવીયા, મનમાં ધરી આણુંદ. 4

કંસ હવે તિહાં ક્ષણે કરે, સહુને જમણવાર;
વિચમેં જે વિતક હુવો, તે સુણજો સુવિચાર. 5

---

## ઢાલ ૩૨ મી

### ( હરીયા મન લાગો એ-દેશી )

એક દિન બેઠી ગોખમેં, જીવજશા વર નાર રે;
મુગ્ધા માનભરી.
નણદી સાથ કતોહલી, સખીયન કે પરિવાર રે. મુ૦ 1

કરે પવન પ્રતિચારણા, આપે કેઇ સુખવાસ રે; મુ૦
કેઇ અમૃત જલથી ભરી, દાસી ઉભી પાસ રે. મુ૦ 2

કેઇ વિલેપન કરે ધરી, કુંકુમ છાંટે કેય રે; મુ૦
કેઇ ઉભી મુખ આગલે, આરસી કરમેં લેય રે. મુ૦ 3

સુરજ રથ ખેંચી રહ્યો, મધ્યાહ્નને આકાશ રે; મુ૦
જોવા નૃપ નારી તણા, રૂપ રંગ સુવિલાસ રે. મુ૦ 4

એહવે મુનિવર મલપતો, એવંતો રુષી રાજ રે; મુ૦
ઉંચ નીચ મઝમ કુલે, ફરતો આહારને કાજ રે. મુ૦ 5

મોંહ મચકોડી માનની, દેખી દેવર લાગ રે; સુ૦
એહવા રતન તે જનમીયાં, ધન માતા તારો ભાગ રે. સુ૦ ૬

મદ છાકી બોલે ઇસ્યું, જીવ જશા તજી લાજ રે; સુ૦
ભલે આવ્યા રુષીરાયજી, ઓચ્છવ દિન છે આજ રે. સુ૦ ૭

ધન્ય ઘડી ધન્ય આજુની, મુજ મન અધિકી પ્રીત રે; સુ૦
આવો દેવરજી આપણે, મલીને ગાઇયે ગીત રે. સુ૦ ૮

નિસુણી વચન તે મુનિશ્વરૂ, નિરખે ઉંચો તે વાર રે; સુ૦
બેઠી દીઠી ગોખડે, વડ બંધવની નાર રે. સુ૦ ૯

અસમંજસ દેખી થયો, રોષાકુલ રુષિરાય રે; સુ૦
આજો કીડી બાપડી, ચડી સોનાઇએ જાય રે. સુ૦ ૧૦

જ્ઞાની તવ બોલે ઇસ્યું, દુર કરણ અહંકાર રે; સુ૦
મ કર અસમંજસ કારમો, ભાભી મુગ્ધ ગેમાર રે. સુ૦ ૧૧

દેખી જોવન ધન આપણો, તું મન ફુલે છે એમ રે; સુ૦
પણ જેમ વીતી પાનને, કુંપલ આખર તેમ રે. સુ૦ ૧૨

થોડા દિવસને આંતરે, ગ્રહે કિસ્યો અભિમાન રે; સુ૦
સંધ્યા રાગ તણી પરે, એ સુખ જાતો જાણ રે. સુ૦ ૧૩

નણદલનો સુત સાતમો, કરશે સહિ સંહાર રે; સુ૦
મુજ પિતા ને કંતનો, નહિં સંદેહ લગાર રે. સુ૦ ૧૪

સાધુ વચન તવ સાંભલી, જીવજશા મદ જાય રે; સુ૦
મનમેં ભય અતિ ઉપન્યો, મુજ કોપ્યો રુષિરાય રે. સુ૦ ૧૫

આવી કંસને વિનવે, સાધુ કહ્યો વિરતંત રે; સુ૦
નિસુણી કંસ મનમેં ધરે, સાધુ વચન એકંત રે. સુ૦ ૧૬

કો નવિ જાણે જ્યાં લગે, તો પહિલો ઉપાય રે, સુ૦
સાતે ગર્ભ દેવકી તણા, માગી સહુ સમજાય રે. સુ૦ ૧૭

આગ્યા જો મુજ નાપશો, સાત ગર્ભ નિજ તેહ રે; મુ૦
તો પ્રતિકાર બીજો કરી, જીમતીમ રાખીશ દેહ રે. મુ૦ ૧૮

ઇમ ચિંતવી નિજ ચિત્તમેં મહુઆજન પરે કંસ રે; મુ૦
આયો ઘર વસુદેવને, રાખેવા નિજ વંશ રે. મુ૦ ૧૯

દુર થકી કરજોડ ને, દેખી કરતો સેવ રે; મુ૦
આદર દેઇ મલી કરી, એમ બોલે વસુદેવ રે. મુ૦ ૨૦

પ્રાણ થકી મુજ વાલ્હલો, તાહરે મન શી વાત્ત રે; મુ૦
કહે તિમ તુજ ચિંતિત કરૂં, એ મુજ વાત સોહાત રે. મુ૦ ૨૧

કંસ કહે કરજોડ ને, માણસ તેં મુજ કીધ રે; મુ૦
જીવજશા દેવશકીં ને, સુજનપણે જસ લીધ રે. મુ૦ ૨૨

તિમ હવે દેવકીપુત્રના, સાત ગર્ભ યદુરાય રે; મુ૦
જાત્ર માત્ર દેવસાવશું, જીમ મુજ મન સુખ થાય રે. મુ૦ ૨૩

સરલ ચિત્ત નૃપ સાંભલી, કહે કંસને એમ રે; મુ૦
અંગીકાર કીધો અમેં, વયણ કહ્યો તે તેમ રે. મુ૦ ૨૪

કંસ વાત અણજાણતાં, કહે નૃપ વસુ સુવિચાર રે; મુ૦
મુજ સુત તે સુત તાહરા; ઇહાં અંતર મ વિચાર રે. મુ૦ ૨૫

તેં જે અમ જોડી કરી રે, તેણે તો શું અતિ પ્યાર રે; મુ૦
તું મન ઉણો મત હુવે, વ્હાલા જીવન આધાર રે. મુ૦ ૨૬

ઘણો બોલ્યો કારમેદ, લાગે કહે દસાર રે; મુ૦
સાત ગર્ભ દેવકી તણા, દેવરાવે સુવિચાર રે. મુ૦ ૨૭

ઢાલ ભલી બત્રીશમી, નિપટ રસિલી વાત રે; મુ૦
શ્રીગુણસાગર એ કહી, હરીયા ગીતની જાત રે. મુ૦ ૨૮

## દોહા

મહા પસાઉ લહી કરી, મદ પર દુરે ગમાય;
પ્રીતિ કરી વસુદેવશું, કંસ હવે ઘર જાય. ૧

મુનિની વાત સુણી કરી, સોચે હવે દસાર;
દેખો કંસે હું છલ્યો, વચન ગ્રહી અવિચાર. ૨

ગર્ભ ધરે જબ દેવકી, તવ તિહાં કંસરાય;
ચોકી રાખી પાખતી, કપટે ખેલે દાય. ૩

---

## ઢાલ ૩૩ મી

(કોમલ વચને રે કંત પ્રત્યે કહે-એ દેશી)

ભાવી ન મટે ભવીયણ સાંભલો, ભાવી નો ધનજોરો રે;
રંચ ન આગી પાછી હોઇ શકે, શીદ કરો છો સોરો રે. ભા૦ ૧

બાંધુ કીયા રે જતન અનેકજી, આગે નાથો કોઇ રે;
બાંધવ દોઇ વાવી જુવા સહી, ચંપક ગ્રહપતિ હોઇ રે. ભા૦ ૨

ગર્ભ ધરે રે રાણી દેવકી, ચરમ શરીરી જીવો રે;
કેમ મરે તે ઓછે આયુષે, એ જિનવચન સદીવો રે. ભા૦ ૩

ભદિલપુરની રે વાસણ શ્રાવિકા, સુલસા એહવો નામો રે;
સુર આરાધ્યો રે સુતને કારણે, સુત સહુને અભિરામો રે. ભા૦ ૪

સુર ભાંખે રે પુન્યભાવિકા, તું મૃતવંધ્યા નારો રે;
આણી આપું હું તુજ પારકા, દેવકુમર અનુહારો રે. ભા૦ ૫

વલતું વનિતા એણીપરે ઉચ્ચરે, સાંભલ સુરસુખદાયો રે;
હું શું જાણું તું લાવે કેહના, તે મુજને ન સોહાયો રે. ભા૦ ૬

કંસરાયે રે મારણ માગીયા, દેવકીતનયા નંદો રે,
આણી આપીશ તુજને માનની, કરી દેશું આણંદો રે. ભા૦ ૭

એક સમે રે રૂડી શ્રાવિકા, ગર્ભ ધરે તે દોયો રે;
સાર્યો કેરો સુર શક્તિ કરી, ભાવીને બલ જોયો રે. ભા૦ ૮

એમ બીજો ને ત્રિજો ચતુરથો, પંચમ છઠ્ઠો તેમો રે;
સુલસા મંદિર હોઇ વધામણા, પુન્યતણે બલ એમો રે. ભા૦ ૯

ખટ સુતની એ જોડી બિરાજતી, માતપિતા આણંદો રે;
બત્રીશ બત્રીશ નારી સોહામણી, પરણ્યા સઘલા નંદો રે. ભા૦ ૧૦

દસ દસ બાર આવી દાયજે, કંચન કેરી કોડો રે;
નેમિ વચને વૈરાગી થાયશે, કામની કંચન છોડો રે. ભા૦ ૧૧

કરણીને બલે કેવલ પામશે, લહેશે મોક્ષ નીવાસો રે;
એહવા મુનીવર કેરા હોઇએ, ચરણકમલના દાસો રે. ભા૦ ૧૨

મુવા બાલક કંસે પછાડીયા, રીસ તણે વશ જોયો રે;
તેહ તણા ફલ આગે લાગશે, તે સુણજો સહુ કોયો રે. ભા૦ ૧૩

વડા વડેરી જગમાં ભાંખે એ, સ્યો જુઠો અભિમાનો રે;
ચંદ તણી તો તબ લગે ચાંદણી, જબ લગે ન ઉગે ભાણો રે. ભા૦ ૧૪

મીંડકે માતો મલપતો ફીરે, સર્પ નજરેથી દુરો રે;
હરણ હરિલો હરી ને આગલે, ન શકે આઇ હજુરો રે. ભા૦ ૧૫

ઢાલ તેત્રીશમી રે હોતારથ હોવે, ન હોવે બીજો કોઇ રે;
ગુણસાગર સમભાવે વરત એ, ભલે ભલાઈ હોઇ રે. ભા૦ ૧૬

---

દોહા

એક ઉગે એક આથમે, એક હરખે એક સોગ;
એક સંકુચે એક વિકસતાં, સહુ સરખા નહિં લોગ. ૧

જે ભાંખે બાલક છતાં, જે ભાંખે અણગાર;
જે ભાંખે વર કામની, તે નિઃફલ ન હુએ લગાર. ૨

દુષ્ટ દેવ નિકંદવા, કરવા જગ ઉદ્ધાર;
વિશ્નુદેવ શિવમતમેં, ફિર ફિર લીએ અવતાર. ૩

## ઢાળ ૩૪ મી

(ઓંકલીની દેશી)

હરી કે ગુણ ગાઉં, હરી લીલા કહીય સોહાયો;
હરી રસ તેં અધિક સુખ પાયા હો હરી૦
હરી યોગીમાંહિ યોગી, હરી ભોગીમાંહિ વડભોગી હો. હ૦ ૧

હરી નાના માંહે ન્હાનો, હરી મોટો ગગન સમાનો હો; હ૦
હરી એકણુ રૂપે હી એક, હરી પસર્યો રૂપ અનેક હો. હ૦ ૨

હરી આપ ન બુઢો બાલો, હરી જગમેં લાવો ચાલો હો; હ૦
હરી લોગ લગાયો લારે, હરી ભાંજે ઘડે સમારે હો. હ૦ ૩

હરી નવ નવ નામ ધરાવે, પણ ગણતાં પાર ન આવે હો; હ૦
હરી સાંધા જોડા લાવે, હરી માંહોમાંહિ ભીડાવે હો. હ૦ ૪

હરી હેતુ હેત જણાવે, અણહેતુ પાર ન પાવે હો; હ૦
હરી નૌતમવસ્તુ નિપાવે, હરી નિપજી વેગ ખપાવે હો. હ૦ ૫

હરી રૂપ નિરખન કાયા, હરી ઘટ ઘટ માંહિં સમાયો હો; હ૦
હરી જિહાં જોઉં તિહાં તેહવો, પણ તેહવાનો તે તેહવો હો. હ૦ ૬

હરી બ્રહ્મા વ્યાસ વખાણ્યો, કિણ હી તો અંત ન જાણ્યો હો; હ૦
સો હરી કરણ ઉપાયાં, હરી વસુદેવા ઘર આયા હો. હ૦ ૭

હરી ઉદર દેવકી માયા, હરી સુપના સાત દેખાયા હો; હ૦
સિંહણી સુત સિંહ સનુરો, માય દેખી પરાક્રમ પુરો હો. હ૦ ૮

આનંદ અંગ અપાર, ધન ધન રાણી અવતારે હો; હ૦
તેજપુંજ રવિ રૂડો, હિતકાર મહા નવી કુડો હો. હ૦ ૯

અગ્નિ શિખા દિપંતી, તે મંગલ ગુણ જીપંતી હો; હ૦
ગજ ગાજંતો આવે, રાણી મન હરખ ઉપાવે હો. હ૦ ૧૦

ધ્વજ ગગને અવલંબ્યો દીસે, શુભકારી વિશ્વાવિશ હો; હ૦
દેવવિમાન બિરાજે, તિહાં ધપમપ માદલ વાજે હો. હ૦ ૧૧

પદ્મસરોવર પાણી, ભરીયો અતિ શોભ વખાણી હો; હ૦
એ સુપના દેખી માઇ, પીઉ પાસે વધાઇ ખાઇ હો. હ૦ ૧૨

ગર્ભ વધતો જાણી, પ્રિય સાથે વદે તવ રાણી હો; હ૦
તુજ મુજ પુત્ર મરાયા, પણ મેં ગાઢા દુઃખ પાયા હો. હ૦ ૧૩

પુત્ર વિના જગ શુનો, ત્રિય જાણે જગત અલુણો હો; હ૦
પશુ પંખીણી ધન કહીએ, જે પુત્ર તણો સુખ લહિયે હો. હ૦ ૧૪

ચારે તો પુત્રા કેરી, નહિં કોઇ મણા અનેરી હો; હ૦
હું દુઃખીયારી ઝુરૂં, વિણ પુત્ર આશા કેમ પુરૂં હો. હ૦ ૧૫

જિણે કીધો એ કર્મ અપાર, તેને ફિરી કરતાં શી વાર હો; હ૦
દુધે દાધા નર જેહ, છાશે શિલાવે તેહ હો. હ૦ ૧૬

એ બાલક કિમહી ઉગારો, ઇહાં રહેશે નામ તુમારો હો; હ૦
એ સુપનાને અનુસારે, પીઉડા તું કયું ન વિચારે હો. હ૦ ૧૭

નંદ તણી જે નારી, તે નામ જસોદા પ્યારી હો; હ૦
તે સહિયર છે મેરી, ન પતિજું નારી અનેરી હો. હ૦ ૧૮

ગર્ભ વૃદ્ધિ જેમ પાવે, તિમ તિમ દોહલા ઉપજાવે હો; હ૦
સિંહા સાથે રમીએ, માતા હસ્તિને અતિ દમીએ હો. હ૦ ૧૯

ખડ્ગમાંહિ મુખ જોવે, તિમ તિમ રલિયાયત હોવે હો; હ૦
શત્રુ શિરે પાદ ધરેવા, એ માય મનોરથ કરેવા હો. હ૦ ૨૦

ગર્ભ સાતમો જાણી, નૃપ કંસ તણી આગે વાણી હો; હ૦
રખવાલી કારણ રહીયા, તિહાં કષ્ટ મહા દુઃખ સહિયાં હો હ૦ ૨૧

ઓ વેલા નવિ પામી, જીહાં કારજ સીઝે સ્વામી હો હ૦
મીનીના વાંછયા શીકાં નવિ તુટે જે છે નીકાં હો હ૦ ૨૨

રખવાલા સઘલા સુતા, નિંદ્રા વશે હોયે વગુતા હો હ૦
કો મતિ ઝલફલ કરજો, સહુ સજ ચાંશું અનુસરજો હો. હ૦ ૨૩

કંસ હણેવા કાજે, એહિ ઉતાવલ સાજે હો; હ૦
માસ ઘટાવે દોઈ, તવ સાત માસનો હોઇ હો. હ૦ ૨૪

શુભવેલા સુત જાયો, તનુ તેજે તિમિર મિટાયો હો; હ૦
સ્વજન ઘરે ઉલ્લાસો, દુર્જન ઘર પડીયો ત્રાસો હો. હ૦ ૨૫

કોઇ ન વિલંબ કરાયો, તવ રાણીએ રાય બોલાયો હો; હ૦
છત્ર સુરાસુર ઝાલ્યો, તબ નૃપ સુત લઇ ચાલ્યો હો. હ૦ ૨૬

દોઇ પાસે ચામર ઢાલે, દીપક શું પંથ દિખલાવે હો; હ૦
સાનિધકારી દેવા, હરજી કી સારે સેવા હો. હ૦ ૨૭

દિધા છે દરવાજા, એ આરતિ અધિકી રાજા હો; હ૦
હરિ પાય અંગુઠા અડીયા, તવ તાલા તો ઝડપડીયા હો. હ૦ ૨૮

ઉગ્રસેન કહે એ કોઇ, તુમ બંધન છોડશે સોઈ હો; હ૦
એહ સુણી સુખદાઇ, કહે વેગે સિધાવો ભાઇ હો. હ૦ ૨૯

પુર બાહિર ચલી આયા, જમુનામેં મારગ પાયા હો; હ૦
સુત જાઇ જસોદા દીધો, મનવંછિત કારજ સીધો હો. હ૦ ૩૦

જસોદા જાઇ બાલા, નૃપ લેઈ આયા તતકાલા હો; હ૦
કર્મ જેહનો બલીયો, સ્યો કીજે અમરખ અલીયો હો. હ૦ ૩૧

નંદ ઘરે આણંદા, તવ વાજે માદલ છંદા હો; હ૦
ગોકુલની નારી હરખી, તે હરજીકો મુખ નિરખી હો. હ૦ ૩૨

નાચે નાચ રસાલી, તે હાથે બજાવે તાલી હો; હ૦
ઉવાર્ણં ફિર લીજે, એ લાલ સદા ચિરંજીવે હો. હ૦ ૩૩

હરી કોડ પવાડા કીધા, એ બાલપણે જસ લીધા હો; હ૦
એ ચોત્રીશમી ઢાલ, ગુણસાગર, અધિક રસાલ હો. હ૦ ૩૪

## દોહા

જાગ્યા હવે તે પોહરુ, દેખે કન્યા તેહ;
આણી કંસ ભણી દીએ, સેવક ધરી મન નેહ. ૧

કન્યા દેખી કંસ હવે, ધારે મનમાં એમ;
મારણ એ તો માહરે, થાશે કન્યા કેમ. ૨

મારણ ભણી ગ્રહ સાતમો, મુનિ મુજ ભાંખ્યો જેહ;
પણ જાણ્યો ઇણ નિમત્તિ, કુડો હુવો તેહ. ૩

તો મારૂં એ સ્યા ભણી, ઇમિ નિજ મનશું જોય;
નાસાપુટ છે દીકરી, બ્હેન ભણી દીએ સોય. ૪

## ઢાલ ૩૫ મી

( મારા સાહેબ હો શ્રી શીતલનાથ કે હું છું સેવક તાહરો—એ દેશી )

હવે બાલક હો કાલો તે દેહ કે, કૃષ્ણ નામ સહુ તિણ કહે;
રાખીજે હો દેવે નીતું તેહ કે, વાધે નંદ ઘરે સુખ લહે. ૧

નેહ ગેહલી હો ગોવાલની નાર કે, હરી દેખી હૈયડું હસે;
હાથો હાથે હો સંચરતો બાલ કે, ભ્રમર જ્યું કર કમલે વસે. ૨

આલિંગન હો ચુંબન લખ કોડ કે, કોઇ કમલ કંઠે ઠવે;
કેઇ લાવે હો રમકડા રંગ કે, મુક્તાફલ શિર સોહવે. ૩

હોંશીલી હો હરખે લઇ ગોદ કે, ધવરાવે પય પાનને;
આંખે કાજલ હો ઘાલે કેઇ નાર કે, કરે ચુંબન મુખ કાનમે. ૪

શીર ભુખિત હો શીક્ષા અભિરામ કે, ભાલ વિરાજીત ચંદલો;
જગવલ્લભ હો નંદન તુજ માત કે, લાલ અનોપમ બંદલો. ૫

હવે પુછે હો માસ દુહરે માત કે, શ્રી વસુદેવ ભણી કહે;
ઉત્કંઠા હો દેખણ નિજ પુત્ર કે, જાઇશ ગોકુલ જિહાં રહે. ૬

તવ બોલે હો વસુદેવ નરિંદ કે, રખે કંસ તુજને ઓલખે;
તિહાં જાતાં હો નિત્ય પ્રતે તુજ પુત્ર કે, દેખતાં કારણ પખે. ૭

તેણે લેઇ હો બહુ નારી સાથ કે, ગાય પુજંતી શુભ પરે;
તુમ પહુંચો હો ગોવાલીએણ સંચકે, દેવકી માનુ તિમહિજ કરે. ૮

નીલુત્પલ હો દલ સમ તનુ કંઠ કે, હૈડે શ્રીવચ્છ શોભતો;
ચક્રાદિક હો લક્ષણ એક હાથ કે, સહુ જનના મન મોહતો. ૯

એહવો નિજ હો નંદન અભિરામ કે, ગોદ જસોદાને રહ્યો;
દેવકી હો દેખી નિજ નયણ કે, મનમાંહિ બહુ સુખ લહ્યો. ૧૦

માતા ભીડી હો નિજ હૈડા સાથ કે, ગોદ ધર્યો હરી નાનડો;
તુજ વિરહે હો ચિત્ત ક્ષણક્ષણ મુજ કે, ખટકે જયું વિંછી આંકડો. ૧૧

સંચ્યા મોઢા હો પાતિક અતિ જોર કે, મેં કોઇક પુરવ ભવે;
તુજ સરીખો હો નંદન ગુણવંત કે, પણ મુજ ચિંતિત નવ હુવે. ૧૨

પુત્રજ હો દીઠો તુજ દિદાર કે, ધન વેલા ધન આજુની;
નિજ અંગજ હો દેખી ન ભજે રાગ કે, એ તો દશા મુનિરાજની. ૧૩

ધવરાવી હો નિજ સ્તન પયપાન કે, પાલણીએ પોઢાવીયો;
મોહમાતી હો કોઇ મધુરે સાદ કે, હેત ઘણે હુલરાવીયો. ૧૪

---

### અંતર ઢાલ

( દેશી ભરમલીયાની તથા સુધારસ મોરલી વાજે )

પલણે રાણી દેવકી હો, ત્રિભુવન શિર ટીકો;
બાઇ થારો બાલુડો નીકો, તુજ વડવખત યશોમતી હો,
થારે એ ડીકો,
સુરનરના મન મોહતો હો, પ્યારે હમજીકો. બા૦ ૧

અદ્ભુત રૂપ સોહામણો હો, મદન કીયો ફિકો;
રંગે રમાવે ગોદમેં હો, ભાયગ તા હી કો. બા૦ ૨

માન મહા મદ મારણો હો, દેવી કેરી કો;
કુંવર કનૈયો સાલસે હો, ઉપજયો વૈરી કો. બા૦ ૩

આનન ચંદ વિરાજતો હો, વ્હાલો સબ ત્રીય કો;
ગ્વાલ ગ્વાલણી ભાવતો હો, દર્શન જગ પીય કો. બા૦ ૪

સજન જન જનની તણો હો, હાર જ્યું છાતી કો;
દુર્જન જન અસોહામણો હો, ઘાવ જ્યું કાતી કો. બા૦ ૫

શોભા ગુણ વિસ્તારણો હો, કીર્તિ કાંતિ કો;
દેવા દેવી ખેચરા હો, રંગે રાતી કો. બા૦ ૬

દહિઅરૂ દુધ ખવારજે હો. ધેનુ માતિ કો;
હમ તુમ કુલ અજવાલણો હો, દીવો બાતિ કો. બા૦ ૭

નખ શીખ તાંહિ સલુણુલો હો, સુખ રોભા રાગી કો;
જોતાં તૃપ્તિ ન પાઇએ હો, ધન જીવિત માજી કો. બા૦ ૮

દરસ ફરસ કુપંથમેં હો, નાહ ઇન્દ્રાણિ કો;
સો ખેલે તુજ આંગણે હો, સારંગપાણિ કો. બા૦ ૯

યોગ ધ્યાન ધ્યાવે અતિ હો, યશ લે વધારી કો;
પુત કહાવે તાહરો હો, અચરજકારી કો. બા૦ ૧૦

નામ વલ્લભ જગ જાણીયો હો, ગિરિવર ધારી કો;
ગુણસાગર સુખ પાવહી હો, અમીય આહારી કો. બા૦ ૧૧

---

ઢાલ મુલગી

જો લેણો હો સો લિજીયેં આજ કે, એહ મનમાં નિશ્ચે ધરે;
મન મેલી નિજ સુતને પાસ કે, રાણી આવી નિજ ઘરે. ૧૫

જિણુ દિનથી હો ગોકુલ હરિ માત કે, ગો પુજા મિસ કરી ગઇ;
તિણુ દિનથી હો સઘલે જગમાંહિં કે, ગો પુજા વ્રત તિથિ થઇ. ૧૬

એમ કરતાં હો વિત્યો એક વરસ કે, એહવે એક ચિતક ભયો;
સભા સજી હો બેઠા કંસરાય કે, એક વિબુધ તવ પ્રગટ થયો. ૧૭

દેઇ આદર હો તેડયો નિજ પાસ કે, પુછે રૂષિ ભાંખિત સહિ;
સો ભાંખે હો ભવિતવ્ય જેહ કે, અન્યથા તે હોવે નહિં. ૧૮

નૃપ ભાંખે હો કેમ જાણું તેહ કે, અનુગ્રહ કરી મુજને કહો;
તુમને તો હો મિલશે બહુ દ્રવ્ય કે, મુજ અરિનો હોય નિગ્રહો. ૧૯
નિમિત્તક હો બોલે તવ એમ કે, પુરો ન જ્ઞાન અભ્યાસીયો;
સહિનાણી હો તુજ દેઉં બતાય કે, જિમ તુમને હોય વિસાસીયો. ૨૦

તુજ માસી હો પુતના છે દોય કે, નિસ્યંદતા ચુસી કરે;
જિમ લુતે હો ગ્રહી મક્ષિકા જાણુ કે, પ્રાણુ દોયના તિમ હરે. ૨૧

તુમ શત્રુ હો જાણો નિ:સંદેહ કે, ઇમ કહી વિબુધ ગયો;
કંસે તેડી હો કહી વેરીની વાત કે, માસી મન ઉત્કર્ષ થયો. ૨૨

હવે તિહાં કને હો નિજ બાપનો વેર કે, લેવાને અતિ ઉમહી;
વસુદેવશું હો નવિ લાગે જોર કે, સબજ્ઞાશું બલ કો નહિં. ૨૩

ઇમ ચિંતવી હો મનમાંહિ વિચાર કે, સુર્પનખારી દીકરી;
મદમાતી હો આણે અહંકાર કે, સંકુની પુતના ખેચરી. ૨૪

કંસે પ્રેરિત હો ગઇ ગોકુલમાંહિ કે, બાલક ને મારણ ભણી;
ગોવાલણી હો સંતાડે નિજ બાલ કે, ભીતી મન આણી ઘણી. ૨૫

નંદ સદન હો ચાલી ગઇ તેહ કે, વિષ ખરડી સ્તનને ધરી;
ધવરાવતી હો તવ યશોદા દેખ કે, માગે હરીને જોસે કરી. ૨૬

અશ્રુપુરીત હો થઇ આવ્યો જાણુ કે, હરી મનમાંહિ વિચારીયો;
એ દીસે હો સહિ કોઇ વિપક્ષ કે, એહથી ભય અવધારીયો. ૨૭

ચુસી લીધો હો રૂધિર ને દુધ કે, અલિ જીમ કુસુમની વાસના;
થઇ નિઃશ્વાસ હો ફાટયા તસ નયણુ કે, હરિ ગયા માતને આસાના. ૨૮

બોલાવ્યો હો નંદને તેણીવાર કે, આવ્યો અતિ ઉતાવલો;
જસોદાએ હો કહયો સર્વ વૃતાંત કે, નિસુણી મનમાં ખલભલ્યો. ૨૯

હું મુસિઓ હો મુખ કહેતો નંદ કે, કૃષ્ન ભણી ખોળે ધરી;
તિહાં જોવે હો હરીમો તે અંગ કે, વારંવાર હેતે કરી. ૩૦

નિશા સમે હો ગોવાલીયા પાસ કે, પ્રેતવને સબ ને ધર્યો;
નંદ સહિત હો આવ્યા નિજ ગેહ કે, પ્રછનપણે સહુએ કર્યો. ૩૧

એમ બીજી હો કુંતપુતના નામ કે, સા પણુ થઇ તિણહીજ પરે;
કંસે જાણી હો માસીની વાત કે, પ્રેતકાર્ય તેહના કરે. ૩૨

ગોકુલમાં હો કરે વારંવાર કે. ઉદ્‌ઘોષણા જાણણ ભણી;
નંદે વરજીત હો ન કરે કોઇ વાત કે, જીમ ઘુક સુર્યતણી. ૩૩

ગોવાલીયા હો પુછયો હવે નંદ કે, અમે એ મરમ ન જાણીયો;
કીમ મુઇ હો આ ઇણસમ એહ કે, એહ અચંભો આણીયો. ૩૪

પાડોસણ હો ઇણ ગીતે જાણં કે, ઢાલ કહી પાંત્રીશમી;
સારંગે હો રાગે મન લાય કે, સુરિ ગુણસાગર મન સુંગમી. ૩૫

---

### દોહા

ગોપ કહે હવે નંદને, બાલ એકીલે એણ;
ખેચરીયાં બે મારીયા, ટાલ્યો વિઘ્ન બલેણ. ૧

એહ વાત નંદ સાંભલી, દાખે ઉત્તર તિવાર;
એહની ખબર મુજને નહિં, માનો પ્રપંચાચાર. ૨

કંસ સોચે નિજ હૃદયમાં, અહો અહો દૈવ કુલક્ષ;
માસી મુઇ વૈરી તણો, કાંઇ ન થયો પ્રત્યક્ષ. ૩

મંત્રીને તેડી કહે, શો કરવો હવે ઉપાય;
વિણ ઓલખ્યા પહોંચે નહિં, મારા મનનો દાય. ૪

સચિવ કહે તુમ બ્હેનીને, પુત્રી હુઇ એકંત;
એ સર્વ પ્રત્યક્ષ નિરખતાં, મુકો એહનો તંત. ૫

નંદ ઘેર આવ્યો ધસી, બોલાવી નિજ નાર;
કરી શિખામણ એહવી, મત જાજે કોઇ ઠાર. ૬

કૃષ્ન એકીલો મુકીને, પડતે પણ ધૃત ઠામ;
તે અન્યત્ર ન જાયવું, કિણ હી બીજે કામ. ૭

કાન્હ ભણી શુભ પરે રખે, હવે જસોદા માય;
તો પણ ચંચલ બલ કરી, આઘો પાછો થાય. ૮

તા સુધ્યા નથી બિહતી, દામણી શું હરી તેહ;
બાંધી ઉખલસું જઇ, પડોસણ રહી ગેહ. ૯

વેર પિતામહ સાંભલી, સુર્પક સુત તિહાં આય;
પછવાડે શ્રીકૃશ્નને, જમલાર્જુન તરુ બાય. ૧૦

હવે તિણે બેહુ તરુ વિચે, હરીને મારણ રૂપ;
ભાંજી તે તરુ હરી સુરા, મારે તેહ વિરુપ. ૧૧

હરી કુંજ પરે ઉખણ્યા, જમલાર્જુન તરુ જાણ;
નંદ જસોદા ગોપને, મુખથી એ સુણી વાણ. ૧૨

નંદ જસોદ આવીને, ભુજશું ભીડે બાલ;
દામોદર તિણ દિન થકી, નામ કહે ગોપાલ. ૧૩

શીવાદેવી શિવકારીયા, સુપના દેખી ઉદાર;
પ્રીતમ પાસે વિનવે, સ્વામી કહો વિચાર. ૧૪

ભુપતિ ભાંખે ભામની, હોશે કુંવર સાર;
તીન ભુવન શિર શેહરો, સુરનર કો આધાર. ૧૫

વાય અનુકુલ વાઇયા, હરખીત સહુ પરિવાર;
શ્રાવણ શુદી પંચમી દિને, જન્મ્યા નેમકુમાર. ૧૬

## ઢાળ ૩૬ મી

(કોઇલો પર્વત ધુંધલો રે લાલ-એ દેશી)

શુભ વેલા સુત જાઇયો રે લાલ, વર્ત્યો જય જયકાર;
સુખદાતા રે, સુરનર ઘર હી વધામણા રે લાલ,
હરખ્યો સહુ સંસાર. સુખ૦ ૧

મેરે મન જીનજી વસ્યા રે લાલ, શ્રી શ્રી નેમકુમાર; સુ૦
સુરતિ સુરતિ મોહની રે લાલ, શોભા ગુણ ભંડાર. સુ૦ મેરે૦ ૨

આવી છપ્પન કુમારીકા રે લાલ, નિજ નિજ કરવા કાજ; સુ૦
ગાવે ગીત સોહામણા રે લાલ, સફલ ગણે દિન આજ. સુ૦ મે૦ ૩

ચોસઠ ઇંદ્ર પધારીયા રે લાલ, મંદરગિરિને શૃંગ; સુ૦
જન્મ મહોચ્છવ કરવા ભણી રે લાલ,
આણી અતિ ઉચ્છરંગ. સુ૦ મે૦ ૪

રૂપશું પંચ કરે ભલા રે લાલ, સોહમ ઇંદ્ર ઉદાર; સુ૦
હાથે લીયા એક રૂપશું રે લાલ, ત્રિભુવન તારણહાર. સુ૦ મે૦ ૫

બીજે છત્ર ધરે ભલો રે લાલ, ચામર ઢાલે દોય પાસ; સુ૦
વજ્ર લઇ આગે ચલે રે લાલ, કરતો અરિઅણ નાશ. સુ૦ મે૦ ૬

ન્હાવણુ કરી વિધિ સાચવી રે લાલ, પહિરાવે શણગાર; સુ૦
ભાવે ભક્તિ ઘણી કરે રે લાલ, નાટક નૃત્ય અપાર. સુ૦ મે૦ ૭

ધો ધો ધપમપ વાજહી રે લાલ, માદલ નવ નવ છંદ સુ૦
તાલ રબાબ ઉપાંગશું રે લાલ, હોઇ રહ્યો આનંદ. સુ૦ મે૦ ૮

ઇંદ્રાણી નાચે ભલી રે લાલ, થૈ થૈ શબ્દ ઉચ્ચાર; સુ૦
પ્રભુ ઉપર કરે લુંછણા રે લાલ, જાઉં હરી બલીહાર. સુ૦ મે૦ ૯

માતા પાસે મેલીયા રે લાલ, સુર પહોતા નિજ ઠામ; સુ૦
રાયે મહોચ્છવ માંડીયો રે લાલ,
મલીયા સાજન આણુ. સુ૦ મે૦ ૧૦

યાદવ જલધર ઉમયો રે લાલ, વરસે કંચનધાર; સુ૦
યાચકજન સંતોષીયા રે લાલ, ઘર ઘર મંગલચાર. સુ૦ મે૦ ૧૧

ટોલે ટોલે સામટી રે લાલ, આવે કામની ચાલ; સુ૦
ધવલ દીયે નૃપ આંગણે રે લાલ, રમતી રંગ રસાલ. સુ૦ મે૦ ૧૨

બારસમો દિન આવીયો રે લાલ, સુતિક કર્મ નિવાર; સુ૦
નામ દીયો વર નેમજી રે લાલ, થંભણુ સહુ પરિવાર. સુ૦ મે૦ ૧૩

ચંદકલા જિમ વાધતો રે લાલ, દેહ કલા ગુણસાર; સુ૦
રૂપ કરે સુર તેહવા રે લાલ, જેહવા પ્રભુને પ્યાર. સુ૦ મે૦ ૧૪

રાખણુ ચલણુ હસત થે રે લાલ, નૃત્યન ગાયન જ્ઞાન; સુ૦
જલ્પન જનમન રંજવે રે લાલ, લાલન લીલા થાન. સુ૦ મે૦ ૧૫

વન ક્રિડાને કારણે રે લાલ, રાજા વનમેં જાય; સુ૦
અંતેઉર પરિવારશું રે લાલ, સાથે નેમ સોહાય. સુ૦ મે૦ ૧૬

ઇણુ અવસર સોહમજી રે લાલ, ઇંદ્ર અનોપમ જ્ઞાન; સુ૦
ક્રિડા રંગ વિનોદશું રે લાલ, દીઠા શ્રી ભગવાન. સુ૦ મે૦ ૧૭

જે જેહના હોય રાગીયા રે લાલ, તે તેહના ગુણ ગાય; સુ૦
અણુરાગી અસોહમણા રે લાલ, હુતા પણુ ન કહાય. સુ૦ મે૦ ૧૮

ઇંદ્ર પ્રશંસા આકરી રે લાલ, જિનની કરે તેહિવાર; સુ૦
લાલપણે બલ આગલો રે લાલ, નહિં બીજો સંસાર. સુ૦ મે૦ ૧૯

એક આડી સહુ લોકનો રે લાલ, એક આડી જીનરાય; સુ૦
તો હિ ન હોવે બરાબરી રે લાલ,
જિનબલ અધિક કહાય. સુ૦ મે૦ ૨૦

એક વચન સહી ના શકયો રે લાલ,
અમરખ આણી અપાર; સુ૦
સુર સુરલોકથી ઉતર્યો રે લાલ, આયો વિપિન મોઝાર. સુ૦ મે૦ ૨૧

કાકા સાથ કુતુહલી રે લાલ, હોઇ રહ્યા જિનરાય; સુ૦
એક ખેલાવે ગોદમેં રે લાલ, એક લીયે કંઠ લગાય. સુ૦ મે૦ ૨૨

એક અંગુલીયા લેઇ ફિરે રે લાલ, એક ખેલણુ ખેલાય; સુ૦
એક નચાવે રંગશું રે લાલ, તાલિ નાદ સુણાય. સુ૦ મે૦ ૨૩

ઘમ ઘમ વાજે ઘુઘરી રે લાલ, ઠમક ઠમક કી ચાલ; સુ૦
મેરે છગન મગના રે લાલ, હોઇ રહ્યો અતિ ખ્યાલ. સુ૦ મે૦ ૨૪

કબહુ આંખ અંજાવતો રે લાલ, પરહો છટકી જાય; સુ૦
બોલાયો ફિર નાવહી રે લાલ, માતા પકડે ધાય. સુ૦ મે૦ ૨૫

તબ પ્રભુજી રહે રિસાયને રે લાલ, ટબકી ગાલ કરાય; સુ૦
વિદ્યાધર સુર માનવી રે લાલ, સબહુ રહે રીઝાય. સુ૦ મે૦ ૨૬

ગગને વિલંબી વરાંગના રે લાલ, મોહનસું મન મેલ સુ૦
સુરજ રથ થંભી રહ્યો રે લાલ, દેખી કુમરની કેલ. સુ૦ મે૦ ૨૭

તૃણચરા તૃણ છોડીયા રે લાલ, પંખી ચુગ ન ચુગાય; સુ૦
જંગમ જીવ જીકે તિકે રે લાલ, પ્રભુસું રહે લવ લાય. સુ૦ મે૦ ૨૮

અવગુણહારા દેવતા રે લાલ, ગુણ તો કો ન ગ્રહાય; સુ૦
માખી ચંદન પરિહરે રે લાલ,
અસુચિ તિહાં ચલી જાય. સુ૦ મે૦ ૨૯

અમૃત થાન લગાવતા રે લાલ, જોક ન દુધ પીવાય; સુ૦
રંગત રસે રાચે ઘણું રે લાલ, બીજે હેત ન કહાય. સુ૦ મે૦ ૩૦

સુવા શબ્દ સોહાસણો રે લાલ, માનીને ન સોહાય; સુ૦
નાચ નિહાલી મોરનું રે લાલ, પાપી પલ ન તજાય. સુ૦ મે૦ ૩૧

નિ:કારણ વૈરી કહ્યા રે લાલ, મૃગ મચ્છ મારણહાર; સુ૦
ગુણ હર્ષતાં વિણ સાધુને રે લાલ, નીચ દહંત અપાર. સુ૦ મે૦ ૩૨

ખેલ કરી પ્રભુ પાલણે રે લાલ, સુખે સોવંતાં લીધ; સુ૦
ગગને ચઢયો તે દેવતા રે લાલ, જાણ્યો કારજ સીધ. સુ૦ મે૦ ૩૩

અવધિજ્ઞાન પ્રયુંજીયો રે લાલ, જાણે ભેદ દયાલ; સુ૦
લેશ માત્ર બલ ફોરવ્યો રે લાલ,
સુર ચાંપ્યો પયાલ. સુ૦ મે૦ ૩૪

સુતો સિંહ જગાવીયો રે લાલ, અહિ મુખ ઘાલે હાથ; સુ૦
કિમ સુખ પાવે બાપડો રે લાલ, જે રોડે જગનાથ. સુ૦ મે૦ ૩૫

એટલે સુરપતિ આવીયો રે લાલ, સુર છોડયા વિણ કાજ; સુ૦
રાખ રાખ જગ રાજીયા રે લાલ,
તુમહિં ને સહુ લાજ. સુ૦ મે ૩૬

છોડાવ્યો તે દેવતા રે લાલ, પામે નિજ અપરાધ; સુ૦
આગલ ઉભા વિનવે રે લાલ, કિધા ના ફલ લાધ. સુ૦ મે૦ ૩૭

પોઢાવ્યા પ્રભુ પાલણે રે લાલ, પાખર સુરની કોડ; સુ૦
સેવા કારણ મુકીયા રે લાલ, ઈંદ્ર નમે કરજોડ. સુ૦ મે૦ ૩૮

ખેલી ખ્યાલ ઘર આવીયા રે લાલ, બાલ ગોપાલ નરંદ; સુ૦
ઘર ઘર હોવે વધામણા રે લાલ, ઘર ઘર પરમાનંદ. સુ૦ મે૦ ૩૯

શ્રી હરી વસે વિરાજીયો રે લાલ, નેમ જીણંદ દયાલ; સુ૦
પ્રબલ પ્રતાપ મહાબલી રે લાલ, હલધર કૃષ્ણ કૃપાલ. સુ૦ મે૦ ૪૦

ઢાલ ભલી છત્રીશમી રે લાલ, પઢત ગુણત સુખદાય; સુ૦
લીલા નેમજિણંદની રે લાલ, ગુણસાગર ગુરૂરાય. સુ૦ મે૦ ૪૧

દોહા

આવણ જાવણ હોવતાં, રખે લખે કે વાત;
એમ જાણી પાસે રહે, હલધર આમે ભ્રાત. ૧

અંકુરાદિક કંસને, નાંખે છાના સુત એહ;
મુક્યો કંસ અણજાણીયો, તેણે રામ ગુણગેહ. ૨

દશ ધનુષ ઉંચા બેહુ, ગોકુલ રમે કુમાર;
કામ તણી તિહાં ગ્વાલણી, દેખે આવી અપાર. ૩

કૃષ્ણ આદિ યાદવની કલા, રામ પાસે સુખકાર;
ધનુષ્યકલા તિમ ભલી ભણે, ક્ષત્રીનો આચાર. ૪

## ઢાળ ૩૭ મી

(જીહો મથુરા નગરીનો રાજીયો—એ દેશી.)

જીહો રામ અને હરી મિલી, લાલા ધરતા અધિક સનેહ;
જીહો એક જીવ તનુ જુજુઆ લાલા, જાણી જઇ ન સંદેહ,
ચતુર નર હરી રમે રમરંગ.
જીહો સુંદર રૂપ સોહામણા લાલા, ચલતો જાણે અનંગ.
ચતુર૦ એ આંકણી.

જીહો હવે હરી ચલતા બલદને લાલા, પુંછ ગ્રહે બંધ જાય;
જીહો કૃષ્ણ જોર તે દેખીને લાલા, અચરજ પામે રામ. ચ૦

જીહો જીમ જીમ વાધે હરી તિહાં લાલા,
તિમ તિમ ગોપી એ ચિત્ત;
જીહો કામ વિકાર લહે ઘણો લાલા, ઘુમી લાગી પ્રીત. ચ૦

જીહો રાધે સુતા વૃખભાનની લાલા, કંચન કોમલ ગાત;
જીહો ખ્યાલ લાગી હરી આગલે લાલા,
સહી ચેષ્ટા મીસ જાત. ચ૦

જીહો રોકે તવ આડો ફિરી લાલા, મોહન શ્રી નંદલાલ;
જીહો હઠ ભરી હરી આગલે લાલા, બોલે રાધા બોલ. ચ૦ ૫

જીહો હમ ગોપીયન પર દાનની લાલા,
ફીણુ કીધી છે રે આદ
જીહો આપ સમે હરી રાધિકા લાલા, કરતા ઝખ વિખવાદ. ચ૦ ૬

જીહો આ વ્રજમાં વસતાં થકા લાલા, કદીય ન દીધો રે દાણુ;
જીહો કુંવર બાબા નંદના લાલા, જાત નહિં ગૃખુલાન. ચ૦ ૭

જીહો જાવા દ્યો હઠ કિમ કરો લાલા, મુજ વેચણુ હજી માટ;
જીહો વેલા વનમેં બહુ થઇ લાલા, માતા જોતી હશે વાટ. ચ૦ ૮

જીહો નિત નિત એમ હરી રાધીકા લાલા, કરે વચન રસ કેલ;
જીહો નેહ ઘેલી આવે તિહાં લાલા, કાજ સકલ અવહેલ. ચ૦ ૯

જીહો સોલ સહસ્સ ગોવાલણી લાલા, હરીને રંજન કાજ;
જીહો દાખે નવ નવ ચાતુરી લાલા, હાવ ભાવ કરી લાજ. ચ૦ ૧૦

જીહો ગોપી હરી પાખલ મલી લાલા, ઘુમર ગાવે રે રાસ;
જીહો લુબ્ધા ભમરા જીમ ભમે લાલા,
કમલ તણે નીતુ પાસ. ચ૦ ૧૧

જીહો હરીને જોતી ગોપીયા લાલા, નયણુ ન મીંચે રે કેમ;
જીહો કૃષ્ણ કૃષ્ણ ઇમ બોલવે લાલા, હો વનમેં લે તેમ. ચ૦ ૧૨

જીહો એક સમે ગોપી તિહાં લાલા, ગાય દુહે ભુપીઠ;
જીહો ટલી ન જાણે દોહણા લાલા, હરીશું લાગી દીઠ. ચ૦ ૧૩

જીહો વિવિધ કુસુમ ગુંથી તિકે લાલા, આણ કરી ઉત્કંઠ;
જીહો વરમાલા પરે ગોપીયા લાલા, ઘાલે હરીને કંઠ. ચ૦ ૧૪

જીહો જિણ તિણ વિધ કરી હરી ભણી લાલા,
ગોપ તણી તે નાર;
જીહો બોલાવે ફંસે મીલે લાલા, કરતી કામ વિકાર. ચ૦ ૧૫

જીહો મોરપિંછ માથે ધરી લાલા, હરી ગોવાલણી સાથ;
જીહો આવે દેવની પુરે તિકે લાલા, ઝાલી હરખે હાથ. ચ૦ ૧૬

જીહો નીર અથાહે ઝીલતો લાલા, હંસ પરે હરી જાણ;
જીહો પંકજ ગોપી માગીયા લાલા, લીલાએ દીએ આણ. ચ૦ ૧૭

જીહો ગોવાલણીયા રામને લાલા, ઓલંભે એકવાર;
જીહો તુમ બંધવ અમ નેહરે લાલા, અણુદિઠે બહુવાર. ચ૦ ૧૮

જીહો મધુર બજાવે વાંસળી લાલા, ગિરિકંદરે આણંદ;
જીહો ઘણું હસાવે રામને લાલા, નાચે નવ નવ છંદ ચ૦ ૧૯

જીહો ગોવાલણી સાથે મલી લાલા, નાચે કૃષ્ણ કુમાર;
જીહો રંગાચાર તણી પરે લાલા, તાલિ દીયે હલધાર. ચ૦ ૨૦

જીહો ઇમ રમતાં હરી રામને લાલા, વોલ્યા વરસ ઇગ્યાર;
જીહો ગુણસાગર સુરિએ કહી લાલા, ઢાલ સાડત્રીશમી સાર. ચ૦ ૨૧

---

## દોહા

કંસરાય મથુરાપુરી, સુખમેં રાજ કરંત;
બ્હેન તણે ઘર આવીયો, કન્યા દેખી હસંત ૧

બહિને ગર્ભ જે સાતમો, કિમ મુજ મારણહાર;
કે રુષિ ભાંખ્યો અન્યથા, કે કોઇ વાત વિચાર. ૨

નિમિતીયાને પુછીયો, રૂષિવર વચન વિચાર;
સો ભાંખે નૃપ નવી મીટે, હોણહાર વ્યવહાર. ૩

ભૂપ ભણે નિમતિ સુણો, હું કિમ જાણું તાસ;
અણજાણ્યા અણઓળખ્યા, કિમ કરૂં તસ નાસ. ૪

નિમિતીયે સહિનાણીકહ, રાય બતાવે તામ;
કેશીહય અરમેષ વૃષ, એહનો કુંડણ ઠામ. ૫

ધનુષ ચઢાવે ભુજબલે, માથે કઠિનાકાર;
તુમ સુત હાથી પાટના, મારી મેલાવે સાથ. ૬

મલ્લ અખાડે મલ્લને, ઝાલી પછાડે જોર;
તે તુમ વૈરી જાણજો, એહ કહાવી હોર. ૭

કંસ ભુપ અતિ ખલભલ્યો, અરીનો સુણી અધિકાર;
વૃષભ મેલ્યો મોકલ્યો, પુંઠે ઘણા અસવાર. ૮

---

ઢાલ ૩૮ મી

( રશીયાની દેશી તથા મત કોઇ રમજો હો સાજન સોગટે-એ દેશી )

હવે સ્નદ ઝોલે હો કંસ નરિંદનો, અરીષ્ટ બલદ બલવંત;
ચતુરનર વનંશવનમે હો આવે આકતો, કરતો કોપ અનંત. ચ૦
સુણજો સજ્જન અચરજની કથા. ૧

શિંગે ઉપાડી પછાડે ગાયને, નદીય કંડેપ પરે તામ; ચ૦
તીમ વલી કોપ ધરી પગ પાછટે, ઢોલે ધૃતના ઠામ. ચ૦ સુ૦ ૨

રામ સહિત ગોવિંદે તવ સાંભલ્યો, કોલાહલ અતિ હોય; ચ૦
લેઇ હથીયાર પ્રસી હરી આવીયો,
અરિષ્ટ બલદ તિહાં જોય. ચ૦ સુ૦ ૩

વારે ઇહાં સહુ નંદ ગોવાલીયા, નહિં ગોસૂતનો કામ; ચ૦
વિનવે સહુ પણ તે તો નવિ રહે, બલદ બોલાવે તામ. ચ૦ સુ૦ ૪

સો પણ આયો હો હરીને ઉપરે,
રીસ ભર્યો વિકરાલ; ચ૦
મારે અપુઠો હો હરી નિજ ભુજ બલે,
હરખ્યા બાલગોપાલ. ચ૦ સુ૦ ૫

હરી રમતાં વલી આવ્યો હો અન્યદા, કેશી કંશ કિશોર; ચ૦
મહીતલ ગાજે હો પગ ખુડતાલસું,
હય હિંસારવ જોર. ચ૦ સુ૦ ૬

અહતો હો દંત વિચાલે લોકને, ખુરે હણતો માય; ચ૦
દેખી હો સોર મચ્યો વન ગોકુલે, ગોધન નાઠા જાય. ચ૦ સુ૦ ૭

લોક પોકાર સુણી હરી આવીયો, તરીને પાસે જાય; ચ૦
હરીને મારણ ધાયો હો હયવરુ, લોક રહ્યાં અકુલાય. ચ૦ સુ૦ ૮

નાંખી હો ફાલ કેશી જબ આવીયો,
દોટ કરી હરી આપ; ચ૦
મુખસું હો ઝાલી તામ વિદારીયો,
ટાલ્યો સબલ સંતાપ. ચ૦ સુ૦ ૯

કંસ તણા ખરમેખ તિમહિજ વલી,
ગોકુલમેં સમકાલ; ચ૦
ફરતાં વનમેં હો હરી દ્રષ્ટે પડે, નાંખે તામ ઉછાલ. ચ૦ સુ૦ ૧૦

એકદિન જમુના જલમેં હો પરિસરે, હરી રમે સુવિચાર; ચ૦
કંદુક ઉછલીને તવ પડયો, કાલિદ્રહ મોઝાર. ચ૦ સુ૦ ૧૧

તે લેવાને હરી દ્રહાંતર ગયા, શોધી લીયો ગયંદ ચ૦
પિછે ફિરતાં તવ પેખીયો, આવાસ તેજનો કંદ ચ૦ સુ૦ ૧૨

ભિંતે દીઠી એક ગવાક્ષિકા, કોતુક અધિક પામ; ચ૦
દેઈ ફલાંગ માંહિ તે ગયા, નિરિક્ષણ કરે કામ. ચ૦ સુ૦ ૧૩

આગે જાતાં પલંગમે ઝીલંતાં, દેખે કાલીનાગ ચ૦
સહસ્રફણો સુતો સુખ નિંદમેં, મહીધર વિષનો છાગ. ચ૦ સુ૦ ૧૪

કરે તિહાં નાગણી નાગપાતાલની, નવનવ ભાત વિનોદ ચ૦
પામી અચરજ તામ હરી ભણી, બોલે વચન સરોદ. ચ૦ સુ૦ ૧૫

અથ નાગદમન

નાગણીઉવાચ—

કાંઇ તું વાટ વિસારિયો રે બાલા,
કાંઇ તું મારગ ભુલીયો;
કાંઇ ને તાર કાલ ઘટીયો, જે આણે મારગ આવીયો.

જલકમલ છાંડી જાય રે બાલા, સામ મોરો જાગશે;
જાગશે તને મારશે મને બાલહત્યા લાગશે. જલકમલ૦ ૧

કાનવાચ—

નહિં તે વાટ વિશાસીયો રે નાગણુ,
નહિં તે મારગ ભુલીયો;
નહિં તે મારો કાલ ઘટિયો, હું એણે મારગ આવીયો. જલ૦ ૨

નાગણીવાચ—

કિહાં તમારો બેસણો રે બાલા, કુણુ તમારો ગામ રે;
કુણુ રાયના ચલણુ ચાલે, સ્યો છે તમારો નામ રે. જલ૦ ૩

કાનવાચ—

મથુરા હમારો બેસણો રે નાગણુ,
ગોકુલ હમારો ગામ રે;
કંસરાયના ચલણુ ચાલે, ગોવાલીયો હમારૂં નામ રે. જલ૦ ૪

નાગણુ જગાડો તોરા નાહને, વલી કેસે જે વેસાસીયો;
કંસરાયથી જુવટે રમતાં, નાહ તુમારો હારીયો રે. જલ૦ ૫

નાગણી નાગ પ્રબોધન વાચ—

ચરણુ ચોડી અંગ મોડી, નાગણે નાહ જગાવીયો;
ઉઠોને બલવંત બેઠા થાઓ,
બાલુડો હમ ઘર આવીયો રે. જલ૦ ૬

ઢાલ સુલગી

ઉઠયો હો મહીધર વિષ ભરે લોચને,
કોપ ધરી તતકાલ; ચ૦
આયો હો સન્મુખ હરીને ઉપરે, રોસ ભર્યો વિકરાલ. ચ૦ સુ૦ ૧૬

નાઠયો હો ઝાલી બેલ તણી પરે, પામ્યો અધિકી ત્રાસ; ચ૦
ઉપરે બેસી હો હય પરે વાહિઓ,
જોર કિસ્યો હરી પાસ. ચ૦ સુ૦ ૧૭

થાકયો હો નાગ તજી અભિમાનને,
પ્રણુમે પ્રભુના પાય; ચ૦
હું તુમ પાયક સાહિબા, મહેર કરો મહારાજ. ચ૦ સુ૦ ૧૮

હવે હું સેવક આજથી તાહરો, ન ભજું અવર ભૂપાલ; ચ૦
લેઇ સત્કાર આયો હરી નિજ ઘરે,
મલીયા બાલગોપાલ. ચ૦ સુ૦ ૧૯

હવે વૃષભાદિક હણીયા સાંભલી, વૈરી જાણુણહાર; ચ૦
સારંગ ધનુષ્ય પુજણુ થાપીયો,
પરખદા મેં મહારાજ. ચ૦ સુ૦ ૨૦

કંસે કરાવી હો તિહાં ઉદ્ઘોષણા,
ભામા કુમરી વ્યાહ; ચ૦
સારંગધનુષ ચઢાવે જે ભુજબલે,
પરણે તેહ ઉચ્છાહ. ચ૦ સુ૦ ૨૧

એમનિસુણી હો આવે તિહાંકણે, અલગાથી રાજાન; ચ૦
ધનુષ ચડાવી પણ કો નવિ શકે, સારંગ જે અભિધાન ચ૦ સુ૦ ૨૨

એહવે નંદન શ્રી વસુદેવનો, શુર સુભટ ગુણધીર ચ૦
ઉલાકી રથ ઉપર બેસીને, અનાધૃષ્ટ વડવીર. ચ૦ સુ૦ ૨૩

મારગ જાતાં હો ગોકુલ ગામમેં, વાસ રહ્યો સુભટેવ; ચ૦
મથુરા વાટ દેખાડણ તવ લીયા, સાથે હરી બલદેવ. ચ૦ સુ૦ ૨૪

વડ ઉન્મેલી હો હરી મારગ કરે,
હરખ્યો બલ મહીરાણ; ચ૦
હરી બલ દેખી હો મન અચરજ લહ્યો, રથે તેડે રાજાન. ચ૦ સુ૦ ૨૫

અનુક્રમે જમુનાજલ ઉતરી, પેશે મથુરામાંહિ; ચ૦
ધનુષ સભામેં હો આયા રંગશું, બેઠા ધરી ઉચ્છાંહિ. ચ૦ સુ૦ ૨૬

ભામા હો હુઇ અતિ અનુરાગિણી, નિરખી હરીનું રૂપ; ચ૦
સારંગ ધનુષ ખેંચણ તવ ઉઠીયા, હોંશ ધરી વર ભૂપ. ચ૦ સુ૦ ૨૭

નિરખી ધનુષ્ય હો પાછા ઓસરે, મહીપતી મોટા રાય; ચ૦
હોઇ અપુઠા હો, તવ પરણીત પરે, ઉભા મુખ છીપાય. ચ૦ સુ૦ ૨૮

એટલે કુમર શ્રીવસુદેવનો, હોઇ સનદ્ધ તનુ મોર; ચ૦
ચડવડી ચાલ્યો હો, ભય મત અવગણી,
થાપ ગ્રહી કરે જોર. ચ૦ સુ૦ ૨૯

[illegible] મુખે,
પડીયો ભુમિ આય; ચ૦
હાંસો કરતા હો દેખી સભા સહુ, તવ ઉઠયો હરીરાય. ચ૦ સુ૦ ૩૦

ઇંદ્ર ફરસે હો જિમ નિજ વજ્રને,
સારંગ પ્રતિ [illegible] તેમ; ચ૦
ચોહડી ધનુષ્યને ટંકારવ કીયો, હરી બલ અધિકો એમ. ચ૦ સુ૦ ૩૧

લઇ વરમાલ હો હરી કંઠે ધરી, નવલ સનેહી નાર; ચ૦
ઢાલ આડત્રીશમી ગુણસાગર કહે, ઘરે આયો મોરાર. ચ૦ સુ૦ ૩૨

દોહા

કંસરાય હવે [illegible], આરંભે મલયુદ્ધ;
કરવા કારણ તેડીયા, રાય અનેક વિશુદ્ધ. ૧

વસુદેવને તેડીયા, સઘલા આપણ ભાઇ;
અંકુરાદિક પુત્રશું, કંસ હવે ચિત્ત લાય. ૨

સન્માની બેસાડીયા, કંસે તે સહુ કોય;
[illegible] મહિપતા, પામે શોભા સોય. ૩

મલયુદ્ધ હવે સાંભલી કૃષ્ણ રામને એમ;
કહે મથુરા જાઇએ, અચરજ જોવા જેમ. ૪

માની વચન બલભદ્રજી, એમ જસોદા પાસ;
ન્હાવણ કર અમે જાયસ્યાં,
મથુરા ચિત્ત ઉલ્લાસ. ૫

દેખી જસોદા માતને, હટક કહે બલદેવ;
કંસ હણ્યો હરી બંધવા, વાત કર સુભટેવ. ૬

પહિલુણો સ્યું વિસર્યો, તુજને દાસી ભાઉં;
જિણ ન કીયો કારજ તુરત;
વચન ગણ્યો અમવાઉં. ૭

એહ સુણી હરી કોપીયો, ઉપજી રીસ અપાર;
બોલાવ્યો બોલે નહિં, તવ ચિંતે હલધાર. ૮

---

## ઢાળ ૩૯ મી

( મેલી માથે માર–એ દેશી )

હલધર સાહિ હાથ, બોલાવે નરનાથ;
ભાઇ કિમ અણુમણો એ, વચન દયામણો. ૧

વાદલ છાયો ચંદ, દુર્બલ દીસે મંદ;
તિમ તુમ મુખ ઇસ્યો એ, કહો કારણ કિસ્યો એ. ૨

ઇણ વાતે ગુણગેહ, ત્રુટો દીસે નેહ;
બંધવ તુમ તણો એ, સાચો મુજ ભણો એ. ૩

હરી ભાંખે ઇમ થાય, તું મોટો મહારાય;
હું મન જાણતો એ, હઠ નવી તાણતો એ. ૪

પણ તુમ અધિક ગુમાન, દીસે છે રે રાજાન;
મુજ જનની વડી એ, કહી તુમ દાસડી એ. ૫

ઇણ વાતે તુમ લાજ, નવી આવી મહારાજ;
વિણ વેધે વહો એ, અણઘટતું કહો એ. ૬

પામી અંતર ભેવ, હસી બોલે બલદેવ;
નહિં તુમ જામની એ, જસોદા સ્વામની એ. ૭

કિંતુ દેવકી માય, દેવકસુતા સુખદાય;
વચ્છ તુમ માવડી એ, વસુધામાં વડી એ. ૮

નંદ સદન સુખ હેત, માતા ધરીય સંકેત;
મુકયો તુમ ભણી એ, આરતિ મન ઘણી એ. ૯

પણ ન કરે તુજ ગોર, કંસ તણો ભય જોર;
તુજ વિરહાતુરી એ, રહે મથુરાપુરી એ. ૧૦

માસ માસને છેહ, માતા ધરી મન નેહ;
આવે વિલખતી એ, તુમ મુખ નિરખતી એ. ૧૧

નંદ જસોદા નાર, સખીય પણે સુવિચાર;
રાખે હેત ધરી એ, હેજ ઘણે કરી એ. ૧૨

વસુદેવ આપણે તાત, મુજ મુકયો વિખ્યાત;
કંસ કારણ પખે એ, વાત ન કો લખે એ. ૧૩

બાંધવ દસે દસાર, જાદવનો પરિવાર;
તુજ શીર રાજતો એ, જગ જસ ગાજતો એ. ૧૪

હું વડ બંધવ સાર, ગુપ્તપણે સુવિચાર;
રહું મન નેહથી એ, પ્રેમ વિશેષથી એ. ૧૫

દાસી ભણી કરી રીસ, તિણ કારણ તુમ ઇશ;
અલિક ગુનો કહે એ, વચ્છ વિરચ્યો સહિ એ. ૧૬

ઢાલ નવત્રીશમી સાર, પામ્યો ભેદ મોરાર;
ફરી પુછે ઇસ્યું એ, ગુણસાગર કિસ્યું એ. ૧૭

---

દોહા

હવે પુછે બલભદ્રને, કિમ મુકયો મુજ તાત;
કારણ વિણ ઇહાં કણે, તેમ ભણો સહુ વાત. ૧

વલતું બલભદ્ર કહે, વાત સવી વિસ્તાર;
કંસે તુજ બાંધવ હણ્યા, કોપ ધરી તિણવાર. ૨

તાત માત મથુરા રહે, કંસ તણે હઠ જોર;
સોલ વરસ તો વહી ગયાં, કોય ન આવે નોર. ૩

જરાસંઘના પક્ષથી, ચસકી ન શકે કોય;
મોટા સાથે બાંધવી, ઘણી વિમાસણ સોય. ૪

આજ કંસ વડરાજીયો, પાલે રાજ અખંડ;
આવીને કેઇ નમ્યા, પુહવીપાલ પ્રચંડ. ૫

વચ્છ આપણ સુત પાખતિ, વરતે એ વિરતંત;
તો એમ જાણી સિંઘનો, ખાજ શીયાલ ભખંત. ૬

બાંધવ મરણ સુણી કરી, કોપ્યો કૃષ્ણ મોરાર;
ચરીત્ર કરે જે આગલે, તે સુણજો સુવિચાર. ૭

---

## ઢાલ ૪૦ મી

( કોઇલો પર્વત ધુંધલો રે લાલ-એ દેશી )

આજ પવાડો કંસનો રે લાલ,
ઇમિ કરી પણ રીસાલ રે સોભાગી લાલ;
હરી હલધર બેહુ ચાલીયા રે લાલ,
સાથે ઘણા ગોવાલ રે. સો૦ આ૦ ૧

હરી હલધરને કાનજી રે લાલ,
બેહુ ગુણે અમોલ રે; સો૦
મથુરા દિશે ચાલતાં રે લાલ, પામે પુરની પોલ રે. સો૦ આ૦ ૨

પદ્મોતર ચંપક ભલા રે લાલ,
કંસ તણા ગજ દોય રે; સો૦
પુરપ્રવેશ કરતાં થકા રે લાલ,
સાહમા આવ્યા સોય રે. સો૦ આ૦

દાંત ઉખેડી મારીયો રે લાલ, હરી પદ્મોતર તેહ રે; સો૦
તિમ બલભદ્રે મારીયો રે લાલ,
ચંપક ગજ તિહાં જેહ રે. સો૦ આ૦ ૪

રામ કૃષ્ણ બેહુ દેખીને રે લાલ, કહે લોક સહુ કોય રે; સો૦
અરિષ્ટ પ્રમુખ ઇણે હણ્યા રે લાલ, નંદપુત્ર એ દોય રે. સો૦ આ૦ ૫

લુંટે બજાર દયામણીરે લાલ, ગોવાલીયા તેણીવાર રે. સો૦
વસ્ત્રભૂષણુને સુખડી રે લાલ, કોઇ ન વર્જનહાર રે. સો૦ આ૦ ૬

વ્યાપારી મિલી એકઠા રે લાલ,
કંસ ભણી કહે તામ રે; સો૦
ગોવાલીયે પુર લુંટીયો રે લાલ.
ન રાખી કોઇની મામ રે. સો૦ આ૦ ૭

કંસ કહે ધીરા રહો રે લાલ, આવણ દ્યો ઇણુ ઠામ રે; સો૦
કુટી કરશું પાધરા રે લાલ, પોચાડીશ યમધામ રે. સો૦ આ૦ ૮

નીલે પીલે ફુલડે રે લાલ. કંઠે ધરી વરમાલ રે; સો૦
મલ અખાડે આવીયા રે લાલ,
રામ કૃષ્ન રઢિયાલ રે. સો૦ આ૦ ૯

કંસ વિના પરિવારશું રે લાલ,
બેસે હરી હલધાર રે. સો૦
મોટા એક માંચા થકી રે લાલ,
સુભટ સબલ ઉતાર રે. સો૦ આ૦ ૧૦

રામ દેખાવે કૃષ્નને રે લાલ, કંસ ભણી તે વાર રે; સો૦
સમુદ્રવિજય આદે કરી રે લાલ,
એ આપણુરો પરિવાર રે. સો૦ આ૦ ૧૧

હવે તિહાં મલ્લ ઝુઝતા રે લાલ, જોવે રાણુારાણુ રે; સો૦
કંસ આદેશે ઉઠીયો રે લાલ, ચાણુરમલ્લ બલવાન રે. સો૦ આ૦ ૧૨

મેહતણી પરે ગાજતો રે લાલ,
થાપોટે નિજ હાથ રે; સો૦
ઉંચે સ્વરે એમ બોલતો રે લાલ,
સકલ નરેસર સાથ રે. સો૦ આ૦ ૧૩

વીરજનની જે જાંઇયા રે લાલ,
રાજપુત્ર મચ્છરાલ રે; સો૦

આવી અડો મુજ આગલે રે લાલ,
અહો મોટા ભૂપાલ રે. સો૦ આ૦ ૧૪

અણસહેતો હરી ઉઠીયો રે લાલ,
ન્હાનો પણ મન મોટ રે; સો૦
માંચેથી આયો ઉતરી રે લાલ,
ભુજા આપ થાપોટ રે. સો૦ આ૦ ૧૫

કૃષ્ણ થાપોટે બાંહને રે લાલ, ગયણ ધરા કંપાય રે; સો૦
દેખી ગયણ ઘન ઉમયો રે લાલ,
અષ્ટાપદ અકુલાય રે. સો૦ આ૦ ૧૬

દુધમુખે એ બાલુડો રે લાલ, સેવે સદા વનવાસ રે; સો૦
તિણે વઢવો જુગતો નહિં રે લાલ,
એક હાણને વલી હાસ રે. સો૦ આ૦ ૧૭

મુલકી દામોદર બોલીયો રે લાલ,
વચન વદે તવગોર રે; સો૦
આવ ચારણ ઉતાવળો રે લાલ, જોઉં થારો જોર રે. સો૦ આ૦ ૧૮

નંદગોપનો પુત્ર છું રે લાલ, દુધ તણી મુજ દેહ રે; સો૦
તો હું હરિ ગજની પરે રે લાલ, ઉતારૂં બલ એહ રે. સો૦ આ૦ ૧૯

વચન ચાતુરી કૃષ્ણની રે લાલ, દેખી બીજો મલ રે; સો૦
કંસ આદેશે ઉઠીયો રે લાલ, મૌષ્ટિક નામે મલ રે. સો૦ આ૦ ૨૦

ઉઠી બીજા મલ્લને રે લાલ, સાથે અડયો હલધાર રે; સો૦
થાપડી ભુજ તિમ આવિયો રે લાલ,
ચાણુર હરીની લાર રે. સો૦ આ૦ ૨૧

રામ અને મૌષ્ટિક લડે રે લાલ,
તિમ હરીને ચાણુર રે; સો૦
વિંધ્યાચલ ગજની પરે રે લાલ,
લાગ્યા રોષ આતુર રે. સો૦ આ૦ ૨૨

કંપે ધરા પગલા તસુ રે લાલ, ઉડે રજ અતિ પુર રે; સો૦
ઉઠી સભા અલગી થઇ રે લાલ,
નિરખે ઉભા દુર રે. સો૦ આ૦ ૨૩

કેશવ મુઠે ચાણુરને રે લાલ,
નાખ્યો ધરતી ઓટ રે; સો૦
વજ્ર જેમ શક્રેશને રે લાલ,
પડીયો ગ્રહે કોણુ ચોટ રે. સો૦ આ૦ ૨૪

સાત ધસુષ્ય પાછો પડયો રે લાલ,
તિણુ ઘાતે ચાણુર રે; સો૦
સાસ લઈ ચાણુરને રે લાલ, કૃષ્ણ હુંકારે સુર રે. સો૦ આ૦ ૨૫

કેડ ઝાલી નિજ જાનસું રે લાલ,
બાંહે શીષ નમાય રે; સો૦
હૈડે હણીયો મુઠસું રે લાલ,
કિણુ હરી જોર ખમાય રે. સો૦ આ૦ ૨૬

મોઢે લોહી નાખતો રે લાલ, ફાટી દેખી આંખ રે; સો૦
પ્રાણુ છાંડયા પાપીએ રે લાલ,
હરી પણુ દીધો નાખ રે. સો૦ આ૦ ૨૭

ઢાલ ભલી ચાલીશમી રે લાલ,
યુદ્ધ કરી બહુ ભાત રે; સો૦
ગુણુસાગર હવે કંસની રે લાલ,
આગે નીસુણો વાત રે. સો૦ આ૦ ૨૮

---

દોહા

કંસ હવે ભય કોપથી, બોલે કંપિત દેહ;
આલસ તજી ગોવાલીયો, મારો ઉભો એહ. ૧

જેણે એ પાપી પોષીયા, તે પણુ મારો નંદ;
ગ્રંથ ગ્રહો સહુ તેહનો, કાઢો ઘરનો કંદ. ૨

ભીર કરે જો ત્રિય કો, તેહને રાખણુ કાજ;
તે હણવો મુજ આણથી, નિશ્ચેશું તજી લાજ. ૩

---

## ઢાલ ૪૧ મી

(સો ભુપતિ આય મિલ્યો-એ દેશી)

એમ સુણી હરી કોપીયો રે, કંસ ભણી કહે એમ;
ચાણુર માર્યો તું જીવવા રે, મુરખ વંછે કેમ. ૧

સો અવસર આય મિલ્યો, રૂષિવર ભાંખ્યો જેહ.
સો૦ એ આંકણી.

રાખ જીવ તું તાહરો રે, જબ લગ ન હણું તુજ;
પછી નંદ હણવા જાયજે રે, દેખી પરાક્રમ મુજ. સો૦ ૨

એમ કહી કુદી આવીયો રે, માંચા પર હરીરાય;
કંસ પામી ભય આકરો રે, નાઠો મુખ વિલખાય. સો૦ ૩

સાસ ભર્યો આવ્યો ધસી રે, અંતે ઉરમેં ચાલ;
જીવજસા રહી બારણે રે, માનભરી મચ્છરાલ. સો૦ ૪

રામે તવ મુષ્ટિક ભણી રે, પહોંચાડયો જમ પાસ;
લોક નાઠા સહુ વેગલા રે, પામીને અતિ ત્રાસ. સો૦ ૫

એટલે સુભટ કંસના રે, ધાયા લેઇ હથીયાર;
હરી હલધર હણવા ભણી રે, સુભટ મોટા શિરદાર. સો૦ ૬

ઈસ એક માંચા તણી રે, રામ લઇ નિજ દાય;
મધુપર માંખીની પરે રે, નાસી સુભટ સહુ જાય. સો૦ ૭

જીવજસા આડી ફરી રે, બોલે છોડી લાજ;
મામી અબ અલગા રહો રે, મામો મલવો આજ. સો૦ ૮

ઇમ કહી તલપી આવીયો રે, લાતે ભાંગી કમાડ;
જાણે કંસ દરબારમેં રે, પડી ઓચિંતી ધાડ. સો૦ ૯

અંતેઉર સહુ અવગણી રે, રોસ ભર્યો હરી રાય;
કેસ ગ્રહી કંસરાયને રે, નાંખ્યો ધરણી આય. સો૦ ૧૦

મુગટ પડયો હાર ખીર ગયો રે, તરવા લાગ્યા નયણ;
મરણદશા આવી કંસને રે, કાન્હ વદે એમ વયણ. સો૦ ૧૧

જીવ તવ રાખવા કારણે રે, બાલક હણીયા જેહ;
હમણાં ફલ તે પામીયો રે, પ્રત્યક્ષ પાપી એહ. સો૦ ૧૨

કંસ શીર લાતે મારતાં રે, વરજે તવ દસાર;
દેખી હરી નિજ તાતને રે, છોડ ચલ્યો સુવિચાર સો૦ ૧૩

રામ કૃષ્નને નિજ રથમાં રે, અનાદ્રષ્ટિ બેસાડ;
સમુદ્રજવિય આદેશથી રે, મુકે નિજ ઘર આણ સો૦ ૧૪

ઉગ્રસેન સાથે મલીજી, સમુદ્રવિજય નરરાય;
કંસનો પ્રેત કારજ કરેજી, જમુનાને તટ જાય. સો૦ ૧૫

કંસની માત તિમ નારીએજી, જલતણી અંજલી દીધ;
જીવજસા નિજ પતિ તણોજી, પ્રેત કારજ નવિ કીધ. સો૦ ૧૬

રામ અને કૃષ્ણ તણોજી, પ્રેત કારજ કરી તેમ;
કારજ કરી સહુ નાહનો રે, કોપ ધરી કહે એમ સો૦ ૧૭

એકતાલીશમી ઢાલમેં રે, પ્રગટયો શ્રી હરી આપ;
ગુણસાગર જાદવ તણોજી, પ્રબલ પુન્ય પ્રતાપ. સો૦ ૧૮

---

દોહા

સતભામા પુત્રી ભણી, પરણાવે ત્યાં ભૂપ;
ઉગ્રસેન હરીરાયને, અભિનવ રંભા રૂપ. ૧

નિત નિત નવલાં આભરણ,
નિત નિત નવલા વેષ;
નિત નિત નવલી રતિકલા, કરે હરી સુવિશેષ. ૨

સોરિપુર આવ્યા હવે, જાદવ સકલ વિખ્યાત;
શ્રોતા સાંભલજો તુમે, જીવજસ્યાની વાત. ૩

વિલખી જીવજસા હવે, જરાસંઘને ગેહ;
પોહતી પ્રત્યક્ષ ચાલતી, અગ્ની રૂપે એહ. ૪

જરાસંઘ પુછે થકે, રોતી જંપે વાત;
યાદવકુમર હરી હલધરુ, કરી મુજ પ્રીતમ ઘાત. ૫

---

### ઢાળ ૪૨ મી

( સોવન સિંઘાસણ રેવતી—એ દેશી )

આંસુડાને લુહ્યા નિજ હાથશું, ચાંપી ચાંપી હૈડાને બાર રે;
ગ્હેવરચો મન અતિ બાપનો, પુછયો પુછયો સકલ વિચાર રે. ૧

આવી રે પનોતિ જરાસંઘને, કંતનો કરીય સંહાર રે;
બાપતણો કરવા ભણી, બંધવ કાલીકુમાર રે. આ૦ ૨

સોમસુભટ તવ મોકલ્યો, સમુદ્રવિજય નૃપ પાસ રે;
કંસના મારણહારને, મોકલો શિખ દીયો તાસ રે. આ૦ ૩

સમુદ્રવિજય કહે સોમજી, એ હમ કુલ શણગાર રે;
રામને કૃષ્ણ દો ભાઇલા, થંભણ સહુ પરિવાર રે. આ૦ ૪

નામ તું શીષ કે ધનુષને, મુક તું માન કે બાણ રે;
ધર શિર આણ કે ટોપલે, વાહલા જો અછે પ્રાણ રે. આ૦ ૫

પુત્ર તો પ્રભુ નહિં સ્વામીજી, જો પ્રભુ તો નહિં પુત્ર રે;
દોઇમેં એકજ હોયશે, તિમ કરો જિમ રહે સુત્ર રે. આ૦ ૬

પુત્ર તો આપથી ઉપજે, પ્રભુ કરે આપનો છેદ રે;
જડ વિના ડાલ તો સુકશે, થાશે થાશે વંશ વિચ્છેદ રે. આ૦ ૭

એહ સુણી હરી કોપીયો, ઉઠિયો ખડ્ગ સંભાલ રે;
સોમનો રાહુ હું સામલો, વેગે દઉં આમલો ટાલ રે. આ૦ ૮

ભૂપ ભત્રિજ શું વિનવે, મારવો નહિં અવસિટ્ઠ રે;
સ્વામીને બલે બલિયો મહા, સેવક હોવે અતિધિટ્ઠ રે. આ૦ ૯

સોમસુભટ તવ ચાલીયો, પોહોતો ભૂપતિ સંગ રે;
વાત સુણી અતિ પરજલ્યો, અગ્નિ જ્યોં ઘૃત પ્રસંગ રે. આ૦ ૧૦

સમુદ્રવિજય સહુ તેડીયા, કિધો કિધો વાત વિચાર રે;
હવે રે ઇહાં રહેવો નહિં, રહ્યા હોવે અસુખ અપાર રે. આ૦ ૧૧

કોષ્ટક એક નિમિત્તિયો, પુછીયો પુછીયો જાદવનાથ રે;
કિહાં રે ગયા હમ ઉગરા, બગડી છે મોટકા સાથ રે. આ૦ ૧૨

સો રે કહે નૃપ સાંભલો, આરતિ કાંઇ ન ઠામ રે;
ભૂપ હણી નિજ ભુજબલે, ત્રિખંડ ધણી હોશે સ્વામ રે. આ૦ ૧૩

નેમ ને હલધર કૃષ્ણજી, જેહના વંશમાં હોય રે;
દૈવ જો આપ કોપે ઘણું, પોંહચી શકે નહિં કોય રે. આ૦ ૧૪

એહ સ્થાનક તુમે પરિહરો, ઇહાં સુખ નહિં લગાર રે;
તાત તણાહિ જાણ કે, ખાઇ ખાઇ ગારી ગમાર રે. આ૦ ૧૫

પશ્ચિમ દિશે તુમે શીઘ કરો, સાયર તટ અભિરામ રે;
સત્યભામા સુત જનમશે, ભાનુભમર તસુ નામ રે. આ૦ ૧૬

તિહાં રે કરજો તુમે સાદરો, વાસ તણો રે મંડાણ રે;
અન્ન ધન ચીર કપુર સ્યું, પામશો ક્રોડ કલ્યાણ રે. આ૦ ૧૭

અષ્ટારે દશ કુલકોડી સ્યું, ચાલીયો જાદવરાય રે;
ડર રે વ્યાપે ઘણો પાછલે, તેહથી નિકલ્યા જાય રે. આ૦ ૧૮

ભોમીને મત કોઇ ઝુરજો, ભોમી તજી કેમ જાય રે;
ભોમી તજી ભગ્ન જાદવા, અવર તણી કુણ વાત રે. આ૦ ૧૯

ભૂપ ભત્રીપરે ભાંખહી, કોય છે બાવન વીર રે;
જાદવ સાથે રે લાગણી, જે કરે સાહસધીર રે. આ૦ ૨૦

કાલકુંવર ગ્રહ્યો બીડલો, હું જાઉં જાદવા લાર રે;
જિહાં રે જાય તિહાં કેડલે, જઈ લાવું પરિવાર રે. આ૦ ૨૧

યવન અનુજ રાજા પાંચસે, હય ગય પાયક તેડ રે;
કાલ કોપે કરી ધડહડયો, દડવડયો જાદવા કેડ રે. આ૦ ૨૨

જેહનો પુન્ય સખાઈયો, તેહના વડ રખવાલ રે;
તિહાં રે ન ચાલે બલ દૈવનો, કેટલો એ કુંવર કાલ રે. આ૦ ૨૩

જબલગ આયા એ આસના, તવ સુરી કરેહિ વિચાર રે;
તેમ પ્રપંચ ઉઠાઈયો, કાલ કીયો તવ કાલ રે. આ૦ ૨૪

યવનકુંવર સહુ રાજવી, પાછા વલી ચાલીયા તેહ રે;
ભૂપતિ સુખદુઃખ પામીયો, વાત સુણી ધુર છેહ રે. આ૦ ૨૫

વીર સંહારીયો પાપણી, લાગ્યો લાગ્યો પાપ અપાર રે;
બલતી રે જિહાં જાયે ગાડરી, તિહાં તિહાં બાલણહાર રે. આ૦ ૨૬

યાદવ વિઘન સહુ એ ટલ્યો, સહુ ટલ્યો ડર તતખેવ રે;
દાન ને પુન્ય કીયા ઘણાં, કીધી ગુરૂદેવની સેવ રે. આ૦ ૨૭

સ્વલ્પ પ્રયાણડે આવીયા, સોરઠ દેશ મોઝાર રે;
દૂરથી દીઠો અતિ રૂયડો, વિમલપણે ગિરનાર રે. આ૦ ૨૮

સાયરને તટ આસના, આવીયા જાદવ રાય રે;
સત્યભામા સુત જનમીયો, તિહાં કીયો કટક પડાવ રે. આ૦ ૨૯

ઢાલ ભલી બેંતાલીશમી, ભયહરણી અભિરામ રે;
શ્રીગુણસાગર પુરવે, મન તણાં વંછિત કામ રે. આ૦ ૩૦

દોહા

ઉદધિવિજય પરિવારસું, કરે રે મસલત તામ;
વિણ સુરવર આરાધીયા, સરે ન મોટા કામ. ૧

જિહાં જંબુક વાસો વસે, તે તો બહુલા ઠામ;
તે તરવર જગ થોડલા, જિહાં લે ગજ વિશ્રામ. ૨

તપ વિણુ સાનિધ નવિ કરે, દેવ મહા સુખદાય;
તપ વિણુ લબ્ધિ ન ઉપજે, પાપ વિલય નવિ જાય. ૩

દુઃકરથી દુઃકર મહા, જે જગ દીસે કામ;
તે તપ કરી આરાધીયે, એમ ચિંતે નૃપ સ્વામ. ૪

નિમિત્તિએ દિન આપીયો, સ્નાન કીયો બલિકર્મ;
સાયર પુજા સાચવી, સાધેવા સુખ શર્મ. ૫

---

## ઢાલ ૪૩ મી

( એક દિવસ લંકાપતિ એ-દેશી )

કૃષ્ણ કરે ઉપવાસજી, ત્રણ મહા ઉલ્લાસજી;
વાસજી, વાસ કરેવા કારણે એ;
ત્રીજા દિનની જામની, જાણે કે પ્રગટી દામની;
સ્વામની, જાય તે સુર ઉત્તારણે એ. ૧

હરીને સંખ પંચાયણ, દીયો રોહિણી નંદન;
નંદન, સંખ સુઘોષ સોહામણો એ,
વરવસ્ત્ર પહિરામણી, કીધી સાયર ને ઘણી;
અતિ ઘણી, ભક્તિ કરી ભાંખે ઘણો એ. ૨

કહે હું કિમ આરાધીયો, તપબલે આયો સાધીયો;
મુજને તે, દિયો કારજ આદેશડો એ,
હરીભાંખે સુર સાંભલો, આપો થાનક નિરમલો;
અતિ ભલો, થાનક અમારો પડ પડો એ. ૩

સુર સુરપતિ પાસે ગયો, સુરપતિ મન હરખીત થયો;
હરખીત થયો, ધનદને કારજ સોંપ્યો સહુ એ,
ધનદ સમારે અતિ ભલી, પુરી દ્વારિકા મન રલી;
મન રલી, પુગી આશ ફલી બહુ એ. ૪

નવ જોયણ વિસ્તારજી, લાંબપણે તે બારજી;
સારજી, સુવર્ણ કોટ ખાઈ ભલી એ,
હાથ અઢાર ઉંચા પણે, નવ ધરણી પાયો ખણે;
પોલાપણે, હાથ બાર ચારાંગુલી એ. ૫

રતન તણા વર કાંગુરા, દેખી મોહે સુરનરા;
કીધા એ, કોઠા નવરંગ ઝલકંતા એ,
એકસો અડસઠ્ઠ પોલ હો, દીસે સરખી ઓલ હો;
ઓલ હો, સાત ભોમી ધ્વજ લહેકતા એ. ૬

વૃત ત્રંસ ચઉરંસ હો, દેવ કરે પ્રશંસ હો;
કીધી હો, મંદિરની અતિ માંડણી એ,
દશભોમી રત્ને જડા, સહસ્સ બહુંતેર પરવડા;
વસુદેવના, મહેલ્લ તણી શોભા ઘણી એ. ૭

મધ્ય એકવીશે ભોમીયો, થંભ હજારે શોભીયો;
શોભીયો, મણિ માણેક જલુસીયો એ,
ધનદ કરે હરી હેતથી, નવ નવ ઘાટ વિશેષથી;
વિશેષથી, રંગભુવન કરી થાપીયો એ. ૮

ઈંદ્રાણી અનુહારના, સહસ્સ બત્રીશે નારના;
નારના, મહેલ તણી શોભા ઘણી એ,
બાંધ્યા સોવન ઘાટ હો, માંહિ હિંડોલા ખાટ હો;
ખાટ હો, વિવિધ પ્રકારે કોરણી એ. ૯

મેહેલ સોલ હજાર હો, ઉંચી ભુમિ અઢાર હો;
સાર હો, દીપે શ્રી બલદેવના એ,
ગોલ ત્રંસ ચઉ ખુણિયા, મોલ્લ વિવિધ સોહાવીયા;
સોહાવીયા, દશભોમી દસારના એ. ૧૦

સભા સુધર્મી મનરલિ, કીધી શોભા ઝલમલી;
ઝલમલી, રામ કૃષ્ણ ઘર આગલે એ,
ચડા શ્રી ગજરાજ હો, મદ ઝરંત સકાજ હો;
કાજ હો, હાથી શાલા પાસલે એ. ૧૧

મોટા વિવિધ ભાત હો, મોલ ભોમીયા સાત હો;
સાત હો, છપ્પન કોડ પરિવારને એ,
રાજ માર્ગને પાસ હો, સોવન જડિતા વાસ હો;
વાસ હો, રાય ઉગ્રસેન કારણે એ. ૧૨
ઘર ઘર ઘોડાસાલ હો, ઉત્તમ બાગ વિશાલ હો;
વિશાલ હો, કલ્પવૃક્ષ ઘર બારણે એ,
વાવીનો વિસ્તાર હો, નીર પુરીત સાર હો;
સાર હો, નારી મજ્જન કારણે એ. ૧૩
એક ખંડા દ્વિખંડા કહ્યા, ત્રિખંડા સતખંડા લહ્યા;
ગહગહ્યા, સાડકોડી વસતિ ખરી એ,
નામ જુજુઆ ધારીએ, રુદ્ધી ઘણી વિસ્તારી એ;
વિસ્તારીએ, અન્ન ધનસું ભેલ્યા ભરી એ. ૧૪
દિપંતી ઘર ઓલ હો, બણુતિ બણુતિ પોલ હો;
પોલન હો, પોલુ તો ઉંચી કહી એ,
કલશ કાંતિ અપાર હો. ઉંતો ઝિનકાર હો;
કાર હો, કાંતિ કિરણે મિલ રહી એ. ૧૫
હાટ તણી વરસોડ હો, સોહ નો સંદોહ હો;
દોહન હો, સોહ ગુણે ધન ગાજીયો એ,
સ્વર્ગ મૃત્યુ પાતાલ હો, તિન લોક રસાલ હો;
રસાલ હો, સાર શોધીને આણીયો એ. ૧૬
કુવા વાવ સરોવરૂ, વનવાડી અતિ મનોહરૂ;
હરીપુર, હરીપુર સરસ કહાવીયો એ,
એ સઘલો વિસ્તાર એ, ગઢ મઢ પોલ પાગારુ એ;
વારુ હો, અહો રાત્રિ માંહિ કીયો. ૧૭
પીતાંબર અતિ નિર્મલ, નક્ષત્ર માલા અતિ ભલ;
કૌસ્તુમ હો, ગરુડધ્વજ રથ આપીયો એ,
કૌમુદી ગદાવર, સારંગ ધનુષ્ય ભલા સર;
નંદક હો, ખડ્ગ મુગટ હરીને દીયો એ. ૧૮

વનમાલા મુસલ હલ, વસન તાલધ્વજ રથ બલ;
હલધર હો, પુજ્યો તૂણ ધનુષ્ય દેઇ એ,
ગ્રીવા આભ્રણ બેરખા, હાર સું કુંડલ નવલખા;
જિનજીને હો, આપે ભૂષણ સુર કેઇ એ. ૧૯

રંગ તરંગ વિરાજતા, વસન સમુજ્જવલ રાજતા;
પુનરપિ હો, રત્નતેજ હાર સુંદરુ એ,
સમુદ્ર વિજય ને વસ્ત્રજી, દિવ્ય સુરરથ શસ્ત્રજી;
ખાંડું હો, ચંદ્રહાસ નામે ખરું એ. ૨૦

યથાયોગ્ય જે જાણીયા, તે સહુ એ સન્માનીયા;
માનીયા હો, રાજા રાજકુમર તદા એ,
ઈંદ્રિતણે આદેશ એ, એ સઘલો વિશેષ એ;
કીધો હો, દેવકુબેરે ધરી મુદા એ. ૨૧

રામ રથે સિધારથી, હરીને દારુક સારથી;
પરિવારથી, બેસી રથ ઉપર ભલા એ,
પેશારો પુરમાં કીયો, સહુકો મન હરખીત થયો;
દેખી હો સુંદર નગરી, ઝલામલા એ. ૨૨

સુરપતિ સાથે મલી, કરતા મોચ્છવ મનરલિ;
મનરલિ, પધરાવ્યા દ્વારામતી એ,
રત્ન કનક ધનધાન્યસું, વરસાવે મન ખાંતસું;
ખાંતસું ત્રણ દિવસ લગે છતી એ. ૨૩

નર સુર અસુર વિદ્યાધરુ, ધનદદેવ અગ્રેસરુ;
અગ્રેસરુ, મંગલ ચાર કીયા ભલા એ,
કીધો નૃપપદ અભિષેક, હરી હલધરસું વિવેક;
સુવિવેક, તેજપુંજ ગુણ આગલા એ. ૨૪

ભૂચર ખેચર રાજીયા, સેવ કરે અતિ સાજીયા;
સાજીયા, નગરી દ્વારિકા યદુપતિ એ,
ભોગ ભોગવે ભોગ એ, સુપનાંતર નહિં સોગ એ;
ભોગ એ, આરતિ ચિંતા નહિં રતિ એ. ૨૫

આપ આપણો આચાર, સહુ પાલે સુવિચાર;
અવિચાર, કો ન શકે તિહાં કરી એ,
ઢાલ એ તેંતાલીશમી, ગુણસાગર ગુરુ મન રમી;
મન રમી, કમલા કેલ કરે ખરી એ. ૨૬

---

## દોહા

કમલા કેલ ખરી, કમલા હરી અર્ધાંગ;
કમલા કોડ વધામણા, કમલા રંગ સુરંગ. ૧

કમલાપતિ કલ્પતરુ, કમલાપતિ કિરતાર;
કમલાપતિને બારણે, કમલાનો વિસ્તાર. ૨

કમલા હયંવર ગયંવરા, કમલા સદન સાજ;
ઠાકુર ચાકર સહુ વિશે, કમલા રહી વિરાજ. ૩

કમલા બ્રાહ્મણ વાણીયા, કમલા અવર અશેષ;
કમલાપતિના રાજમાં, કમલા તણો વિશેષ. ૪

યાદવ જગમેં ઝગમગે, યાદવ જ્યોતિ અપાર;
યાદવપતિની સાહેબી, ચંદકલા વિસ્તાર. ૫

---

## ઢાલ ૪૪ મી

( એક દિવસ કોઇ માગધ આયો પુરંદર પાસ તથા
વંદુ શ્રી આદિ જીણંદ એ-દેશી )

ચંદકલા જિમ વાધે શ્રી હરી તેજ અપાર,
કાર ન લોપે સુરનર માનવ એક લગાર;
આ હરીવંશ વતંસક હંસ પ્રશંસ અનૂપ,
કૃષ્ણ કિપાલ કે સુરિજન દુરિજન સાલ સરુપ. ૧

સોમ કી શીતલતાઇ કે, તેજે તપત દિણંદ,
મેરુ જ્યું ધીર ગંભીર કે ગુણે ગિરુઓ ગોવિંદ;

સિંહ અબીહ સુલીહ કે સુરમેં સુર સનુર,
ઇંદ્રિકી પ્રભુતા પ્રગટિત પુરવ પુન્ય અંકુર. ૨

દાતા દિલ દરિયાકો નામ ધરંત અનંત,
પણ એ તિનુ ત્યાગ તણે મન નેમ વસંત;
પરનારીને હયો ન દીધી વૈરીને પૂંઠ,
યાચકને નાકારો ન કીધો સાહમો ઉઠ. ૩

સબવિધ સુંદર રાજ કરંત, કલેશ ન કોઇ,
નામે સુભામા ભામની, ગુણ અભિરામા જોઈ;
ચંદમુખી અદુ:ખી સખી સુંદર સોહે,
મેલી આણુ અનુપ કે ઉપમનો રે સંદેહે. ૪

નેહ ઘણેરે ઘડીયો વિધિના ઘાટ સુઘાટ,
અવર સકલ ત્રિય સાથ મથ્યો વિધિ ફોગટ માટ;
રૂપ સોહાગણી રાગણી રાજા રાગ અશેષ,
પંચેંદ્રિ સુખ માણત જાણત જન્મ વિશેષ. ૫

એક દિવસ નારાયણ પરખદા પુરી જામ,
સમુદ્રવિજય રાજાદિક રાજા બેઠા તામ;
ગગનથી ઉતરતો દીઠો એક સતેજ,
અગ્નિપુંજ કો કો કહે સુરજ તેજ સહેજ.

એટલે તે અતિ આસનો આયો જાણ્યો જે વાર,
તિમ રૂષિશ્વર દીઠો કે નારદ નામ ઉદાર;
નારાયણ પગે લાગ્યો કે ભાંગ્યો ભરમ અપાર,
હરી રૂષિશ્વર આપ પુછે સુખ વારંવાર. ૭

નારદ નારાયણને પુછે પ્રીત પ્રકાર,
તુમ પટરાણી સુણી મેં અમરી અવતાર;
સો હું દેખણુ ચાહું બંધવ તુમ આદેશ,
કૃષ્ણ કહે ધન થાનક જીહાં તુમે કરો પ્રવેશ. ૮

મુનિ જાણ્યોથો ભામા ભામની લાગશે પાય,
ભાવિને વશ રહી કછુ ઉપજી ઇહાં આય;
દૈવ ન દુષણુ દીજે કહ્યો નર એક લગાર,
હોવણુહાર હોવે સહિ નિશ્ચે એહ વિચાર. ૯

સતભામા તવ આગલે માંડી દર્પણુ સાર,
મનગમતા રસ આણ્યા તનુ પહેરે શણુગાર;
પ્રીતિરૂપે મોહી સોહિ કરે હાસ્ય વિલાસ,
આપ સરાહણુ કરતી કે ધરતી અંગ ઉલ્લાસ. ૧૦

પાછલ ઉભો આઇ રહ્યો તિહાં મહા મુનિરાય,
અંગ વિભૂતિ જટા શિર રૂપ વિરુપ દેખાય;
મુલકી મુલકી સત્યભામા ભાંખે મનશું તામ,
એક રૂપ એ એક એ જોજો વિધિ કે કામ. ૧૧

મેરો તો વદન ચંદ કે જાણી સુધારસ વાસ,
એ કોઈ મુખ કો રાહુ કે ચંદ કે આયો પાસ;
મોં મચકોડી રુષિસું ભામા કીધી હાસ,
ચાલ્યો તવ પિછતાય નારદ મન હુવો ઉદાસ. ૧૨

વાનરડો અતિ ચંચલ પીધો મદીરા પાન,
વિછુડે ચટકાયો કે લાગ્યો ભૂત અયાન;
આગે નારદ ને હરીનારી ખિજાયો જોઇ,
ખિજાવણુના ફલ લાગે તે સુણુજો સોઇ. ૧૩

અણુદીવાજ્યાં જે નર નાચે નાચ અપાર,
બાજાં વાજે તે નર કે મન નાચણુહાર;
અણુછેડયો હિ અનર્થકારી નારદ હોય,
છેડયો કયું કયું કયું ન કરે વિમાસી જોય. ૧૪

નારદ ચિંતે કાં હું આયો ઇણુ ઘર આજ,
જે ઘર માન ન પાએ કે તિહાં નહિ જાવાનો કાજ,

જઇ બેઠો કૈલાસગિરે સમુદાય પ્રણામ,
જો એ ખુણસ ન કાઢું તો સ્યો મુજ નારદ નામ. ૧૫

જો અપહાર કરાવું તો દુઃખ પાવે મિત્ત,
જો રે કલંક ચઢાઉં તો એ ચિંતા ચિત્ત,
સતી શિરોમણી ધીજતણે બલે સાચી થાય
આગે હિ મુજ વચન ન માને કો હરીરાય. ૧૬

ઇમ ચિંતવતા ઉપજી એ રૂષિને મનમાંહિ,
શોકય તણો દુઃખ ગાઢો કે નારીને અતિ પ્રાંહિ;
ચમાલીશમી ઢાલ ભલી નારદ સુવિલાસ,
શ્રીગુણસાગર પુન્યતણે બલે પુરે આશ. ૧૭

## દોહા

હીંશ મન દાવ ન ચુકહી, વૈરી ન તજે વાણ;
વૈરી વાઘ થકી બુરો, અરતિ ઉપાવે આણ. ૧

સહુ સાથે સુખ રાખીએ, સહુ સાથે સમભાવ;
પુરો પડવો દોહલો, જલ આધવિચે નાવ. ૨

ભામા ભમેં ભુલી ઘણું, મુજ સમ નારી ન કોય;
પણ એ તો જાણયો નહિં, વડાવડેરી હોય. ૩

નારદ એ નિશ્ચે ધર્યો, શોક તણો વડ સાલ;
નારીને સાલે ઘણું, બીજો સહુ જંજાલ ૪

## ઢાલ ૪૫ મી

(રામ વસે સાચી ઘણું-એ દેશી)

શોક તણો દુઃખ અતિ ઘણો, શોક દહે મનમાંહિ રે;
શોક સાલ સાલે ઘણો, જાવશું જીવ હિ પ્રાંહિ રે. શો૦ ૧

શોકને શુલી સારખી, શુલી કાઠ જુ એકો રે;
શોક કાઠ દીસે ઘણો, વિંધે હાડ અનેકો રે. શો૦ ૨

શોકય ને આગ સમી કહી, શોકય તણી અધિકાઇ રે;
આગ વલી બુઝે સહી, શોકય ન શીલી થાઇ રે. શો૦ ૩

શોક ને ઘાવ બરાબરી, ઘાવ તો રુઝી જાય રે;
શોક ઘાવ રુઝે નહિં, ખટકે કાલજા માંહિ રે. શો૦ ૪

શોક શસ્ત્ર સરીખો નહિં, શસ્ત્ર એક અંગ વ્યાપે રે;
શોકય શસ્ત્ર વહે આકરો, અંગો અંગથી કાપે રે. શો૦ ૫

શોક સોહાગ્ય વિલેકતાં, શોકય લહે દુ:ખ કેતા રે;
જીભ ન એક કહી શકે, મોટો અંબર જેતા રે. શો૦ ૬

શોકય પીયુ સમ લેખવે, આધો સુખ વટાવે રે;
નામ ન ભાવે શોકયનો, પ્રત્યક્ષ કેમ સોહાવે રે. શો૦ ૭

સુવા હી પાછે વલી, આણી દહંત અપાર રે;
જાણી અશાતા આકરી, કંઠ વહંતી વિચાર રે. શો૦ ૮

કર જોડી કિરતારને, નારી પોકારી જાઈ રે;
નારી મ કરજે જો કરે, મ કરે એહ સગાઇ રે. શો૦ ૯

વર દાલિદ્ર ગોરડી, વાંઝપણે અભિરામો રે;
વર પંખણી વર ટોરડી, પણ નહિ શોક હિ નામો રે. શો૦ ૧૦

એ દુ:ખ જાણી શોકનો, નારદ નિશ્ચે કીધો રે;
ભામા ઉપર શોક નો, જાણે કે બીડો લીધો રે. શો૦ ૧૧

અઢી દ્વિપ માંહે કરૂં, જિહાં તિહાંથી આણી રે;
ભામા ઉપર ભામની, થાપું હરી પટરાણી રે. શો૦ ૧૨

શ્રેણિ દોય વૈતાઢયની, શોધી તિહાં અભિરામો રે;
નારી ન નિરખી એહવી, જેહવી એ સતભામો રે. શો૦ ૧૩

ઉત્તર દક્ષિણ ભરતમાં, ફિર ફિર નારી જોઇ રે;
ભામા પગ અંગુઠડે, પહુંચી ન શકે કોઇ રે. શો૦ ૧૪

ઓલંભો દિયે દૈવને, રે પાપીશું કીધો રે;
રૂપ હતો જે નારીનો, ભામા ને સહુ દીધો રે. શો૦ ૧૫

મ્હારા કોડા પેટના, ફુટંતા ન દેખાય રે;
ઇમ ચિંતવતો આવીયો, શ્રી કુંડનપુર માંય રે. શો૦ ૧૬

કુંડનપુરના પાણીથી, ઉપજે આછી બાલ રે;
શ્વેત સ્વભાવે સુંદરી, દિસે ઝાકઝમાલ રે. શો૦ ૧૭

ભીષમ ભુપતિ પરખદા, આયો નારદ ચાલી રે;
ઉંચો આસન માંડીયો, કીધી ભક્તિ રસાલી રે. શો૦ ૧૮

એટલે આયો રૂખમીયો, કુમર કુલ શણગારો રે;
રૂપ કલા ગુણ નિરખતાં, નારદ હરખ અપારો રે. શો૦ ૧૯

નારદ પુછે રાયને, એ તુમ્હ કુણ કહાવે રે;
પ્રાણ થકી અતિ પીયારડો, નંદન નામ ધરાવે રે. શો૦ ૨૦

અંતર હરખી પુછીયો, એહને બહિનડ કોઇ રે;
પુજય પ્રસાદ તુમારડે, બહિન ભલેરી હોઇ રે. શો૦ ૨૧

પરણાવી કે કુંવારીકા, રાજા ઉતર દીધો રે;
આજ લગી તો કુંવારીકા, રુષિનો કારજ સીધો રે. શો૦ ૨૨

રુષિને લાગી ચટપટી, અંતેઉરમેં આવે રે;
રલિયાયતમેં રૂખમણી, ભુવા આણી વંદાવે રે. શો૦ ૨૩

રુષિજી દીધી આશીષકા, કૃષ્ણ ઘરે પટરાણી રે;
હોજે ભાગ્ય વિશેષથી, જુઠ નહિં અમવાણી રે. શો૦ ૨૪

નામ સુણી હરજી તણો, રૂખમણીનો મન રાચ્યો રે;
ગયણાગણ ધન ગાજીયો, મોર મહીતલે નાચ્યો રે. શો૦ ૨૫

પિસ્તાલીશમી ઢાલમેં, નારદ વંછિત ફલશે રે;
ગુણસાગર ગુરૂ ઇમ ભણે, રૂડે રૂડો મલશે રે. શો૦ ૨૬

દોહા

રૂખમણી ભાંખે સુણુ ભુવા, કિસી કહે રુષિ વાત;
કુવણ કૃષ્ણ નરેશ્વર, કુવણ પુરી વિખ્યાત. ૧

કુવણસું દેશાંદેશડો, કુવણુ વંશ વિશાલ;
કુવણુ રિદ્ધિ રૂપે કુવણુ, કુવણુ તાસ પરિવાર. ૨

કુવણ નામ માતા પિતા, કુવણસું બંધવ જોડ;
બંધવને પરસાદડે, પહોંચે સઘલા કોડ. ૩

કુવણ બહિન સોહામણી, વિક્રમ તણો વિચાર;
ભુવા ભણે રુષિરાયજી, કહો સહુ વિસ્તાર. ૪

નારદ બોલે ગહગહ્યો, સુણો વડ બાઇ વાત;
સંભલાવું ધુર છેહથી, કૃષ્ણતણા અવદાત. ૫

---

ઢાળ ૪૬ મી

( ઇડર આંબા આંબલી રે, ઇડર દાડમ દ્રાખ એ-દેશી )

દ્વારિકા નગરી અતિ ભલી હો, દ્વારિકા કૃષ્ણ નરેશ;
દ્વારિકા સહુ મન ભાવતી હો, દ્વારિકા પુન્ય વિશેષ;
હો હરજી દ્વારિકા કેરો રાય, જેહના સેવે સુરનર પાય હો. હ૦ દ્વા૦ ૧

દેશ સોરઠ દેસડો હો, દેશાં નો શણગાર;
રત્ન પાંચાસું રાજતો હો, શોભા અધિક ઉદાર હો. હ૦ દ્વા૦ ૨

જલ તંબોલ રેવત ભલો હો, દ્વારિકાં અધિક ઉદાર;
વંશ શ્રીહરીવંશજી હો, સહુ વંશાં શિરદાર હો. હ૦ દ્વા૦ ૩

વય જોવન જેહની હો, વંછે જે વરનાર;
રિદ્ધિ કુબેર સારખી રે, લાખ વસે ઘરબાર હો. હ૦ દ્વા૦ ૪

રૂપ અનુપ સોહામણો હો, મદન તણો અવતાર;
દશ દસાર આદે કરી હો, યાદવનો પરિવાર હો. હ૦ દ્વા૦ ૫

માતા નામે દેવકી હો, કરમેતી કહેવાય;
આપ ભલો વસુદેવજી હો, મહિમા કહ્યો ન જાય હો. હ૦ દ્વા૦ ૬

બંધવ શ્રી બલદેવજી હો, દીસે કેઈ હજાર;
બહિન સુભદ્રા શોભતી હો, અર્જુન તસ ભરતાર હો. હ૦ દ્વા૦ ૭

વિક્રમ શક્રતણો વહે હો, જે નહિં કેહને માન;
રિપુ કુલ કાલ કહાવીયો હો, ગુણમણી કેરો ખાણ હો. હ૦ દ્વા૦ ૮

બાલપણે ઉપાડીયો હો, ગોવર્ધન ગિરી તેણ;
દુષ્ટ વ્યંતરી પુતના હો, ભાંડ કરી હરી તેણ હો. હ૦ દ્વા૦ ૯

જમુના જલમેં ઝીલતાં હો, નાથ્યો કાલી નાગ;
ગજ જેઠી મામો હણ્યો હો, પામ્યો જગ સોભાગ્ય હો. હ૦ દ્વા૦ ૧૦

સાયર તીરે સાધીયો હો, સાયરપતિ સુરરાજ;
ધનદેવજીએ સારીયા હો, હરીના સઘલા કાજ હો. હ૦ દ્વા૦ ૧૧

લોકત્રિલોકાં રાખીયો હો, નેમનાથ જગદીશ;
જેહને પાસે શોભતા હો, અતિશયવંત અધીશ હો. હ૦ દ્વા૦ ૧૨

એક જીભે કેમ વરણવું હો, હરીગુણ પાર ન કોય;
સુરગુરૂ આપ વખાણતાં હો, અંત ન પામે સોઇ હો. હ૦ દ્વા૦ ૧૩

નારદ વચન સુણી કરી હો, ભુવા ભતીજી દોઇ;
પરમ મહાસુખ પાઇયો હો, જ્ઞાની જાણે સોઇ હો. હ૦ દ્વા૦ ૧૪

ભુવા ભતીજીશું કહે હો, સાચી રુષિની વાણ;
કિમ સાચી રૂખમણી કહે હો, હું દીધી વર આણ હો. હ૦ દ્વા૦ ૧૫

ભુવા કહે ઇમહિ કહ્યો હો, અયમંતે રુષિરાજ;
મુજ સુણતાં વર પુછીયો હો, શ્રી ભીખમ તુજ કાજ હો. હ૦ દ્વા૦ ૧૬

સાધુ શિરોમણી ગુણ નીલો હો, અયમંતો અણગાર;
એહ વચન નહિ અન્યથા હો, સાંસો મ કર લિગાર હો. હ૦ દ્વા૦ ૧૭

નારદ અયમંતો મુનિ હો, સાચા દોનું પ્રકાર;
હું વર માગી શીશુપાલને હો, એ મુજ શોચ અપાર હો. હ૦ ઢા૦ ૧૮

તું રાજા શીશુપાલને હો, દીધી બંધવ દેખ;
માત પિતા દીધી નથી હો, એ છિંડી સુવિશેષ હો. હ૦ ઢા૦ ૧૯

માત પિતા બેઠાં થકાં હો, બંધવ કીયો ન હોય;
એહ વાત સહુ પાધરી હો, શોચ ન કીજે કોઇ હો. હ૦ ઢા૦ ૨૦

ભુવા તણો તો માનજે હો, સાચો વચન વિલાસ;
ફરી કૃષ્ણની કામની હો, પહુંચાવું સહુ આસ હો. હ૦ ઢા૦ ૨૧

મન વચનસું કર્મણા હો, રૂખમણી કેરો પ્રેમ;
કૃષ્ણ છાંડી અવરાં નરાં હો, કવણ કરાવણ નેમ હો. હ૦ ઢા૦ ૨૨

કલ્પતરુ તજી કેરડે હો, હાથ ન ઘાલે કોઇ;
ચિંતામણી તજી કાંકરો હો, લીયો ન ચાહે લોય હો. હ૦ ઢા૦ ૨૩

ગયંવર તજી અતિ ગાજતો હો, કુણ ગર્દભ લેત;
કામધેનુ તજી દુઝણી હો, કુણ ગાડર ચિત્ત દેત હો. હ૦ ઢા૦ ૨૪

કુણ નાખી કુણ કુસકા હો, ગ્રહે મુંઢ ગેમાર,
શીતલ અમૃત જલ તજી હો, કોણ પીયે જલ ખાર હો. હ૦ ઢા૦ ૨૫

આંબો તજી કોણ આંબલી હો, ખાયે મુરખ લોગ;
હરખ તજી હેડાતણો હો, કુણસું વંછે લોગ હો. હ૦ ઢા૦ ૨૬

કૃષ્ણ કંત તજી રૂખમણી હો, કિમ વંછે શીશુપાલ;
કૃષ્ણ કંધાલો કેશરી હો, ઓ શીશુપાલ શીઆલ હો. હ૦ ઢા૦ ૨૭

રૂખમણી રાગ મજીઠ જ્યું હો, કૃષ્ણ સાથ સુવિલાસ;
નારદ ઉપજ્યો જાણકે હો, આયો ગિરિ કૈલાશ હો. હ૦ ઢા૦ ૨૮

ઢાલ એ છેંતાલીશમી હો, પ્રીતિ ઉપજાવણ નામ;
ગુણસાગર જે સાંભલે હો, સરે અચિંત્યા કામ હો. હ૦ ઢા૦ ૨૯

### દોહા

રૂખમણી રૂપ અલંકીયો, અભિરામ લહી અભિરામ;
ગુપ્તપણે પટ રાખીયો, અગર ન સીઝે કામ.

રાજસભા આવ્યો ઋષી, કૃષ્ણે દીયો બહુ માન;
કુશલ વાત પુછી ખરી, નયણે બતાવી સાન.

નિર્જન સ્થાનકે જોઈ કરી, હરિ રુષિ બેઠા જામ;
પટ પસારી દેખાડીયો, નારી રૂપ ચિત્રામ.

રૂખમણી રૂપ વિલોકતાં, વિસ્મય પામ્યો ભૂપ;
નારદને પુછે તદા, કવણ નારીનું રૂપ?

આપ વિધાતા નિરમીયું, નારી નિરોપમ આહિ;
એહવી કુઇ ન હોઇશે, કૃષ્ણ ચિંતે મનમાંહિ.

### ઢાલ ૪૭ મી

(થાળ મોહલા ઉપર મેહ ઝબુકે વિજલી હો લાલ-એ દેશી.)

ગિરધર રૂખમણી રૂપ નિહાલે ફેરી ફેરી હો લાલ,
નિહાલે ફેરી ફેરી.
એ કુણ નવેલી નાર અપચ્છરા કિન્નરી હો લાલ... અપચ્છરા.
નિરખી સુંદર અંગ વખાણે તેહના હો લાલ૦ વ૦
ફુલ્યા જાસુરંગ ચરણ તલ એહના હો લા૦ ચ૦

મસ્તકવેણી શોભે કે જેસી નાગણી હો લા૦ કે૦
મુખ ઉદય પુનમચંદ કે રૂપે સોહાગણી હો લા૦ રૂ૦
નવપલ્લવ કેસુવાન અધર રંગ રાતડો હો લા૦ અ૦
લહેકે લોડણે આંખ કે મોરો જગ બાપડો હો લા૦ મો૦

કઠણ કંચુકીબાંગ નિતંબિર ખેંચીયે હો લા૦ નિ૦
દેહ તંબુ કામ આવી જગ વંચિયા હો લા૦ આ૦

જેહવું પોયણુપાન ઉદર તસ પાતલું હો લા૦ ઉ૦
ઝલકે સોવનવાન સોહે જેમ માંડલું હો લા૦ સો૦ ૩

સુંદર કટિનો ભાગ વિરાજે લંકથી હો લા૦ વિ૦
માવે કરતલ ભાગ ભલો મધ્ય અંકથી હો લા૦ મ૦
સુડાચાંચ સમાન સોહાવે નાસિકા હો લા૦ સો૦
મણિદર્પણ ઉપમાન કપોલે ભોમિકા હો લા૦ ક૦ ૪

કાને કુંડલજોડ સોહે શણગારથી હો લા૦ સો૦
રતિપતિને ઘર એહવી ન દીઠી આકારથી હો લા૦ ન૦
દેખી કૃષ્ણ મોરાર થયો મદનાકુલો હો લા૦ થ૦
વાધ્યો વિરહ વિશેષ અલેખ ઉપાંપલો હો લા૦ અ૦ ૫

અહો અહો રૂપ નિહાલ ચતુર ગુણ ધારીકા હો૦ લા૦ ચ૦
પરણી છે એ બાલ કે હજી કુમારીકા હો લા૦ હ૦
કુવણ અછે એ જાત રહે કિહાં વલી હો લા૦ ર૦
નામ કવણ કુણ તાત વિચારે મહાબલી હો લા૦ વિ૦ ૬

કુહે કહે નારદ એહ સરૂપ તું સાદરો હો લા૦ સ૦
મુજશું આણી સ્નેહ મ થાઇશ નિરાદરો હો લા૦ મ૦
દેશ કુંડલપુર તણી મહિમા છતી હો લા૦ ત૦
રાજ ભીષમ ઘરે પટરાણી શ્રીમતિ હો લા૦ પ૦ ૭

તેહની જાઇ નામે રૂખમણી ગુણવંતી હો લા૦ રૂ૦
રૂપે રંભા સમાન કહું ઉપમા છતી હો લા૦ ક૦
સમીચો ભૂમિ અપાર જિહાં રવિ સંચરે હો લા૦ જિ૦
બીજી કોઇ ન નાર જે એહની સરી કરે હો લા૦ એ૦ ૮

એ પરણી કે કુંવારી હો નારદ તે કહો હો લા૦ ના૦
તુરત કુમારી મોરારી એ સાચું સરદહે હો લા૦ એ૦
માંગી નૃપ શીશુપાલને મેં એ સુણી ખરી હો લા૦ મે૦
પણ તુમસ્યા ભૂપાલને યોગ્ય એ કુમરી હો લા૦ યો૦ ૯

નારદ રઢ લગાઈ ગયો તવ સંચરી હો લા૦ ગ૦
મૂર્છાણો હરીરાય સચેત્ત થયો ફરી હો લા૦ સ૦
એહવે કુમરી લેખ લખી ભેજ્યો ભલો હો લા૦ લ૦
હેત જણાવણ કાજ હરીને આગલે હો લા૦ હ૦ ૧૦

માધવે સકલ ઉદંત ચતુરપણે વાંચીયો હો લા૦ ચ૦
પદ પદ અંગ અનંત હરખ રોમાંચીયો હો લા૦ હ૦
તુમ વિરહે મુજ કાય રહી એ ઝલબલી હો લા૦ ર૦
ભેટ દઇ મહારાય કરો હવે સીતલી હો લા૦ ક૦ ૧૧

વાંચી ઇમ વિરતંત હરી મન વિંધીયો હો લા૦ હ૦
નેહ નિવડને તંત બેહુ મન સંધીયો હો લા૦ બે૦
હરી લખ્યું સુણ બાલ કરો ચિંતા કિસી હો લા૦ ક૦
કરવા તુમ સંભાલ આવી સહુ ઉલ્લસી હો લા૦ આ૦ ૧૨

લાગી ચટપટ ચિત્ત ચંદ્રાનન ઉપરે હો લા૦ ચં૦
જિમ તનુ ખુત્યો સાલ કહ્યો ઇમ સુતરે હો લા૦ ક૦
હલધરે જાણ્યો ઇમ હરી ઉદાસીયો હો લા૦ હ૦
મર્મ લહી સુખહેત વચન પ્રકાશીયો હો લા૦ વ૦ ૧૩

રૂખમણી લેશું જવાબ દેશું શીશુપાલને હો લા૦ દે૦
હુવો નિસુણી વાત કે સુખ ગોપાલને હો લા૦ સુ૦
ભામા થઇ નિકામ રૂખમણી રુપે કરી હો લા૦ રૂ૦
તેલ ન લાગે મીઠ ખાધું જેણે ઘૃત વરી હો લા૦ ખા૦ ૧૪

અણદિઠાં અનુરાગ એ ઉપજ્યો અતિ ઘણો હો લા૦ઉ૦
જો જો અતિ સોભાગ કે જગ રૂખમણી તણો હો લા૦જ૦
ચિત્ત તો પદ્મિની પાસ વસ્યો હરીરાયનો હો લા૦ વ૦
શ્રવણ સુણંત ઉલ્હાસ સયણ સુખદાયનો હો લા૦ સ૦ ૧૫

રૂખમણી રૂખમણી નામ જપે જિહાં જાપથી હો લા૦ જ૦
તડફડે તન અકુલાય કે મલવા આપથી હો લા૦ મ૦

ઢાલ ભલી ચાલીશ ને સાત સુરતિ તિહાં હો લાલ. સા૦
ગુણસાગર વરબાલ એહ મલશે અહીં હો લાલ ગો૦ ૧૬

### દોહા

એહ અવસર શીશુપાલ નૃપ, હુઆ ગણાયો જોય;
મનગમતા કારજ ભણી, ઢીલ કરે નહિ કોય ૧

રૂડાને ચાહે સહુ, એ જગનો વ્યવહાર;
પણ રૂડે રૂડો મલે, ઇહાં નહિ કોઇ વિચાર ૨

રૂખમણી મનમાં ખલભલી, કહે ભુવાશું જાય;
ચંદેરીપતિ આવીઆ, કહો શું જાદવરાય ૩

મુજ મન એ નિશ્ચે સહિ, વરશું દેવમોરાર;
કનક કુસુમની ઉપમા, મન આહ્લાદ મોઝાર ૪

ભુવા ભતીજી શું કહે, મ ચિંતા મ કર લગાર;
આપણ ઇતને આસમી, જરૂર તણો અસવાર ૫

કુમરી ચિત્ત ચિંતા ખરી, રખે ન આવે સ્વામ;
નયણે આંસુડા ઝરે, મોહ તણો એ ધામ ૬

### લેખ

(જીહો જમુનાને [illegible] અતિ રળીઆમણો, એ દેશી)

રૂખમણીના [illegible] રે
[illegible];
આતુર [illegible] રે
કુમરી મન દુઃખ રે અનાથ. ૧
ચંદ્રગંધ [illegible] રે
કરો મુજ અબલાની સાર;

હું તો માંડી બેઠી રે આશા તુમ ઉપરે રે,
અહો પ્રભુ પ્રાણના રે આધાર. ચં૰ ૨

ભરનિદ્રામાં સુતી રે, આજ મુજ મંદિરે રે,
દીઠો કાંઇ સુપનો રે રસાલ;
જાણ્યું મેં સાંભલીયો રે, આવ્યો મુજ પરણવા રે
સાથે લઇ બંધવનો પરિવાર. ચં૰

ચોરી વચ્ચે બેઠા રે નાથ મારા એકઠા રે,
હાથે બાંધી મીંડલનો રે આચાર;
આડી નજરે દેખું રે ફરી ફરી સાહિબો રે,
પરો કરી ઘુંઘટપટ ઉદાર. ચં૰

ઇમ ઝંખનામાં રે આઠે પહોર માહરા રે,
જાય છે કાંઈ મલવાની આશ;
પિઉજી ઉવેખી રે અલગા કેમ રહો રે,
નાખી મુને પ્રેમને પાસ.

આજ ઉદયથી રે દિવસ સાતમે રે,
શુકલ અષ્ટમી ભ્રગુવાર;
જાન લઇ જોરે રે દાવલ રાજીયો રે,
આવશે કાંઇ નયરી મોઝાર. ચં૰ ૬

મુજ અંતરની રે સાહિબ મારા જાણજો રે,
તુજથી કાંઇ બાંધ્યા એ પ્રાણ;
તુમ નવિ આવ્યા રે મુજ મરણો સહિ રે,
ભાવે એમ જાણજો મુજ વાણ. ચં૰ ૭

કરુણા કીજે રે હવે મુજ વાલહા રે,
હેજે ધરી લીજે રે હાથ;
તે આપ વશ રે કીધો જગ જીવતો રે,
વશ નહિ તું કેહને રે નાથ.

આસના અવલંબન રે એતિ અવધારજો રે,
રાચી હું તુમચે રે રાગ;
આપણુડી કરીને રે રાખો દિલભરી રે,
આપી જે મુજ એહ સોહાગ. ચં૦ ૯

બાઇ રુખમીયો રે એહની વાતમાં રે,
જાણે જે કાં એહ જગદીશ;
માહરા મનથી રે મેં તો એમ આદર્યો રે,
જિમ ગોરીધર ઇશ. ચં૦ ૧૦

અંતરજામી રે દૂર દુઃખ તું લહે રે,
જાણિયે આપણી લાજ;
હવે ગોરી કીજેં રે નિજ સાચાપણે રે,
કિસ્યું ઘણું ગરીબ નિવાજ. ચં૦ ૧૧

કાગલીયો તો ભીનો રે લખતાં આંસુએ રે,
તેહવો જ વિંટીને દીધ;
પુરવ લખ્યાથી રે સંબંધ જે હુવો રે,
વલી મુખ વચને ઇમ કીધ. ચં૦ ૧૨

---

### દોહા

કુમરી કાજ સમારવા, લેખ લખી અભિરામ;
દુત ચલાવ્યો દ્વારિકાં, કરહ ચઢાવી તામ. ૧

### ઢાલ ૪૮ મી

(વીભીષણ વાત વિચારે એહ-દેશી)

કરહલા તું વેગો ચાલે રે, તુને ચારીશ અમૃતવેલ; કર૦
તું જાજે મારગ ઠેલ, ક૦ એ આંકણી
શુભ શુકને પ્રેર્યો ઘણું, દુત કુશલ અભિધાન;
આવ્યો નગરી દ્વારિકાં હો, દેખ્યો બહુ મંડાણ ક૦ ૨

અનુક્રમે આયો ચાલ કે, દેવતણે દરબાર;
પ્રતિહારિ આગે ધરી હો, કિધો રાય જૂહાર કુ૦ ૨

રાજા પુછે કુણ તું, કહે વિદેશી દૂત;
બેઠો નૃપ આદેશથી હો, ચતુરાઇ અદ્‌ભૂત કુ૦ ૩

રામ કૃષ્ણને દૂત એ, બેઠા જઇ એકાંત;
લેખ ધર્યો આગે મુદા હો, વાંચે કૃષ્ણ તુરત કુ૦ ૪

કાગલ માંડયો વાંચવા, વર્ણન ન દિસે કાંઇ;
જિહાં તિહાં ટબકા આંસુડા તણાં હો,
સમજયો મનડામાંહિ કુ૦ ૫

આંસુડા આદે ન લખી શકી રે, મારે વિરહે એમ;
હું ન ગયા એ ભામની હો, દિવસ નિગમલે કેમ કુ૦ ૬

મુખવચને કહે દૂતજી, સાંભલ દેવ વિચાર
શ્રી કુંડનપુર રાજીયો હો, ભીષમ નામ ઉદાર કુ૦ ૭

પટરાણી તસ શ્રીમતિ હો, તસ ઉદરે ઉત્પન્ન;
સર્વ સુલક્ષણ ગુણવતી હો, રૂખમણી કુમરી રતન કુ૦ ૮

સુરલોકાં શોધી ઘણું, માણુસ લોક મોઝાર;
પાતાલે પામી નહિં હો, રૂખમણીની અનુહાર કુ૦ ૯

માંગી નૃપ શીશુપાલને, બંધવ લહી બહુમાન;
એટલે નારદ ભાંખીયો હો, વરતો શ્રી ભગવાન કુ૦ ૧૦

માઘ શુકલ અષ્ટમી દિને, લગ્ન લીયો રાજાન;
કાં તો થાઓ પ્રભુ વાહરુ હો, કાં તો તુટે પ્રાણ કુ૦ ૧૧

પ્રભુને ઉપની સોચના, એ મોટો જંજાલ;
ન ગયા મરણો રૂખમણી, ગયા મરે શીશુપાલ કુ૦ ૧૨

માગ ન મેલે માનવી રે, ના ના કહીએ ન્યાય;
નારી પ્રતિજ્ઞા નવી તજે હો, કહો કિસી પરે થાય કુ૦ ૧૩

કુશલ કહે તુમ હી અછો, અંતરજામી આપ;
સોઇ કરો જિમ એહિ મટે હો, રૂખમણીનો સંતાપ કુ૦ ૧૪

શીખે તે તુમ હી થકી રે, તુમ કિહાં શીખણ જાઓ;
શોચ્યો શલ્ય બેસે નહિ હો, એક મતો ઠહરાઓ ક૦ ૧૫

હલધરને હરી પુછીયો રે, દૂત કહો શું કીધ;
હરીનો હેત વિચારવે હો, હલધર ઉત્તર દીધ ક૦ ૧૬

અબલા પ્રાણ ઉગારવા, પુરુષ તણો એ ધર્મ;
એમ વિમાર્શી પુછીયો હો, મલવા કેરો મર્મ ક૦ ૧૭

પ્રમોદ નામ ઉદ્યાનમેં, કામદેવનો ઠામ;
વૃક્ષ અશોક સોહામણો હો, ઉપર ધ્વજ અભિરામ ક૦ ૧૮

એ સહિનાણી ઉર ધરી રે, ગમન જાણવા કામ;
વેગ કરી પાઉધારજો હો, ગુપ્તપણે સુણ સ્વામ ક૦ ૧૯

ચતુર શિરોમણી રૂખમણી, પુજાનો મિસ ઠાણ;
ઓહિ થાનક ચલી આવશે હો, ચોરી સકલ કેકાણ ક૦ ૨૦

જો પ્રભુ નયણે નિરખશે હો, તો હોશે સુખ પ્રીત;
અણ દિઠી આતુર થઈ હો, કરશે અતિ વિપરીત ક૦ ૨૧

હમે જણાવી વાત એ, કારજ તો પ્રભુ હાથ;
દેઇ દાન ને વિસર્જ્યો હો, દૂત તદા જગનાથ ક૦ ૨૨

દૂત ચલ્યો તે વેગશું હો, આયો રૂખમણી પાસ;
કાજ સર્યો દુઃખ વિસર્જ્યો હો, ઉપજ્યો અતિ ઉલ્લાસ ક૦ ૨૩

હરજી હલધર હરખશું રે, જોતરીયા રથ દોય;
શસ્ત્રતણો કરી સંગ્રહો હો, સનદ્ધ બદ્ધ અતિ હોય ક૦ ૨૪

બામા ભય ભારે ધરી રે, ગુપ્તપણે નિશિ માંહિ;
ચાલી આયા ઉતાવલા હો, કુંડનપુર વનમાંહિ ક૦ ૨૫

રથ છોડી હય બાંધીયા, જોવે રૂખમણી વાટ;
ફુલ્યા અંગ ન માવહી હો, રંચ ન કરે ઉચાટ ક૦ ૨૬

ઢાલ આઠ ચાલીશમી, હરી આયો ત્રીય હેત;
ગુણસાગર ગુરુ એમ ભણે હો શુભ વંછિત ફલ દેત ક૦ ૨૭

### દોહા

નારદ નામ પ્રણામથી, નારદ શોચ ન કોઇ;
સાજે ભાજન ફોડ કે, ફેર ઘડંતો જોઇ. ૧

અણ મિલતે મેલો કરે, મિલતે કરે વિકાર;
જ્ઞાન વિના નવિ જાણીયે, નારદ ચરિત્ર અપાર. ૨

રૂખમણી મન હરી આંણીયો, હરી મન રૂખમણી નાર
ચંદેરીપતિશું જઇ, બોલ્યો કુવણ પ્રકાર. ૩

---

### ઢાળ ૪૯ મી

( નણદલની–એ દેશી )

હો નારદ ચંદેરીપતિશું કહે, મેં સુણ્યો તુમ વિવાહ હો નારદ૦
ઘર ઘર રંગ વધામણાં, તુજ મન અધિક ઉચ્છાહ હો ના૦ ચં૦ ૧

કલહકારી જન મારણો, મન વચન યોગ સપાપ હો૦ ના૦
સાંધા જોડા મેલવે, કરે અધિક સંતાપ હો ના૦ ચં૦ ૨

હસી બોલ્યો શીશુપાલજી, સ્વામી તુમ પ્રસાદ હો ના૦
રંગ વ્યાહ હમ એ હોશે, બીજા વ્યાહ સો વાદ હો ના૦ ચં૦ ૩

કુવણ પુરી કિણ કી સુતા, કિસ્યો કુમરી કો રૂપ હો ના૦
કુંડનપુર ભીખમ સુતા, રૂખમણી રૂપ અનૂપ હો ના૦ ચં૦ ૪

કુવણ લગ્ન તે વ્યાહ કો, લગ્ન દેખાયો રાય હો ના૦
ઋષિ ભાંખે દૂષણ ઘણાં, ઇહાં ઉપદ્રવ થાય હો ના૦ ચં૦ ૫

હમ નિસ્પૃહી દરસની, નહિં ઘર ચિંતા કામ હો ના૦
પ્રિતી ભણી તુમશું કહું, હુશીયારી કો કામ હો ના૦ ચં૦ ૬

એમ કહી ઋષિ પાંગર્યો રંગમાંહિં કરી ભંગ હો ના૦
જગતમાંહિં અતિ પરગટો, એ કુસહેજો અંગ હો ના૦ ચં૦ ૭

શીશુપાલ હવે જાનની, કરે સજાઇ જોર હો ના૦
છંદ ટકોરા ગડગડે, ગુહિર નિશાણે ઘોર હો ના૦ ચં૦ ૮

સાથે સબલા રાજવી, જોર જુગતિ ઝુઝાર હો ના૦
રથ અસવાર ઉપ્ટર તણા, કહેતાં નાવે પાર હો ના૦ ચં૦ ૯

કોકુ બાણુ આગે કીયા, તોપારો નહિં પાર હો ના૦
જંજાલા સાથે લીયા, સાથીડા શિરદાર હો ના૦ ચં૦ ૧૦

લશ્કર મલીયો સામટો, પંચ અક્ષોહિણી પ્રમાણુ હો ના૦
હયદલ પેદલ ગજ ઘણાં, મલીયા આપ સમાન હો ના૦ ચં૦ ૧૧

સન્નહ સનાહ સજી કરી, હય ગય રથ પરિવાર હો ના૦
રાજા રૂડે રાવણે, આયો હોઇ હુશીયાર હો ના૦ ચં૦ ૧૨

કુંડનપુર વિંટી રહ્યો, તારા જિમ ગીરમેર હો ના૦
અહિ જિમ ચંદન તરવરા, વિંટાણુ ચોફેર હો ના૦ ચં૦ ૧૩

રાજાના બેસી ગયા, દરવાજે દરવાન હો ના૦
આવાગમન ન હોઇ શકે, કુમરી દુઃખ અસમાન હો ના૦ ચં૦ ૧૪

ભુવા ભલી પરે મેલવે, પૂજા તણા પ્રકાર હો ના૦
મંગલ ગીત સુછંદશું, વાજાં નાદ અપાર હો ના૦ ચં૦ ૧૫

પાંચ સાત સાહેલીયો, અલબેલીયા ઉદાર હો ના૦
ચાલી જાયે રંગમેં, રોકાણી દરબાર હો ના૦ ચં૦ ૧૬

ચાકર ઠાકર વિનવે, કુમરી વનમેં જાય હો ના૦
જાણુ ન પાવે ઇમ કહે, ચંદેરીનો રાય હો ના૦ ચં૦ ૧૭

ભુવા ભણે ભાઇ સુણો, કહો રાયને જાય હો ના૦
તુમ તનમન સુખ કારણે, એહ અભિગ્રહ થાય હો ના૦ ચં૦ ૧૮

ચંદેરીપતિ વર પણે, જો દેશે તું દેવ હો ના૦
લગ્ન તણે દિન આય કે, કરસ્યું થારી સેવ હો ના૦ ચં૦ ૧૯

કામદેવ મુર્તિ તણી, પુજા કરવા જાય હો ના૦
અણપુજ્યા નહિં પરણુવો, જઈ સુણાવો રાય હો ના૦ ચં૦ ૨૦

કપટ તણો બલ અતિ ઘણો, કપટે વંછિત થાય હો ના૦
વિષ્ણુરૂપ કોલિકસુત, રાયકુમરી વરે જાય હો ના૦ ચં૦ ૨૧

એહ વચને રાજા કહ્યો, કામ કરો તત્કાલ હો ના૦
પ્રબલ જોર ભાવિ તણો, કિસ્યું કરે શીશુપાલ હો ના૦ ચં૦ ૨૨

નૃપ આદેશ લેઇ કરી, સેવક લાગ્યા લાર હો ના૦
વનદ્વારે ઉભા કરી, બાઇ કહે સુવિચાર હો ના૦ ચં૦ ૨૩

આપણુ સહુ ઇહાં રહો, કુમરી વનમેં જાય હો ના૦
એકાકી નિજ સ્વામની, સેવ કરે મનમાંય હો ના૦ ચં૦ ૨૪

પહેલો વર એહ વાતનો, બીજો પિઉનો માન હો ના૦
ત્રિજો શોક ન પરાભવે, ચોથો પુત્ર પ્રધાન હો ના૦ ચં૦ ૨૫

નારી મનના વાલહા, એ ચારે વર દેખ હો ના૦
એકાંતે આરાધતાં, આપે દેવ વિશેષ હો ના૦ ચં૦ ૨૬

જા પુત્રી ઉતાવલી, પુરે મનોરથ કોડ હો ના૦
સેવ ઘણી નિજ સ્વામીની, કરજે બેકર જોડ હો ના૦ ચં૦ ૨૭

સ્વામી સેવ્યો પાઇએં, અણુસેવ્યો અતિ દૂર હો ના૦
એહ શીખ મનમેં ધરી, રહેજે સ્વામી હજુર હો ના૦ ચં૦ ૨૮

એમ સુણી વનમેં ચલી, ભય અતિ હેડા મોઝાર હો ના૦
યુથ ભ્રષ્ટ જેમ હરણુલી, જોવે દ્રષ્ટિ પસાર હો ના૦ ચં૦ ૨૯

દ્રઢ સ્થાને આવી સતી, તરુ અંતર ભરી નયણુ હો ના૦
નિરખતાં પ્રભુ પાઇયો, અધિક મહાસુખ ચયન હો ના૦ ચં૦ ૩૦

એ ગુણ પચાશમી ઢાલમેં, મલીયો તંતોતંત હો ના૦
ગુણુસાગર કુણુ લખી શકે, હરી કે ચરીત અનંત હો ના૦ ચં૦ ૩૧

દોહા

રૂખમણી વચન પ્રકાશીયો, હે ત્રિભુવનના નાથ;
અંતરજામી આસના, આઇ ગ્રહો મુજ હાથ. ૧

એટલે હરી પ્રગટ થયો, શ્રી બલદેવ નરેશ;
લજ્જા પામી રૂખમણી, મનમાં હરખ વિશેષ. ૨

બાંહે ધરી સા સુંદરી, બેસાડી રથ માંહિ;
આપ જણાવણુ કારણે, ઇમ બોલ્યો હરી પ્રાંહિ. ૩

---

ઢાલ ૫૦ મી

( કડખાની—એ દેશી )

સુણુ હો શીશુપાલ નૃપ, ભીષમસુત રૂખમીયા;
જાણવા વાત તુમને સુણાવા;
દ્વારિકાનાથ શ્રીકૃષ્ણુ હલધર હમે,
રૂખમણી કુંવરી લેઇ સિધાવ્યા. સુણુ૦ ૧

અવર જે સુભટ અતિ વિકટ બલ ધારક;
જોધ જે જગતમેં રહે તદા બે;
આવીયો ધાવિયો, વેગ કરી પાછલે,
માંગ થારી હમ સાથે આવે. સુ૦ ૨

એમ સુણતાં શીશુપાલ નૃપ પરજલ્યો,
અગ્નિ જાણે ઘૃત હોમ પાયો;
સેનદલ સબલ અતિ પ્રબલ પ્રતાપશું,
આપ બલ પ્રબલ લેઇ ધાયો. સુ૦ ૩

ભીષમ રાય અતિ લાજ પામ્યો ઘણું,
રૂખમીયો કુંવર જેમ કાલ કોપ્યો;
ઉઠીયો ધસમસી ધરણી તવ કુસમસી,
દસમસી આગલે આણી રોપ્યો. સુ૦ ૪

ગડગડે ગયંવર હિંસતા હયંવર,
રથ તો શોભ અધિકેરી પાવે;
પાયક લાયક કાજ સહાયક,
નાયક નવ જશ કાજ ધાવે. સુ૦ ૫

ઢાલ ને જાવરાં ફરહરે ફરહરાં,
બગતર તોપ તબ તેજ ઝલકે;
આયુધ કારકા છત્રીશ સયંવરા,
ઝલહલે ખડ્ગ અતિશય ચલકે. સુ૦ ૬

ઢોલ નિશાણુ શરણાઇ વર કાહલા,
ઝુઝકો રાગ સિંધુ સુણાવે;
કાયર થરહરે જીવ આશા ધરે,
પરહરી સ્વામી પરહા પુલાવે. સુ૦ ૭

રેણું ઉડી ઘણી ગયણ રવિ છાઇયો,
આપણો પર નવિ જાય જાણ્યો;
દેવદેવી ઘણી ચોસઠું જોગણી,
અંબરે આપ સુખ આજ માન્યો. સુ૦ ૮

નાચતો નારદ ફિરત રસ રંગમેં,
અંગમેં આનંદ અધિક પાવે;
ખિણક શીશુપાલ નૃપ ખિણક હરી હલધરા,
બાપ મારા ઇમ કહી સુણાવે. સુ૦ ૯

ઉદધિ કલોલ દલ પસરીયો ચિહું દિશે,
રે રે ગોપાલ કિહાં જાય ભાગ્યો;
ભૂપ શીશુપાલ કુંવર વર રૂખમીયો,
ઇમ કહેતો પ્રભુ પુંઠે લાગ્યો. સુ૦ ૧૦

આવતા દલ હરી હલધરે રોકિયા,
નદિયુંના પૂર જેમ ઉદધિ રોકે;

ફોજ બાંધી રહ્યા સુભટ અતિ ગહગહ્યા,
પણ કહો સિંઘને કોણ રોકે. સુ૦ ૧૧

દેખી દલ પુર ઘટી નૂર રૂખમણી હુઇ,
આરતિ ઉપજી એ અપારો;
એહ ઘણો શવણો અધિક બિહામણો,
એહ તો બંધવ દોઈ સારા. સુ૦ ૧૨

કઠિન ઘન લોહ તન લોગમાંહિ ભણ્યો,
પણ બહુ મલે જો લીહાલા;
ગાલવે લોહને એહ અચરીજ વડો,
એમ જાણી થરહરી એહિ બાલા. સુ૦ ૧૩

કૃષ્ણ બોલે હમ કોન તોલે અછે,
ઘણી થોડા તણો શ્યો પતારો;
રાતનો સંચિયો અતિ ઘન માચિયો,
ઉગતે સુર નાસે અંધારો. સુ૦ ૧૪

તોય પણ શંક જાયે નહિં રૂખમણી,
મુંદ્રડી વજ હરી તામ ચૂરે;
કરી અતિ ચુન પડી પુનઃ ચિપટી કરી,
સાથીયો હાથ માંહે જ પૂરે. સુ૦ ૧૫

એક બાણે કરી વિંધીયા તવ હરી,
તાડ સાતે ત્રીયા ને દેખાવે;
તવ અતિ ખલભલી, એહ અતુલી બલી,
મારશે સહિ મુજ બાપ ભાઇ. સુ૦ ૧૬

કૃષ્ણ બોલ્યો હસી, એહ ચિંતા કિસી,
તાહરો બાપ ભાઇ નવિ મારૂં;
અવગુણ સા સહુ અવર કેતિ કહું,
બુરો ન મનાવશું દેવી થારૂં. સુ૦ ૧૭

હલધર ઇમ કહે કુષ્ણ ભુજ બલ સહે,
પણ શીશુપાલ માર્યો ન જાય;
અવર ને આગસું રંગ રણુમેં રમુ,
અતિ દમું સાહમો તું જેહ થાય. સુ૦ ૧૮

કહે હરી કેસરી ખાંધ ઉંચો કરી,
કુષ્ણ શીશુપાલ શીયાલ સાચો;
રણુમાંહિ રોલવું પવન તૃણુ ડોલવું,
તો જાણુજો પિતુ દુધ કાચો. સુ૦ ૧૯

ઇમ રૂખમણી મુકી વૈરી ભણી આવીયા,
દોઇ બંધવ રણુમાંહિ સનુરા;
કૃષ્ણ શીશુપાલ અસરાલ ક્રોધે ચડયા,
ભડભડયા આપ આપ માંહિં. સૂરા. સુ૦ ૨૦

શ્રી બલદેવ તતક્ષણુ રણુ રસ ચઢયો,
વડ વડા રાય જાયે પુલાણા;
સિંઘકી દોડ ગજરાજ ગિર ગિર પડે,
આંકતાં પ્રાણુ છોડે ખલાણાં. સુ૦ ૨૧

સેનદલ ભંગ ગતરંગ દેખી કરી,
રૂખમીયે બલપ્રતિ બાણુ સાંધ્યો;
વજકાયા ભણી બાણુ લાગ્યો નહિં,
નાગ પાસે કરી સોઇ બાંધ્યો. સુ૦ ૨૨

નખ શિખે જકડીયો ગાઢો કરી પકડીયો,
અકડીયો અંગ મિટ ગયો દાવો;
આણી રથમેં ધર્યો વયણુ ઇમ ઉચ્ચર્યો,
કુલવહુ ભાઇ માંખી ઉડાવો. સુ૦ ૨૩

કૃષ્ણ શીશુપાલ ચિરકાલ રણુ સાચવ્યો,
અસ્ત્ર શસ્ત્રાં કરી માંહોમાંહિ;

જીતીયો ઇશ જગદીશ જગજલ્પન,
પુન્ય પ્રસાદે જય હુઇ પ્રાંહિ. સુ૦ ૨૪

દોય વડવીર અતિ ધીર ગંભીર રણ કરી,
રૂખમણી તણે પાસ આયા;
ઢાલ કડખા તણી સુણત સોહામણી,
તીશ અરૂ વીશમી હરખ પાયા. સુ૦ ૨૫

પિશુન મદ માન મર્દન ભગવાનજી,
સાધુ પરે ત્રાણ એ વરદ નીકો;
શ્રી ગુણસાગર અધિક ઉજાગર,
નાગર નવલ યશ સુજસ ટીકો. સુ૦ ૨૬

દોહા

રૂખમણી રિઝી અતિ ઘણી, દેખી જેઠ પતિ કામ;
એહ અદ્દભૂત પરાક્રમી, અવર પુરુષ સ્યો નામ. ૧

કર જોડીને વિનવે, પિઉજી કરો પસાય;
બંધવ બંધન છોડીયે, માહરે મન એ ભાવ. ૨

બંધન છોડયા હાથશું કૃપા કરી જગનાથ;
સુજન પણે અતિ રાખજો, પ્રીતિભાવ અમ સાથ. ૩

ઢાલ ૫૧ મી

( રઘુપતિ જીત્યો રે—એ દેશી )

યદુપતિ જીત્યો રે, જીત્યો જીત્યો શ્રી વસુદેવ કુમાર. યદુ૦
જીત્યો જીત્યો રૂખમણીનો ભરથાર. યદુ૦
જીત્યો જીત્યો બાઇ સુભદ્રાનો વીર. યદુ૦
જીત્યો જીત્યો સાહસવંત સધીર. યદુ૦
જય જયકાર કરે ઘણો, આકાશે સુરનર;
દેઈ દદામાં જીત કા હો, આલ્યો દેવમોરાર. યદુ૦ ૧

શ્રી ગિરનારે આવીયા, મનમેં અતિ ઉચ્છાહ;
આરણુ કારણુ સાચવિયો હો, કીધો રૂખમણી વ્યાહ. યદુ૦ ૨

વ્યાહ હુઓ જેહ સ્થાનકે, રૂખમણી વન તસ નામ;
સંગતિ મોટા માણુસા હો, સબહી પરે અભિરામ. યદુ૦ ૩

ખબર હુઇ હ્રાશમતી, પરણી આવ્યો નાથ;
સજન સુભટજન સામટા હો, આઇ મલ્યો સહુ સાથ. યદુ૦ ૪

નગરીની શોભા કરી, આછી ભાત અનૂપ;
ઘર ઘર દ્વાર વધામણાં હો, હરખ્યા જાદવ ભૂપ. યદુ૦ ૫

કોઈ અટાલે ઓરડે, કોઇ આંગણે અપાર;
ગોખે ચડી કોઈ ગોરડી હો, કો ચાતુરી ચૌબીર. યદુ૦ ૬

કો ગલીયે કો ચોતરે, ચાચર ઉભી કોઇ;
લાજ ન સુસરા જેઠકી હો, કૌતુક મીઠો હોઇ. યદુ૦ ૭

દુલ્લહ દુલ્લહણી દેખવા, લાલચ લાગી નાર;
હુઇ રહી એકોમતા હો, તનમનશું ધ્યાન વિસાર. યદુ૦ ૮

અચરજ કીધા એટલા, ચુડાબંધ ઉદાર;
કેડે પહેર્યો કટી મેખલા હો, માથે કૃત શણગાર. યદુ૦ ૯

કુંકુંમ લગાયા લોચના, કાજલ દીયો કપોલ;
ઉઘાડે માથે ફરે હો, નિર્લજ થઈ નિટોલ. યદુ૦ ૧૦

પુત પરાયો લે ચલી, આપરો વંતો મેલ;
અલજાલગે ધસે હો, એક એકને ઠેલ. યદુ૦ ૧૧

કોઇ વધાવે ફુલડે, કોઇ હીરા લાલ;
મણી માણેકને મોતીયા હો, અક્ષત થાલ રસાલ. યદુ૦ ૧૨

કોઇ વદે વરકામની હો, ધન રૂખમણી અવતાર;
સબવિધ સુંદર શામલો હો, જેહ પામ્યો ભરતાર. યદુ૦ ૧૩

અવર અનેરી ભામની હો, ભાંખે વારંવાર;
વડવખતા શ્રીકૃષ્ણજી હો, પામી નાર ઉદાર. યદુ૦ ૧૪

વિવિધ વિનોદ વિચારની હો, વાત સુણતાં સ્વામ;
સુહાસણ કૃતમંગલે હો, મંદિર આયા તામ. યદુ૦ ૧૫

ધન્ય ધન્ય માતા દેવકી, વરવહુ લાગ્યા પાય;
દિયે આશીષ સોહામણી હો, ફૂલી અંગ ન માય. યદુ૦ ૧૬

મંદિર ઉંચો નવખુણો, અધિક અનોપમ સાર;
રૂખમણીને હરી આપીયો હો,
અન ધન ભરિત અપાર. યદુ૦ ૧૭

હય ગય રથ વર વાહની, આયુધ વિવિધ પ્રકાર;
હરી આભૂષણ અતિ ઘણાં હો, તે ઘરમાંહિ ઉદાર. યદુ૦ ૧૮

દાસ અને દાસી તણો, બહુલો તસ પરિવાર;
સ્વામી મયાથી સહુ હુવે હો, એ સુધો વ્યવહાર. યદુ૦ ૧૯

સ્નાન અને ભોજનપણે, આસન સયન વિચાર;
હસન વિલોકન ભાંખણે હો, રૂખમણીનો અધિકાર. યદુ૦ ૨૦

મનસા ને વાચાયે કરી, કાયા કેરો તેમ;
ખીર નીર જેમ મિલી રહ્યો હો,
શ્રી હરી રૂખમણી પ્રેમ. યદુ૦ ૨૧

દક્ષિણ શ્રેણિ જંબુપુરી, જાંબુપુત્રી જાણ;
જાંબુવતી રુષિ વાકયથી હો, આણી શ્રી ભગવાન. યદુ૦ ૨૨

તતક્ષણ રોમજ રાજીયો, સઘલા નાયક જોઈ;
લખમણા નામે કુંવરી હો, પરણી શ્રી હરી સોય. યદુ૦ ૨૩

સણ્દ્રવર્દ્ધન રાયજી, સોરઠ કેરો ઇશ;
સુશીમા પુત્રી વરી હો, બંધવ હણી જગદીશ. યદુ૦ ૨૪

સિંધુદેશનો સ્વામીજી, મેરુભૂપ વડરાય;
પુત્રી ગૌરી ગુણભરી હો, ગિરધર ને સુખદાય. યદુ૦ ૨૫

હલધરનો મામો ભલો, હિરણ્યનાભ નરેશ;
પુત્રી તો પદ્માવતી હો, સ્વયંવર વરીય વિશેષ. યદુ૦ ૨૬

દેશ મહા ગંધારજી, ઇંદ્રગિરિ પતિ તાસ;
પુત્ર મારી પુત્રી વરી હો, ગાંધારી સોલ્લાસ. યદુ૦ ૨૭

એ આઠે પટરાગની હો, એ આઠે સમતોલ;
એ આઠે શિવગામની હો, એ આઠે નિરમોલ. યદુ૦ ૨૮

એ એકાવનમી ઢાલમેં, વંછિત ફલે જગીશ;
શ્રી ગુણસાગર સૂરિજી હો, પુન્ય કરો નિશદીશ. યદુ૦ ૨૯

## ગાથા ચોપાઇ

ખંડ ખંડ છે રસ નવનવા, સુણતાં મીઠા સાકર લવા;
શ્રી હરિવંશ ચરિત્ર જય જયો, બીજો ખંડ એ પૂરણ થયો. ૧

## ખંડ ૩ જો

### દોહા

અરિ હણુવે અરિહંતજી, તાસ કરી પ્રણામ;
અબ ત્રીજા અધિકારનો, ઉદ્યમ કરૂં સકામ. ૧

રૂખમણી રાગે રાચિયો, સુખ માને હરિરાય;
તિમ તિમ ભામા આવટે, તે દુઃખ કહ્યો ન જાય. ૨

નારદ આવી બોલીયો, ભામાશું તતખેવ;
વાંકો મુખ કીયા તણો, એ ફલ ભોગવ દેવ. ૩

તિમ તિમ સા ગાઢી બલે, આરતિ ઘણી મનમાંહિ;
શોકય સાલ હૈડે ચઢયો, તે ઉતરે નહિં પાંહિ. ૪

ઉત્તમ ઉત્તમતા ભજે, ન કરે તાણોતાણુ;
રૂખમણી હરીશું વિનવે, ભામા આરતિ જાણુ. ૫

### ઢાલ ૫૧ મી

( શ્રી શ્રીમંધર સાહિબ મોરા—એ દેશી )

એક દિવસ રૂખમણી હરી સાથે, કિધી એ અરદાસો રે;
ભામા ઘર પ્રીતમ પાવધારો,
સહુને પિઉની આશો રે. એક૦ ૧

કૃષ્ણ કહે એ સા અહંકારિણી,
તેહથી ન લહે માનો રે;
તે સોનો શું કરવો સુંદરી, જેહથી ત્રુટે કાનો રે. એ૦ ૨

રૂખમણી બોલે અમૃત તોલે, યદ્યપિ ત્રુટે કાનો રે;
તો પણ સોનું કોઇ ન નાખે, એ પ્રગટ ઉખાણો રે. એ૦ ૩

આપુણુ આદરીયું કેમ અલગું, કીધું જાઇ કંતો રે;
વિષ અને વિષધર દુઃખદાયી,
શંકર સંગ વસંતો રે. એ૦ ૪

જોગવણો જગ ખાટું ખારું,
જે તો લાગ્યું લારો રે;
ઉભા આગે નહિ નહિ ભાંખે,
શિવ સાતા દાતારો રે. એ૦ ૫

નૂતન હીરો લાલ નગીનો, નૂતન નારી નિરખી રે;
જો રે પુરાતનને પરિહરીયે,
તો એ નહિં ઘર સરખી રે. એ૦ ૬

આગ થકી અધિકો અતિ ઉન્હો,
નારીનો નિસાસો રે;
નાહ નીપટની તેહ પણ ત્રીય,
તજવી નહિ નિરાશો રે. એ૦ ૭

વેગે સિધાવો વાર મ લાવો,
પોખો પરિઘલ પ્રેમો રે;
જો ન ગયા તો તુમ્હશું બોલણુ,
આજ થકી મુજ નેમો રે. એ૦ ૮

રૂખમણી વચને રાય વિચારી,
વાત સકલ હિ વારુ રે;
નીર નરેસરે ન્યાય કહાણાં, ફેરણુહારા સારુ રે. એ૦ ૯

રૂખમણી મુખનો સુરભિ સુગંધો,
લેઇ તંબોલ નરંદો રે;
ભામા ભામનીને ઘર આયો;
ભામા મન આણંદો રે. એ૦ ૧૦

વક્રવચનશું ભામા ભાંખે, એ તુમ ગેહ ન હોવે રે;
ભુલેં પધાર્યા પ્રથ્વીપતિ તુમેં,
રૂખમણી મારગ જોવે રે. એ૦ ૧૧

કૃષ્ણ કહે હા ઓ ઘર નાંહિ,
પણ આયો સો આયો રે;
નરમ સુગરમ વચન કેલવતાં,
ભામા અતિ સુખ પાયો રે. એ૦ ૧૨

કૃષ્ણ કહે મુજ નિંદ્રા આવે,
એ તો મેં ધુર જાણી રે;
સુવા કારણ હમ ઘર આયા,
ઓ નવપરણીત રાણી રે. એ૦ ૧૩

જિમ જિમ આવો નિત નિત આવો,
સુખ નિંદ્રા પ્રભુ કીજેં રે;
હમેં પુરાતન ઓ તો નૂતન,
નવ નવ લાહો લીજે રે. એ૦ ૧૪

કૃષ્ણ કહે રે તું ઇમ શું બોલે, નવી ઘણેરી નારી રે;
તું માહરે ધુર કી પટરાણી,
આદિ લગે સુવિચારી રે. એ૦ ૧૫

કપટ નિંદમેં પ્રભુજી પોઢયા,
અંચલે ગાંઠ નિહાલી રે;
ખોલી લીયો તંબોલ તે વારે,
ભ્રમેં ભુલી સા બાલી રે. એ૦ ૧૬

ઓરસીયેં મુકી ચંદન સાથે,
ઘસી લીયો સત્યભામા રે;
કરે વિલેપન વદન શરીરે,
વશીકરણ અભિરામો રે. એ૦ ૧૭

એટલે જાગી ઉઠયા જગપતિ, રે ભોલી ભરમાણી રે;
રૂખમણી મુખ તંબોલ શરીરે, તું દીસે લપટાણી રે. એ૦ ૧૮

હાંસો કૃષ્ણતણો ન સમાવે, હાથે બજાવે તાલી રે;
હોઇ ખિસાણી હરી પટરાણી, બોલે ઉત્તર વાલી રે. એ૦ ૧૯

થારો સ્હેજ ન ગયો રે ગોવાલીયા, સ્યું વડરાય કહાયો રે;
પ્રીતિ પનોતી કાજે આજ, એ જાણી મુઝ તનલાયો રે. એ૦ ૨૦

કૃષ્ણ કહે હા તો તું સાચી, પુનરપિ ભામા ભાંખે રે;
રૂખમણી મિલવા તણો ઉમાહો,
પિઉડા જો દિન દાખે રે. એ૦ ૨૧

ભૂપ ભણે હું તુજ ન પતિજું, કે સાચી કે જુઠી રે;
જુઠ કહે જુઠા ના જાયા, જાણી કે અધિકી ઉઠી રે. એ૦ ૨૨

મુલકત મુલકત તામ મોરારી, માનિનીનું મન મોહે રે;
એ નવહીથી રીસ કરેવી, સુંદરીશું સતી સોહે રે. એ૦ ૨૩

સુંસ કરે જો બાવાજી કા, કપટ ન કરવો કોઇ રે;
ખીર નીર જિમ માંહોમાંહે, મિલસ્યાં બહેનડ દોઇ રે. એ૦ ૨૪

તો હું તુજને રૂખમણી મેલું, ભામા કહે એ નીકી રે;
ખિસાણી પણ હુઇ અયાણી, ન પિછાણી પ્રભુ કીકી રે. એ૦ ૨૫

કૃષ્ણદેવ રૂખમણી ઘર આયા, ભામા પાય લગાવા રે;
કુણ ઉપાય કરે કરમેતો, લાગો ચાવ સુણાવા રે. એ૦ ૨૬

શ્વેત સાટીકારક કાંચુલી, ભલ ભૂષણ પહિરાયો રે;
વૃક્ષ અશોક તલે ભામા વન, પદ્માસન પુરાયો રે. એ૦ ૨૭

ભામાશું ભાંખે ભલ ભાવની,
સાહી કરી રૂખમણી મિલશે રે;
કૃપાનાથ કૃપા જો કરશે, દુધે સાકર ભલશે રે. એ૦ ૨૮

આપ ગુલ્મ મેં ગુપ્તપણે રહી, કૌતુક જોવે જામો રે;
સત્યભામા એકાકી રામા, વનમેં આવી તામો રે. એ૦ ૨૯
પદ્મશીલા ઉપર સા બેઠી, દીઠી રૂપ રસાલી રે;
સત્યભામા જાણી વનદેવી, લાગી તન મન તાલી રે. એ૦ ૩૦
કે અમરી કે કિન્નરી શારદા, રોહિણી રતી જગજાચી રે;
કમલા નાગતણી વર કુમરી, સુરપતિ રમણી સાચી રે. એ૦ ૩૧
કોઇ હોજો એ દેવી પ્રત્યક્ષ, પુન્યજોગે પ્રગટાણી રે;
સેવાફલ દેશે એમ જાણી, લાવી પાતી પાણી રે. એ૦ ૩૨
પુજી પ્રણમીને વર માગે, માધવ મોવશ આવે રે;
માત મયા કરશો પર કીજે, રૂખમણી નામ ન ભાવે રે. એ૦ ૩૩
નાથ્યા બેલતણી પરે ચાલ્યો, હરી આવે મુજ પાસે રે;
તો તુમ સેવા જાણું સાચી, એ થી અલગો નાશે રે. એ૦ ૩૪
એમ કહી પગે લાગી ભામા, કરતી લાલચ લાખો રે;
અર્થી દોષ ન દેખે કોઇ, સહુને સુખ અભિલાષો રે. એ૦ ૩૫
એ બાવનમી ઢાલે ભાંખ્યો, પગે લાગણ અધિકારો રે;
ગુણસાગર કહે સો હી સોહાગણ, જેહને વશ ભરથારો રે. એ૦ ૩૬

---

દોહા

ભામા ભરમ પડી ઘણું, ભાંખે વારંવાર;
દેવી વર દે વેગશું, રૂખમણી આવણહાર. ૧
આંખ ભરી આતુર થઈ, દેવી ન આપે વાચ;
એટલે હરી પ્રગટ થયો, માગ માગ વર સાચ. ૨

---

ઢાલ ૫૩ મી

( શીયલ સુરતરુવર સેવિએ—એ દેશી )

માગ્ય માગ્ય વર માનની, અવર ન એહવી દેવી હો;
જે ચાહે સુખ સંપદા, સુધી એહને સેવી હો. માગ્ય૦ ૧

હરી હરિણાક્ષીશું કહે, તજી બીજો જંજાલ હો;
રૂખમણી રાગે રાચતાં, સઘલી વાત રસાલ હો. મા૦ ૨

ઉઠી તતક્ષણ તારણી, રુઠી મારણહાર હો;
અવર ન દેવી એહવી, જેહવી એહ વરનાર હો. મા૦ ૩

ક્રોધ ન કીજે કામની, ક્રોધે હોય વિનાશ હો;
ક્રોધ તજી એ ધાવતાં, પૂરે મનની આશ હો. મા૦ ૪

ભામા ભારે ભડભડે, ઉઠી અતિ બરડાય હો;
રે રે ધૂર્ત શિરોમણી, વાદે હસ્યાં શું થાય હો. મા૦ ૫

એ પરદેશણ પ્રાહુણી, સગો ન કો કહેવાય હો;
જો હું મન ખેંચી રહું, ફાટી હૈયો મરી જાય હો. મા૦ ૬

તે માટે પગે લાગીને, મેં દીધો સન્માન હો;
નંદ નંદન તું મોહશું, મેલણુ લાગ્યો તાન હો. મા૦ ૭

જે નર બાહિર શામલા, મનમાં મેલા સોઇ હો;
દુમુહા માણુસ માણુસા, માંહિં ગણે નહિં કોઇ હો. મા૦ ૮

ઉદર વસ્યો જબ માયને, તબહીથી પ્રપંચ હો;
ઉપજીયાથી અતિ ઘણાં, આજ લગે એ સંચ હો. મા૦ ૯

વાધ્યા જઇ ઘર ગોવાલને, ગ્વાલ તણા ગુણ જોડ હો;
નાચ્યો રાચ્યો રંગશું, કરત કુતોહલ કોડ હો. મા૦ ૧૦

રીત ન જાણી રાજની, જાણી ગાય ચરાય હો;
કિસ્યો પલેખો કિજીયે, દૈવા અવલો ન્યાય હો. મા૦ ૧૧

ભીષમની છોડી હરી, કરી ઘણાં સંહાર હો;
જોગી નિવાહે વહી, લાગી તો નટ લાર હો. મા૦ ૧૨

જેતી મનમાં ઉપજે, તેતી મોઢે મ આણ હો;
લોહીને લડવે કરી, ચંડાલી ચિત્ત આણ હો. મા૦ ૧૩

કૃષ્ણ કુતોહલ કેલવી, આયો પુર મોજાર હો;
લેહણો લાભે આપણો, એ દોઈ વડનાર હો. મા૦ ૧૪
રૂખમણી ઉઠી ધસમસી, લાગી ભામા પાય હો;
ભામા એ ભલભાવશું, લીધી કંઠ લગાય હો. મા૦ ૧૫
કુશલ વાત પુછી ઘણી, ભામા ધરી અતિ પ્રેમ હો;
દેવી થારી કૃપા થકી, માહરે નિત્ય હી એમ હો. મા૦ ૧૬
હસી રમી હેત પ્યારસું, ચાલી લહીય પસાવ હો;
આંબો પાકયો ઉપરે, માંહિં ન જાય કસાવ હો. મા૦ ૧૭
અવર અનેરી વાતનો, થોડો ધરે ગુમાન હો;
ભામાને પગે લાગણો, સાલે સાલ સમાન હો. મા૦ ૧૮
જલણ જલંતો જાણીયે, જલશું રહીયે લાગ હો;
જો જલ આપણુ હી જલે, તો કિહાં જાયે ભાગ હો. મા૦ ૧૯
જો પિઉ પાડે આંતરો, લોગાસું સ્યો રોસ હો;
ભામા મન સમજાવણી, કર્મ આપણો દોષ હો. મા૦ ૨૦
એ ત્રેપનમી ઢાલમેં, રંગ વિનોદ વિલાસ હો;
ગુણસાગર શુભ કર્મથી, પોહોંચે મનની આશ હો. મા૦ ૨૧

---

### દોહા

રવિ ઉગે શશી આથમે, શશી ઉગે રવિ તેમ;
રવિ શશી હોવે એકઠા, એક આકાશે કેમ. ૧
વાસુદેવ વસુધા વિશે, આણ મનાવે તામ;
પ્રતિમલ મદ મારવે, સુજશ લહે અભિરામ. ૨

---

### ઢાળ ૫૪ મી

( જી જો મુનિવર વહોરણ પાંગર્યા ૨–એ દેશી )

હોવે હો કૃષ્ણ સકલ જગનો ધણી,
જોવો હો નવમા પ્રતિમલને હણી રે. એ આંકણી.

પવનથી પંથી આવીયા રે, વેપારી વડનામો રે;
રત્નકાંબલ રૂયડાં રે, મૂલ ઘણે અભિરામો રે. હોવે૦ ૧

લાભ વિચારી અતિ ઘણો રે, રાજગ્રહી આવંતો રે;
જીવજસાને આગલે રે, વસ્તુ ભલી લાવંતો રે. હોવે૦ ૨

ઘટી મોલ જબ સાંભલ્યો રે, વણજારા બોલંતો રે;
છોડી નગરી દ્વારિકા રે, ન્યાય હમ ડોલંતો રે. હો૦ ૩

ચમકી જીવજસા ખરી રે, સુણી નવલો અભિધાનો રે;
કુવણ દેશ પૂર કેવડો રે, કેહની વર્તે આણો રે. હો૦ ૪

સોરઠ દેશ સોહામણો રે, સાયર દત્ત નિવાસો રે;
નવબારી નગરી ભલી રે, કૃષ્ણ નરેસર તાસો રે. હો૦ ૫

આદિ વિગોઇ વ્યંતરી રે, નાથ્યો કાલિનાગો રે;
ગોવર્ધન ગિરી ધારીયો રે, જેહની અવિચલ પાગો રે. હો૦ ૬

દાંત ઉખાલણ ગયંવરા રે, મલ પછાડણ હારો રે;
કંસ કંદ નિકંદણો રે, ઉગ્રસેન આધારો રે. હો૦ ૭

ચંદેરીપતિ મદ મારણો રે, અરિકુલ કેરો કાલો રે;
કૃષ્ણ કહાવે કે હરી રે, નામે દુર્જન સાલો રે. હો૦ ૮

બિરુદ સુણયા અતિ આકરા રે, અંગુઠાથી ઝાલો રે;
ઉઠી આવી મસ્તકે રે, આતુર થઇ અસરાલો રે. હો૦ ૯

હૈયે ચોહટા આણુકે રે, કંત અને ભલ ભાઇ રે;
વિરહ વિછોહી વિલવિલે રે, વેદન સહી ન જાય રે. હો૦ ૧૦

યદુપતિની પદ્મણી રે, પોષે પિઉશું પ્રેમો રે;
હું રંડાપો ભોગવું રે, અબ મુજ જીવણ નેમો રે. હો૦ ૧૧

જરાસંઘ પાસે જઇ રે, પાપિણી મરણો માગે રે;
કંત અને ભાઈ તણો રે, અરિ ફિરે મુજ આગે રે. હો૦ ૧૨

ભૂપ ભણે મત રોવહી રે, રોસે તુજ રિપુ રાણી રે;
અરિ તું વર્ત્યો જીવતો રે, પણ મેં ખબર ન જાણી રે. હો૦ ૧૩

સ્વામી દ્રોહનો પાતકી રે, રે મંત્રી તું દીસે રે;
વૈરી કેમ વધવા દીયો રે, હોઠ ડસે નૃપ રીસે રે. હો૦ ૧૪

---

( કડખાની-એ દેશી )

કોપીયો રાજગ્રહીપતિ રાજવી,
નિસુણી પુત્રી તણા બોલ ભારી;
કહે રાજા જરાસંધ સુણ પુત્રિકા,
પુરવું આજ આશા તુમારી. કો૦ ૧

મુલથી વંશ ઉન્મૂલ શું યદુતણો,
કોપીયો મગધેશ કહે એમ વાણી;
ચઢતરી વાત સેના ભણી આદિશે,
મંત્રવી વારીયો પણ રાય ગુમાની. કો૦ ૨

થયો પ્રભાત શણગાર શોભા ધરી;
ભંભાશાલે તામ ભંભા વજાવે;
રાય રાણુાજી કો હાથ લોઢો ધરે,
નાના મોટા કોઇ રેણુ ન પાવે. કો૦ ૩

નિસુણી પ્રબલદલ, સબલ ભેલા હુવા,
કેડ કસીયા તણા દેઇ તસીયા; કો૦
ચાપડે કંધ એક એક હયવર તણાં,
મુછ વલઘાલ સંગ્રામ રસીયા. કો૦ ૪

રજ ચઢી ગયણુ રણુથંભ જિમ ઉપડયો;
પાખરે રોલ ઘમસાણુ વાજી; કો૦
સ્વામી તણી વાત અખિયાત કરવા ભણી,
સુભટના નયન બ્રહ્માંડ લાગ્યા. કો૦ ૫

સબ લઢી ચાલ શીશુપાલ મુછાલ તિમ;
સકલ સીમાડીયા ભૂપ આયા; કો૦
પુત્ર સહદેવ આદિક વડા રાજવી;
શસ્ત્ર છત્રીશ ધરી વેગે ધાયા. કો૦ ૬

તેમ દુર્યોધનાદિક વડા રાજવી;
રાણા રાજા નરા ઉત્તર ઢાલાં; કો૦
સહસ્ત્રગમે તિહાં નૃપતિ આવી મલ્યાં;
કેઇ ગજ રથ તુરંગમ કેઇ પાલા. કો૦ ૭

ચઢતવેલા મુગટ શીષથી ખીર પડયો,
ત્રટકી નિજ હાથશું હાર તુટયો; કો૦
વામ તસુ આંખ ફુરકે ઘણું ઉપરે;
લોક સઘલા કહે પુન્ય ખુટયો. કો૦ ૮

ગ્રહ અંબરે ફિરે, છિંક આગલ કરે,
વાયરો તે પ્રતિકુલ વાજે; કો૦
બહુલ અપશુકન વારી જતો રાજવી,
બીજતો આપણા બોલ કાજે. કો૦ ૯

પાર વિણુ પાયદલ તુરીય ગયવર તણો,
કલકલાટ શબ્દે બધીર લોક થાયો;
અશ્વખુરા આહણી સબલ રજ સાંધણી,
છલ ભણી જાય આકાશ છાયો. કો૦ ૧૦

ધડહડે ધરણીતલ સબલ સેના ભરે,
જલધિજલ ઉછલે અતિ જોરે;
સલસલે પનંગ ભારે કરી શંકતો,
ખલભલ્યા દેવ કટકગણુ સોરે. કો૦ ૧૧

મગધ દેશાધિપતિ મદે ભર્યો મલપતો,
ગંધહસ્તિ ચઢે ગર્વ ગહેલો;

સામ હો દ્વારકાનગરી સીમા ભણી,
ચાલ્યો સેના લેઇ રાય વહેલો. કો૦ ૧૨
એહવે આવીયો નારદમુનિ કૌતુકી,
જરાસંઘ શું હસી એમ ભાંખે;
આજ હરિ હલધર પ્રબલ પ્રતાપ ધર,
નવિ ચાલે એહથી ઘણું શું ઝાંખે. કો૦ ૧૩
રાય સુભટ તવ કોપી નારદ ભણી,
દેઇ ચપેટા ચરણ લાત કુટયો;
ફ્રોડી કમંડલ કોપીન ખેંચ્યો ઘણો,
હા હા નહિ નહિ એમ કરી માંડ છુટયો. કો૦ ૧૪
રાજ આશા અને સિંધુએ એ સુણી,
જરાસિંધુ ચઢતરી વાર એ ઠામે;
જાત કડખે કહી ઢાલ લાવણ ભણી,
સુણતાં સુર માસુર પામે. કો૦ ૧૫

ઢાલ મુલગી

ભંભા વજાવી તત્ક્ષણે રે, કીધો રાય પ્રયાણો રે;
વેલા પુગી આણુકે રે, દૂર ગયો સયાણો. હો૦ ૧૬
સાહણ વાહણ સામટો રે, સાથે સહુ શજાનો રે;
ધસમસ આયા આવહી રે, દલબલ ને પ્રમાણો રે. હો૦ ૧૭
એ ચોપનમી ઢાલમેં રે, ભાવી લીધે જાતો રે;
ગુણસાગર ભવી શું કરે રે, હોવે હોનારી વાતો રે. હો૦ ૧૮

---

દોહા

સેન લઇ જરાસંઘ તે, આયો રણની સીમ;
ચક્રવ્યુહ આકારમેં, સંપ સાજથી ભીમ. ૧
આરા સહસ્ર કીયા ભલા, લશ્કર મેલી થાટ;
એક આરે રાય સહસ્ર છે, રોકે આડા ઘાટ. ૨

રથ બે સહસ્ર માંહે ભલા, ગજ એક સહસ્ર વખાણ;
પાંચ સહસ્ર તેજી તપે, પાયક સોલ પ્રમાણ.

આઠ સહસ્ર યોધા ભલા, શુરામેં શિરદાર;
ચક્રમુખે કૌરવ ઘણા, કહેતાં નાવે પાર.

મધ્યભાગ પોતે રહે, આરા સહસ્ર ને માંહિં;
બલ અરિ ચાલી નવી શકે, અતુલીબલ છે ત્યાંહિ.

નારદમુનિ કોપે ચઢચો, અવગણીયો મુજ આજ;
ગુમાની માને ચડયો, રાખી નહિં મુજ લાજ.

ઉત્પત્યો અંબર મારગે, કલુષ ભર્યો રુષિ તામ;
આયો નગરી દ્વારિકા, હરીને જણાવણ કામ.

તવ નારદ કૃષ્ણને કહે, આવ્યો નૃપ જરાસંઘ;
કૃષ્ણે ભંભા વજાવીને, કરી કટકનો બંધ.

---

ઉદયરત્ન વિરચિત ઢાલ

( થારા મોહોલા ઉપર ઝબુકે વીજલી હો લાલ૦ ઝબુ.—એ દેશી )

મિલ્યા તિહાં દશે દશાર,
જાણે દુર્ધર કેશરી હો લાલ૦ દુર્ધર૦
સમુદ્રવિજય અતિ શૂર,
સમુદ્ર જીત્યો તનુ તેજે કરી હો લાલ૦ જીત્યો૦ ૧

માહાનેમી સત્યનેમી દ્રઢનેમી સુનેમી લહ્યો હો લાલ૦ નેમી૦
રથનેમી શ્રી અરિષ્ટનેમી,
જિનવર જગગુરૂ તે જયો હો લાલ૦ જગ૦ ૨

માહાજયને જયસેન,
ગૌતમ ચિત્રાસ્વ છે ગુણી હો લાલ૦ ચિત્રા૦
સુફલ્ક તેજસેન, શુરામાંહિ જે શિરોમણી હો લાલ૦ જે૦ ૩

જયમેઘ અને શિવનંદ,
　　　　વિશ્વકસેનાદિ ભલે પૂરા હો લાલ૦ ભ૦
સમુદ્રવિજયના એ પુત્ર,
　　　　એકરથી છે અધિક શુરા હો લાલ૦ છે૦ ૪

બીજો દસાર અક્ષોભ,
　　　　આઠ પુત્ર તેહના જાણીયે હો લાલ૦ તેહ૦
ઓધવ અક્ષુભિક,
　　　　વામદેવ દ્રઢવ્રત વખાણીયે હો લાલ૦ દ્રઢ૦ ૫

મહો અંભોજલને આગલે,
　　　　નિધિ શબ્દ જિહાં રે જોડીએ હો લાલ૦ જિહાં૦
હોજી થાયે તિહાં રે ત્રણ નામ,
　　　　સુત્રને કેમ અવખોડીએ હો લાલ૦ કિમ૦ ૬

સ્તિમિત ત્રિજો દશાર,
　　　　પાંચ તે પુત્ર તેહને અછે હો લાલ૦ તેહ૦
શ્રુમ્મિંમાનને વસુમાન,
　　　　વીરપાટલ સ્થીર યુધે અછે હો લાલ૦ સ્થી૦ ૭

સાગર ચોથો દશાર ષટપુત્ર તેહના,
　　　　વાલ્હેસરી હો લાલ૦ વાલ્હે૦
કંપન નિ:કંપન લક્ષ્મીવાન,
　　　　શ્રીમાન યુગાંતને કેશરી હો લાલ૦ યુગા૦ ૮

પાંચમો દસાર હેમવાન,
　　　　ત્રણ પુત્ર તેહના જાણજો હો લા૦ જા૦
વિદ્યુતપ્રભને માલ્યવાન,
　　　　ગંધમાદન ગણ્યા અમે હો લા૦ અ૦ ૯

અચલ છટ્ઠો દશાર,
　　　　સાત પુત્ર તેહના સમજી લીયા હો લા૦ તે૦

મહેંદ્ર મલય માહાગિરી શૈલ,
નગ બલે કુલ નિર્મલ કિયા હો લા૦ કુ૦ ૧૦

ધરણ નામે સાતમો દસાર,
પંચ પુત્ર તેહના પૂછયો હો લા૦ તે૦
વિશ્વરૂપ ધનંજય કર્કોટ,
શ્વેતમુખ વાસુકી થયો હો લા૦ વા૦ ૧૧

પૂરણ નામે આઠમો દશાર,
સુત ચાર તેહને સુંદરુ હો લા૦ તે૦
કર્મુખ કર્કર કપુર કર્ધર મહાબલના ધરુ હો લા૦ મ૦ ૧૨

નવમો દશાર અભિચંદ્ર,
ષટ પુત્ર તેહના જાણો ખરા હો લા૦ તે૦
શશીચંદ્ર ચંદ્રાભ શશાંક,
સોમ અમૃતપ્રભ સુંદરા હો લા૦ અ૦ ૧૩

દશમો દશાર વસુદેવ,
તેહને તો પુત્ર છે ઘણાં હો લા૦ પુ૦
કુર અંકુર જ્વલનપ્રભ,
અશનિવેગ વાયુવેગ નહિં મણા હો લા૦ વાયુ૦ ૧૪

મહેંદ્રગતિ સિદ્ધાર્થ,
અમિતગતિ વલી સરદયો હો લા૦ વ૦
સુદારુક દારુક અનાધૃષ્ટિ,
દૈમસુષ્ટિ શિલાયુદ્ધ કર્યો હો લા૦ શિ૦ ૧૫

જરાકુમારને વાહલીક,
ગંધાર પિંગલ આદે ઘણા હો લા૦ પિં૦
રામ ને વિદુર ને સારણ,
રોહિણીના પુત્ર ત્રણે એ હો લા૦ પુ૦ ૧૬

દેવકીનો પુત્ર શ્રીકૃષ્ણ,
જગવિખ્યાત જાણો જેહ હો લા૦ વિ૦
શુરવીર કોટીર, અધિક તેજે ભાણ જ્યોં હો લા૦ તે૦ ૧૭

રામપુત્ર નિરુધ ઉલ્મુક પીઠ,
મારુદત્ત શક દમણો હો લા૦ શ૦
કૃષ્ણનો પુત્ર એક, ભાનુભ્રમર આગે સુણો હો લા૦ આ૦ ૧૮

ધીર ગંભીર ગૌતમ, સૌધર્મા ઉદધિ વલી હો લા૦ ઉ૦
ધર્મપ્રસેન જિનસૂર્ય,
ચંદ્ર મારુક કૃષ્ણ ભ્રાતા મિલી હો લા૦ ભ્રા૦ ૧૯

ઉગ્રસેન આદે નરેશા,
યાદવ વંશીના ગણ્યા હો લા૦ વં૦
અંગજ અત્ર જાણો અનેક,
જ્ઞાની વિણ ન જાયે ગણ્યા હો લા૦ ન૦ ૨૦

મામાઇ ફુઇયાઇ અનેક,
શ્વસુર પક્ષના જાણજો હો લા૦ પ૦
એ તો ઢાલ રસાલ,
ઉદય કરી મનમાં આણજો હો લા૦ મ૦ ૨૧

---

## દોહા

ક્રોષ્ટુકે કથિત સુમુહુરતે, ગરુડધ્વજ રથારુઢ;
કૃષ્ણ થયા તવ દારુકે, અશ્વ તે જોડયા પ્રૌઢ ૧

ચતુરંગી સેના સજી, સજ્યા સહુ જાદવ સાથ;
શુભ સુકને ઇશાન દિશામાં, ચાલે શ્રી યદુનાથ ૨

જાદવને પાંડવ તણાં, કટક તણો નહિં પાર;
ચાલંતા અચલાચલે, કુલાચલ ચલ્યા તેણીવાર ૩

પિસ્તાલીશ જોજન અરહા, આવી કર્યો પડાવ;
શત્રિપલી ગામની સીમમાં, બહુવિધ કરી બનાવ. ૪

એહવે તિહાં કૃષ્ણ સૈન્યમાં, વૈતાઢ્ય વાસી અનેક;
વિદ્યાધર આવી નમે, સમુદ્રવિજયને વિવેક. ૫

કહે સ્વામી તુજ બાંધવે, વસુદેવે ધરી નેહ;
સેવક કરી અમ થાપીયા, ઉપકાર કિયા અછેહ. ૬

યુદ્ધ સમય જાણી કરી, આવ્યો છું તુમ પાસ;
સેવક અમને લેખવી, કાંઇ બતાવો ખાસ. ૭

વચન સુણીને હરખીયા, સમુદ્રવિજય રાજાન;
તેહ નજરે નિરખી તદા, આપે અતિ સન્માન. ૮

વસુદેવે પણ તવ તિહાં, ખેચરને બહુ પ્રેમ;
અતિ સન્માની રાખીયા, પુછી કુશલને ખેમ. ૯

વિદ્યાધર કહે રાયજી, રામ કૃષ્ણ સમ જાત;
જગમાં કોઇ લાભે નહિં, જરાસિંધ કુણ માત. ૧૦

વલી ખેચર હરીને કહે, અમને દ્યો આદેશ;
વૈતાઢ્ય વાસી વિદ્યાધરા, અન્ય અછે સુવિશેષ. ૧૧

જરાસિંધના પક્ષથી, તુમને ન માને જેહ;
તેહને જીતવા કારણે, જાઇયે અમે ગુણ ગેહ. ૧૨

---

## ઢાલ ૫૫ મી

( આખ્યાનની–દેશી )

સુણી નારદ વયણ વેધાલા, વાજે ગુહિર ત્રંબાલુ ગુંજાલા;
સિંહનાદ હરી તવ મુકે, સજ્જ યાદવ થઇને ઘુકે. ૧

દશ સેને દશારથ ચાલ્યા, જુજુઆ નવિ રહે ખાલ્યા;
ઉઠક્રોડ પુત્ર પરવરીયા, પહેરી સનાહ ખગ વેગે ધરીયા. ૨

ઉગ્રસેન કટક પોતાનો, લેઇ ચાલ્યો દેઇને તાનો;
મહસેન રાજા યુદ્ધ રાગી, અલતેગ ચિહું ખુટ વાગી. ૩

માંહે પાંચ પાંડવ વડ યોધ, રણ કરતાં ન આવે બોધ;
તિમ સસરા સાલા બહુ મિલીયા,
કાયરા ચિત્તમાંહિ ખલભલીયા. ૪

સર્વે કટક મલ્યું શુભશુકને, કુણ ચુકે એ જાણી તકને;
રણ વાજીંત્ર ભંભા વાજે, રથ બેઠા શ્રીકૃષ્ણ બિરાજે. ૫

વલી નિષધ કુમર શિરદાર, ધર્યો મહાનેમી સેનનો ભાર;
આવી ખેંચ્યા રણને તીર, ડેરા દેઇને ઉત્તરાધીર. ૬

ગરુડ વ્યુહ આકારે કહીએ, ચંચુ અગ્રે બલભદ્ર લહીએ;
એ હવે ઇંદ્રપુરીમેં બેઠો, અવધે સોધર્મેન્દ્રે દીઠો. ૭

પ્રભુ યુદ્ધ કારણ પરવરીયા, બાલપણે કૌતુક રસ ભરીયા;
મુકયો સારથી માતુલી સાર, રથ પોતાનો કરીને તૈયાર. ૮

બહુ છત્રીશ આયુધ ધરીયા, ભેટ મુકીને સંચરીયા;
કુવચ સનાહ પહેરી સયણે, ચાલ્યો સારથી નેમને વયણે. ૯

પ્રભુ બેસી રથ શોભાવ્યો, સવિ જોતાં સૈન્યમેં લાવ્યો;
કેઇ શુર સુભટ સજજ પાવે, અષ્ટાપદ જયું ઉપમા પાવે. ૧૦

માંહે ભીમ ગદાનો રસીયો, પરસેન દેખીને હસીયો;
એમ સુભટની કોડાકોડી, રણ કરવાને હોડાહોડી. ૧૧

સમપાધર જોઇને ચોખાલ્યું, સેન આપ આપણું વાલ્યું;
રણથંભ તિહાં આરોપ્યો, ધ્વજ દંડે કરી બહુ ઓપ્યો. ૧૨

વીર વિદ્યાધર બહુ મલીયા, સમવટે સહુ આવી ભલીયા;
કોઇ કૌતુક જોવા આવે, ભડ દેખીને ભય પાવે. ૧૩

ગજ સુંડે સાંકળના ખડકાં, મોરચા બાંધી કરે વલકાં;
હયત્તર પાખરીયા પલાણે, ભાથા વલગાડયા ભરી બાણે. ૧૪

વીરરસે ચઢયા રજપુત, રણખેત મચ્યો અદ્દભૂત;
દલ પસારીયા ચિહું ઓર, કાલીખામ ઘટા ઘનઘોર. ૧૫

બરછીએ બરબીએ કરત જુહારા,
વિજલી જેમ વહે ખડગધારા;
મંડીયા અતિ જોધ અખાડા, શિર વિના ધડ કરે રમાડા. ૧૬

આવ્યો સુરસ હો અસિધારી,
જો હોય હોંશ અપચ્છરા નારી;
બોલે બોલ સુભટ એમ હાડા, એક કાયર ધરે હાથ આડા. ૧૭

જાદવ સુભટ ચઢયા રસપુર, કરે સિંધુ સેના ચકચૂર;
દલભંગ દેખીને રાય, આવ્યા ધસમસતા અતિ ધાય. ૧૮

પ્રિયંગદ ધૂમકેતુ નરિંદ, જાદવસેનને પાડંતા મંદ;
વાહી એકધારી કૃપાણ, હરી કટકમાં પડયું ભંગાણ. ૧૯

ઉઠયો મહાનેમી તેણીવાર, અનાધૃષ્ટિ નિષધ કુમાર;
ચાલ્યા રથ બેસી ગુણવંત, આવંતા રિપુદલ રોકંત. ૨૦

રોસે ભર્યો રૂખમીયો રાય, દુર્યોધન સાથે સહાય;
સાતે નૃપ આવ્યા રણખેત, એક એકને પાછલ લેત. ૨૧

સમકાલે સાતે નૃપ હોડે, ભર મુઠી અને સર છોડે;
મહાનેમી સુભટને આગે, રૂખમીયા સાથે અડયો મધ્ય ભાગે. ૨૨

સણુણ બાણ વહે અતિ વેગે, વાગે ખડેડાટ શુભને તેગે;
ખલકે લોહી વહે જીમ વારી,
પડીયા હય ગમ પાય પસારી. ૨૩

ચોગણી પત્ર પુરે રે અસંખી,
ત્રપત હુઆ ઘણાં ગ્રધ પંખી;
મહાનેમી તણા તીર છુટે,
રૂખમીયા રથની સાંધ વછુટે. ૨૪

રૂખમીયોને દુર્યોધન ભૂપાલ, કોપે ચઢીયા આ અસરાલ;
વેણુદાલી પ્રમુખ સરોખી, ષટરાય આવ્યા બલ પોખી. ૨૫

મહાનેમી તણો રથ ઘેરી, આઠે રાય રહ્યા ચિહું ફેરી;
ભાઈ સંભારો ઇષ્ટ તુમ્હારો, આજ આવ્યો સહી જમવારો. ૨૬

રે રે સોર કરે શ્યો ગમાર, આવ સન્મુખ થા હુશીયાર;
એમ કહી ત્રોડે સરધાર, ધનુષ આઠે તણા તેણીવાર. ૨૭

શક્તિ પૂરણ દાર અગ્નિને, મુકે રૂખમીયો રીસ ભરીને;
તડ તડ નાદ કરંત જોર, દેખી સુભટ કરે અતિ સોર. ૨૮

નાંખે શસ્ત્ર ઘણા સુર ચંગા,
જાણે અગ્નિમાંહિ બલે પતંગા;
એહવે અરિષ્ટનેમીશ્વર સ્વામી,
સુર માતલી કહે શિરનામી. ૨૯

બલિ ઇંદ્ર થકી એણે પામી, એહ શક્તિ મહાતપ કામી;
પામી પ્રભુ તણો રે આદેશ, સુર સાનિધ્ય કરે સુવિશેષ. ૩૦

તિણે વજ્ર શરે અતિ ત્રાડી, લેઈ શક્તિ ભણી ભૂંએ પાડી;
જયજયકાર કરે નરદેવ, જાદવ વિઘ્ન ટલ્યો તતખેવ. ૩૧

હુઇ સાંજને વિત્યો સંગ્રામ,
આવ્યા આપ આપણે મુકામ;
ગુણસાગર કહે અભિરામ, ઢાલ પંચાવનમી ગુણધામ. ૩૨

---

## દોહા

નિત્ય પ્રતે યુદ્ધ હોવે ઘણાં, કહેતાં નાવે પાર;
જરા મુકીએ હવે, તે સુણજો અધિકાર. ૧

નાલ ધણુકે નવનવી, રજસેં છાયો ભાણુ;
શુરા રણમેં આથડે, રથ જુત્યા કેકાણ. ૨

તસલી મુકરતાં થકાં, એક એકને ગ્રહી બાંહ;
કહે જશ જગમેં કરો, જય કરશે જગનાહ. ૩

સુકુલીની માતા તણાં, ધાવ્યા હશે જે દુધ;
તે પગ પાછા નહિં દિયે, ઘણાં કીયા છે યુદ્ધ. ૪

ઇમ હુકાહુક કરી રહ્યા, જાણે હનુમંત વીર;
જઇ અડયા રણથંભને, વડા વડારણ ધીર. ૫

બારધાર વરસે ઘણી, ધરણી ન ધરે ધીર;
કાયર નર છાના છિપે, સાહસિક સામ સધીર. ૬

યુદ્ધારંભ થયો ઘણો, નવિ કો હારે તામ;
એહવે સેનાની સિંધુ તણો, હિરણ્યનાભી અભિરામ. ૭

કહે એમ નિજ સ્વામી ભણી, કુણ શ્યો જાદવ રંક;
ઘો આદેશ સંગ્રામનો, ટાલું એહનો વંક. ૮
રાય પસાય લેઈ કરી, રથ બેસી તેણી વાર;
ચડીયો આડંબર ઘણે, દલબલનો નહિં પાર. ૯

---

## ઢાળ ૫૬ મી

( શ્રેણિકરાય હું રે અનાથી નિર્ગ્રંથ એ-દેશી )

સેનાની રોસે ભર્યો, આવે હી દલ ઠેલ;
પસર્યો દલ સિંધુ તણો, જિમ સાયરની વેલ. ૧

રંગીલા રાય આવી મલ્યા રણખેત,
કાંઇ પાછી રે પુંઠ ન દેત. રંગીલા૦ એ આંકણી
અર્જુન સેનાની તણો, આવંતા છેદે તીર;
એહવે ભીમ ભુજાબલી,
ઉપાડી ગદા રે આયો અમીર. રં૦ ૨

સેનાની રથ ઉપરે, મેલી ગદા બલપૂર;
સેનાની પાછો ખસ્યો, રથ ભાંગી રે હુઓ ચકચૂર. રં૦ ૩

આવ્યો કેસરી જેમ ગાજતો, ભીમ ઉપર ધરી છાગ;
તિક્ષ્ણ બાણ વરસાવતો,
કોઇ નવિ પામે રે રહેવા લાગ. ૨૦ ૪

જયસેન કુમર મહાબલી, સમુદ્રવિજયનો નંદ;
આવી આડો આંતર્યો, ખેંચી ધનુષ ઉભો સો નંદ. ૨૦ ૫

રાય હસી એમ બોલીયો, તું કાં મરે ભાણેજ;
ઇમ કહેતાં તસ સારથી, હણીયો રે જયસેન સહેજ. ૨૦ ૬

ખેંચી બાણ અતિ આકરો, સેનાની શિરદાર;
તસ સારથી ભેદી કરી,
કાંઇ માર્યો રે જયસેન કુમાર. ૨૦ ૭

મહાજય ધાયો વેગશું, બંધવ માર્યો દેખ;
તે પણ માર્યો સેનાનીયે,
દેખી કોપ્યો રે અનાદ્રષ્ટિ વિશેષ. ૨૦ ૮

હિરણ્યનાભી રાજા તણો, છેદે ધનુષ મનરંગ;
ભીમ અર્જુન જાદવ અવર,
કાંઈ ઝુઝેરે બીજા નૃપ સંગ. ૨૦ ૯

અનાદ્રષ્ટિને મારવા, રથથી ઉતરીયો વેગ;
હોઠ પીસે રીસે ભર્યો,
હિરણ્યનાભી રે આવ્યો ધરી તેગ. ૨૦ ૧૦

અનાદ્રષ્ટિ રે પણ રથ થકી, ઉતરીયો લે તરવાર;
આડો ખાંડો દેઇને, કાંઇ ખેદ રે તસુ બહુવાર. ૨૦ ૧૧

અનાદ્રષ્ટિ છલ પામીને, લબ્ધ લખી કરવાલ;
હિરણ્યનાભીને હણી કરી,
કાંઇ નાખ્યો રે શીષ ઉછાલ. ૨૦ ૧૨

અષ્ટવીશ પુત્ર રાયના, પોહોંચાડયા પરલોક;
ભીમ અર્જુન કરી આકરી,
દેખી રે રાય હુવો નિઃશોક. ૨૦ ૧૩

કુમર વધ દેખી કરી, સેના ભાંગી તામ;
જરાસિંધુ ચિત્ત ચિંતવી,
તિણે અવસર કુલદેવી અભિરામ. ૨૦ ૧૪

જરાદેવી કુલમેં વડી, સમર્યાં આવો આજ;
અરિ અટારો રણમેં મિલ્યો,
કાંઇ રાખો રે કુલની લાજ. ૨૦ ૧૫

દેવી કોપી તત્ક્ષણે, આવી જાદવસેન;
જરા વિકુર્વી અતિ ઘણી,
જાણે પ્રગટ્યો રે અચાનક પેન. ૨૦ ૧૬

ઉઠકોડી ઉજ્જવલ કર્યા, મુખ ચુવે બહુ લાલ;
મધ્ય નિશાને મુકીને, ગઈ દેવી રે અંબર તતકાલ. ૨૦ ૧૭

પ્રસરી જરા જાદવસેનમાં, વ્યાકુલ થયા નરરાય;
નેમ હરી હલધર વિના, શેષ જરામય બહુ થાય. ૨૦ ૧૮

ઝુરે હલધર એકલો, નિસુણી કૃષ્ણ એહ વાત;
સુર સુભટ વિણ કિમ થાયશે,
ઉપનો રે સુરિ તણો ઉત્પાત. ૨૦ ૧૯

એહવે માતુલી સારથી, પ્રભુને કહે વારંવાર;
હણીયે પ્રતિવિષ્ણુ આપણે,
તો કાંઇ પામે રે હાર અપાર. ૨૦ ૨૦

દેવ વયણે પ્રભુ એમ કહે, વિષ્ણુ હણે પ્રતિવિષ્ણુ;
એ નિત્ય પરંપરા છે ભલી,
હોશે રે ત્રિખંડાધિપ કૃષ્ણ. ૨૦ ૨૧

ઇમ કહી ચાલ્યો રથ ભૂતલે, કરતો નાદ ગંભીર;
ક્ષીરોદધિમાં જેમ નાવડી, કાંઇ તરતી રે દીશે તીર. ૨૦ ૨૨

ઝંડા કાપ્યા જોરશું, વીર્ય અનંત ભગવંત;
સિંધુસેન ભાગી ગયો,
જિમ સિંહ દેખીને અજાના સંત. ર૦ ૨૩

કૃષ્ણ પુછે પ્રભુને મને, સ્વામી અબ કિમ હોય;
છિક આયા સુર સાહમો,
હોંશ ધરી રે જોવે સહુ કોય. ર૦ ૨૪

હરી આરતિ દેખી કરી, માતુલી કહે ઇમ વાત;
પ્રભુ ન્હવણ જલ છાંટતાં,
કાંઇ રહેશે રે વકનો ઉપઘાત. ર૦ ૨૫

પ્રભુ પુજી પ્રણમી કરી, ન્હવણ છાંટે તેણીવાર;
જરા નાઠી લોટી ઉઠીયા,
કાંઇ સુરા રે સુભટ શિરદાર. ર૦ ૨૬

પ્રભુ રથરેણુ ફરસી જેહને, અંગે અડે તિલમાત;
તેહના ઉપદ્રવ સર્વ ટલે; અકથ્ય કથાની છે વાત. ર૦ ૨૭

ઢાલ એ ષટ પંચાશમી, પ્રભુ મહિમાની વાત;
બ્રહ્મચારી જિન બાવીશમો, ગુણસાગર ગુણ ગાત. ર૦ ૨૮

---

દોહા

હવે જરાસિંધુ આપણા, મંત્રી તેડયા તામ;
નામે હાંસો હિંસક, ઉભા કરી પ્રણામ. ૧

યાદવસેન જિહાં અછે, જાઇ આવો કરી ગુઝ;
સેના સાહમા આવજો, વહેલા કરજો ઝુઝ. ૨

નૃપ જુના જાણે સહે, પૂર્ણ પરાક્રમ મોય;
સમુદ્રરાયને વિનતિ, વૃદ્ધપણુનો રાખે તોય. ૩

પશુ ટોલે ગોવાલીયો, આપે મુજને આજ;
હલધર જુગ પાંડવ વલી, આવ્યાં સરસે કાજ. ૪

હાંસો આવ્યો તિહાં થકી, પ્રણમે સમુદ્રના પાય;
વિનંતી સ્વામી ભક્તિની, કરવા માંડી ઠાય. ૫

સમુદ્રવિજય ત્રટકી કહે, રે સાંભલ મંત્રીશ;
માગવા કૃષ્ણ તું આવીયો, હિનબુદ્ધિ તુજ ઇશ. ૬

હરી જે કંસને મારીયો, કરતો કુલમેં ઉત્પાત;
ઉગ્રસેનને પાંચસેં, મારતો કસા ઘાત. ૭

ઇમ નિસુણી પાછો વળ્યો, વિનવ્યો નિજ નરેશ;
અબકે ટલવો ભલો, જાદવ જોર વિશેષ. ૮

થયો પ્રભાત ઉગ્યો તપત, કર્ણ રાજા તેણીવાર;
સેનાપતિને તેડીને, ભાંખે વાત વિચાર. ૯

સેના સજજ કરો સહુ, જાશું જાદવ લાર;
સંગ્રામ કરવા કારણે, મત લગાવો વાર. ૧૦

ઇમ સુણી સેનાપતિ, કીધું કટક તૈયાર;
હય ગય રથ પાયક ઘણાં, તે કહેતાં નાવે પાર. ૧૧

---

## ઢાલ ૫૭ મી

( ચિત્રોડા રાજા રે—એ દેશી )

કરણ સજજ થયો હવે જામ, વઢવાને અતિ અભિરામ;
આયો રાજા સિંધુને આગે,
પાયે લાગીને અનુમતિ માગે. ૧

પ્રભુ કૃપા કરો તુમે નાથ, આજ જઈ દેખાડું હાથ;
એમ બોલે મધુરી વાણી, જરાસંઘ કહે ગુણખાણી. ૨

જાઓ વેગે મ લાવો વાર, રણમાંહે રહેજો હુશીયાર;
એમ સુણી રાજી થયો મનમાં,
પહેર્યો સનાહ કછોટો તનમાં. ૩

કરણ કર્ણ સમ છે તેજ, જગ દેખતાં ઉપજે હેજ;
રથે બેઠો કરવા કાજ, હાથ મુદ્‌ગલ લેઇ મહારાજ. ૪

નાગ સસરો સાનિધ્ય કારી,
આવી રથે બેઠો અધિકારી;
વળી દેવ ઘણાં તસ લાર,
કર્ણ આવ્યો થઇ હુશીયાર. ૫

ગંગેવ ગરુઓ ગુણખાણી, કર્ણ રણ ચડયો એમ જાણી;
આવી ભેળો થયો ઉમાહિ, મુસંડી હલ હાથમાં સાઇ. ૬

રણથંભ આવીને રોપ્યો, કર્ણ જાદવ ઉપર કોપ્યો;
દેખે કર્ણ કેરી અધિકારી, નાઠા સુભટ હતા જે ભારી. ૭

ત્રાસ પામી આવ્યા હરી પાસે,
પાયે લાગીને વચન પ્રકાશે;
આવ્યા કર્ણને ભીષ્મ દોયે,
પ્રભુ અમથી તો કાંઇ ન હોયે. ૮

ભીમ ગદા લઇને સનુર, અર્જુન ઉભો બાણાવલી શૂર;
સજજ થયા રણ રમવાને કાજ,
તવ વર્જે યુધિષ્ઠિર મહારાજ. ૯

ભીષ્મ પિતા ને કર્ણ છે ભાઇ,
ઇણથી વઢતાં ન હોયે વડાઈ;
મારીએ તો મરીને નરકે જાઇયે,
તે માટે સામા નવ થાઇયે. ૧૦

તવ વસુદેવ ચઢીયા આપ, દશાર હાથ ગ્રહી રણ થાય;
ઉગ્રસેન કેરી અધિકાઇ, ચાલ્યા વઢવાને દશે ભાઇ. ૧૧

હલધર તવ હેત જ જાણી, કહે તાતપ્રતે એમ વાણી;
લીયો ગદા અમારી પાસ, ઇણથી વૈરી પામશે ત્રાસ. ૧૨

ગદા લઇ પ્રભુ રણ આવે, દેખી કર્ણ પ્રતે બોલાવે;
આવો સામા સુરજના નંદ,
આપણે લડશું દોયે આનંદ. ૧૩

વસુદેવ કરણ એ દોયે, વઢે હોંશ ન રાખે કોયે;
એક બીજાને કરે પ્રહાર, વદે કોપ ચડયાં અસરાલ. ૧૪

ઉગ્રસેન ગાંગેવ જ સાથ, ઝુઝે બીજા ઘણા નરનાથ;
ઉમાયા અતિ રણ રસીયા,
એક બીજાને મારણ ધસીયા. ૧૫

ભીષમ ભડ મોડે અતિ ભાર, કરે ચોટ હુઇ હુશીયાર;
ભીષમ વિદ્યાધરીનો બેટો,
ભીષમ ઉગ્રસેન રાયને ભેટયો. ૧૬

ઉગ્રસેન તણું દલ મોડે, વલી ધનુષ્ય રાયના તોડે;
રીસે કરે મુસંડી પ્રહાર; રાય મુર્છી પડયો તેણીવાર. ૧૭

ભીષમ વૃદ્ધ અછે પણ નાનો,
ભીષમ રણમાં ન રહે છાનો;
ભીષમ ભારે હાક વજાવે,
ભીષમ શૂર સુભટ ન વિસારે. ૧૮

સારથી જોવે નજર પસારી,
રાય મુર્છી પડયો દુઃખકારી;
હા હા ભીષ્મે અનરથ કીધો, રાયને પ્રહાર જ દીધો. ૧૯

રથ વારી બાહેર લીધો, વલી જલ સિંચાવત કીધો;
એમ કીધા ઘણાં ઉપચાર,
રાય સુસતા થયા તેણીવાર. ૨૦

કર્ણ વસુદેવ સંગ્રામ ભારી,
જોવા દેવ આવ્યા તેણી વારી;
જુએ માણસ પણ દેવ જેવા, સા વઢતાં દીઠાં તેવા. ૨૧

કરણ કોપ કરી કર સાઇ, ગ્રહી મુદ્દગર મુકે ધાઇ;
બાણ વલી અધિકે જોરે, મુકે શ્રી વસુદેવની કોરે. ૨૨

મુદ્દગર આવંતો દીઠો જામ,
હલધરે ગદા દીધી તે તામ;
ગદા ઉપાડી તે તાડે, મુદ્દગરને તે ભૂંએ પાડે. ૨૩

વસુદેવ કહે સુણ રાયે, કર્ણ ઉભો રે પગ ઠાયે;
અગ્નિબાણ થકી તુજને બાલું,
સેન સઘલીનું કારજ સારૂં. ૨૪

ડુંગર ઉપર દેવથી પામી, હાથ લીધું વસુદેવ સ્વામી;
મુકે કર્ણરાજાની લાર, અગ્નિઝાળ વહે અસરાલ. ૨૫

અગ્નિ દેખીને દેવ જ ખસીયા,
સહુ આઘા પાછા ધસીયા;
નાગ ભેગા હતા જે જે દેવ, સુર નાશી ગયા તતખેવ. ૨૬

બાણ દેખીને અતિશય ભારે,
નાગ સામો આવ્યો તસ લારે;
જલ લઇને અગ્નિ ઓલાવે,
બાણ દેવ તે નાશી જાવે. ૨૭

કર્ણ બાણાવલી કેવાયે, એથી જોધ જીત્યો નવિ જાયે;
વલી નાગ સાહાય્ય જો પામી,
વઢતાં કાંઇ ન રાખે ખામી. ૨૮

વસુદેવ તણાં ભડ જેહ, તે તો નાશી ગયા તતખેવ;
દેખી હૈડે રહ્યા વિચારી, કર્ણ મોટો એ અધિકારી. ૨૯

વસુદેવ વિચારે મન, કર્ણ મોટો ઇ રાજન;
તેજ પ્રતાપ કરી એ પૂરો, જોધ લડવામાં અતિશૂરો. ૩૦

જોધે જીત્યો એ નવિ જાયે,
વળી પાછું પણ ન ખસાયે;
સાપે ગ્રહી છછુંદરી તેહ, ભો ઉખાણો મલીયો એહ. ૩૧

એટલે નારદ રુષીશ્વર આવે, વસુદેવ પ્રતે બોલાવે;
શું રાય ઝંખાણો છો આજ,
આઠ્યા રણ રમવાને કાજ. ૩૨

વસુદેવ કહે રુષીદેવ, પાયે લાગીને કરી સેવ;
મેં નવિ દીઠો જગતમાં કોયે,
જેવો કર્ણ લડે છે સોય. ૩૩

નારદ કહે મત વિમાશો, કરણ રથે બેઠો દેવ ખાસો;
બાણ તુમ તણા સર્વે ભાંગે,
કર્ણરાયને એક નવિ લાગે. ૩૪

હવે એહનો ઉપાય કરશું, રાય ચિંતા સઘલી હરસું;
એમ કહીને રુષીશ્વર જાયે,
પ્રભુ દેખીને બહુ સુખ પાય. ૩૫

માતુલી પ્રતે કહે રુષિરાજ,
ચાલો સંગ્રામ દેખણ કાજ;
દેવમાં પણ એવું ન દેખો,
વસુદેવ કર્ણ લડે તે પેખો. ૩૬

એમ કહીને રુષિ તેડી આવે, વસુદેવ તણે રથ ઠાવે;
નાગ દેખત ત્રાસ્યો મન,
ખડભડીયો અતિ ઘણું તન. ૩૭

એ તો ઇંદ્રતણો દેવ મોટો, કદીયે નવિ થાયે ખોટો;
જો જીવત રાખવી આશી, તો એથી જાવું નાશી. ૩૮

દેવ નાશી ગયો નિજ ભવન, ત્યાં સુર આથમ્યો તમ;
દોય રાજા રથ વાળી વલીયા,
સજ્જન જન સહુ મલીયા. ૩૯

ઈતો ઢાલ ભલી રસાલ, પુન્યે ફલે મનોરથ માલ;
ગુણસાગર કહે એ સાર, સતાવનમી ઢાલ રાગ રસાલ. ૪૦

---

## ઢાળ ૫૭ મી

( શીયલ મુંદરડી ખરી રે પ્યારી–એ દેશી )

એહવે રાજગ્રહી પતિ આગે, બીજા મહેતા સંગજી;
વચન કહે ઇમ હાંસો મહેતો,
કરી આલોચ અભંગજી. એહવે૦ ૧

પહેલું પણ અવિમાશ્યું કીધું, કંસ મુવો અકાલજી;
વિણ આલોચ કીયા દુઃખ થાયે, નિશ્ચે ઉત્તર કાલજી. એ૦ ૨

અરિ સબલો નિબલો જો એહવો,
લેવો જેહનો ગુઝજી;
એ સબલો ગોપાલ બલે કરી, તેશું ઇણશું ઝુઝજી. એ૦ ૩

સ્વયંવરા મંડપ રોહિણી, શ્રી વસુદેવ દશારજી;
તુજ ભૂપતિ સઘલા ભાંજ્યા, એ આગે તિણવારજી. એ૦ ૪

જુવટે જીતી ક્રોડી ઇણે તુજ, સુતા જીવાડી ભાવી જી;
ઇણિ અહિનાણે મરાવ્યો ન મૂવો,
એ વસુદેવ સભાવીજી એ૦ ૫

જીણુથી હુવા રામ અને હરી, નંદન અતિ બલવંતજી;
જેને કાજે ધનદે કીધી, પુરી દ્વારીકા કંતજી. એ૦ ૬

એ બેહુ સબલા જાણીને, પાંડવ સેવા કાજજી;
ગર્વ તજી ગુણ મનમેં આણી, જોરાવર શિરતાજજી. એ૦ ૭

જાણે બીજા હરીને હલધર, મહાનેમી ખટ કુમારજી;
અથવા જમને જોર ભયંકર,
ભીમ અર્જુન અવતારજી. એ૦ ૮

કિસ્યું અનેરા સુભટ વખાણે, એકલો નેમકુમારજી;
લીલાએ કરી કરે ભુજાબલી, ધરણી છત્રાકારજી. એ૦ ૯

દમઘોષ અંગજ રૂખમીયો, તુજ કટકમેં બલધીરજી;
ઇનુ બલ દીઠો બલભદ્ર રણમેં,
રૂખમણીને અપહારજી. એ૦ ૧૦

દુર્યોધનને શકુની નરેશ્વર, આપણે કટકે એહજી;
ન ગણે કેઈ સુભટ ઇયારી, શુરવીરમેં રેહજી. એ૦ ૧૧

અંગાધિપતિ તેમ કર્ણ કહીજે, આપણે કટકે દુઠ્ઠજી;
તે તો કૃષ્ણ કટક સાગર વિચ, જેણે સો તુ સુઠજી. એ૦ ૧૨
જેહની અચ્યુતાદિક સઘલા, સેવ કરે સુરનાથજી;
યુદ્ધ ભણી કહો કુણ સજાઇ, શ્રી નેમીસર સાથજી. એ૦ ૧૩

દીસે ગિરધર કટક સનુરો, જોતાં સઘલી વાતજી;
ઇણે ઉણે કટક ઘણો ઘણો અંતર,
જાણે દિન ને રાતજી. એ૦ ૧૪

કૃષ્ણપક્ષ આદરીને દેવી, માર્યો તુજ સુત કાલજી;
તિણે મરવે પ્રતિકુલ દિહાડો, દીસે તૂજ ભૂપાલજી. એ૦ ૧૫

તૃણ તણીપરે તુજને ગણતાં, જોરાવર અસમાનજી;
મથુરા છાંડી ગયા દ્વારાપુરી, દે સુરપતિ સન્માનજી. એ૦ ૧૬
ગિરીકંદરા માંહિ તે સુતો, કોઇ જગાવે સિંહજી;
ઉછલતો બલવંત હવે કિમ, ગણશે તાહરી લીહજી. એ૦ ૧૭

સાંભલી વચન કોપ્યો નૃપ બોલે,
જરાસિંધુ ધરી ખેદજી;
સહિ સુધ તું જાદવ કેર્યો, તિણે દેખાવે ભેદજી. એ૦ ૧૮

શત્રુતણા ગુણ કહી કહી મુજને, બીહાડે ઇણવારજી;
પણ રે દુર્મતિ સિંહ અડયાશું, શ્યાલ તણો ફેકારજી. એ૦ ૧૯

ફિટતોને જે રણથી વારે, આવ્યા રણ અધિકારજી;
બાલગોપાલ ગોવાલીયો તેને, ઉડાડીશ કરી છારજી. એ૦ ૨૦

હવે બોલે ડંભક મંત્રીસર, ગમતો નૃપને એમજી;
અવસર આવ્યા રણનો કારજ, છાંડે ક્ષત્રી કેમજી. એ૦ ૨૧

સામે પાઇ રણમેં ભડતાં, મરણ તિકો જશ કામજી;
ભાગ્યા રોજીવત્ અકારથ, હોય ન આદર ઠામજી. એ૦ ૨૨

ચક્રવ્યૂહ કરી નિજ કટકે, હણશું એ શત્રુ નીકજી;
ભલો કહ્યો મંત્રીસર મુજને, તું મંત્રી નિર્ભીકજી. એ૦ ૨૩

એહવે હંસક ડંભક બેહુ મેહતા, બીજા હી રાજાનજી;
ચક્રવ્યૂહ કરે નૃપને વચને, રિપુ પણ અસમાનજી. એ૦ ૨૪

સહસ્સ આરાને ઠામે સહસ્સ નૃપ,
તેહનો બહુ પરિવારજી;
એક એક રાજાને કેડે, સહસ પાંચ અસવારજી. એ૦ ૨૫

દોય સહસ્ય રથ તિમ અશ્વ ગયવર,
પાયક સોલ હજારજી;
સવા સહસ્સ ઉત્કટ ભૂપતિ, રહે ચક્ર નિરધારજી. એ૦ ૨૬

પાંચ સહસ્સ મારગને માથે, તુંબી વિચે મગધેશજી;
રહે તિહાં કૌરવ સો બંધવ, નૃપને દક્ષિણ દેશજી. એ૦ ૨૭

શકુનીને સિંધવ નૃપનો બલ, પૂંઠે રહે ગજ ગાહજી;
મગધેશ નૃપ વામે ભાગે, આગલ ગણ નર નાહજી. એ૦ ૨૮

સાંધી સાંધી રહે તિહાં નરપતિ,
કટક વ્યૂહ પંચાશજી;
વિચ વિચમેં રહ્યા બીજા હી પણ,
પુરવા મનની આશજી. એ૦ ૨૯

જરાસિંધુએ તવ થાપ્યો, સેનાનીને ઠામજી;
દાવલરાજા દલબલે બલીયો, શીશુપાલ ઇણ નામજી. એ૦ ૩૦
સુણતાં મીઠી ગોડી રાગે, એ સતાવનમી ઢાલજી;
ગુણસાગર એણીપરે પભણે, વેધક વચન રસાલજી. એ૦ ૩૧

---

દોહા

યુદ્ધ કરવા વલી સજ્જ થયા, પાંડવાદિક પરિવાર;
યાદવકુમર ચઢિયા ભલા, સેન વિદ્યાધર સાર. ૧

રથ ચૂરે મુષ્ટે કરી, હય નાખે પર તિડ;
ગજ ઉચ્છાલે ગયણમેં, ભાંજે સુભટાં ભીડ. ૨

યુદ્ધ કરતાં થાકે નહિં, ચાલ્યા આગે તામ;
ડેરા ઉપર જઇ અડયા, જરાસિંધુ ને ઠામ. ૩

શીશુપાલ નાઠો હવે, થયો કોલાહલ જોર;
દેખીને જરાસિંધુનો, કુચ્યો કાલ જ કોર. ૪

---

ઢાલ ૫૮ મી

( ચેતન જ્ઞાન અજુવાલિયે–એ દેશી )

રોસે કરી અતિ રાતડો, રાણો જરાસિંધુ તામ રે;
હુંકારવ કરી ઉઠીયો, મેરુપરે અભિરામ રે. ૧

રાજંદ આયો જરાસિંધુજી, વાજે ભંભારણ તુર રે;
જેહવી વાદલની ઘટા, ચાલે ગગને અતિ પૂર રે. રાજંદ૦ ૨

મેઘાડંબર શિર ઝલકતો, પાખરે જડીયા હેમ રે;
પવન પતાકા તે ફરહરે, ઉડે બગપંક્તિની જેમ રે. રા૦ ૩

શિર પર મુગટ ધર્યો વાંકડો,
આંકડે ભીડયો સનાહ રે;
કેડે કટારો રતને જડયો,
આવી બેઠો રથે ઉચ્છાહ રે. શ૦ ૪

હય સાજે કરી સાજતો, પાખરીયા ઘમરોલ રે;
અપરાજીત આદે ફરી, શુરા સુભટની કોડ રે. શ૦ ૫

સિંહનાદ અતિ મૂકતો, ઘુકતો આયો રણુ સીમ રે;
જાદવ પગ પાછા ખસે, અધિક દેખી બલ ઇમ રે. શ૦ ૬

મગધનરિંદ એમ ઉચ્ચરે, હંણુ કટક ઉજમાલ રે;
કહે હંસક મુજ આગલે, કોણ સુભટ ભુજાલ રે. શ૦ ૭

એહવે હંસક કર ઉંચો કરી, દેખાડે સુણુ ભૂપાલ રે;
કમેત ઘોડા જે રથ તણા, એ અનાદષ્ટિ રસાલ રે. શ૦ ૮

નીલા અશ્વથી જે હુવે, એ ધર્મપુત્ર પીછાણુ રે;
ધવલ અશ્વે અર્જુનજી, ધનુર્વિદ્યા તણો જાણુ રે. શ૦ ૯

નીલુત્પલ અશ્વે એ ભીમના, ઉભા કોપે વિકરાલ રે;
સોવનવર્ણે અશ્વ એ સહિ, સમુદ્રવિજય દયાલ રે. શ૦ ૧૦

હંસલે ઘોડે ઉભો કટકમાં, ગરુડ ધ્વજે ગોવિંદ રે;
દાહિણુ પાસે તિમ રામજી, તાલધ્વજે ભટ ચંદ રે. શ૦ ૧૧

ઇમ દેખાવે સુભ એ, પાર વગર અનેક રે;
મગધેશ સુણી ધનુષ આફલે,
કોપ ધરી અવિવેક રે. શ૦ ૧૨

જુવરાય મગધ નરિંદનો, જવન નામે કહાય રે;
વસુદેવસુત અંકુરાદિક ભણી,
હણુણુ કાજે તો ધાય રે. શ૦ ૧૩

અપરાજીત અને હલધર લડે,
વિંધ્યાચલ ગજ જેમ રે;
અનાદ્રષ્ટિ શીશુપાલજી, શલ્ય ને અર્જુન તેમ રે. રા૦ ૧૪

રથ સાથે રથ આથડે, ગજ સાથે ગજરાજ રે;
પાયદલ પાયદલશું લડે, અશ્વ અશ્વે કરી સાજ રે. રા૦ ૧૫

બાણધારા વહે આકરી, મેઘ પરે અસરાલ રે;
મહીધર ધીર ધરે નહિં,
ડોલીયા તિહાં દિગ્પાલ રે. રા૦ ૧૬

નાચતો નારદ ઋષિ કહે, રે જરાસિંધુ ભૂપાલ રે;
વાહલો અને વેરી એકઠો, દુઃકર મલવો હઠાલ રે. રા૦ ૧૭

અંકુરાદિક હણતાં થકાં, રામસુત સુકુમાલ રે;
સારણે રથ દોડાવીયો, જવન સાથે તતકાલ રે. રા૦ ૧૮

બાણ વહે અતિ આકરા,
જવન કોપ્યો તેણીવાર રે;
ભાંજીયો રથ સારણ તણો,
મુકી ગદા પરિહાર રે. રા૦ ૧૯

બેસી સારણ રથ દુસરે, રોષ ભર્યો અસરાલ રે;
ખાંચી બાણને ઝટ આણયો,
જવન નૃપનો ભાલ રે. રા૦ ૨૦

આઠ દસાર આદિક અવર, યાદવ નૃપ બડભીચ રે;
વીર નૃપ બહુ આહણી, દૂર તો નસાવે ઢીચ રે. રા૦ ૨૧

એહવે જરાસિંધુના રાજવી,
નાસીયા વિલખે વયણ રે;
જરાસિંધુને તતક્ષીણે, શરણ ગયા સુખ લયણ રે. રા૦ ૨૨

પુત્રમરણ દેખી કરી, દોડીયો તરત શિસાલ રે;
આનંદાદિક સુત રામના, દશ રાખીયા રણકાલ રે. રા૦ ૨૩

પુત્રનો વધ દેખી હરી, ફોજ ભાંગી તિહાં રાણ રે;
મગધેશ ધાયો સિંધની પરે,
ગાય કેડે જિમ જાણ રે. ૨૦ ૨૪

સેનાની શીશુપાલ હવે,
હસતો જંપે એમ વાણ રે;
ગોકુલ ન હુવે કાન્હ એ,
ક્ષત્રીનો રણ એ જાણ રે. ૨૦ ૨૫

કૃષ્ણ કહે હવે નાશ તું, નાશ પછે અયાણ રે;
રૂખમીયો ને રણ તું મલ્યો,
ચિંતા નાવે તુજ પ્રાણ રે. ૨૦ ૨૬

મરમ વચન સર વિંધીયો,
ધનુષ તાણી શીશુપાલ રે;
સર છેદે હરીશર્મનો, તેહવે શ્રી ગોપાલ રે. ૨૦ ૨૭

ધનુષ તેમ સનાહ રથ, છેદે હરી તતકાલ રે;
ખડગ કાઢીને આહણ્યો,
મુગટ સહિત શીશુપાલ રે. ૨૦ ૨૮

એહવે મગધેશ રાજવી, નામ જરાસિંધુ તામ રે;
વધ દેખી શીશુપાલનો, કોપીયો રિપુને કામ રે. ૨૦ ૨૯

નિજ નરપતિ સુતશું મિલી,
માંડે સબલો અતિ ઝુઝ રે;
ઉંચે સ્વરે કહે, જાદવા, કાંઇ મરો રે અબુઝ રે. ૨૦ ૩૦

હજી લજે કાંઇ નથિ ગયો,
આપો એ બેહુ ગોવાલ રે;
સુખે રહો એમ સાંભલી, યાદવ કોપે કરાલ રે. ૨૦ ૩૧

હણો હણો કરતા ધાઇયા, છોડતા બહુલા તીર રે;
તેહવે મગધનો મહીપતિ,
ઘોર યુદ્ધ કરે રણધીર રે. ૨૦ ૩૨

મગધેશ સૈન્ય દશોદિશે, ભાંજીયો ઇણુ પ્રતિકુલ્ર રે;
તિમ રહી નવિ શકયો કોઇ સુખે,
વાયમુખે જીમ તૂલ રે. રા૦ ૩૩

જરાસિંધુ સુત રામને, રોકે તિહાં અઠ્ઠાવીશ રે;
ગુણહતરી સુત હિ મલી, કૃષ્ણ ભણી સુજગીશ રે. રા૦ ૩૪

ઘોર યુદ્ધ થયો તિહાં વલી,
રામ દલે હવે ખેચી રે;
અઠયાવીશ એ કુમારને,
પીસતા મુસલ્ર સીંચ રે. રા૦ ૩૫

મગધેશ કહે ગોવાલીયા,
તું કિમ મારે મુજ નંદ રે;
એમ કહીને મારી ગદા,
રામ પાડે ત્યાં આક્રંદ રે. રા૦ ૩૬

ગદાઘાતે લોહી વહે ઘણું, યાદવ કટકે તામ રે;
હાહારવ શુરા કરે તિહાં, કહેતા મુખ શ્રી રામ રે. રા૦ ૩૭

તેહવે દેખી શ્રી રામને, કોપીયો શ્રી ગોપાલ રે;
ગુણહતરી સુકુમારને, હણે સબલ તત્કાલ રે. રા૦ ૩૮

જરાસિંધુ ચિત્ત ચિંતવે, મરશે વલી ઇણ ઘાય રે;
અર્જુન માર્યો શું હોવે, કૃષ્ણ હણું ઇમ ધાય રે. રા૦ ૩૯

કૃષ્ણ હણ્યો ઇમ કટકમેં, પ્રસરી સઘલે વાત રે;
તેહવે માતલી નેમને, વિનતિ કરે વિખ્યાત રે. રા૦ ૪૦

સહાજ આપો પ્રભુ એહને,
હરીનો શંખ વજાય રે;
સ્વસ્થ કરે રે યાદવ ચમું,
ધરણી ગગન ક્ષુભાય રે. રા૦ ૪૧

સુરી ગુણસાગર એ કહી,
વાંદુ અઠ્ઠાવનમી ઢાલમેં;
હવે ભવી તુમે સાંભલો,
પ્રભુ લીલા ગુણમાલ રે. ર૦ ૪૨

---

### દોહા

નેમ કુથને માતુલી હવે, રથ ફેરે રણમાંહિં;
તિરવાહ સબલી કરે, સામી સ્હેજ ઉચ્છાંહ. ૧

એકલે પણ એ સ્વામીએ, ભાંજ્યા લાખ નરિંદ;
જરાસિંધુને નવિ હણ્યો, હણશે તસુ ગોવિંદ. ૨

કૃષ્ણ હણે પ્રતિકૃષ્ણને, રાખે પ્રભુને માન;
રથ સ્યું રોકયા સ્વામીએ, શત્રુ તણા રાજાન. ૩

તામ છછોહા છુટીયા, યાદવ નૃપ જય ગેહ;
અનુજ હણીયો પાંડવે, લડતાં રણમેં જેહ. ૪

સુસ્થ થયો બલદેવ પણ, ઉપાડી નિજ શીસ;
જંગ કરંતે આહણ્યો, રણધોરી રિપુ ઇશ. ૫

---

### ઢાલ ૫૯ મી

( દેખી દુર્ગંધ દુરથી મોંહ મચકોડે માણે એ-એ દેશી )

હવે મગધેશ નરિંદો એ, કહે સુણ ગોવિંદો એ;
આનંદો એ, તાહરી માયાઇ ઘણો એ,
હણીયો કંસ ભુજાલો એ, હણીયો તેમજ કાલો એ,
એ જાલો એ, સઘલો છે માયા તણો એ. ૧
શીખીયો રણ નાંહિં એ, છલે સુર કહાહિ એ,
હવે વાહિએ, જો જો હમ ક્ષત્રી તણો એ;

તુજ પ્રાણ સેંતિ એ, છે માયા જેતિ એ,
સવિ તેતિ એ, તિને મેલું તું ધણી એ. ૨

પુત્રી તણી વાચા એ, પુરાઉં મન સાચા એ,
તે કાચા એ, જાણ્યા માનું ગોવાલીયા એ;
હસી માધવ ઇમ બોલે એ, શું ભૂપતિ તું બોલે એ,
કિણ તોલે એ, સાચા બોલ સંભાલીયા એ. ૩

હું તો માયા જાલો એ, નહિં કુડો ભૂપાલો એ,
સંભાલો એ, થેં તો રજવટ આપણી એ;
આપણડી અધિકાઇ એ, તે પર ને ન કહાઇ એ,
પણ ભાઇ એ, તું જોજે વડાઈ હમતણી એ. ૪

તુજ આગલ ઝંપાવું એ, તો હું કાન કહાવું એ;
સરાહું એ, તુમ પુત્રી વાતું ખરી એ,
એમ મરમની વાણી એ, હરીમુખથી સહુ જાણી એ,
સરતાણી એ, બહુ મુકે અતિ રોસે કરી એ. ૫

બેહુ મલી સર છોડે એ, રણને હોડા હોડે એ,
તિમ ત્રોડે એ, તીર ધનુષ એક એકના એ;
બેહુ સબલ બિહાવે એ, જલ રાશિ ખોભાવે એ,
કંપાવે એ, ગીરા અને ખેચર નામના એ. ૬

દેવ વ્યંતર બલ લેવા એ, ઉભા આકાશે બલ દેવા એ,
ગયણે દેવા એ, જોવા મિલિયા કૌતુકી એ;
હરિ એ તવ સંભારી એ, ઝુઝ મચ્યો અતિ ભારી એ,
આજ અટારી એ, દેખી નાઠા જોતકી એ. ૭

બેહુ સામા રથ ફેરે એ, ફેરંતા છલ હેરે એ,
બહુતેરે એ, શસ્ત્રે ઝુઝ કરે સહિ એ;
નૃપ માગધીને કાજે એ, સબલપણે હરિ રાજે એ,
શિરતાજે એ, કીયો શસ્ત્ર મન ઉમહિ એ. ૮

મન વિલખો અતિ થાયે એ, જરાસિંધુ રિસાઇ એ,
સવાઇ એ, ચક્ર સંભારે એહવે એ,
ચક્ર હાથે આવે એ, મગધેશ મન ભાવે એ,
સભાવે એ, વચન કહે ઇમ તેહવે એ. ૯

મથુરામાંહિ જારક એ, રહેતો કરી ઘણી ઠારક એ,
કુંસ મારક એ, આવ્યો છું ઇહા એકલો એ,
વૈર પુર્વનું માતો એ, તિણે ઘણી મુજ વાતો એ,
રખે જાતો એ, માર્ગ જાણી વેગલો એ. ૧૦

હવે નમું કુલારો એ, કરમાં ટિપણો તારો એ,
કુહેવું સારો એ, રણ સાધે છે થઇને ભલો એ;
ઇમ ઘણું લલકારી એ, ચક્ર ભમાડી ભારી એ,
નભચારી એ, નાંખે રાખી આમલો એ. ૧૧

ખેચર દેખી ત્રાસે એ, સેના જન સહુ નાસે એ,
તસુ પાસે એ, સુરા પગ માંડી રહ્યો એ;
ચક્ર ઉપદ્રવ ટાલે એ, પાંડવ ઉભા નિહાલે એ,
તસુ ખાલે એ, શસ્ત્ર તણી ધારા વહે એ. ૧૨

ગયણાંગણુ તો ગાજે એ, ચક્ર તણે અવાજે એ,
વિરાજે એ, આવી ઉભો હરી આગલે એ,
બંધવ પરે સોહાવે એ, દેખી હરી મન ભાવે એ,
લેઇ વધાવે એ, ચક્ર ભણી સુક્રાફલે એ. ૧૩

યાદવ કટક તેવારો એ, હરખ્યો સહુ સંસારો એ,
નરનારો એ, મિલી ઓચ્છવ કરે ઘણો એ,
સુર મલી ગુણ ગાવે એ, ફુલપગર વરસાવે એ,
ભલ ભાવે એ, કરે મહિમા હરજી તણો એ. ૧૪

ગગનતલે ઇમ વાણી એ, કહે પ્રગટયો ગુણખાણી એ,
અહિરાણી એ, વાસુદેવ નવમો સહિ એ;

હરખ્યા યાદવ રાઓ એ, પડયા નિશાણે ઘાઓ એ,
મનરાઓ એ, જરાસિંધુ ચિંતા લહી એ. ૧૫

હરી કહે કરો રાજ એ, મેં ગઇ કીની આજ એ,
સુણ રાજ એ, આણ વહે તું માહરી એ;
હઠ અધિક મત તાણ એ, જીવ તણા કલ્યાણ એ,
એમ વાણ એ, નિસુણી કોપ્યો પ્રતિ હરી એ. ૧૬

રે મુરખ સ્યું ભાંખે એ, અણઘટતું ઇમિ ઝાંખે એ,
દીન ભાંખે એ, કિમ ખત્રી રણ આવીયો એ,
પુન્ય વિત્યા ઘણી વાર એ, તો કોણ રાખણહાર એ,
નિરધાર એ, ટેક ન મુકે રાજીયો એ. ૧૭

ચક્ર મેલે હરી રાય એ, રિપુ ભણી મન લાય એ,
તે જાયે એ, લેવા શિર વૈરી તણો એ,
મોટા ને શિર આઇ એ, પુન્ય ખુટયા ઇમ થાઇ એ,
સુણો ભાઇ એ, શસ્ત્ર પરાયો આપણો એ. ૧૮

ચક્ર આયો જિહાં રાજા એ, કરતો અધિક અવાજા એ,
તજી માજા એ, શિર છેદે મગધેશનો એ;
પામી મરણ અકામ એ, ઉપન્યો ચોથે ઠામ એ,
જાણે તામ એ, ધ્યાન રૌદ્ર નરેશનો એ. ૧૯

જય જય શબ્દ કરંત એ, સુર નર મિલી હરખંત એ,
કરંત એ, ફુલવર્ષા હરી ઉપરે એ;
યાદવકુલ વિશાલ એ, ઉપના એહ ભૂપાલ એ,
મહિમા લહે, જિણે દિઠાં દિલડું ઠરે એ. ૨૦

સમુદ્રવિજય સહુ રાય એ, દિલાસા જાય એ,
કરે રાય એ, પ્રેતકાર્ય જરાસિંધુનો એ;
એ ગુણ સાઠમી ઢાલ એ, હરી હલધર જસ માલ એ,
ઉજાલ એ, ગુણસાગર ગુણ એહોનો એ. ૨૧

### દોહા

ભૂપ વિણાસ્યો ભુજ બલે, કીધો ભારે કામ;
સુરનર જય જય ઉચ્ચરે, વાજે સુજસ દદામ. ૧

ઘર ઘર બાર વધામણાં, ઘર ઘર મંગલ ચાર;
ગીત ઘણાં હરજી તણાં, ગાવે ગુણી અપાર. ૨

---

### ઢાલ ૬૦ મી

( ઝુમખડાની તથા રંગીલા ખેલણા–એ દેશી )

નરેશ્વર જીત્યા રે, જીત્યો જીત્યો બલમંડાણ૦ નરેશ્વર૦
રાય સકલ આવી નમ્યા રે, દીધા બહુ સન્માન. ન૦ ૧

પુજ્યો માતલી સારથી રે, સ્વર્ગે પહોત્યો જાય;
સ્વામી પ્રશંસા સાંભલી રે, સુરપતિને સુખ થાય. ન૦ ૨

સહદેવાદિક સુત ભલા રે, રાજગ્રહી થાપંત;
મહાનેમી કુમર ભણી રે, સોરીપુર આપંત. ન૦ ૩

પાંડવ રાય પરગડા રે, દીધાં વંછિત દેશ;
અવરા સહુને સ્વામીજી રે, આપે દેશ વિશેષ. ન૦ ૪

ચક્રબલે ચિત્ત ચાવશું રે, તીને ખંડ અખંડ;
સાધીને પ્રભુ આવીયા રે, કોડી શીલા પ્રચંડ. ન૦ ૫

ઉંચી જોજન એકની રે, લાંબી પહોડી જાણ;
ચાર અંગુલ ધરતી થકી રે, ઉપાડી બલ પ્રમાણ. ન૦ ૬

વરસ આઠ લગે સહી રે, કરતાં દિગ જય દેખ;
એમ કુશલ ઘેર આવીયા રે, તેજ પ્રતાપ વિશેષ. ન૦ ૭

દંડ સુનંદ ધનુષ ભાલો રે, ચક્ર સુશક્તિ શું ચંગ;
શંખ ગદા હરજી તણાં રે, સાતે રત્ન સુચંગ. ન૦ ૮

સહસ્સ સહસ્સ વર દેવતા રે, રત્ન તણાં રખવાલ;
એ આઠે હજાર સું રે, સેવીજે ગોપાલ. ન૦ ૯

રત્નસુમાલ ગદા ભલી રે, હલમુસલ વર રત્ન;
હલધરના એ જાણીયે રે, ચાર રત્ન સુયત્ન. ન૦ ૧૦

યક્ષ હજારે સેવીયે રે, ચારે શ્રી બલદેવ;
મહીયલ મહિમા મહમહે રે, સારે સુરનર સેવ. ન૦ ૧૧

હયવર ગયવર રહવરુ રે, સંખ્યા લાખ બેયાલ,
પાયક પ્રૌઢ પ્રતાપ સું રે, કોડી કહ્યા અડયાલ. ન૦ ૧૨

સોલ સહસ્સ સોહામણા રે, દેશ મહા અભિરામ;
રાજા છે પણ તેટલા રે, સેવકરૂપ સકામ. ન૦ ૧૩

સત્યભામા ને રૂખમણી રે, જાંબુવતી ગુણજાણ;
ગૌરી ગાંધારી ભલી રે, પદ્માવતી પ્રધાન. ન૦ ૧૪

સુસીમા લખમણા કહી રે, આઠે નારી ઉદાર;
સોલ સહસ્સ રમણી તણો રે, માધવજી ભરતાર. ન૦ ૧૫

બંધુમતી ને રેવતી રે, સીતા સુંદર શોભ;
વરરાજીવ સુલોચના રે, પતિ સેવ્યાનો લોભ. ન૦ ૧૬

એ ચારે આદે કરી રે, રમણી રૂપ અપાર;
શ્રી બલભદ્રજી તણી રે, નારી આઠે હજાર. ન૦ ૧૭

ઇંદ્ર તણાં સુખ ભોગવે રે, પુરવ પુન્ય પ્રકાર;
આનંદ રંગ વિનોદમાં રે, પાલે રાજ મોરાર. ન૦ ૧૮

દુર્યોધન નામેં ભલો રે, કુરુ જંગલનો રાય;
દુત તેહનો આવીયો રે, લાગ્યો હરીજી પાય. ન૦ ૧૯

કાગલ દુર્યોધન તણાં રે, માંહે એહ વિચાર;
મ્હારે તુમ ઠાકુર ધણી રે, થાસું પ્રેમ અપાર, ન૦ ૨૦

પ્રેમ વધાવણ કારણે રે, મુજને ઉપજી એહ;
છોરુના સંબંધથી રે, નિશ્ચે કીજે નેહ. ન૦ ૨૧

થારે પટરાણી તણો રે, પુત્ર પનોતો હોય;
મુજ કુમરી નારી જણે રે, વ્યાહ કરેવો સોય. ન૦ ૨૨

દૈવ જોગે એહવો હુવે રે, મુજ ત્રીય જણે કુમાર;
તુમ નારીને પુત્રીકા રે, તો પણ વ્યાહ વિચાર. ન૦ ૨૩

હરી હરખ્યો બોલ્યો સહી રે, એ વારુ વિધિ વાત;
દોય ઘેર વધામણાં રે, આનંદમેં દિન જાત. ન૦ ૨૪

એ સાઠમી ઢાલમેં રે, શ્રી હરીજી સુખ રાજ;
શ્રી ગુણસાગર સુરજી રે, સબહી વિધિ શુભ સાજ, ન૦ ૨૫

---

### દોહા

દો ગુંદક સુરની પરે, વિલસે ભોગ વિલાસ;
રૂખમણી ઉરે ઉપજે, શ્રી પ્રધુમ્ન કુમાર. ૧

ભામાને મન ભાવતો, ભાનુ ભલો ગુણ જાણ;
એહનો પણ સંબંધ વર, સાંભલવો ધરી કાન. ૨

ભામાને આરત ઘણી, ભામા કરે ઉપાવ;
અમરખ આપણુમેં પડે, એ જગ પ્રગટ કહેવાય. ૩

---

### ઢાલ ૬૧ મી

(હમીરાની માહરા ને તાહરા કરે હલા, ચરતા એ કણ સીમ હડીરા—એ દેશી)

ભામા છલ તાકે ઘણાં, રૂખમણીના નિશદિશ હો ભામા;
વાલ ન વાંકો કરી શકે, જો સવલો જગદીશ હો. ભા૦ભા૦ ૧

દુર્યોધનની વાતનો, ભામા ભેદ લહાય હો ભામા૦
રૂખમણી દુઃખ દેવા ભણી,
જાણ્યો એહ ઉપાય હો. ભા૦ ભા૦ ૨

જેહનો કુંવર પરણશે, શોકય તણાં શિર કેશ હો; ભા૦
તેહના પગ તલે માંડવા,
એ દુઃખ ઠામ વિશેષ હો. ભા૦ ભા૦ ૩

વયે કરી તનુ કરી હું વડી, માહરે હોશે નંદ હો; ભા૦
રૂખમણીને હોશે નહિં, આનંદે આનંદ હો. ભા૦ ભા૦ ૪

એમ જાણી રૂખમણી કન્હે, વેગે મોકલી દાસ હો; ભા૦
વાત જણાવી રૂખમણી,
દીધી અતિ શાબાશ હો. ભા૦ ભા૦ ૫

મેં અનુમાને વિચારીયો, ભામા ભોલી પ્રાહિ હો; ભા૦
ખલ ખાવાનો ડોહલો, શાહ સુંદર નામ હો. ભા૦ ભા૦ ૬

ઉંચા ઉંચી વાંછના, નીચા નીચી જાણ હો; ભા૦
ઉંચા નીચી મતિ ભજે,
તો હોય ઓચિંતી હાણ હો. ભા૦ ભા૦ ૭

શુકના માંહિં શિરોમણી, વાણી શુકન સોહાય હો; ભા૦
સુખ દુઃખના અનુસારથી,
વાણી ઉપજે આય હો. ભા૦ ભા૦ ૮

હામ અછે જો હોડની, કાં નવી પાડે ઓર હો; ભા૦
કાં ન ભખે પિક સ્વર ભણી,
આંબા કેરો મોર હો. ભા૦ ભા૦ ૯

કહેશે તે સહેશે સહી, આપાં અલગી એહ હો; ભા૦
રૂખમણી તો રસરંગમેં,
વચન વદે સસનેહ હો. ભા૦ ભા૦ ૧૦

માહરે તો ભામા વડી, ભામા જેહ સોહાય હો; ભા૦
સો મેં કરવો સહી કરી,
કહે ભામાશું જાય હો. ભા૦ ભા૦ ૧૧

હરી હલધર સાખી દીયા, શોકયાં પાડી હોડ હો; ભા૦
દિન ન પિછાણ્યો આપણો,
કયું પોચે મન કોડ હો. ભા૦ ભા૦ ૧૨

કોમલ સેજે સોવતાં, રજનીને અવશાન હો, ભા૦
રૂખમણી સુપન વિલોકીયો,
પહેલે દેવ વિમાન હો. ભા૦ ભા૦ ૧૩

બીજે કુંજર ઇંદ્રનો, દેખી સુપન એ સાર હો; ભા૦
આનંદી મન આપણે, વિનવીયો ભરતાર હો. ભા૦ ભા૦ ૧૪

કૃષ્ણ કહે કામની સુણો, સુપન તણે પ્રમાણ હો. ભા૦
હોશે કુંવર કુલ તિલો,
કોટી કલા ગુણ જાણ હો. ભા૦ ભા૦ ૧૫

મુક્તાફલ મુક્તા વિશે, આઇ ઉપજે જેમ હો; ભા૦
કામદેવ માતા ઉદરે, આણી ઉપનો તેહ હો. ભા૦ ભા૦ ૧૬

મધુ ભૂપતિનો જીવ જે, જનનીને સુખકાર હો; ભા૦
સ્વર્ગ બારમાથી ચવી,
આવી લીયો અવતાર હો. ભા૦ ભા૦ ૧૭

ભામાએ સુપના ભલા, દેખ્યા પુન્ય પ્રકાર હો; ભા૦
ભૂપતિને જાઈ કહ્યો,
ભૂપતિ કહ્યો સુવિચાર હો. ભા૦ ભા૦ ૧૮

સ્વર્ગ થકી ચવી આવીયો, એ પણ જીવ ઉદાર હો; ભા૦
હોડ જીતવા કારણે, આશા ધરે અપાર હો. ભા૦ ભા૦ ૧૯

પુણ્ય પ્રમાણે ડોહલા, ગુરુ વંદે પોશાલ હો; ભા૦
દાન શીયલ તપ ભાવના,
ચઉવિહ ધર્મ રસાલ હો. ભા૦ ભા૦ ૨૦

શ્રી જિન સેવા સાચવે, સંવર સાથે પ્રીત હો; ભા૦
આશ્રવાં અલગી રહે, એ તો મોટી રીત હો. ભા૦ ભા૦ ૨૧

ઉદર વસંતા ગર્ભ એ, રૂખમણી મન ઉલ્હાસ હો; ભા૦
આરીસા પ્રતિબિંબ જ્યું,
પેટ ન પીડા તાસ હો. ભા૦ ભા૦ ૨૨

ગર્ભ વધે દિન દિન પ્રત્યે, ઉદર ન વાધે રંચ હો; ભા૦
ત્રિવલી પેટે વિલોકતાં,
શોકય લખ્યો પ્રપંચ હો. ભા૦ ભા૦ ૨૩

એ છે જુઠા પટપટા, નહિં ગર્ભ અહિનાણ હો; ભા૦
પણ તો માથો માથું મુંડતાં,
જાસ સયલ સયાણ હો. ભા૦ ભા૦ ૨૪

સાચાને સોચ નહિં, જુઠા સોચ અનેક હો; ભા૦
સાચા સરલ સ્વભાવીયા,
સોચ ન વ્યાપે એક હો. ભા૦ ભા૦ ૨૫

દિન પુરે સુત જનમીયો, શુભ વેલા શુભ વાર હો; ભા૦
રૂખમણી અતિ સુખ પાઇયો,
પરીયણ હરખ અપાર હો. ભા૦ ભા૦ ૨૬

પુરુષ વધાઉ આવીયા, ભૂપતિ પાસે જામ હો; ભા૦
પ્રભુજી પોઢયો પેખીયો,
પગતલે બેઠા તામ હો. ભા૦ ભા૦ ૨૭

ભામાના પણ આવીયા, મોટા પુરુષ પ્રધાન હો; ભા૦
શીરાણે તે જઇ કીયો, બેસણનો મંડાણ હો. ભા૦ ભા૦ ૨૮

જેહના ઠાકુર જેહવા, તેહવા ચાકર હોય હો; ભા૦
જો ન પતિજો માનવી,
એ તો પ્રત્યક્ષ જોય હો. ભા૦ ભા૦ ૨૯

એટલે જગપતિ જાગીયો, ઉઠી બેઠો હોય હો; ભા૦
ચિરંજીવો કહી બોલીયા,
રૂખમણીના નર સોય હો. ભા૦ ભા૦ ૩૦

દેવ વધાઇ પાઇએં, રૂખમણી જાયો નંદ હો; ભા૦
નંદન નિરખણુ સારીખો,
દર્શન પરમાનંદ હો. ભા૦ ભા૦ ૩૧

રાજ ચિન્હ છાંડી કરી, અવર અનોપમ વસ્તુ હો; ભા૦
પુત્ર વધાઇઆ ભણી, આપી રાય સમસ્તુ હો. ભા૦ ભા૦ ૩૨

જાણી સંચલ પાછલે, વાંકી ગ્રીવે જોય હો; ભા૦
ભામા સુત જાયા તણી,
લીયે વધાઈ સોય હો. ભા૦ ભા૦ ૩૩

એ તો એકસઠમી ભલી, ઢાલ ભલેરી હોય હો; ભા૦
કહે ગુણસાગર દોય ઘરાં,
આનંદ વર્ત્યો જોય હો. ભા૦ ભા૦ ૩૪

દોહા

કૃષ્ણ નરેસર ઇમ ભણે, સેવક સુણો વિચાર;
મંત્રીસર બોલાઇ લ્યો, વેગે મ લાવો વાર. ૧
મંત્રીસર આયા સહુ, નરપતિ દીયે આદેશ;
પુત્ર મહોચ્છવ પુર તણી, શોભા કરો સુવિશેષ. ૨

ઢાલ ૬૨ મી

( રાજા દશરથ દીપતો—એ દેશી )

પુત્ર મહોચ્છવ કિજીએ, મલીયો સહુ પરિવારો રે;
રૂખમણી સતભામા તણે,
મંદીર હરખ અપારો રે. પુત્ર૦ ૧
યાચકજન જુગતિસું, દિજે વંછીત દાનો રે;
કરૂણાભાવે કૃષ્ણજી, મુકયા બંધીવાનો રે. પુત્ર ૨

તોરણુની રચના ભલી, ઉપર કલશ ઉદારો રે;
લહલહતિ ધ્વજ અતિ ઘણી,
દીસે ઘર ઘર બારો રે. પુ૦ ૩

ટોળે રચના કેલની, નારી ભણે ગુણ ગાથો રે;
આરણુ કારણ સાચવે, કુંકુમના દીએ હાથો રે. પુ૦ ૪

ગુહીર સ્વરે તવ ગોરડી, ગાવે મંગલ ચારો રે;
ધવલ દીએ તસ આંગણે, વર્તે જય જયકારો રે. પુ૦ ૫

સહી સુહાગણ સામટી, નારી આખ્યાણો લાવે રે;
હોય ઘરાં અતિ પુરતો, તે તો આદર પાવે રે. પુ૦ ૬

ઢોલ દુદામા દડવડે, શરણાઇ સુખકારો રે;
વાજાં વાજે અતિ ઘણાં, નાચે પાત્ર અપારો રે. પુ૦ ૭

દીજે સોના સાવટું, વાઘા વેષ વિશેષો રે;
દીજે હયંવર હાથીઆ, માંહોમાંહિ અદ્વેષો રે. પુ૦ ૮

ભૂઆ ભતીજી ભાણેજી, બેટી વહુને બોલાવે રે;
રીતિ સું ભાતશું પ્રીતશું, આપ આપણી પાવે રે. પુ૦ ૯

સજ્જન સહુ સંતોષીયા, સંતોષ્યા સહુ ભાઈ રે;
યથા યોગ્ય જે જાણીયા; દીધી તાસ વધાઇ રે. પુ૦ ૧૦

પૂજ્ય પુરુષ તે પૂજીયા, સદ્‌ગુરુ સેવા સાધી રે;
સાહમી સાહમીણી માનીયા, કુલદેવી આરાધી રે. પુ૦ ૧૧

હોંશ મનાવી અતિ ઘણી, ખાંતિ ન રાખે કોઇ રે;
પણ તો દૈવાં ઉપહર્યો, કોણ શકે નર હોઇ રે. પુ૦ ૧૨

એવે રંગ વિનોદમાં, કરતાં કોડી પ્રકારો રે;
પાંચ દિહાડા વોલીયા, છટ્ઠીનો અધિકારો રે. પુ૦ ૧૩

એતો બાસઠ્ઠમી ભલી, ઢાલ કહાવે સારો રે;
ગુણસાગર કહે સાંભલો, કેમ હોવે અપહારો રે. પુ૦ ૧૪

## દોહા

રૂખમણી નંદન અપહરણ, મહા વડો દુઃખ જાણ;
સૂર્ય આપ આથમી ગયો, પસર્યો જગ તમ યાણ. ૧

ભલી રીત એ પારકો, દુઃખ દેખ્યો નવિ જાય;
હોઇ તો ભલપણ કરે, નહિંતર અલગો થાય. ૨

## ઢાળ ૬૩ મી

( કહીએ મિલશે રે મુનિવર એહવા—એ દેશી )

કરમાં આગે બલીયો કોઇ નહિં, રાવ રંક એક સાથો રે;
રૂખમણી સુતશું સુખનિદ્રા ભજે,
કિશ્યું કરે જગનાથો રે. ક૦ ૧

રમણી રંગે રાતિ જગાવહી, ગાવે ગીત ઉદારો રે;
વાજે માદલ ધો ધોકારશું, નાચે પાત્ર અપારો રે. ક૦ ૨

સુભટ ઘણાં ઘર પાસે મુકયા, રખવાલીને કાજે રે;
વિવિધ પ્રકારે આયુધ ધારણા,
શૂર રહ્યા સજી સાજે રે. ક૦ ૩

કરી હુશીયારી કૃષ્ણ નરેસરુ, સુખ નિદ્રા વશે થાઇ રે;
અન્ય કથાંતર એટલે વિતીયો,
રૂખમણીને દુઃખદાઇ રે. ક૦ ૪

હેમરથ રાજા આગે જે હુતો,
ઇંદુપ્રભા તસ રાણી રે;
મધુ રાજાયે જોર કરી ઘણું,
સા રાણી ઘર આણી રે. ક૦ ૫

મોહવશે સો હેમરથ રાજીયો, તાપસના વ્રતધારી રે;
સુરગતિ પદવી લાધી રૂઅડી, કરણી તો ફલકારી રે. ક૦ ૬

બેસી વિમાને સો સુર એકદા, નિજ લીલાએ જાયો રે;
રૂખમણી મંદીર ઉપર આવીયો,
એટલે યાન ખલાયો રે. ક૦ ૭

દેવ વિશેષે ચિંતાતુર થયો,
કિમ મુજ ગતિનો ભંગો રે;
કાં કો હેઠે રે દુઃખીયો જીવ અછે,
કે કો શત્રુ વિરંગો રે. ક૦ ૮

કે કો મિત્ર જુ કષ્ટે પુરીયો, ચરમશરીરી દેહો રે;
મોટા મુનિવર સુરગતિ ભંગનો,
કારણ ભાંખ્યા એ હો રે. ક૦ ૯

જ્ઞાન કરી તવ દેખે દેવતા, મધુરાજાનો જીવો રે;
રૂખમણી પાસે બાલક પેખીયો,
જાગ્યો દ્વેષ અતીવો રે. ક૦ ૧૦

ઇણ પાપીડે મદમાતે ઘણું, મુજશું કીધો જોરો રે;
એહને તે ફલ આજ દેખાડશું,
કીધા પાપ અઘોરો રે. ક૦ ૧૧

તબ તો એ નૃપ હુતો સમર્થ, હું અસમર્થ તે વારો રે;
અબ તો હું છું સમર્થ અતિ ઘણું,
એ અસમર્થ અપારો રે. ક૦ ૧૨

એમ જાણીને દૈતે દોષશું, લીધો બાલકુમારો રે;
રૂખમણીની છાતી આગેથી,
કિણુહી ન જાણી સારો રે. ક૦ ૧૩

કિઉં કીજે રે સાજન સુભટશું, આડંબર ઉચ્છાહો રે;
સહુ તારાયણ અંબર દેખતાં,
ચંદ્ર ગ્રશીજે રાહુ રે. ક૦ ૧૪

આશા કોઇ કેહની મતિ કરો, આશા પ્રભુને હાથો રે;
રૂખમણી સુતી કોણુ મનોરથે,
જાગ્યા આથ ન સાથો રે. ક૦ ૧૫

સુર આકાશે જાઈ ચિંતવે, કુણ કુણ જાણુશે મારૂં રે;
ચરમશરીરી પુરો આઉખો, એ જિનવચને વારુ રે. ક૦ ૧૬

તક્ષક પર્વત ખદીરા અટવીમેં, આયો તે તતકાલો રે;
બાવન હત્થી મોટી શીલા તલે,
સુર ચાંપ્યો તે બાલો રે. ક૦ ૧૭

નિજ કૃતકર્મનો ફલ ભોગવે, એમ કહી ગયો તેહો રે;
પુન્ય વિશેષે નખશિખ લગે સહિ,
આલ ન આવી દેહો રે. ક૦ ૧૮

એ તો ત્રેસઠ્ઠમી ઢાલે જાણીયો,
મદન હરણ અધિકારો રે;
શ્રી ગુણસાગર એ ઉપદેશ અછે,
પુન્ય વડો સંસારો રે. કર્મ૦ ૧૯

---

## દોહા

પુન્ય સખાઇ જેહનો, તેહનો પુરો આવ;
વાલ ન વંકો કરી શકે, જઇ રુસે જમરાવ. ૧

ભાવે કો ભલપણુ ગ્રહો, ગ્રહો બુરાપણુ કોય;
સરજ્યાંના અનુસારથી, ભલો બુરો જગ હોય. ૨

જાત માત્ર જલવાહિયા, કંસ કર્ણ નિજ માય;
પણુ તે શુભ કર્મા થકી, હુવા વડેરા રાય. ૩

જીવાડે તો શીલાતલે, મારે પ્રભુ તે જોય;
મદન સગરના નંદ જ્યું, કર્તા કરે સો હોય. ૪

રુપાચલ દક્ષિણ દિશે, મેઘકુટ પુર નામ;
જમસંવર રાજા ભલો, રાજ કરે ગુણધામ. ૫

તેહને ઘર ભલ ભામની, કનકમાલા સુકુમાલ;
બેસી વિમાને દંપતિ, આય ગયા તતકાલ. ૬

બાલક મુખને વાયરે, ઉંચી નીચી થાય;
મોટી શીલા તે પરગડી, તામ વિલોકી રાય. ૭

ઉપાડી અલગી કરી, દીઠો દેવકુમાર;
સબવિધ સુંદર મનોહરુ, કરતો હાસ્ય અપાર. ૮

---

### ઢાલ ૧૪ મી

( શીયલ સુરતરુવર સેવીએં—એ દેશી )

મો મન મોહ્યો રે મોહના, મોહન રુપ રસાલ હો;
ખેચર ખેચરણીસ્યું કહે,
લાલ સબે વિધી લાલ હો. મો મન૦ ૧

કોમલ કુંતલ વાંકડા, શ્યામ મહાસુકુમાલ હો;
અષ્ટમીકો સ્યો ચંદલો, ભાલ ભલો સુવિશાલ હો. મો૦ ૨

ભુહ ભમરકી ઉપમા, કર્ણ સુવર્ણાકાર હો;
નયન કમલદલ પાંખડી, શુક નાશા સુવિચાર હો. મો૦ ૩

મુખ જાણે પુરો શશી, આછે લાલ કપોલ હો;
દાંત કલી દાડમ તણી, અધર પ્રવાલ અમોલ હો. મો૦ ૪

ગ્રીવા કંબુ સારખી, ઉન્નત અંસ ઉદાર હો;
કમલ નાલીઓ નિહારકે, બાંહતણો વિસ્તાર હો. મો૦ ૫

ઉદર અનોપમ શોભતો, કટિ કેહરીકો લંક હો;
જંઘા ગયવર સુંડડી, તનમેં કો ન કલંક હો. મો૦ ૬

સોવનવાન સોહામણો, ચંચલ પાણી સું પાય હો;
કામદેવ એ ઉપજ્યો, શોભા કહી ન જાય હો. મો૦ ૭

રાતા સાત સુલક્ષણા, કર પગ લોચન અંત હો;
અધર હોઠ નખ તાલુઓ,
જિહાં એતો એ કંત હો. મો૦ ૮

ઉન્નત એ ખટ છે સહિ, કક્ષા કુંખ લલાટ હો;
ખાંધ નાક ઉંચો હૈયો, ઘડીઓ દૈવ સુઘાટ હો. મો૦ ૯

દીર્ઘ પંચે દેખીએ, નયણા સર ને બાંહ હો;
નાસ્યા થમા ને હડબચી,
લાંબી ન નમે બાંહ હો. મો૦ ૧૦

સુક્ષ્મ પંચ પ્રશંસીયે, પર્વાંતર ને કેશ હો;
નહ દેહ દર્શન વલી, સુક્ષ્મ મૃદુ સુવિશેષ હો. મો૦ ૧૧

લઘુ ગ્રીવા જંઘા ભલી, લઘુ હી પુરુષાકાર હો;
સ્વર ગંભીર સરાહિએ, નાભી સત્વ સુખકાર હો. મો૦ ૧૨

ભાલ વિશાલ વખાણીયો, પોહલે માથે ઇશ હો;
પોહલી છાતી છે ઘણી, લક્ષણ એ બત્રીશ હો. મો૦ ૧૩

સર્વ ગુણાકર સાચલો, સર્વ હી શોભ નિધાન હો;
દૈત્ય મહા રિપુજી તણો, દર્શન અમૃત પાન હો. મો૦ ૧૪

હેજ ઘણે ઉછાઇયો, લીધો કંઠ લગાય હો;
મુહ અને શિર ચુંબતા,
રાજા અતિ સુખ થાય હો. મો૦ ૧૫

રાજા રાણીશું કહે, તુજ તૂઠો કિરતાર હો;
સર્વ સુલક્ષણ ગુણનીલો, દીધો એહ કુમાર હો. મો૦ ૧૬

રાણી રાજાશું કહે, થારે બહુલા પુત હો;
સઘલામેં એ નાન્હડો, કિસ્યો વધે ઘર સુત હો. મો૦ ૧૭

રાજા સુખાત બોલશું, તિલક કીયો શિર તાસ હો;
યુવરાજા પદ થાપીયો, રાણી જાણી ઉલ્લાસ હો. મો૦ ૧૮

દુર્જન રુઠો શું કરે, જેહના શુભ અંકુર હો;
મયંગલ જિહાં જિહાં સંચરે,
તિહાં તિહાં વાધે નુર હો. મો૦ ૧૯

રાણી બાલક ઝીલીયો, જાણી જાચો રયણ હો;
પ્રાણ થકી પ્યારો ખરો, પામી અધિકો ચયન હો. મો૦ ૨૦

રાજા મંદીર આવીયો, મલીયો સહુ પરિવાર હો;
રાણી નંદન જાઇયો, વર્ત્યો જય જયકાર હો. મો૦ ૨૧

મહામહોચ્છવ માંડીયો, વાજે ઢોલ નિસાણ હો;
મંગલ ગાવે ગોરડી, દીજે વંછીત દાન હો. મો૦ ૨૨

કીધી શોભા પુરતણી, મિલીયા સહુ સાજ હો;
બંદીખાના મોકલાં, કીધાં સિધ્યાં કાજ હો. મો૦ ૨૩

બારસમેં દિન થાપીયો, રાજા નામ ઉદાર હો;
પર દમવાને કારણે, શ્રી પરદ્યુમન કુમાર હો. મો૦ ૨૪

જિમ જિમ વાધે વયે કરી, તિમ તિમ વાધે ઉર હો;
હયવર ગયવર સાહેબી, કણ કંચન ભરપૂર હો. મો૦ ૨૫

કમલ કમલ જિમ સંચરે, ભમરો ભોગી નામ હો;
હાથોહાથે સંચરે, તિમ એ કુંવર કામ હો. મો૦ ૨૬

સ્વઘરે આદર પામીયે, એ તો સુધી વાત હો;
પણ જે પરઘર સાદરો,
એ અધિકી અખિયાત હો. મો૦ ૨૭

ઢાલ ભલી ચોસઠમી, ખેચર ઘર ઉલ્હાસ હો;
ગુણસાગર દીપક જિહાં,
તિહાં તિહાં કરે પ્રકાશ હો. મો૦ ૨૮

## દોહા

શ્રી પરદ્યુમન હર્યા પછે, વિતક વિત્યો જેહ;
સંક્ષેપે તુમેં સાંભલો, મુજ કહેતાં ભવિ તેહ. ૧

તતક્ષણ જાગી રૂખમણી, બાલ ન દેખે પાસ;
હેડે ઝાલ ઉઠી ઘણી, આવી મુર્છા તાસ. ૨

સચેતન કીધી સતી, ફિરીફિરી મુર્છાય;
કુમર ન શોધ્યો પાઇયો, કરુણાપણો વિલલાય. ૩

---

## ઢાલ ૬૫ મી

(હથી વિણ રાધા કિમ રહે અથવા સીતાજી દીયે રે ઓલિંભડા—એ દેશી

હાથાશું હૈડો હણે, કુરલે સા અસરાલ;
દીન વચન ભાંખે ઘણા, કીધું કિસ્યું રે દયાલ.
વિલવે રાણી રૂખમણી. ૧

રે સુંદર સુકુમાલ, કિહાં ગયો મુજને તજી;
એ દુઃખ ઝાલકરાલ. વિલવે૦ ૨

ઉંડી ઉઠે કુરકરી, વેદન સહી ન જાય;
જાયા તુજ સમ કો નહિં, જે દેખ્યાં સુખ થાય. વિ૦ ૩

ગુડથી મીઠી ખાંડ એ, ખાંડા સાકર જોય;
સાકરથી અમૃત ભલો, પુત ન પુગે કોય. વિ૦ ૪

પુત પનોતિમાં ગણે, પુતિ સપુતિ નામ;
એ મરે અઉતણી ભૂતણી, વિણ પુતા એ કામ. વિ૦ ૫

દિશ સુણી વિણ બાંધવા, ઘર સુનો વિણ પુત;
પુત પનોતા બાહિરો, કુણ રાખે ઘર સુત. વિ૦ ૬

બહુલે મિલીએ સાજને, હોત ઘણાં ગુણગ્રાણ;
પુત પનોતા બાહિરો, કુણ લેવાવે નામ. વિ૦ ૭

ભલી સપુતિ પંખણી, ઈંડા પાલણહાર;
ચુગન લાવે ભલી ચાંચડી, એ લીએ સુખ પસાર. વિ૦ ૮

હું કાં સરજી મનુષણી, રે કુડા કિરતાર;
ગર્ભ માંહિ ગલી નહિં, આપી આરતિ અપાર. વિ૦ ૯

જન્મ સમે મુઇ નહિં, ઝોલી ન પડી તૂટ;
રોગ તણો કારણ લહી, ન મુઇ હૈડા ફૂટ. વિ૦ ૧૦

બાલરંગના ખ્યાલમેં, પાતી લેવા જાત;
હું કાં ન ડંસી એહ રૂયેં, મરી જાતી વિલલાત. વિ૦ ૧૧

તો કાં હું આવી હરી ઘરે, કાં પામી બહુમાન;
સોકચ શાલથી સ્હેજ હી, છુટી જાતાં પ્રાણ. વિ૦ ૧૨

તો કાં સુપના દેખીયાં, કાં જાયો વર નંદ;
નંદ તો આનંદ કરી ગયો, કિશ્યું કરૂં મતિમંદ. વિ૦ ૧૩

કાં હું અધિકી બજબજી, કાં મેં પાડી હોડ;
મુજ દુઃખીયારીની સખી, કોઇ ન પુગી કોડ. વિ૦ ૧૪

ચહુડી તો ગિરીવરાં, નાખી તો રે પાયાલ;
આંબો વાવી આંગણે, તબહી લીયો ઉલાલ. વિ૦ ૧૫

રે પાપીષ્ટ અનિષ્ટ તું, રે દ્રિષ્ઠ નિઠોર;
દૈવ! દયા નહિં તુજ કને, રાંક સાથે કો જોર. વિ૦ ૧૬

હું જાણુંથી માહરે, સહુ વાતાં સુવિશાલ;
આર ધરી છેદી સહી, દૈવ મનોરથ માલ. વિ૦ ૧૭

પુઢવી છેદન ભેદના, મેં કીધી બહુવાર;
સર ફોડયાં દ્રહ સોસવ્યાં, અણગલ નીર અપાર. વિ૦ ૧૮

આગ ઓલાવી નીર શું, દવ દીધાં વનમાંહિં;
વાય કરાવ્યાં વિંઝણે, મંડાવ્યા સઢ પ્રાંહિં. વિ૦ ૧૯

ફૂલણુ મસલી પાવશું, ચાંપ્યા નવ અંકૂર;
ફેલ મૂલેવા કારણે, બેઠી હોઇ સુર. વિ૦ ૨૦

બેઇંદ્રીના વધ કીધા, મારી જૂં ને લીંખ;
કીડી નગરાં વાહિયા, તે મુજ લાગી શીખ. વિ૦ ૨૧

છાણે વિંછી ચાંપીયા, લોક બતાયાં સાપ;
માળા તોડયાં ચરકલાં, લાગ્યા મોટા પાપ. વિ૦ ૨૨

પશુ પંખણી મનુષ્યણી, બાલ વિછોહો દીધ;
ઉન્હો જલદર પુરીઆં, મોઢા પાતિક કીધ. વિ૦ ૨૩

માછી ઝાલ પસારીયાં, હરણુ પાડા પાસ;
કર્મ કસાઇના કીયા, ગો બાકરા વિનાસ. વિ૦ ૨૪

મોસા મર્મ પ્રકાશીયા, ભાંખ્યા કૂડા અપરાધ;
પરને મોડયા કરકડા, તે મેં એ ફલ લાધ. વિ૦ ૨૫

ચોરી કીધી પરતણી, લીધા હીરા લાલ;
લાલ નિરોપમ નિર્ગમ્યો, હોઇ રહી બેહાલ. વિ૦ ૨૬

સાચ ન રાખ્યો શીલ શું, જેહથી લહિએ લીલ;
જગમાંહિ અપજશ લીયો, સેવી સેવી કુશીલ. વિ૦ ૨૭

ક્ષિણુ લોટે ઓટે જઇ, ક્ષિણુમેં ચઢે ચોબાર;
કુંઇયે દેખું મુજ નાન્હડો, પ્યારો પ્રાણુ આધાર. વિ૦ ૨૮

રૂખમણીને દુઃખે સહુ દુઃખી, કૃષ્ણે સુણ્યો તવ સોર;
ધસી આવ્યો ઉતાવલો, અહો અહો સુત ચોર. વિ૦ ૨૯

કૃષ્ણ હૈયે દુઃખ સંવરી, ત્રીયશું કહે સુવિચાર;
નંદન મીલશે તાહરો, કરશું સોઇ પ્રકાર. વિ૦ ૩૦

જે પાખરીયા પરગડા, શોધન કાજે સોય;
મોકલીયા ફિરી આવીયા, કાજ ન સરીયો કોય. વિ૦ ૩૧

સુમતિ કીધી સુંદરી, વારુ વચન કહી વાણુ;
એટલે ચાલી આવીયો, નારદ પુન્ય પ્રમાણુ. વિ૦ ૩૨

ઢાલ એ તો પાંસઠમી, વિજેગણી એ નામ;
ગુણસાગર શુભ કર્મથી, સરશે સઘલા કામ. વિ૦ ૩૩

---

## દોહા

નારદ ભાંખે સુણુ સુતા, અરતિ મ કર લગાર;
તેહને આરતિ શું કરે, જેહનો હરી ભરતાર. ૧

જે તુજ કુંખે ઉપન્યો, જેહનો માધવ તાત;
ન મરે ઓછે આવખે, એ નિશ્ચે વિધી વાત. ૨

પૂર્વ ભવંતર વૈરીએ, કીધો છે અપહાર;
દિન થોડે શોધી કરી, મેલું આણી કુમાર. ૩

જો એ કારજ નવિ કરૂં, તો શું માહરો નામ;
ભામા નામ ન ભાવતાં, જાણે સર્યાં સબ કામ. ૪

જ્ઞાન વિના નિશ્ચે નહિં, ઝલફલીયાં શું થાય;
સીમંધર સ્વામી કને, ચાલી ગયો રુષિરાય. ૫

દેઈ પ્રદક્ષિણા વિધી કરી, પ્રભુના પ્રણમી પાય;
ભીડ જાણી માણુસ તણી, રહ્યો તખત તલે જાય. ૬

લઘુકાયા કર્મે કરી, જાણીને આકાર;
ચક્રી ચતુરાઇ કરી, પુછે કુશલ વિચાર. ૭

---

## ઢાલ ૬૬ મી

( કપુર હોયે અતિ ઉજલો રે અથવા બેહુની જેહનો જેહશું રંગ—એ દેશી )

સીમંધર કહોને એહ વિચાર, સ્વામી કહે સુણ રાજીયા રે;
ચરિત તણો નહિં પાર. સીમંધર૦ ૧

શીલ શિરોમણી ગુણનીલો રે, નારદ નામ ઉદાર;
ભરતક્ષેત્રથી આવીયો રે, કાંઇક પૂછણહાર. સી૦ ૨

દ્વારામતી નગરી ભલી રે, કૃષ્ણ નરેસર તાસ;
પટરાણી વર રૂખમણી રે, શીલ તણો સહવાસ. સી૦ ૩

તેહનો નંદન અપહર્યો રે, છઠ્ઠી રાતી મોઝાર;
વૈરી વેર ન વિસરે રે, એ જગનો વ્યવહાર. સી૦ ૪

ગામ નગર ગિરિ કંદરા કંદરા રે, સોધાવ્યા તે રાય;
સુધ ન લાધી તેહની રે, અતિ દુઃખ આણે માય. સી૦ ૫

નિશ્ચે કરવા કારણે રે, એ રુષિ આવ્યો જોઇ;
પક્ષ કરે જે જેહનો રે, તેહી દુઃખે દુઃખીયો હોઇ. સી૦ ૬

ષટખંડ નાયક વિનવે રે, સ્વામી પ્રકાશો એહ;
કુણ વૈરી જેહ અપહર્યો રે, બાલ કિહાં છે તેહ. સી૦ ૭

કાલ કેટલે આવશે રે, કુંવર કુલ શણગાર;
માત પિતા મન ભાવશે રે, નિસુણે પરખદા બાર. સી૦ ૮

માત કન્હેથી બાલુડો રે, દૈતે લીધો જામ;
તક્ષક પર્વત શીલાતલે રે, પામ્યો ખેચર તામ. સી૦ ૯

દિન દિન વાધે વયે કરી રે, ચંદ કલા જેમ જોય;
અરિત્રીય મિત્ર હી છાતીયાં રે,
સાલ સરીખો સોય. સી૦ ૧૦

ષોડશ લાભ લહી ભલા રે, વારુ વિદ્યા દોઇ;
મલશે માય બાપને રે, વરસ સોલમે સોઇ. સી૦ ૧૧

મિલણ તણી સહિનાણીકા રે, જણાવી એ સાર;
પાન્હો ચડશે પદમની રે, ઉપજશે અતિ પ્યાર. સી૦ ૧૨

હોશે સુકી વાવડી રે, જલશું ભરીત અપાર
વિકસીત પંકજ પાંખડી રે, ભમર કરે ગુંજાર. સી૦ ૧૩

સૂકા વૃક્ષ અશોકજી રે, ફલશે વિવિધ પ્રકાર;
ઋતુ વિણ ફલ ફૂલે ભર્યાં રે, તરુવર અવર અપાર. સી૦ ૧૪

કોયલ કેરા ટહુકડા રે, મોરા કેરા નાચ;
થાશે વિવિધ વધામણા રે, સુંદર મેલી સાચ. સી૦ ૧૫

મુંગા વચન પ્રકાશસે, વાંકા સરલા હોય;
અંધા લહેશે આંખડી રે, રુપ કુરુપા જોય. સી૦ ૧૬

ઇણિ લક્ષણે મા જાણશે રે, નંદન આગમ વાત;
સાંભલ ભૂપ સુલક્ષણા રે, વૈરી ના અવદાત. સી૦ ૧૭

દેશ સુમગધ સોહામણો રે, શાલીસુગ્રામ પ્રધાન;
સોમદત્ત નામે ભલો રે, બ્રાહ્મણ ગુણનો જાણ. સી૦ ૧૮

તસ અગ્રેલી કામની રે, નંદન વર અભિધાન;
અગ્નિભૂતિ વર આગલો રે, વાયુભૂતિ સુજાણ. સી૦ ૧૯

શ્રી નંદીવર્ધન ગુરુ ભલા રે, આયા વિપિન મોજાર;
કરવા વાદ પધારીયા રે, બંધવ દોય તે વાર. સી૦ ૨૦

વિચે મીલ્યો મુનિ સત્યકી રે, ભાંખે વચન વિલાસ;
વિપ્ર કિહાં તુમે ચાલીયા રે, કરવા વાદ ઉલ્લાસ. સી૦ ૨૧

હોડ કિશી હાર્યા તણી રે, વિપ્ર કહે લ્યું દીખ;
થાપ્યો વાદ વિશેષથી રે, વિપ્ર ન માને શીખ. સી૦ ૨૨

મુનિ ભાંખે પૂછો તુમ્હે રે, સંશય હોવે જેહ;
હમને સંશય કોઇ નહિં રે, તુમ્હે પૂછો સંદેહ. સી૦ ૨૩

તુમ્હે કિહાંથી આવીયા રે, ભાંખો વિપ્ર વિચાર;
હમ આયા નિજ ઘર થકી રે, એ શ્યો પ્રશ્ન પ્રકાર. સી૦ ૨૪

એ આગમ પૂછું નહિં રે, પૂછું પરભવ વાત;
પરભવ કોણ કહી શકે રે, હોઇ માણસ માત. સી૦ ૨૫

વિપ્ર સુણો પરભવ તણો રે, ભાંખું એહ વિચાર;
ઇણ હી ગ્રામે વિપ્ર હુતો રે, નામે પ્રવર ઉદાર. સી૦ ૨૬

સો ખેતી કરતો ઘણી રે, હલ ખેડવા જાય;
આયો જલધર ઉમહી રે, સો ઘરસુખો થાય. સી૦ ૨૭

સાત દિહાડા વરસીયો રે, જલ હલધાર અખંડ;
ઉવરાડ્યો દિન આઠમે રે, વ્યાપી ભૂખ પ્રચંડ. સી૦ ૨૮

જંબુક યુગ તિહાં આવીયા રે, ખાધી નાડી તોડ;
પેટ આફરીઓ ઢોલ જ્યું રે, ચાલ્યા દશ હી છોડ. સી૦ ૨૯

સો જંબુક તુમ્હ ઉપના રે, નહિં સંદેહ લગાર;
પ્રત્યય કારણ સાંભલો રે, આગે એહ અધિકાર. સી૦ ૩૦

ખેતધણી તિહાં આવીયો રે, ખીજ્યો દેખી જામ;
જંબુકની કરી ભાથડી રે, મેલી ઉપર વાન. સી૦ ૩૧

જો ન પતિજો બ્રાહ્મણો રે, જાઇ દેખો સોય;
લોક ગયા તિહાં દેખવા રે, વિપ્ર ખીસાણો હોય. સી૦ ૩૨

એ છાસઠ્ઠમી ઢાલમેં રે, નિર્ઘાટણ મિથ્યાત;
ગુણસાગર આગે કહે રે, એ તો વરુ વાત. સી૦ ૩૩

---

દોહા

મુનિ ભાંખે ભવીયણ સુણો, ધરી પ્રતીત અપાર;
પ્રવર વિપ્રની આગલે, ચરીત કહું સુવિચાર. ૧

હિંસા કર્મ સમાચરી, કાલ કીયો તેહિવાર;
મોહવશે આવી લીયો, નંદન ઘર અવતાર. ૨

દેખી મંદીર માલીયા, જાતિસ્મરણ લાધ;
પુત્ર પિતા જનની વહુ, કેમ કહું અપરાધ. ૩

એમ જાણી મોન રહ્યો, લોગા મુંગો નામ;
મુનિ ભાષીત સાચું વદે, આગે ઉભો તામ. ૪

---

## ઢાલ ૧૭ મી

( સુગ્રીવ નગર સોહામણુંજી–એ દેશી )

ચક્રી ભાંખે દેવશુંજી, તેહ મુનીવર કેમ;
બોલાવ્યો ભાષા ભલીજી, સુણવા લાગ્યો પ્રેમ. ૧

જિનેશ્વર ધન ધન થારો જ્ઞાન, સંશય તિમિર નિવારવાજી;
જાણે ઉગ્યો ભાણ. જિનેશ્વર૦ ૨

મુંગાશું મુનિવર કહેજી, એ જગનો વ્યવહાર;
માતા થાયે દીકરીજી, પુત્ર પિતા અવતાર. જિ૦ ૩

બહેનફિરી હોય શોકડીજી, બંધવ વૈરી થાય;
વિજ્ઞ લહે મૂરખપણોજી, મૂરખ વિજ્ઞ કહાય. જિ૦ ૪

ઠાકર તે ચાકર હોવેજી, ચાકર ઠાકર હોય;
નિર્ધન તે ધને આગલાજી, સધન નિર્ધન હોય. જિ૦ ૫

એ વ્યવહારે વર્તતાંજી, દોષ ન એક લગાર;
મુંગો ભાષા બોલીયોજી, લીધો સંજમભાર. જિ૦ ૬

હાર્યા વાદ વિશેષથીજી, હોઇ ખીસાણા દોય;
ઘર આવ્યા પિય માય વલીજી,
અતિ ખિજાવ્યા સોય. જિ૦ ૭

સાધુ ઉપદ્રવ કારણેજી, રતિ આવ્યા ચાલ;
યક્ષ ઉપદ્રવ ટાલીયોજી, થંભ્યા તે તત્કાલ. જિ૦ ૮

કરુણા આણી અતિ ઘણીજી, છોડાવ્યા તે રાય;
દોય બંધવ માય બાપશુંજી, હર્ષ્યા સમકીત પાય. જિ૦ ૯

માય બાપ તે મૂલગેજી, મારગ લાગ્યા જાણ;
દેશવિરતિ હોઇ બંધવાજી, આરાધન પ્રમાણ. જિ૦ ૧૦
પહેલે સ્વર્ગ સુલક્ષણાજી, પંચ પલ્યોપમ આવ;
દોઇ બંધવ દેવતાજી, વિલશે પુન્ય પ્રભાવ. જિ૦ ૧૧
નામ અયોધ્યા છે ભલીજી, નગરી અતિ અભિરામ;
શત્રુંજય નામે ભલોજી, રાજા ગુણનો ધામ. જિ૦ ૧૨
શેઠ સહુ માંહે વડોજી, સાગરદત્ત સુજાણ;
નારી નામેં ધારણીજી, પાલે અરિહંત આણ. જિ૦ ૧૩
દેવ ચવીને ઉપનાજી, શેઠ ઘરે સંતાન;
માણિભદ્ર મનોહરુજી, પૂરણભદ્ર પ્રધાન. જિ૦ ૧૪
પ્રજ્ઞાબલે પઢિયા ઘણાંજી, જોવનની વય પાય;
પરણી સુંદર સુંદરીજી, સુખમાંહિં દિન જાય. જિ૦ ૧૫
શ્રી મહેન્દ્ર મુનીશ્વરુજી, વનમેં આયા જાણ;
રાજા શેઠ સિધાવિયાજી, સુણવા શ્રી ગુરુવાણ. જિ૦ ૧૬
વાણી સુણી વૈરાગીયાજી, હુઆ સંજમધાર;
શ્રાવકના વ્રત આદરેજી, તત્ર તે શેઠ કુમાર. જિ૦ ૧૭
કાલ કેટલે આવીયાજી, સાધુ દયા પ્રતિપાલ;
વંદન જાતાં વાટમેં જી, મલીયો એક ચંડાલ. જિ૦ ૧૮
તેહની સાથે કુતરીજી, દોઇ સાથે પ્રેમ;
દુષ્ટ જાતિશું ઉપજી જી, હેત જણાવ્યો કેમ. જિ૦ ૧૯
શુની અને ચંડાલનેજી, હેજ હૈયે ન સમાય;
નયણ જણાવે નેહલોજી, અચરીજ કહ્યો ન જાય. જિ૦ ૨૦
ચારે આયા ચાલકે જી, શ્રી મુનિવર કે પાસ;
સંશય હરવા મુનિ કહેજી, પૂર્વ ભવાંતર તાસ. જિ૦ ૨૧
એહ થકી ભવ તીસરે જી, માત પિતા તુમ જેહ;
સમકીત ધર્મ વિરાધીયોજી, તેહનો ફલ છે એહ. જિ૦ ૨૨

બ્રાહ્મણ ભવ પહિલે હુવો જી, જીતશત્રુ રાય ઉદાર;
બ્રાહ્મણી હોઇ રૂખમણીજી, રાજા કીધો પ્યાર. જિ૦ ૨૩

વરસ સહસ્સ સુખ ભોગવીજી, નરકે પહોતો ભૂપ;
મૃગ હોઇ માણુસ હુવો જી, થયો ગજરાજ અનૂપ. જિ૦ ૨૪

જાતિસ્મરણ જ્ઞાનશુંજી, અણસણ દિવસ અઢાર;
સુરગતિના સુખ ભોગવેજી, એહ ચંડાલ વિચાર. જિ૦ ૨૫

બ્રાહ્મણી ભવ ભમી સ્વાનનીજી,
પામી ગતિ વિપરીત;
પૂરવલા સંબંધથીજી, માંહોમાહિં પ્રીત. જિ૦ ૨૬

સમકીત ધર્મ ગ્રહાવીયોજી, શ્રાવકના વ્રત બાર;
અણુસણ માસ જુ એકનોજી, આરાધી અતિસાર. જિ૦ ૨૭

પહિલે સુરલોકે ગયોજી, એ ચંડાલ તે વાર;
પંચ પલ્યોપમ આઉખોજી, નિત્ય જિહાં જયકાર. જિ૦ ૨૮

શુની પણ દિન સાતનોજી, અણુસણ પાલ્યો જોય;
કાલ કરી નૃપ કુંવરીજી, તિણહી નગરી હોય. જિ૦ ૨૯

સ્વયંવર મંડપ માંડીયોજી, આયા રાય અનેક;
દેવ કરે સમજાવણીજી, કુમરી લહે વિવેક. જિ૦ ૩૦

ચારિત્ર પાલી નિર્મલોજી, પામ્યા સુર અવતાર;
એહ પ્રસંગે ભાંખીયોજી, કામ ભણી વિસ્તાર. જિ૦ ૩૧

એ જીવ દોઇ થાયશેજી, વટપુર કેરા નાથ;
કુંચનરથ ને ચંદ્રાભાજી, રાજા રાણી સાથ. જિ૦ ૩૨

અણુસણ આરાધી ખરોજી, બંધવ દોઈ સુજાણ;
સ્વર્ગ સુધર્મે દેવતાજી, પાંચ પલ્યોપમ માન. જિ૦ ૩૩

એ સણુસઠમી ઢાલમેંજી, સમકીત સુધી દેખ;
ગુણસાગર આરાધીયાજી, પામે ફલ શું વિશેષ. જિ૦ ૩૪

## દોહા

કુશલ ઘણો છે કોશલા, નગરી અતિ મંડાણ;
પદ્મનાભ જગ પરગડો, રાજ કરે રાજાન. ૧

નામ પ્રણામે ધારણી, તાસ ધારણી નાર;
શીલવંતી સાચી સતી, સત્યવંતી સંસાર. ૨

સુરલોકે સુખ ભોગવી, બંધવ દોઇ ઉદાર;
રાણી ઉરે ઉપના, યુગલપણે અવતાર. ૩

વડા તણો મધુ નામ વર, લઘુનો કૈટભ નામ;
થાપીયો મહા મહોચ્છવે, કુમર દોઇ સકામ. ૪

પરણાવી યૌવનપણે, મધુ ને દીયો રાજ;
યુવરાજ પદવી લઘુ તણી, નૃપ સાર્યાં નિજ કાજ. ૫

---

## ઢાલ ૬૮ મી

( શાંતિ જિણંદ સોભાગી, હું તો થયો તુમ ગુણરાગી—એ દેશી )

રાજા રાજ કરંત, યુવરાજા જયવંત;
સૂર્ય ચંદની જોડ, પૂરે મન કેરા કોડ. ૧

સારે પ્રજાના કાજ, જગમાંહિં જસ ગાજ;
શત્રુ કંદ કુદાલ, મોટા જેહ ભૂપાલ. ૨

એક દિન સુણ્યો કોલાહલ, નૃપ પુછો એ સ્યું કલકલ;
પ્રતિહારીયો ભાસે, સ્વામી દેશ વિણાશે. ૩

ભીમ સુનામે ભૂપાલ, દુર્ગ બલે સુવિશાલ;
પશુ માણુસ લેઇ જાય, ઉજજડ દેશ એ થાય. ૪

ભૂપતિ લાગ્યો જઇ ચાહે, દુર્ગ તણો બલ સાહે;
ફોજ ફીરી તવ આવે, પાછો શોર મચાવે. ૫

પુર બાહિરથી જે પાવે, તે તો લેઈ સિધાવે;
તેથી એ સહુ લોક, પાડે છે પ્રભુ પોક. ૬

એમ સુણતાં તે રાવ, દેઇ દદામે ઘાવ;
હયવર ગયવર ગાજી, દલબલ અતિ ઘણો સાજી. ૭
ચઢીયો વાર ન લાઇ, રેણું રહી નભ છાજી;

વાંટે શૂર વધાઇ, કાયર ધ્રુજણી થાઇ. ૮
આયા વટપુર ચાલી, ભાવી શકે કુણ ટાલી;

હેમરથ સામો આયો, રાય તણે મન ભાયો. ૯

હેમરથ હાથાશું ખોવે, આપે આપ વિગોવે;
નૃપને મંદીર લાવે, જાણે નારી ગમાવે. ૧૦

આદર અતિ ઘણાં કીધા, જમવા બેસણ દીધા;
ઇંદુપ્રભા પટનારી, સાથે કહે અવિચારી. ૧૧

ભામની ભાગ્ય જ ફલીયો, આજ દિહાડો એ વલીયો;
આપુણ પિરસણો એ કીજે, રાય તણો મન રીઝે. ૧૨

કામની કંતશું બોલે, નૃપ તું કાં ડમડોલે;
ભૂપ ભુજંગમ કાલો, તેહથી દીજે ટાલો. ૧૩

ભટકી બોલીયો ઇશ, મન આણી અતિ રીસ;
એવડો શ્યો અભિમાન, તું તો દાશી સમાન. ૧૪

રાણી પીરસવા આવી, રાય તણે મન ભાવી;
રાજા રીઝીયો જાણી, ઓલખીયો મન રાણી. ૧૫

રાજા ઉઠી સીધાયો, તતક્ષણ મંત્રી બોલાયો;
એ રાણી ઘર લાવો, હમશું પ્રેમ મીલાવો. ૧૬

મંત્રી રાય સંકેત, ચાલ્યા કટક સમેત;
ભૂપતિ ભીમશું અડીયો, શૂર મહારણ લડીયો. ૧૭

ઝગડો અતિ ઘણો લાગ્યો, ભૂપતિ ભીમજી ભાગ્યો;
બાંધીને જબ લીધો, કારજ રાયનો સીધો. ૧૮

રાજા પાછો એ વલીયો, મન્મથ ભૂતે એ છલીયો;
તન મન રાગશું એ રાચ્યો, રાણીશું મન માચ્યો. ૧૯

છડા પયાણે એ આવે, વટપુર વાટ ભૂલાવે;
મંત્રી મંત્ર ઉપાયો, રાય આયો ધ્યાયે આયો. ૨૦

એ અણુસઠ્ઠમી ઢાલ, જીતી આયો ભૂપાલ;
શ્રી ગુણસાગર રાય, રાજાજી વૈર વસાય. ૨૧

---

### દોહા

રાય અયોધ્યા આવીયો, મનમેં અતિ ઉચ્ચાટ;
ખુજી કહે કેમ ભૂલીયો, વટપુર કેરી વાટ. ૧

વાચા પાલ તું આપણી, અહો મોટા પ્રધાન;
સો વાતાં કી વાત એ, જો ચાહે મુજ પ્રાણ. ૨

કલીમલ અરતિ અસુખ અતિ, સુતા નિંદ મ જોય;
અન્ન ન પાણી ભાવહી, સુકયો જાઇ સોય. ૩

રાય કુમરી નવયૌવની, સાથે ન મન રાજાન;
ઇંદુપ્રભા રાણી હૈયે, સાલે સાલ સમાન. ૪

સસ્નેહાં તો દુઃખ લહે, નિસ્નેહા સુખ હોય;
તિલ સરસવ જગ પીલીએ, રેતી ન પીલે કોય. ૫

રાગે વાહ્યો ઉકલે, વૈરાગી સમ ભાય;
ચોલ મજીઠા રસ લીએ, બાકસ નવિ મસલાય. ૬

---

## ઢાળ ૧૯ મી

( નેમીશ્વર વિનતી માનીએ જી–એ દેશી )

રાજેસર કહીયો માનીએજી, કહે મંત્રી સસુજાણ. રા૦ ટેક.
કુવ્યસન કેરો સંગ ન કીજે, કુવ્યસન દુઃખ દાતાર;
તિણમાંહિં એ અતિ મોટો, પરત્રીયા કેરો પ્યાર. રા૦ ૧

વિણ દોરે એ બંધન કહીએ, વિણ વ્યાધે અસમાધ;
ત્રિણ કાજલ એ કાલીમ કહાવે,
વિણ મદીરા અસમાધ. રા૦ ૨

ક્ષિણ ક્ષિણ દાઝે દેહ;
તેહને નિત્ય ચંદ્ર બારમો રે, જેહનો પરઘર નેહ. રા૦ ૩

વરસ સાત સાઢાનો ભાખ્યો, થાવરનો અતિ લાગ;
જાવ જીવ લગે એ અતિ પીડે, પર રમણીનો રાગ. રા૦ ૪

જગમાંહે અપજશનો પડહો, આપદનો રે સંકેત;
શિવપુર ધારક પાટ કહાવે, પર રમણીનો હેત. રા૦ ૫

પરનારી મુખ જોતાં પલટે, પલક પલક જેતીવાર;
તે તા હી તો વર્ષ પચેવો, કુંભી નરક મોઝાર. રા૦ ૬

પર રામા શું રાગ કરંતા, દેવા દ્રવ્ય વિનાશ;
રાજા ભાંખે સુણ મંત્રીસર, એ સબ સાચી વાત;
પણ માહરે મન તો રઢ લાગી,
કલ્પ સમા દિન જાત. રા૦ ૮

પંખીપતિને દિવસે ન સૂઝે, રાતે ન સૂઝે કાગ;
સુઝને તો દિન રાત ન સૂઝે,
કહેણુ તણો નહિં લાગ. રા૦ ૯

ઢોલ બજાવે ઢોલીયા રે, પણ વાહરે નવિ જાય;
હેતવંતા તો હેત બતાવે, જોર ન કોઇ થાય. રા૦ ૧૦

એટલે રુતુરાજા ચલી આયો, નામે વસંત વસંત;
વનરાજી ફુલફૂલ વિરાજી, લોક હસંત રમંત. રા૦ ૧૧

ઠામ ઠામના રાય બોલાયા, ખેલણુ કો મિસ ઠાણુ;
ઇંદુપ્રભા શું રાજા તેડયો, હેમરથ પ્રીત પ્રમાણુ. રા૦ ૧૨

રમણીએ રાજા સમજાવ્યો, એ મુજ ઉપર ખેલ;
મધુ નૃપ માંડયો મૂરખ પીઉડા,
મકર મકર મનમેલ. રા૦ ૧૩

રાવણુ પરસ્ત્રીયા દોષ ન જાણ્યો, રામ હેમ મૃગ જેમ;
જુયા દૂષણુ રાય યુધિષ્ઠિર, જાણી શકયો નહિ તેમ. રા૦ ૧૪

વાત અનેક કહી સમજાવે, રાય ન માને એક;
હોણહાર સાથે કોણ બલીયો, એ નર આણુ વિવેક. રા૦ ૧૫

રાણી લેઇ આયો રાજા, મધુ રાજા સુખ પાય;
ખેલી વસંત જ્યું લોક વિસર્જ્યા, રાણી રાખી રાય. રા૦ ૧૬

પટરાણી કરી થાપી સુંદરી, મધુ રાજા મન રંગ;
સુખ માને તે વિવિધ પ્રકારે, ઇંદ્ર ઇંદ્રાણી સંગ. રા૦ ૧૭

હેમરથ રાજા વાત સુણી જબ, વિહ્વલ થયો અપાર;
બલીયા સાથે જોર ન ચાલે, અઇ અઇ કર્મ વિચાર. રા૦ ૧૮

ખિણુ રોવે ખિણુ જોવે દહ દિશા,
ખિણુ આંગણુ ખિણુ સેજ;
ખિણુ ગોખે ચઉ બારે દેખે, ફાટે હૈડો હેજ. રા૦ ૧૯

વસ્ત્ર વિહુણો વિકલ રુપે, ધુલે ધુસરી અંગ;
પ્રિયા પ્રિયા મુખ અધિક પોકારે,
સબહી વાત વિરંગ. રા૦ ૨૦

પુરી અયોધ્યા ચાલી આયો, ભર્મ પડયો ભૂપાલ;
નારી નિરખણુનો અભિલાષી, સાથે ફરે બહુ બાલ. રા૦ ૨૧

શોર સુણતાં ગોખે ચઢીને, નારી નિહાલ્યો નાથ;
ધાવ મોકલી લીયો બોલાઇ, દૂર કરી સબ સાથ. રા૦ ૨૨

કાં તું એહવું પુછે પદમની, પૂરવ પ્રેમ પ્રકાર;
નારી વિછોહો મહા દુઃખદાઇ, કવણ અછે તુજ નાર. રા૦ ૨૩

તું પ્યારી હું પ્રીતમ થારો, રાખી લે મારા પ્રાણ;
પહેલી શીખ ન માની પાપી,
જલ વહી ગયો સુલતાન. રા૦ ૨૪

જા રે જા કે જાણુ લહીને, રાજા કરશે ભાંડ;
ભાંડ પુરુષનું કોઇ ન થાશી, ભાંડ થઇ તું રાડ. રા૦ ૨૫

કોહી શબ ને માંહિં કંસારી,
પડીયા નિપટ નિકામ;
બૈયર જાતી ને બાહીર હીંડી,
ન લહે એક હી દામ. રા૦ ૨૬

ચિત્તડા ભીંતર ચીણગટ લાગી, સાલ સરીખો બોલ;
સાચો શીલ સલુણો જાણ્યો, વિષયા વિષ સમતોલ. રા૦ ૨૭

મધુ રાજા માનની શું મોહ્યો, માને મેરુ સમાન;
આપણા પોજ એટલે આયો, મોહ તણો અવશાન. રા૦ ૨૮

પરનારી લંપટ દ્રઢ બાંધ્યો, આણ્યો રાજા પાસ;
રાજા ભાંખે વેગે વિણાશો, ઇહા નહિં અરદાસ. રા૦ ૨૯

રાણી પુછે કાં મારીજે, સ્વામી એ નર આજ;
રાજા બોલે એણે કીધો, મોટો આજ અકાજ. રા૦ ૩૦

એકાડી એ સતરે પાતિક, તાજુ ઘાલી જોય;
એકાડી પરનારી ગમનનો, પાતિક ભારી હોય. રા૦ ૩૧

પરનારીના દૂષણ એ તો, આપ તુમ્હે શું કીધ;
હું પરનારી કીધી પ્યારી, જગમેં અપજશ લીધ. રા૦ ૩૨

કહેણી તો જગમાંહિં બહુલી, કરણી વિરલા જોઇ;
મોટા ભાંડા છૂત ન લાગે, રાંક હણ્યા શું હોઈ. રા૦ ૩૩

એહ વચને રાજા વૈરાગ્યો, મનમેં કરે વિચાર;
કુલને એહ કલંક ચઢાયો,
ધિગ્ ધિગ્ મુજ અવતાર. રા૦ ૩૪

નવ જોવનમેં બાંધ્યો જે નર, નૃપ છોડાવે તામ;
ઉરહો તેડી શીખ જ આપી, એ હમ કરજે કામ. રા૦ ૩૫

ઇણુ અવસર મુનિરાજ પધાર્યા, વોહોરણ કેરે કાજ;
નૃપે આહાર સુઝંતો દીધો, સફલ ગણ્યો દિન આજ. રા૦ ૩૬

જેષ્ઠપુત્ર તવ પદવી થાપ્યો, મધુ કૈટભ નૃપ સોઈ;
સંજમ લેઇ સ્વર્ગ બારમે, દેવ હુવા તે દોઇ. રા૦ ૩૭

ઇંદુપ્રભા દિક્ષા વ્રત પાલી, રાજા સાથે સહાય;
કનકમાલા એ આઇ ઉપની, નેહ છિપ્યો ન રહાય. રા૦ ૩૮

એગુણતેરમી ઢાલ ભલેરી, પૂર્વ ભવંતર ભેદ;
ગુણસાગર જિનવરને વચને, ટલી સઘલો ખેદ. રા૦ ૩૯

---

દોહા

મધુ ભૂપતિનો જીવ જે, ચારિત્રને સંકેત;
સ્વર્ગતણા સુખ ભોગવી, સુખે પુન્યને હેત. ૧

શ્રી પ્રદ્યુમ્ન કુમારજી, રૂખમણી ઉર ઉત્પન્ન;
કૃષ્ણ ઘરે હરિવંશમેં, સાચો પુત્ર રતન્ન. ૨

કૈટભ સુર સુખ ભોગવી, લેશે વર અવતાર;
જાંબુવતી ઉરે સહી, હોશે કુમાર સાંબ. ૩

રાય હેમરથ નારીની, આણી અરતિ અપાર;
કાલ કરી ભવમેં ભમી, કોપ તણે પ્રકાર. ૪

ધૂમકેતુ નામેં હુવો, અસુરાં કેરો રાય;
જે એ બાલક અપહર્યો, વૈર વિલય નવિ જાય. ૫

---

### ઢાલ ૭૦ મી

( રાધાલોચન રંગમો અથવા લલનાની–એ દેશી )

જિનવાણી શ્રવણે સુણી, ભવી પામ્યા પ્રતિબોધ લલના;
કરે આપણમેં ખામણા, ટાલે વૈર વિરોધ લલના. ૧

ધન સીમંધર સ્વામીજી, જે ભાંજે સંદેહ લલના;
ધન ચક્રી જેણે પુછીયો,
પૂર્વ ભવંતર એહ લલના. ધન૦ ૨

નારદ રુષી કરકોસથી, નિકલીયો તેહીવાર; લ૦
અલજ્યો આતુર થયો, દેખણ બાલકુમાર. લ૦ ધન૦ ૩

ગિરી વૈતાઢયે આવીયો, યમસંવર ઘર જાય; લ૦
કનકમાલાની ભક્તિથી, રુષી રલીયાયત થાય. લ૦ ધન૦ ૪

ગૂઢ ગર્ભીણી તું સુણી, જાયો સુંદર નંદ; લ૦
રુષીજી તુમ પ્રસાદથી, નંદન આનંદ કંદ. લ૦ ધ૦ ૫

દેખું થારો નાન્હડો, પરખું લક્ષણ સાર; લ૦
રુષી આગે લોટાવીયો, દીયે આશીષ તે વાર. લ૦ ધ૦ ૬

ચિરંજીવી ચિરં નંદજે, પૂરે માતની આશ; લ૦
રુષી આદેશે ઉઠાઇયો, હૈડે ધર્યો ઉલ્લાસ. લ૦ ધ૦ ૭

માતસુખો અરિ સન્મુખો, લક્ષણ ગુણ ગરીઠું; લ૦
સબ વિધ સુંદર દેખતાં, લોચન અમીય પઇઠું. લ૦ ધ૦ ૮

નારદ આવ્યા દ્વારીકાં, હરી રૂખમણી કે પાસ; લ૦
જિનવર વચન સુણાવીયા, ધુર છેહાં લગે તાસ. લ૦ ધ૦ ૯
હીરા ચુની લાલડા, મોતી માણેક જોઇ; લ૦
જિહાં જાયે તિહાં સાદરા,
તિમ કર્મે તો હોઇ. લ૦ ધ૦ ૧૦
હરી રૂખમણી આનંદીયા, સુણી સુતના અવદાત; લ૦
પરમ મહાસુખ પામીયો, આનંદમેં દિન જાત. લ૦ ધ૦ ૧૧
આશા સબ જગ વાલહી, આશા અમર અપાર; લ૦
ધર્મે કર્મે આશા ભલી,
આશ મ છાંડીશ લગાર. લ૦ ધ૦ ૧૨
આશા એ ધન સંપજે, આશા એ સંતાન; લ૦
આશાએ રણ જીતીયે, આશા એ સન્માન. લ૦ ધ૦ ૧૩
એક ન હુતી પાધરી, નંદીષેણની નાર; લ૦
સહસ્સ બહુતેર પરગટી, આશા ને અધિકાર. લ૦ ધ૦ ૧૪
આશા એ હરિશ્ચંદ્રજી, ઉગ્રસેન નૃપ દેખ; લ૦
આપદ કાઢી આકરી, પુનરપિ રાય વિશેષ. લ૦ ધ૦ ૧૫
રાવણ સીતા અપહરી, પડીયો રામ વિછોહ;
સા જીવી આશા થકી, ફરી પામી અતિ સોહ. લ૦ ધ૦ ૧૬
પવન રાય ઘરે અંજના, પતિનો અતિ અપમાન; લ૦
આશા એ દેવાવીયો, આદર મેરુ સમાન. લ૦ ધ૦ ૧૭
રામચંદ્ર નલ પાંડવા, આશા તણે બલ જોય; લ૦
ફરી બહોડાવી આપણી, આશ કરે સો હોય. લ૦ ધ૦ ૧૮
વરસ જાશે આશા વડી, ફલશે મનની આશ; લ૦
આશ ભલે રૂખમણી તણો, હોશે લીલ વિલાશ. લ૦ ધ૦ ૧૯
સંવરકાલ ને મંદીરે, વાધે બાલ કુમાર; લ૦
હાથોહાથે સંચરે, ઉપજાવે અતિ પ્યાર. લ૦ ધ૦ ૨૦

જિમ જિમ વાધે વયે કરી, તિમ તિમ વાધે એહ; લ૦
રૂદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, અરુ વાધે ધન નેહ. લ૦ ધ૦ ૨૧

પ્રાણ થકી પ્યારો ઘણો, માતાજી ને સોઇ; લ૦
પિતા પરમ સુખદાયકું, પરિઅણ પ્રીતો જોઇ. લ૦ ધ૦ ૨૨

પઢી ગુણી પંડીત થયો, નિર્મલ બુદ્ધિ ઉદાર; લ૦
શસ્ત્ર શાસ્ત્ર આદે કલા, બહુંતેર ના ભણનાર. લ૦ ધ૦ ૨૩

બાલપણું વોલી કરી, યોવનની વય પાય; લ૦
ધીર વીર ને સાહસિક, સુર શિરે કહેવાય. લ૦ ધ૦ ૨૪

હય ગય રથ પાયક તણી, સેના સજી અપાર; લ૦
સીમાડા સહુ સાધીયા, સાધ્યા જેહ ઝુઝાર. લ૦ ધ૦ ૨૫

દેશ જીતી ઘર આવીયો, લાવીયો વર વસ્તુ; લ૦
ભૂચર ખેચર માનવી, માને આણ સમસ્તુ. લ૦ ધ૦ ૨૬

એ સીતેરમી ઢાલમેં, અનમ નમાવણ નામ; લ૦
ગુણસાગર ગુરુ આપણે,
પ્રગટ થયો જગ કામ. લ૦ ધ૦ ૨૭

## ચોપાઇ

ખંડ ખંડ રસ છે નવ નવા, સુણતાં મીઠાં સાકર લવા;
શ્રી હરિવંશ ચરિત્ર જયજયો, ત્રીજો ખંડ એ પૂરણ થયો. ૧

ઇતિ ખંડ ત્રીજો.

# ખંડ ૪ થો.

## દોહા

કર્મ હણી કેવલ લહ્યો, મુક્તિ પહોત્યા સ્વામ;
ત્રિવિધ ત્રિવિધ ત્રિહું કાલના, સિદ્ધ નમું શિરનામ. ૧

અબ ચોથા અધિકારના, ભવિ નિસુણો સુવિચાર;
ગુણવંતાના ગુણ એ, સાંભલતાં સુખ થાય. ૨

માત પિતા સુખ પામીયા, દેખી કુમરના કામ;
લોક પ્રસિદ્ધો આપીયો, યુવરાજ પદ તામ. ૩

પ્રચુર વિત્તનું વ્યય કરી, સંતોષ્યો સંસાર;
યાચકજન મુખ ઉચ્ચરે, મદન સુયશ વિસ્તાર. ૪

ભૂપતિને ભલ ભામની, પાંચ સયાં પરિવાર;
નંદન પણ તસ તેટલા, મહાકલા ગુણ જાણ. ૫

પ્રભુતા પેખી કામની, દુમની પડી દુમાત;
આપ આપણા પુત્રશું, એહ જણાવી વાત. ૬

સિંહણી એક જ સુત જણી, નિર્ભય થાયે અપાર;
ખરી ખરી દશ પુત્રણી, વહે ગાર કો ભાર. ૭

મદન બલી મહિમા નિલો, તુમ તો સઘલા રંક;
દિન થોડામાં દેખજો, રાજા હુઓ નિઃશંક. ૮

## ઢાલ ૭૧ મી

( ઈણપુર કંબલ કોઈ ન લેશી—એ દેશી )

વચન સુણી નિજ માતા કેરાં, કોપે ચડયા ને પુત્ર ઘણેરાં;
મારાં મદનને વાર ન લાવા,
તો તુમ્હ આગે હમ ફિરી આવા. ૧

મદનશું માંડે પ્રિતી અપાર, માહરે તું ઠાકોર આધાર;
કુડ કેલવે કપટી કેતાં, સાંભલજો મુજ કેતાં તેતાં. ૨

ભોજન આસન સયન મોઝારી,
ખાન પાન મેં દિયે વિષ ભારી;
અમૃત હોઇ પ્રણમે સોઈ, પહુંચી શકે ઉપાવ ન કોઇ. ૩

ડાકિણી શાકિણી ન શકે લાગી,
ભૂત પિશાચણી જાયે ભાગી;
વાંકો તે ફરી સિધો થાય,
દિન દિન મહિમા અધિક દેખાય. ૪

ગિરી વૈતાઢય ગયા એક વાર,
સહસ્સ શિખરનો ભવન ઉદાર;
સહુ કો આવી બેઠા જામ, વાત કહે આપસમેં તામ. ૫

ગિરીશિખરે એક ગોપુર દેખી,
વજ્ર મુખે તવ વાત વિશેખી;
જો જાય કોઇ ગોપુર માંહિં, મનવંછિત ફલ પાવે પ્રાંહિ. ૬

મદન ગયો તિહાં હાલી ચાલી, જાગ્યો દેવ વજાવી તાલી;
મદન સાથે કિયો સંગ્રામ, હારી દિયો સિંઘાસણ તામ. ૭

મંત્ર તણો ગણ દીધો વારુ, અવર દિયો ભંડાર અપારુ;
મુકુટ દિયો રત્નાકો નીકો,
આભરણ સહિતશું દીધો ટીકો. ૮

ગુફા દુસરી માંહિ સિધાવે, છત્ર ભલો યુગ ચામર પાવે;
ખડ્ગ મનોહર વસ્ત્ર વિશાલુ,
કુસુમ વસન અધિક રસાલું. ૯

ગુફા તિસરી માંહિં સિધાવે, નાગસેજ વર વેણુ લહાવે;
પાયપીઢ સિંઘાસણુ કોમલ,
વસ્ત્ર વિભૂસણુ પાવે સો ભલ. ૧૦

મંદિરકારી વિદ્યા વિધિ, સેન તણી રખવાલી સિધી;
એ દોય આપી વિદ્યા દેવા, કર જોડીને માગે સેવા. ૧૧

ચઉથી વારે સો અવગાહે, જલવાવીને પડીયો હલાવે;
મકર ધ્વજ વર વારુ લહિયો,
મકરકેતુ સો નામ કહિયો. ૧૨

અગ્નિકુંડ માંહે પગ ઠાવે, વાર પંચમી સો શોભા પાવે;
કનકવસ્ત્ર અગ્ને ધોવાએ, યુગ્મ લહ્યાં તે પુન્ય પસાયે. ૧૩

મેષાકારે પર્વત દોઇ, છટ્ઠી વાર ગયો તિહાં સોઇ,
મિલતાં કોપર સાથે ખંડે,
કુંડલ યુગ્મ લહી અતિ તંડે. ૧૪

વાર સાતમીએ સહકાર, ઉપર ચઢીયો મદન કુમાર;
ઝંઝોલી ફલ પાડી નાખે, વાન રુપ તદા સુર ભાંખે. ૧૫

આપ જણાવી ચરણે લાગી, બોલ્યો દેવ પ્રભુ વડભાગી;
ગગન ગતિની પાવડી વિશાલા,
આપે મુકુટ સુધારસ માલા. ૧૬

વાર આઠમી કપીથ તણે વન,
ચાલ્યો મદન મહા નિર્ભય મન;
તરુ ઉપર ચઢીયો તતકાલ,
ગજરૂપી સુર અતિ વિકરાલ. ૧૭

યુદ્ધ કરી પ્રભુ વશ હોઇ, મનગમતો વર આપે સોઇ;
ગજરૂપી સુર હું છું સ્વામી,
　　　　　　સમયે સમરવો અવસર પામી. ૧૮

નવમી વારે પર્વત ઉપર, ચાલ્યો કામદેવ સાહસ ધર;
ભુજંગા સુરમે લાત વજાઇ,
　　　　　　ઉઠીયો કરી સંગ્રામ સજાઇ. ૧૯

જાતિ ભણી દીધો હયરત્ન, કાઠો કુવચ જીવનો યત્ન;
મુદ્રિકા મનમોહન આપી,
　　　　　　ચાલ્યો તાસ તિહાં સ્થિર સ્થાપી. ૨૦

દશમી વાર સરાવ મુખે ગિરી,
　　　　　　હરી અંગજ આયો જિમ નિજ ઘરી;
અંગદ કંઠીકા વર લાધી, કંદોરો લાયો સુર સાધી. ૨૧

એકાદશમી વાર મનોભવ,
　　　　　　વરાહ તણે આકારી ગયો તવ;
ધનુષ્ય પુષ્પ ભય પામ્યો પુરો,
　　　　　　જય નામા વર સંખ સનૂરો. ૨૨

બારસમી વારે બલવંતો, પંકજ વનમેં જાય રમંતો;
વિદ્યાધર બાંધ્યો છોડાવે, કન્યા કામ ભણી પરણાવે. ૨૩

વિદ્યા દોઇ અનેરી દીધી, ઇંદ્ર શું જાલ કરી પ્રસિદ્ધી;
હાર હરખ શું આપ્યો રૂડો, માન્યો ગુણ નવિ એ કૂડો. ૨૪

તેરશમી વારે અતિ તંડન, કાલવને આયો કુલ મંડન;
જીત્યો દૈત્ય ન લાગી વાર, આપ્યો કુસુમ ધનુષ્ય ઉદાર. ૨૫

મદન મોહન તાયન સોષણ,
　　　　　　ઉન્માદન એ પાંચ બાણ વર;
જન મોહન યુવતિ ઉન્માદન,
　　　　　　મદન નામ તિહાંથી હરીનંદન. ૨૬

ચઉદશમી વારે સોપચારે, ભીમ ગુફા માંહે પાવધારે;
છત્ર પુષ્પકો ફૂલ કી સેજ,
આપે અસુર ધરી અતિ હેજ. ૨૭

ભાઇ મરવા કારણ મેલે, આપણમેં ચતુરાઇ ખેલે;
પુણ્ય બલે રૂખમણી કો જાયો,
તિમ તિમ વધતો જાય સવાયો. ૨૮

વને રણે અરીધે રણમાંહિં, અગ્ની નીર સાગરમેં પ્રાંહિ;
સોવત જાગત વિચ વિચાલો,
પુન્ય એક મોટો રખવાલો. ૨૯

એકોતેરમી ઢાલ વખાણી, વક્તા શ્રોતાને મનમાની;
શ્રી ગુણસાગર પુન્ય કરીજે,
મદન કથા મનમાંહિ ધરીજે. ૩૦

---

### દોહા

લાભ દેખી નવનવ પરે, આણે રીસ અપાર;
જોર ન ચાલે જબર શું, પણ ન તજે અવિચાર. ૧

ખેદી કાઢે નિત્ય કો, સૂરજ જગ હિતકાર;
તિમિર ન વ્યાપ્યા વિણ રહે, એ દુર્જન અવિચાર. ૨

---

### ઢાલ ૭૨ મી

( નેમજીના નવરસાની—એ દેશી )

વજ્રમુખો કહે ભાઇજી, મનમોહના,
તુમસમ અવર ન કોઇ લાલ મન મોહના;
જિહાં જિહાં જાઇ સંચરે મન મોહના,
લાભ ઘણેરો હોય લાલ મન મોહના. ૧

પનરશમી વારે હવે મ૦, વિપુલવન પાઉધાર; લાલ૦
ગજ જિમ આયો ગાજતો મન૦,
તવ તે વિપીન મોઝાર. લાલ૦ ૨

નાગજયંતક છે તિહાં મ૦, વાહની એક વિશાલ; લાલ૦
તેહને કાંઠે તરુતલે મ૦, પદ્મશીલા સુવિશાલ. લાલ૦ ૩

રુપશું યૌવન ગુણવતી મ૦, પદ્માસન આકાર; લાલ૦
સ્ફટીક તણી જપમાલીકા મ૦,
ધ્યાવે ધ્યાન અપાર. લાલ૦ ૪

શ્વેત વસન વિરાજતા મ૦, મસ્તક છુટા કેશ; લાલ૦
શોભા પોખે સુંદરી મ૦, વર્ણે ગૌર વિશેષ. લાલ૦ ૫

ચંદ્રમુખી મૃગલોચની મ૦, વાંકા ભમુહ કમાન; લાલ૦
તીન લોકની નારીનો મ૦, બેઠી લેઇ ગુમાન. લાલ૦ ૬

સર્વ અવયવાં સોહતી મ૦, રમણી રુપ રસાલ; લાલ૦
મદન તણે મનમોહની મ૦, લાગી એ તત્કાલ. લાલ૦ ૭

પાંચ બાણ લાગ્યાં ખરાં મ૦, મદન થયો બેફામ; લાલ૦
હમ ન જાવા પાવહી મ૦, જે શું જિન કી રહેમ. લાલ૦ ૮

વિબુધ વતંશક આવીયો મ૦, ઉભો કરીયે જુહાર; લાલ૦
કુંવર પૂછે દેવશું મ૦, કુમરીનો સુવિચાર. લાલ૦ ૯

દેવ ભણે કુમર સુણો મ૦, ખેચર પ્રભંજન નામ, લાલ૦
વાગ્દેવી સમ દીપતી મ૦, જાઇ કુમરી સકામ. લાલ૦ ૧૦

રતી નામે ગુણ આગલી મ૦, નવયૌવનમેં એહ; લાલ૦
કુંવર કહે કષ્ટે કરી મ૦, કાં ખીજાવે દેહ. લાલ૦ ૧૧

રાય તણે ઘર આવીયો મ૦,
યોગી લેણને આહાર; લાલ૦
કુમરીનો વર પુછીયો મ૦, ભાંખ્યો મદનકુમાર. લાલ૦ ૧૨

યોગ મિલે તેહનો કિહાં મ૦,
ઇણુહી વન અભિરામ; લાલ૦
તે માટે તપ ધ્યાનશું મ૦, એ વંછે વર કામ. લાલ૦ ૧૩

લક્ષણ ગુણ આકારશું મ૦,
સો પ્રભુ તુંહી સકાજ; લાલ૦
કૃપા કરી કન્યા તણા મ૦, પૂરો મનોરથ આજ. લાલ૦ ૧૪

પાણીગ્રહણ કરાવીયો મ૦, પુગ્યા મનના કોડ; લાલ૦
કામદેવ રતી કામની મ૦,
એ દોઇ અવિહડ જોડ. લાલ. ૧૫

લાભ સોલમો તિણ વને મ૦, શકટાસુરથી હોઇ; લાલ૦
કામધેનુ પામી ભલી મ૦, પુષ્પ તણો રથ જોઇ. લાલ૦ ૧૬

એવં સોલહ લાભશું મ૦, મદન મહા મયવંત; લાલ૦
પામી શોભા પુન્યથી મ૦, પુન્ય વડો એકંત. લાલ૦ ૧૭

જોતરી રથ પુષ્પ તણો મ૦,
કામ અને રતી નાર; લાલ૦
બેશી આવે લીલશું મ૦, માથે છત્ર શું ધાર. લાલ૦ ૧૮

ચામર ઢાળે ખેચરી મ૦, આગે બહુ પરિવાર; લાલ૦
દિનમુખા ભાઇ સહુ, મ૦, સેવક રૂપી અપાર. લાલ૦ ૧૯

સોલે લાભે શોભતો મ૦, આવે કામ કુમાર; લાલ૦
નગરી તણી શોભા કરી મ૦,
મુખ મુખ જય જયકાર. લાલ૦ ૨૦

કામની કૌતકને મિલી મ૦, તરુણી બુદ્ધિ બાલ; લાલ૦
રતી રતીપતિને દેખવા મ૦, કરે કુતુહલ ખ્યાલ. લાલ૦ ૨૧

ખબર નહિં અંબર તણી મ૦,
થાન વિપર્યય થાય; લાલ૦

તૂટયો હાર ન જાણુહી મ૦,
મોતી ખીર ખીર જાય. લાલ૦ ૨૨

કંકણ કાને પહેરીયો મ૦, ગલે કટી સૂત્ર ઉદાર; લાલ૦
માથે પહેરી મેખલા મ૦,
કટી પહેર્યો વર હાર. લાલ૦ ૨૩

આંખે કુંકુમ આંજીયો મ૦, કાજલ લાયો ગાલ; લાલ૦
આડભરી અલતે કરી મ૦, આઇ તમાસે ચાલ. લાલ૦ ૨૪

એક ભણે ભલ ભામની મ૦, એ કર્મેં તો કંત; લાલ૦
પામી પ્રત્યક્ષ પદમની મ૦,
રતી રાણી ગુણવંત. લાલ૦ ૨૫

એક વદે વનિતા વલી મ૦,
એ ધન નારી ઉદાર; લાલ૦
સર્વ સુલક્ષણ ગુણનીલો મ૦,
પામી ભલ ભરતાર. લાલ૦ ૨૬

હયવર ગયવર વાહની મ૦,
લોક તણો નહિં પાર; લાલ૦
દાને જલહર વરસતો મ૦, આયા રાજ દુવાર. લાલ૦ ૨૭

રાય તણે પાય પ્રણમીયો મ૦,
રાય દીયો બહુમાન; લાલ૦
પ્રભુતા પેખી પુત્રની મ૦,
જાણ્યો જન્મ પ્રમાણ. લાલ૦ ૨૮

મા મલવાને અલજીયો મ૦, આવી લાગ્યો પાય; લાલ૦
ઉઠાઇ ઉંચો લીયો મ૦, ચુંબ્યો કંઠે લગાય. લાલ૦ ૨૯

વિનય કરી વિધીશું તદા મ૦, આગે બેઠો કામ; લાલ૦
વારંવાર અવલોકહી મ૦, રૂપ અનોપમ તાસ. લાલ૦ ૩૦

કૃષ્ણ શ્વેતને રાતડા મ૦, લોયણ નીલા ધામ; લાલ૦
કંબુ કંઠ સુકોમલુ મ૦, ચંદ્રવદન અભિરામ. લાલ૦ ૩૧

દંતપંક્તિ મુક્તામણી મ૦, રાતી જિહ્વા જાસ; લાલ૦
નાક શિખા દીવાતણી મ૦, અધર પ્રવાલા તાસ. લાલ૦ ૩૨

કોમલ કુંતલ શામલા મ૦, જાડી જંઘા જાણુ; લાલ૦
ભુજા લલિત લાંબી ઘણી મ૦,
પોહલા પાવ વખાણ. લાલ૦ ૩૩

વક્ષસ્થલ બનતો મહા મ૦, મેરુ ભીંત આકાર; લાલ૦
મૃગપતિની કટી ઉપમા મ૦,
વર્ણે સુવર્ણ અપાર. લાલ૦ ૩૪

માતા દેખી મનોહરુ મ૦, સુતની સુંદર શોભ; લાલ૦
રમણ હસણ સંભોગ નો મ૦,
લાગ્યો મનમેં લોભ. લાલ૦ ૩૫

ભેદી મન્મથ બાણશું મ૦, દીનમુખી તતકાલ; લાલ૦
પાલે મારી પોયણી મ૦, તેહવી થઇ સા બાલ. લાલ૦ ૩૬

હાથ કપોલે થાપીયો, મ૦,
આતુર અધિક ઉદાસ; લાલ૦
ડસક ડસક રોવે ખરી મ૦,
લાંબા લીયે નિસાસ. લાલ૦ ૩૭

એહ વિધી દેખી ખેચરી મ૦,
ઉઠી ચાલ્યો મયણ; લાલ૦
આવ્યો મંદિર આપણે મ૦,
મનમાંહે સુખ ચયન. લાલ૦ ૩૮

એ બોતેરમી ઢાલમેં મ૦, રતી સાથે ઘરવાસ; લાલ૦
ગુણસાગર કહી કો શકે મ૦,
કોડ પવાડા તાસ. લાલ૦ ૩૯

### દોહા

મદન ગયો મંદિર ચલી, માનની મન હિ મોજાર;
અરતિ અલુર વાધી ઘણી, સો જાણે કિરતાર. ૧

રૂપ નહિં એ પાશ છે, હૈયે વિમાશી જોઇ;
દીવે પડે પતંગીયો, શોચ કરે નહિં કોઇ. ૨

### ઢાલ ૭૩ મી

( આજ આનંદ વધામણા, દીઠા રૂષભ જીણંદ એક વાર ઘર આવે હો–
મોહના–એ દેશી )

મોહન નાવે જબ લગે, તબ લગ ચયન ન હોય;
ઉન્હાલા કી વેલુ જ્યું હો, સુકી જાયે સોઇ. મોહન૦ ૧

રાતિ ન આવે નિંદડી, લેતાં સાસ ઉસાસ;
દિવસ ન લાગે ભુખડી હો, ના પાણી કી પ્યાસ. મો૦ ૨

સુણી ન ભાવે વાતડી, આપણ પે ન કહાય;
ઉંચી નજરે આલોકવો હો, માથે સોર ન થાય. મો૦ ૩

એ અસહણી વેદના, મેં કિમ સહેણી જાય;
સર્વ શરીરે સાલ જ્યું હો, આજ ઘણો અકુલાય. મો૦ ૪

લાજ ગઇ નિર્લજ થઇ, વિવિધ પ્રકારે વિકાર;
વર વક્ષોજ વિલોકહી હો, નહિં જંભાઇ પાર. મો૦ ૫

આભૂષણ ઉતારીયા, ઉચાટે ન સોહાય;
જાણે અહર કાટણા હો, સો દુઃખમાંહિં ગણાય. મો૦ ૬

કાં સરજી હું કામની, કાં સરજ્યો વર રૂપ;
રૂપ વિરૂપ હમારડો હો, વિણુ રતિકંત અનૂપ. મો૦ ૭

મદન તાપ તપે કરી, હાર અને ઘન સાર;
તનકી તપતી મિટે નહિં હો,
વિણુ શ્રી કામ કુમાર. મો૦ ૮

વૈદ્ય વિચક્ષણ આવીયો, દેખે નાડી જામ;
હાથ ન આવે રોગ હી હો, નૃપ ચિંતાતુર તામ. મો૦ ૯

એક દિવસ કુંવર ભણી, બોલે ખેચર રાય;
માય દુહેલી તાહરી હો, રયણી છ માસી જાય. મો૦ ૧૦

તું સુખમેં રમતો ફિરે, ન લહે માતની સાર;
છોરૂની હોવે ઘણી હો, માને આશ અપાર. મો૦ ૧૧

કુમર કહે સુણ તાતજી, હું નવિ જાણું એહ;
રોગ દુઃસાધ્ય જે ઉપનો હો, માતાજીને દેહ. મો૦ ૧૨

માતા તીરથ સારખી, માતા મોટી હોય;
ગર્ભ ધરેવે પોષવે હો, મા સરખી નહિં કોય. મો૦ ૧૩

અડસઠ્ઠ તીર્થ જે કીયા, તેત્રીશે સુર ક્રોડ;
સહસ્સ અઠ્ઠાસી માનીયા હો, મા માન્યા કરજોડ. મો૦ ૧૪

આયો મદન ઉતાવળો, માતાજીની પાસ;
દેખી મા જિમ સાંભલી હો,
આરતિમાંહિં ઉદાસ. મો૦ ૧૫

ઉપર પડીયો અડવડી, માય માય પોકાર;
દે દૈવાં ઉલંભડો હો, કરે કિશ્યું કિરતાર. મો૦ ૧૬

મ્હારે એ દો આંખડી, મ્હારે અવર ન કોઈ;
એમ જાણી વિધિ સો કરે હો,
માય સમાધિ હોઈ. મો૦ ૧૭

ડાહાપણે નાડી ગ્રહે, વૈદક સહુનો જાણ;
વિવિધ પ્રકારે વિચાર હી હો,
રોગ તણો પ્રમાણ. મો૦ ૧૮

તાવ નહિં શીષ કો નહિં, નહિં ત્રિદોષો દોષ;
કાટી નહી નહી કુરુ કરી, કવણ રોગનો પોષ. મો૦ ૧૯

રોગ ન જાણ્યો જાય એ, વેદન તો અસરાલ;
માય દુઃખે દુઃખીયો મહા હો, કામદેવ ભૂપાલ. મો૦ ૨૦

એ તો તિહુંતેરમી કહી, ઢાલે સઘન સનેહ;
ગુણસાગર સુરી જોયજ્યો હો,
વિષય વિડંબન એહ. મો૦ ૨૧

---

## દોહા

લોગ સહુ અલગા કીયા, અલગાં કીયા ગુલામ;
છંડી છોકરી છાંડ કે, અલગાં રાખ્યાં તામ. ૧

લાજ ખોલી લાલચ ભણી, વિકલાઇની વાત;
કરવા લાગી કામની, નામ ધરાવી માત. ૨

ફિટ્ ફિટ્ ફિટ્કાર તું, ફિટકારો સો વાર;
વિષયા માથે તાહરે, એ તુજ ચરિત્ર અપાર. ૩

---

## ઢાળ ૭૪ મી

( નાથ તેરે સાથ ચલુંગી રે–એ દેશી )

લાલન લીલ કરુંગી રે, આછો નેહ ધરુંગી રે,
તેરે સંગ રહુંગી રે......લાલન૦ ૧

પૂર્વ ભવંતર કેરો પ્યારો, નયણે નેહ જણાયો;
યોવન મદ મદીરા મતવાલી, મન હાથી વિફૂરાયો. લા૦ ૨

ન આલે દેવાલે માલે, લારે ચિત્ત લગાયો;
રોમ રોમથી ઝાલી સલગી,
ચું હિમ તરુ ન રહાયો. લા૦ ૩

કાંઇ સુધી ન બુદ્ધિ વિબુઝે, આંધા હી થી આંધી;
ભૂહ કમાન ગુમાન ઘણે રે, રહી નયણાં સર સાંધી. લા૦ ૪

બાપ ન ભાઇ બેટા જાણે, વિરહ કશલી બાલી;
આપ વિગુતિ ભુંડણી, ચહુરે ચડી ચંડાલી. લા૦ ૫

ન કુંટાલે આલે મુકે, પાસે પડયો જે પાવે;
વનિતા વેલી વલગી આવે, વેગે વાર ન લાવે. લા૦ ૬

નીર તણી ગતિ નીચી જેહવી,
તેહવી એ જગ નારી;
કામ અકામ કરંત ન લાજે,
આદિ લગે અવિચારી. લા૦ ૭

પંકજણી નારી દો સરખી, અંતર નહિં ય લગાર;
હંસ ભમરને સમ કરી જાણે,
નાણે કિંપિ વિચાર. લા૦ ૮

અવર રમે અવરાશું ભાષે, અવરા સામું જોવે;
ચિંતે અવર અવર શિર દૂષણ, દેઇ આપ વિગોવે. લા૦ ૯

દિને ડર આણે દોરે દીઠે, રાત્રે અહિ ફણ મોડે;
ઉંબર અડવડતી અણીયાલે, ડુંગર ચઢવો લોડે. લા૦ ૧૦

ઉંદરથી ડર માને અધિકો, કેશરી કાને સાહે;
નારી ચરિત્ર લિખે બ્રહ્મા જો, ભાંખે ઘણે ઉમાહે. લા૦ ૧૧

ચુલની રલની કુવ્યસન વાટે, સુરિકંતા સાચી;
ઓ તો સુત ઓ તો પતિ હણેવા,
પ્રત્યક્ષ થઇ પે સાચી. લા૦ ૧૨

કામ કટકમેં નારી નાયકા, એ દલ પુંઠે લાગ્યા;
મારી લીયા જે સાહમા આયા,
છુટયા જે નર ભાગ્યા. લા૦ ૧૩

હું તો સુંદરી સામા સાચી, તું યોવન મદમાતો;
વય વિલસીજે લાહો લીજેં, ફિરિ નાવે દિન જાતો. લા૦ ૧૪

બુડ્ઢો બેલ ને બુડ્ઢો ઘોડો, બુડ્ઢો હાથી હાસો;
બુડ્ઢો માનવ માન ન પાવે; તરુણી સાથે તમાસો. લા૦ ૧૫

માથો ધૂણે કર કંપાવે, મોહડે લાળ ખરંતી;
અતિ અસોહાવો નાહ અભાવો, નારી નેહ ધરંતી. લા૦ ૧૬

વિણુ સર દહણુ વખાણુ કરેવો, દેવી હાથ ગહેવી;
બુઢ્ઢાપણે તરુણી પરણવી, એ પરકાજ કહાવે. લા. ૧૭

મો મન હાથી ઇચ્છાચારી, ફીરે મહા મતવાલો;
હોઇ મહાવત ભોગ અંકુશે, વહતો પાછો વાલો. લા૦ ૧૮

મુંદી કાન મીંચી યુગલોચન, મોહડે ધિગ્ ધિગ્ ભાસે;
રે પાપણી શું પાપ પ્રકાશે, તુજ પાપે જગ નાશે. લા૦ ૧૯

હું તુજ નંદન તું મુજ માતા,
ઇમ કિમ કહેતાં આવે;
યદ્યપિ માંસ ભખે નર લંપટ, હાડ ગલે ન રહાવે. લા૦ ૨૦

ખેચરી ભાંખે તું નહિં નંદન, હું નહિં થારી માતા;
પડીયો પામ્યો લેઇ ઉચ્છેર્યો,
હમ તુમ વિચે વિધાતા. લા૦ ૨૧

આપણુ વાવીયો વૃક્ષ વિશેષે, કો ફલ માસ ન ખાય;
રાખી નીવાણુ આપે જલ પીતાં,
કહો શું દૂષણુ થાય. લા૦ ૨૨

છોડી વિચાર વિચાર શિરોમણી, કથની દીશે કોડી;
માન બોલ મુજ કે તુજ માથે, જાસું કાયા છોડી. લા૦ ૨૩

વાત વિરુદ્ધ સો શુદ્ધ વિહુણી, એ તો પરવશ ભાંખે;
પુરુષ પનોતા કાજ અકારજ, જાણી આપું રાખે. લા૦ ૨૪

ઉત્તર આપે માત! ક્ષમા કર,
ઈમ મુજથી કિમ બુઝે;
નિંધકથી અતિ નિંધક કામ એ,
કુલવંતા નવિ સુઝે. લા૦ ૨૫

હાથી બારો વાટે ફિરતો, અંકુશથી ફિરી આવે;
પીયર સાસરા કેરી લાજે, નારી આપ આપ રાખે. લા૦ ૨૬

વારુ વાર વિચાર વિશેષે, માતાજી સમજાવી;
વાત ન માને મયણુરાય તવ, વનમેં બેઠો આવી. લા૦ ૨૭

ઢાલ ચમોતેર માંહિ ખરી એ,
ખેચરણી ખલ ખાતી;
શ્રી ગુણસાગર મદન ઉવારી,
વિણ પાણી વહી જાતી. લા૦ ૨૮

---

દોહા

ઉઠી એકાકી આવીયો, સાથે શીલ સુલતાન;
કુમર કદર્થન દેખીને, મન ધરતો શુભ ધ્યાન. ૧

બાગ નગરને બાહીરે, સુતો ધરી મન ધીર;
કનક માતાએ શું કહ્યું, ચિત્ત ચિત્તે વડવીર. ૨

---

## ઢાલ ૭૫ મી

( વાડ પહેલી જિનવર કહીજી–એ દેશી )

એકાકી ઉદાશીયોજી, મદન નરેસર જામ;
દીઠા મુનીવર પાખતીજી, જાઇ કરે પ્રણામ. ૧

મુનીવર ભાંખે એહ વિચાર,
માતાને કેમ ઉપજીજી, સુતશું કામ વિકાર. મુનીવર૦ ૨

ચરિત્ર સુણાવી પાછલાજી, જ્ઞાન તણે બલ જોય;
ઇંદુપ્રભાનો જીવડો જી, કનકમાલા એ હોય. સુ૦ ૩

કામ રાગની વ્યાપનાજી, પોખાણીથી ભૂર;
તેહી અભ્યાસે ઉપનીજી, એ તુજ સાથે ચુર. સુ૦ ૪

કામ કહે કરુણા કરોજી, ગુણમણીનો સંદોહ;
જનનીએ કેમ પામીયોજી, મુજશું એહ વિછોહ. સુ૦ ૫

જંબુદ્વીપે જાણીએજી, ખેત્ર ભરત ગુણધામ;
મગધ દેશ માંહે ભલોજી, લક્ષ્મીપુર અભિરામ. સુ૦ ૬

સોમશર્મા નામે વસેજી, બ્રાહ્મણ વિદ્યા પાત્ર;
કમલા કમલા સારખીજી, નારી મનોહર ગાત્ર. સુ૦ ૭

પુત્રી તો લક્ષ્મીવતીજી, સા અહંકારિણી સોઇ;
એક દિવસ રુષી આવીયાજી, વોહોરણ કાજે જોય. સુ૦ ૮

રૂપ નિહાલે આપણોજી, આરીસામેં જામ;
પાછો રુષી ઉભો હુવોજી, કીધી નિંદા તામ. સુ૦ ૯

મુનિ નિંદાના દોષથીજી, લહી કોઢનો રોગ;
પામી સા દિન સાતમેજી, મરણ તણો સંજોગ. સુ૦ ૧૦

ખરી ખરી દુઃખણી થઇજી, મરી સુકરી હોય;
કોટવાલે બાણે હણીજી, સડી કુંકરી હોય. સુ૦ ૧૧

અગ્નિજાલ માંહે બલીજી, તવ ધીવરણી થાય;
પૂર્વ પાપ પ્રભાવથીજી, દેહ ઘણું ગંધાય. સુ૦ ૧૨

ગંગા પાસે કુટીકાજી, રહે સ્વજનથી દૂર;
વનફલ ભખી નિર્ઝર પીએજી, કરે ઉદર ભરપૂર. સુ૦ ૧૩

શીતકાલે ફરતો થકોજી, સોઇ રુષીશ્વર જાણ;
ધ્યાન યોગ્યને ધ્યાવતોજી, દીઠો પુન્ય પ્રમાણ. સુ૦ ૧૪

સા અતિ સેવા સાચવેજી, શુભ કર્મોને યોગ;
પૂર્વભવ સુઝાવીયોજી, જ્ઞાન તણે ઉપયોગ. સુ૦ ૧૫

પશ્ચાત્તાપ કરે ઘણોજી, મુનિ નિંદાના પાપ;
આલોઇ શુભ ભાવશુંજી, શુદ્ધ કીયો ઘટ આપ. સુ૦ ૧૬

સમકીત ધર્મ સમાચર્યોજી, શ્રાવકના વ્રત ધાર;
આવી નગરી કોશલાજી, આતમને હિતકાર. સુ૦ ૧૭

સાધવીયાં પાસે રહેજી, તપ નાનાવિધ કીધ;
રાજગ્રહી આવ્યા વહીજી, ઉત્તમ સંગતિ લીધ. સુ૦ ૧૮

ગુફામાંહિં સાધવીજી, બહાર રહી સા બાલ;
વિલુરી વાઘે ઘણુંજી, પ્રાણ તજ્યા તત્કાલ. સુ૦ ૧૯

પહેલે સુરલોકે ઉપનીજી, ભોગવે સુખ અપાર;
નગરી કૌશંબીએ થઇજી, રાય ઘરે પટનાર. સુ૦ ૨૦

રામત મિસે હાથે લીયાજી, મોરલી ઇંડા જોય;
ઘડી સોલને આંતરેજી, આદરીયાં ફરી સોઇ. સુ૦ ૨૧

વિમલમતિ ગુરૂણી કન્હેજી, રાણી સંજમ લીધ;
અણસણ ઉત્તમ માસનોજી, વિણ આલોયણ કીધ. સુ૦ ૨૨

સ્વર્ગ બારમે સા સતીજી, સુરપદના સુખ પાય;
હુઇ રાણી રૂખમણીજી, કામદેવ તુમ માય. સુ૦ ૨૩

કીધા કર્મ ન છુટીએજી, વરસ સોલ લગી દેખ;
વિરહ તુમ્હારો પામીયોજી, માતાએ સુવિશેષ. સુ૦ ૨૪

માતા પાસે જાઇનેજી, લહું વિદ્યા દોઇ;
પ્રજ્ઞપ્તિને રોહિણીજી, અતિ વરદાઈ સોઇ. સુ૦ ૨૫

શીખરુપી પંચોતેરમીજી, ઢાલ ભલી કહેવાય;
ગુણસાગર રૂખમણી તણોજી,
ચરિત્ર મહા સુખદાય. સુ૦ ૨૬

---

## દોહા

મદન કુમર ફિરી આવીયો, ખેચરણીને સંગ;
વિણ પ્રણામ બેઠો સહી, સાચી તે મનરંગ. ૧

રુપ નાથને નાથીયો, એ આયો હમ પાસ;
વચન વિશેષે માનશે, દીસે છે ઉલ્લાસ. ૨

---

## ઢાલ ૭૬ મી

( મન ભમરાની—એ દેશી )

તવ બોલે આ સુંદરી, સુણ ભોગ પુરંદર;
માન વચન મુજ આજ, સુણ સુણ ભોગ પુરંદર;
વિવિધ પ્રકારે તાહરા સુ૦, સારૂં વંછિત કાજ. સુ૦ ૧

પ્રજ્ઞપ્તિને રોહિણી સુ૦, મોટી વિદ્યા એહ; સુ૦
પ્રીત રીતશું રિઝવી સુ૦, આપું આણી સનેહ. સુ૦ ૨

ધૂતો ધૂતેવા ભણી સુ૦, બોલે મીઠા બોલ; સુ૦
આજ લગી લોપ્યા નહિં સુ૦, થારા બોલ અમોલ. સુ૦ ૩

હું છું કિંકર તાહરો, આજ્ઞાકારી જોય; સુ૦
ઘે વિદ્યા પરમેશ્વરી સુ૦, જે તેં ભાંખી હોય. સુ૦ ૪

વિષયા વશ આતુર થઇ સુ૦, ધોલો જાણ્યો દુધ; સુ૦
દીધી વિદ્યા વિદ્ધી કહી સુ૦, હોઇ ગઇ અતિ શુદ્ધ. સુ૦ ૫

મતવાલીથી અતિ ઘણી સુ૦, મતવાલી એ જોય; સુ૦
એ તો ધન નવિ દાખવે સુ૦, એ રહી વિદ્યા ખોય. સુ૦ ૬

વિદ્યા સાધી સજજ કરી સુ૦, પાયો બહુ સંતોષ; સુ૦
ખેચરણીસું ખરખરા સુ૦, બોલે વચન સરોષ. સુ૦ ૭

મેં નવિ દીઠો તાતજી સુ૦, નવિ દીઠી નિજ માત; સુ૦
તાત માત તું હી સહી સુ૦, મ કહે બીજી વાત. સુ૦ ૮

વાચા પાલી વિશેષથી સુ૦, જગમેં વાચા સાર; સુ૦
વાચા વિચલી જેહની સુ૦, વાદી ગયો અવતાર. સુ૦ ૯

કહે રામજી ભરતશું સુ૦, બોલ ન બોલું આણ; સુ૦
હીન પ્રતિજ્ઞાનો ધણી સુ૦, તજવો જેમ મસાણ. સુ૦ ૧૦

કિંવા કો નિંદા કરે સુ૦, કોઇ કરે ગુણગાન; સુ૦
લક્ષ્મી જાઓ ફિરી આઓ સુ૦,
ન તજું ન્યાય નિદાન. સુ૦ ૧૧

પહિલી તો તું માયજી સુ૦, પાલવાને કાજ; સુ૦
વિદ્યાદાન તણી દાતા સુ૦, ગુરુણી હુઇ આજ. સુ૦ ૧૨

વજ્રપાત સમાનડા સુ૦, સાંભલી વચન વિચાર; સુ૦
ઉઠી વાઘણી વલગવા સુ૦, ચાલ્યો કરીય જુહાર. સુ૦ ૧૩

હાથ ઘસે કુટે હૈયો સુ૦, શોચ કરંત અપાર; સુ૦
ઠગ ન ઠગ્યો ઠગે હું ઠગી સુ૦, વિદ્યા ખોઇ સાર. સુ૦ ૧૪

કોઇ ઉપાય કેલવી સુ૦, લાઉં શીખ જે વાર; સુ૦
દુઃખ જવાલા શીલી કરૂં સુ૦,
પામું ચયન તે વાર. સુ૦ ૧૫

આપ વિલુરી તન ઘણું સુ૦, માંડે અતિ તોફાન; સુ૦
રોતા ન રહે રાખતાં સુ૦, પૂછે તવ રાજાન. સુ૦ ૧૬

વિલચી વાઘણી વલવલે સુ૦,
એ તુમ્હ સુતના કામ. સુ૦
હોય વટાઓ આપણા સુ૦, તો ઘરનો સ્યો નામ. સુ૦ ૧૭

જે નિજ તે નિજ જાણીએ સુ૦,
જે પર તે પર હોઇ; સુ૦
મંદિર વસે ન પ્રાહુણે સુ૦,
એમ ભાંખે સહુ કોઇ. સુ૦ ૧૮

પ્રભુજી તુમ્હ પ્રસાદથી સુ૦, ગોત્રજ દેવ પસાય; સુ૦
શીલ ન ભાંગ્યો મૂલથી સુ૦,
પણ ન રહ્યો તનુ મેં કાંઈ. સુ૦ ૧૯

દ્રિઠા લુંડ કુલંઠને સુ૦, જો પરભવ પોચાઓ; સુ૦
તો તો જીવવો સહી સુ૦, નહિંતર કાઠ ધખાઓ. સુ૦ ૨૦

આંત તપે અતિ આકરી સુ૦, અતિ વિના ન તપાય; સુ૦
શોકયાં ના ઝગડા વિષે સુ૦, માતા જુઠી થાય. સુ૦ ૨૧

રાજા રીસે પરજલ્યો સુ૦, ન લહ્યો મર્મ લગાર; સુ૦
પુત્રાને તેડી કહે સુ૦, મારો મદનકુમાર. સુ૦ ૨૨

જન અપવાદ નિવારવા સુ૦, ગુપ્તપણે એ કાજ; સુ૦
કરવો એ ઉતાવલો સુ૦, દાવ લહ્યો હમ આજ. સુ૦ ૨૩

મદનકુમર આગે કરી સુ૦, સ્નાન કરવા જાય; સુ૦
વિદ્યાભેદ જણાવીયો સુ૦, બીજે રૂપ ધરાય. સુ૦ ૨૪

આપણ અલગો જઇ રહ્યો સુ૦, પોતે કરે સુકુમાર; સુ૦
વૃક્ષ ચડી ડાકી પડે સુ૦, ઝુલે વાવી મોઝાર. સુ૦ ૨૫

શીલા વિકુર્વી મોટકી સુ૦, વાવી તણે પ્રમાણ; સુ૦
ઉર્ધ્વ પાવ અધોમૂખે સુ૦, દાબ્યા તેહી અયાણ. સુ૦ ૨૬

એક ન ખીલ્યો તે ગયો સુ૦, રાજા પાસે પોકાર; સુ૦
સાહણ વાહણ સામટે સુ૦, રાય ચઢયો તેહિવાર. સુ૦ ૨૭

ચતુરંગી સેના સજી સુ૦, સાહમો કામકુમાર; સુ૦
આયો આડંબર ઘણે સુ૦, ભાંગ્યો ભરમ અપાર. સુ૦ ૨૮

દુર્જય મદન વિચારીયો સુ૦, વિદ્યા માગે રાય; સુ૦
નારી કહે લેઇ ગયો સુ૦, રાજા તબ પિછતાય. સુ૦ ૨૯

એ નારી વ્યભિચારિણી સુ૦, ચરીત કરે લખક્રોડ; સુ૦
ફિરી આયો રણ ભૂમિકા સુ૦, પુત્ર નમ્યો કરજોડ. સુ૦ ૩૦

જનક જીતી જશ વંછીએ સુ૦,
સો અપજશ અવધાર; સુ૦
તીર્થમાંહે માનીયો સુ૦, જનક વડો સંસાર. સુ૦ ૩૧

વૃક્ષ વિશેષે વાધીયો સુ૦, નવી ભેદે આકાશ; સુ૦
યદ્યપિ ઉંચી નાશીકા સુ૦,
તોહિ પણ શિરતલે વાસ. સુ૦ ૩૨

એહ વિવેક વિચારવે સુ૦, કામે તજ્યો અભિમાન; સુ૦
તાવેતાં કંચન તણો સુ૦, વેધે વધે ધનવાન. સુ૦ ૩૩

જવાર શાલીને તરુ ફલ્યો સુ૦,
ચઉથો સાજન દેખ; સુ૦
સ્હેજે હિ નમણા હુવે સુ૦,
મદન તો જાણ વિશેષ. સુ૦ ૩૪

બંધવ બંધન છોડીયા સુ૦, મલીયો બહુ પરિવાર; સુ૦
ઘર ઘર રંગ વધામણા સુ૦, વર્ત્યો જયજયકાર. સુ૦ ૩૫

વિનય કરીને વિનવે સુ૦, તાત કરો સુવિચાર; સુ૦
તેગ ફિરે કિમ તેહની સુ૦, જેહનો હિણ આચાર. સુ૦ ૩૬

સાઠ અને વલી સોલમી સુ૦, ઢાલે શીલ વખાણ; સુ૦
ગુણસાગર ઉપદેશીયો સુ૦, શીલ સુધર્મ પ્રધાન. સુ૦ ૩૭

---

## દોહા

નારદ રુષી અવલોકીયો, પુત્ર પરાક્રમ કોડ;
ચાલી આયો આસનો, મદન નમ્યો કરજોડ. ૧

મદન કહે સુણ બાપજી, માહરે જગ નહિં કોઇ;
માય બાપ વૈરી થયા, કહો કિશી ગતિ હોઇ. ૨

તુજ સમ અવર સો ભાગીયો, કો નહિં જગત મોઝાર;
બાપ કૃષ્ણ મા રૂખમણી, યાદવનો પરિવાર. ૩

હું આયો તુજ તેડવા, ચાલ મ લાવીશ વાર;
અવસરનો આગમ ભલો, જીમ જગમેં જલધાર. ૪

અવસર આયો પવન સુત, સત્યવંતી ઉચ્છરંગ;
વૈશલ્યા પણ અવસરે, ફરસે લક્ષ્મણ અંગ. ૫

અવસરથી સુગ્રીવના, રામે સમાર્યા કામ;
રાવણ બંધવ પામીયો, લંકપતિનો નામ. ૬

અવસર પાંડુ પધારીયા, કુંતી કાપણ ફંદ;
અવસર પાંડવ પ્રગટીયા, કરવા કૌરવ મંદ. ૭

અવસર યાદવ દેખીએં, ભલો કીયો ઉપગાર;
અવસર ચૂકયા માનવી, શોચ કરે અપાર. ૮

ચલુ ન પાણી પાઇયો, જીવતડા ને જોય;
ઘડા સો રેડયા ઉપરે, મુઆ પછી શું હોય. ૯

ભામા સુતના વ્યાહમેં, તુજ માતા શિર કેશ;
લીયા સા જીવે નહિં, તુજ મન થાય કલેશ. ૧૦

---

## ઢાળ ૭૭ મી

( આ છે લાલ–એ દેશી )

બોલે મદનકુમાર, સુણ નારદ સુવિચાર,
આ છે લાલ માય બાપને બુઝીએજી;
તે તો ગમન કરાય, અણપુછયા ન જવાય,
આછે લાલ આગલ પાછલ સુઝીએજી. ૧

માત પિતાના પાય, પ્રણમે બહુલે ભાય;
આ૦, કોમલ વચન પ્રકાશતો એ,
તાત ખમો અપરાધ, મેં દીધો દુઃખ દાહ,
આછે૦, દીનપણો અતિ ભાષતો એ. ૨

માતા સુણ અરદાસ, હું છું થારો દાસ,
આ છે લાલ આશ હમારી પૂરવી એ;
પડીયો પત્થરમાંહિ, ઉઠાયો ઉચ્છાહિં,
આ૦, આરતિચિંતા ચૂરવી એ. ૩

વૈરી કેરે વાસ, તુમ્હ પસાઈ આશ આ૦,
પુગી માહરા મનતણી એ;
ભાઈ ભાયા યાન, કરતા હરતા પ્રાણ,
આ૦ પહોંચી ન શકયા તુમ ભણી એ. ૪

હું તો દીન અનાથ, મ્હારો કોઇ ન નાથ,
આ૦ ગગન પડતો ઝીલીયો એ;

થારા કીધા કાજ, એ સઘલા શુભસાજ,
આ૦ પાપ પરાભવ પીલીયો એ. ૫

જેહના મોઢા પાપ, પ્રગટે આવીયો આપ,
આ૦ માય વિછોહો તેહમેં એ;
ભૂંડામાંહિં એહ, ભલપણ કેરી રેહ,
આ૦ તુમ્હશી જણુણી જેહને એ. ૬

વિસારે મતિ મોય, માય વિનવું તોય,
આ૦ હૈડા ભીંતર રાખવો એ;
મુજને બાલક જાણુ, ચુંબી મુંહ શીર પાણુ,
આ૦ પ્રેમ અમીરસ ચાખવો એ. ૭

છાતી ફાટે માય, પિતા પણ ઇમ થાય,
આ૦ ચઉધારા આંસુ વહે એ;
વિસાર્યો નવિ જાય, રાખ્યો પણ ન રહાય,
આ૦ જેહ લેહણો સોઈ લહે એ. ૮

અવર માતાને શીષ, નામી લેઇ આશીષ,
આ૦ કોડી વરસ ચિરનંદ જે એ;
ભાઇ તણો પરિવાર, સ્વામી મદનકુમાર,
આ૦ ભાઇ ભણે આનંદ જે એ. ૯

સુણુ મોટા મંત્રીશ, ખામું વિશ્વાવીશ,
આ૦ જે મેં રોષ ધરાવીયો એ;
સુભટ સહુ કરજોડ, આપ નમે મનમોડ,
આ૦ ખમજો જોર કરાવીયો એ. ૧૦

જેતા બાન ગુલામ, તેહને પણ સલામ,
આ૦ ઓરણુ હુઇને હાલીઓ એ;
નાન્હા મોટા સાથ, ઘાલી ગલામાં બાથ,
આ૦ ચિત્ત ચોરીને ચાલીયો એ. ૧૧

મસ્તક વિણુ જિમ દેહ, નાક વિના મુખ એહ,
આ૦ તારા વિણ જીમ લોયણા એ;
પાન વિના જિમ વેલ, જલવિણુ સરોવર મેલ
આ૦ લુણ વિણાજિમ ભોયણા એ. ૧૨

વિદ્યા વિણુ જિમ દેવી, હરી વિણુ દરી એ કેવી
આ૦ દેવા વિણુ જિમ દેહરો એ;
વિણુ શ્રી કામકુમાર, સૂના ઘર દરબાર
આ૦ લાલન ઘર શીર સેહરો એ. ૧૩

બેસી વિમાને તામ, નારદશું અભિરામ
આ૦ શુડો જિમ ઉડી ગયો એ;
હેજ હૈયે ન સમાય, હિંસે જિમ વચ્છ ગાય,
આ૦ મા મીલવાને અલજીયો એ. ૧૪

નારદ કૃત સુવિમાન, તોડે લાત પ્રમાણ
આ૦ હાસ હૈયે ન સમાવહી એ;
બાબાજીશું તામ, બોલે કુમર કામ,
આ૦ કામે શું ન સોહાવહી એ. ૧૫

હું તો બુડ્ઢો દેખ, તું તરુણો સુવિશેષ,
આ૦ કિઉં ન કરે મન ભાવતો એ;
રચે વિમાન રસાલ, સબ હી વિધિ સુવિશાલ,
આ૦ રવિમંડલ જીમ આવતો એ. ૧૬

ચાલે થોડી ચાલ, કહે નારદ તતકાલ,
આ૦ કયું ન ચલે વેગો વહી એ;
નારદ વદન તુરંત, તૂટે ખોપર દંત,
આ૦ વેગે ચલાયો તિમ સહી એ. ૧૭

રૂપાચલ ગિરી સોઇ, ઉલંઘીયા તે દોઇ,
આ૦ પૃથ્વી ઉપરે આવીયા એ;

અટીરા અટવી જેહ, તક્ષક પર્વત તેહ,
આ૦ શીલા થાન દેખાવીયા એ. ૧૮

ભૂમંડલના ખ્યાલ, ગિરી સરીતા સુવિશાલ,
આ૦ વિવિધ પ્રકારે દેખતાં એ;
મધ્ય દેશમેં દેવ, આઇ ગયા તતખેવ,
આ૦ વારુ વસ્તુ વિશેષતા એ. ૧૯

નારદ લાયો લાલ, એ તો ઢાલ રસાલ,
આ૦ ભાંખી સત્તોતેરમી એ,
શ્રી ગુણસાગર એમ, બોલે બાલ સપ્રેમ,
આ૦ મદન કથા મુજ મન રમી એ. ૨૦

---

## દોહા

સેના દીઠી સામટી, હય ગયનો નહિં પાર;
રાજકુમાર રાજા ઘણાં, વાજે વાજાં સાર. ૧

મદન કહે રુષી એ કિહાં, જાઇ દલબલ પૂર;
ખેચરાં મેં નવિ પેખીયા, એહવા લોગ સનૂર. ૨

રુષી ભાંખે ગજપુર ધણી, દુર્યોધન ભૂપાલ;
ચતુરંગી સેના ભલી, તેહની એ સુવિશાલ. ૩

હોડ પડી જેહ કારણે, રૂખમણી ભામા માંહે;
ઉદધી નામેં સા કુમરી, પરણવા ચાલી ઉચ્છાહ. ૪

ભામા ઘરે દિન બારમે, સુતનો થાપ્યો નામ;
ભાનુ વિશેષે ભાનુને, તેહસ્યું વ્યાહણ કામ. ૫

---

## ઢાલ ૭૮ મી

( નણદલની–એ દેશી )

કુંવર કહે સુણ તાતજી, નારદ એ મુજ વાત હો; કુમર૦
કૌતુક કરતો નહિં રહું,
રાખે શું અખીયાત હો કુમર. કૌતુક૦ ૧

રૂપ ધર્યો તવ ભીલનો, વિરલો વદન વિશાલ હો; કુ૦
મોટા દાંત બિહામણા, પ્રૌઢ બનાયો ભાલ હો. કુ૦ કૌ૦ ૨

ઉંડા કુવા સારીખા, ગાલ ડરાવણ હાર હો; કુ૦
ડીલે વલી અતિ લિલ્હરી,
પીલા કેશ અપાર હો. કુ૦ કૌ૦ ૩

લોચન દીસે રાતડાં, દીસે મોટી કાય હો; કુ૦
છોટા કર અતિ દૂબલા, મોટો પેટ કહાય હો. કુ૦ કૌ૦ ૪

જાડી જાંઘ સલ ઘણાં, રૂપે રૂપ કુરૂપ હો;
બેઠી ચીપટી નાશીકા, કાન વિરાજે સૂપ હો. કુ૦ કૌ૦ ૫

અંકુશ અતિ આકરાં, ભાંગી કેડ દેખાય હો; કુ૦
ભૃગુટી ભાલે ભડભડે, ભીલાં કેરો રાય હો. કુ૦ કૌ૦ ૬

હાથે તીરનો કામઠો, થોથાં બાણ બે ચાર હો; કુ૦
ગાતિ વાલી ગ્રીવશું, વચન વદે અવિચાર હો. કુ૦ કૌ૦ ૭

મારગ રોકીને રહ્યો, કોઇ ન શકે જાય હો; કુ૦
કૌરવ કેલવણી કરે, આગે ઉભા આય હો. કુ૦ કૌ૦ ૮

રે ભાઇ તું શું કહે, કોરે કીજે માગ હો; કુ૦
સો લાંખે તુમ સાંભલો,
દાણ તણો મુજ લાગ હો. કુ૦ કૌ૦ ૯

કૌરવ બોલે ભીલડા, બોલ વિચારી બોલ હો; કુ૦
સ્યું હમ ભાલ્યા વાણીયા,
આપે દમડા ખોલ હો. કુ૦ કૌ૦ ૧૦

કૃષ્ણ કહ્યો છે મુજ ભણી,
મ્હારા દેશ મોઝાર હો; કુ૦
વસ્તુ ભલી તે તાહરી,
હું છું કૃષ્ણ કુમાર હો. કુ૦ કૌ૦ ૧૧

તુમ્હ સરીખા છે કેટલા, કૃષ્ણ તણે ઘર નંદ હો; કુ૦
મુજ સરીખો તો હું જ છું,
કૃષ્ણ તણે કુલ ચંદ હો. કુ૦ કૌ૦ ૧૨

તું સાચો રે તું સાચો, માતા જાયો રત્ન હો; કુ૦
રત્ન અછું ચિંતામણી,
કર્યું ન કરો તુમ યત્ન હો. કુ૦ કૌ૦ ૧૩

યત્ન કરે સા અતિ ઘણું,
પૂજે સ્યા તુજ પાય હો; કુ૦
એ આવી હાથ વિહથ મેં,
જીભ કીયા સ્યું થાય હો. કુ૦ કૌ૦ ૧૪

તો હું જાયો કૃષ્ણનો, મારૂં થારો માન હો; કુ૦
ઠાકુર કરડા ચાહીએ, એ ગો એહ મેદાન હો. કુ૦ કૌ૦ ૧૫

ત્યાં લગે તેમની વ્યાપના, જયાં લગે ન ઉગે સૂર હો; કુ૦
નાચે કૂદે હરણલો, નાચો સિંઘ હજૂર હો. કુ૦ કૌ૦ ૧૬

કૌરવ તુમ્હ કપટી ઘણાં, કપટ તણે બલ જોઇ હો; કુ૦
ભૂમિ છીંડાવી પાંડવા,
રીશ ઘણી મુજ સોઇ હો. કુ૦ કૌ૦ ૧૭

ઓધી નપોધી ન થાહરી, જૂઠ કરો ગૂમાન હો; કુ૦
વડમાતા વ્યભિચારિણી, થારા એહ વખાણ હો. કુ૦ કૌ૦ ૧૮

અંધે જાયા આંધલા, હોઇ ફિરો તુમ્હ આપ હો; કુ૦
ડીડુ દીઠા છે ઘણાં,
મીલ્યો ન કાલો સાપ હો. કુ૦ કૌ૦ ૧૯

યદ્યપિ વાદલ ઢાંકીયો, તેજ જણાવે ભાણુ હો; કુ૦
વિણશી જાણી ગોઠડી, વિચ કરે પ્રધાન હો. કુ૦ કૌ૦ ૨૦

લે ઘોડો લે હાથીઓ, જે થારે મન ભાય હો; કુ૦
જેહની જેહને સોંપતાં, રોષ કિસ્યો તુમ રાય હો. કુ૦ કૌ૦ ૨૧

ઘોડા હાથી શું કરૂં, લેશું આછી વસ્તુ હો; કુ૦
માહરા મનમેં ભાવતી, દેખી વસ્તુ સમસ્ત હો. કુ૦ કૌ૦ ૨૨

આછીમેં આછી ઘણી, આછી કુમરી જોય હો; કુ૦
સોઇ આપો મુજ ભણી, હરી રલીયાયત હોય હો. કુ૦ કૌ૦ ૨૩

થારે તો એ હાસ્ય છે, પણ માહરે એ સાચ હો; કુ૦
તો હું જાયો બાપનો, પાલું બોલી વાચ હો. કુ૦ કૌ૦ ૨૪

જિમ જિમ હઠ પોખીયો, પાતશાહ કે પાસ હો; કુ૦
તિમ હઠ પોષું હું ઘણો,
તો દેજ્યો શાબાશ હો. કુ૦ કૌ૦ ૨૫

ઢાલ ભલી અટ્ઠોત્તેરમી, કૌરવશું સંવાદ હો; કુ૦
ગુણસાગર જશ પાવશે,
પૂરવ પુન્ય પ્રસાદ હો. કુ૦ કૌ૦ ૨૬

---

## દોહા

રે રે નિર્લજ ઢીઠ તું, ભાંખે કિસ્યું ગેમાર;
સોડ દેખી પૂર આપણી, કિજે પાવ પસાર. ૧

નાન્હે મુહડે મોટીકા, બોલે બોલ ન કોઇ;
બોલે તો પાવે સહી, ગાલ ચપેટા સોઇ. ૨

હોંશ કરીજે તેટલી, જે તો પુન્ય પ્રકાશ;
આંબો અંબર જઇ રહ્યો, વામન શી ફલ આશ. ૩

---

## ઢાલ ૭૯ મી

( નેમ આયો સાવન માસ હો અથવા છઠ્ઠી ભાવના મન ધરો–દેશી )

વામવ શી ફ્લ આશ હો, કૌરવ ભાંખે તાસ હો;
તાસ ન હો ભાંખે કૌરવ રાજવી એ,
ભૈરવ ઝંપાપાત હો, કરી નિજ આત્મ ઘાત હો;
ઘાત ન હો, પાવી નારી અભિનવી એ. ૧

એશું શ્યો ઝખવાદ હો, વાદ સહુ નિ:સ્વાદ હો;
સ્વાદ ન હો, સ્વાદ ન લાગે કો ભલો એ,
સાહી નાખો દૂર હો, ચાલો એહને ચૂર હો;
ચૂર ન હો, ચૂરી ચલો કો મતિ ટલો એ. ૨

એક થો દરવેશ હો, મનોરથ શું વિશેષ હો;
સોસ ન હો, લાતે ફૂટયો ખાપરો એ,
હુવે ભાગો ગેહ હો, તેહવો દીસે એહ હો;
એહ નહો, મારી કીજે પાધરો એ. ૩

દલ ચાલ્યાં અભિરામ હો, દલ રોકીયાં તામ હો;
તામ ન હો, તામ રોકયાં એ દલ સહુ એ,
સુભટ મારણ કાજ હો, ધાઇયાં સજી સાજ હો;
સાજ ન હો, સાજ સજે તે બહુ એ. ૪

કુકુઓ સુણી કાન હો, સબર મલીયાં આણ હો;
આણ ન હો, શબર મલીયાં અતિ ઘણાં એ,

વિવિધ આયુધવંત હો, યુદ્ધમેં બલવંત હો,
વંત ન હો, માન મોડે પરતણા એ. ૫

ભૂમિને ગિરીશૃંગ હો, વૃક્ષ ઉપરી રંગીન હો;
રંગીન હો, રંગી રમતાં દેખીએ એ,
કૃષ્ણ અંગજ કોડી હો, ભડ શિરોમણી જોડી હો,
જોડી ન હો, હોડ કો ન વિશેષીએ એ. ૬

સુભટ નાઠા જાયે હો, કો ન સાહમા થાયે હો;
થાયે ન હો, સિંઘ સાહમા હરણલા એ,
ઉદ્ધી કુમરી લીધ હો, ભીલાં કારજ સિદ્ધ હો,
સિદ્ધ ન હો, કાજ અતિ વાધી કલા એ. ૭

દેખીયો રુષીરાય હો, એ ન લીધો જાય હો;
જાય ન હો, એ ન લીધો સુરનરાં એ,
લાવીયો તત્કાલ હો, સાધુ પાસે બાલ હો,
બાલ ન હો, કીધો રુપ પુરંદરૂ એ. ૮

દૂરથી દેખંત હો, પુછહી ગુણવંત હો;
વંત ન હો, કવણ એ સુખકારીકા એ,
કહે નારદ તામ હો, સુણહી કુંવર કામ હો,
કામ ન હો, એ વર નગરી દ્વારીકાં એ. ૯

સ્વર્ગખંડ સમાન હો, ઉપમાનો થાન હો;
થાન ન હો, એહવો બીજો કો નહિં એ,
કૃષ્ણરાય નીવાસ હો, મહાસાલ આવાસ હો,
વાસ ન હો, વાસ રુડો છે સહી એ. ૧૦

હેમમય પાગાર હો, તુંગ ન હાથ અઢાર હો;
ઢાર ન હો, રત્ન મણીમય કાંગુરા એ,
દેવનિર્મિત કામ હો, સ્વર્ગપુરી સમ ઠામ હો,
ઠામ ન હો. પૂરીયો વડવડા નરા એ. ૧૧

વાવીનો વિસ્તાર હો, નીર પૂરીત સાર હો;
સાર ન હો નારી મજ્જન કારણે એ,
વડા શ્રી ગજરાજ હો, મદ ઝરંત સકાજ હો;
કાજ ન હો મદ જલે ગજ બારણે એ. ૧૨

મહોલ તણી વર ઓલી હો, બણુતી બણુતી પોલી હો;
પોલી ન હો, પોલી તો ઉંચી કહી એ,
સકલકાંતિ અપાર હો, ઉગંતો દિનકાર હો;
કાર ન હો કાંતિ કિરણે મિલી રહી એ. ૧૩

હાટ ઘર વર સોહ હો, સોહનો સંદોહ હો;
દોહ ન હો, સોહ ગુણે ઘન જાણીયો એ,
સ્વર્ગ મૃત્યુ પાતાલ હો, તિન લોક રસાલ હો;
સાલ ન હો સાર શોધીને આણીયો એ. ૧૪

પૂરી દેખણ જાય હો, સાધુ આડો થાય હો;
થાય ન હો થાયે આડો સાદરો રે,
યાદવનો અતિ જોર હો, થારો ચિત્ત ચકોર હો;
કોર ન હો સોર માચે સો ખરો એ. ૧૫

શાહેરમાંહિં જાય હો, મીલસ્યું તુમને આય હો;
આય ન હો આવેશું ઉતાવલો એ,
પુરીસું સંકેત હો, માય મિલવાને હેત હો;
હેત ન હો, ચિત્તમેં ઉમાહલો એ. ૧૬

જાતિ કૌરવ કાલ હો, આવીયો સુકુમાલ હો;
માલ ન હો ઢાલ એગુણએંશીમી એ,
મદન મહિમા માલ હો, સુરભિને સુવિશાલ હો,
સાલ ન હો ગુણસાગર મનસા રમી એ. ૧૭

### દોહા

મદનકુમર મન રંગશું, થંભી ગગન વિમાન;
આવે નગરી દ્વારીકાં, ગુપ્તપણે ગુણજાણ. ૧

ધૂર આયો ચોગાનમેં, બંધવ નયણે દીઠ;
સુંદરતા અવિલોકતાં, લોયણ અમીય પઈઠ. ૨

પૂછે વિદ્યા સો કહે, ભાનુ ભાનુસમ દેખ;
ભામા સુત આનંદમેં, પુન્ય પ્રતાપ વિશેષ. ૩

ઘોડા ખેલાવે ઘણાં, ઘોડાસું અતિ પ્રેમ;
આપ જણાવું એહને, મા સુખ પામે જેમ. ૪

---

### ઢાલ ૮૦ મી

( નગરી અયોધ્યા અતિ ભલી, રાજ્ય કરે હરીસિંહ મેરે લાલ-એ દેશી )

કૌતુક કેલવે અતિ ઘણું, તવ શ્રી કામકુમાર રે ભાઇ;
ચરિત તણો નહિં પાર એ,
કોઈ ન જાણે સાર રે ભાઇ. કૌતુક૦ ૧

લંબોદર કાયા વડી, ચંચલગતિ વિસ્તાર રે ભાઈ;
સર્વ અવયવાં શોભતો, સર્વ સુલક્ષણ ધાર રે ભાઇ. કૌ૦ ૨

તે ઉચ્ચૈ:સ્વર સારીખો, અશ્વ અનોપમ વાન રે ભાઈ;
વિવિધ પ્રકારે શૃંગારીયો,
સોના કેરો પલાણ રે. ભા૦ કૌ૦ ૩

એહવો ઘોડો કર ધરી, સો સોદાગર થાય રે ભાઇ;
પાણિ પાવ શીર કંપણી,
જા કી બુદ્ધિ કાય રે. ભા૦ કૌ૦ ૪

થલ થલ કરતો આવીયો, ભાનુકુમરની પાસ રે ભાઇ;
અશ્વરત્ન અવલોકતાં, પાયો અતિ ઉલ્હાસ રે. ભા૦ કો૦ ૫

પૂછે પંથી કોણ તું, હું પરદેશી સ્વામ રે ભાઇ;
હયવર આણ્યો હિંસતો,
દેવ તુમ્હારે કામ રે. ભા૦ કો૦ ૬

કહે મોલ મતિવંત તું, કંચન કેરી ક્રોડ રે ભાઇ;
પરખી આપે આપજો,
કો નવિ જાણો ખોડ રે. ભા૦ કો૦ ૭

આપ કુદી ઘોડે ચડયો, ચાબખ લીધો હાથ રે ભાઇ;
વાહે ઘોડો વેગશું, અચરજ સઘલે સાથ રે. ભા૦ કો૦ ૮

સૂરજ રથ થંભી રહ્યો, કરે વિચારણ પ્રાંહિ રે ભાઇ;
કે એહનો કે માહરો,
ભલો કિશ્યો દોઇ માંહિં રે. ભા૦ કો૦ ૯

વક્ર અને સમભાવશું, નાચે કૂદે સોઇ રે ભાઇ;
કુમર ન સંબાહ્યો પડે,
તામ વિમાસણ હોઇ રે. ભા૦ કો૦ ૧૦

ઉપરણી ને પાઘડી. છટકી પડી એ દોઇ રે ભાઇ;
પાછે પડીયો આપ હી,
લોગા હાંસો હોઇ રે. ભા૦ કો૦ ૧૧

ઉઠાઈ ઉભો કીયો, સોદાગર ત્રાસંત રે ભાઇ;
થારા જાયા છોકરાં, બાબા કિમ ભાસંત રે. ભા૦ કો૦ ૧૨

કૃષ્ણ તણે ઘર જાણીએ, તું પટ્ટોધર પુત રે ભાઇ;
ભાનુ ભારે એહી લક્ષણે,
કિમ રહેશે ઘરસુત રે. ભા૦ કો૦ ૧૩

ઘોડો રાખી નવિ શક્યો,
તો કિમ રાખીશ રાજ રે ભાઇ;
તુમ્હ સ્યા પુત્રા કૃષ્ણને,
કુલની ન રહી લાજ રે. ભા૦ કૌ૦ ૧૪

બુઢ્ઢા બાબા બાઉલા, જીભ કર્યા સ્યો કાજ રે ભાઇ;
ચઢી ઘોડે દેખું સહી,
ચતુરપણું તુજ આજ રે. ભા૦ કૌ૦ ૧૫

ઘોડે ચઢીયો જાય જો, વેચણનો સ્યો કામ રે ભાઇ;
કોઇ ચઢાવે જોરસ્યું, દેખાઉં ગતિ તામ રે. ભા૦ કૌ૦ ૧૬

સાત પાંચ નર આવીયા, ઉપાડયો આકાશ રે ભાઈ;
પડયો અપૂઠો ઉપરે,
ખોપર દંત વિણાશ રે. ભા૦ કૌ૦ ૧૭

બીજી વારે ઇમ સહી, દાઝ્યા સુભટ અપાર રે ભાઇ;
ત્રીજી વાર ચઢાવતાં, ચાંપ્યો ભાનુકુમાર રે. ભા૦ કૌ૦ ૧૮

ભાનુ હૈયે પગ દેઇને, આપહી ચઢીયો જામ રે ભાઇ;
લાગ્યો અશ્વ ખેલાવવા,
તરુણ તણી પરે તામ રે. ભા૦ કૌ૦ ૧૯

નાચણ કૂદણ ચાલણે, રાગ વાગુ અનુમાન રે ભાઇ;
રાજપુત્ર અતિ રંજીયા,
રંજ્યો ભાનુકુંવર રે. ભા૦ કૌ૦ ૨૦

આકાશે ઉંચો જઈ, સુઘડાઇનો સંચ રે ભાઇ;
દેખાવી આઘો ગયો,
કુમર લખ્યો પ્રપંચ રે. ભા૦ કૌ૦ ૨૧

એ તો એંશીમી કહી, ઢાલ અનોપમ નામ રે ભાઈ;
ગુણસાગર કામે કીયો, ભામા સુત ગતમામ રે. ભા૦ કૌ૦ ૨૨

### દોહા

આગે જાતાં અતિ ભલો, દીઠો વન સુખ ઠામ;
પુછી કર્ણ પિશાચીકા, ભામા વન અભિરામ. ૧

ઘોડા રૂપે ચારીયા, ઘાસ અને તરુપાન;
વિદ્ધંસી ઘન વેલડી, કીધો અધિકો જાન. ૨

આગે અપર વિલોકીયો, ભામા કેરો બાગ;
જગમેં તરુવર જેટલા, તેતાનો નહિં લાગ. ૩

વાનર રુપ રતિપતિ, રીશ વિશેષે જોય;
પાન ફૂલ ફલ તોડીયા, ઠૂંઠ કીયો વન સોય. ૪

નગરીમાંહિં આવતાં, દીઠો રથ વર એક;
આવે ચાલ્યો સન્મુખે, દીસે શોભ અનેક. ૫

---

### ઢાલ ૮૧ મી

( રામચંદ્ર કે બાગ ચાંપો મોરી રહ્યો રી—એ દેશી )

દીસે શોભ અનેક, સોવન રત્ન વિરાજે;
મંગલ કુંભ વિવેક, વારુ વાજાં વાજે. ૧

આરીસા કી સોહ, સોહે ધ્વજ અભિરામ;
નારી જણ સંદોહ, ગાવે ગીત સકામ. ૨

પૂછી વિદ્યા કામ, ભાંખે સયલ વિચારો;
કુંભારા ઘરનું નામ, પરણે હરખ અપારો. ૩

કુંભારા ઘર જાય, લાવે કુંભ ઉદારુ;
તુજ માતા સુખદાય, ભામા સા અહંકારુ. ૪

કીધો રુપ વિકાર, ઉંટ અને ખર કેરો;
જોતરીયા રથ ભાર, ખેડે આપ ઘણેરો. ૫

હાંસી કરે તે નાર, હાકોહાક મચાવે;
ભાંજે રીશ મોઝાર, સો રથ આપ ધુમાવે. ૬

ખંડીત કીધા કાન, પાડયા દાંત જેવારે;
આયો કોપર જાન, ફાટયા વસ્ત્ર તેવારે. ૭

ગીત થાને વિલાપ, કરતી નારી નાઠી;
કિમ રાખે વો આપ, હરીથી હરણી ત્રાઠી. ૮

શેરી શેરી સોઇ, હિંડે આપ સોહાયો;
કામણગારો હોઇ, સબ કે મન ભાયો. ૯

કિન્નર સુર અવતાર, ખેચર ભૂચર રાજા;
લોક કહે સુવિચાર, એહના અધિક દવાજા. ૧૦

કે કોઇ અસુરકુમાર, કે ઇંદ્રજાલ કહાવે;
યાદવનો પરિવાર, માંડે ભય નવિ પાવે. ૧૧

કોઇ હોજો એહ, તુમ્હને શીકણવાર;
બુઠ્ઠા આણી સનેહ, વરજો વારંવાર. ૧૨

ડોકરીને નૃપ સાર, પૂછી કાંઇ કરેવો;
યોગીનો વ્યાપાર, કાજ ન કાન ધરેવો. ૧૩

મદન કરે એ કાજ, કીધો રૂપ અનેરો;
મા મિલવાને આજ, આણે હરખ ઘણેરો. ૧૪

ત્રીશ એક અને પંચાશ, એ ઢાલ કહાણી;
શ્રી ગુણસુરી જગીશ, શ્રી હરીનંદન વખાણી. ૧૫

---

## દોહા

રૂપ અનેરો ધારી કે, ચાલ્યો જાયે જામ;
દ્રષ્ઠે આવી વાવડી, સબહી વિધી અભિરામ. ૧

કંચન કેરો કામ છે, પચડીનો મંડાણ;
પંચ વરણા રત્ના તણો, તેહનો કિસ્યો વખાણ. 2

રખવાલી નારી રહે, નીર ન લીધો જાય;
પણ જાણી ભામા તણી, મદન કરે ઉપાય. 3

## ઢાલ ૮૨ મી

( સાધુ સંગતિ નિત કીજીયે રે–એ દેશી )

રુપ કીયો બ્રાહ્મણ કેરો રે,
શ્વેત જનોઇ કીધી સાર રે હો;
બંભણા ધોલી ધોતી પહેરણે રે,
ફેંટાનો અતિ વિસ્તાર રે હો. બંભણા૦ રુપ૦ 1

મસ્તકે બાંધીયો ફાલીયો રે,
પવિત્રી પાવન પહરાય રે હો બંભણા;
પગે ગુજરાતી ખાસડા રે,
વર્ણગુરુનો બિરુદ ધરાય રે હો. બંભણા૦ રુપ૦ 2

ઉપરણીનો ઓઢવો રે, કાને સોનાનો ભાર રે હો; બં૦
આંગુલીયાં વર મુદ્રડી રે,
માથે કીધો તિલક ઉદાર રે હો. બં૦ રુ૦ 3

માતો ને અરુ ફાંદશું રે,
પિલી આંખ્યાં જ્યોતિ અપાર રે હો; બં૦
હાથે કમંડલ લાકડી રે,
દેવ દેવનીનો કરે ઉચ્ચાર રે હો. બં૦ રુ૦ 4

છાપા દીસે દ્વારકાં રે,
ગંગા કેરો માથે મંડ રે હો; બં૦

મથુરા માલ વિરાજતા રે,
કિરીયા કાંડે કરી પ્રચંડ રે હો. બં૦ રુ૦ ૫

કર મેં રાતો ટીપણો રે,
વાંચે નક્ષત્ર વાર વિચાર રે હો; બં૦
જોશી જ્યોતિષ પૂરીયો રે,
લગ્ન તણી લહે વેલા વાર રે હો. બં૦ રુ૦ ૬

આશીર્વાદ પ્રકાશીયો રે,
દાશી દોડી લાગી પાય રે હો; બં૦
કુમંડલ જલ યાચીયો રે,
પેટ ભરાઇ સુખમેં થાય રે હો. બં૦ રુ૦ ૭

એ જલ મંત્રી આપીશું રે,
મન રલીયાયત સોઇ રે હો; બં૦
દેસે સીધો સામટો રે,
તુમ્હને પુન્ય ઘણેરો હોઇ રે હો. બં૦ રુ૦ ૮

ચેડી ચંચલ જાતીની રે,
લાજ નહિં નિર્લજ અપાર રે હો; બં૦
બાંભણ ડાંભણ આવીયો રે,
બેસો ધોતી મ લાવો વાર રે હો. બં૦ રુ૦ ૯

આવી વલગી વાનરી રે,
સો પૂછે એ કુણ વિચાર રે હો; બં૦
ગુન્હેગાર હમારડો રે,
કિઉં ન લહી ભામા કી સાર રે હો. બં૦ રુ૦ ૧૦

ભામા છે કો ભૂતણી રે,
કે કો દેવીને અવતાર રે હો; બં૦
ઓરસ થકી તું ઉતર્યો રે,
ભામા કૃષ્ણ તણી પટનાર રે હો. બં૦ રુ૦ ૧૧

માતા ભાનુકુમારની રે,
તેહની વાવી વિશેષે ધાર રે હો; બં૦
હમ રખવાલીયાં કરી રે,
લેણુ ન પાવે કોઇ વાર રે હો. બં૦ રુ૦ ૧૨

ભામા સાથે ભૂપતિ રે,
એ જલમાંહે ઝીલે સોઇ રે હો; બં૦
કે ભામા સુત ભાનુજી રે,
અવર ન ઝીલણ પાવે કોઇ રે હો. બં૦ રુ૦ ૧૩

તુજ સરીખાની સ્યું ચાલે રે,
રાવ ન રાણીનો પઇસાર રે હો; બં૦
વિપ્ર પધારો વેગશું રે,
નહિંતર જાણશો તુમેં સાર રે હો. બં૦ રુ૦ ૧૪

એહ વચન સુણી ખીજીયો રે,
રે તું દાશી કોલણી કોઈ રે હો; બં૦
બ્રાહ્મણ પગ રજ ખેરવે રે,
સબ જગ પાવન હોઇ રે હો. બં૦ રુ૦ ૧૫

હલવે હલવે ચાલીયો રે,
પોહતો વાવ તણા જલ પાસ રે હો; બં૦
દાસડીયાં મલી સાહીયો રે,
કર ફેરસ્યાં ગુણ ઉપજ્યો તાસ રે હો. બં૦ રુ૦ ૧૬

ગોરી હુઈ શામલી રે,
શોભા પામી સઘલી દાસ રે હો; બં૦
કરે હી પ્રશંસા સાદરી રે,
પાત્ર વડો મુખ દે શાબાશ રે હો. બં૦ રુ૦ ૧૭

આહીર આવી ગોરડી રે,
આપણુ માંહિં નિહાલે રુપ રે હો; બં૦

એ મોટો ઉપગારીયો રે,
એહ પસાયેં રુપ અનૂપ રે હો. બં૦ રુ૦ ૧૮

ભરી કમંડલ નીરશું રે,
નિસરીયો વિપ્ર જે વાર રે હો; બં૦
ખાલી દીઠી વાવડી રે,
દાશી સઘલી લાગી લાર રે હો. બં૦ રુ૦ ૧૯

જલ સોષણ એંશી દોયમી રે
ઢાલ વારુ વિશેષે એહ રે હો; બં૦
શ્રી ગુણસાગર સૂરજી રે,
મદન ચરિત્રનો નાવે છેહ રે હો. બં૦ રુ૦ ૨૦

## દોહા

રીશ વશે તે દાસડી, ભાંખે વચન સરોષ;
અતિ અતૂટ અગાહ જલ, કાં કીધો તેં સોષ. ૧

કે ડાકી કે સોહરો, વિપ્ર નહિં ચંડાલ;
એહવો કામ ન કો કરે, જીવદયા પ્રતિપાલ. ૨

## ઢાલ ૮૩ મી

( હું વારી ધન્ના–એ દેશી )

બંભણા રે કાં જલ લીધો જાય,
બંભણા રે હમ લાગા તુમ પાય;
બંભણા રે જંગમ થાવર જીવ,
બંભણા રે જલ વિણ કરશે રીવ
બંભણા રે કાં જલ૦ એ ટેક૦ ૧

જલ રાજા જલ દેવતા રે, જલ સમ અવર ન કોય;
જલ જગને જીવાડણો રે,
જલ વિણ તૃપ્તિ ન હોય. બ૦ કાં૦ ૨

અન્ન વિના આઘું સરે રે, જલ વિણ એક લગાર;
સરે નહિં તેહ કારણે રે, જલ મોટો સંસાર. બં૦ કાં૦ ૩

અમૃત પંચ વખાણીયા રે, જલ સબ આદિ સાર;
ઘણું કિસ્યું વિસ્તારવું રે, જલથી જગ વ્યવહાર. બં૦ કાં૦ ૪

હમ બલિહારી તાહરી રે, બાબા સુણ અરદાસ;
પાપ તણી છે પાછલી રે, ધરી સ્વામિની કો ત્રાસ. બં૦ કાં૦ ૫

ભસ્યાં કરે ન ગિનારહી રે, જાય જેમ ગજરાજ;
શંક ન માને કોઇની રે, ગાજે જિમ ઘનગાજ. બં૦ કાં૦ ૬

વિવિધ પ્રકારે ચેષ્ટા રે, કરતો જાય ઉદાર;
એટલે આગે આવીયો રે, ભામા ને બજાર. બં૦ કાં૦ ૭

હાટાની શોભા હરે રે, મણી મોતીને રયણ;
હરે કરે અતિ આકરો રે, લોકાં સાથે કુચયન. બં૦ કાં૦ ૮

અન્ન લુણ કપુરસ્યું રે, સુધા વિવિધ પ્રકાર;
શસ્ત્ર વસ્ત્ર આદે કરી રે, દ્રવ્ય તણો અપહાર. બં૦ કાં૦ ૯

ઘોડા હાથી વાહિની રે, ભામા ભાનુ નામ;
જે દેખે તે અપહરે રે, સોર મચાયો સ્વામ. બં૦ કાં૦ ૧૦

સાત પાંચ મિલી સામટી રે, વેગે વેગે સોઇ;
ચોર હમારો ચોતરે રે, ચોહડેવોએ હોઇ. બં૦ કાં૦ ૧૧

ઐરાં સાથે બોલવો એ, પુરૂષાં જોર ન કોઇ;
કમંડલ ફોડી દીયો રે, જલ વહી ચાલ્યો સોઇ. બં૦ કાં૦ ૧૨

કાંઇક જલ તો વાવીનો રે, કાંઇક વિદ્યા જોર;
ચોહટો વાહ્યો વેગસ્યું રે, માચી રહ્યો અતિ સોર. બં૦ કાં૦ ૧૩

કોડી કીરાણા કાપડા રે, કોઇ ન લહે પાર;
વસ્તુ અમોલિક વાહવે રે, પામ્યો હર્ષ અપાર. બં૦ કાં૦ ૧૪

પાણી પૂર પંડૂરથી રે, દાસી ગઇ તે નાશ;
આપુણ દ્રષ્ટિ અગોચરુ રે, માને મન શાબાશ. બં૦ કાં૦ ૧૫

એ તો ત્રાસીમી કહી રે, ઢાલ વિશાલ વિશેષ;
ગુણસાગર ભવિ સાંભલો રે, ન કરે કાંઇ અદેખ. બં૦ કાં૦ ૧૬

---

## દોહા

તદનંતર કીધો ભલો, યોવન રુપ રસાલ;
બ્રાહ્મણ ગુણકો આગલો, ગલે તુલસી કી માલ. ૧

ચરમ શરીરી પ્રાણીયો, કાંઠે બેઠો આય;
મોહવશે મદમસ્તના, બીજાનું શું જાય. ૨

---

## ઢાલ ૮૪ મી

( ઝુમખડાની—દેશી )

રંગ રમતો રાજીયો, પેખે પૂષ્પ પંડૂર;
રામા સુત મોહના, પૂછે વિદ્યા સો કહે,
એ સબ ફૂલ સનૂર. રામા૦ ૧

ભાનુકુમર વિવાહનો, ગૂંથે માલ અપાર; રામા૦
માલી પાસે માગતો, આપો ફૂલ બે ચાર. રા૦ ૨

નાપે તવ તે ખીજીયો, ફરસે હાથ લગાય; રા૦
વિવિધ ભાતના ફૂલડાં, આક તણા કહેવાય. રા૦ ૩

ગાંધી શાલે આવીયો, માગે વાસ સુવાસ; રા૦
નાપે તે તવ વાસની, કીધી વાસ કુવાસ. રા૦ ૪

ગજ થાને ભેંસા કરે, ભેંસા ને ગજરાજ; રા૦
હય થાને ખર બાંધીયા, ખર થાને હય સાજ. રા૦ ૫

ઉંટ થાનકે બોકડા, બોકડા થાનકે ઉંટ રા૦
ખર હી ખુટ ને સાધુજી, સાધુ કરે ખર ખુટ. રા૦ ૬

ધાન જાતિને ફેરવે, ચાવલ કુરી થાય; રા૦
કુરીને ચાવલ કરે, ઇમ સબના જ ફેરાય. રા૦ ૭

લૂણ કરે ઘનસારજી, ઘનસારાનો ખાર; રા૦
રત્ન કરે તે કાંકરા, કાંકરા રત્ન અપાર. રા૦ ૮

હિંગ કરે કસ્તૂરીકા, કસ્તૂરી ફિરી જોઈ; રા૦
સોનાને પીતલ કરે, પીતલ સોના જોય. રા૦ ૯

ઘી નો તેલ સમાચરે, તેલ તણો ઘૃત ધાર; રા૦
જવારી કરે મોતી તણી, મોતી કરે જવાર. રા૦ ૧૦

પાટુ વસ્ત્ર વિરાજતાં, સો તો કીધા ટાટ; રા૦
ટાટ સરીખા જે હુતા, તે ફિર કીધા પાટ. રા૦ ૧૧

ધોલે દિન બજારમેં, એ તો પાડે વાટ; રા૦
બૂંબ ન વારહ તેહની, સાહ કરે ઉચ્ચાટ. રા૦ ૧૨

વેપારી ધાંધા હુવા, ઠાવી વસ્તુ ન પાય; રા૦
ગ્રાહક આયા ફિર ગયા, વેપારી પિછતાય. રા૦ ૧૩

લાભ સરીખો વ્યય કરે, વેપારી આચાર; રા૦
લાભ વિના ધન ખોયવો, સોઈ દંડ વિચાર. રા૦ ૧૪

ચાક ફિરંતે નીપજે, મોટો ભાંડો જોય;
અણ ફિરંતે કરવો નહિં,
સાહ વિમાશણ સોય. રા૦ ૧૫

કૌતુક કરતો ચાલીયો, આયો રાજદુવાર; રા૦
બાબાજીનો દેખીયો, મંદિર સબ વિધિ સાર. રા૦ ૧૬

મૈખ કરીને લાવીયો, જાણી બાબા પ્યાર; રા૦
બાબો બેઠો દેખીયો, ઇંદ્ર તણે અવતાર. રા૦ ૧૭

દાતા ભુક્તા અરુ ગુણી, સાયર જેમ ગંભીર; રા૦
માત સુભદ્રા જાઇયો, મેરુ તણી પરે ધીર. રા૦ ૧૮

સ્વદેશે સ્વજાતિમે, માન લહે સહુ કોય; રા૦
એ પરભૂમિ પંચાયણ, ભાગ્યબલી અતિ હોય. રા૦ ૧૯

રાય તણે ગોડે લડે, મેષ મહા મયમંત; રા૦
પહિલી દોડે ગિર પડે, કૃષ્ણ પિતા બલવંત. રા૦ ૨૦

કર્મે તો નવિ ગુદરે, બાબા હી શું સોઇ; રા૦
સિંહા સગા ન સાવકાં, એ ઉખાણો જોઇ. રા૦ ૨૧

શ્રી વસુદેવ નરીંદશું, ભૂચર ખેચર રાય; રા૦
આગે કોઇ ન જીતીયો, પોતે જીત્યો જાય. રા૦ ૨૨

એ ચોરાશીમી ઢાલમેં, પોતે બાબા દીઠ; રા૦
શ્રી ગુણસાગર સૂરજી, નયણે અમીય પઇઠ. રા૦ ૨૩

---

## દોહા

આગે દીઠો અતિ ભલો, ભામા ભવન ઉદાર;
ધ્વજ તોરણ માલા ભલી, પોખે શોભ અપાર. ૧

વિદ્યા ભાંખે સ્વામી સુણો, જો તું દૂર્જન સાલ;
કરવું તે કરજે ઇહાં, બીજો સહુ જંજાલ. ૨

સ્નાન કીયો સરોવર જલે, અરુ શીર છૂટા કેશ;
માથે ટીકો ચીરનો, વિપ્ર તણો વર વેષ. ૩

વરસ ચતુર્દશનો સહી, બ્રાહ્મણ બાલ કુમાર;
નામ ધરાવે વેદીયો, ગાઢો બોલણહાર. ૪

## ઢાલ ૮૫ મી

( ઈમ જિન પૂજીયે—એ દેશી )

શ્રી હરીરાજકુમારજી રે, રાચે કેલી મોઝાર;
પેખી પડારા પરતણા રે, અમરખવંત અપારો રે. ૧

આછો વેદવો, દરશણ મોહનવેલો રે;
સુરગુરૂ જેહવો એ આંકણી.

ભોજન અર્થે આવીયો રે, ભામા ભામની પાસ;
સ્વસ્તી કહી ઉભો રહ્યો રે, સા બોલે ઉલ્હાસો રે. આછો૦ ૨

વિપ્ર કહે ચાહું કિશ્યું રે, માતા ભોજન આપ;
ક્ષુધા વેદની વ્યાપથી રે, આજ જિમવું ધાપ હો. આ૦ ૩

પહિલા બ્રાહ્મણ તેડીયા રે, ભોજન અર્થે ઉદાર;
આવી મીલ્યા છે એકઠા રે, અગણીત કેઇ હજાર હો. આ૦ ૪

ભોજનને શું માગવો રે, કૃષ્ણ વલ્લભા સંગ;
હય ગય ધન કંચન મણી રે,
માગ માગ મનરંગ હો. આ૦ ૫

વિપ્ર કહે વિપ્રો સુણો રે, વારુ વચન વિચાર;
તુમ્હ તો વિદ્યા વેચણા રે, ન લહે પુન્ય પ્રકાર હો. આ૦ ૬

દાન તણા ફલ છે ઘણા રે, અન્ન સમો નહિં કોઇ;
અવરાં તૃપ્તી ન ઉપજે રે, તૃપ્તી અન્નથી હોઇ હો. આ૦ ૭

અન્ન યાચના તેહથી રે, પહિલી કીધી એહ;
મુજ તુસી જગ તુસઇ રે, ઇહા નહિં સંદેહ હો. આ૦ ૮

ભામા ભાંખે પરિજનો રે, ભલ ભોજનશું આજ;
વિપ્ર જમાવો વેગશું રે, ભૂખ્યા ભોજન કાજ હો. આ૦ ૯

પુનરપિ ભાંખે ભામની રે, સઘલા માંહિ જાય;
મનગમતો ભોજન કરો રે, તૃપ્તિ ઘણેરી થાય હો. આ૦ ૧૦

વિપ્રમાંહે નવિ જમું રે, એ તો વિધિ વાતાહીણ;
બ્રહ્મક્રિયા પાલે નહિં રે, પાપાચાર પ્રવીણ હો. આ૦ ૧૧

સર્વ સુલક્ષણવંત હું રે, વિદ્યાનો ભંડાર;
મુજ ભોજન દે સાદરો રે,
લચપચ મ કર લગાર હો. આ૦ ૧૨

ગો બ્રાહ્મણ ને તીર્થ જે રે, મુજ તૃપ્તે તૃપ્તાય;
પાત્ર ન મુજ સો દૂસરો રે,
માત વિમાશે કાંઇ રે હો. આ૦ ૧૩

ક્રિયાહિણ લક્ષ ક્રોડીને રે, ભોજન દીધો વાદી;
ક્રિયાવંત એકહી ભલો રે,
સુણીજે આદિ અનાદિ હો. આ૦ ૧૪

બેઠો સઘલા આગલે રે, પગ ધોવાને કાજ;
વિપ્ર કહે રોષે ભર્યો રે, આવે છે શિર ખાજ હો. આ૦ ૧૫

જ્ઞાન વૃદ્ધ વય વૃદ્ધ જે રે, સમજાવે પરિવાર;
કલહ તણો અવસર નહિં રે,
મૌન તણો આચાર હો. આ૦ ૧૬

બેઠો પહિલે આસને રે, બ્રાહ્મણ આવ્યા વાજી;
ચાલ્યા થાનક દૂસરે રે, જાણ્યો છૂટા બાજી હો. આ૦ ૧૭

તિહાં પણ અગ્રિમ આસણે રે, જાઇ બેઠો સોઇ;
તવ તે બ્રાહ્મણ કલકલ્યા રે,
અજબ તમાસો હોઇ હો. આ૦ ૧૮

વેદશાસ્ત્રના જાણ થેં રે, ન લહો વેદ વિચાર;
હિંસાદિક પાતિક કરો રે, ન તજો ક્રોધ લગાર હો. આ૦ ૧૯

ગર્વ કરો જાતિ તણો રે, જાતિ ન તાર્યો કોઇ;
તારે તો કરણી કરી રે, રીશ કીયા શ્યું હોઇ હો. આ૦ ૨૦

પંચ્યાશીમી ઢાલમેં રે, વિપ્રાં કીધો ક્રોધ;
શ્રી ગુણસાગર સુરજી રે,
ધન તે તજે અવિરોધ હો. આ૦ ૨૧

---

## દોહા

સુધી વાત ન સરદહે, સુધી શું નહિં રાગ;
મુરખને ઉપદેશ તે, ટાઢી ઔષધ લાગ. ૧

સહજ ન ફીટે કોઇનો, બ્રાહ્મણ જાતિ વિશેષ;
ઉઠયા મારેવા ભણી, વિપ્ર કહે મા દેખ. ૨

માય કહે હું શું કરૂં, વિપ્રા સાથે ન જોર;
તું પણ નિચલો નવિ રહે, એ ચંપાણી કોર. ૩

હલકારી વિદ્યા ઘણું, હલ હલ થઇ અપાર;
આપુણમાંહિં આંધલા, લાગા કરણ પ્રહાર. ૪

આચારજ ઉભા થઇ, આગે કરે હલકાર;
તે લડતાં માથા ફૂટે, છોડાવે નવિ છુટકાર. ૫

એ ભારથ ભારી હુઓ, હરી પટનારીએ દીઠ;
છોડાવી અલગાં કીયાં, લઘુ વિપ્ર સમીપે લીધ. ૬

પરીયણશું ભામા કહે, બાલક બ્રાહ્મણ એહ;
જીમાવો હમ આગલે, આણી ઘણેરો નેહ. ૭

માંડો ઉંચી માંડણી, ઉપર થાલ વિશાલ;
વિવિધ પ્રકારે પીરસણા, પીરસાવો તત્કાલ. ૮

## ઢાલ ૮૬ મી

( ગૌતમને મેલ દીયો મહાવીર—એ દેશી )

ભામાનો ભાંખ્યો કરે, આજ્ઞાકારી સોઇ;
ભક્તિ ભલેરી સાચવે, રાચવે રાગણુ હોઇ. ૧

એ વિપ્ર હમારે મન વસ્યો, એ વિપ્ર કરામત દાર;
એ વિપ્ર તણા ગુણુ સાર, એ છાણે ઢાંકયો રયણુ;
એ વિપ્ર દેખત હમ ચયન, એ વિપ્ર હમારે૦ ૨

વિપ્ર કહે સુણુ સ્વામની, પૂરો પડતો જાણુ;
બેસાવે જમવા ભણી, નહિંતર જાઉં પર આન એ૦ ૩

ભોજન ને વ્યવહારનો, ઘાટો નાવે ઠામ;
પહિલી ચોકસી કીજીયેં, એમ કહે ત્રિભુવન સ્વામ. એ૦ ૪

ભામા ભાંખે સ્યું કહી, એહવી ઓછી વાત;
એ ઘર ધ્રાપે હાથીયા, માણસની શી માત. એ૦ ૫

પહેલા મેવા પીરસીયા, પીસ્તા દ્રાખ બદામ;
ચારોલી ચતુરાઇશું, ખાંડતલી અભિરામ. એ૦ ૬

ખાજાં છાજાં સારીખા, લાડુની બહુ ભાત;
ઘેવરફીણી લાપસી, પીરસે મનની ખાંત. એ૦ ૭

ખીર ખાંડ ઘૃત સામટાં, માંડયો મોટે માન;
વડા વિશેષે પીરસીયાં, વિપ્ર તણો હિત જાણ. એ૦ ૮

ઘોલવડા ને ઘારવડી, પૂરી પરીઘલ ભાવ;
સાલ દાલ ને સાલણાં, પીરસે ચિત્તને ચાવ. એ૦ ૯

ઘીની ધાર ન ખેંચઇ, દુધ દહીં ને ઘોલ;
દ્રાખછુહારી રાયતા, એ અતિ વસ્તુ અમોલ. એ૦ ૧૦

ભામા ભાંખે સાદરી, અમૃત કરે આહાર;
કોઇ કાણી ન રાખવી, એ સહુ તુજ પરિવાર. એ૦ ૧૧

પીરસતાં વેલા થઇ, જમતાં વાર ન કોઇ;
વૈશ્વાનલ મુખ મેલતાં, ઘાસ તણી પરે જોઈ. એ૦ ૧૨

લાવો રે લાવો લાવો વલી, એક જ લાગી તાસ;
તામ અનેરા પીરસણો, પીરસે આણી ઉલ્હાસ. એ૦ ૧૩

કેઇ હજારા કારણે, અન્ન અને પકવાન;
કીધું થું તે વાવર્યું, અચરીજ એ અસમાન. એ૦ ૧૪

પાકા ને કાચા કરી, થાલ ભરીને ઠેલી;
પાછે કાંઇ ન દેખઇ, આમ ઘડે જલ મેલી. એ૦ ૧૫

મુગ મઠ ને માષ ઘણાં, ચાવલ ને જવ જેહ;
ઘહું ચણા આદિ કરી, ખાઇ ગયો તવ તેહ. એ૦ ૧૬

હય ગય ઉંટ તણો સહુ, દાણો પણ તેહ ખાધ;
આણી ઉધારો પીરસીયો, તૃપ્તિ તોહિ ન લાધ. એ૦ ૧૭

અગ્નિ જાલમેં બાલીએ, લાકડ ગાડાં લાખ;
તો પણ તે ધ્રાપે નહિં, તિમ એહની અભિલાષ. એ૦ ૧૮

જાદવની નારી મિલી, કરે કુતૂહલ કોડ;
નિજ નિજ ઘરથી આણકે, પીરસે હોડાહોડ. એ૦ ૧૯

કોલાહલ માચ્યો ઘણો, મિલીયા લોક તિવાર;
તૃપ્તિ ન પાવે ખાયવે, દૈવ તણો અવતાર. એ૦ ૨૦

વિપ્ર ભણે સુણ ભામની, આપુણ બોલ્યો પાત્ર;
કાં થાયે અતિ સૂંબડી, અવર કિશી દીઉં ગાલ. એ૦ ૨૧

ભાનુ તણી માતા ભલી, નારાયણની નાર;
ઉગ્રસેન કુમરી કહી, અવસર સહુ તુજ લાર. એ૦ ૨૨

કૃપણપણો નવિ બૂઝીએં, તુજ સરખીને દેખ;
લઘુ ભોજી હું બાલુડો, ભૂખ્યો રાખ્યો વિશેષ. એ૦ ૨૩

ના હૂવો આહારજી, ના હૂવો અપવાસ;
અધવિચે હોઇ રહ્યો, કાં રે કીયો વિશ્વાસ. એ૦ ૨૪

નીકા મંદિર નાનડા, પાવે સઘલી લાજ;
મોટા ઘર દર ભૂખનાં, સાચ મલી એ આજ. એ૦ ૨૫

પાય પસારણ તેટલો, જે તો સોડ પસાર;
છોટી સોડે સોવતાં, લાગે ટાઢી અપાર. એ૦ ૨૬

પૂરો ન પડે એકનો, તો એ સ્યો વિસ્તાર;
પેટ ન દુઃખે થો ખરો, ઘર સારું વ્યવહાર. એ૦ ૨૭

આડંબર માંહે ઘણો, ન લહે ઘરની સાર;
તે તો માણુસ બાવલાં, લોક હસાવણ હાર. એ૦ ૨૮

બ્રાહ્મણ સાયર અગ્નિનો, પૂરો પડવો દૂર;
અન્ન અને જલ ઇંધણા, જો દીજે ભરપૂર. એ૦ ૨૯

યદ્યપિ મેં કીધો ઘણો, આગે નાચો સોય;
ભૂખ્યો તો અતિ ભડભડે, દૂષણ એહ ન કોઇ. એ૦ ૩૦

એ છયાસીમી ઢાલમેં, આયો ભામા ગેહ;
શ્રી ગુણસાગર સુરજી, સા અતિ આણે નેહ. એ૦ ૩૧

---

દોહા

કુબ્જા દાસી એ વલી, સરલી કીધી જામ;
રૂપ સોહાગણ સુંદરી, ભામા દીઠી તામ. ૧

વિસ્મય પામી ભામની, જાણી જાય ન દાસ;
પૂછીરી તું કોણ એ, સા બોલે ઉલ્હાસ. ૨

દેવ તુમ્હારી દાસડી, કુબ્જા માહરો નામ;
લઘુ બ્રાહ્મણ પ્રસાદથી, રુપ થયો અભિરામ. ૩

લાલચ લાગી ભામની, એ અતિ વિદ્યાવંત;
હાથ ગ્રહી આઘો લીયો, જઇ બેઠા એકાંત. ૪

---

## ઢાલ ૮૭ મી

(સંજમ લેવા સંચર્યો રે, સાથે બહુ પરિવાર; સંજમ રંગ લાગ્યો એ–દેશી)

રહસ્સ પણે પૂછે ખરી રે, જ્ઞાન તણો અનુમાન;
ભામા ભૂલી રે, દેવ પ્રકાશો આપણો રે,
પ્રશ્નતણો છે થાન; ભામા ભૂલી રે. ૧

બોસીડોજગમેંવડો રે, ભાંખે વચન વિચાર; ભામા૦
તંત્ર મંત્ર જાણું ઘણાં રે, વશ આણું ભરતાર. ભામા૦ ૨

ચંદ્ર સૂર્ય વડ દેવતા રે, વશ વરતાવું દોઈ; ભામા૦
ઈંદ્ર કરું ઘરે પ્રાહુણો રે, શેષનાગસું સોઇ. ભામા૦ ૩

પાયાલે પેશું સહી રે, આકાશે પણ જાઉં; ભામા૦
ભક્ત તણાનો વાહરુ રે, વેગે કરીને થાઉં. ભામા૦ ૪

અણુ ભાવંતાનો કાલ છું રે, ભાવંતાનો લાલ; ભામા૦
પૂછેવું પૂછે સહી રે, કાજ કરુ તત્કાલ. ભામા૦ ૫

હમ તુમ્હ વિચ ન આંતરો રે, ભ્રાંતિ પનઠી દૂર; ભામા૦
તુજ ગુણ દોરે બાંધીયો રે, બેઠો આણી હજૂર. ભામા૦ ૬

પગે લાગી હા હા કરે રે, આંસુ નાંખે નયણ; ભા૦
હિયો ભર્યો આવે ઘણું રે, મનમેં અધિક કુવયન. ભામા૦ ૭

તું માહરે વાલેસરુ રે, તુજ સમ અવર ન કોઇ; ભા૦
પિતા પુત્ર ભાઇ ભલો રે, કરી દે કાંઇક સોઇ. ભામા૦ ૮

સાલ સમાણી સાલતી રે, સો કહીએ નિશદીશ; ભા૦
દિન દિન આવે શિર ચડી રે,
એ દુઃખ વિશ્વાવીશ. ભામા૦ ૯

સાધિ ત્રિકોટી રોમ છે રે, એક એકને એહ; ભા૦
અમરખ આણી અતિ ઘણો રે,
પાપણી પાડે વેહ. ભામા૦ ૧૦

આવટણું અતિ આકરૂં રે, લોહી ચઢે નહિં મંસ; ભા૦
નિશદિન લાગે ઝૂરણું રે, શાતાનો નહિં અંસ. ભામા૦ ૧૧

હરી વશ આવે માહરે રે, નવિ લે રૂખમણી નામ; ભા૦
દોરો ડાંડો દાખવો રે, દઉં મનગમતા દામ. ભામા ૧૨

દૂધ ભલાવણી ઓત ને રે, વાનર ને ફલ જેમ; ભા૦
શીલ ભલાવણી લંપટા રે, એહ ભલાવણ તેમ. ભામા૦ ૧૩

ઠગાં ઠગોરી ભામિકા રે, આરતિમાંહિં એમ; ભા૦
આપ ઠગાવે ઠગ કને રે; અવર ન ઠગઇ કેમ. ભામા૦ ૧૪

વિપ્ર ભણે ભામા સુણો રે, જો વિધી કીધી જાય; ભા૦
સહસ્સગુણો આદર લહે રે,
રૂખમણી પગે ઠેલાય. ભામા૦ ૧૫

જેઇ કહો સોઇ કરૂં રે, ન કરૂં શોચ લગાર; ભા૦
લાજ હમારી તુમ ભણી રે,
તું અતિ અતિ દાતાર. ભામા૦ ૧૬

મુંડ મુંડાઈ મોહડો રે, કાલો કરીય અપાર; ભા૦
ફાટા ચૂંથા પહેરીને રે, મૌન તણો આચાર. ભામા૦ ૧૭

ૐ ઇ હ્રીં અરડ બરડ રૂંઢ મુંડશું રે,
અટ્ઠોત્તર સો વાર; ભા૦
જાપ જપંતાં પામશો રે, રૂપ અનોપમ સાર. ભામા૦ ૧૮

ઇંદ્રાણી અલગી થકી રે, થાશે સહીય ઉદાર; ભા૦
એહવો રૂપ ન માહરો રે, જેહવો ભામા પાસ. ભામા૦ ૧૯

દેવદુર્લભા થાયશો રે, કૃષ્ણ તણી શી વાત; ભા૦
રૂખમણી તો પાસંગમેં રે,
નહિં આવે સુણ માત. ભામા૦ ૨૦

જો દુઃખ તો સુખ જગતમેં રે,
દુઃખ વિણ સુખ નવિ હોય; ભા૦
કાન સહે વિંધાવણો રે, કુંડલ પહેરે સોય. ભામા૦ ૨૧

જો તરુવર ધુરી ઝરી પડે રે,
તો નવ કુંપલી લાલ; ભા૦
દિન થોડામેં થાયસ્યે રે, શોભનીક સુવિશાલ. ભામા૦ ૨૨

ડરૂ ડરૂ ડરતા કહે રે, ઉદ્યમ નહિંય લગાર; ભા૦
આંખ સરીખા માનવી રે, કાજલનો શીંગાર. ભામા૦ ૨૩

ઇમ નિસુણી સા ભામની રે, આતુર થઇ અપાર; ભા૦
વિપ્ર વચન વ્હાલાં કરી રે,
હુઈ વિપરીત તે વાર. ભામા૦ ૨૪

પરને ચિંતે જેહવું રે, તેહવું પાવે આપ; ભા૦
એ તો પ્રત્યક્ષ દેખજો રે, ભામા લાગ્યું પાપ. ભામા૦ ૨૫

બલે આપણી આગશું રે, પર શું દ્વેષી હોઇ; ભા૦
શીર મુંડાવે આપણો રે, ભામાની પરે જોઇ. ભામા૦ ૨૬

કીધીથી ઠાકુર ભણી રે, અવર પરે અરદાસ; ભા૦
ઘોડો ફીરી ઉપર ચઢયો રે, તે પરે હુઇ તાસ. ભામા૦ ૨૭

ફિરી આવું આગે જઇ રે, જાપ જપે મન શુદ્ધ ભા૦
ઇમ કહી આગલ ચલ્યો રે, કારજ કરીય વિરૂદ્ધ ભામા૦ ૨૮

સત્યાસીમી ઢાલમેં રે, ભામાને ભરમાય ભા૦
શ્રી ગુણસાગર ગુરુ કહે રે, મા મલવાને જાય. ભામા૦ ૨૯

---

## દોહા

માતા સુખનો આસનો, કામકુમર મનરંગ;
ચાલ્યો અતિ ઉચ્છરંગશું, આણી હેત અભંગ ૧

કામકુમર આવ્યા તણી, વેલાને અધિકાર;
માય મનોરથ માલની, ઢાલ રસાલ અપાર. ૨

---

## ઢાલ ૮૮ મી

( મેરી સહીયાં ગિરધર આવેગો—એ દેશી )

મેરી સહિયાં લાલન આવેગો, પ્યારો પ્રાણ આધાર;
મેરો મદનકુમાર, યાદવ કુલ શણગાર મેરી સહિયાં૦
એ આંકણી.

એહ વાસર જે ગયા, માહરે ભાવે વાદી;
પેટ ભરતી દિન પ્રતિ, ન જમ્યો અન્ન સવાદી;
જન મન જીવી તણી રે, આજહીથી આદિ. મેરી૦ ૧

ચામ રૂપી હોઇ રહીયાં, મિંડકા જગ જોઈ;
મેહ વૂઠે દૈવ ત્રૂઠે, મૂવા જીવે સોઇ;
જીવ જીવન આવીયા એ, એહ પરે હમ હોઇ. મેરી૦ ૨

શુન્ય ચિત્તી સદા રહેતી, ચેતના સુતની પાસ;
ગાય વનમેં જાય હાંકી, ચરતી ફિરત ઉદાસ;
હિંસંતી આવે ઘણું, વાછુરીયાં ઘર જાસ. મેરી૦ ૩

ચક્રવાકી જિમ ચાહે, ઉગંતો દિનકાર;
ચંદને ચાહે ચકોરી, બપૈયો જલધાર;
આંબનો વન કોકીલા, વિરહિણી ભરતાર. મેરી० ૪

ક્ષુધાવંતો અન્ન ચાહે, તૃષાવંતો વારિ;
સ્વૈરિણી સ્વેચ્છા રમે રે, રોગીયો ઉપચારી;
તેમ એમ ન માહરો, પુત્રને અધિકારી. મેરી० ૫

સ્વામી સીમંધર બતાવી, સોઈ વેલા આજ;
જલદની પરે વાટ જોતાં, મિલ્યો એ શુભસાજ;
દેવગુરુ પ્રસાદથી, સર્યાં વંછિત કાજ. મેરી० ૬

દ્યો બૂહારો વાટ ઝાડો, જલે રજ બેસાવી;
પંચવર્ણાં કુસુમ કેરો, ફૂલ પગર રચાવી;
ઠામ ઠામેં ધૂપણા, કરો ચિત્તને ચાવી. મેરી० ૭

ગેહ ધોલો આજ સોલો, દૈવનો વ્યવહાર;
ભાંતિ કેરો પાત્ર તેડો, પેખવા પરિવાર;
વાજાં વિવિધ પ્રકારના, વાજાં વોઇણી વાર. મેરી० ૮

નારી આવો ગીત ગાવો, કરો મંગલ ચાર;
કરી વધાવો કલશ લાવો, સાત પાંચ ઉદાર;
દોબ અક્ષતને વલી દહીં, સુકન મેલ્યો સાર. મેરી० ૯

ચોક પૂરો મતિ અધુરો, રહે એક લિગાર;
અલગ ચૂરો અશુભ સઘલા, સજો શુભ આચાર;
વેગે હુવો ઉતાવલી, કાંઇ લગાવો વાર. મેરી० ૧૦

થાલ રોલાં કરી કચોલાં, કુંકુમા ઘનસાર;
રત્ન રૂડા નહિં કુડા, હેમ રજત અપાર;
વધાવાને કારણે, ઘણાં મોતીના હાર. મેરી० ૧૧

યત્ન કરણા અશુભ હરણા, વાટમેં ન રહાય;
રાંડ ભેંસો અંધ તેસો, કુકુઓ ન કરાય;
નાક ચીબો ચીપડો, દૂર સુહો ટલી જાય. મેરી० ૧૨

નારી પરણી અને અપરણી,
સાજી ઉજ્જવલ વેષ;
ગૌ સવચ્છી કલશ પૂર્ણ, દધી મધુ સુવિશેષ;
અગ્નિજવાલા દીપતી, અપર સઉણ અશેષ. મેરી૦ ૧૩

રથ સજોડો પાટ ઘોડો, હાથીયો શણગાર;
પંથે રાખો સરસ ભાંખો, પિત્ત વરણી ગાર;
માછલાં મિલીયાં ભલાં, સાધુ રોજીધાર. મેરી૦ ૧૪

હંસની પરે હાલતો રે, ચાલતો સુંદર ઈંદ;
નયણે નિરખી હૈયે હરખી, જાણે તેજ જીણંદ;
સાહમો જોશું ઘણું, જેમ દ્વિતીયા ચંદ. મેરી૦ ૧૫

ગોદી કરીશું હૈયે ધરીશું, ચુંબીશું સો વાર;
મુંહ માથો દિન સનાથો, જાણીશું સુવિચાર;
વિલસશું મન મોકલે, અરથના ભંડાર. મેરી૦ ૧૬

હાથે ફરસી હૈયે ઓરસી, રાખીશું ભાંખી તામ;
દેઇ સુખમેં કવલ સુખમેં, જમો કુંવર કામ;
પાનની બીડી કરી, આપીશું અભિરામ. મેરી૦ ૧૭

વાત સુણશું કુંવર કેરી, છેહ ધરી લગી જેહ;
આપણા વિતક વિચારી, ભાંખીશું ધરી નેહ;
મનોરથની માલા ભલી, ગુંથી રાખી એહ. મેરી૦ ૧૮

એ અઠ્યાસીમી ભલી, ઢાલ તો સુખકાર;
કહે શ્રી ગુણસુરી સઘલી, ઢાલમેં શિરદાર;
સાંભલ્યાં આવી મીલે,
સકલ વંછિત ફલ સાર. મેરી૦ ૧૯

### દોહા

આગે જાતાં આવીયો, સુંદર મંદિર એક;
હયથટ ગયથટ નરથટાં, પૂરીત શોભ અનેક. ૧

વલી વિસેષે પૂછતાં, વિદ્યા ભાંખે ઈશ;
એ ઘર તુમ્હ માતા તણો, જનની પૂરી જગીશ. ૨

નિત્ય મહોચ્છવ નવનવાં, દિજે પૌલી પ્રવાય;
યાચક જય જય ઉચ્ચરે, ભૂરી ભણે ગુણ ગાય. ૩

---

### ઢાલ ૮૯ મી

( પરમ સલુણો સાધુજી, અથવા સુમતિ સદા દિલમેં ધરો—એ દેશી )

મોહન પ્યારે ચેલણા, ચતુરાઇ દીસે રે;
રાગે રાચી રૂખમણી, મિલવાને મન હિસે રે. મોહન૦ ૧

રૂપ ધર્યો રલિયામણો, રૂષી બાલક રૂડો રે;
મીઠો નિમિત્ત ભાંખણો, બોલે મજિ સૂડો રે. મોહન૦ ૨

વેષ વિરાજે સાધુનો, મહિમા એ અતિ મોટો રે;
પૂજય પછેવડી પાંગુરી, ચોલપટો પણ છોટો રે. મોહન૦ ૩

ખાંધે લટકે લોબડી, લટકંતો ચાલે રે;
જયણાનો ગુણ રાખતો, હલવે હલવે ચાલે રે. મોહન૦ ૪

દેહ પ્રમાણે દીપતો, કરમેં દંડ ધરાવે રે;
મન્મથ નાવે ઢુંકડો, દરિસણને દાવે રે. મોહન૦ ૫

મોઢે દીધી મુહપત્તિ, મુની મેલે ગાત્રી રે;
ગુણ આચારે ઉજલો, અતિ ચારિત્ર પાત્રી રે. મોહન૦ ૬

આછો ઓઘો બાંહમેં, પૂંજવાને કાજે રે;
યત્ના કરેવે જીવની, સંજમનો ગુણ ગાજે રે. મોહન૦ ૭

રંગ રંગીલા પાતરા, પડીલેહી લીજે રે;
એષણા શુદ્ધિ આહારની, ગવેષણા કીજે રે. મોહન૦ ૮

સુમતે સુમતો છે ખરો, ગુપ્તિએ કરી ગાઢો રે;
દર્શન દીઠે જેહને, ચિત્ત હોવે ટાઢો રે. મોહન૦ ૯

પીયરીયો છકાયનો, વ્રત તો ચોકખા પાલે રે;
નિગ્રહ ઈંદ્રી પાંચનો, દૂષણ સહુ ટાલે રે. મોહન૦ ૧૦

શીલ ધરે નવવાડશું, તસ ક્રોધે ન કોઇ રે;
સમતા રસનો સાગરૂ, નિર્લોભી અતિ હોઇ રે. મોહન૦ ૧૧

સન્મુખ દીઠો આવતો, સા સાહમી આવે રે;
દેઇ પ્રદક્ષિણા વંદના, કરતી મન સુખ પાવે રે. મોહન૦ ૧૨

લેવા ચાલી પાટલો, હરીને આસને બેઠો રે;
રૂખમણીના મન ભીંતરે, અતિ અચરીજ પેઠો રે. મોહન૦ ૧૩

વિનય કરીને વિનવે, રુષી ઉરહા આવો રે;
બેસો બીજે આસને, જિમ શાતા પાવો રે. મોહન૦ ૧૪

તે ધન થાનક જાણીએ, જિહાં રુષી લે વિશ્રામો રે;
ઉઠાવું છું કારણે, તુમ મતિ દુઃખ પામો રે. મોહન૦ ૧૫

દેવાધિષ્ઠિત એહ અછે, હરી કે હરી કો જાયો રે;
બેઠો સુખ પાવે સહી, અવરાને અસોહાયો રે. મોહન૦ ૧૬

રુષી ભાંખે સુણ શ્રાવિકા, એ વલી કેહિ ચિંતા રે;
સાપ ખેલાવે માનવી, જાણી અહિમંત્રા રે. મોહન૦ ૧૭

લબ્ધિપ્રસાદે દેવતા, હમશું નવિ બોલે રે;
તાજું ઘાલી ડુંગરા, કર સાથે તોલે રે. મોહન૦ ૧૮

મેરુ તણો દાંડો કરે, ધરતી છત્રાકારો રે;
રાખે હાથા ઉપરે, સાયર જલની ધારે રે. મોહન૦ ૧૯

તો તુમ્હ સાચા સ્વામીજી, ખમવો એ અપરાધો રે;
દીસો છો તો નાન્હડા, સંયમ કિમ લાધો રે, મોહન૦ ૨૦

ભૂમંડલ પર જનમીયા, પૃથ્વીપતિ તાતોરે;
માતા તો મહી મંડણી, વૈરાગ્યે વાતો રે. મોહન૦ ૨૧

આજ લગી ગુરુ ભેટણા, હમને નવિ હુઇ રે;
આપ હી આપે જાગીયા, ગતિ મતિ જુઇ રે. મોહન૦ ૨૨

તીરથવાસી છું સહી, ઇહા આયો આજો રે;
વરસ સોલનો પારણો, કરવાને કાજો રે. મોહન૦ ૨૩

ભાંખે રાણી રૂખમણી, એ અધિકો કહેવાયો રે;
ઉત્કૃષ્ટી અવગાહના, વરસી તણો તપ થાયો રે. મોહન૦ ૨૪

અબતાંઇ ઉપવાસીયો, માતા થાન હરામો રે;
વાત વડાસ્યું કીજીએ, વોહરાવણનો કામો રે. મોહન૦ ૨૫

એ નેવ્યાસીમી ભલી, એ ઢાલ કહાવી રે;
શ્રી ગુણસાગર સબ લહ્યો, માતા દર્શન પાવી રે. મોહન૦ ૨૬

---

## દોહા

દર્શન પામી માતા તણો, માન્યો સુખ મનમાંહિં;
તે તો જાણે કેવલી, કે જાણે ચિત્તમાંહિં. ૧

મન હી મિલ્યો નયણા મિલ્યા, અને મલીયો વયણા કાંય;
ચાર મિલણમાં એક હી, મિલણ મલી નહિં માય. ૨

---

## ઢાલ ૯૦ મી

( હો સાહીબ બાહુ જિનેશ્વર વિનવું—એ દેશી )

હો રૂખમણી તું તો સાચી શ્રાવિકા, થારો અતિ સોભાગ;
હો રૂખમણી પરદેશાં મેં સાંભલ્યો, દેવગુરૂશું રાગ હો
રૂખમણી તું૦ ૧

ક્ષુદ્ર નહિં રૂપે ભલી, સૌમ્ય મહા સુખદાય; હો રૂ૦
સત્ય વદે ડર પાપને, સરલપણે શુચિ કાય હો. રૂ૦ તું૦ ૨

સ્નેહ ઘણો લજ્જા ઘણી, દયા ઘણી દિલમાંહિં હો; રૂ૦
સમભાવી શુભ દ્રષ્ટણી, ગુણની રાગણી પ્રાંહિ હો. રૂ૦ તું૦ ૩

ધર્મકથક ધર્માતમા, કુલ તો ઉભય વિશુદ્ધ હો; રૂ૦
દીર્ઘ દ્રષ્ટિએ દેખણી, અર્થ લહે અવિરૂદ્ધ હો. રૂ૦ તું૦ ૪

વિનયવતી ગુણ જાણતી, પરહિત કરત જગીશ હો; રૂ૦
લબ્ધી લખી ગુણ ધારણી,
એવં એ એકવીશ હો. તું૦ રૂ૦ ૫

સમકીત ગુણને પાલવે, થારો નિશ્ચલ નામ હો; રૂ૦
દેવ ન દેવી ચાલવે, ધર્મીશું ધર્મ પરિણામ હો. રૂ૦ તું૦ ૬

પર્વ તણી આરાધના, કરતી મન ઉજમાલ હો: રૂ૦
પોષા પડીકમણા કરે,
સબવિધી વાત રસાલ હો. રૂ૦ તું૦ ૭

શીલવંતા સીતા જેસી, ભાગ્યવંતી સંસાર હો; રૂ૦
પંચાલીની ઉપમા, સત્યવંતી વરનાર હો. રૂ૦ તું૦ ૮

સાહમી સાહમિણી સાચવે, ધર્મથાનક પોસાલ હો; રૂ૦
સાધુ સાધવીયાં તણી, છોરૂ જિમ સંભાળ હો. રૂ૦ તું૦ ૯

દિન પ્રત્યે ચાર પ્રકારનો, દાન તણો અધિકાર હો; રૂ૦
અણુ વોહરાવ્યા આખડી,
જીમવા નેમ અપાર હો. રૂ૦ તું૦ ૧૦

ઇમ સુણી ગુણ દૂરથી, છોડંતો ગુણગેહ હો; રૂ૦
હું આયો તુમ્હ આંગણે, આણી ધર્મ સનેહ હો. રૂ૦ તું૦ ૧૧

સાર ન પૂછી એટલી, વોહરો સ્વામી આહાર હો; રૂ૦
અંતરાય કોઇ માહરે, કે થઇ ચિત્ત વિસાર હો. રૂ૦ તું૦ ૧૨

કહે રૂખમણી રુષીજી સુણો, આરતિવંતી આજ હો; રૂ૦
રાંધણુ સીંધણુ વિસરી,
વિસરીયો સબ કાજ હો. રૂ૦ તું૦ ૧૩

એવડી શી આરતિ અછે, ભાંખે સયલ વિચાર હો; રૂ૦
પુત્ર આગમ વેલા હવે,
એ જિન ભાષીત સાર હો. રૂ૦ તું૦ ૧૪

સહીનાણી સઘલી મલી, સૂકો વૃક્ષ અશોક હો; રૂ૦
ફૂલ ફલે કરી ગહગહ્યો, દેખે સઘલા લોક હો. રૂ૦ તું૦ ૧૫

મૂંગા લાગ્યા બોલવા, વિરુપા અતિરુપ હો; રૂ૦
કુબ્જ ફરી સરલા થયા,
આંધા નયણ અનૂપ હો. રૂ૦ તું૦ ૧૬

નીરે ભરાણી વાવડી, કમલે શોભ ઉદાર હો; રૂ૦
કોયલ બોલ સોહામણા, મોર કરે કિંગાર હો. રૂ૦ તું૦ ૧૭

ત્રિણ રુતુ રુતુરાજીયો, આણી વિરાજ્યો આજ હો; રૂ૦
ભમરા ગુંજારવ કરે, ફૂલ ફૂલ્યાં તરુ સાજ હો. રૂ૦ તું૦ ૧૮

માહરો મન પણ ઉલ્લસ્યો, પાન્હો ચઢીયો પૂર હો; રૂ૦
પણ નાયો મુજ નાન્હડો,
એ મન ચિંતા ભૂર હો. રૂ૦ તું૦ ૧૯

ઉતાવલ એતિ કિશી, જે ભાંખ્યો જિનરાય હો; રૂ૦
પ્રહર ઘડીને આંતરે, સો તો રહસ્યે આય હો. રૂ૦ તું૦ ૨૦

સા ભાંખે રુષી રાજીયા, ઘડી ઘડુથલ હોય હો; રૂ૦
ભામા સુત નાવ્યા હમેં, શીર રૂડા તો જોય હો. રૂ૦ તું૦ ૨૧

બાલ તજી તવ બોલીયો, કિશી [illegible]સણુ એહ હો; રૂ૦
વાલ ગયા ફરી આવશે, સાજી રાહિએ દેહ હો. રૂ૦ તું૦ ૨૨

મેં જાણ્યો તો મોટકો, એ છે ઉપદ્રવ કોઈ હો; રૂ૦
તવ લગે ભય નવિ ભાંખવો,
પ્રાણ કુશલ જબ હોઇ હો. રૂ૦ તું૦ ૨૩

પ્રાણુ તજું તત્ક્ષણ સહી, પામીએ અપમાન હો; રૂ૦
માન ગયા જગ જીવણો, તે તો જહીર સમાન હો. રૂ૦ તું૦ ૨૪

માંછો પાણી ઉતર્યાં, તલપી તલપી મરી જાય હો; રૂ૦
સહિ રૂપી તે માણસે,
અમરખ તો ન સહાય હો. રૂ૦ તું૦ ૨૫

પૂછેવો યુગતો નહિં, રુષીને ગૃહ વ્યાપાર હો; રૂ૦
પણ આર્રાત છે આંધલી,
ભાંખો કાંઇ વિચાર હો. રૂ૦ તું૦ ૨૬

રીતે હાથે ન પૂછીયાં, નવિ ફલદાયક થાય હો; રૂ૦
તો શું આપું દેવજી,
ખીર ખરીહ સોહાય હો. રૂ૦ તું૦ ૨૭

શીલી આગ ન સીલગે, ફૂંકી ફૂંકી જોઈ હો; રૂ૦
ઘાંઘી થાતી જાણુ કે, ફિરી ભાંખે રુષી સોઇ હો. રૂ૦ તું૦ ૨૮

સીધા મોદક મોટીકા, સીધા હી પકવાન હો; રૂ૦
મીઠાઇ મેવા ઘણાં, ફાસુક વસ્તુ પ્રધાન હો. રૂ૦ તું૦ ૨૯

હાજર રહેજે જે હુવે, સો આણી વહીરાવ હો; રૂ૦
ભરીયા મોટા માટલાં, વિદ્યા ને પ્રભાવ હો. રૂ૦ તું૦ ૩૦

સંહારીયા હરી કેશરી, હરી આરોગણુ હેત હો; રૂ૦
લાડુ લીધા નવિ ગયા, લીધા શુભ સંકેત હો. રૂ૦ તું૦ ૩૧

લાડુ એક ઉપાડીયો, તવ બોલે રુષીરાય હો; રૂ૦
એક કિશ્યું પુન્યાતમા, કર કાઠો દેખાય હો. રૂ૦ તું૦ ૩૨

દુર્જય છે જરસ્યે નહિં, હરી એકેકો ખાય હો; રૂ૦
ચોથા એ તુમ બુઝઇ નહીં,
નહિં રૂષી હત્યા થાય હો. રૂ૦ તું૦ ૩૩

ભય કોઈ મતિ માનજો, તપની લબ્ધિ પ્રમાણુ હો; રૂ૦
ભસ્મ હોવે હમ ભોગવ્યાં,
જે છે તે સહુ આણુ હો. રૂ૦ તું૦ ૩૪

વહોરાવ્યા સઘલા સહી, ખાય ગયો રૂષી બાલ હો રૂ૦
ચક્રી ખીર તણી પરે, તસ ઝર્યો તત્કાલ હો. રૂ૦ તું૦ ૩૫

ધર્મ તણી વર ગોઠડી, કરતાં વરતે જામ હો; રૂ૦
સાંભલવા સરખી હુઇ,
અવર કથા અભિરામ હો. રૂ૦ તું૦ ૩૬

એ નેવુમી ઢાલમેં, ભોજન માતા હાથ હો; રૂ૦
શ્રી ગુણુસાગર સુરજી, ઉલટ સઘલી સાથ હો. રૂ૦ તું૦ ૩૭

દોહા

ભામા ભાવ વિશુદ્ધ શું, જાપ જપ્યો પરિપુર;
રૂપ ન રંચ વિરાજીયો, છતો ગમાયો નૂર. ૧

દ્યુત ખેલણુ ધન વાંછના, દાસી શું ઘરવાસ;
રૂપ આશા શીર મુંડીયા, તેની આશ નિરાશ. ૨

તૃષ્ણા વાહ્યો વાણીયો, જલવટ વણુજ કરાય;
કોઇ વાય ઝબૂકડે, આયો મૂલ ગમાય. ૩

જલધિ જલને સાચવે, તાહૂ ન તૃપ્તો હોય;
જલ જલ કરતાં જલ ગયો, રાતો પડીયો સોય. ૪

અરે કિહાં તે વિપ્ર તે, વાહી વિજોયાં જાય;
હાથ ઘસે શીર ધૂણવે, ફિરી ફિરી પિછતાય. ૫

## ઢાલ ૯૧ મી

( પુન્ય તણા રે ફ્લ મીઠા જાણો—એ દેશી )

ફિરી ફિરી પિછતાવા કરતી, વરતે ભામા જામ રે માઇ;
સાત પોકાર અભાવી આવી,
સા દુઃખ પાવી તામ રે માઇ. ફિરી૦ ૧

તન સંભાલી પહેરે ફાલી, બાલી ઝાકઝમાલી રે માઇ;
ઉવારી મેરે ભાનુકુમર પર,
પૂછે કુમર રસાલી રે માઇ. ફિરી૦ ૨

તન મન પ્યારો નંદ હમારો, સારો રાખે ઇશ રે માઇ;
ઓર ન ચાહું તુજ આરાહું,
એ મુકો જગીશ રે માઇ. ફિરી૦ ૩

અવર સહુ વાતાનો સુધો,
પણ ફિરી નાવે કેશ રે માઇ;
ધૂર્તે ધૂતી ખરી વિગુતી,
હોશે હાસ્ય વિશેષ રે માઇ. ફિરી૦ ૪

અમરખ આણી ભામા રાણી,
ઠાણી એ અભિમાન રે માઈ;
રૂખમણી ભૂંડી ને અતિ મુંડી,
કરશું આપ સમાન રે માઇ. ફિરી૦ ૫

એમ વિમાશી બહુલી દાસી,
નાવી લીધો લાર રે માઇ;
માથે મુંડણ કરવા ભુંડણ,
પોષી દ્વેષ અપાર રે માઇ. ફિરી૦ ૬

મણીનો ભાજન સાથે સાજન,
વાજાંનો વિસ્તાર રે માઇ;

આવત ગીત વિશેષે આવ્યા,
રૂખમણીને દરબાર રે માઇ. ફિરી૦ ૭

આવત નિરખ્યો મનશું પરખ્યો,
એ ભામા પરિવાર રે માઇ;
આંશુ ઢલીયાં રુષી અટકલીયાં,
પૂછે તામ વિચાર રે માઈ. ફિરી૦ ૮

ધૂર છે હાંસુ અતિ ને હાસું,
ભાંખ્યો સહુ વિરતંત રે માઇ;
નાચો જાચો લોક સોહાયો,
ગિરુઓ ને ગુણવંત રે માઇ. ફિરી૦ ૯

ભામા કેરાં લોક ઘણેરાં, કેશાં કેરે કાજ રે માઇ;
આવી મલીયાં અતિ ઉછલીયાં,
બોલે છોડી લાજ રે માઇ. ફિરી૦ ૧૦

એ દુઃખ તો જાણ્યો થો આગે,
નારદ વચન વિચાર રે માઇ;
એ દિન લીધાં કાજ ન સિધાં,
દીન વદે હરીનાર રે માઇ. ફિરી૦ ૧૧

બોલે ચેલો પાડી હેલો,
માતા મ કર અંદેહ રે માઇ;
એટો કરતો સો મેં કરવો,
માણીશ મન સંદેહ રે માઇ. ફિરી૦ ૧૨

રૂખમણી છાની રાખી કાની,
માયા રૂખમણી કીધ રે માઇ;
આપણ બોજો વદન સરોજો,
હાથાં આલીસો લીધ રે માઇ. ફિરી૦ ૧૩

નારી સુરંગી ભૂખીત અંગી,
હસતમુખી હુંશીયાર રે માઇ;
આદર દેતી લોકાં સેતી, વદે સુવિચાર રે માઇ. ફિરી૦ ૧૪

લોક પ્રવીણા ભાંખે દીણા,
માતા હમ નહિં દોષ રે માઈ;
તુમ્હ હમ ઠાકુર હમ તુમ્હ ચાકર,
ઓસન ભરીય કોસ રે માઇ. ફિરી૦ ૧૫

સ્વામની કારજ કરવો આરજ,
હમ આવ્યા તુમ્હ બાર રે માઇ;
જીભ ગલે એહ વચન કહેતાં,
સાચો દેવી વિચાર રે માઇ. ફિરી૦ ૧૬

રૂખમણી ભાંખે રોષ ન રાખે,
સ્વામિની કેરો કામ રે માઇ;
વેગે કીજે જગજશ લીજે,
એ શીર બોલ્યો રામ રે માઇ. ફિરી૦ ૧૭

વચન વિચારી હરખી નારી,
સારી ભારી ભાવ રે માઇ;
ભાજન આગે ધરતી રાગે,
ચિત્તનો ચોકખો ચાવ રે માઇ. ફિરી૦ ૧૮

અક્ષત દોબ દહી સુમંગલ,
કીજે વિવિધ પ્રકાર રે માઇ;
અધમ તણી અહિનાણી જાણી,
એ ખાતા ઉપર ખાર રે માઇ. ફિરી૦ ૧૯

નાવી આવી આપ જણાવી,
કાપે કેશ જે વાર રે માઇ;
કાન નાક વેણી અંગુલીયાં,
છેદાઇ તેહિ વાર રે માઇ. ફિરી૦ ૨૦

નાવીને નારીજન કેરી, એહ અવસ્થા હોઇ રે માઇ;
આપ ન દેખે હરખ વિશેષે, ચાલી જાયે સોઈ રે માઇ. ફિરી૦ ૨૧

રૂખમણી કેરી ઘણું ઘણેરી, કરતી જાયે પ્રશંસ રે માઈ;
એહવી મીઠી અવર ન દીઠી, ધન એહનો કુલવંશ રે માઇ. ફિરી૦ ૨૨

દેહ વિપર્યય જાણી હસંતા,
દીઠા લોક તેવાર રે માઇ;
હમ સુંદરતા છે મન હરતા,
તેહથી હાસ્ય પ્રકાર રે માઇ. ફિરી૦ ૨૩

નાચત ગાવત અતિ સુખ પાવત,
આવત ભામા પાસ રે માઇ;
એક સુખી એ દુઃખી રૂખમણી,
ગુણ કેરો કરે પ્રકાશ રે માઇ. ફિરી૦ ૨૪

ભડકે તડકે ભામા ભામની,
કેશ ન દેખે એક રે માઇ;
રે રે દ્રોહિણી દાસડીયો તુમેં,
ખાધી લાંચ અનેક રે માઇ. ફિરી૦ ૨૫

લાંચ તણું પૂછેવું પાછે, વેણી નાક ને કાન રે માઇ;
આંગુલીયાં ઉતરીયાં દીસે, દેહ ઘટાયો વાન રે માઈ. ફિરી૦ ૨૬

ચમકી ચિત્ત ભીંતર અતિ ચતુરાં,
વ્યાપી વેદના જામ રે માઇ;
ઢાંકી કાયા ચોરતણી પરે,
નિજ નિજ ઘર ગઇ તામ રે માઈ. ફિરી૦ ૨૭

સુસતી કરીને પૂછે સ્વામની,
કીધો કિણે આ કામ રે માઈ;
રૂખમણી રંચ ન દોષ ન દીસે,
એ વિલશે નૃપ સ્વામ રે માઈ. ફિરી૦ ૨૮

સેવક દુ:ખીએ સ્વામી લહે દુ:ખ,
સુખીએ સુખીઓ હોઈ રે માઈ;
તેડી પ્રધાના આગે ભાંખે,
જોર વહે જગ જોઇ રે માઇ. ફિરી૦ ૨૯

વેણીદંડ જ નાખ્યો આખ્યો,
એ ન વધો વિપરીત રે માઇ;
ફિર ફિરસ્તા રૂપ અનેકા, સુજને વિતક વીત રે માઇ. ફિરી૦ ૩૦

હોડે હામ ન પુગી કોઇ, હોડે આયા હેઠ રે માઇ;
હાણી ઘણી ને લોકાં હાંસો, હોડે હારી નેઠ રે માઇ. ફિરી૦ ૩૧

પરખદા માંહે પધારો પ્રભુજી,
દેખાવો એ કામ રે માઇ;
શીરે છાણું નવિ જાય થાપ્યા,
સ્યાણી ભૂંડો નામ રે માઇ. ફિરી૦ ૩૨

હરી હાંસો ન માવે હેડે, આપ બજાવે હાથ રે માઇ;
કોઇ પલેખો કરણ ન પાવે,
સ્વામીની સરખો સાથ રે માઇ. ફિરી૦ ૩૩

કૃષ્ણ કુતુહલ કરતો જાણી, આવી ભામા આપ રે માઇ;
કેશ અપાવો કપટી કંતા, કે થાશે સંતાપ રે માઇ. ફિરી૦ ૩૪

થારે હી આપે નવિ સરીયું, બલદેવાશું વાત રે માઇ;
તુમ પુરુષોત્તમ સાખી રાખી,
ઇમ કરે કુણ માત રે માઇ. ફિરી૦ ૩૫

હરીશું હલધર દેઇ ઓલંભો,
માથે ચહોડી નાર રે માઇ;
સુધી વાતે રૂકટી કરતાં, લહેશે નામ ગમાર રે માઇ. ફિરી૦ ૩૬

કૃષ્ણ કહે સા આપ અકેલી, એ બહુલો પરિવાર રે માઇ;
કિમ મુંડાઇ દાદા દેખો, એ શોકયાં વ્યવહાર રે માઇ. ફિરી૦ ૩૭

શ્રી બલદેવ દિલાસા કીધા, ભામાને ભરપૂર રે માઇ;
રૂખમણી ઘર લુંટેવા કારણ, મોકલીયા ભડ ભૂર રે માઇ. ફિરી० ૩૮
એ એકાણુમી ઢાલ ભલેરી, મુંદણ કો અધિકાર રે માઇ;
શ્રી ગુણસાગર સુરી વખાણે,
હરીસુત ચરીત ઉદાર રે માઇ. ફિરી० ૩૯

---

### દોહા

તેજ રૂપ તજી ફિર થયો, ચેલો પહેલ પ્રમાણ;
ચમકી રાણી રૂખમણી, એ વડ ગુણનો જાણ. ૧
વિદ્યાધર માંહે વસ્યો, વિદ્યા તેહ વિશેષ;
રૂપ કરે છે નવનવા, પણ એ કામ નરેશ. ૨
એહવો અવર ન જગતમેં, એહવો અવર ન રાય;
એહવો અવર ન જાઇઓ, એહવો અવર ન થાય. ૩
એ જાયો માહરો સહિ, એ સમ અવર ન કોઇ;
તારા દિશ સઘલી જણે, રવિ પુરવ દિશ હોઇ. ૪
કેલવતો અતિ હી કલા, ખિસી ન જાયે ખાપ;
માય મનોરથ પૂરવા, પુત્ર પ્રગટ કર આપ. ૫
કામદેવની ઉપમા, રૂપ અનોપમ સાર;
અભ્રપડલથી નિકલ્યો, સહસ્સ કિરણ દિનકાર. ૬
સર્વ અવયવાં શોભતો, સર્વ આભૂષણ ધાર;
સર્વ કલા ગુણ આગલો, દીઠો કામ કુમાર. ૭

---

### ઢાલ ૯૨ મી

(નગરી અયોધ્યા અતિ ભલી, રાજ્ય કરે હરીસિંહ મેરે લાલ
તથા કંત તમાકુ પરિહરો એ—દેશી)

પગે લાગ્યો માતા તણે, માતા લીયો ઉઠાય હો લાલ;
આલંગ્યો અલજે ઘણું, હેજ હૈયે ન સમાય હો લાલ. ૧

આજ ભલો દિન માહરો, દુધે વૂઠા મેહ હો લાલ;
દર્શન દીઠો તાહરો, જાગ્યો તનમેં નેહ હો લાલ. આ૦ ૨

છાતી આવી ગહવરી, આંસુ વરસે નયણુ હો લાલ;
માતા પુત્ર મિલી રહ્યાં, ઉપજ્યો અધિકો ચયન હો લાલ. આ૦ ૩

મુંહ અને માથો ઘણું, ચુંબે વારંવાર હો લાલ;
હું વારી તુજ ઉપરે, તું મેરો પ્રાણુ આધાર હો લાલ. આ૦ ૪

બલિહારી સુરતિ તણી, મૂર્તિ મોટી સોહ હો લાલ;
અણિયાલે એ લોયણે, માતા પનોતિ મોહ હો લાલ. આ૦ ૫

આવો મિલો સાહેલડી, દેખો મોરો લાલ હો લાલ;
ઈંદ્રિ ચલી ઘર આવીયો, સબવિધ રુપ રસાલ હો લાલ. આ૦ ૬

પ્રેમ ગહેલી ગોરડી, ચિગન કરે વખકોડ હો લાલ;
ઘન વૂઠા જિમ મોરલી, નૃત્ય કરે નર જોડ હો લાલ. આ૦ ૭

દ્રાખા પાખે દૈવડી, મીઠી અતિ કહાઇ હો લાલ;
પાણી પાંપણુ હેઠલો, નિરખત નીઠે નાંહિ હો લાલ. આ૦ ૮

લહેરી ખારા જલ તણી, વરસ્યાં પાછે વાય હો લાલ;
પરદેશી પ્યારો મિલે, શિલક કહી ન જાય હો લાલ. આ૦ ૯

ચંદન તો શીતલ કહ્યો, તેહથી ચંદ સુચંગ હો લાલ;
ચંદન ચંદ વિચારતાં, શીતલ નંદન સંગ હો લાલ. આ૦ ૧૦

મિશ્રી તો મીઠી કહી, તેહવી અમૃત જોઇ હો લાલ;
મિશ્રી અમૃત દોયમેં, મીઠો નંદન હોઇ હો લાલ. આ૦ ૧૧

સોનું તો સુખદાયકું, સોના હી થી રયણુ હો લાલ;
રયણુ અને સોના થકી, નંદન તો સુખ દયન હો લાલ. આ૦ ૧૨

પ્યારા હી થી પ્યારો ખરો,
સરસાથી અતિ સરસ હો લાલ;
નીકાથી નીકો ઘણું, નીકો નંદન દર્શ હો લાલ. આ૦ ૧૩

હૈયો સરોવર સાંકડો, ઉલટ જલનો જોર હો લાલ;
લહેર ન જાયે જાલવી, રહીયો હોઈ સોર હો લાલ. આ૦ ૧૪

સુખમાંહિં દુઃખ ઉપનો, માજીના મનમાંહિં હો લાલ;
બાલપણો નવિ દેખીયો, એ દુઃખ સાલે પ્રાંહિ હો લાલ. આ૦ ૧૫

ગર્ભ તણી વિધિ સાચવી, ઉદર વહ્યો નવ માસ હો લાલ;
કષ્ટે મહા દુઃખે જન્મીયો, કીધો પરઘરવાસ હો લાલ. આ૦ ૧૬

દોષ ન દેણો કોઇને, કર્મા કેરો દોષ હો લાલ;
ભાગ્ય લખ્યો ફલ પાઇએ, કરવો રાગ ને રોષ હો લાલ. આ૦ ૧૭

મદન કહે માજી સુણો, એ દુઃખ માણે કોઇ હો લાલ;
બાલક રૂપ સોહામણું, કરી દેખાવું સોઇ હો લાલ. આ૦ ૧૮

ઉંધો સૂતો આગલે, ચિંતવે સા મુંહમાંહિ હો લાલ;
ચપલપણે પાઉ ધારતો, ઉઠાવે ધરી બાંહી હો લાલ. આ૦ ૧૯

મુઠી બાંધી સોહતો, મોહતો પરિવાર હો લાલ;
હાંસી કરે અતિ કલકલી, માતાને હર્ષ અપાર હો લાલ. આ૦ ૨૦

ખોલે લીધો ખાંતશું, ધવરાવે પયઃપાન હો લાલ;
આંખે કાજલ ઘાલતાં, વિચ વિચ મેલે તાન હો. લાલ૦ આ૦ ૨૧

આપે હી લાગ્યો ઉઠવા, જાનુની ગતિ કાર હો લાલ;
પાવ ભરે ગિર ગિર પડે, માતા ડોલે લાર હો. લાલ૦ આ૦ ૨૨

માતા કો કર સાહીયો, હંસ બચ્ચા કી ચાલ હો લાલ;
બોલે ભાષા તોતલી, માતા પૂછે બાલ હો. લાલ૦ આ૦ ૨૩

જાઇ લોટે આંગણે, ધૂલે ધૂસર ગાત હો લાલ;
મુઠી બાંધી ધૂલસું. કંઠે લગાવે માત હો. લાલ૦ આ૦ ૨૪

માતા આપે સુખડી, આપી નાખે દૂર હો લાલ;
એ નહિં એ નહિં એ નહિં, ઓ તું લાવ હજૂર હો. લાલ૦ આ૦ ૨૫

આડો માંડી આકરો, રોવા લાગ્યો જામ હો લાલ;
બોલે માતા રૂખમણી, એ રહેવા ઘે કામ હો. લાલ૦ આ૦ ૨૬

તવ વય લીધી મૂલગી, માય નમાવે શીષ હો લાલ;
ચિરંજીવી ચિરંનંદજે, માતા દીયે આશીષ હો લાલ૦ આ૦ ૨૭

વારુ વાત વિનોદશું, કરતી વરતે માય હો લાલ;
વરસ સોલનો સંચિયો, દુઃખ દેશાંતર જાય હો. લાલ૦ આ૦ ૨૮

માય મનોરથ ગુંથતી, સફલ થઇ તે આજ હો લાલ;
પૂરવ પુન્ય પ્રસાદથી, મિલીયા એ શુભ સાજ હો. લાલ૦ આ૦ ૨૯

એ તો બાણુમી કહી, ઢાલ મહા અભિરામ હો લાલ;
શ્રીગુણસાગર સુરજી, સરીયાં વંછિત કામ હો. લા૦ આ૦ ૩૦

---

## દોહા

શ્રી બલભદ્ર તણા વલી, સુભટ મહા ઝૂઝાર;
આવી હુવા એકઠા, રુખમણીને દરબાર. ૧

મદન કહે માતા કહો, એ છે કવણ વિચાર;
જે તેં તરુવર વાવીયા, તે એ ફલ વિસ્તાર. ૨

---

## ઢાલ ૯૩ મી

( વનમાલાની–એ દેશી )

તે ફલ એ વિસ્તરીયાં રે, એ ભડ આવી પરિવરીયાં રે;
દાશીની વેણી વાઢી રે, તે નકટી કીધી કાઢી રે. ૧

તે હોડે ભામા ભાંખી રે, હરી હલધર દીધાં સાખી રે;
સતભામા જાઇ પોકારી રે, તિહાંથી ભડ આયા ભારી રે. ૨

મા ચિંતા નવી ધરણી રે, તું દેખે હમારી કરણી રે;
વિદ્યા બ્રાહ્મણ કીજે રે, લાકલડી હાથ ગ્રહીજે રે. ૩

પેટ વડો તસુ હાલે રે, તે હલુએ હલુએ ચાલે રે;
તે ખીલી રાખ્યા સઘલા રે,
તે સુભટ હુવા અતિ નિબલા રે. ૪

તવ એક મોકળો કીધો રે, પ્રભુ પાસે ગયો તે સીધો રે;
સુણી બોલે શ્રી બલદેવા રે, એ મંત્ર તણાં બલ લેવા રે. ૫

એ વહુ તો મોહનગારી રે, એ વહુ તો આપ ઠગારી રે;
એ વહુ તો કામણ જાણે રે,
એ નાચે પિયુ વશ આણે રે. ૬

શીલો દહિં દાંત જ્યું તોડે રે, શીલો જલ પર્વત ફોડે રે;
એ મોર ચવે સુખે મીઠો રે, પણ સાપ ગલંતો દીઠો રે. ૭

વાણી એહ વડકી રે, સાપીણથી પણ વાંકી રે;
અક્ષરનો અધિકો આઘો રે, ઉરહો નવિ આવે વાઘો રે. ૮

જે કામ કરે નહિં પાંખે રે, તે કામ સમારે આંખે રે;
જે કાલો ક્રોધી વિશેષે રે, તે મંત્ર બલે નીચું દેખે રે. ૯

નર ખોડે દીધા ખૂટે રે, નર બંધન બાંધ્યા છુટે રે;
મંત્રબલે બાંધી આણ્યો રે, નવિ છૂટે તે નર તાણ્યો રે. ૧૦

એ મર્મ મહા મેં લાધો રે, મંત્ર બલે માણુસ ગધ્યો રે;
તે સાહમો હોઇને ભૂંકે રે, તે ભાર ભલાઇ મુકે રે. ૧૧

એ તો હું જાઇને દેખું રે, એ મંત્ર તણો બલ પેખું રે;
એ સુતને કીર્તિ દેવા રે, ચલી આયા પ્રભુ તતખેવા રે. ૧૨

તવ તે બ્રાહ્મણ સોવે રે, દરવાજે આડો હોવે રે;
ઉઠ કહે હલધારી રે, દિયે વાટ વિશેષે વિશેષે વિચારી રે. ૧૩

વિપ્ર કહે સુણુ સ્વામી રે, તું એ અંતરજામી રે;
ભામાનો ભોજન ખાધો રે, અતિ હોડે તે ફલ લાધો રે. ૧૪

પ્રભુજી પાછા વલીએ રે, ગુરુબુદ્ધિ વિચારી ટલીએ;
રીશ વશે સો ભાંખે રે, મર્યાદા ન તેહની રાખે રે. ૧૫

અલગો થા ઘણાં ખાણાં રે, મુજ મંદિર માંહિ જાણ્યાં રે;
વિપ્ર જાણી એમ દાખી રે, ન ખવાએ જીવતી માખી રે. ૧૬

એહ વચને હલધર રીસે રે, પગ સાહીને તસ ઘીસે રે;
પહોતા પોલે જાઇ રે, તે કાયા અધિકી થાઇ રે. ૧૭

ફિરી પૂંઠે જબ દીઠો રે, તે બ્રાહ્મણ થાનક બેઠો રે;
મર્મ ન લીધો કોઇ રે, અતિ કાલો પીલો હોઇ રે. ૧૮

મુઇ સુઇણી પરે મંડે રે, અવરાને એ કેમ છંડે રે;
એ ડાકિણી સાકિણી સાચી રે,
લહી માન મહા મદમાચી રે. ૧૯

પુનરપિ ચાલી આવે રે, તે ધસમસ કરતો ધાવે રે;
દીસે રીસ અપાર રે, તવ પૂછી માય કુમાર રે. ૨૦

માય કહે સુણુ લાલન રે, એ મોટાના મદ ગાલણ રે;
એ યાદવ કેરો નાયક રે, એ તુમ પિતા સુખદાયક રે. ૨૧

શ્રી હરીવંશે એહવો રે, કો હુવો ન એ છે જેહવો રે;
શ્રી બલદેવ સોહાયો રે, એ તુજ ઉપર અબ આયો રે. ૨૨

તુમ્હ જાઇને પગે લાગો રે, તુમ્હ પાછા હી મતિ ભાગો રે,
જાણી ડીકુ સાથે રે, મતિ ઘાલો મોહડે હાથે રે. ૨૩

મદન કહે મા સુણીએ રે, તે તો પરમારથ એ ગુણીએ રે;
કાલો નાગ ખેલાવે રે, તે તો વાદી રાય કહાવે રે. ૨૪

યુદ્ધ કિસ્યું પ્રભુને ભાવે રે, મૃગપતિનો અધિકે દાવે રે;
રણુ ચઢિયો રોલાવે રે, હલ મુશલ માર મચાવે રે. ૨૫

વિપ્ર વેશ ન છંડે રે, તે સિંઘ થઇ અતિ મંડે રે;
બાલ શશી સમ દાઢો રે, ગિરી મેરુ સરીખો ગાઢો રે. ૨૬

કુંકમ કેશર છાજે રે, તવ મસ્તક પુંઠ વિરાજે રે;
સિંઘ નાદ તે કરતો રે, તે મંદિરથી નીસરતો રે. ૨૭

હલધર દેખી વિમાસે રે, ભાભી મરી એ ઇણે હાસે રે;
એ નારી નહિં ઘર સરખી રે, મેં ધૂર છેહાં લગે પરખી રે. ૨૮

ઉપરણીશું હાથો રે, વામો વીંટે નરનાથો રે;
આગે ધરીને ઢૂંકયો રે, તે ચોટ કરંત ન ચૂકયો રે. ૨૯

તે માંહોમાંહિં વલગા રે, જણ જોવે ઉભા અલગા રે;
તાડન તર્જન કરવે રે, ઉલ્લાસ ઘણે અનુસરવે રે. ૩૦

તે હાર્યો હરીને આગે રે, હલધરજી ધરતી લાગે રે;
મદન ગયો મા પાસે રે, અલંગ્યો અતિ ઉલ્લાસે રે. ૩૧

પુત્ર પરાક્રમ દીઠા રે, મા લોચન અમીય પઇઠા રે;
હલધર નિજ ઘર આયો રે, સુતને જશ કલશ ચઢાયો રે. ૩૨

ઢાલ ત્રાણુમી વારુ રે, મકરધ્વજ બલ વિસ્તારુ રે;
શ્રી ગુણસાગર ભાખે રે, એ તો પૂરવ પુન્ય પ્રકાશે રે. ૩૩

---

## દોહા

માતા પૂછે કુમરને, કિહાં અછે રુપીરાય;
ઉદધિ કુમરીની પાખતી, કુમરી કવણ કહાય. ૧

કુમરી હરણ આદે કરી, ભામા મુંડણ અંત;
દશ હી બોલ સુણાવીયા, અચરજકારી સંત. ૨

કહણ સુણણ સરીખા નહિં, સુતના ચરિત્ર અનેક;
સુરગુરૂ તો ભલ વરણવે, મેં મુખ રસના એક. ૩

અવર સકલ વિધિ સાચવી, સુખ દુઃખદાયી દોઇ;
અબ મલો જઇ તાતને, તાત પરમ સુખ હોઇ. ૪

---

### ઢાલ ૯૪ મી

( હો નણદલ થાંકો વીરો ચારિત્ર લઈ—એ દેશી )

હો કુમર જાઇ મિલો તુમ્હ તાતને,
તાત વડો સંસાર હો કુમર;
બોલે માતા રૂખમણી,
આણી હેત અપાર હો કુમર. જાઇ મિલો૦ ૧

જિમ સુખ દીધો મા ભણી,
તિમ સુખ ધો નિજ તાત હો; કુ૦
તાત તુમ્હારા દરિસણે, તરસે થો દિનરાત હો. કુ૦ જા૦ ૨

સ્વર્ગ થકી સુખ સ્વર્ગીના,
જેહનો સ્વામી તાત હો; કુ૦
પંડીતજનની ગોઠડી, ત્રીજો દક્ષિણ વાત હો. કુ૦ જા૦ ૩

કુમર કહે કિહાં મિલું, પરખદા માંહિં જાય હો; કુ૦
તાત તુમ્હારો પુત્ર છું,
ઇમ તો મેં ન કહાય હો. કુ૦ જા૦ ૪

રાજા રાણા પૂછશે, એ કુણ એ કુણ એહ હો; કુ૦
એ રૂખમણી સુત આઇયો, થો પરદેશાં જેહ હો. કુ૦ જા૦ ૫

ભલે પધાર્યો બાપડો, માવિત્રાં સુખ કામ હો; કુ૦
રડવડતો થો પર ઘરાં,
જિમ તિમ આયો ઠામ હો. કુ૦ જા૦ ૬

નાન્હા મોટાંના કીયાં, મેં ન ખમાયે બોલ હો; કુ૦
હું નીસાણ બજાવતે, મિલસ્યું ઘુડાઇ ઢોલ હો. કુ૦ જા૦ ૭

વડ બાબા વડ બંધવા, હરી હલધર શું સોર હો; કુ૦
મચાઉં અતિ આકરો, જોઉં જાદવ જોર હો. કુ૦ જા૦ ૮

નેમનાથ છંડી કરી, છેદીશ સહુ પરિવાર હો; કુ૦
આપ જણાવી તાતને, કરશું જાઇ જુહાર હો. કુ૦ જા૦ ૯

વાચા માગું તુજ કન્હે, ચાલ હમારી લાર હો; કુ૦
અણુપૂછયાં આવું નહિં, પતિવ્રતા આચાર હો. કુ૦ જા૦ ૧૦

જાણ્યું મતિ પાછો વલે, મતિ સમરે ઉદ્દેશ હો; કુ૦
કૃષ્ણ તણી છે પાધરી, માની વાત અશેષ હો. કુ૦ જા૦ ૧૧
બાંહે સાહી રૂખમણી, પરખદા ઉપર આય હો; કુ૦
કીધી પુરૂષા પ્રચારણી, સાંભલ જાદવરાય હો. કુ૦ જા૦ ૧૨
લો લો લોઅગ પાંડવો, અવર જે કો ઝૂઝાર હો; કુ૦
આવી મીલો ઉતાવળા, લાગો હમારી લાર હો. કુ૦ જા૦ ૧૩

ચંદેરીપતિ મારીઓ, કીયો અતિ સંગ્રામ હો; કુ૦
આણી રાણી રૂખમણી,
સો અબ જાયે નિકામ હો. કુ૦ જા૦ ૧૪

વિદ્યાધરપતિ નંદન, હું એકાકી બાલ હો; કુ૦
લીધા જાઉં રૂખમણી, જેહનો હરી રખવાલ હો. કુ૦ જા૦ ૧૫

ચોર નહિં લંપટ નહિં,
નહિં નટ વીટમેં નામ હો; કુ૦
સાહી રહ્યો છું સુંદરી,
કયું ન ધસે નૃપ સામ હો. કુ૦ જા૦ ૧૬

સ્યા તુમ્હ રાણા રાજીયા,
સ્યો જીત્યો જગત મામ હો; કુ૦
જેહની લીજે ભામની, અવર કિસ્યું કરે કામ હો. કુ૦ જા૦ ૧૭

યુદ્ધ વિના જાઉં નહિં, સાંભલજો જે સૂર હો; કુ૦
પાછી હી જબ દોડસ્યે, તે કાં કીજે અસુર હો. કુ૦ જા૦ ૧૮

ઇમ સુણી જાદવસભા, હલ હલ હુઇ અપાર હો; કુ૦
સંબાહ્યા ભડ સામટા, ગાઢા ઝૂઝણહાર હો. કુ૦ જા૦ ૧૯

મૂર્છાણો હલધર મહા,
સુણી રૂખમણી અપહાર હો; કુ૦
ઉઠાઇ ઉભો કીયો, રાતો થયો અપારે હો. કુ૦ જા૦ ૨૦

ભૃગુટી ભાલે ભમાડતો, કરતો કંપ શરીર હો; કુ૦
ઉઠયો અચ્યુત ઉતાવલો,
મેરુ તણી પરે ધીર હો. કુ૦ જા૦ ૨૧

પાંડુનંદન પરવડા, અર્જુન ભીમકુમાર હો; કુ૦
કુવણ કુવણ કરી કલકલે,
ન લહે નિજ પરિવાર હો. કુ૦ જા૦ ૨૨

આપ આપણે પારખે, ગાજંતા ભૂપાલ હો; કુ૦
ઉગ્રસેન આદે કરી, અરીકુલ કેરા કાલ હો. કુ૦ જા૦ ૨૩

એ ચોરાણુમી ઢાલમેં, આપ જણાવણ હેત હો; કુ૦
શ્રી ગુણસાગર સુરજી, મદન કીયો સંકેત હો. કુ૦ જાધ૦ ૨૪

---

## દોહા

(સિંધુ રાગે)

છાતી ફરસે કેઇ ભડ, કેઇ અધર ડસંત;
કેઇ હાથ પછાડતા, જાણે પાડે તંત. ૧

કંપાવે કાયા ઘણી, ક્રોધ તણે વશ જોય;
અંધ હોઇ આગે ધસે, સમજ પડે નહિં કોય. ૨

થંભ ઉખાલી નાખતા, મોડતા નિજ અંગ;
સુભટ વહે ઉતાવલા, દેખવા રણરંગ. ૩

---

## ઢાલ ૯૫ મી

(કાગલ લખી દીધો રે—એ દેશી)

રણરંગે રાતા રે, ભડ મોટા માતા રે,
ખાતા હો અમલ અલવેસરુ રે;
રણભેરી દીધી રે, કાંઇ ઢીલ ન કીધી રે,
લીધો હો નેમ એ સુંદરુ એ રે. ૧

કારજ અણુસરીયા રે, ભોજન પરહરીયા રે,
સરીયા હો કારજ જલપિયાં રે;
બગતરને અંગે રે, શિરટોપશું ચંગે રે.
ચંગા હો ખડગ હાથે લીયાં રે. ૨

બરછી જલહલતા રે, ખાંડા ખલખલતા રે,
ઢાલતા હો નેજા અતિ ભલાં રે;
તીરાંશું તરકસ રે, ભરી લીધાં કરકસ રે,
બરકસ હો રાખી રાખણુ કલા રે. ૩

ઘોડાને હાથી રે, સદન સહુ સાથી રે,
આરુઢ હો હુવા તે ભડ સહુ રે;
તવ બોલે માતો રે, સાંભલ સુત વાતો રે,
વીરની હો માય કહેવાડજે રે. ૪

ત્રીય ભાંખે કંતા રે,
મોડે ગજદંતા રે, સૂરનો હો નામ લહેવાડજે રે;
સખીયાંમેં મુજ વાસો રે, ન સહાય હાંસો રે,
સ્વામીનો કામ સમારજે રે. ૫

કુસુમકી સેજો રે, સોવંત સહેજે રે,
વિટીએ હો દુહવીયો તું ઘણો રે;
સહેણા છે સેલો રે, ખાંડાના ખેલો રે,
ખેલ ખરો અસોહામણો રે. ૬

રાયાગણ આયા રે, શોભંત સવાયા રે,
પાયા હો સુજશ પ્રગટપણે રે;
કોઇ છત્ર ધરાવે રે, કોઇ ચામર ઢલાવે રે,
ભાવે હો ચિત્ત રાજા તણા રે. ૭

રણભૂમિ આયા રે, યદુપતિ રાયા રે,
માંડયા હો લોગ લડાવણી રે;
માતા સુનીસંગે રે, મેલી મનરંગે રે,
રંગે હો જંગ ઉડાવણી રે. ૮

હરી સાથ સરીખો રે, એ સયલ પરીખો રે,
કીધા હો વિવિધ પ્રકારશું રે;
નર હયવર હાથી રે, સાથાશું સાથી રે,
ઝૂઝે હો ધર્મ વિચારશું રે. ૯

ગોખે ચઢી હો ગોરી રે, દેખે ચિત્ત ચોરી રે,
આગે હો સોહે મારો નાહલો રે;
કુલદેવી મનાવે રે, પિઉડો જશ પાવે રે,
આજ હો એહ ઉમાહલો રે. ૧૦

શૂરા અતિ ઝૂઝે રે, નરકાયર ધ્રુજે રે,
દીન વચન મુખે જપતા રે;
જોવે દેવ તમાસો રે, આકાશે વાસો રે,
વાસંગી હો થરહર કંપતા રે. ૧૧

ભડ ભડ ભાગે રે, હરીદલને આગે રે, કામ કરે ઉઠાવણી રે;
દલ દેખી ખીસંતાં રે, આયા ધસમસતા રે,
હલધર પાંડવ પર ભણી રે. ૧૨

તે ચોંપે ચડીયા રે, અતિ ગાઢા લડીયા રે;
નડીયા હો મદન માયા કરી રે;
હરી આપગુ આયો રે, સબ જોર દેખાયો રે,
કાંઈ ન ચાલે ચિંતા ખરી રે. ૧૩

પગ આઘા ઠાવે રે, હરી સાહમો આવે રે,
પાવે હો સુખ હરી દેખવે રે;
હરી લોયણ દક્ષ રે, વર બાંહ સુલક્ષણ રે,
ફૂરકે હો તે નર દેખવે રે. ૧૪

હરી ભાંખે ભાઇ રે, તેં રીશ લગાઈ રે,
તોહી તુજ સાથે નેહલો રે;
હસી બોલે નીકો રે, જાયો હરીજી કો રે,
કુણ સમો નેહનો ભલો રે. ૧૫

જો જોર ન ચાલે રે, કાં ભાંખન ઘાલે રે,
આપી હો ત્રીયારૂપી ભીખડી રે;
એહ વચને કોપ્યો રે, અતિ ગાઢો રોપ્યો રે,
નાખું હો ત્રોડી જ્યું ચીચડી રે. ૧૬

જેહનો બલ આપો રે, તે છેદ્યો ચાપો રે,
એ વલી નામ મહાબલી રે;
ઘરે વેગા જાઓ રે, હરી સુખીયા થાઓ રે,
નારી હુઇ ન હુઇ ભલી રે. ૧૭

અંગૂઠાથી લાગી રે, જાઇ માથે જાગી રે,
રોમે હો રોમ સાલી ઘણી રે;
તવ કોડી ઉપાયો રે, કીધા હરી રાયો રે,
એક ન લાગ્યો નંદન ભણી રે. ૧૮

શસ્ત્ર બલ ભાંગો રે, હરી બાથાં લાગો રે,
કાલરૂપી હો થયો કાન્હડો રે;

માતાજી દેખે રે, ચિંતા સુવિશેષે રે,
મત રે દમે મારો નાન્હડો રે. ૧૯

એ છે મુજ આડા રે, એ દોઇ પવાડા રે,
હાણી હોવે ઘર માહરે રે;
રુષી રોષ વિચાલો રે, જઇ કીજે ટાલો રે,
હાથે હો વાત છે તાહરે રે. ૨૦

રુષી વીચ કરાવે રે, રુષી રોષ હરાવે રે,
કૃષ્ણ કરો કિસ્યું નંદશું રે;
નંદન સમજાયો રે, ધસી સાહમો આયો રે,
લાગ્યો હો પાય આણંદશું રે. ૨૧

આલંગી લીધો રે, જાણે અમૃત પીધો રે,
કીધા હો વિવિધ વધામણા રે,
હરી હરખ ન માવે રે, સુત દર્શન સોહાવે રે,
પાવે હો આનંદ અતિ ઘણો રે. ૨૨

એ ઢાલ પ્રસિદ્ધિ રે, પંચાણુમી કીધી રે,
કીધી હો આપ જણાવણી રે;
કુહે ગુણસાગર રે, હરીનંદ ઉજાગર રે,
નાગર નવલ લીલા ઘણી રે. ૨૩

---

### દોહા

કામકુમર મલવે કરી, એ અધવિચ વિચાલ;
હર્ષ અને વિખવાદ અતિ, હરી પામ્યો સમકાલ. ૧

નંદ મિલ્યો આનંદમેં, એ હરી હરખ અપાર;
બંધવ ભડ ધરણી પડયા, એ વિખવાદ અપાર. ૨

સંકેલી માયા સહુ, જે જિમ થા તિમ કીધ;
જય જયકાર હુવો જગતમેં, મદન મહા જશ લીધ. ૩
માર માર કર ઉઠીયા, સચું કહે નૃપ સ્વામ;
એક એ પુત્ર હમારડે, સકલ કીયાં ગત મામ. ૪
માતા એસા પુત જણે, જેસા કામકુમાર;
જિહાં જોઉં તિહાં તેહવો, આપ જણાવણ હાર. ૫

## ઢાલ ૯૬ મી

( સુધારસ મોરલી બાજે એ—દેશી )

આપ જણાયો જગતમેંજી, શ્રી શ્રી કામકુમાર;
જાદવ પાંડવ ભોજગાં રે, માર્યો માન અપાર;
પુત્ર પધારીયો રે. એ આંકણી ૧

હરખ્યો કૃષ્ણ નરેશ હરખી મા સુવિશેષ,
હરખ્યા લોક અશેષ. પુ૦
ઉદધિ વિજય આદે કરી રે, પ્રણમ્યા દશે હી દસાર;
આલિંગી હૈડે ધરે રે, શ્રી બલભદ્ર ઉદાર. પુ૦ ૨

રાજા અર્જુન ભીમશું રે, મિલવાનો અધિકાર;
રાજા રાણા પ્રણમ્યા રે, પગે લાગ્યો પરિવાર રે. પુ૦ ૩

ભાનુકુમાર નાશી ગયો રે, માતા ભામા પાસ;
વાત જણાવી વિસ્તરી રે, ભામા હુઇ ઉદાસ રે. પુ૦ ૪

બોલી ભામા ભામની રે, આરતિવંતી હોઇ;
જે કિરતાર વડા કીયા રે, તે સ્યું જોર ન કોઇ. પુ૦ ૫

ગગન થકી ઉતારીયો રે, વિદ્યા રુપે વિમાન;
કુમરી રાખી ઓલવે રે, થગીત હુવા રાજાન. પુ૦ ૬

રૂખમણી પ્રભુ પગે લાગતાં રે, હરી હાંસો ન સમાત;
કયું ન જણાવી મુજ ભણી રે, સુત આગમની વાત. પુ૦ ૭

હરી નિરખે મુખ રૂખમણી રે,
રૂખમણી હરીમુખ જોય;
હરી રૂખમણી મુખ પુત્રનો રે, પુત્ર પિતા મા જોય. પુ૦ ૮

અમૃત વરસે લોયણે રે, પરમ મહાસુખ હોઈ;
તે સુખ જ્ઞાની બાહિરો રે, અવર ન જાણે કોઇ. પુ૦ ૯

ભામા છે વડભાગણી રે, કહીતી થી અનીવાર;
અબ ભાગ કેહનો વડો રે, કુણ વડી સંસાર. પુ૦ ૧૦

મેં પણ બાલપણા થકી રે, કામ કીયા અભિરામ;
મુજ હી સ્યું મંડયા ભણી રે, અધિકો કુમર કામ. પુ૦ ૧૧

નગરીની શોભા ઘણી રે, કચરો કાઢે રે દૂર;
ફૂલ વિખેરે શેરીએ રે, અગ્ર દેવે અતિ ભૂર. પુ૦ ૧૨

વાજાં વિવિધ પ્રકારના રે, ગુહર ગડે નીશાણ;
નાદે અંબર ગાજીયો રે, નાચે પાત્ર સુજાણ. પુ૦ ૧૩

ઘર ઘર ગુડી ઉછલે રે, ઘર ઘર મંગલ ચાર;
ઘર ઘર હોવે વધામણા રે, ઘર ઘર ઓચ્છવ સાર. પુ૦ ૧૪

પુત્ર પિતા હસ્તી ચડી રે, રૂખમણી ડોલે લાર;
દશ દસાર ને હલધરુ રે, લોકાંનો નહિ પાર. પુ૦ ૧૫

ગોખે બેઠી ગોરડી રે, બહુલી દે આશીષ;
માત પિતાની પૂરજો રે, આશા અધિક જગીશ. પુ૦ ૧૬

ધન તું માતા રૂખમણી રે, થારે એવો પુત;
ઘણાં કિશ્યું કરે જાઇયાં રે, કારણ કોડીક સુત. પુ૦ ૧૭

સાંભલતાં મારગ વિષે રે, વિવિધ પ્રકારે બોલ;
આયા રૂખમણી મંદિરે રે, વાગ્યા જંગી ઢોલ. પુ૦ ૧૮

મદન મહોચ્છવ કીજતાં રે, હરખે સઘલા લોક;
ભામા ને ભાનુ તણો રે, ચિત્તડો થાય સશોક. પુ૦ ૧૯

હરી હલધર નિજ નંદશું રે, અવર અનેરા રાય;
રૂખમણી ઘરે આરોગીયા રે, દિન કેતા એમ થાય. પુ૦ ૨૦

દૂર્યોધન નૃપ આવીયો રે, હરીશું કરે પોકાર;
મુજ પુત્રી વહુ તુમ્હ તણી રે, કયું ન કરો પ્રભુ સાર. પુ૦ ૨૧

હરી ચિત્ત ચિંતા આકરી રે, જાણી મદન જે વાર;
કુમરી આણી આપતાં રે, હરી હરખત તેવાર. પુ૦ ૨૨

દૂર્યોધન અને હરી કહે રે, પરણો એહી કુમાર;
પુત્રી સરખી માહરે રે, લઘુ ભ્રાતાની નાર. પુ૦ ૨૩

સાજન મેલાની ભલી રે, છન્નુમી એ ઢાલ;
શ્રી ગુણસાગરજી કહે રે, નમીયે પુણ્ય ત્રિકાલ. પુ૦ ૨૪

ચોપાઈ

ખંડખંડ રસ છે નવ નવા, સુણતાં મીઠા સાકર લવા;
શ્રી હરીવંશ ચરિત્ર જય જયો, ચોથો ખંડ એ પૂરણ થયો. ૧

ઇતિ ચતુર્થઃ ખંડ સમાસઃ

## ખંડ ૫ મો

### દોહા

આચાર્ય ઈંદ્રી દમે, આચાર્ય બ્રહ્મચાર;
આચાર્ય આપે કરે, ક્રોધાદિક પરીહાર. ૧

આચાર્ય વ્રત આચરે, આચાર્ય આચાર;
સુમતિ ગુપ્તિવ્રત પાલતાં, આચાર્ય ગુણસાર. ૨

આચાર્ય આરાધતાં, આપે વાણી વિલાસ;
અબ પંચમ અધિકારનો, પભણું પુન્ય પ્રકાશ. ૩

કૃષ્ણ કહે સચિવા પ્રત્યે, મદન કુમારકો વ્યાહ;
માંડયો આડંબર ઘણે, કર્યો ઘણો ઉચ્છાહ. ૪

ખેચરપતિ ને ખેચરી, બોલાવ્યા તેહીવાર;
સાથ ઘણી કન્યા તણે, રતીને લીધી લાર. ૫

આયા નગરી દ્વારીકાં, હરી બલ અને કુમાર;
સાહમા જાઇ સાચવે, વિનય તણો આચાર. ૬

રૂખમણી ખેચરણી મલી, માંહોમાંહે આનંદ;
બ્હેની પ્રસાદ તુમ્હારડે, એ મુજ ઘર આનંદ. ૭

ભૂચરણી ને ખેચરી, દેવકુમરી અવતાર;
સરખી વયે પંચાશવર, કન્યા મેલી ઉદાર. ૮

સગા સણીજા સામટા, બ્હેન ભૂઆ ભાણેજ;
વિંટી મલીયા એકઠા, સહુ પરિવાર સાહેજ. ૯

## ઢાલ ૯૭ મી

( સહેરાની તથા મોક્ષ નગર માહરૂં સાસરૂં એ—દેશી )

ગુંથી માલણો ભલો સેહરો, રચના રચી સાર રે;
કામ કુંવર શિર સોહતો, સોહે શોભ અપાર હો. ગુંથી૦ ૧

પાંચ પીરોજા હીરના, મુક્તાફલ વર લાલ રે;
માણેક ચુની લસણીયા, ભલા રતન રસાલ રે. ગુંથી૦ ૨

વિવિધ પ્રકારે કારીગરી, કરી ખાંતે અનેક રે;
દેખણ આવે દેવતા, મન આણી વિવેક રે. ગુંથી૦ ૩

મોહન મસ્તક ઓપતાં, કાને કુંડલ દોઇ રે;
ચંદ ને સૂર્ય એકઠા, મલીયા તિહાં જોઈ રે. ગુંથી૦ ૪

નખશીખ લગી બણુતાં જીકે, ભલા ભૂષણ હોઈ રે;
પહેર્યા પરમ પાવન પણે, સોહે ઈંદ્ર સમ સોઇ. ગુંથી૦ ૫

પંચ સ્વર શબ્દ સોહામણાં, વાજંતા નિશાણ રે;
નાચે પાત્ર મન ભાવતા, દીજે વંછિત દાન રે. ગુંથી૦ ૬

ગયવર શીર સીંદુરનો, ઘણો કીધલો પૂર રે;
હયવર સાર સમારીયાં, ચાલે ઉદધિ હિલુર રે. ગુંથી૦ ૭

સાજન મિલ્યા સામટા, મલી સામટી બાલ રે;
ધવલમંગલ ઘણાં ગાવતી, ત્રીય ઝાકઝમાલ રે. ગુંથી૦ ૮

કુમર ઘોડે ચડયો મોટકે, આયા બાગ મોઝાર રે;
કાલસંવર હરી ઓચ્છવ, કરે વિવિધ પ્રકાર રે. ગુંથી૦ ૯

ખેચરણી ખરી ખાંતિસું, ગાવે નવનવા ઘોલ રે;
ભૂચરણી ભરમાવવા, કરે અતિ ઘણાં ટોલ રે. ગુંથી૦ ૧૦

પહેલી પરણી રતિ રંગશું, પછી પંચાશને ઠાઠ રે;
એક લગ્ને તવ વ્યાહનો, ભણે બ્રાહ્મણ પાઠ રે. ગુંથી૦ ૧૧

પરણી પધાર્યા મંદિરે, પહોતી મનતણી કોડ રે;
ઇંદ્ર ઇંદ્રાણી સારખી, મલી કામ રતી જોડ રે. ગુંથી૦ ૧૨

ખેચર ખેચરણી ગયા, તવ આપણે ઠામ રે;
પુન્ય તણાં ફલ ભોગવે, ભલી ભામની પામ રે. ગુંથી૦ ૧૩

ઉદધિકુમરી આદે કરી, નૃપ કુમરી શું વિલાસ રે;
ભાનુકુમર પરણાવીયો, પુગી માયની આશ રે. ગુંથી૦ ૧૪

કામ કીર્તિ અતિ વિસ્તરી, ઘર ઘર બાર બજાર રે;
દેશ પુર નગર ઘણું, જગમાંહે જયકાર રે. ગુંથી૦ ૧૫

વદન વિરાજિત ભારતી, કરી લચ્છી નિવેશ રે;
અમરખ આણીને કીરતિ, લીયો આપે પરદેશ રે. ગુંથી૦ ૧૬

કમલી રમલી કરે રંગશું, ભોગી ભમરલો જેમ રે;
નાગર નવલ રસ રામતી, રમે રાતદિન તેમ રે. ગુંથી૦ ૧૭

એ સત્તાણુમી ઢાલમેં, હુવો કુમર પરણેત રે;
શ્રી ગુણસાગર સુરજી, રૂખમણી સુખહેત રે. ગુંથી ૧૮

---

### દોહા

શ્રી કુંવર વર સાંભનો, ચરિત્ર સુણો ભવિ લોય;
ચરમશરીરી આતમા, નામ લીયા સુખ હોય. ૧

પૂર્વભવંતરનો ભલો, ભાઇ કામકુમાર;
આવી મિલે કિમ એકઠો, પ્રીતિ તણો વ્યવહાર. ૨

---

### ઢાલ ૯૮ મી

( કેશર વરણો હો કાઢ કસુંબો મારો લાલ એ—દેશી )

કૈટભ જીવ જે હો, સુખ બહુ માને મારા લાલ;
બારમે સ્વર્ગે હો, દેવ વિમાને મારા લાલ.

એકદિન આવે હો, સીમંધર પાસે મારા૦
વિધિયુત વંદે હો, મન ઉલ્લાસે મારા૦ ૧

પૂર્વભવનો હો, સયલ વિચારો મારા૦
પૂછયા ભાંખે હો, જીનવર સારો મારા૦
પુનરપિ પૂછે હો, બંધવ માહરો મારા૦
તેહનો કિહાં છે હો, શુભ અવતારો મારા૦ ૨

તવ જિન ભાંખે હો, હરી ઘર સોહે મારા૦
સુખમેં હો, જનમન મોહે મારા૦
મુજને મેલો હો, ભાઇશું હોશે મારા૦
કે નહિં ભાંખે હો, જિનવર જોશે મારા૦ ૩

સુણ તું સુરવર હો, નહિં પણ ત્યાંહિં મારા૦
હરીઘર નંદન હો, થાશે ઉચ્છાંહિ મારા૦
તવ પ્રણમીને હો, જિનપદ ભાવે મારા૦
હરી સમીપે હો, સુરવર આવે મારા૦ ૪

વાત જણાવી હો, હરીને સઘલી મારા૦
હરીએ સાંભલી હો, હરખ ધરીને મારા૦
હાર સલુણો હો, હરીને દીધો મારા૦
તે મણીભાસુર હો, નામે પ્રસિદ્ધો મારા૦ ૫

વિધિ તવ દાખી હો, સુરવર જાવે મારા૦
હરી મન એહવો હો, વિતર્ક થાવે મારા૦
જો ભામાને હો, એ સુત આવે મારા૦
મદન સંઘાતે હો, દ્વેષ મિટાવે મારા૦ ૬

એ મર્મ હરીનો હો, મદને લહીયો મારા૦
હાર વૃત્તાંત જ હો, મા શું કહીયો મારા૦
અવર ન ચાહું હો, નંદ અનેરો મારા૦
કોડ સરીખો હો, તુંહી ભલેરો મારા૦ ૭

બાહુબલ ને હો, રામ સરીખો મારા૦
લક્ષ્મણ ભીષમ હો, એહ પરીખો મારા૦
એહી માતાએ હો, એકજ જાયા મારા૦
સિંહ સરીખા હો, તેજ સવાયા મારા૦ ૮

જાંબૂવતી ગેહે હો, કામકુમારો મારા૦
જઇને દાખે હો, હાર વિચારો મારા૦
હરી જો આપે હો, હાર સનૂરો મારા૦
તો તુમ પામો હો, કુમર શૂરો મારા૦ ૯

સત્યભામાનો હો, રુપ કરીને મારા૦
આવી જાંબુવતી હો, પાસ હરીને મારા૦
વસંત રમવા હો, વનમેં આયા મારા૦
હાર દેઇને હો, બહુ સુખ પાયા મારા૦ ૧૦

શીખ લઇ રાણી હો, નિજ ઘર આઇ મારા૦
વેરી કેરો હો, વાસ દુ:ખદાઇ મારા૦
ગાફીલ આવે હો, માર એ ભાવો મારા૦
ભામાની પરે હો, લહે પિછતાવો મારા૦ ૧૧

પક્ષ પ્રતાપે હો, ઇમ સુખ પાવે મારા૦
સપખો વાયસ હો, ફલ ઉંચ પાવે મારા૦
નિ:પખો માણસ હો, ઘણું સીદાયે મારા૦
સિંઘ સરીખો હો, ફલ નહિં પાયે મારા૦ ૧૨

આશ ધરીને હો, હવે સતભામા મારા૦
હરી સમીપે હો, આવી શામા મારા૦
પણ અણસર્જ્યો હો, પામે કિહાંશું મારા૦
ઝલફલ કીજે હો, પુન્ય વિના શું મારા૦ ૧૩

લુણી લઇ ગઇ હો, પ્રથમ નારી મારા૦
ચોરભર પીવો હો, તકજ સારી મારા૦
દેવ સંઘાતે હો, જોર ન ચાલે મારા૦
એહ વ્રતાંત જ હો, હરી મન સાલે મારા૦ ૧૪

હાર અનેરો હો, હરીએ આણી મારા૦
દીએ ભામાને હો, હરખી રાણી મારા૦
જાંબૂવતી ઉરે હો, સો દેવ આયો મારા૦
ભામા રાણી હો, અન્ય તે પાયો મારા૦ ૧૫

શુભ રિખવારે હો, કુમર જાયો મારા૦
જાંબૂવતીને હો, હરખ સવાયો મારા૦
રુપે દીપે હો, ભોગપુરંદર મારા૦
લક્ષણે શોભે હો, સર્વ સુહંકર મારા૦ ૧૬

તિણુહી વેલા હો, તિણુહી ગામે મારા૦
સારથીને ઘરે હો, પદ્મ નામે મારા૦
મંત્રીની નારી હો, તેણે પણ જાયો મારા૦
બુદ્ધિસેન નામે હો, સુત સુહાયો મારા૦ ૧૭

સેનાપતિ હરીનો હો, તસ ઘર પુત્ર મારા૦
જનમ્યો જયસેન હો, નામે ઉત્તર મારા૦
એ ચારે કુમર હો, નીકા કહીએ મારા૦
એક સમાના હો, જનમ્યા લહીએ મારા૦ ૧૮

વધાઓ આવે હો, હરીને આગે મારા૦
દાન જ આપે હો, તેહને રાગે મારા૦
ઘર ઘર મંગલ હો, સોહવ ગાવે મારા૦
સાંબકુમરજી હો, નામ સોહાવે મારા૦ ૧૯

ભામા જાયો હો, કુમર ભીરુ મારા૦
નામે સુભાનુ હો, અધિક અધીરુ મારા૦
દોઇ ઘર થાવે હો, મહોચ્છવ હેજે મારા૦
દિન દિન ચંદ જ્યું હો, ચડતા તેજે મારા૦ ૨૦

સાંબ સુભાનુ હો, જન્મ વખાણ્યા મારા૦
ભાઇ ભાઇશું હો, પ્રેમ પ્રમાણ્યા મારા૦

કહે ગુણસાગર હો, શ્રોતા સુણજો મારા૦
ઢાલ અઠ્ઠાણુમી હો, વચને શુણજો મારા૦ ૨૧

## દોહા

રુપ કલા ગુણ આગલા, ચંદ વર્ણું શુભ નયન;
કુમર દોઇ દેખતાં, લોક લહે અતિ ચયન. ૧

યાદવ નારી કર કમલ, કુંવર ભમર સુજાણ;
કેલી કરે મન ભાવતી, પ્યારા પ્રાણ સમાન. ૨

વારુ વસન વિરાજતા, વારુ ભૂષણ ધાર;
વારુ ચાલ મરાલની, વારુ સુખ દાતાર. ૩

સાંબ પઢાયો રતિપતિ, તિમહી ભાનુ સુભાનુ;
પરમ મનોહર ગુણનીલા, લાલન લીલા થાનુ. ૪

## ઢાલ ૯૯ મી

( પાંચમી વાડે પરમેસરુ, વખાણી વારુ—એ દેશી )

લાલન લીલા થાન, બોલે આઢે વયન;
માનની મન મોહવા, મોહની તો અયન. ૧

હમારે લાલનાં, લીલાવંત કુમાર;
જાંબૂવતી ભામા ભણે, પ્યારે પ્રાણ આધાર. ૨

ખેલંતાં અતિ ખાંત શું, મિત્રા કે પરિવાર;
પરખદા માંહિં આવીયા, કરણ તાત જૂહાર. ૩

સામ બેઠો કામપે, ભાનુપે સુભાનુ;
રુપે રંજે રાજવી, શોભા કે નિધાનુ. ૪

જુવા ખ્યાલ હોવહી, માંડવા બલદેવ,
કુંવર દોય ખેલાવવા; માંડીયા તતખેવ. ૫

કોડી કંચન હારીયો, તામ સુભાનુ કુમાર;
પહિલી જીત સાંબ કી, મદન કેરે ઉપકાર. ૬

કુક્કડ યુધે જીતીયો, કંચન કોડી દોઈ;
જા કી પૂંઠે કામ છે, જીત કયું ન હોઇ. ૭

સુવર્ણ સર્વ તામ હી, કામ દીયો વાંટી;
જુવા મીઠી હાર હે, આપે લુંટે આઠી. ૮

ચાર કોડી હેમની, જીતીયો ફલ હીંડી;
વાર નાંહિ દેત હી, કામ કામ કોડી. ૯

આઠ કોડી વિસ્તરે, હારે હારી સોલ;
તીસ દોઇકું કુડલે, તોહી નાવે બોલ. ૧૦

ચાર સાઠી કોસ્તુભે, કોડી દૂણી જોઇ;
અશ્વ વદે વાદ હી, હેમ હારે સોઇ. ૧૧

છપ્પન કોડી દોઈ સેં, યુદ્ધ હોડે જોડ;
લાક્ષય લોભ લોભવે, લીયોરી લીયો વહોડ. ૧૨

બેર ન વિચારી હીયે, ચહત માન સમાન;
મન પ્રાન શું ગમે, હોડી કરત હે આન. ૧૩

સાંબ કહે માયજી, ધર્યો ઢાંકયો આણ;
ફેરીઓ સાર નાવ હી, કછુક જીતી જાણ. ૧૪

ચિત્ત વિત્ત મોકલે, દેતાં શંક નાંહિ;
સર્વ સાંબ સાંબજી, હોઈ રહ્યો જગમાંહિ. ૧૫

દાન તે દેયા કરે, બાલ હી ગોપાલ;
દેવ સેવા સાચવે, માન હી ભૂપાલ. ૧૬

ભેરી એક જોજન, મેહ જોજન બાર;
સર્વ લોકમેં સુણીએ, દાન શબ્દ સાર. ૧૭

દાન દેતાં શંક હી, કરત સુજશ આશ;
પુત્ર પોધી વાંછના, બાજી કે વિલાશ. ૧૮

દેખી પેખી સુવિશેષી, ત્યાગ તેગ તાસ;
ધર્મ નંદ હલધરુ, પાઇયા ઉલ્લાસ. ૧૯

કૃષ્ણુ સાથે વિનંતી, કરત ધરતા હેત;
સાંબ કું નિવાજની, હોત કછુક દેત. ૨૦

દેવ વિનંતી કરો, કુમરજી કેરે કાજ;
દાયક પાયક માંહિ સ્યો, રીઝ હી તો રાજ. ૨૧

હાથી ઘોડા કી કછુ, નાંહિ હે પ્રવાહ;
આપ કુલ કીજતે, પામે હે ઉચ્છાહ. ૨૨

માસ એક રાજ દીયો, હલધરાદિક આય;
કામ ભાનુકુમાર એ, નમે સકલ રાય. ૨૩

નીતિ બાંડી અનીતિનો, તેણે કીયો દોર;
માચીયો મના ઘણો, શીલભંગનો જોર. ૨૪

મદનબંધુ ગુણેહી સિંધુ, નંદ નંદ નંદ;
ભવ વિના કુચાલે ચાલે, મોહની તો મસંદ. ૨૫

એ નવાણુમી ઢાલમેં, સાંબ કો વખાણુ;
સુરી ગુણસાગરુ, પુન્ય કો પ્રમાણ. ૨૬

---

### દોહા

જાંબુવતી શું હરી કહે, થારો સાંબકુમાર;
નગરીમાંહિ નારીનો, લોપે શીયલ અપાર. ૧

સા ભાંખે સ્વામી સુણો, માહરો સાધુ શું લોગ;
બાલક બોલી ન જાણહી, કિસ્યો અન્યાયી જોગ. ૨

કટકા માંહે ડાહરો, ઉંટ કહાવે જેમ;
કાંઇ કરો હરીરાયજી, લોગા વાહ્યા એમ. ૩

ચાડ ઘણો મુંહ લાગણો, દુબલ કન્નો રાય;
હોવે તો ઘર તેહનો, આટા ઠિક્કર થાય. ૪

પેટ ગણેશા સારીખો, શંકર કોસો શોચ;
કીયા કુટુંબા નિરવહે, અવર સકલ હી પોચ. ૫

કહી સુણી ચિત્ત નાણીએ, જાં નવિ નિરખે નયણ;
નયણે હી નિરખ્યા પછે, કહેણા નહિં કુવયણ. ૬

અણજાણ્યાં અણદેખીયાં, કહ્યો પરશીર થોક;
અણસહતાં ના શીખવ્યા, જૂઠ કહે છે લોક. ૭

---

## ઢાલ ૧૦૦ મી

( શીયલ સલુણી મયણ મહાસતી રે એ—દેશી )

સામ કહે સુણ સુંદરી રે, જૂઠ કહે નહિં લોય રે;
પંચામેં પરમેસરુ રે, પંચ કરે તિમ હોય રે. સામ૦ ૧

અંગુઠાથી ઘુંટીયા રે, ઘુંટીથી તો જાનુ રે;
જાનુથી કટી જઈ અડે રે, નાણે કોઇ ગૂમાન રે. સામ૦ ૨

કેડી થકી હૈડે ચઢી રે, હૈડાથી ગલે જામ રે;
પરમ મહા દુઃખ આવહી રે, અકુલાયે જન તામ રે. સામ૦ ૩

મૂલાજા મોટા તણાં રે, તોહી ન તોડયા જાત રે;
નાકે ચઢયો દુખ દુઃસહો રે, લોક તદા વિલતાત રે. સામ૦ ૪

વાડ ભખે જો કાકડી રે, વોલાવા લુટંત રે;
કુણ આગે પોકારીએ રે, માતા છોરુ કુટંત રે. સામ૦ ૫

પીયરીઓ પ્રજા તણો રે, રાજાજીનો નામ રે;
આપ અન્યાય જો આચરે રે, કેમ વસે તે ગામ રે. સામ૦ ૬

પ્રભુજીતો ભાંખી ઘણી રે, સા ન પતીજે એક રે;
બાલિક બાલા બાઉલા રે, એક સરીખી ટેક રે. સામ૦ ૭

સુંદરીને સમજાવવા રે, સામ કરે ઉપાવ રે;
પૂરવલી મન સાંભરી રે, ઘાવક જાણે ઘાવ રે. સામ૦ ૮

જાંબૂવતી આહિરણી રે, આપુણ હરી આહીર રે;
દહીં વેચણને આવીયા રે, બેલે જ્યાં કુંવર ધીર રે. સામ૦ ૯

સામા વરસાં સોલની રે, સામી વરસ સો દાખ રે;
સામા રૂપે રૂઅડી રે, દેખી કરે અભિલાષ રે. સામ૦ ૧૦

મંસાહારા લંપટા રે, સરીખો હોઇ સ્વભાવ રે;
ઓ માંસે ઓ રૂપશું રે, રાખે ચિત્તનો ચાવ રે. સામ૦ ૧૧

સાંબ કહે આહીરણી રે, આપુણ ઉરહી આવ રે;
વેચાઉં મહી તાહરો રે, અધિકો લાભ અપાર રે. સામ૦ ૧૨

કંત કહે કુંવર સુણો રે, આગે કોઇ ન કામ રે;
લાભે ધાયા બાપજી રે, આજ રહે જો મામ રે. સામ૦ ૧૩

લાતે માર્યો તવ ડોકરો રે, સાહી બાલા હાથ રે;
ખાંચી ચાલ્યો ભીંતરે રે, પ્રગટ થયો જગનાથ રે. સામ૦ ૧૪

પાપી ટલ માતા થકી રે, એમ કહી હરીરાય રે;
જાંબૂવતી પ્રગટ કરી રે, ભાજી ગયો ધરી લાજ રે. સામ૦ ૧૫

હરીણાક્ષી શું હરી કહે રે, દીઠા સુતના કામ રે;
માતા મયંગલ મારણો રે, હરી સામીની અભિરામ રે. સામ૦ ૧૬

જે ન ટલે સંબંધથી રે, અવરાં કેમ ટલંત રે;
અભખ ભખે જે માનવી રે, તે કયું ભખ ન ભખંત રે. સામ૦ ૧૭

હાથ છરીને લાકડી રે, બુટી ઘડતો આપ રે;
આયો પરપદામેં ચલી રે, પૂછે શ્રીહરી બાપ રે. સામ૦ ૧૮

કુંવર એ શું કીજીએં રે, પ્રભુ એ ખુટી થાય રે;
વાત કહે જે કાલની રે, એ તસ મુંહમેં દેવાય રે. સામ૦ ૧૯

રે રે ધ્રીઠ શિરોમણી રે, રે રે કર્મકુપાત રે;
કરણી કહેણી તાહરી રે, સારખી દેખાત રે. સામ૦ ૨૦

દેશનીકાલો કીયો રે, જાજે અલગો અપાર રે;
ક્રોધે પૂર્યો કાન્હજી રે, ન કરે શોચ લગાર રે. સામ૦ ૨૧

રાજા એહવા ચાહીએ રે, ન્યાય ધર્મ પ્રતિપાલ રે;
બેટા ઉપર વાહણી રે, ખેડાવે ભૂપાલ રે. સામ૦ ૨૨

કામ કહે સુણ તાતજી રે, એ મુજ વાહલો વીર રે;
કહીએં આવે પગે લાગવા રે, સાહસવંત સધીર રે. સામ૦ ૨૩

કેશવ કોપવશે કહે રે, ભાનુકુમરની માય રે;
બેસાડી ભલ્લ હાથણી રે, લાવે તવ હી અવાય રે. સામ૦ ૨૪

ચડતે પાણી પેસવા રે, તામસ મેં અરદાસ રે;
ઔષધ્ર આદિ તાવને રે, એ તિનું વિષનાશ રે. સામ૦ ૨૫

બીડો હી તવ પાનનો રે, લેઇ ચાલ્યો સોઇ રે;
અતિ તાણ્યો ત્રુટે સહી રે, અતિ મથ્યો વિષ હોઇ રે. સામ૦ ૨૬

પગ પ્રણમી જનની તણા રે, ભામા વનમાં જાય રે;
વિદ્યાને બલે વાહલો રે, કન્યારુપ કરાય રે. સામ૦ ૨૭

વારુ વેષે વિરાજતી રે, જોવનવંતી નાર રે;
રુપકલા ગુણ આગલી રે, દીસંતી ઝાકઝમાલ રે. સામ૦ ૨૮

સો મી ઢાલ ભલી કહી રે, સાંબકુંવરશું રોષ રે;
શ્રી ગુણસાગર સુરજી રે, ઓસન ભરીએ કોસ રે. સામ૦ ૨૯

### દોહા

ભામા આવી બાગમેં, દેખી કન્યા રુપ;
મોહી મનમેં માનની, પૂછે સકલ સરુપ. ૧

એ વનમાંહે એકલી, કાંઇ ફરે સુકુમાલ;
દેખાતી સુંદર મહા, વલતો ઉત્તર વાલ. ૨

---

### ઢાલ ૧૦૧ મી

( હરીયા મન લાગો–એ દેશી )

ભામા ઠગ લાગ્યો, ઠગ લાગ્યો ઠગવા ભણી;
તો હી ભરમ ન ભાંગો હો, ભામા ઠગ૦ ૧

સાધુ કેવલ વાટડી, ઠગ ને વાટ પ્રચાશ હો; ભામા૦
ઓ રોકાવે શેરડી, ઓ ફાડે આકાશ હો. ભામા૦ ૨

ઉઘાડો તનુ સાધુનો, ઠગ મુલતાની તીર હો; ભામા૦
ઝાલવી શકીએ કેટલા, નાંખે વિંધી શરીર હો. ભામા૦ ૩

ઠગ ઉદેહી આકરી, સાધુ કહાવે કાઠ હો; ભા૦
માંહે રહી ફોલે ઘણું, એ જગ પ્રગટયો પાઠ હો. ભા૦ ૪

વિંછુનો વિષ પુંછડે, અહિ વિષ દાઢે જોય હો; ભા૦
ઠગનો વિષ હૈડે વસે, ચતુર વિચારો કોય હો. ભા૦ ૫

ઠગ મુખે મીઠા સહી, માંહે અધિક કઠોર હો; ભા૦
પંડીત જનનો પારીખો, જેહવો પાકો બોર હો. ભા૦ ૬

કોટી પ્રકારે ઠગ તણી, ન મિટે સહજ સ્વભાવ હો; ભા૦
આંબા જાંબુ ઉપરે, રાતા માંહિં કસાવ હો. ભા૦ ૭

કુમરી ભણે ભામા ભણી, વારુ વચન વિશાલ હો; ભા૦
હું પુત્રી રાજા તણી, વાધી જઇ મોશાલ હો. ભા૦ ૮

વ્યાહ જોગ જાણી કરી, બાપ હમારો આય હો; ભા૦
બેસાડી સુખપાલમેં, લેઇ ચાલ્યા મામ હો. ભા૦ ૯

આવી વસ્યો એ બાગમેં, સુતા સઘલા લોક હો; ભા૦
મુજને નાવે નિંદડી, સ્વામી તણો વિયોગ હો. ભા૦ ૧૦

હું તવ હેઠી ઉતરી, દૂર રહ્યો સુખપાલ હો; ભા૦
પાછલે પ્રહરે સોવતી, છોડી ગયો ભૂપાલ હો. ભા૦ ૧૧

જાગી જોઉં દહદિશે, ચાલી ગયો તે સાથ હો; ભા૦
યૂથભ્રષ્ટ જેમ હરણલી, ફિરતી ફરૂં અનાથ હો. ભા૦ ૧૨

જો તું મુજ પુત્ર ભાનુ શું, પુત્રી વંછે વ્યાહ હો; ભા૦
ઘર પધરાવું માહરે, આણી અતિ ઉચ્છાહ હો. ભા૦ ૧૩

સા ભાખે સુણ સ્વામિની, ઉખાણો જગમાંહિ હો; ભા૦
મુરાડાં મીઠા નહિં, લાપસીયાંથી પ્રાંહિ હો. ભા૦ ૧૪

હરી સુત જાયો તાહરો, થાયે મુજ ભરતાર હો; ભા૦
તો તો ત્રૂઠો જાણીએ, આપણુપે કિરતાર હો. ભા૦ ૧૫

વર્ણ વિચાર્યો દુધનો, સઘલો ધોલો હોય હો; ભા૦
આક અને સુરભિ તણો, અંતર ન કીયો કોય હો. ભા૦ ૧૬

ન કરી એહ વિચારણા, નહી ઘર જોગી જાત હો; ભા૦
મૂસો ઘાલ્યા પાંખમેં, હંસ નિઃપખો થાત હો. ભા૦ ૧૭

સિંઘ પ્રતે જંબુક કહે કાંન હયો હોઈ હો; ભા૦
કેમ ફરી ખર આવહી, તેમ એ ભામા જોઇ હો. ભા૦ ૧૮

આપ ચઢી વર હાથણી, આગે સાંબ બેસાડ હો; ભા૦
લેઇ આવી નિજ ઘરે, માટી પણો અવધાર હો. ભા૦ ૧૯

ન્હાવણ ધોવણ ભોજને, આસન સયન વિચાર હો; ભા૦
સસુખા અતિ સાચવે, સ્વાર્થીઓ સંસાર હો. ભા૦ ૨૦

સમય વિચારે આપણો, સયણ સયાણા જેહ હો; ભા૦
શ્રી હરિશ્ચંદ્ર નરેંદ્ર જ્યું, મરદ કહાવે તેહ હો. ભા૦ ૨૧

એકોત્તર સોમી ઢાલમેં, ભામા સાંબકુમાર હો; ભા૦
શ્રી ગુણસાગર સુરજી, કરે વિનોદ અપાર હો. ભામા૦ ૨૨

---

## દોહા

શ્રી વસંતરુતુ રાજીયો, આયો કરીય મંડાણ;
કામદેવનો મિત્ર એ, વરતાવે જગ આણ. ૧

મોરા આંબા અતિ ભલા, કેસુ કુસુમ સમ વાન;
મધુકર ગુંજારવ કરે, કોયલ શબ્દ પ્રધાન. ૨

મલયાચલના વાયરા, વાયે અતિ સુખકાર;
દુઃખીયાને દુઃખદાયકુ, સુખીયા સુખ દાતાર. ૩

---

## ઢાલ ૧૦૨ મી

( કંત તમાકુ પરિહરો—એ દેશી )

કુમર સુભાનુ જાણીએ, ખેલણ કાજ વસંત મોરા લાલ;
સાથે મિત્ર મનોહરુ,
વનમેં જાયે રમંત મોરા લાલ. કુમર૦ ૧

હિંડોલે અતિ હિંચતી, ગાતી ગીત સુચંગ, મોરા૦
નારી નિરોપમ નિરખતાં,
ઉપજ્યો અંગ અનંગ મોરા. કુ૦ ૨

ભૂહ કમાને સાંધીયા, તીખાં લોચન બાણ; મો૦
નારી આહિડે નીકલી, નાંખે વિંધી પ્રાણ. મો૦ કુ૦ ૩

મહિલા રૂપે માંડીયો, મોહની મોટો ફંદ; મો૦
કાચી મૃગ આવી પડે, થાયે ગતિ મતિ મંદ મો૦ કુ૦ ૪

દાઢ ગલાવે આંબલી, લાખ ગલાવે આગ; મો૦
શીલ ગલાવે સુંદરી, રાગી રાચે રાગ. મો૦ કુ૦ ૫

મૂર્છાણો ધરણીએ પડયો, મંત્રા કરી ઉપચાર; મો૦
ઉઠાઇ ઘર આણીયો, માતા તે જાણી વિચાર. મો૦ કુ૦ ૬

કન્યા મેલી નિનાણુંએ, સામી એ ધૂર જાણ; મો૦
ભામા કુમર સુભાનુની, વ્યાહ તણી વિધિ ઠાણ. મો૦ કુ૦ ૭

ભાંખે કુમરી મૂલગી, ભામાશું આણંદ; મો૦
કર શું કર કર ઉપરે, તો વરશું તુજનંદ. મો૦ કુ૦ ૮

બાલા વાત વિશેષથી, ભાંખે ભામા સાથ; મો૦
મુઝ પરણ્યે પરણી સહુ, પરણેવી નહી નાથ. મો૦ કુ૦ ૯

ભામા માન્યા બોલડા, સ્યો બહુલો વિસ્તાર; મો૦
નારી કહી પગ પાનહી, પુરુષ કહ્યા શિરદાર. મો૦ કુ૦ ૧૦

ચોરી માંહિં સાહીયો, વરનો દક્ષિણ હાથ; મો૦
વામા કરશું દાબીયો, દેખે સઘલો સાથ. મો૦ કુ૦ ૧૧

કન્યા નિનાણું તણી, દક્ષિણ કરશું ખાણ; મો૦
સાહીને વિધિ સાચવી, તે સઘલી વશ આણ. મો૦ કુ૦ ૧૨

સયનગૃહે શ્રી સાંબજી, ભૃગુટી ચહોડી ભાલ; મો૦
બીહાવ્યો કુંવર ખરો, નાશી ગયો તત્કાલ. મો૦ કુ૦ ૧૩

સાસ ભર્યો આયો સહી, ભામા જનની પાસ; મો૦
કંઠ લગાઇ પૂછીયો, જાણી અધિકો ત્રાસ. મો૦ કુ૦ ૧૪

મુજને મારે માયજી, ભાઇ સાંબ સનૂર; મો૦
સાંબ કિહાં રે ડરપણો, આવી ચાલી હજૂર. મો૦ કુ૦ ૧૫

પગે લાગી ઉભો રહ્યો, કડુઆણા અતિ નયન; મો૦
અકુલાણી આતુર થઈ, બોલે કાઠા વયણ. મો૦ કુ૦ ૧૬

ધૂરત ઢીઠ શિરોમણી, જિહાં તિહાં દુઃખદાય; મો૦
કર્યું આયો અણુતેડીયો, ભામા ભૂર કષાય. મો૦ કુ૦ ૧૭

સાંબ કહે તેં આણીયો, સકલ લોકની શાંખ મો૦
બેસાડી વડ હાથણી, માતા જૂઠ મ ભાંખ. મો૦ કુ૦ ૧૮

ભણે સુભામા ભામની, હોઇ ખિસાણી આપ; મો૦
હાથ કમાયા કામનો, શોચ ન કો સંતાપ. મો૦ કુ૦ ૧૯

ઠગ માતા ઠગ તાતજી, ભાઇ પણ ઠગ જાસ; મો૦
આપ ઠગારો જગતનો, હું કિમ પહોંચું તાસ. મો૦ કુ૦ ૨૦

હેમાંગદ પુત્રી ભલી, સુહીરણી તસ નામ; મો૦
એવં સાંબકુમર ઘરે, રમણી શત અભિરામ. મો૦ કુ૦ ૨૧

ચરણકમલ નિજ તાતનાં, પ્રણમી ભાંખે વાત; મો૦
કામ કલા સુવિચારતાં, હરી હાંસો ન સમાત. મો૦ કુ૦ ૨૨

કન્યા સો હી સુભાનુ ને, પરણાવી સુખકાર; મો૦
મન માન્યા સુખ ભોગવે, સાંબ સુભાનુકુમાર. મો૦ કુ૦ ૨૩

સાંબ કહે વસુદેવશું, બાબાજી અવધાર; મો૦
થેં પરદેશાં આથડી, પામી નાર સુનાર મો૦ કુ૦ ૨૪

સબવિધ સુંદર સુંદરી, ઘર બેઠાં હી દેખ; મો૦
તાત પ્રસાદ તુમ્હારડે, મેં પામી સુવિશેષ. મો૦ કુ૦ ૨૫

બેટાજી તુમ તો વડા, જોતાં સબ પરિવાર; મો૦
તુમ સમ અવર ન ઉપનો, મ્હારા વંશ મોઝાર. મો૦ કુ૦ ૨૬

બીડોત્તર સોમી ઢાલમેં, જાંબુવતી ઉચ્છાહ; મો૦
શ્રી ગુણસાગરજી કહે,
હોવે મદન વિદરભી વ્યાહ. મો૦ કુ૦ ૨૭

## દોહા

એક દિવસ ચિંતા વસી, રૂખમણીને મન એહ;
વિદરભી કુમરી ભલી, રુપ કલા ગુણગેહ. ૧

જો ઘર આવે કામને, તો પૂગે મન આશ;
સહી કરી જાણું સખી, પૂરો પુન્ય પ્રકાશ. ૨

## ઢાલ ૧૦૩ મી

( આજ ભલો દિન માહરો—એ દેશી )

વિદરભીશું મન વસ્યો, ભૂઆ ભલેરો ભાવ હો લાલ;
વહુ કરવાને કારણે,
ચિત્તને લાગ્યો ચાવ હો લાલ. વિદરભી૦ ૧

દૂત અનોપમ મોકલ્યો, રૂકમીયા રાજા પાસ હો લાલ;
પુત્રી દે મુજ પુત્રને, ધૂર આશીષ પ્રકાશ હો લાલ. વિ૦ ૨

રૂકમીયો રીશે રાતડો, બોલે અતિ અવિચાર હો લાલ;
આગે અમરખ અતિ ઘણો,
માહરો છે હરી લાર હો લાલ. વિ૦ ૩

એ કુમરી ઉત્તમ ખરી, બહિન કુમર ઘટી વંશ હો લાલ;
જો વર વર લહેશે નહિં, અણપરણ્યા પ્રશંસ હો લાલ. વિ૦ ૪

હરી ઘરથી ચંડાલને, ઘરે દીધા અતિ સોહ હો લાલ;
નાતે ઘાઠાં જેહને, ઉપાવે અંદોહ હો લાલ. વિ૦ ૫

દૂત તણે મુખ સાંભલી, એ અવિચારી વાત હો લાલ;
પિછતાવો કરતા ઘણો,
દુઃચિંતી રૂખમણી માત હો લાલ. વિ૦ ૬

મર્મ લહી માતા તણો, કામ ને સાંબ કુમાર હો લાલ;
રુપ કરી ચંડાલનો, કુંડનપુર આવંત હો લાલ. વિ૦ ૭

રૂપકલા કરી સોહતો, ગાવે ગીત રસાલ હો લાલ;
વિણા રબાબ ઉપાંગશું, વાજે માદલ તાલ હો લાલ. વિ૦ ૮

સુર ગાયનની ઉપમા, ભેદ સંગીતનો જાણુ હો લાલ;
સ્વર મંડલશું સાચવે, રાગ તણાં મંડાણ હો લાલ. વિ૦ ૯

ગ્રામ તીન સ્વર સાતશું, મૂર્છના એકવીશ હો લાલ;
ગુણપંચાશા તાનશું, જાણપણાના ઈશ હો લાલ. વિ૦ ૧૦

રૂપ તિહાં ગુણ નવિ હોવે,
સુગુણ તિહાં નહિં રૂપ હો લાલ;
રૂપ અને ગુણ એકઠાં, પૂરવ પુન્ય અનૂપ હો લાલ. વિ૦ ૧૧

મોહ્યા રાણા રાજીઆ, મોહ્યા બાલગોપાલ હો લાલ;
મોહી રમણી અતિ ઘણી,
ખગ મૃગ અતિ સુવિશાલ હો લાલ. વિ૦ ૧૨

ગગનગતિ સુર માનવી, થંભી આપ વિમાન હો લાલ;
નાદ સુણેવા કારણે,
મોહી રહ્યાં ધરી ધ્યાન હો લાલ. વિ૦ ૧૩

નાદે મોહ્યા હરણલા, પ્રાણ તજે તત્કાલ હો લાલ;
સાપ ઢિઢરમાંહિં પડે, સાહિરો લઘુલાલ હો લાલ. વિ૦ ૧૪

નાદે ઇશ્વર છાઇયો, સ્વાંગ વિરૂપ ધરંત હો લાલ;
નારી આગે નાચીયો, થેઇ થેઇ થેઈ કરંત હો લાલ. વિ૦ ૧૫

રાધા વલ્લભ રાચીયો, એ જગમાંહિં અચંભ હો લાલ;
રાણી રૂખમણી આગલે, કીધો નાટારંભ હો લાલ. વિ૦ ૧૬

નાદે બ્રહ્મા ચઉમુહો, રસ મોખરનો મુહ હો લાલ;
છેદી નાખ્યો નારદે, દેઇ તીખા નુહ હો લાલ. વિ૦ ૧૭

વેદ થકી એ પંચમો, નાદ કહ્યો ઉપવેદ હો લાલ;
પ્રીતિ ઉપાવણ સાદરો,
નાદ રહે સર્વ દેખ હો લાલ. વિ૦ ૧૮

દુઃખીયાના દુઃખ અપહરે, સુખીયાને સુખકાર હો લાલ;
શ્રવણ હૃદયહારી ખરો, મન્મથ દૂત અપાર હો લાલ. વિ૦ ૧૯

નારીજનનો વાલહો, નાદ નિરોપમ નામ હો લાલ;
ચતુરા ચિત્તનો પારીખો, નાદ મહા અભિરામ હો લાલ. વિ૦ ૨૦

વિદરભી નૃપ કુમરી, બેઠી રાજા ગોદ હો લાલ;
ગવરાવ્યા તે ડુંબડા, મોહી ગીત વિનોદ હો લાલ. વિ૦ ૨૧

સુંદરતાઇ દેહની, સુઘડાઇ અધિકાર હો લાલ,
જિમ જિમ જોવે સન્મુખે,
તિમ તિમ ઉપજે પ્યાર હો લાલ. વિ૦ ૨૨

કિહાં થકી તુમ આવીયા, પૂછે રાજકુમાર હો લાલ;
સ્વર્ગ થકી પાવધારીયા, માણુસ લોક મોઝાર હો લાલ. વિ૦ ૨૩

દેખી નગરી દ્વારીકા, ઈહા આયા જોઇ હો લાલ;
મદનકુમર સોભાગીયો, પૂછે કુમરી સોઇ હો લાલ. વિ૦ ૨૪

સાંબ કહે સુણુ સુંદરી, મદન મહા દાતાર હો લાલ;
ભોગપુરંદર સુંદરુ, આપ કીયો કિરતાર હો લાલ. વિ૦ ૨૫

માનનીયાં મન મોહવા, મોહન સુરતિ આપ હો લાલ;
ગીત ઘણાં રતિપતી તણાં, ગાવે કરી આલાપ હો લાલ. વિ૦ ૨૬

અવર અનેરા માનવી, પામે ઉપમા જાસ હો લાલ;
સો તો પ્રભુ આપણુ અછે, સ્યું વર્ણવીએ તાસ હો લાલ. વિ૦ ૨૭

ઐરાવતની ઉપમા, અવર ગજા દેખાય હો લાલ;
પણ ઐરાવતી હાથીયો, કહો કિણુ સમ કહેવાય હો લાલ. વિ૦ ૨૮

ઇંદ્ર તણી ઉપમા દીયા, અવર ન રાય ધિક્કાર હો લાલ;
પણુ તો ઉપમા ઈંદ્રને, અવરા એ અવિચાર હો લાલ. વિ૦ ૨૯

ઇશ ઇશ સર્વ જગતકો, ઇશ ઇશ નહિં હોઇ હો લાલ;
રાય મદન રાયા તણો, પણુ તસ રાય ન કોય હો લાલ. વિ૦ ૩૦

પ્રભુતાઇ તો ઇંદ્રની, ધનદદેવકો કોષ હો લાલ;
તેજ જલણકો જાગતો, કાક તણો તો રોષ હો લાલ. વિ૦ ૩૧

સત્ત્વ રામ કે રાજતો, હરીની થીતિનો થોભ હો લાલ;
સુરથી નરથી ખગ થકી, પામી અધિકી શોભ હો લાલ. વિ૦ ૩૨

રુડામેં રુડો ઘણો, ગરુઓને ગુણવંત હો લાલ;
પુન્યે પ્રાપ્તિ પામીએ, કામ સરીખો કંત હો લાલ. વિ૦ ૩૩

કુમરી હુઇ અનુરાગિણી, સુજશ સુણત પ્રમાણ હો લાલ;
પરણું કુમર કામને, નહિંતર છોડું પ્રાણ હો લાલ. વિ૦ ૩૪

એટલે છુટયો હાથીઓ, કિમ હી વશ નાવંત હો લાલ;
રાય કહે ગજ વશ કરે, તે વંછિત પાવંત હો લાલ. વિ૦ ૩૫

નાદ બલે વશ આણીયો, તે મોટો ગજરાજ હો લાલ;
માગણહારો માગીયો, સારું વંછિત કાજ હો લાલ. વિ૦ ૩૬

બાપ પ્રસાદે છે સહુ, રોટા પોવણહાર હો લાલ;
નવિ છે તેહ થકી દીએ, એ તું કારજ સાર હો લાલ. વિ૦ ૩૭

દે એ વિદરભી કુમરી, કન્યાદાન પ્રધાન હો લાલ;
સુજ સ્યો વર નવી પામશો, તૂઠયો શ્રી કિરતાર હો લાલ. વિ૦ ૩૮

ખીજયો રાજા રૂકમીયો, રે રે કહી દે ગાલ હો લાલ;
ભંગી જંગી છો સહી, બોલો બોલ સંભાલ હો લાલ. વિ૦ ૩૯

કીધાં નગરી બાહીરાં ગામ અપાવન થાય હો લાલ;
મામો મારેવો નહિં, માર્યાં માથ રીસાય હો લાલ. વિ૦ ૪૦

તીડોત્તર સોમી ઢાલમેં, વૈદર્ભીનો પ્રેમ હો લાલ;
ગુણસાગર પરદ્યુનશું, નંગ જડાણો હેમ હો લાલ. વિ૦ ૪૧

---

## દોહા

મદન ગયો મંદિર ચલી, નિશભર સોવે સોય;
નિંદ ગઇ પ્રભુ નિરખતાં, મન રલીયાયત હોય. ૧

લેખ લખી સુવિશેષથી, દીધો કુમરે જામ;
રૂખમણી નામે વાંચતાં, પામી અચરીજ તામ. ૨
પૂછે પદમની પ્રેમશું, દેવ પ્રકાશો નામ;
થારા મનનો ભાવતો, હું છું કામ કુમાર. ૩

---

## ઢાલ ૧૦૪ મી

(નિંદ્રડી વેરણ હુઈ રહી એ—દેશી)

ભાગ્ય વડો પ્રભુ પાઇઓ, એ વર હે શ્રી કામકુમાર કે;
પુરંદર હે કેરો અવતાર કે, હું છું હે વડવખતી નાર કે,
પ્રશંસા હે લેશું સંસાર કે ભાગ્ય૦ ૧

જે મન માને આપણો, કરવો હે સોઇ ભરતાર કે;
નારી જન્મારો નાહશું, ભરવો હે જગ વ્યવહાર કે. ભા૦ ૨
પીતાંબર પહેર્યો ભલો, કંકણ હે બાંધ્યો વર હાથ કે;
વેલા સાધી વેગશું, કુંવર રહે કુંવરીને સાથ કે. ભા૦ ૩

આરણ કારણ સાચવી, તવ કીધો હે વિવાહ ઉલ્લાસ કે;
રાત વસી ઉઠી ગયો, આયો હે બંધવની પાસ કે. ભા૦ ૪
પશ્ચિમ રાતે સોવતી, કુમરી હે નિદ્રાવશ થાય કે;
દિન ઉગ્યાં આવે સહી, દાતણ હે લેઇને ધાય કે. ભા૦ ૫
દીઠી કુમરી નિંદમેં, કંકણ હે બાંધ્યો સુવિશેષ કે;
કોરી સાડી પહેરણે, એ નીકો હે પરણેતર વેષ કે. ભા૦ ૬
સાસ ભરી પાછી વલી, લાવી હં રાણીને રાય કે;
પ્રત્યક્ષ ચરિત્ર દેખાવતાં, આંપુણુ હે આશીગણુ થાય કે. ભા૦ ૭

રાય ભણે રાણી સુણો, એ કારીજ હે વિપરીત જોય કે;
કુલને લંછન લગાવીયો, એ બેટી હે નહિં વેરણ હોય કે. ભા૦ ૮

જલહર જગ જીવાડણો, જાઇ હે વિદ્યુત ગુણખાણુ કે;
વંશદેવ તસ માંહિં એ, ઉપજી હે વિષવેલી આંણુ કે. ભા૦ ૯

હું ચૂકયો વાચા સહી, પુત્રી હે આપણી ને હેત કે;
હવે ઉરણ થાયસ્યું, એહને હો કુંબડા ને દેત કે. ભા૦ ૧૦

ફાટો દૂધ ન રાખણો, વિણઠા હે માણસનો ત્યાગ કે;
કરવો છે સુણ સુંદરી, સગપણ હે કરવો નહિં લાગ કે. ભા૦ ૧૧

અંગૂઠો સાપે ડસ્યો, છેદે હે સ્યાણા નર જેહ કે;
રાખ્યો ખોવે દેહને, તેહવી હે કુમરી છેહ કે. ભા૦ ૧૨

રાજા તેડી માગણા, દીધી હે કુમરી તેહિવાર કે;
પાલે વાચા આપણી, ન કીયો હે નૃપ શોચ લગાર કે. ભા૦ ૧૩

ખરી એ આપી રીશ વશે, જે શીર હે આવંત કલંક કે;
સત્યવંતી સીતા સતી, રઘુપતિ હે સા તજીય નિઃશંક કે. ભા૦ ૧૪

કુંબ કહે હું સ્યું કરૂં, ભરવી હે હમહિ ને નેઠ કે;
રાજસુતા સુકુમાલીકા, કરવી હે એહની અતિ વેઠ કે. ભા૦ ૧૫

લોકાં મેં અવહેલણા, મનમેં હે તસ હરખ અપાર કે;
મનમાન્યો પતિ પાઇઓ, લોટે હો લાસે સંસાર કે. ભા૦ ૧૬

સાંબ કહે સુણ ભાઇજી, આપુણપુહે દેખાવા આજ કે;
દેવભુવન સમરાવીયો, નિંધા હે સારે સબ કાજ કે. ભા૦ ૧૭

ધો ધો માદલ વાજહી, નાચે હે તિહાં પાત્ર અનેક કે;
મંગલ ગાવે ગોરડી, વરતે હે વિવાહ અનેક કે. ભા૦ ૧૮

રોષ ગયો રાજા તણો, કિજે હે પછતાવો એમ કે;
ઢાઢીને ગાઢી કરી, દીજે હે વિદરલી કેમ કે. ભા૦ ૧૯

આંત તપે અતિ આકરી, ગાઢો હે મનમાંહિં કુચયન કે;
અગ્નિ તણાં સંજોગથી, બાઢી હે જીમ ચૂવે નયન કે. ભા૦ ૨૦

માત્રિતા છોરુ તણાં, અવગુણ હે સાંસેવા પ્રાંહિં કે;
કુંમારી સુત જાઇયો, કુંતી હે નૃપ કાઢી નાંહિ કે. ભા૦ ૨૧

કાઠ જલ બોલે નહિં, આપણ હે ઉપાયો જાણ કે;
વડવાનલ જલ બાલણો, સાયર હો ન ઉલ્હાવે પાણ કે. ભા૦ ૨૨

ક્રોધવશે મુજ આંધલે, કીધો હે કાર્ય વિપરીત કે;
નકુચ વાતને કારણે, તોડી હે પુત્રીશું પ્રીત કે. ભા૦ ૨૩
સોઇ દાન શ્રવણે સુણી, ચમકીયો હે રૂકમીયો રાય કે;
ખબર કરી જણાવીયા, એ તો કોઇ હે હરીસુત કહેવાય કે. ભા૦ ૨૪

છુટી ચાલે આવીયો, મલીયા હે ભાણેજા ધાય કે;
હેજ હૈયે ન સમાવહી, લીધો હે કંઠ લગાય કે. ભા૦ ૨૫

કામ સાંબકુમર ભલા, આણ્યા હે નિજ ઘર ઉચ્છાહ કે;
આનંદરંગ વધામણાં, સાસુ હે મન ઉપજ્યો ઉચ્છાહ કે. ભા૦ ૨૬

દીધો અધિકો દાયજો, દીધાં હો સાથે પરિવાર કે;
દેઇ દદામા જીતના, ચાલ્યો હે શ્રી કામકુમાર કે. ભા૦ ૨૭

આવ્યા નગરી દ્વારીકા, હરખ્યો હે શ્રી કૃષ્ણનરેશ કે;
હરખી માતા રૂખમણી, હરખ્યો હે પરિવાર અશેષ કે. ભા૦ ૨૮
જે જે ચિંત્યા બોલડા, તે તે હે ચડીયા પરીમાણ કે;
વહુઅર સાસુ પ્રીતડી, માને હે સુખ મેરુ સમાન કે. ભા૦ ૨૯
સાંબ ને પ્રદ્યુમનજી, તનશું હે જુહા મન એક કે;
જોડી નલકુબેર તણી, રાખે હે હઠ ન તજે ટેક કે. ભા૦ ૩૦

અનિરુધાદિક કામને, નંદન હે ગુણવંતા સોઇ કે;
સાત સંખ્યા સુત સાંબને, શાખા હે વિસ્તરતી જોય કે. ભા૦ ૩૧
ચિડોત્તર સોમી ઢાલમેં, વેદરભી હે કેરો વિવાહ કે;
શ્રીગુણસાગર સુરજી, લીજે હે શુભકર્મા લાહ કે. ભા૦ ૩૨

---

## ચોપાઇ

ખંડ ખંડ રસ છે નવનવા, સુણતાં મીઠા સાકર લવા;
શ્રી હરીવંશ ચરિત્ર જયજયો, પંચમો ખંડ એ પૂરણ થયો. ૧

ઇતિ પંચમઃખંડ સમાપ્ત

*

# ખંડ ૬ ટ્ઠો

## દોહા

ગુણ પણવીશે પૂરીયા, સુંદર ને સુકુમાલ;
એહવા ઉપાધ્યાય તણાં, પ્રણમી ચરણ ત્રિકાલ. ૧

વર છઠ્ઠા અધિકારનો, વિસ્તારીયેં વિસ્તાર;
પંચાલી પ્રગટી ખરી, સતી શિરોમણી સાર. ૨

છઠ્ઠો જ્ઞાતા અંગ છે, તિહાં છે બહુ વિસ્તાર;
ભાંખ્યો વીરજીણંદજી, ગણધર સભા મોઝાર. ૩

નાગસિરી હુતી બ્રાહ્મણી, કડવો તુંબો દીધ;
માસખમણને પારણે, મુનિવર હત્યા લીધ. ૪

કરતાં કરમ જ સોહિલા, ભોગવતાં જંજાલ;
નાગસિરી જિમ મતિ કરો, ફોગટ પાતિકજાલ. ૫

ભમતી ભૂર ભવંતરે, ચંપા નગરી તેહ;
ભદ્રા ઉરે ઉપની, સાગરદત્ત સુગેહ. ૬

---

## ઢાલ ૧૦૫ મી

( જીહો મથુરા નગરીનો રાજીયો એ—દેશી )

જીહો નરકાદિક દુઃખ ભોગવી લાલા, પરવશ કરકર રીવ;
જીહો ભદ્રા ઘર આવી અવતર્યો લાલા, નાગસિરીનો જીવ.

ચતુરનર જો જો કર્મવિપાક, જીહો કર્મ કરે વિણુ રાજવી લાલા;
કર્મ કરે સો રાંક ચતુરનર જો જો કર્મ વિપાક. એ આંકણી.

જીહો અનુક્રમે જાઇ દારીકા લાલા, સુંદર રુપ રસાલ;
જીહો ભણી ગણી ચોસઠ્ઠ કલા લાલા, ચાલે રાજ મરાલ. ચ૦ જો૦ ૨

જીહો વેપારી બીજો વસે લાલા, તિહાં વલી જિનદત્ત શેઠ;
જીહો ધનપતિ સઘલા છે ઘણા લાલા,
સઘલા જેહને હેઠ. ચ૦ જો૦ ૩

જીહો તસ ઘર ઘરણી ભલી લાલા, સાગર નામેં પુત;
જીહો રુપવંત સહુને ગમે લાલા, રાખે ઘરનો સુત. ચ૦ જો૦ ૪

જીહો એક દિવસ સાગર ફરે લાલા, નગર કુતુહલ કાજ;
જીહો રમલી કરે સુકુમાલીકા લાલા,
ઘર ઉંબર કુલ લાજ. ચ૦ જો૦ ૫

જીહો સાગર રુપે મોહીયો લાલા, ઘર આવ્યો દિલગીર;
જીહો માતા પિતા પૂછે તિહાં લાલા,
પુત્ર કયું હી અધીર. ચ૦ જો૦ ૬

જીહો પુત્ર કહે તમેં સાંભલો લાલા, જો મુજ વાંછો ખેમ;
જીહો સાગરદત્તની નંદની લાલા, પરણાવો મુજ પ્રેમ. ચ૦ જો૦ ૭

જીહો વાત સુણી શેઠ હરખીયો લાલા, સાજન લીધાં સાથ;
જીહો સાગરદત્ત ઘરે આવીયો લાલા,
બઉ મલીયા દેઇ હાથ. ચ૦ જો૦ ૮

જીહો શેઠ કહે કિણુ કારણે લાલા, આયા મુજ ઘરબાર;
જીહો નિજ પુત્રી મુજ પુત્રને, લાલા,
દીજે એહ વિચાર. ચ૦ જો૦ ૯

જીહો શેઠ કહે મુજ અંગજા લાલા, જીવન પ્રાણ સમાન;
જીહો ગેહજમાઈ જો રહે લાલા, તો આવો કરી જાન. ચ૦ જો૦ ૧૦

જીહો એમ સાંભલી વિલખો થયો લાલા, શેઠ ગયો નિજ ઠામ;
જીહો સાગર પૂછે બાપને લાલા,
વાત કહી તિણે તામ. ચ૦ જો૦ ૧૧

જીહો સાગર આદર કરી કહે લાલા, જીવન પ્રાણ સમાન;
જીહો ગેહજમાઇ જો રહું લાલા,
વંછિત ભોગ રસાલ. ચ૦ જો૦ ૧૨

જીહો જિનદત્ત સાગરને કહે લાલા, ચિંતા મ કરો ચિત્ત;
જીહો જાન સજી તિહાં આવીયા લાલા,
જિમ તિમ રાખે પ્રીત. ચ૦ જો૦ ૧૩

જીહો હત્થીમેલો સાગરગ્રહે લાલા, શેઠ સુતા નો હાથ;
જીહો ભોભર સરીખો આકરો લાલા,
ચિંતે ન જુડયો સાથ. ચ૦ જો૦ ૧૪

જીહો અનુક્રમે પરણ્યો પ્રેમશું લાલા, સાગર કરત વિચાર;
જીહો નામે એ સુકુમાલીકા લાલા,
પરિણામે અસિ ધાર. ચ૦ જો૦ ૧૫

જીહો સાંજ સમે એક મહેલમાં લાલા, સુતા સ્ત્રી ભરતાર;
જીહો અંગ લગાવે અંગશું લાલા,
જેહ વિષય અંગાર. ચ૦ જો૦ ૧૬

જીહો કર્મ નિકાચીત જેહને લાલા, તે કેમ પામે ભોગ;
જીહો પચડોત્તર સોમી ઢાલમેં લાલા,
ગુણસાગર કહે સુણો લોગ. ચ૦ જો૦ ૧૭

---

દોહા

જિમ તિમ કર્મ ન કિજીયે, કિજીયે ચિત્ત વિચાર;
ધર્મ કરો નિજ હિત ભણી, જિમ પામો ભવપાર. ૧

મન ભંગ દેખી વાલમ તણો, ચમકી નારી તેવાર;
અસમંજસ એ સ્યું કરે, કોઇક ખરો વિચાર. ૨

---

## ઢાલ ૧૦૬ મી

( નથરો નગીનો મારો અથવા હીંડોલા ખાટે ત્રણ કડા એ—દેશી )

૧થ અસવારી સમારથી સાહીબ મોરા, કીધાં દીધાં દાન હો;
સાગરદત્ત ઘર ઉતર્યા સાહીબ મોરા, હરખ્યાં સહુ સાજન હો. ૧

કર્મ અજબગતિ, બાંધો વિવિધ મતિ, ઉદય આવે અતિ આકરાં;
સાહિબ મોરા, કર્મ કરે સો હોય હો. એ આંકણી.

સાગર વલી સુકુમાલીકા સાહીબ૦ બેઠા જઇ એકાંત હો;
પણ ચતુરાએ નિજ નાહનું, સા૦ ચંચલ ચિત્ત નિરખંત હો. ક૦ ૨

રંગ હતો જે પરણતાં સા૦ તે રંગ નહિં ખેલંત હો;
એ રંગમેં તે રંગમેં સા૦ અંતર અનંત અનંત હો. કર્મ૦ ૩

પતિવ્રતા ગુણ રાખવા સા૦ આવી કરે મનોહાર હો;
અંગ ફરસ અતિ આકરો સા૦ કેમ સહે ભરથાર હો. કર્મ૦ ૪

જિમ અહિ છંડે કાંચલી સા૦ ઉઠયો નારી ઉવેખ હો;
રે પીઉ પૂછે પ્રેમદા સા૦ ઉઠો છો કુણ વિશેષ હો. કર્મ૦ ૫

કહે પીઉ દેહચિંતા ભણી સા૦ જાઇશ ઘર અનુખંગ હો;
નારી પણ ઝારી ભરી સા૦ જાણી કપટ થઇ સંગ હો. કર્મ૦ ૬

પીઉ વારે પણ નવિ રહે સા૦ નવલીગત કોઇ નેહ હો;
સાગરનો દાવ ફાવ્યો નહિં સા૦ આવ્યો કરી શુચી દેહ હો. કર્મ૦ ૭

છયલ શકયો નહિં છેતરી સા૦ નેહ ગહેલી નાર હો;
જોરે કર ગ્રહી કંતનો સા૦ આણ્યો સેહ મોઝાર હો. કર્મ૦ ૮

સેજે બેસાડયો હેજથી સા૦ માંડી ઘણી મનોહાર હો;
ખિણ ખિણ મેં એમ કિમ કરો સા૦
કહોને પ્રાણ આધાર હો. કર્મ૦ ૯

માંડયો પ્રથમ સમાગમે સા૦ કપટ નિહેજા કંત હો;
કિમ રહેશે ઇણે લક્ષણે સા૦ પ્રીતિ રીતિ મતિવંત હો. કર્મ૦ ૧૦

પ્રથમ જ કવલ મેં મક્ષિકા સા૦ સ્યો તેહ માંહિં સ્વાદ હો;
સ્વામી અબલા ઉપરે સા૦ એવડો સ્યો ઉન્માદ હો. કર્મ૦ ૧૧

પહેલી રામતમેં પ્રભુ સા૦ કાઢી બેઠા વેષ હો;
આગલ કિમ નિર્વાહશો સા૦ મુજથી એહ વિશેષ હો. કર્મ૦ ૧૨

મહેલ કહીલકારી ઇસ્યા સા૦ ટહીલની કરણહાર હો;
તો પણ મન માને નહિં સા૦
અહો યૌવન શણગાર હો. કર્મ૦ ૧૩

હું તુમ પગની પાનહી સા૦ તમેં મુજ શીરના મોડ હો;
ગોદ બિછાઇ પાયે પડું સા૦
કિમ રહ્યા મુંહ મચકોડ હો. કર્મ૦ ૧૪

તુમ સસરે નવિ દુહવ્યા સા૦ લેહણે દેણે લગાર હો;
લાલચ હુવે કોઇ વાતની સા૦
કહો મુખે ન કરો વિચાર હો. કર્મ ૧૫

હોવે જમાઇ લાડકો સા૦ જિમ રુસે તિમ રંગ હો;
પણ વિણ સ્વાર્થ રુષણું સા૦
તે તો બાલિક ઢંગ હો. કર્મ ૧૬

ઇમ કહી ખીણ વિશ્રમી સા૦ ચતુરાનન ચિત્તચાવ હો;
નિદ્રાવશ હુઇ જીકે સરંગ સાગર લીધો દાવ હો. કર્મ૦ ૧૭

બાર ઉઘાડી નાશી ગયો સા૦ સુતી મુકી નાર હો;
એહવી મેં જાણી નહિં સા૦ ધિગ્ એહનો અવતાર હો. કર્મ૦ ૧૮

છિડોત્તર સોમી ઢાલમેં સા૦ કીજે કોડ વિશેષ હો;
ગુણસાગર એ નવિ મિટે સા૦ જે વિધિ લખીયા લેખ હો. કર્મ૦ ૧૯

### દોહા

જાગી તવ સુકુમાલીકા, પતિ ન દેખે પાસ;
ગદ્દ ગદ્દ કંઠે રૂદન કરે, નાહ કિહાં ગયો નાશ. ૧

ઝારી લેઈ દાસી તિહાં, આવે મનને રંગ;
વિલખી શેઠ સુતા ધણી, દાસી દેખી વિરંગ, ૨

દાસી ભાંખે સ્વામિની, આમણ દુમણી કાંઇ;
પહિલે દિન ખટપટ કિશી, ગુણ અવગુણ ન જણાઈ. ૩

સુતી છોડીને ગયો, સાગરદત્ત ઘર આપ;
દાસી શેઠાણીને કહે, એહ જમાઇ પાપ. ૪

સાગરદત્ત રીસે ભર્યો, જિનદત્તને ઘર જાય;
ઓલંભા દે શેઠને, નિજ અંગજ તુમ નાય. ૫

તેડી સુતને હડકીયો, તેં કીયો એ અકાજ;
શેઠ સુતા પરણી કરી, છોડી કિમ નિર્લજ્જ. ૬

પુત્ર કહે સુણ તાતજી. જાઉં નહિં તસ પાસ;
જોગી જંગમ વ્રત ગ્રહું. મત કર અવર વિશ્વાસ. ૭

શેઠ સુણી એ વાતડી, છોડી આપણ કાન;
આવી બેટીને કહે, પૂર્વ કર્મ નિદાન. ૮

---

### ઢાલ ૧૦૭ મી

( કોઇક ચાંપે સાથરો રે હાં, કોઈ મુનિ સંઘટે અણગાર,
મેઘ મુનીશ્વરુ—એ દેશી )

અન્ય દિવસ ઘરનો ધણી રે હાં,
સાગરદત્ત સુજાણ; કર્મ વિટંબણા,
ઉંચો બેઠો મહેલમાં રે હાં, દેખે નગર મંડાણ. કર્મ૦ ૧

ભૂખે ભાંગો દૂબલો રે હાં, શેઠે દીઠો રંક; કર્મ૦
હાથે ભાંગો ઠીકરો રે હાં, માગે ભીખ નિઃશંક. કર્મ૦ ૨

ભિણ ભિણાટ માખી કરે રે હાં, જે લાભે તે ખાય; કર્મ૦
ફાટાં ત્રૂટાં લૂગડા રે હાં, કેહને નાવે દાય. કર્મ૦ ૩

શેઠે તેડાવી તેહને રે હાં, દીધું આદરમાન; કર્મ૦
મોદક દીધાં મોકલા રે હાં, ઉપર ઉનું ધાન. કર્મ૦ ૪

નાઇ તેડી મર્દન કીયા રે હાં, સ્નાન કરાવ્યો તાસ; કર્મ૦
આભરણ પહેરાવ્યા ભલા રે હાં,
તન હુવો તેજ પ્રકાશ. કર્મ૦ ૫

શેઠે આડંબર કરી રે હાં, પરણાવી નિજ ધીય; કર્મ૦
સખરા વાઘા ઘર દીયા રે હાં,
સુખ ભોગવે ચિરંજીય. કર્મ૦ ૬

હરખ્યો ભીખારી ઘણું રે હાં, જાગ્યો ભાગ અભંગ; કર્મ૦
કિહાં શેઠ ઘર પામીયો રે હાં, જિહાં સુખ નવરંગ. કર્મ૦ ૭

મીઠા ભોજન જમવા રે હાં, સાસુ સસરા માન; કર્મ૦
શેઠ સુતા સુકુમાલીકા રે હાં, લાધું રુપ નિધાન. કર્મ૦ ૮

રાત સમે બેહુ જણા રે હાં, સુવા મંદિર જાય; કર્મ૦
જિણ વેલા કર ફરસીયો રે હાં,
અગન સમો દુઃખદાય. કર્મ ૯

નાઠો દ્રમક તિહાં થકી રે હાં, લેઇ નિજ સમુદાય; કર્મ૦
સાપ કાંચલી જિમ તજી રે હાં,
ટલીય અલાય બલાય. કર્મ ૧૦

શેઠાણી નિજ નંદની રે હાં, દેખી વદન વિલાય; કર્મ૦
માતા પૂછે શું થયું રે હાં, રુદન કરે ડસકાય. કર્મ૦ ૧૧

જનની ભાંખે સુણ સુતા રે હાં, મત મન આણે શોક; કર્મ૦
સુખદુઃખ લખીયા નવિ ટલે રે હાં,
હસસે દુર્જન લોક. કર્મ૦ ૧૨

ચિંતા તજી ભજી ધીરાંમ રે હાં, ઘર બેઠી દે દાન; કર્મ૦
અંતરાય મીટશે સહી રે હાં, સુખ પામીશ અસમાન. કર્મ૦ ૧૩

શેઠ સુણી આવી કહે રે હાં, બેટી મ કર અંદેહ; કર્મ૦
પૂર્વ કર્મ ઉદય થકી રે હાં, પતિસ્યું થાય વિચ્છોહ. કર્મ૦ ૧૪

જે ઘર આવે તે વહી રે હાં, યાચક આશ કરેહ; કર્મ૦
તેહને મોં માગ્યો દીયે રે હાં, નાકારો ન કરેહ. કર્મ૦ ૧૫

વોહોરણ આવે સાધવી રે હાં, ગઇ ગુરુણી પાસ; કર્મ૦
વશીકરણ વિધિ પૂછતાં રે હાં, બોલે સા ઉલ્હાસ. કર્મ૦ ૧૬

મંત્ર તંત્રને જંત્રડા રે હાં, ઓષધ મૂલી તેમ; કર્મ૦
કામણ મોહણ જિનમતે રે હાં, કરણ કરાવણ નેમ. કર્મ૦ ૧૭

લીધો ચારિત્ર સાદરો રે હાં, કરતી તપ ઉપવાસ; કર્મ૦
મારગથી બાહિર પડી રે હાં, સેવતી વનવાસ. કર્મ૦ ૧૮

કાંઇ કરે વ્રત આદર્યો રે હાં, જો ન તજે સંકલ્પ; કર્મ૦
પગ પગ સીદાયે ઘણું રે હાં, વદે દુઃખ અનલ્પ. કર્મ૦ ૧૯

આલો ગોલો ભીંતશું રે હાં, લાગે અપર ખીરંત; કર્મ૦
રાગીનો મન રાચણો રે હાં, વૈરાગી વિરચંત કર્મ૦ ૨૦

વનવાસે દુઃખણ ઘણાં રે હાં, રાગી નર ને હોય; કર્મ૦
ઘરવાસે વૈરાગીયાં રે હાં, દોષ ન લાગે કોય કર્મ૦ ૨૧

વસ્તુ અપૂર્વ છે ઘણી રે હાં, આંબા દાડમ દ્રાખ; કર્મ૦
ખાતાં મન પાછો પડે રે હાં, અણખાયા અભિલાષ. કર્મ૦ ૨૨

મોહપે સાચી મોટકી રે હાં, વસુધામેં વિખ્યાત; કર્મ૦
હાથી ઉડે વાયરે રે હાં, ડાંસ માંસ કુણ માત કર્મ૦ ૨૩

સત ઉત સોમી ઢાલમેં રે હાં, કર્યું કર્યું ન કરે કર્મ૦
છુટવો નહિં જીવને રે હાં, એક વિના જિનધર્મ. કર્મ૦ ૨૪

## દોહા

લલિતાદિક ગોઠિલ વસે, પાંચ પુરુષ ધનવંત;
રાજા માને અતિ ઘણું, ભોગી ભમર રમંત. ૧

રથ બેસી વેશ્યા સહિત, આયા વન પંડૂર;
વેશ્યા રથથી ઉતરી, બેસી આસન પૂર. ૨

પાંચે ગોઠિલ સેવકાં, મીલ દીધો આદેશ;
ભોજન કરજો ભાંતીશું, જિમ ખુશી હુવે વેશ્ય. ૩

## ઢાલ ૧૦૮ મી

(મોરા સાહિબ હો શ્રી શીતલનાથ કે એ—દેશી)

એક ગોઠિલ હો ઘણો ચતુર સુજાણ કે, વેશ્યા આગલ આઇયો;
રંગે રાતી હો મેંદી લેઇ હાથ કે, પગ મંડણ મન ભાઇયો. ૧

ધન્ય વેશ્યા હો સુહાગણ નાર કે, સ્યું કીધે ઇણ નાતરે;
પાંચ ગોઠિલ હો સેવે ચિત્ત લાય કે, પગ એક કોઇ ન ચાંતરે. ૨

તિણે માંડયો હો પગ રૂડી ભાત કે, વેલ ફૂલ મન લાઇને;
કર કોમલ હો રંગ્યા બેહુ રંગ કે, મધુર સ્વર ગુણ ગાઇને. ૩

એક લાયક હો સુંદર નર આય કે, માથે છત્ર ધરે તસે;
આપે ઉભો હો કરી સેવા સાર કે, વેશ્યા મુખ દેખી હસે. ૪

જોવનભર હો એક મોહનવેલ કે, તેલ સુગંધ શીશી લીએ;
વેશ્યા શીરે હો ઘાલે તેલ ફૂલેલ કે, ચોટે ગુંથે દ્રઢ હિએ. ૫

નવરંગી હો સારંગી પાગ કે, એક ગણિકા ખોળે લીએ;
એક વિંઝે હો ચામર ચિત્ત લાય કે, કર સેતિ બીડી દીએ. ૬

જો ભડકે હો તડકે દે ગાલ કે, ફિર જવાબ ન કો કરે;
જે માગે હો હાસ્યે કરી લાખ કે, તે હાજર આણી ધરે. ૭

એ પાંચે હો નર મીઠા બોલ કે, ગણિકાશું મુરકે હસે;
ઘર ઘરણી હો છોડી તે મૂઢ કે, નિશિ વેશ્યા મંદિર વસે. ૮

હવે સાધવી હો દેખી તે ઇમ કે, ચિંતે ચિત્ત ધન એ સહિ;
હું તો પરણી હો કોઇ પાપ સંજોગ કે, સુને પતિએ માની નહિં. ૯

એક એ પણ હો અભિમાનણી નાર કે, સિંહાસન ઉપર ચઢી;
પાંચે નર હો કરે જીજીકાર કે, દેઇ જવાબ ન હઠ ચઢી. ૧૦

જિમ લીંબુ હો દેખી ગલે દાઢ કે, તિમ અજ્જા મન ટલવલે;
ભોગવતા હો મીઠા નર પાંચ કે, સંજમવતથી ખલભલે. ૧૧

જો તપનો હો કોઇ ફલ છે સાચ કે, તો પણ હું પૂર્વ ભવે;
એહની પરે હોજો મુજ ભરતાર કે, તપ સંજમ ભલા હુવે. ૧૨

આતાપના હો કીધી બહુ ભાતિ કે, આઇ ગુરૂણી પાયે નમે;
વ્રત પાલી હો સુધો આચાર કે, જિમ તિમ દિન નિર્ગમે. ૧૩

હવે ચેલી હો ગુરૂણી સ્યું રીશે કે, ગુરૂણી શું નવિ મિલે;
મન માને હો જિહાં તિહાં જાઇ કે, ભોલી જિણ તિણ સ્યું મિલે. ૧૪

હાથ ધોવે હો મુખ ધોવે પાય કે, માથો ધોવે મનરલી;
અંગ ધોવે હો દિન મેં દશ વાર કે, ધોવે સાડી નિર્મલી. ૧૫

નિશિ વાસર હો ગુરૂણી સ્યું દ્વેષ કે, ખટપટ નિપટ નિર્લજ વલી;
શેઠ બેટી હો જાણ્યો સ્વાદ ન કોઇ કે, ગુરૂણીથી અલગી ટલી. ૧૬

પાઢિહારક હો મોટી ધર્મશાલ કે, બેઠા તિહાં સુકુમાલિકા;
આપ છાંદે હો રહી અટક ન કાંઇ કે, આપ જપે જપમાલિકા. ૧૭

પાડોશણ હો આવે કોઇ નાર કે, તિણ આગલ સુખદુઃખ કહે;
બીજો કોઇ નહિં હો આલ જંજાલ કે, આપ વશે સુખણી રહે. ૧૮

પડિક્કમણો હો જો આવે દાય કે, તો કિણ વેલા આદરે;
કિણ વેલા હો વિકથા કરે ચાર કે, હારે વશ પ્રમાદમેં. ૧૯

વ્રત પાલ્યા હો તિણે વરસ અનેક કે, છેહડે આલોયા નહિં;
કર્મ બાંધ્યા હો છૂટે નહિં જીવ કે, ક્રોડ જતન કરે કો સહી. ૨૦

હવે સાધવી હો આઉખો પાલ કે, બીજે સુરલોકે અવતરી;
પલ્યોપમ હો નવ આયુ પ્રમાણુ કે, સુર ગણિકા થઇ સુખવરી. ૨૧

હવે તિહાંથી હો ચવી સાધવી જીવ કે, શુભ કર્મે કિહાં અવતરી;
તે સુણજો હો સંબંધ વિચાર કે, સુણતાં મન આનંદ ધરી. ૨૨

ઢાલ અટ્ઠોત્તર સોમી હો તપ કીધા જીણ કે, તે તો નિશ્ચે સુખ લહે;
જીનશાસન હો માંહે ધર્મ અમુલ્ય કે, ગુણસાગર સાચું કહે. ૨૩

## દોહા

દેશમાંહિં છે દીપતો, સજલ દેશ પંચાલ;
કંપીલ્લપુર નામે નગર, ન પડે કદીય દુઃકાલ. ૧

ઉંચો કોટ ત્રિકોટ જિમ, પર દલ ભંજણહાર;
દરવાજા ચારે ભલા, લાગ્યા માલ અપાર. ૨

લખમીધર વ્યવહારીયા, વસે સદા સુખ વાસ;
શેઠ સેનાપતિ મંત્રવી, ઘર ઘર લીલ વિલાસ. ૩

## ઢાલ ૧૦૯ મી

( નમો નમો અરણીક મહામુની–એ દેશી )

રાજા રાજ્ય કરે તિહાં, દ્રુપદ નામે રાજાન રે;
તેજ પ્રતાપે દિનમણી સમો, સાચા જેહને સાજન રે. ૧

પુન્ય થકી સુખ સંપજે, પુન્ય વડો સંસારો રે;
પુન્ય કરો તુમે પ્રાણીયા, જિમ પામો ભવપારો રે પુન્ય૦ ૨

શીયલ ગુણે સીતા સતી, ચુલણી તસ પટરાણી રે;
રૂપે રંભા સારખી, બોલે કોકીલ વાણી રે. પુન્ય૦ ૩

તસ કુંખે આવી અવતરી, શુભ વેલા અધ રાતો રે;
જોગ સખર ભલો ચંદ્રમા માતા, હરખ ન માતો રે. પુન્ય૦ ૪

પૂરે માસે દિન ભલે, રાણીયે જાઈ બેટી રે;
રૂપ અનોપમ મનોહરુ, ગુણમણી માણેક પેટી રે. પુન્ય૦ ૫

માત પિતા હરખીત થયા, દ્રોપદી દીધું નામ રે;
દિન દિન વાધે નૃપ સુતા, ચંપક જિમ ગિરી ઠામ રે. પુન્ય૦ ૬

ચંપક વરણી સુંદરી, દીપે અધિકે વાન રે;
ગંગા ગોરી અવતરી, રંભાને અનુમાન રે. પુન્ય૦ ૭

ચંદ્રમુખી મૃગલોચની, રાજહંસ ગતિ ચાલે રે;
રાજકુમર દુલડી રમે, માત પિતા જન પાલે રે. પુન્ય૦ ૮

ચોસઠ્ઠ મહિલાની કલા, ભણી ઘણી ચતુરાઇ રે;
તપ કીધા જન્માંતરે, તિણ નખશીખ અધિકાઇ રે. પુન્ય૦ ૯

એક દિન રાણી મનરલી, કુમરીને શણગારી રે;
ભૂષણ પહિરાવ્યા ભલા, જનમન મોહનગારી રે. પુન્ય૦ ૧૦

સખીય સાહેલી પરવરી, રમઝમ કરતી રંગે રે;
કરી જુહાર પિતા ભણી, બેઠી જાઇ ઉચ્છરંગે રે. પુન્ય૦ ૧૧

નૃપ દીઠી નિજ અંગના, રૂપે રતી ગુણખાણી રે;
ભણે તે જાણે ભારતી, અમૃત વાણી સુહાણી રે. પુન્ય૦ ૧૨

રાજા મનમાંહિં ચિંતવે, કેહને એ પરણાવું રે;
સરીખે સરીખો જો મિલે, તો ચિહું મેં જસ પાવું રે. પુન્ય૦ ૧૩

કુલ આચારશું ઘર ભલો, સાસુ સસરો સાર રે;
ઘર લક્ષ્મી કીર્તિ ભલી, સુલક્ષણ વર શીરદાર રે. પુન્ય૦ ૧૪

એટલા ગુણ જોઇ કરી, બેટી દીજે બાપ રે;
પાછલ ભાગ્ય લિખ્યો લહે, લોક ન કો સંતાપ રે. પુન્ય૦ ૧૫

જાઓ પુત્રી સુખમાં રહો, ચિંતા કો મ કરીશ રે;
પરણાવીશ મન માનીયો, જે જગ મોટો ઇશ રે. પુન્ય૦ ૧૬

એ નવસોમી ઢાલમેં, પૂછ્યા જાણ સુજાણ રે;
ગુણસાગર કહે પુન્યથી, ચઢશે વાત પ્રમાણ રે. પુન્ય૦ ૧૭

## દોહા

વલી પૂછ્યા વડ ભાગીયા, ગઢ ગંજણ હી ચાલ;
એહવા જસુ પાસે રહે, કોઇ ન કરે ટંકાલ. ૧

સ્વયંવર મંડપ રંગશું, માંડયો અધિક મંડાણ;
કુમરી લાડકી દ્રૌપદી, વાંછા ચઢે પ્રમાણ. ૨

ચોક્કસ વાત બણાઇને, જોશી તુરત તેડાય;
માસ લગન શુભ દિન ઘડી, જોવો જ્યોતિષ રાય. ૩

જોશી જોયો જુગતિશું, પોષ માસ શુદિ ત્રીજ;
ગોધુલીક ચોકખો અછે, વરસ માંહિ એહીજ. ૪

સુણી રાજા મન રંજીયો, જોશીને દે દાન;
કુસુમ માલા ઘાલી ગલે, દીધો આદર માન. ૫

આપ ભૂપ પ્રધાનશું, બેઠા કરે વિચાર;
સભા વિચ સિંહાસને, પાસે સહુ પરિવાર.

## ઢાલ ૧૧૦ મી

( બીભીક્ષણ વાત વિચારો એહ—એ દેશી )

સોનાની છીડકા ભલી રે, કાગલ રંગ રંગેલ;
મંત્રીસર લખજો ભલો રે, રખે કરો કાંઇ ઢીલ રે;
માનવ માનો ભૂપતિ આણ. ૧

સ્વામી ભક્તિએ સુખ પામશો રે,
લહસ્યો ક્રોડ કલ્યાણ રે. માનવ૦ એ આંકણી૦
મંત્રીસરે કાગલ લખ્યો રે, બહુ ઘડ ભંજ ઉપમાન;
અક્ષર લખીયા પરવડા રે, વાંચત હુઇ આસાન રે. માનવ૦ ૨

દૂત તેડાવી રાજવી રે, કાગદ દીધો હાથ;
પ્રથમ તું જાવે દ્વારકાં રે, જિહાં રાજા હરીનાથ રે. માનવ૦ ૩

પગ ઝાટકી પગે લાગજે રે, શ્રીપતિને કેજે જુહાર;
કાગલ દેઇ વિનવે રે, હરખીત હોય મોરાર રે. માનવ૦ ૪

સમુદ્રવિજય નૃપ સારીખા રે, નમીજે દશે દશાર;
અતુલી બલી બલભદ્રજી રે, કહેજે તાસ જુહાર રે. માનવ૦ ૫

રાજ પધારો હિત ધરી રે, મ કરો ઢીલ લગાર;
દ્રુપદ સુતા છે દ્રૌપદી રે, વિવાહનો અધિકાર રે. માનવ૦ ૬

ઇમ કહી દૂત ચાલીયો રે, હય ગય રથ નરવૃંદ;
અનુક્રમે આયો દ્વારિકાં રે, જિહાં છે ભૂપ મુકુંદ રે. માનવ૦ ૭

બાગ વિચે ડેરો દીયો રે, ભોજન કરી બહુ ભાત;
વાઘો સખર બનાઇયો રે, સુંદર તનુ શોભાત રે. માનવ૦ ૮

લાયક પાયક પરિવર્યો રે, આડંબર કરી દૂતઃ
રાજસભા તે આવીયો રે, બેઠા નર રજપુત રે. માનવ૦ ૯

પગે લાગી કાગદ દીયો રે, સુખ વચન શુભ વાણ;
કુશલ ખેમ પૂછી વલી રે, રાજેસર કલ્યાણ રે. માનવ૦ ૧૦

મધુસુદન મન હરખીયો રે, વાંચી કાગલ તેહ;
કંપીલપુર જાવા ભણી રે, જાગ્યો અધિક સનેહ રે. માનવ૦ ૧૧

સુણજો સહુ કો યાદવા રે, સુણજો દશે દશાર;
સોલ સહસ્સ ભૂપતિ સુણો રે, કરજો એક વિચાર રે. માનવ૦ ૧૨

માન્યો વચન સહુ મલી રે, શ્રીપતિનો હિતકાર;
આદરશું ભોજન દીયો રે, દૂતને કૃષ્ણ મોરાર રે. માનવ૦ ૧૩

કિશનશીખ લે ચાલીયો રે, દૂત પ્રમોદ અપાર;
બાગમાંહિં જિહાં ઉતર્યો રે, કરી સજ્જાઇ સાર રે. માનવ૦ ૧૪

કટક સુભટ સાથે ઘણાં રે, ચાલ્યો તિહાંથી દૂત;
મારગ આવે જોવતો રે, જિહાં અચરીજ અદ્ભૂત રે. માનવ૦ ૧૫

ગામ નગર પુર લંઘતો રે, કરતો વચ્ચે મુકામ;
આનંદ સેતિ આવીયો ર, જિહાં કંપીલપુર ગામ રે. માનવ૦ ૧૬

સૂરજ ઉગે આવીયો રે, દૂત તે દુવાર;
સભા મિલી સહુ કો જુડયા રે,
કીધો જુગતિ જુહાર રે. માનવ૦ ૧૭

દૂત કહે કરજોડને રે, માની વાત મોરાર;
ભાગ્ય વડો છે રાઉલો રે, હોશે જય જયકાર રે. માનવ૦ ૧૮

સહુ કો રલીયાયત થયા રે, ચઢશે વાત પ્રમાણ;
દશોત્તર સોમી ઢાલમેં રે, હોશે કોડ કલ્યાણ રે. માનવ૦ ૧૯

---

## દોહા

નિસુણી દૂત વચનથી અતિ હરખ્યો રાજાન;
ઇણ કારણથી માહરો, હોશે જશ પ્રધાન. ૧

સન્માન્યો તે દૂતને, સબ અધિક સનેહ;
આપી પાછી આજ્ઞા, દૂત ગયો નિજ ગેહ. ૨

## ઢાલ ૧૧૧ મી

( લાછલદે માત મલ્હાર અથવા શ્રી સુપાર્શ્વ જિનરાજ—એ દેશી )

હવે દ્રુપદ નામે રાય, દૂજો દૂત બોલાય;
આજ હો વાત પ્રકાશે, નિજ નિજ મન તણી એ,
હત્થીણાપુર તું જાય, જિહાં વસે પંડુરાય;
આજ હો પાંચ પુત્રશું, સુખ લીલા ઘણીજી. ૧

યુધિષ્ઠિર જેષ્ઠી જાણ, ભીમસેન બીજો વખાણ,
આજ હો અર્જુન, ત્રીજો નંદન તેહનો જી;
નકુલ ચોથો સોય; સહદેવ પાંચમો જોય,
આજ હો માંહોમાંહે, પ્રીતિ અધિકી જેહને જી. ૨

વલી તસ રાજ મોઝાર, દુર્યોધન હિતકાર;
આજ હો ગંગેવ, વિદૂર આદિ તે સર્વ જી;
સકલ વડા વડવીર, તેહને કહેજે ધીર,
આજ હો કૃષ્ણ પરે, જાઇ સહુને વિનવેજી. ૩

દૂત હત્થીણાપુર આય, મિલી વિનવીયા રાય,
આજ હો વેગે પધારો, તેડા તુમ ભણીજી;
દૂત પ્રતે દેઇ માન, તેડા સર્વ રાજાન,
આજ હો કેસરીયે વાઘે, કરી શોભા ઘણીજી. ૪

તદનંતર વલી રાય, ત્રીજો દૂત બોલાય,
આજ હો ચંપાપુર, નગરી જાજે તું સહીજી;
કરણ તિહાં રાજાન, દીપે કર્ણ સમાન,
આજ હો અંગ, નરાધિપ ભણી કહેજે વહીજી. ૫

સલ્પ અને નંદીરાય, આદે સહુ સમુદાય;
આજ હો વેગે રે, પધારો રાય મયા કરીજી;
તે પણ સાંભલી વાય, દેઇ નિશાણે ઘાય,
આજ હો કંપીલપુર, જાવા ઉચ્છરંગ મન ધરીજી. ૬

હવે ચોથો દૂત ચલાય, હૈડે હરખ ન માય,
આજ હો વેગે મનાવો, સોયંપુર પતિજી;
દમઘોષ સુત શીશુપાલ, પાંચસેં ભાઇ રસાલ,
આજ હો શીષ નમાવી, કીધી વિનતીજી. ૭

પાંચમો દૂત પઠાય, હસ્તીશીર્ષ નગરે આય;
આજ હો દમદંત રાજાજી, રાજ કરે જિહાંજી;
વિનવીયો જઇ રાય, દ્રુપદ વચન સુણાય;
આજ હો વેગે પધારો, મન હરખે તિહાંજી. ૮

હવે છઠ્ઠો દૂત તેડાય, દ્રુપદ રાય બોલાય;
આજ હો મથુરાનગરી, ભણી સો તો મોકલેજી;
શ્રીધર નામેં રાય, બેઠો છે સુખદાય;
આજ હો લેખ વાંચીને, કહે આવ્યા ભલે જી. ૯

સાતમો દૂત સુણ વાણ, કરે હુકમ પ્રમાણ;
આજ હો આનંદે, રાજગ્રહ પુર આવીયો જી;
સહદેવ નામેં રાય, પ્રણમી તેહના પાય;
આજ હો સ્વામી વચન, સહુ સંભલાવીયોજી. ૧૦

તો તે રાય બોલાય, આઠમો દૂત ચલાય;
આજ હો કુંડનપુર નગરી, રાય રૂપી પ્રતે જી;
બોલે મધુરી વાણ, કરજે જઇને જાણ;
આજ હો વ્હેલો તું, વલજે કરજે મુજ કૃતે જી. ૧૧

નવમા દૂતશું વાત, જા તું નગર વૈરાટ;
આજ હો રાય વૈરાટને, જઇ એમ ભાંખજે જી;
સત ભાઇશું આજ, વિનંતી કરી મહારાજ;
આજ હો રાય કીચકને, હેત બહુ દાખજે જી. ૧૨

રાયપુત્રી ગુણગેહ, પરણે અધિક સનેહ;
આજ હો વેગે રે, પધારો ભૂપતિ એમ કહ્યોજી;

તેણે તિમહીજ કીધ, આજ્ઞા પાછી દીધ;
આજ હો સાંભળી રાય, સુખ અધિકો લહ્યો જી. ૧૩

નવ દેશ નોતર્યા રાય, દશમો દૂત ચલાય;
આજ હો દ્રુપદ રાજાની, નિજ ખાંતે કરી જી;
જાજો દેશાદેશ, લઘુ વડા નરેશ;
આજ હો વાત પ્રકાશો, શીઘ્ર હિત ધરીજી. ૧૪

હવે સકલ રાજાન, સાંભલી દ્રુપદ વાણ;
આજ હો કંપીલપુર, આવણ અતિ ઉમહ્યા જી;
ઢાલ ઇગ્યારોત્તર સોમી એહ, સુણતાં પામે નેહ;
આજ હો સુરી ગુણસાગર, સાજન સુખ લહ્યા જી. ૧૫

---

## દોહા

સભા સુધર્મી કૃષ્ણજી, બેઠા બલભદ્ર પાસ;
કોષ્ટુક જોશી તેડીને, પૂછે મુહૂર્ત તાસ. ૧

તિણ દાન તિથી અટકલી, જોગ જુગતિ ગુણજાણ;
સન્મુખ સારો ચંદ્રમા, રાજન શાસ્ત્ર પ્રમાણ. ૨

યાદવ ભાદ્રવ મેહ જિમ, જુડાયા છપ્પન હી ક્રોડ;
વાત સુણી વિવાહની, હરખ્યા હોડાહોડ. ૩

કૃષ્ણ કહે સહુ સાંભલો, મ કરો વિલંબ;
ફરી સજાઈ આવજો, પ્રદ્યુમ્ન કુમર અરુ સંબ. ૪

વાત થાપી તે ઉઠીયા, પોહતા નિજ નિજ ગેહ;
ઘર જાઇ મજ્જન કરે, જિણથી દીપે દેહ. ૫

---

## ઢાલ ૧૧૨ મી

( છટૂઠીને વાડે છેલ છબીલો–એ દેશી )

કીધા સોલ શ્રૃંગાર રાજીંદા, દ્વારામતી નગરી ધણી એ;
આયા રૂખમણી પાસ રાજીંદા, જીણશું પ્રીત અછે ઘણી એ. ૧

રૂખમણી અધિક સનેહ રાજીંદા, રાજ મયા કરો મો ભણી એ;
બેસો આસન એહ રાજીંદા, હું દાસી પ્રભુ તુમ તણી એ. ૨

રૂખમણી કૃષ્ણ નરીંદ રાજીંદા, આસન બેઠા એકઠા એ;
રમત કરવા રંગ રાજીંદા, રત્ન જડીત ભલા સોગઠા એ. ૩

લેઇ આરીસો હાથ રાજીંદા, મુખ દ્યુતિ દેખે કાનજી એ;
રૂખમણી રાણી હેજ રાજીંદા, દીપે દ્યુતિ અભિરામજી એ. ૪

શ્રીપતિ શ્યામલ મેહ રાજીંદા, રૂખમણી બની ચૂડામણી એ;
આભરણ રત્ન જડાવ રાજીંદા, ઈંદ્ર ધનુષ દ્યુતિ નિરજણી એ. ૫

રૂખમણી પૂછે વાત રાજીંદા, રાજ ચઢાઉ સાંભલ્યા એ;
ભૂપતિ મલીયા જોર રાજીંદા, હય ગય પાયક ખલભલ્યા એ. ૬

કૃષ્ણ કહે સુણ નાર રાજીંદા, કંપીલપુર અમે જાઇસાં એ;
દ્રુપદ સુતા વિવાહ રાજીંદા, દેખી તમાસો આઇસાં એ. ૭

રૂખમણી બોલે બોલ રાજીંદા, પ્રીતમ ગમન મતિ કરો એ;
તુમ વિણ ઘડીય છ માસ રાજીંદા,
વાલેસર કરુણા કરો એ. ૮

વાસર વરસ વિહાય રાજીંદા, તુમ વિણ સાહિબ કિમ રહું એ;
શોકય તણો જંજાલ રાજીંદા,
સુખ દુઃખ કિણ આગલ કહું એ. ૯

કૃષ્ણ કહે મેં બોલ રાજીંદા, બોલ્યો તે સહી પાલવો એ;
ઉત્તમ અવિચલ વાચ રાજીંદા, અપજશ દૂરે ટાલવો એ. ૧૦

રૂખમણી ભાંખે એમ રાજીંદા, વાલમ વેલા પધારજો એ;
મત મુકો વિસાર રાજીંદા, મુને નાહ સંભારજો એ. ૧૧

રૂખમણી દીધી શીખ રાજીંદા, કૃષ્ણ સભામાંહિ આવીયા એ;
જુડીયા યદુ રાજાન રાજીંદા, બંદીજન જશ ગાઇયા એ. ૧૨

શણગાર્યા ગજરાજ રાજીંદા, મુખ મલ ઝૂલ સોહામણી એ;
ઘંટા ઘુઘરમાલ રાજીંદા, ગલે કંચનમણી મેખલા એ. ૧૩

શીષ સિંદૂર બનાય રાજીંદા, કાને બેઉ ચામર ઢલે એ;
ઐરાવણ અવતાર રાજીંદા, ઢલકતી ઢાલ ભલી બની એ. ૧૪

કૃષ્ણ ચડયા ગજરાજ રાજીંદા, મસ્તક છત્ર રત્ને જડયા એ;
ચામર વિંઝે ચાર રાજીંદા, નગર લોક જોવા ચડયા એ. ૧૫

ચંચલ ચપલ તુરંગ રાજીંદા, નીલા પીલા હંસલા એ;
શણગાર્યા બહુ મૂલ રાજીંદા, આપડી ન શકે વાંસલા એ. ૧૬

રાતા રથ ચોસાલ રાજીંદા, નવલ તુરંગમ જોતર્યા એ;
ચિહું દિશ ઘંટા ચાર રાજીંદા, હરખીત સાથ ઉંચા ઘણાં એ. ૧૭

લાયક પાયક કોડ રાજીંદા, હરખીત સાથ ઉંચા ઘણા એ;
સુંદર વેશ બણાવ રાજીંદા, ચાકર ચતુર સોહામણાં એ. ૧૮

ચતુરંગી સેના સાથ રાજીંદા, દ્વારામતીથી ચાલીયા એ;
વાગ્યા નવલ નીસાણ રાજીંદા, અસવારે અસિ ઝાલીયા એ. ૧૯

બલભદ્ર કૃષ્ણ જોડ રાજીંદા, દશે દશાર પાસે રહ્યા એ;
સોલ સહસ્ય રાજાન રાજીંદા, સહુ કો આવ્યાં ગહગહ્યા એ. ૨૦

સાંબ પ્રદ્યુમ્ન કુમાર રાજીંદા, કેશરીયે વાઘે ભલા એ;
મોટા મોતી કાંતિ રાજીંદા, રૂપકલા ગુણ આગલા એ. ૨૧

ગણિકા રૂપ રસાલ રાજીંદા, અનંગસેના નામે વડી એ;
લાખા ગમે સાથ રાજીંદા, નારી ચતુરાઇ રૂપે વડી એ. ૨૨

દલ વાદલ મંડાણું રાજીંદા, તંબુ તાણ્યા બાગમેં એ;
ડેરા હુવા નજીક રાજીંદા, કૃષ્ણ પધાર્યા રંગમેં એ. ૨૩

રૂદ્ધિવંત જશવંત રાજીંદા, છડીદાર આગલ વહે એ;
શોભાગી શિરદાર રાજીંદા,
બારોત્તર સો ઢાલે ગુણસાગર કહે એ. ૨૪

---

## દોહા

નોબત વાજે બાગમેં, શરણાઈ બહુ ભાત;
ઘડીયાલો વાજે ઘડી, ખલક ખડી મનખાંત. ૧

મુજરો કરે દરબારથી. સહુ કોઇ નરરાય;
શીખ લેઇ કેશવ તણી, નિજ નિજ થાનક જાય. ૨

કૃષ્ણ પધાર્યા મહેલમેં, નવરંગ જિહાં ચિત્ત ઠામ;
સુખસેજે બેઠા સુખે, પાસે બેઠા રામ. ૩

વાત કરે દરબારની, મારગ કુચ મુકામ;
બાર કોષ બાંધી મજલ, પગ પગ જલ તૃણ ઠામ. ૪

સુધો મારગ અટકલ્યો, વાંકી ટાલી વાત;
કોડી સુભટ ઇણુ કટકમેં, ઘોટક કુંજર ઘાટ. ૫

દ્વારામતી નગરી થકી, આયા સઘલા લોક;
ઉંટ બલદ વેસર ભરી, બાર રસ થીક થોક. ૬

વાસર પાંચમું કામ છે, સુણો લોક ધરી રાગ;
પાન ફૂલ મત તોડજો, એ મુજ મોહન બાગ. ૭

---

## ઢાલ ૧૧૪ મી

( ઝૂમખડાની—એ દેશી )

જાંબુ લીંબુ આંબલી, આંબા દાડમ દ્રાખ; રંગીલા મોહના,
જબીરા રાયણ ભલી, નવરંગી નવલાખ; રંગીલા મોહના૦ ૧

બીજોરા ને કરમદા, નાલેરી તરબૂચ; રંગીલા૦
સુક સખર ખારેકી ખરી, ખુરસાણી ખરબુજ. રંગીલા૦ ૨

ઉબર પીપર, બીલડાં, લુંબઝુંબ વડબોર; રં૦
પાન બીડી વારી ભલી, બેઠા મોર ચકોર. રંગીલા૦ ૩

માલી માલની મનરલી, પ્રાન ફૂલ ફલ સાર; રં૦
વેચણ આવે મોલમેં, લેજો વચન વિચાર. રંગીલા૦ ૪

કોણ આપણો કોણ પારકો, ગુન હી ને ઘે માર; રં૦
કિશન આણ છે આકરી, કોઇ ન લોપે કાર. રંગીલા૦ ૫

ધાન્ય મૂલ વેપારમેં, મત કો કરો અન્યાય; રં૦
નીતિ રીતિ પંથ ચાલતાં, સહુકો લાગે પાય. રંગીલા૦ ૬

કૌતુક જોવણ કૌતુકી, કુણ કુણ આવ્યા લોક; રં૦
શુરવીર કે સાહસી, હરખે આયા લોક. રંગીલા૦ ૭

ડેરા તિહાંથી ઉપડયા, ગુડીયા ગુહીર નીસાણ; રં૦
કટક વિકટ ચિહું દિશ વહે, ધૂલ ચઢી અસમાન. રંગીલા૦ ૮

આગલ કીધાં હાથીયાં, મદમાતાં ઝુઝાર; રં૦
ઘોડા જોડયા જોરમેં, હિંસે સહસ્સ પ્રકાર. રંગીલા૦ ૯

નવરંગ નેજા ફરહરે, વિચ વિચ તુંબ અવાજ; રં૦
ધોં ધોં ધોં શબ્દ સુણી, ચોર ચરડ જાય ભાજ. રંગીલા૦ ૧૦

ગામ નગર પુર પાટણે, શ્રીપતિ કરે મુકામ; રં૦
મોટા છોટા રાજવી, સેવ કરે શીરનામ. રંગીલા૦ ૧૧

દહિં દૂધ ઘૃત ભરી ઘડા, પાન ફૂલ ફલ ભેદ; રં૦
ધોરી ધોલા જોડલે, આગલ ભેટે નેટ. રંગીલા૦ ૧૨

જલ થલ વન ગિરી લંઘતાં, આયા દેશ પંચાલ; રં૦
જિણુ દિશે ગંગા વહે, જાણે બાલ ગોપાલ. રંગીલા૦ ૧૩

શાલી ચણા ઘઉં ઘણાં, ઉડદ મસુર અપાર; રં૦
ગુંદરી ઘણી સેલડી, મણિકા દ્રાખ અપાર. રંગીલા૦ ૧૪

ઠામ ઠામ મેવા ઘણાં, ધરતી જોવા લાગ; રં૦
પગ પગ પાણી મોકળા, વન વાડીના બાગ. રંગીલા૦ ૧૫

દેશ સીમ સરસી સહી, દેખી કૃષ્ણ નરેશ; રં૦
એ મોટો છે રાજવી, જેહને એહવો દેશ. રંગીલા૦ ૧૬

હરી ભાંખે દૂતો સુણો, દીઠા દેશ અનેક; રં૦
પણ એ દેશે સમો તુમે, દીઠો તુમે કોઈ એક. રંગીલા૦ ૧૭

હવે કંપીલપુરનો ધણી, દ્રુપદ નામેં ભૂપ; રં૦
કૃષ્ણ આગમ સાંભલી, કરે સજાઇ અનૂપ. રંગીલા૦ ૧૮

તેડયા મોટા વાગીયા, જયારો મોટો ભાગ્ય; રં૦
વાગા પહેર્યા નવનવા, શીર સારંગી પાગ. રંગીલા૦ ૧૯

સુંદર કુંજર સજ્જ કીયા, ઘોડા કંચન સાજ; રં૦
ઘોડા વહેલ રથ જોતર્યા, મિલીયા સુભટ સમાજ. રંગીલા૦ ૨૦

તેરોત્તર સોમી ઢાલમેં, ગુણસાગર સુખકાર; રં૦
સુખીયા જિહાં તિહાં સુખ લહે, આદરમાન અપાર. રંગીલા૦ ૨૧

---

દોહા

ઘુર્યા દુદામા તત્ક્ષણે, વલી વાગી કરતાલ;
નવરંગ નેજા ફરહરે, ચતુરંગ સૈન્ય વિશાલ. ૧

સુહવ નારી કલશ ભરી, કરે સોલ શણગાર;
દરવાજે ઉભી રહી, જાણ હુવો પેસાર. ૨

સબલ સજાઇ સજ કરી, ચડીયો નગરી રાય;
બંદીજન જયજય કરે, માધવ સન્મુખ જાય. ૩

ગજથી રાજા ઉતરી, લાગે શ્રીપતિ પાય;
આદર દેઇ કૃષ્ણજી, મલીયા બેહુ ઉચ્છાંય. ૪

હરી પૂછે રાજા સુણો, કુશલ ખેમ આણંદ;
રાજપાટ ચડતી કલા, દેશ ન કેઇ દંદ. ૫

રાય પ્રસાદે સદા કુશલ, વલી વિશેષે આજ;
કૃપા કરી પધારીયા, રાજ વધારી લાજ. ૬

---

## ઢાલ ૧૧૪ મી

( નણદલની—એ દેશી )

નયન સયન સેતિ કહે, શ્રીપતિ કટક મુકામ હો સુંદર;
રાજા બે મલીયા તિહાં, તરુવર શીતલ ઠામ હો સુંદર. ૧

ભૂપતિ ભેટ ભલી કરે, દ્રુપદ નામ સુજાણ હો સુંદર;
સાજન સગપણ રાખવા, કોડી કરે કુરબાન હો સું૦ ભૂપતિ૦ ૨

ગજવાજી રથ પાલખી, ભેટ કરી મન કોડ હો સુંદર;
પગે લાગી વિનંતી કરે, લેતાં કોઇ ન ખોડ હો સું૦ ભૂ૦ ૩

શ્રીપતિ રાખ્યો ભેટણો, અવસરે લાગે મીઠ હો સુંદર;
દ્રુપદ કહે પ્રભુ તાહરો, દર્શન દીઠો નીઠ હો સું૦ ભૂ૦ ૪

ઇણ અવસર તિહાં પુરીસરે, મિલીયા નગરના લોક હો સુંદર;
આવે કૃષ્ણ નરેસરુ, અચરજ જોવા જોગ હો સું૦ ભૂ૦ ૫

સાથે કુણ કુણ વાગીયા, કુણ કુણ શિરદાર હો સુંદર;
ભોગી ભમર કુમર તિહાં, કુણ કુણ દશે દશાર હો સું૦ ભૂ૦ ૬

મયમંતા હાથીની ઘટા, હયવર પાર ન કોઇ હો સુંદર;
દેય પાયક વર પાલખી, દીઠા આણંદ હોય હો સું૦ ભૂ૦ ૭

નગર મહોચ્છવ નૃપ કરે, આડંબર અસમાન હો સુંદર;
જાદવ જોવે ગજ ઘટા, ગણિકા ગાવે ગાન હો સું૦ ભૂ૦ ૮

પૂરણ કલશ શીર પદ્મની, સન્મુખ આવે તેહ હો સુંદર;
પઇસારો નૃપ માંડીયો, ભક્તિ જુક્તિ ધરી નેહ હો સું૦ ભૂ૦ ૯

દરબાર બાર બનાઇયો, સબલ કીયો છટકાવ હો સુંદર;
પંચવર્ણા ફૂલ વિખેરીયા, બહુ પરીમલ મહકાવ હો. સું૦ ભૂ૦ ૧૦

વિવિધ વિનોદ નિહાલતા, જોતા અચરજ કોડ હો સુંદર;
ઉંચા નવલખા માલિયા,
આવી રહ્યા મન કોડ હો. સું૦ ભૂ૦ ૧૧

હવે કંપીલપુરનો ધણી, ભલી ભલી ભેટ અણાય હો સુંદર;
કમલાપતિ આગલ ધરે, જિણ દીઠે સુખ થાય હો. સું૦ ભૂ૦ ૧૨

મેવા દેશ પરદેશના, સાકર કાજુ સાર હો સુંદર;
ફલાકુંદ અતિ ઉજજલા, કોલાપાક અપાર હો. સું૦ ભૂ૦ ૧૩

સાકર વાણી જતન સ્યું, પાણી ભરી ભરી કુંભ હો સુંદર;
કુસુમપુર ફણુસ ભલી, શીતલ મધુર સુરંભ હો. સું૦ ભૂ૦ ૧૪

એવા શીતલ જલ પીએ, મધુર મીઠાઇ ખાય હો સુંદર;
ભોજન સરસ કીયા પછી,
મારગ શ્રમ મીટ જાય હો. સું૦ ભૂ૦ ૧૫

પંડુ રાજા પણ આવીયા, પાંચ પાંડવ વલી સાથ હો સુંદર;
વિદુર કરણ ગંગેવશું, દુર્યોધન નરનાથ હો. સું૦ ભૂ૦ ૧૬

રાજગ્રહી નગરી ધણી, શ્રી સહદેવ નરિંદ હો સુંદર;
આડંબર કરી આવીયા,
મયમંત સાથ ગયંદ હો. સું૦ ભૂ૦ ૧૭

ચંપા નગરીનો ધણી, કૃષ્ણ મહીપતી સિંહ હો સુંદર;
સલ્પ ભૂપ દલબલ સહિત, આયો અકલ અબીહ હો. સું૦ ભૂ૦ ૧૮

ગંધારાધિપતી ભૂપતી, શકુની નામે અતિ સૂર હો સુંદર;
કંપીલપુર આયો તુરત, ગજ ઘટ ઘણે પંડૂર હો. સું૦ ભૂ૦ ૧૯

દમઘોષ સુત દલપતિ, જાણે બાલ ગોપાલ હો સુંદર;
નગરી ચંદેરીનો ધણી, આયો નૃપ શીશુપાલ હો. સું૦ ભૂ૦ ૨૦

કુંડનપુરનો રાજીયો, રૂપી નૃપ કુલચંદ હો સુંદર;
વાર ન લાઈ આવતાં, સાથે સેવક વૃંદ હો. સું૦ ભૂ૦ ૨૧

વૈરાટ નગરનો ધણી, કીચક નામે નરેશ હો સુંદર;
સો ભાઇશું આવીયો, કીધો નગર પ્રવેશ હો. સું૦ ભૂ૦ ૨૨

મથુરા નગરી અધિપતી, શ્રીધર નામેં નરિંદ હો સુંદર;
આયો મૃગપતી સાહસી, મન ધરતો આણંદ હો. સું૦ ભૂ૦ ૨૩

માલવદેશ તણો ધણી, વૈરી સાલ નરેશ હો સુંદર;
આયો ધાયો ધસમસી, જિહાં છે દ્રુપદ દેશ હો. સું૦ ભૂ૦ ૨૪

એમ ગામાગર નગરથી, આયા મોટા ભૂપ હો સુંદર:
કંપીલપુર ડેરા દીયા, દીપે તેજ અનૂપ હો. સું૦ ભૂ૦ ૨૫

દ્રુપદ મહીપતી આણીયા,
કરી ઓચ્છવ પુરમાંહિ હો સુંદર;
સહુને સરખા રાખીયા,
જસ થયો નગર અગાહ હો. સું૦ ભૂ૦ ૨૬

મોટા મંદિર માલીયા, ધવલ ઊંચા આવાસ હો સુંદર;
નામાંકિત હુવા જી કે, સહુને દીધ વિમાસ હો. સું૦ ભૂ૦ ૨૭

જુદીયા ભૂપતિ ભલભલા, હુતા જે ચઉસાલ હો સુંદર;
દ્રુપદ તે સંતોષીયા, જમાડયા સુવિશાલ હો. સું૦ ભૂ૦ ૨૮

નિજ નિજ આવાસે રહ્યા, સઘલા રાજા જાણ હો સુંદર;
ગીત ગાન કરે રંગશું, પામે કોડ કલ્યાણ હો. સું૦ ભૂ૦ ૨૯

રામત રાતા રાજવી, નાટક ગીત વિનોદ હો સુંદર;
સુખ સેતિ બેઠા સહી, મન ધરતા પ્રમોદ હો. સું૦ ભૂ૦ ૩૦

ઢાલ ચઉદોત્તર સોમી ભલી,
મિલીયા રાય સુજાણ હો, સુંદર;
ગુણસાગર કહે હવે સાંભલો,
વિવાહનો મંડાણ હો. સું૦ ભૂ૦ ૩૧

---

## દોહા

દ્રુપદરાજા આપણા, તેડયા સેવક કોડ;
સ્વયંવર મંડપ માંડીયો, મનથી આલસ છોડ. ૧

ગંગાજલ નિર્મલ વહે, ઠામ મોકળું જાણ;
તાસ તીર ધરતી સમી, કરી તિહાં સખર મંડાણ. ૨

મંડપ છાયો મોકલો, કંચન મુક્તાફલ રયણ;
શોભા વિવિધ પ્રકારની, દેખત આનંદ નયણ. ૩

ફૂલ પગર સોહામણાં, ધૂપઘટી મહેકંત;
તોરણની રચના રચી, દેખી જન હરખંત. ૪

લગ્ન તણો દિન આવીયો, હેમ સિંહાસન રાય;
બેઠા સઘલા આયને, વિવિધ શોભા લાય. ૫

સઘલામાંહિં શોભતો, રાજા પંડુ જોય;
પુત્ર પાંચ મહાબલી, ગંજી ન શકે કોય. ૬

હવે મજજન કરી દ્રૌપદી, દેવ જુહારણ જાય;
કેશર ચંદન કુસુમ લે, ધૂપ દીપ સમુદાય. ૭

કરી પૂજા કામદેવની, ભાંખે દ્રૌપદી નાર;
દેવ દયા કરી મુજને, ભલો દેજો ભરથાર. ૮

---

## ઢાલ ૧૧૫ મી

( અલબેલાની અથવા ભલા વચન તુમે ભાંખીયા રે લોલ—એ દેશી )

નવયોવન રૂપે રૂઅડી રે લાલ, હરખીત વદન ઉમાય; રાયજાદી રે;
કરી ઓલગ પાછી વલી રે લાલ,
આવી જિહાં નિજ માય; રાયજાદી રે. ૧

શીલવતી ભલી દ્રોપદી રે લાલ. એ આંકણી૦

આભૂષણ અંગ લૂહણા રે લાલ, અરગજો અંગ લગાય; રા૦
કોરજ મલ પહિરાવીયો રે લાલ,
કેસર રંગી પાય. રા૦ શીલ૦ ૨

વેણીદંડ જડાવનો રે લાલ, સોહે મૂલ અમૂલ રા૦
શીરે સોહે રાખડી રે લાલ, રત્ન જડીત શીષ ફૂલ. રા૦ શી૦ ૩

કાને કુંડલ ઝલકતા રે લાલ, ચંદ સૂરજ અનુકાર; રા૦
કર કંકણ વર વિંછીયા રે લાલ,
નકવેસર શણગાર. રા૦ શી૦ ૪

નયન કમલદલ સારીખા રે લાલ, અંજન રેખ બનાય; રા૦
દશ અંગુલીએ મુદ્રડી રે લાલ,
નિલવટ તિલક સોહાય. રા૦ શી૦ ૫

રંગરંગીલા સોહતા રે લાલ, ઓઢણ ઝીણા ચીર; રા૦
કર પગ માંડયા માંડણા રે લાલ,
કાન રાખી નકશીર. રા૦ શી૦ ૬

જંઘા કમલ લતા જીસી રે લાલ, સોહે રાજકુમાર રા૦
ગંગા ગોરી સારખી રે લાલ, રતી રંભા અવતાર રા૦ શી૦ ૭

ચોડ વ્હેલ આણી ભરી રે લાલ, ઘુઘરમાલ બનાય; રા૦
સખી સાહેલી ઝુલરી રે લાલ, લાગી જનની પાય. રા૦ શી૦ ૮

મન માન્યો વર તું લહી રે લાલ, જનની દિયે આશીષ રા૦
રથે બેઠી આણંદશું રે લાલ, તૂઠો મુજ જગદીશ રા૦ શી૦ ૯

ભાઇ સાથે સારથી રે લાલ, સુભટ લીયા શિરદાર રા૦
રથ રખવાલી તે કરે રે લાલ,
રતન જતન અધિકાર. રા૦ શી૦ ૧૦

સાવધાન જોતાં થકાં રે લાલ, કર ઝાલી તરવાર; રા૦
કુશલ ખેમશું આવીયા રે લાલ,
હરખી રાજકુમાર. રા૦ શી૦ ૧૧

મંડપમાંહિ પેશતાં રે લાલ, દીઠા શ્રીપતિ રામ; રા૦
બીજા પણ દીઠા ઘણાં રે લાલ, સહુને કરે પ્રણામ રા૦ શી૦ ૧૨

ચંપક પાંડલ માલતી રે લાલ, ફૂલ દડો લેઈ હાથ. રા૦
પરીમલ બહુલો મહમહે રે લાલ,
સકલ સાહેલી સાથ. રા૦ શી૦ ૧૩

હાથે દર્પણ ઝાલીયો રે લાલ, નિર્મલ દીશે રૂપ; રા૦
મણી માણેક મૂઠે જડયો રે લાલ,
તિણમાંહિ દેખે ભૂપ. રા૦ શી૦ ૧૪

નામ ઠામ કુલ જાતશું રે લાલ, શુરવીર ઉદાર; રા૦
માત તાત બાંધવ સહી રે લાલ, રાજરૂદ્ધિ ભંડાર. રા૦ શી૦ ૧૫

ભાષા જાણે જુજુઇ રે લાલ, દાશી ચતુર સુજાણ; રા૦
કુમરી સાથે સંચરે રે લાલ, દેખાડે રાય રાણ. રા૦ શી૦ ૧૬

ચિત્રધારણી શીખવે રે લાલ, ગતિ મતિ મંદાચાર રા૦
ગુણસાગર સુરીએ કહી રે લાલ,
પનડોત્તર સોમી ઢાલ સાર રા૦ શી૦ ૧૭

## દોહા

શશીવયણી મૃગાલોયણી, હૃદય કોમલ ગાત;
કોકીલકંઠી હંસગતિ, અમૃત વચન સોહાત. ૧

રાજકુમરી રીઝી ઘણી, દીઠા બહુ રાજાન;
મંડપ વિચ આણી હવે, હાથણી જેમ આલાન. ૨

ધણીયાણી મન ઓલખી, રુચંતા બોલે બોલ;
એહવી સાથે અછે, વિનંતી કરે નીટોલ. ૩

એક નારી ભૂપતિ ઘણાં, સહુ કો દેખણહાર;
હિમકર દેખી સરોવરે, વિકસે કુમુદ હજાર. ૪

---

## ઢાલ ૧૧૬ મી

( નિંદરડી વેરણ હુઇ રહી અથવા અજીત જીણંદ શું પ્રીતડી—એ દેશી )

જિહાં બેઠા છે કૃષ્ણજી, તિહાં આવી હે સખી રાજકુમાર કે;
આરીસો આગે ધરી, દેખાડે હે ભલા રાજકુમાર કે. ૧

સખીય કહે સુણ સ્વામિની,
મન થીર કરી હે નિજ નયન નિહાલ કે;
જે મન માને તાહરે, તેહને કંઠે હે નાખે ફૂલની માલ કે. સ૦ ૨

એ અવસર પામ્યો ભલો, મત ચૂકે હે સખી હૈયે વિચાર કે;
દ્વારામતી નગરી ધણી,
એ તો સન્મુખ હો બેઠા કૃષ્ણ મોરાર કે. સ૦ ૩

સોલ સહસ્ર નૃપ દિન પ્રતે, જસુ સેવા હે સારે કરજોડ કે;
સોલ સહસ્સ રાણી ઘરે, મનમોહન હે સુંદર નહિં ખોડ કે. સ૦ ૪

તીન ખંડનો રાજીયો, નર સઘલા હે માને જસુ આણ કે;
દશે દશાર જાદવ જુડયા, તિણમાંહિ હે દીપે જયું ભાણ કે. સ૦ ૫

એવો બીજો રાજવી, નહિ કોઇ હે સખી શિરદાર કે;
જો મન માને તાહરે, તો વરજે હે સખી ભલ ભરથાર કે. સ૦ ૬

તિહાંથી આગલ સંચરી, જિહાં બેઠા હે સખી બલભદ્ર વીર કે;
દાશી કહે એ ગુણભર્યો,
સાહસીયામેં હે સખી સાહસધીર કે. સ૦ ૭

તિહાંથી પણ આગે ગઈ, જિહાં બેઠા હે સખી દશે દશાર કે;
સમુદ્રવિજય રાજા વડો, જેહનો સુત હે સખી નેમકુમાર કે. સ૦ ૮

તિહાંથી આગે આવતાં, તિણે દીઠા હે વસુદેવ નરંદ કે;
બહુત્તેર સહસ્સ અંતેઉરી,
એહવો પતિ હે લહીએ આણુંદ કે. સ૦ ૯

રાજસુતા મન ચિંતવે, ઘણી રાણી હે ઘણો પાપ જંજાલ કે;
પગે નમતા દિન આથમે,
તિણસ્યું માહરે હે કુણ આલ પંપાલ કે. સ૦ ૧૦

જો સુખ ચાહે હે સખી, તો એહ હે સહદેવ નરેશ કે;
શૂર સાહસીક ગઢપતિ, જિણુહી મન હે નહિં કૂડ કલેશ કે. સ૦ ૧૧

રાજગૃહી નગરી ભલી, તસુ નાયક હે સખી દેવસ્વરૂપ કે;
જરાસંધનો પાટવી, ઇણ પુછે હે ચડતા વડા વડા ભૂપ કે. સ૦ ૧૨

ઠાકુરથી ચાકુર હુવો, તેહનો હે સખી નહિં સૌભાગ્ય કે;
ઇમ ચિંતવી આગે ગઇ,
કોઇ દેખું હે સખી મોટે ભાગ કે. સ૦ ૧૩

એણીપરે સઘલા રાજવી, તિણે દીઠા હે સખી નયન નિહાલ કે;
કુમરી કહે દાશીપ્રતે, સૌહાગણ હે તું આગલ ચાલ કે. સ૦ ૧૪

હંસગમની એમ સંચરે, હવે તિહાંથી હે આણી ઉમંગ સંચ કે;
ઉલટ ઘટમાંહિ ઘણો, હઠ રાણી હે દેખી પાંડવ પંચ કે. સ૦ ૧૫

દેશ વાસ દાસી કહે, રૂપ જોવન હે પાંચે જોધાર કે;
વરમાલા ઘાલી ગલે, મેં વરીયા હે પંચ પાંડવ ભરથાર કે. સ૦ ૧૬

જય જય શબ્દ હુવો તિહાં, હરી હરખ્યો હે જાદવ રાજાન કે;
દ્રુપદ નૃપ મન રંજીયો, જસ શોભા હે મુજ હોશે જિહાંન કે. સ૦ ૧૭

મંગલ નાદ સોહામણાં શંખ વાજે હો ઘણાં ઢોલ નીશાણ કે;
સ્વયંવરા મંડપથી ચલ્યા,
કમલાપતિ હે ભૂપતિ રાયરાણ કે. સ૦ ૧૮

ઢાલ સોલોત્તર સોમી ભલી, ગુણસાગર હે અધિક રસાલ કે;
પુણ્યે સહુ વાંછિત ફલે, જગમાંહિ હે હોશે જશ વિશાલ કે. સ૦ ૧૯

---

દોહા

પાંચે પાંડવ દ્રૌપદી, રથ બેસી તિણવાર;
ભાઇ સાથે વાગીયા, આવી નિજ દરબાર. ૧

આરીમ કારીમ સહુ કિયા, મજ્જન કરી મન રંગ;
ચોરી વિચ બેઠા ચતુર, પાંચે પાંડવ ચંગ. ૨

રાજકુમરી શણગાર કરી, આણી સહિયર સાહી;
અમીય સલુણે લોયણે, બેઠી ચોરી માંહિ. ૩

---

ઢાલ ૧૧૭ મી

( સોહલાની—એ દેશી )

સુહવ સુહવ ગાવે સખરો સહલોજી. સુણતાં શ્રવણ સુહાય;
સરખી સરખીજોડી જુડી એહનીજી,
રોહિણી જિમ દ્વિજરાજ. સુ૦ ૧

કુમર કુમમ અમર રુપે રૂઅડાજી, પાંચે પાંડુ કુમાર;
અપચ્છર અપચ્છર સરખી દ્રોપદીજી,
પરણી પ્રેમ અપાર. સુ૦ ૨

યાચક યાચક દીધી દક્ષિણાજી, સુજશ થયો સંસાર;
અવસર અવસર દાન સોહામણોજી,
વૂઠો જિમ જલધાર. સુ૦ ૩

કિંચિત્ કિંચિત કામની તિણ સમેજી, હરખાણી કરી હાસ;
સહિયર સહિયર દીઠો ન સાંભલ્યોજી,
પાંચ પુરુષનો વાસ. સુ૦ ૪

માનની માનની હવે મન મોકળેજી, વરસે વર દશ બાર;
દ્રૌપદી દ્રૌપદી જો એ આદર્યાજી,
વર કેણ નીવારણ હાર. સુ૦ ૫

ઉત્તર ઉત્તર આપે મહીલા માનનીજી, ગર્વ મ કરે હે ગમાર;
મુનિવર મુનિવર ચારણ ગુણ કહ્યાજી,
સતીયાં મેં શિરદાર, સુ૦ ૬

ઉત્તમ ઉત્તમ પાત્ર સંતોષીયાજી, દીધાં અઢલક દાન;
સુકૃત સુકૃત કીધા ઇણ કુમારીએજી,
તિણ પામી જગ માન. સુ૦ ૭

દ્રુપદ દ્રુપદ ભૂપતિ કનકનાજી, કર મૂકાવણ કોડ;
માણેક માણેક મણી મોતી ઘણાંજી,
હય ગય રથ અટ્ઠ જોડ. સુ૦ ૮

દાશી દાશી જુજૂઆ દેશનીજી, સખરો વેશ બનાય;
કોકીલ કોકીલ સરખી ગોલણીજી, જાણે મનરો ભાવ. સુ૦ ૯

આભરણ આભરણ મુગટ જડાવરાજી, કુંડલ મોતીમાલ;
વાટકી વાટકી નવ નવ ઘાટકીજી, હાટકના પણ થાલ. સુ૦ ૧૦

દીવીય દીવીય પાટણ નીપનીજી, ઝારી સખરે ઘાટ;
ચામર ચામર છત્ર સોહામણાંજી, ભદ્રાસન જલ માટ. સુ૦ ૧૧

પંચરંગ પંચરંગ ઢાલ્યા ઢોલીયાજી, પગે પુતલી જાણ;
કોમલ કોમલ માખણ સરખી સેજડીજી,
રેશમ વણીયો વાણ. સુ૦ ૧૨

પટકુલ પટકુલ ગાલમસુરીયાજી, દીધા ઓસીસા અભિરામ;
ભલભલા ભલભલા વાગા આપીયાજી,
દીધા વલી આઠ ગામ. સુ૦ ૧૩

આપ્યા આપ્યા હય રથ હાથીયાજી, સંતોષ્યા સહુ તેમ;
એકસો અકસો સત્તરમી ઢાલ ભલીજી
ગુણસાગર કહે એમ. સુ૦ ૧૪

## દોહા

હવે દ્રૌપદી પંચાલીપતી, ધરણીધરને ભેટ;
આપે ગજ વાજી પ્રમુખ, દીધે જસ હોય નેટ. ૧

જે પણ બીજા રાજવી, આયા હુતા સાથ;
તેને સહુ સંતોષીયા, મોકલ કરી નિજ હાથ. ૨

કમલાપતિ સેના સજી, દીધ દદામા ચોટ;
રાજા સહુકો ચાલીયા, કોઇ નહિં મન ખોટ. ૩

તિણ વેલા આડો ફરી, આયો બહુ પરિવાર;
પાંડુ મહીપતી વિનવે, સુણજો કૃષ્ણ મોરાર. ૪

કૃપા કરો મુજ ઉપરે, માનો વચન વિમાશ;
હત્થીણાપુર પાવન કરો, મુજ મન પૂરો આશ. ૫

સઘલી માની કૃષ્ણજી, પ્રીતિ ભણી તે વાત;
બીજે પણ મલી કરી કીધો, કીધો હરી સંઘાત. ૬

## ઢાલ ૧૧૮ મી

(રસીયાની—એ દેશી)

કટક તે કંપીલપુરથી ચાલીયો, ડેરા બાહિર દીધ સલુણી;
ધૌંસ દદામા હો વાજા અતિ ભલા, દ્રુપદ નૃપ જસ લીધ. સલુણી૦ ૧

સુલ્લણી રાણી હો કુમરી ભણી કહે,
બેટી સુણુ એક શીખ; સ૦
સાસુ સસરાનો માને કહ્યો, વિણુ કહે મ ભરે શીખ. સ૦ ચુ૦ ૨

પ્રિય પહેલી માંચાથી ઉતરે, આલણુ નાણે અંગ; સ૦
ધણીય જમાડી તું જમજે પછી, મ કરે નીચ પ્રસંગ. સ૦ ચુ૦ ૩

આંખ બેહુમાં જિમ અંતર કિશ્યો, તિમ પાંચે ભરતાર; સ૦
સરીખા ગણુજે મત અંતર કરે, તુજ સર્જ્યા કિરતાર. સ૦ ચુ૦ ૪

અરિહંત દેવ સુગુરુ સેવા કરે, જિનધર્મ ધરજે ચિત્ત; સ૦
મુખથી મ ભાંખે વચન અજાણુતો,
જાપ જપે ધરી પ્રીત. સ૦ ચુ૦ ૫

નિંદા મ કરે હો બેટી પારકી, મ કરે મન અભિમાન; સ૦
અવગુણુ ઢાંકી ગુણુ પ્રગટ કરે,
તપ કરી મ કરે નિદાન. સ૦ ચુ૦ ૬

સમકીત સુધો મનમાંહિ ધરે, જિમ પામીશ શિવવાસ; સ૦
નિજ પરિજન સેતિ મિલતી રહે,
બોલે વચન વિમાશ. સ૦ ચુ૦ ૭

સુધા સાધ ભણી આદર કરે, દેજે અઢલક દાન; સ૦
અશન પાન ખાદિમ સ્વાદિમ ભલા,
સુખ પામી અસમાન. સ૦ ચુ૦ ૮

કોહ્યો કાચો કડુઓ આકરો, નિરસ લૂખો અન્ન; સ૦
પડયો રડયો પશુપંખી ચાખીયો,
મત દેજે કોઇ વન. સ૦ ચુ૦ ૯

રાત ઉઘાડો રહ્યો જે સુખડો, વિણુઠો નાવે કામ; સ૦
સ્વાદહિન મત દેજો સાધુને, જોજે ઠામ કુઠામ. સ૦ ચુ૦ ૧

પાંતી ભેદ મ કરજે જમણુ સમે, મર્મ મ બોલે મૂલ; સ૦
અંતરાય મત કરજે ધર્મની, રાજ મ દેખે ભુલ. સ૦ ચુ૦ ૧

માત તાત નિજ ભ્રાત સંભારજે, મ કરે ચિત્ત અંદોહ; સ૦
કુશલ ખેમરો કાગલ મોકલે, ધરજે પ્રિય શું મોહ. સ૦ ચુ૦ ૧૨

રુદન કરે નૃપ કુમરી ચાલતાં, આંસુ લુહે માત; સ૦
બેટી ગુણપેટી તું માહરી, સંભારીશ દિન રાત. સ૦ ચુ૦ ૧૩

મિલણો સુખ વિછડણો દોહિલો, માત પિતા કરે વિલાપ; સ૦
ફિર મિલણો જો પુન્ય ઘણો હુવે, તો ઘણો સુખ થાય. સ૦ ચુ૦ ૧૪

જિમ તિમ શીખ કરી માતા કહે, બેટી થાય અસુર; સ૦
ભાઇ સાથે આવે તાહરે, હસ્થીણાપુર છે દૂર. સ૦ ચુ૦ ૧૫

માતાને પગે લાગી દ્રૌપદી, રથે બેઠી તિણવાર; સ૦
તિહાંથી રાણી આમણ દુમણી, આવે મહેલ મોઝાર. સ૦ ચુ૦ ૧૬

નયન ઝરે જિમ જલધર ઉમહ્યો, પામે રતી ન લગાર; સ૦
ખિણ ખિણ માંહિં બેટી સાંભરે, વિરહ બુરો સંસાર. સ૦ ચુ૦ ૧૭

દાસી દાસ મલીને વિનવે, રાણી શોક નીવાર; સ૦
કુમરી વેગે તુમ્હ ઘરે આવશે,
દિન દશ જિમ તિમ સાર. સ૦ ચુ૦ ૧૮

રાણી ઠામ કરી મન આપણો, બેઠી પણ દિલગીર; સ૦
માજી માજી કહતી મુજ દ્રૌપદી, માત કહે કુણ વીર. સ૦ ચુ૦ ૧૯

હસ્થીણાપુર ભણી સહુ રાજવી, ચાલ્યા સેના લેય; સ૦
પાય લાગી દ્રુપદ હવે કૃષ્ણને, કુમરીને શીખ દેય. સ૦ ચુ૦ ૨૦

પાંડુ મહીપતી સેતિ હલી મલી, સગપણ રાખણ સંચ; સ૦
દ્રુપદ રાજા નિજ પુર આવીયો, મલીને પાંડવ પંચ. સ૦ ચુ૦ ૨૧

ગજપુર નગર શણગાર્યો ચિહું દિશે,
મલીયા લોક અપાર; સ૦
ઉભી ટોલે ટોલે ગોરડી, ગાવે મંગલ ચાર. સ૦ ચુ૦ ૨૨

ઓચ્છવ મોચ્છવ વિવિધ પ્રકારશું, જોતાં અચરજ કોડ; સ૦
અનુક્રમે આયા નિજ મહેલમાં, પંડુ સુતની જોડ. સ૦ ચુ૦ ૨૩

પંડુ ભૂપતિ સહુ રાજા ભણી, સંતોષી સુખદાય; સ૦
કરી વિવિધ પ્રકારે પહેરામણી, નિજ કુલ શોભ ચડાય. સ૦ ચુ૦ ૨૪

વિનય કરી પગે લાગી દ્રૌપદી, સહુને દીધી શીખ; સ૦
નૃપતિ પહોતા નિજ નિજ સ્થાનકે, મારગ ખાતા ઇખ. સ૦ ચુ૦ ૨૫

કુંતી મન હરગીત હુઇ ઘણી, લાગી વહુઅર પાય; સ૦
પુત્રવંતી હોજે તું વહુ, એ આશીષ સોહાય. સ૦ ચુ૦ ૨૬

નિત્ય નિત્ય નવલા રંગ વધામણા,
નવ નવ મંગલ માલ; સ૦
ગુણસાગર સુરી પુન્યે લહ્યો, એકસો અઢારમી ઢાલ. સ૦ ચુ૦ ૨૭

---

ચોપાઈ

ખંડ ખંડ રસ છે નવનવા, સુણતાં મીઠા સાકર લવા;
શ્રી હરિવંશ ચરિત્ર જય જયો, છટ્ઠો ખંડ એ પૂરણ થયો. ૧

ઇતિ ષષ્ઠ: ખંડ: સમાપ્ત.

# ખંડ ૭ મો

## દોહા

સાધુ નમું સુરતરુ સમા, વંછિત ફલ દાતાર;
અબ સપ્તમ અધિકારનો, ભવિક સુણો વિસ્તાર. ૧

ભગિની શ્રી મણિચૂડની, ખેચર કિયો અપહાર;
અર્જુન હુવો વાહરુ, બહુડાવી તિણવાર. ૨

શૂરવીર ગુણ આગલો, પારથ પ્રબલ પ્રતાપ;
દેખી પાંડુ પૃથ્વીપતી, વિસ્મય પામ્યો આપ. ૩

ધર્મનંદ ધર્માતમા, નૃપ પદવી થાપંત;
સકલ ધરાની સાહેબી, આપણપે પામંત. ૪

અંબર જિમ દિનકર કરી, દેવજે કરી દેઉલ જેમ;
યુધિષ્ઠિર રાજા કરી, પૃથ્વી શોભી તેમ. ૫

---

## ઢાલ ૧૧૯ મી

( હમીરાની અથવા પાંચમી વાડ પ્રતિબોધની એ—દેશી )

પ્રથવી રસવંતી ખરી, તરુવર અધિક ફલંતા રે;
દૂધ ઘણો સુરભિ તણો, માગ્યા ધન વરસંતા રે. ૧
ધરમ રાજા જગ જાણુ એ એ આંકણી

લાભ ઘણો વ્યાપારમેં, ચાકર બહુલા ગ્રાસો રે;
ભિક્ષુકને ભિક્ષા ઘણી, ન રહે કોઈ નિરાશો રે. ધ૦ ૨

પુત્રવંતી તો કામની, દુહાગણુ સોભાગો રે;
ભોર ભલાઈ આરે, ઘર ઘર દીજે તાગો રે. ધ૦ ૩

બેટા માને બાપને, પૂજે માતના પાયો રે;
ગુરુને માને ચેલણા, વર્તે નિરતો ન્યાયો રે. ધ૦ ૪

ઇતિ અનીતિ ન કો તિહાં, અવર ન કો વિપરીતો રે;
વહુ ભક્તિ સાસુ તણી, શોકયાં માંહિ પ્રીતો રે. ધ૦ ૫

પાપ હણવે હિંસકા, જૂઠ શીલ ને ભંગે રે;
ચિત્ત હરવે ચોરટા, પરિગ્રહ પુણ્ય પ્રસંગે રે. ધ૦ ૬

ક્રોધી કાપણ કર્મને, માની મોડણ મોહો રે;
માયા શીવને સાધવે, લોભી ગુણ સંદોહો રે. ધ૦ ૭

વૃદ્ધિ કરવા દેવલે, કે મુનિવર કે હાથે રે;
દંડ દેખાયે છે સહિ, દંડ ન લોગા સાથો રે. ધ૦ ૮

છાત્ર પાત્ર તાડણો, અવર ન તાડન ભીડો રે;
બંધન વેણી કંચુકી, અવર ન બંધન પીડો રે. ધ૦ ૯

થાક ચડે કરતાં ક્રિયા, અવર ન થાક પ્રકારો રે;
કલહ તો કરણી તણો, અવર નહિં કલિકારો રે. ધ૦ ૧૦

સુકૃતનો લંપટ પણો, અવર ન લંપટ કોઈ રે;
અશુભ તણો અણજાણવો, અવર અજાણ મ જોઇ રે. ધ૦ ૧૧

પાસો તો દીસે દીસે ઘડે, અવર ન પાસો કોઇ રે;
સુસમ આરો આવીયો, સર્વ વિધિ સુખવાસ રે. ધ૦ ૧૨

ભીમ આદે ચારે ચઢયા, હયવર ગયવર ગાજે રે;
પાયક પરિગ્રહ સામટો, દુર્જન પાયા લાગો રે. ધ૦ ૧૩

આણ મનાવી આપણી, અનમ નમાવણ નામો રે;
પૃથ્વી પાંડવ રાયની, દિન દિન પ્રતે અભિરામો રે. ધ૦ ૧૪

ધન કણ કંચન કોષજી, હીરા લાલ પ્રવાલો રે;
મણી માણેક મોતી ઘણાં, મેલ્યો માલ રસાલો રે. ધ૦ ૧૫

હરી હેતે વિચારવે, બહેન સુભદ્રા નામો રે;
પરણાવી અતિ નેહશી, અર્જુનને અભિરામો રે. ધ૦ ૧૬

બંધુ સમા પુત્ર સમા, પાયક સમા સકાજો રે;
મિત્ર સમા ભાઇ સમા, સુખમેં પાલે રાજો રે. ધ૦ ૧૭

વિદ્યાધર મણિચૂડજી, પાલે મિત્રાચારો રે;
સભા સુધર્મા સારખી, સભા સમરાવે સારો રે. ધ૦ ૧૮

મણીથંભ સોહામણા, સોવન ભાંતિ સુચંગો રે;
ચંદરવા ચતુરાઇએ, દીસે સોહ સુચંગો રે. ધ૦ ૧૯

વિવિધ પ્રકારે પુતલી, વિવિધ ભાતિ કો કામો રે;
વિવિધ પ્રકારે કોરણી, વિવિધ ભાતિ ચિત્રામો રે. ધ૦ ૨૦

સિંહાસન માંડયો ભલો, બેસાડી તિહાં રાયો રે;
પૂજી પ્રણમી ભાવશું, ખેચર ઉરણ થાયો રે. ધ૦ ૨૧

હરી હલધર બોલાવીયા, મોટા દશ હી દશારો રે;
દ્રુપદ પ્રમુખ વડા રાજીયા, આયા ભૂપ ઉદારો રે. ધ૦ ૨૨

બેઠા ઉંચે આસને, રાજા રાજકુમારો રે;
રૂપ અને પ્રતિરૂપશું, પામે શોભા અપારો રે. ધ૦ ૨૩

એટલે તેડો આવીયો, દુર્યોધન ભૂપાલો રે;
જાદવ પાંડવ પેખીયા, બેઠા ઝાકઝમાલો રે. ધ૦ ૨૪

આવે વસન સંબાહતો, મણી આંગણે જલ જાણે રે;
દ્રુધો સ્ફટીક ઉપરે, અંબરની મતિ આણે રે. ધ૦ ૨૫

ભટક માર્યો ભીંતશું, પ્રતિરૂપામેં જાયો રે;
કરે જુહાર યુક્તિશું, હાંસી હૈયે ન સમાયો રે. ધ૦ ૨૬

દુર્યોધન ખીજયો ઘણું, પાંડવ કટક વિચારી રે;
રીશ વિસારી સહુ ભણી, મલીયા બાંહ પસારી રે. ધ૦ ૨૭

ઓચ્છવ કીધો અતિ ઘણો, વિલસ્યાં બહુલા વિત્તો રે;
રંગ વધ્યો રાજા ભણી, ધન્ય દિન એહ પવિત્તો રે. ધ૦ ૨૮

હરી હલધર આદે કરી, સાજનમાંહિ સનેહા રે;
દુર્યોધન સન્માનીયા, પોહતા નિજ નિજ ગેહા રે. ધ૦ ૨૯

એગુણુવીશસોમી ઢાલમેં, પ્રીતિ તણો અધિકારો રે;
શ્રીગુણુસાગર સુરજી, ધર્મે સદા જયકારો રે. ધ૦ ૩૦

---

### દોહા

દુર્યોધન કહે તાતશું, મુખ મીઠા ચિત્ત કુડ;
પાંડવ કપટી પરગડા, રણુ કાયર ઘર શૂર. ૧

યાદવ જોર વિચારવે, મનમેં આણી ગુમાન;
મુજશું હસીયા હાસ તે, સાલે સાલ સમાન. ૨

જિણુશું તેણુ પ્રકારશું, કો કરી દાવ ઉપાવ;
ભૂમી છંડાવું પાંડવા, તો હું રાયારાવ. ૩

એમ વિચાર કરતાં થકાં, ભાઈ સઘલા તામ;
એહવે તિહાં કણે આવીયો, મામો શકુની નામ. ૪

---

### ઢાલ ૧૨૦ મી

( હું તુજ સાથે નહિં બોલું રુષભજી—એ દેશી )

તામ દુર્યોધન રાય બોલાવે, મામાને હેત આણીજી;
સુખ નિ:શાસો સુકી ભાંખે, વૈરી તણો બલ જાણીજી. ૧

મનનો મેલો અધિક કુશીલો, કૌરવ કપટી પૂરોજી;
અન જન બાંહ તણે બલે બલીયો,
છલબલ કરવા શૂરો જી. મનનો૦ ૨

પાંડવ સભાની શોભા દેખી, મુજ હુવે દુ:ખ અપારોજી;
વલી પાંડવને પંચાલી હસીયા,
કીયો અંધ તણો કુમારોજી. મન૦ ૩

શકુની કહે પહેલું નવિ કીધું, વધતી વૈરી વેલજી;
મૂલ થકી જો છેદત એહને, તો પામત જશ કેલજી. મન૦ ૪

હવે પાંડવ સાથે નહિ ચાલે, એહનો સબલો સાથજી;
ભાઇ પંચ માંહોમાંહિ સંચે, હેત ઘણો કરી નાથજી. મન૦ ૫

એક ઉપાવ અછે મુજ આગલ, દેવ પાસા સુખદાયજી;
દેશ છંડાવું જીતી કપટે, જૂવા ખેલાવી રાયજી. મન૦ ૬

એમ વિચાર કરી પિતાને, હરખ્યો મન રાજાનો જી;
શકુની ભેદ પાસાનો જાણે, માને માહરૂં માનોજી. મન૦ ૭

પાંડવને તુમે આંહિ તેડાવો, વિદૂર મોકલી તાત જી;
સભા રચીને દ્યૂત રમાડું, ચાલે વન વિખ્યાતજી. મન૦ ૮

સભા કરાવી દ્રવ્ય લગાવી, શોભાનો નહિં પારજી;
પધરાવી સિંઘાસણ માંડયો, ઓચ્છવ વિવિધ પ્રકારજી. મન૦ ૯

તેડી હરી હલધરને પાંડવ, તેડયા દશે દશારજી;
બહુ સન્માની પાંડવ સાથે, પોખે પ્રેમ અપારજી. મન૦ ૧૦

હુવો પ્રાત: સભામાં આયો, દૂર્યોધન ભૂપાલજી;
શત ભ્રાત સુભટ સંઘાતે, આયુધ સેના સંભાલજી. મન૦ ૧૧

પાયક પોતાના સઘલા મેલ્યા, યોધ તણે ત્યાં દ્વારજી;
આયુધ કવચ ટોપ તનુ સજીયા,
આયા સભા મોઝારજી. મન૦ ૧૨

ગામ ગામથી તુરંગમ આવે, મદ ગલતા માતંગજી;
જડીત પાખર ઝલકે અંગમાંહિં,
નામે શીષ મનરંગજી. મન૦ ૧૩

ભીષમ દ્રોણ કર્ણ દુઃશાસન, શકુની સબલ સુત એહજી;
કૃપાચાર્યને અશ્વસ્થામા, વાહીક અતિ બલ દેહજી. મન૦ ૧૪

સભામધ્ય ભડ રહ્યા તરવારી, યુદ્ધ જાણી તિહાં મૂઢજી;
ગડે નીશાણ ગંભીર સ્વર વાજે,
જોઇ વિદૂર થયો દિગ્મૂઢજી. મન૦ ૧૫

ધૃતરાષ્ટ્ર સભા મધ્યે બેઠા, પાછલ સહુ રાય રાણાજી;
તિણ સમે પાંડવ પધાર્યા,
જિમ નિશા પ્રગટીત ભાણુજી. મન૦ ૧૬

પાંડવને સર્વ સભા દેખાડી, જોઇ થયા રલીયાતજી;
પ્રીતિ કરી દૂર્યોધને કાઢી, દ્યૂત ક્રિડાની વાતજી. મન૦ ૧૭

આપણે રમીએ ઇહા બેહુ ભાઇ,
રમત સભા માંહિ બેઠાજી;
ભીમ અર્જુનને સહદેવ તિહાં,
નકુલ ચિંતામાંહિ પેઠાજી. મન૦ ૧૮

યુધિષ્ઠિર કહે સુણો દુર્યોધન, છેહૂ રાજવી કર્મ જી;
પરનારી સંગ પશુવધ કરવો,
એ મહંત તણો નહિં ધર્મજી. મન૦ ૧૯

હસી બોલ્યો રાય દુર્યોધન, સત્ય કહ્યું ધર્મરાયજી;
ક્ષત્રી તણો ધર્મ દ્યૂત આખેટક,
કરતાં સુખે દિન જાયજી. મન૦ ૨૦

વલતું વચન કહ્યું ભલે રમશું, કોઇ ન રાખ્યા વારી જી;
અર્જુનનું અભિમાન ન રાખ્યું, થઇ બેઠા જૂહારીજી. મન૦ ૨૧

દુર્યોધન દુઃશાસન શકુની. મલી કર્ણ કુમતિ એહજી;
પાંડવ પ્રતે વાયક ભાંખે, સભા સુણતાં તેહજી. મન૦ ૨૨

કાંઇક હોડ વદીને રમીએ, તો તે ઉલટ થાયજી;
જે કાંઇ હોડ કરો તે આલું,
એમ ભાંખે યુદ્ધિષ્ઠિર રાયજી. મન૦ ૨૩

પ્રથમ દાવે શું આપવું, કહો યુધિષ્ઠિર રાયજી;
સરક પલાણ સહિત એ ઘોડા, આપું મુખ કહેવાયજી; મન૦ ૨૪

પ્રથમ દાવ નાખ્યો રાજાએ, બોલ્યો શકુની આરાજી;
જીત્યો એ દૂર્યોધન રાણો, પાંડુ તણા સુત હાર્યાજી. મન૦ ૨૫

અરીને દાવે જૂવા ખેલાવે, વિદૂર તણે નહિં સારેજી;
હયવર ગયવર રહવર પુરવર,
રાજ્ય અને ત્રીય હારેજી. મન૦ ૨૬

રાજ સઘલો કરી સ્વ વશ્ય, પંચાલી તેડાવે જી;
નિર્ભય થઇ ભડ ચાલ્યા વેગે,
પંચાલી મંદિર આવેજી. મન૦ ૨૭

પરપુરુષ તિહાં આવતા દીઠા, ઘરમાં પેઠી નારીજી;
દાશીએ તિહાં રાખ્યા વારી, નવિ લોપીજે કારજી. મન૦ ૨૮

ફિરી પાછા આયા સુભટ, સ્વામી અબલા નાવેજી;
ભાંખે દૂર્યોધન મચ્છર ધરંતો,
એ પુરોહિતથી શું થાવેજી. મન૦ ૨૯

ઉઠ દુઃશાસન જા તું વેગે, લાવ નારી મુજ પાસેજી;
તે દિન શું તુજને વિસર્યો ભાઇ,
સહુ દેખતાં કીધી હાંસીજી. મન૦ ૩૦

રોસ ભર્યો દુઃશાસન રાણો, આવે કરત અવાજજી;
દેખી દ્રૌપદી આંસુ ઢાલે, શી રહેશે મુજ લાજજી. મન૦ ૩૧

ભણે દાસી મોટા તુમ રાણા, અબલાશું શ્યો પ્રાણજી;
મેરુ કિમ તજે મર્યાદા, માનો વચન રાજાનજી. મન૦ ૩૨

ચરણ પ્રહારે હણી દાસીને, આયો મંદિર માંહિજી;
નારી નાશી ભીતર જાઇ, દુર્બુદ્ધિ કેડે થાઇ જી. મન૦ ૩૩

રીશ કરીને મારી તે નારી, લીધી ઝાલી કેશજી;
ધાય પોકાર કરે વિલપંતી, અબલા બાલે વેષજી. મન૦ ૩૪

ભાઇ મારે નથી અવસર, કિમ આવું સભા મોઝારજી;
રાજા સહુ મુને દેખશે અંગે,
કિમ રહેશે મુજ આચારજી. મન૦ ૩૫

નારી ચિંતે હવે કિમ હોશે, હાર્યા છે મુજ કંતજી;
કુણ જીવતાં મુજને તાણે, સહિ થયો કલ્પાંતજી. મન૦ ૩૬

ગંગેવ ને ગુરુ દ્રોણાચારજ, બેઠા સહુ રાજાનજી;
સભા વિચ દુર્યોધન આગે, ઉભી રાખી આણજી. મન૦ ૩૭

કહે દુ:શાસન બેસો ખોલે, નીઠ કરી મેં લાભીજી;
થારી તે ગમ ફરીયો પાપી, ખીજવશે કહે ભાભીજી. મન૦ ૩૮

રીસાણો દુ:શાસન રાણો, ખેંચે ચીર આણજી;
ગુણસાગર વીસોત્તર સોમી ઢાલે,
હોશે સત પ્રમાણજી. મન૦ ૩૯

---

## દોહા

મેલો પાંડવ કહે પ્રેમદા, તવ બોલે ઇમ ગાજ;
છાંડો પટરાણીપણો, પછી કરજો લાજ. ૧

તું હસીતી મુજને, આજ થઇ આધીન;
લાજ ન રાખું તાહરી, ઇમ ભાંખે મતિ હીન. ૨

કુબુદ્ધિ વચન ઇમ સાંભળી, કંત સામું જોવે નાર;
ભીમ થયો તવ રાતડો, વારે ધર્મકુમાર. ૩

આજ જો હોય પુણ્ય આપણાં, તો કિમ હારીએ વીર;
તે માટે નવિ બોલવો, રાખો સમતા ધરી ધીર. ૪

અબલા હુઇ અનાથણી, ઉલટયો દુઃખ અગાહ;
ઢાંકી અંગ તનુ કંપતી, નયણે નીર પ્રવાહ. ૫

---

## ઢાલ ૧૨૧ મી

( શીયલ સુરતરુવર સેવીએ અથવા શ્રી શીતલ જિન ભેટીએ—એ દેશી )

કુણ પત રાખે માહરી, કોપ્યો દુરીજન કાલ હો;
આવો ધ્યાવો ઉતાવલાં, શીયલ તણાં રખવાલ હો. કુણ૦ ૧

પરમેષ્ઠિ મન ધ્યાવતી, જિનશાસન શિરતાજ હો;
દુષ્ટ તણે હાથે પડી, છોડવો મુજ આજ હો. કુણ૦ ૨

ગંગેવને ગુરુ દેખતાં, આણી ગ્રહી જેમ ચેરી હો;
દુર્મતિ આઇ એ સહુને, કિણહી ન પાછી ફેરી હો. કુણ૦ ૩

પાંચ પતિ શીર માહરે, પણ નવિ ઉઠ્યા કોઇ હો;
માની માનમહાબલી, બેઠા નીચું જોઇ હો. કુણ૦ ૪

હાક વાગી પુર શહેરમાં, કરે કિશ્યું કિરતાર હો;
પાંડવ કેરી પ્રેમદા, લુંટે સભા મોઝાર હો. કુણ૦ ૫

દુષ્ટ દુઃશાસન ખેંચીયો, દ્રોપદી ચીર ચતુર હો;
આવી તામ ઉભા રહ્યા, સાંનિધ્યકારી સુર હો. કુણ૦ ૬

ચીર અમૂલખ દૂસરો, ઢાંકયો સતી શરીર હો;
તે પણ ખેંચ્યો તીસરો, પૂર્યો નવરંગ ચીર હો. કુણ૦ ૭

દેખો રાંડ કપટણી, પહેર્યાં ઝાઝા ચીર હો;
હયો ઉતારી વેગશું, કહે દુઃશાસન વીર હો. કુણ૦ ૮

ઇમ અનુક્રમે પુરીયાં, અટ્ઠોત્તર સો પર્મ હો;
શીલ પ્રભાવે રાખીયો, સભામાંહિ શર્મ હો. કુણ૦ ૯

શ્વેત નીલા શતડાં, નારી કુંજરવાન હો;
એક એક પે રંગ આગલા, પૂર્યાં શ્રી ભગવાન હો. કુણ૦ ૧૦

જય જયકાર દેવેં કીયો, સતીય તણો સત જાણુ હો;
દુષ્ટ દુઃશાસન ઝાંખો પડયો, હુવો અધિક ખીસાણુ હો. કુણ૦ ૧૧

ભીષમ ભાંખે ભૂપતિ, ભીમ અર્જુન બલવંત હો;
આણુ ન લોપે રાજા તણી, નહિં તો આણે તુમ અંત હો. કુણ૦ ૧૨

સતી ઘણું નવ છેડીએ, એહને શીયલ સમર્થ હો;
નારી પાંડવ કને મોકલો, નહિંતર થાશે અનર્થ હો. કુણ૦ ૧૩

વિદુર કહે મેં પહેલું કહ્યું, આચરતાં પ્રપંચ હો;
આગલે અનર્થ નીપજે, જો જો એહના સંચ હો. કુણ૦ ૧૪

કૌરવ કામની રડવડે, રોતી વન મોઝાર હો;
તો માહરૂં કહ્યું માનજો, જો સત હોય સંસાર હો. કુણ૦ ૧૫

ધૃતરાષ્ટ્ર સુણુ આંધલા, હૈડું ફૂટયું આજ હો;
સતી વિટંબી શું કીયો, ખોઇ સભામેં લાજ હો. કુણ૦ ૧૬

હોઇ ઝાંખો રાજીયો, છાંડી દ્રૌપદી નાર હો;
પંચાલી જશ પ્રગટી, સતીય શિરોમણી સાર હો. કુણ૦ ૧૭

---

## અંતર દોહા

વરસ બાર વનમાં વસે, નષ્ટ ચર્યાએ એક;
દુર્યોધન કહે પાંડુસુત, વલી કહું વાત વિવેક. ૧

છતા પડે જો વરસમાં, તો ફરીને વનવાસ;
બાર વરસ લગે ભોગવે, એ છે માહરી ભાષ. ૨

આજ્ઞા તે અંગી કરી, દ્રૌપદી પાંડવ લેહ;
યુધિષ્ઠિર ગજપુરે આવીયા, ગુરુ પ્રણમી સસનેહ. 3

પ્રેમે નમી મા બાપને, વિગર મિતે તેણીવાર;
યુધિષ્ઠિરે માંડી કર્યો, તે વાત તણો વિસ્તાર. 4

---

### ઢાલ—મૂલગી

મારી માન મહાબલી, ચાલીયા વનભ્રાત હો;
શીખ કરવા આવીયા, જિહાં છે કુંતા માત હો. કુણ૦ 18

આગલ આવી નામીયો, માતાજીને શીષ હો;
આજ પુત્ર મેં સાંભલ્યું, દુહવાણા તુમ દિશ હો. કુણ૦ 19

હું આવીશ તુમ કેડલે, મેં તો ઘડી ન રહેવાય હો;
પુત્ર પાખે માયડી, તોલે હિણી થાય હો. કુણ૦ 20

એટલે વિદુર આવીયા, માજી કહે એમ વાણ હો;
રાજા તુમને એ શું થયો, હુતા અધિક સયાણ હો. કુણ૦ 21

વિદુર કહે હું શું કરૂં, મારું કાંઈ ન થાય હો;
ગંગેવ દ્રોણ એ દુઃખ ધરે, પણ દુષ્ટને ન કહેવાય હો. કુણ૦ 22

માજી મેલો ઈહા કને, રહેશે અમચી પાસ હો;
રાજા ભીષમ જણાવીને, તુમ્હે ચાલો વનવાસ હો. કુણ૦ 23

શીખ આપી નિજ નારીને, રહેજો માજી પાસ હો;
સેવી તૃષા અરુ ભૂખડી, દુઃખ ઘણો વનવાસ હો. કુણ૦ 24

કેમ રહેવાયે મુજથી, વૈરી બહુલો સાથ હો;
લાજ ન રાખી માહરી, ઇણે ગ્રહ્યા મુજ હાથ હો. કુણ૦ 25

એસ બોલે કહે મુજને, સાંભલતાં તુમ કંત હો;
જો મુજને નવિ તેડશો, તો આણીશ મુજ અંત હો. કુણ૦ 26

ચાલે સાથે પ્રેમદા, સાસુને પગે લાગ હો;
માતા પણ સાથે હુઈ, નહિં રહેવા મુજ લાગ હો. કુણુ૦ ૨૭

વડા તણે પગે લાગીને, તાત તણી લેઇ શીખ હો;
પાંડવ વનમેં ચાલીયા, ધરી મન સમતા દુખ હો. કુણુ૦ ૨૮

એકવીશા સોમી ઢાલમેં, કૌરવ કીધો કોપ હો;
શ્રી ગુણુ પાંડવ નવિ કરે, મરજાદાનો લોપ હો. કુણુ૦ ૨૯

---

( ઉદયરત્ન વિરચીત ઢાલ )

### દોહા

બિહાવે અતિ દ્રોપદી, કુર અને કિરમીર;
દિયા ઉડાઇ પાન જયું, પાંડવ ભીમ સમીર. ૧

વિદુર વિબુધ ગુરૂ સારીખો, દેઇ શીખ વિશેષ;
પહોંચાવી પાછો વલ્યો, આંસુ ઢાલે અશેષ. ૨

ધૃષ્ટદુમન આડો ફરી, કંપીલપુર આણુંત;
ખબર તદા વનવાસની, યદુપતિ જાણુંત. ૩

---

### ઢાલ

( હે યાદુ ઝગમગ જયોતિ સોહાવે—એ દેશી )

તે વાત સુણી માય બાપને રે હાં, નયણુ ન માયે નીર;
કુંતા ને વલી પાંડુએ રે હાં, ધરું ન જાયે ધીર;
મેરે સજજના સાંભલજો સહુ કોયે. ૧

મૌનપણો મુખે આદરી રે હાં, પાંડુ ન બોલે બોલ;
ધર્મપુત્ર ધીરજ ધરી રે હાં, તવ કરે થઇ અડોલ. મેરે૦ ૨

એદને ખરખરો મત કરો રે હાં, તાતજી અમે વન જાય;
સત્ય પ્રતિજ્ઞા પાલશું રે હાં, વધશે તવ મહિમાય. મેરે૦ ૩

સુપુરુ ન રાચે રાજ્યને રે હાં, રાજ્ય જાયે તો જાઓ;
સુખદુ:ખ વનથલે વેઠીએ રે હાં,
પણ એક વચન મત જાઓ. મેરે૦ ૪

ધૈર્ય ધરીને તાતજી રે હાં, આપો અમ આદેશ;
બોલ ન બોલાયે દુ:ખે રે હાં, રોકયો કંઠ પ્રદેશ. મેરે૦ ૫

હા ના કાંઇ ન કરી શકે રે હાં, તક જાણીને તેહ;
બાંધવ પાંચે ને દ્રોપદી રે હાં, વને ચાલ્યા તજી ગેહ. મેરે૦ ૬

પંડુ કુંતી ને અંબિકા રે હાં, અંબા ને બાલા આદ;
આંસુ જલે ભૂંએ સિંચતા રે હાં,
કેડે થયાં લહી વિખવાદ. મેરે૦ ૭

તે પાંચે પુરથી નીસર્યાં રે હાં, તવ નગર થયું નિસ્તેજ;
જીવ જતે પંચેન્દ્રિ વિના રે હાં,
તનુનું ન રહે જિમ તેજ. મેરે૦ ૮

યુધિષ્ઠિર માવિત્રને નમી રે હાં, બોલે એહવા બોલ;
પ્રતિજ્ઞા અમ પાલતાં રે હાં, વધશે તમારો તોલ. મેરે૦ ૯

સુપુરુષને માન ધન છે રે હાં, રખે ધરો મન ખેદ;
ધર્મ સદા દિલ ધારજો રે હાં, તે સાધે અનેક ઉમેદ. મેરે૦ ૧૦

માતાજી મોહ તણે વશે રે હાં, પરવશ થાયે પ્રાણ;
વીરપત્ની વીરમાતનું રે હાં,
અરિહંતની વહિયો આણ. મેરે૦ ૧૧

અમ તાત તણી તક સાધજો રે હાં, સેવજો ગુરુના પાય;
આશીષ દિયો અમને રે હાં, જેહથી વિઘ્ન પલાય. મેરે૦ ૧૨

એમ આશ્વાસી સર્વ સ્વજનને રે હાં,
પુરજન સાહમું જોય;
કાંઇ કરી હોય અમે કિલામના રે હાં,
તે ખમજો સહુ કોય. મેરે૦ ૧૩

આંતરતે નયણે વલ્યાં રે હાં, તવ સહુ પુરના લોક;
પણ પગ નવિ ચાલે પુરભણી રે હાં,
સહુને વાધ્યો શોક. મેરે૦ ૧૪

ઉદયરતન કહે સાંભલો રે હાં, ઢાલ અતિ રસાલ;
વિસાર્યા નવિ વિસરે રે હાં, વાહલા કોઇ કાલ. મેરે૦ ૧૫

## ઢાલ ૧૨૨ મી

( વધાવાની–એ દેશી )

કૃષ્ણ નરેસર આઇયો,
કાંઇ આયો હો આયો બહુ પરિવારશું એ;
પાંડવ સાથે બોલીયો,
કાંઇ બોલ્યો હો બોલ્યો સકલ પ્રકારશું એ. ૧

કૌરવ કુટી કાઢિએ, કાંઇ કાઢિ હો, કાઢિ દીજે દેશથી એ;
રાજાજીને થાપિએ, કાંઇ થાપી હો થાપીશું વિશેષથી એ. ૨

પાંડવ બોલે સ્વામીજી, કાંઇ સ્વામી હો, સ્વામી વનમેં ચાલવો એ;
બોલ ન ચૂકયો આપણો,
કાંઇ આપુણુ હો, આપુણ બોલ્યો પાલવો એ. ૩

દેવ પ્રસાદ તુમારડે, તુમ્હારે હો, પ્રસાદે સહુ પાધરું એ;
હોશે કારજ સુંદરુ, કાંઇ સુંદરું હો, સઘલું કારજ સાદરું એ. ૪

બાઇ સુભદ્રા પુત્રશું, કાંઈ લેઇ હો પહોંચ્યા પ્રભુ દ્વારામતી એ;
પંચાલી પિયરીએ, પિયરીએ હો, પિયરીએ ન રહી સતીએ. ૫

સાતે માણસ સંચરે,
કાંઇ સંચરે હો ભૂખ અને તરશ અવગણી એ;
માતા પુત્ર સનેહડે, કાંઇ નેહડે હો શચી નારી અતિ ઘણી એ. ૬

દિવસ કેટલાને આંતરે, કાંઈ આંતરે હો પુરોહિત પાવધારીયો એ;
મોકલીયો કૌરવ તણો, કાંઇ કૌરવ હો,
કૌરવનો હિતકારીયો એ. ૭

ભાંખે દેવ દયા કરો, કાંઇ દયા હો વનવાસે મતિ સંચરો એ;
ખમો અપરાધ અમારડો, અમારો હો, માનેવો કહ્યો ખરો એ. ૮

ઇંદ્રપ્રસ્થા નામે ભલો, પુર આવ્યો હો કીધી ગાઢી વિનતી એ;
બેઠા તુમ સુખ ભોગવો,
ભોગવો હો માનો હમારી વિનતી એ. ૯

ધોલો દૂધ વિચારી એ, વિચારી હો આયા વારણાવતી એ;
લાખ ઘરે ઉતારીયા, ઉતારીયા હો જાઇ મતિ ઘટીયા રતી એ. ૧૦

વિદુર કીયો ઉપગાર હે, ઉપગાર હો સુરંગ બનાવી પડવડી એ;
કાગલ માંહિ જણાવીયો,
જણાવ્યો હો અરી મ પતી જોયું ઘડીએ. ૧૧

પેશી પેટ દુઃખદાયકું, દુઃખદાયક હો કંસ તણી પરે જોયજો એ;
ગાફીલ ખીજે વડવડા,
કાંઈ તેહથી હો હુશીયારીમેં હોય જો એ. ૧૨

ફાગુણ કાલી ચોદશ, મધરાતે હો કરશે તુમ્હ શું કુહડો એ;
દેશે આગ ઉતાવલો,
એ બ્રાહ્મણ હો બ્રાહ્મણ નહિં ચુહડો એ. ૧૩

પંચ પુત્રશું ડોકરી,
કાંઇ વહુ શું હો રાત વસ્યા સુખ નિરમલી એ;
આગ જગી ફિરી પાંડવ પુલ્યા,
સા બુદ્ધિ હો બેટા વહુ શું પરજલી એ. ૧૪

ભીમે ભુજાબલ સાહિયો,
 સાહી હો પુરોહિત જુહરમાં જાલીયો એ;
પાંડવજી ઉવારીયા, કાંઇ કાકે હો એહ ઉપદ્રવ ટાલીયો એ. ૧૫

લોક મલી હાહા કરે,
 કાંઈ હુવો હો એહ અકારજ અતિ ઘણો એ;
કૌરવપતિ અતિ કુસ્લીયો,
 કાંઈ લોગામેં હો દોષ ઉતારણ આપણો એ. ૧૬

શંક કૌરવની ખરી, કાંઇ પાંડવ હો નાઠા જાયે છે એ;
ગરે પડે તે આખડે, કાંઇ જાણે હો દિનરાત જાવે વહી એ. ૧૭

દ્રુમ ગિરી ને વન નદી, વિસામો હો નવિ લીએ શંકા પહિહરી એ;
દર્ભાંકુર પગ વિંધી એ, કાંઇ વિંધે હો કાંટા ખૂંચે કાંકરી એ. ૧૮

થાકી માતા અતિ ઘણી,
 કાંઇ થાકી હો પંચાલી પગ નવિ ભરે એ;
નકુલ અને સહદેવજી, કાંઇ થાકયા હો ચાલવાને આલસ કરે એ. ૧૯

એક ખંધોલે માવડી, કાંઈ ચોહડી હો બીજે ખંધોલે વહુ એ;
બંધવ દોઇ બાંધીયા, કાંઇ પૂંઠે હો સમરથથી હોવે સહુ એ. ૨૦

રાજા અર્જુન કર ધરી, કાંઇ ચાલ્યો હો ચાલ્યો મારગ વંકડો એ;
માણસ ખટ નીરવાહીયા, કાંઇ જાયે હો જાયે સુખમેં ભીમડો એ. ૨૧

બાવીસા સોમી ઢાલમેં,
 કાંઇ ટલીયો હો ટલીયો ઉપદ્રવ ધર્મથી એ;
શ્રીગુણસાગર સુરજી,
 કાંઇ હોશે હો હોશે સુખ શુભ કર્મથી એ. ૨૨

---

દોહા

વિષમ પંથ વોલી કરી, પહોતા નિશ્ચલ ઠામ;
સાથ સુઇ સુખમેં સહુ, ભીમ ચલ્યો જલકામ. ૧

સરોવર જલ લઈ વલ્યો, પૂંઠે લાગી તામ;
તિષ્ઠ તિષ્ઠ મુખ ભાંખતી, જાસ હીડંબા નામ. ૨

આવીથી મારણ ભણી, પણ પતી કરવા કાજ;
વિનય કરી કરજોડીને, આગે ઉભી લાજ. ૩

ભીમ ભણે સુણ ભામની, તુમ્હે પ્રકાશો આપ;
રાક્ષસ નામ હીંડંબની, બહિન અછું સકલાપ. ૪

તુમ હણવા હું મોકલી, હું મોહી તુમ દેખ;
પ્રભુ હુશીયારી કીજીયેં, રાક્ષસ જોર વિશેષ. ૫

વ્યાહો મુજ પ્રાણેશ તુમ, હું તુમ દાસી સમાન;
વનવાસે ખીજમત કરૂં, જિમ વાધે મુજ વાન. ૬

વનવાસે શું વ્યાહવું, ભાંખે ભીમકુમાર;
આડંબર અણુ અવસરે, કરત ન શોભ લગાર. ૭

---

## ઢાલ ૧૨૩ મી

( યોગનાની—એ દેશી )

વાત કરંતાં હાલી ચાલી, રાક્ષસ તો આઇ ગયો;
લાતે મારી બ્હેનને વારે, ભીમ તણે મન રોષ થયો. ૧

માંસાહારી નીચ આચારી, અબલાને શું ચોટ કરે;
જો બલવંતો છો મયમંતો, મુજ સાહમા પગ કયું ન ભરે. ૨

ધીય સિંચાણી આગ તણી પરે, તરુ ઉપાડી આઇયો;
વૃક્ષ ઉખાડી ભીમ નરેસર, રાક્ષસ ઉપર ધાઇયો. ૩

હોત લથાબથ હોત બથાબથ, ઉપર તલે આવી દોઈ;
જાય હેડંબા કુંતી સેતી, કહે હણીયો તુમ્હ સુત કોઇ. ૪

અડ્ગ સંબાહી આયા ધાઇ, રાજા જમરુપી હોઇ;
ગદા ઉપાડી હેઠે પાડી, મારી લીયો ભીમે સોઈ. ૫

તામ હેડંબા એહ કુટુંબા, સાથે રહી સાતા પાવે;
ભૂલી પડી પંચાલી બાલા, દેવી તવ શોધી લાવે. ૬

તવ તે થાકયા દેવી હેડંબા, સાસુ વહુને આંધે ઘરે;
કુંતી ને રાજાજી હઠે, ભીમ હેડંબા વ્યાહ કરે. ૭

મંદિર વિવિધ પ્રકારે બનાવી, સેજ તણી રચના કીજે;
પાન ફૂલને તેલ સુગંધી, વસ્ત્ર અનોપમ પહિરીજે. ૮

ભીમ સંઘાતે સુખ વિલસંતા, હિડંબાને ગર્ભ રહે;
ગર્ભ તણી એકાંતે હેડંબા, સાસુજી શું વાત કહે. ૯

શાલ દાલ ઘૃત રસોઇ, તિવણુ તો ખાટા ખારા;
દેવી હેડંબા આપ સમારે, દેવર જેઠ જમે સારા. ૧૦

ચક્રાભીધ પુરી, દેવશર્મા ઘરે, પાંડવજી આવ્યા ચાલી;
સાસુ જેઠ તણે આદેશે, હેડંબા પિયર હાલી. ૧૧

રોજ સુણંતાં ભીમ ભીગુંતો, બ્રાહ્મણ નારી કયું રોવે;
માથે હાથ લગાવી ગાઢો, બ્રાહ્મણ ગહેવરીયો હોવે. ૧૨

ભાંખે બક નામે એક રાક્ષસ, શીલા વિકુવી આવે;
નગરલોક ભયભીત ઘણેરા, વચને પણ અતિ બિહાવે. ૧૩

કાઉસ્સગાદિક કરણી કરતા, પરમેષ્ઠિ મનમેં ધ્યાવે;
રાજા પ્રજા એકમના, નવિ ઉપદ્રવ કરવા પાવે. ૧૪

રાક્ષસ રોષ તજીને સુધી, વાત રાજાશું ઇમ ભાંષે;
એક એક નર ભક્ષણ કરવા કારણ, નિત્ય પહોંચાવે મુજ પાસે. ૧૫

રાજા માની પત્રી ઠાણી, આજ હમારો છે વારો;
માતા બહિનડ બૈયર બેટી, રોવે છે એ અવધારો. ૧૬

કેવલજ્ઞાની વાત કહીથી, પાંડવથી ટલશે કારો;
સો તો નાયા હમ દિન આયો, બોલે પરદેશી પ્યારો. ૧૭

એ સહુને રોવંતા રાખો, થારે વારે હું જાશું;
રાક્ષસ હણીને લોક સકલનો, હું તો રખવાલો થાશું. ૧૮

આપ ગયો રાક્ષસ આવાસે, હરખ્યો દેખી ઉંચપણો;
સયલ કુટુંબો આપી ખાશું, એહને તનુનો માંસ ઘણો. ૧૯

માંહોમાંહિં માચ્યો ઝગડો, ધગડે કારીજ સારીયો;
ગદા પ્રહારે છલબલ કેલવી, ભીમે રાક્ષસ મારીયો. ૨૦

પુષ્પવૃષ્ટિ અંબરની વાણી, જય જયકાર તે ઉચ્છલી;
મોટો એહ ઉપદ્રવ ટલીયો, લોગાની પુગી રલી. ૨૧

જિનવયણે કરતુતી દેખી, લોગા પાંડવ જાણીઆ;
ધન્ય ધન્ય માતા પિતા ધન્ય કરણી, પાંડવ સુજશ વખાણીયા. ૨૨

ચંદન ચંદ જિહાં જિહાં જાયે, તિહાં તિહાં શીતલતાઇ હો;
તાપ હરે પરકા તનુ કેરો, એહ તણી અધિકાઇ હો. ૨૩

ઢાલ એ તેવીસા સોમી, બક નામા રાક્ષસ હણીયો;
શ્રી ગુણસાગર ન રહે છાનો, ભીમબલ જગમાંહિ ભણીયો. ૨૪

---

### દોહા

પાંડવ પ્રભુ મન ચિંતવે, પ્રગટ હુવા હમ આજ;
કૌરવ કેડે લાગશે, મત કો વિણશે કાજ. ૧

આધી રાતે નિકલ્યા, સુતો મુકી ગામ;
દ્વૈતવને આયા વહી, રાખવા નિજ મામ. ૨

લોક વચનથી સાંભલી, એ સઘલો વિરતંત;
દુર્યોધન રાજા ઘણો, માને હર્ષ અત્યંત. ૩

પ્રિયંવદ નામે ભલો, દૂત મહા વાચાલ;
કાકેજી કરૂણા કરી, મોકલીયો સુવિશાલ. ૪

ખબર હુઇ છે તુમ તણી, દૂર્યોધન નરનાથ;
આવે છે તુમ્હ ઉપરે, કર્ણાદિક બહુ સાથ. ૫

## ઢાલ ૧૨૪ મી

( પંથીડો વાત કરે ધુર છેહથી રે—એ દેશી )

દ્રૌપદી રે દ્રૌપદી રીસે પરજલી રે, બોલે રોષ અપાર રે;
કૌરવ રે કૌરવ કેડ છાંડે નહિં રે, આવે પડીયો લાર રે. દ્રૌ૦ ૧

રાજ્ય રે રાજ્ય લીયો ધન સઘલો રે,
લીયો મહાતમ બીન રે;
તો પણ રે પૂંઠ ન છંડે પાપીયો રે, પુન્યાઇ હમ હિન રે. દ્રૌ૦ ૨

ધિગ્ મુજ રે નારી પણું ઘર તુમ્હ તણે રે,
ધિગ્ તુમ ખત્રી નામ રે;
બાંદી રે ઉપર બીબીની પરે રે, માંડે છે પલાણ રે. દ્રૌ૦ ૩

સાસુ રે સાસુ પ્રત્યે વહુઅર કહે રે,
વીરજનની એ નામ રે;
કાંઇ રે કાંઇ ધરાવે હેજથી રે, જાયા પુન્ય નીકામ રે. દ્રૌ૦ ૪

પુરુષ રે પુરુષ સહે કેમ એવડો રે,
પિશુન પરાભવ કાજ રે;
મયંગલ રે મદ મારણ ન વિસરે રે, અષ્ટાપદ ધન ગાજ રે. દ્રૌ૦ ૫

એકજ રે એક જણી નિર્ભય થઇ રે, નારી સિંહણી સોય રે;
સાસુ રે પંચ જણી નિજ જોબનો રે, વાદી ગમાયો જોય રે. દ્રૌ૦ ૬

રાંક રે રાંક તણી પરે મુજને રે,
વિગોવી પરખદા માંહિ રે;
પાંચે રે પાંચે ઉભા જોઇયો રે, તરણું ન મુડયું પ્રાંહિ રે. દ્રૌ૦ ૭

મારે રે અને મરે ત્રીય કારણે રે, જેહને શિર એક હોય રે;
પુરુષ રે પુરુષ પંચની પદમણી રે, વિડંબી ન ઉઠયો કોય રે. દ્રૌ૦ ૮

એહ રે એહ વચન નિસુણી તદા રે,
અર્જુન ભીમ સહદેવ રે;
ફૂંકે રે ફૂંક દીયા સલગે ઘણી રે, ઉઠીયા તતખેવ રે. દ્રૌ૦ ૯

યુક્તિ રે યુક્તિ વચન સમજાવીયા રે,
ધર્મનંદ રાખેવા ધર્મ રે;
જેઠ રે માસ તણી નદીની પરે રે,
આયા ઠામ વિચારી મર્મ રે. દ્રૌ૦ ૧૦

પ્રિયંવદ રે પ્રિયંવદ ચર તવ વિસર્જ્યો રે,
મારી માન ચલ્યા મલિવંત રે;
શ્રીગીર રે શ્રી ગંધમાદન આવીયા રે, ગુપ્તપણે ગુણવંત રે. દ્રૌ૦ ૧૧

ઈંદ્ર રે કિલનગર અછે ભલો રે,
તિહાં રાખી નિશ્ચલધ્યાન રે;
રાજા રે રાજા ઈંદ્ર તણો સુત રે,
સાધે વિદ્યા સુજાણ રે. દ્રૌ૦ ૧૨

વિદ્યા રે વિદ્યા વિધિ આરાધતાં રે, આવી ઉભી તામ રે;
ભક્તિ રે ભાવે શ્રી અર્જુનજી રે,
કીધો વિદ્યા પ્રણામ રે. દ્રૌ૦ ૧૩

વિદ્યા રે ભાંખે કારજ શું કરૂં રે, વસો મુજ દેહ મોઝાર રે;
કારજ રે કારજ સકલ સિદ્ધિ કરૂં રે,
કોઇ આગલ ન લહું હાર રે. દ્રૌ૦ ૧૪

વિદ્યા રે સિદ્ધ હુવો હરીનંદજી રે,
ગિરી શિખરે બેઠો આપ રે;
વ્યાધક રે વ્યાધક ખેલત આહિડો રે,
કરતો દીઠો પાપ રે. દ્રૌ૦ ૧૫

વર્જ્યો રે પણ ન ટલે એ પાપથી રે,
જિમ કરતો ગમાર રે;

આવે રે ધનુષ સંબાહી સાહમો રે,
નાણે શંક લગાર રે. દ્રૌ૦ ૧૬

અર્જુન રે અર્જુન સાહમો હોવતાં રે, ધનુષ છિન્નાઇ લીધ રે;
ખડ્ગે રે લડતાં ખડ્ગ ખસોટીયા રે,
પ્રભુ સે અધિકી કીધ રે. દ્રૌ૦ ૧૭

બાથે રે બાથે પડીયા રોષ શું રે, અડીયા દોઇ ઝુઝાર રે;
હાર્યો રે હાર્યો અર્જુન આડાલે રે, હુવો જશ વિસ્તાર રે. દ્રૌ૦ ૧૮

કુસુમ રે વૃષ્ટિ થઇ પ્રભુ ઉપરે રે, પ્રગટયો સુરવર એક રે;
માગ્ય માગ્ય વર મુખ ભાંખતો રે, પૂછે આણી વિવેક રે. દ્રૌ૦ ૧૯

વરની રે પાછે આપણ કુણ છો રે,
કિયો કિશ્યો જંજાલ રે;
વૈતાઢય રે વૈતાઢય રથનુપુર ભલો રે,
પુરવર અધિક રસાલ રે. દ્રૌ૦ ૨૦

ઇંદ્ર રે ઇંદ્ર નામે રાજીયો રે, વિદ્યુતમાલી લઘુ ભ્રાત રે;
કાઢયો રે કાઢયો દેશ બાહિરે રે,
કરતો અધિક ઉત્પાત રે. દ્રૌ૦ ૨૧

રાક્ષસ રે તેતલતાલ તણે બલે રે, દેશ ઉજાડે સોર રે;
ભાંખ્યો રે ભાંખ્યો ઉપદ્રવ ટાલણો રે,
જ્ઞાની થારો જોર રે. દ્રૌ૦ ૨૨

મુકયો રે મુકયો તુમ્હ લેવા ભણી રે,
મેં દીઠા ગિરીવર શૃંગ રે;
બલ રે બલ જોવા માયા કરી રે,
તુમ્હે હું જીત્યો જંગ રે. દ્રૌ૦ ૨૩

રથ રે રથ બેસી પ્રભુ આવીયા રે, રાક્ષસ ઉપર શૂર રે;
જીત્યો રે જીત્યો રાક્ષસ વાજીયા રે,
સુજશ તણા વર તુર રે. દ્રૌ૦ ૨૪

ઈંદ્ર રે ઈંદ્ર સન્માન લહી ઘણો રે, પ્રણમ્યા માજી પાય રે;
ચિત્રાંગદ રે ચિત્રાંગદ સુખ ચરી સુણતાં રે,
સહુ મન હરખીત થાય રે. દ્રૌ૦ ૨૫

ઢાલ જ રે ઢાલ ચોવીસા સોમી ભલી રે,
હણીયો તેતલતાલ રે;
શ્રી ગુણ રે શ્રીગુણસાગર સુરજી રે,
પાંડવ જશ વિશાલ રે. દ્રૌ૦ ૨૬

---

### દોહા

માતા પુત્ર અને વહુ, બેઠા સુખ પાવંત;
કમલ એક કંચન તણો, અંબરથી આવંત. ૧

પંચાલી કર મેં લીયો, કમલ વાસ નિજ સાસ;
લેતાં મન વાધ્યો ઘણો, પામી અતિ ઉલ્લાસ. ૨

ભામની ભાંખે ભીમશું, એહવા કમલ ઉદાર;
આણી આપો મુજ ભણી, નાહ મ લાવો વાર. ૩

---

### ઢાલ ૧૨૫ મી

( શીયલ સુરંગી ચુંદડી—એ દેશી )

લાવોને કમલ સોહામણા, કહે ભીમ ભણી એમ વાણ રે;
હોંશ કરૂં તુમ ઉપરે,
મારા પિઉજી જીવન પ્રાણ રે. લાવોને૦ ૧

એ કમલ મુજને ગમે, લાવો નાથ મ લાવો વાર રે;
તુમ સરીખે પ્રીતમ છતે, મુજ લાખેણો અવતાર રે. લાવો૦ ૨

ભામિનીનો મન રાખવા, ઉઠયો ભીમકુંવર મતિવંતો રે;
પતિવ્રતાશું પ્રીતડી, તિણુ બોલ ન ફેરી વાલંતો રે. લાવો૦ ૩

ચાલ્યો મારગ વંકડો, કાંઇ ઉલ્લંઘી વિષમ વાટ રે;
દેખી કમલ વન શોભતો, આવે હોંશ ધરી વન ઘાટ રે. લાવો૦ ૪

લેઇ કમલ પાછો વલ્યો, પૂંઠે હુવો રખોપી દેવ રે;
બાંધી રાખ્યો ભીમને, કાંઇ હાલી ન શકે હેવ રે. લાવો૦ ૫

ફરકે નેત્ર દાહીણો, માતાજી મનમેં ઉચ્ચાટ રે;
ભીમ સંકટમાંહિ પડયો, જોતાં નવિ આયો શુભ વાટ રે. લાવો૦ ૬

ઉઠયા તામ ઉતાવલા, બંધવ ચારે આણી સનેહ રે;
પહોંચી ન શકયા તેહથી, તવ બાંધીયા પણ તેહ રે. લાવો૦ ૭

કુંતા માતા દ્રૌપદી, કાંઇ એકલડી નિરાધાર રે;
કાઉસ્સગ્ગ ધ્યાન કરી રહ્યા, સારી રાત દિવસ મોજાર રે. લાવો૦ ૮

કેવલ ઓચ્છવ કારણે, સુરપતિ આપે તવ જાય રે;
સતી ઉપર સુર આવતાં, તવ જાન રહ્યો ખલાય રે. લાવો૦ ૯

જ્ઞાનબલે તવ દેખીયો, કાંઇ સતી તો રહી સીદાય રે;
પાંચ પાંડવને શંખચૂડજી;
કાંઇ બાંધીયા અતિ દુઃખ થાય રે. લાવો૦ ૧૦

સુરપતિએ સુર મોકલ્યો, સો આયો છોડાવણ કાજ રે;
તે કહે લેતાં કમલને, મેં બાંધીયા છે આજ રે. લાવો૦ ૧૧

છોડયો ઈંદ્ર આદેશથી, કરી પ્રીતિ ઘણી શંખરાય રે;
કમલ લેઇને આવીયા, કાંઇ પ્રણમ્યા માજી પાય રે. લાવો૦ ૧૨

માતા ભીડી હેજથી, કાંઈ ચાંપે હૈડા સાથ રે;
ઉપદ્રવ ટલીયો ધર્મથી, હેજે મલીયો સઘલો સાથ રે. લાવો૦ ૧૩

પણવીશા સોમી ઢાલમેં, શ્રી જૈન તણો ધર્મ કીજે રે;
શ્રી ગુણસાગર સુરજી, તો તત્ક્ષણ કારજ સીઝે રે. લાવો૦ ૧૪

### દોહા

વોલી ગયા ખટ માસ જબ, પુનરપિ આયા સોય;
દ્વૈતવને આનંદમેં, વાસર જાતા જોય. ૧

ખબર લહી દુર્યોધન, કીધી દોડ તે વાર;
સાહણ વાહણ સામટે, આયો વિપિન મોજાર. ૨

હરીસુત ચિત્રાંગદ તણો, સરોવર છે સુવિશાલ;
રખવાલા જલ રોકવે, જોર કરે ભૂપાલ. ૩

ચિત્રાંગદ આયો ચઢી, કૌરવ સાથ વિકરાલ;
સિંચાણો જેમ ચરકલી, લેઇ ગયો તત્કાલ. ૪

બૂરો વાંછત પરતણો, બૂરો લહે નર આપ;
કેડે પડતા પાંડવા, કૌરવપતિ સંતાપ. ૫

---

### ઢાલ ૧૨૬ મી

( જીવ રે તું શીયલ તણો કર સંગ અથવા સુણ સુણ રે પ્રાણી કર્મ તણાં ફળ એહ—એ દેશી )

કીધો લાભે આપણોજી, કૌરવપતિ જેમ હોય;
ચિત્રાંગદ લેઈ ગયો જી, પરવશ દુઃખીયો હોય રે;
આ સુણજો જી, કૌરવપતિ જેમ હોય. ૧ એ આંકણી

હાહાકાર સહુકો કરેજી, જોર ન ચાલે કોઇ;
જેહને શીર આવી પડીજી,
નિરવાહે શીર સોઇ રે. આ સુણજો. ૨

સાપે તાકયો મીંડકોજી, મોરે તાકયો સાપ;
નિજ સ્વાર્થનો આંધલોજી, મારણ ન જાણે આપ રે. આ૦ ૩

બગલો નિંદે હંસને જી, મણીને નિંદે કાચ;
કામ પડયાથી પારખો જી, સહુને પ્યારો સાચ રે. આ૦ ૪

ભીડ પડયા ભાઇ ભલા જી, લોગ બીરાણા જાણ;
કૌરવપતિની કામની જી, વેગે કરી વિલખાણ રે. આ૦ ૫

યુધિષ્ઠિર નૃપ આગલે જી, કરતી અધિક વિખાસ;
ગોત્ર તણા ગોવાલીયા જી, સાંભલ અમ અરદાસ રે. આ૦ ૬

કુલમંડણ કુલ કેસરી જી, જેઠ જુક્તિ શું જોય;
પીડાએ ભાઈ ઘણું જી, કવણ નિંદ તુમ્હ સોય રે. આ૦ ૭

મથીયો મલી ધન દેવતા જી, રત્ન કીયા અપહાર;
રુષી અગસ્ત્ય પીવતાંજી, નામ લીયો જલખાર રે. આ૦ ૮

વડવાનલ જલ બાલવે જી, પાજ તણો જશવાદ;
રામ કરવે સાયરુ જી, ન તજે નિજ મર્યાદ રે. આ૦ ૯

ગુણગ્રાહી તો ગુણ ગ્રહેજી, અવગુણ નાખે દૂર;
દાંત વખાણયા શ્વાનના જી, શ્રી હરી હોય હજુર રે. આ૦ ૧૦

રાજા હરીસુત શું કહે જી, વેગે મ લાવો વાર;
દુર્યોધન છોડાવવા જી, થાઓ શૂર અપાર રે. આ૦ ૧૧

વિનય કરીને વિનવે જી, અર્જુન ભીમકુમાર;
વ્યાધી ટલી વિણ ઔષધેજી, મૌન તણો અધિકાર રે. આ૦ ૧૨

રાજા ભાંખે ભાઇયો જી, ક્ષત્રી કેરો ધર્મ;
વ્હેલા થાઓ વાહરુ જી, સચવાયે કુલકર્મ રે. આ૦ ૧૩

આદેશ ને માની કરી જી, ચાલ્યો શ્રી હરીનંદ;
ચિત્રાંગદ સાથે અડયો જી, પાયો સુજશ આણંદ રે. આ૦ ૧૪

છોડાવી કૌરવપતિજી, બેસી વિમાને આય;
ચિત્રાંગદ ચતુરાઇ પણેજી, અર્જુનને પહોંચાય રે. આ૦ ૧૫

જબ આયા રાજા કનેજી, દૂર્યોધન દુ:ખ પાય;
શીષક ચઢિયો મસ્તકેજી, તામ ઘણું અકુલાય રે. આ૦ ૧૬

ન નમે કીલકની પરેજી, ખેચર ગરદન સાહિ;
પગે લગાયો જોરશું જી, પરવશ હઠ ન કાંઈ રે. આ૦ ૧૭

કુશલ પુછતાં બોલીયોજી, નિજ ચિત્ત સરીખો તામ;
રિપુ પીડા સાલે નહિજી, સાલે તુજ પ્રણામ રે. આ૦ ૧૮

રોષ ન આયો પાંડવાજી, શીતલ શું સ્યો છોહ;
સંતોષી ઘર મોકલ્યાજી, દ્રોહી ન તજે દ્રોહ રે. આ૦ ૧૯

દુષ્ટ ન છંડે દુષ્ટતાજી, કૈસે હું શીખ દેત;
ધોઇ હું સો વારકેજી, કાજલ હોય ન શ્વેત રે. આ૦ ૨૦

છવ્વીસા સોમી ઢાલમેં જી, ભલા ભલપણ સાચી;
શ્રી ગુણસાગર સુર કહેજી,
સમય સમય ઘન માચી રે. આ૦ ૨૧

---

## દોહા

વિદુર અને ભીષમ કહે, દૂર્યોધન સ્યું તામ;
દીઠા અર્જુન એકના, સુભટપણાંના કામ. ૧

પાંડવ ઉપગારી સહિ, પ્રાણ દાન દાતાર;
રે કૃતઘ્ની કૃતઘ્નપણો, કર્યું ન તજે અવિચાર. ૨

શીખ ન એક હી મન વસી, સામો થયો સરોષ;
ઔષધ વિવિધ પ્રકારના, માને નહિ ત્રિદોષ. ૩

જયદ્રરથ રાજા આવીયો, ભગિનીપતિ સુવિચાર;
ભક્તિ કરી બલ ભોજને, લેઇ ચાલ્યો નાર. ૪

( ઉદયરત્ન વિરચીત ઢાલ )

( અંતર ઢાલ )

( સુમતિ સદા દિલમેં ધરો—એ દેશી )

સાંભલજો વાત વિનોદની, જયદ્રથ રાજા વિખ્યાત, શયાને;
મારગે જાતો ઉતર્યો, દુર્યોધનનો જામાત શયાને;
સાંભલજો વાત વિનોદની. ૧ એ આંકણી.

કૌશલ્યાપતિ દુષ્ટને, કુંતાએ ધરી હેત; શયાને;
જમાઇને નોતર્યો, સઘલા સાથ સમેત. શ૦ સાં૦ ૨

અર્જુને વિદ્યાને બલે, રસોઇ નીપાઇ રંગ; શયાને;
ભોજન પિરસ્યાં ભાવતાં, કુંતાએ ઉજ્જવલ રંગ. શ૦ સાં૦ ૩

મજ્જન ભોજન યુક્તિશું, ઉપર આપી તંબોલ; શયાને;
પ્રાહુણા જાણી પ્રેમશું, સહુ કરે રંગરોલ. શ૦ સાં૦ ૪

અરહાં પરહાં સહુ ગયાં, તે લંપટે લઇ લાગ;
રથમાં ઘાલી દ્રૌપદી, હૃદયમાં આણી રાગ. શ૦ સાં૦ ૫

જયદ્રથ તે મહા ચોરટો, રથ ખેડી નાઠો જાય; શયાને;
વાહરે તે પૂંઠે વેગશું, ભીમ અર્જુન જબ ધાય. શ૦ સાં૦ ૬

કુંતા કહે તવ હે વત્સો,
ગુનહીપણે એ રંગે માર; શયાને;
જામાત છે એ માહરો, રખે મારો તુમ્હે ઠાર. શ૦ સાં૦ ૭

ભીમ અર્જુન બે ભયંકરા, બહુ બહુ નાખતા બાણ; શયાને;
જયદ્રથને જઇ મિલ્યા, તવ તિહાં પડયો ભંગાણ. શ૦ સાં૦ ૮

ભીમે ગદાને ઘાતે કરી, તેહનો રથ કર્યો ચકચૂર; શયાને;
કાચા કુંભ તણી પરે, દેખી દલ સહુ નાઠો દૂર. શ૦ સાં૦ ૯

અર્ધચંદ્ર બાણે અર્જુને, ધ્વજા છત્ર દાઢી મૂંછ, શયાને;
જયદ્રથના તવ છેદીયા, તવ ભુંઠો પડયો તે ભુંચ. શ૦ સાં૦ ૧૦

માતુ વચન સંભારીને, જીવતો મેલ્યો જયદ્રથ; શયાને;
લુણ હરામી જે હુવે, તે સ્યો સાધે અર્થ. શ૦ સાં૦ ૧૧

ઉદયરત્ન કહે સાંભલો, એ કહી ઢાલ રસાલ; શયાને;
ટાલ્યો કેહનો નહિ ટલે, જેહને જેહવો હુવે હાલ. શ૦ સાં૦ ૧૨

---

### દોહા

સુજાની પરે કુટીયો, મૂછ અને શીર કેશ;
બાણ સંઘાતે કાપીયા, ભાંડ કિયો સુવિશેષ. ૫

---

### ઢાલ ૧૨૭ મી

( જલકમલ છાંડી જાય રે બાલા, શામ મોરો જાગશે—એ દેશી )

દેવરુષી એક દિવસ આયો, કૃષ્ણ અતિ ઉપગાર રે;
પાંડવા શું પ્રગટ ભાંખે, કૌરવાં અવિચાર રે. દેવ૦ ૧

ભોર ભોરપણું નવ છાંડે, પ્રત્યક્ષ દેખ્યો એહ રે;
કષ્ટ થકી છોડાઇ આણે, ગ્રહ્યો અવગુણ તેહ રે. દેવ૦ ૨

આગથી ઉગારીયો અહિ, શાહ પામ્યો ત્રાસ રે;
સિંઘ આખી સમાધિ કીધા, વૈદ્યપુત્ર વિપનાશ રે. દેવ૦ ૩

દૂધ દીધો સાપ મુખે, ગરલ હુવે જેમ રે;
અધમે ઉગાર કરીયો, હોઇ બાઇ તેમ રે. દેવ૦ ૪

ઉત્તમા ઉપગારની મતિ, કિયાં અપર કરંત રે;
કિયાંહિથી નીચ ન કરે, અછતો દ્વેષ ધરંત રે. દેવ૦ ૫

બિંદુનો તો સિંધુ જાણે, સાધુ જે સસનેહ રે;
સિંધુનો તો બિંદુ માને, નીચ માણસ જેહ રે. દેવ૦ ૬

શેષ તો છે સહસ્ર ફણુપતિ, જીભા દોઇ હજાર રે;
વર્ણવે જો નીચની ગતિ, તો હિ ન લહે પાર રે. દેવ૦ ૭

ગજ અંકુશ દિપત મહી, નાવા નીર મોઝાર રે;
કરી તો પણ નીચ આગે, હારીયો કિરતાર રે. દેવ૦ ૮

ચંદ્રને જે કરી કાલિમ, ભૂલીયો ભગવાન રે;
નીચનો મુખ કરત કાલો, વાધતો તો વાન રે. દેવ૦ ૯

દુઃખદશા થેઇ અછે દાવી, કહે દુર્વાસા શાપ રે;
લાખને રસ સરકી કેરે, દેઇ રાખી છાપ રે. દેવ૦ ૧૦

વ્યાપ વિષનો બાંધી મુકી, કરે રહી વિધાય રે;
નીચની તો જીભ પરગુણ, કહી ન શકે ન્યાય રે. દેવ૦ ૧૧

હેતુ તો કહ્યા મેં નવ નવ, કૌરવા સમજાય રે;
ઘડે તો ચોપડે છાંટો, લાગતો ન દેખાય રે. દેવ૦ ૧૨

સભામાંહિ અતિ ઉચ્છાંહિ બેપરવાહી વયણ રે;
ભાંખે ભોલે સ્વજન ટોલે, કીયો અધિક કુચયન રે. દેવ૦ ૧૩

પાંડવાને હણે જે નર, લહે આધો રાજ રે;
પુરોહિત સુત ગ્રહ્યો બીડો, કરે વિપ્ર અકાજ રે. દેવ૦ ૧૪

ઔઢ વિદા નામેં કૃત્યા, કરે સાધન સાર રે;
સબલ દલબલ સાજી સુંદર, અછે આવણહાર રે. દેવ૦ ૧૫

કરી મસુરતી સખી વિસર્જ્યો, ચિંતવે ચિત્ત ચાવ રે;
અતિ ઉપદ્રવ હરણ જાણો, તપ તણો સુપ્રભાવ રે. દેવ૦ ૧૬

કાઉસ્સગ્ગ કરંત સઘલા, ધરે શ્રી જિન ધ્યાન રે;
સૂર્યને સન્મુખા નિશ્ચલ, રહ્યા મેરુ સમાન રે. દેવ૦ ૧૭

વોલીયા એમ દિવસ સાતે, ધ્યાનશું સ્થિર ગાત રે;
આઠમે દિન દિશાને મુખે, ઉઠીયો અતિ વાત રે. દેવ૦ ૧૮

ઘણાં હાથી ઘણાં ઘોડા, ઘણાં રથ ઘણાં લોગ રે;
ઉદધિના કલ્લોલની પરે, સબલ દલબલ યોગ રે. દેવ૦ ૧૯

આઈયા તવ ધ્યાનમાંથી, વહુ સાસુ દોય રે;
ઘાલી રથમેં લેઇ ચાલ્યા, નાશ જોર ન કોય રે. દેવ૦ ૨૦

હા વૃકોદર! ઇંદ્રનંદન! સમર શૂર સકાજ રે;
માત વચ્છલ પિશુન પીડા, ઉપજે છે આજ રે. દેવ૦ ૨૧

કસા ઘાતે ઘણું હણતા, પીપડી પાડંત રે;
તામ તે તો અસુર રુપી, તરસ શું તાડંત રે. દેવ૦ ૨૨

દીન વચન વિચારી વીરા, પછ હી ધાવંત રે;
આપ આપુણ આયુધા શું, ઉલ્લસતા આવંત રે. દેવ૦ ૨૩

પિશુન નાઠા જાયે ત્રાઠા, કો ન સાહમો હોઇ રે;
વિઘ્ન ટલીયો દૈવ બલીયો, ધર્મથી જય જોઇ રે. દેવ૦ ૨૪

સત્તાવીશા સોમી ઢાલ માંહિ, પુરોહિત સુત રોષ રે;
શ્રી ગુણસાગર સુરી સાખી, હુવો હૈયા શોષ રે. દેવ૦ ૨૫

---

## દોહા

તૃષા વ્યાપી અતિ આકરી, ખેદ કરંતાં ભૂર;
આયા તે સરોવર ચલી, પીધો જલ ભરપૂર. ૧

જલ પીધો તૃસા હુવા, તરુ તલે લે વિશ્રામ;
મૂર્છાઇ ધરણી પડયા, નાડી ન લાભે તામ. ૨

---

## ઢાલ ૧૨૮ મી

( રતનશી ગુરુ ગુણ મીઠડા રે—એ દેશી )

પૂંઠે આવી દ્રૌપદી રે, મૃત રુપી કંત;
દેખી અકુલાણી ઘણી રે, આરતિ અતિ વ્યાપંત. ૧

રે રે દૈવ કુલક્ષણા રે, કિસ્યું કુસહજયો અંગ;
પડીયામેં પાડે ઘણું રે, કરતો રંગ વિરંગ. રે રે દૈવ૦ ૨

એટલે આવી ભીલડી રે, પંચાલીની પાસ;
પુછણહારી એ જેટલે રે, સોર મચ્યો આકાશ. રે રે૦ ૩

કરતી આડંબર ઘણો રે, ધરતી રુપ વિકરાલ;
કૃત્યા નામે એ રાક્ષસી રે, આઇ ગઈ તત્કાલ. રે રે૦ ૪

ભીલી ભાંખે સુણ ભામની રે, એહનો કૃત્યા નામ;
કેડે લાગી એ જેહને રે, તેહનો ફેડે ઠામ. રે રે૦ ૫

કાતી કાઢી તત્ર કાપવા રે, લાગી કાયા જામ:
કામની તો અતિ કંપતી રે, વાણી વદે અભિરામ. રે રે૦ ૬

સહણહારો તો કો નહિં રે, દેવી તુમ્હારો કોપ;
તો સ્યા માટે ઇમ કિજીયેં રે, મર્યાદાનો લોપ. રે રે૦ ૭

મુવાને સ્યું મારીએ રે, કાંઇ દેવી દેખો રે વિમાશ;
એમ સુણી અંબરે ગઇ રે, કરતી હડ હડ હાસ. રે રે૦ ૮

રાણી નવિ રહે રોવતી રે, જાણી મુવા ભરતાર;
વિણ ભરતારા ભામની રે, પામે દુઃખ અપાર. રે રે૦ ૯

આંસુ લુહીને આંખના રે, ભીલી ભાંખે સાર;
સુખ દુઃખ આપદ સંપદા રે, લાગી ડોલે લાર. રે રે૦ ૧૦

ઉગે આડંબર ઘણે રે, આથમતાં નહિં વાર;
દો અવસ્થા ભોગવે રે, દિનમાંહિ દિનકાર. રે રે૦ ૧૧

સરખો ન રહે સર્વદા રે, ગ્રહણ નાયક ચંદ;
એક પખવાડે વાધતો રે, બીજે પાયે મંદ. રે રે૦ ૧૨

લહેરી વાધે જિમ સાયરાં રે, તિમ હી ઘટતી જાય;
જેહવો માણુસ બજબજે રે, તેહવો શીલો થાય. રે રે૦ ૧૩

સબ દિન ન હુવે સારીખા રે, જુઠો જગ વ્યવહાર;
રોયા રાજ ન પામીયેં રે, ઉદ્યમનો અધિકાર. રે રે૦ ૧૪

મણી કાલીસરીતા જલે રે, સિંચી સિંચી પઉ દેહ;
મૂર્છા મીટ જાશે સહિ રે, બેઠા થાશે એહ. રે રે૦ ૧૫

પાત્ર ભરી પાણી તણો રે, પદ્મિની પોખે પ્યાર;
આલસ મોડી ઉઠીયા રે, નારી કહ્યો સુવિચાર. રે રે૦ ૧૬

વિસ્મય પામ્યા પાંડવા રે, એ તો અચરજ કોઇ;
એટલે પ્રગટયો દેવતા રે, પરમ મહા સુખ હોઇ. રે રે૦ ૧૭

સુર ભાંખે સ્વામી સુણો રે, હું હરણામર દેવ;
તૂઠો તપ બલે તુમ્હ તણે રે, આયો કરવા સેવ. રે રે૦ ૧૮

કૃત્યા કૃત્ય નિવારવા રે, માહરા કીધાં કાજ;
એ સઘલા હિ જાણજો રે, જગ મોટો જિનરાજ. રે રે૦ ૧૯

સમયે સમરવો હું સહિ રે, બહુલી કરી અરદાસ;
આભૂષણ આપી ઘણાં રે, દેવ ગયો આકાશ. રે રે૦ ૨૦

અઠ્ઠાવીશા સોમી ઢાલમેં રે, પાપ નાઠા જાણ;
શ્રી ગુણસાગર સુરજી રે, પાંડવ પુન્ય પ્રમાણ. રે રે૦ ૨૧

---

## દોહા

ત્રિવિધ પ્રકારે રસવતી, અતિ રસવતી અપાર;
આપણ કાજે નીપની, આઇ ગયો અણગાર. ૧

ભાવ ઘણો આદરપણે, પ્રતિલાભ્યો રૂષીરાય;
પાંચ દિવ્ય સોહામણાં, જય જય શબ્દ સુણાય. ૨

બોલે શાસન દેવતા, સંવચ્છર એ બાર;
પોહતા વરસ એ તેરમો, ગુપ્તપણાનો સાર. ૩

---

( અંતર ઢાલ )

વલી નકુલ કહે સુણો વાત રાજાજી, ગોધીક નામે તિહાંજી;
થઇ અશ્વપાલક અભિરામ રાજાજી,
રહેશું અશ્વશાલા હોશે જિહાંજી. ૧

વલી બોલ્યો તિહાં સહદેવ રાજાજી,
ગોવિંદ નામે ગોવાલીયોજી;
કરશું ગોપાલાનું કામ રાજાજી,
નિશ્ચય લાભ એ વાતે નિહાલીયોજી. ૨

વલી દ્રૌપદી કહે સુણો વાત રાજાજી,
હું તિહાં સેરેંદ્રી નામે સહિજી;
રહેશું સુદેષ્ણા રાણીને પાસ રાજાજી,
તેહને રીઝવશું સેવામાં રહીજી. ૩

અંગી કરી નિજ નિજ કામ રાજાજી,
નિજ નિજ વેષ ધારીને જી;
પોહતા વિરાટ નગર નજીક શ્રોતાજી,
પરખી નહિં નર નારીનેજી. ૪

તે તો આવી નગર સમીપ શ્રોતાજી, શસ્ત્રરાશી કોટરમાં ધર્યાજી;
તેહનો ભેદ ન જાણે કોય શ્રોતાજી, કલ્પાંત જોએ તેહવા કર્યાજી. ૫

તિહુણે પુરમાં કીધ પ્રવેશ રાજાજી, રાજદ્વારે જુદા જુદાજી;
વિરાટે આપી બહુ માન રાજાજી,
નિજ નિજ કામેં થાપ્યા સુધાજી. ૬

સર્વે સુખે સમાધે તેહ શ્રોતાજી,
રહે છે વિરાટના રાજમાંજી;
કોઇ દુહવે નહિં તિલમાત્ર શ્રોતાજી,
છે સાવધાન નિજ નિજ કામમાંજી. ૭

દોહા

ચોહડી નામ એ આપણાં, મચ્છ દેશમેં જાય;
વયરાડા રાજા ઘરે, રહિયાં પાંડવ રાય. ૧

---

ઢાલ ૧૨૯ મી

( ઈણપુર કંબલ કોઈ ન લેશી–એ દેશી )

કંક વિપ્રનો નામ ધરાવે, રાજાજી અહંકાર રખાવે;
ભીમ રસોઈદાર સોહાયો, વૃહનડા હરીનંદ કહાયો. ૧

નકુલ નિરોપમ નામ ધરાવે,
ગ્વાલ તણી મતિ તો લહુ આણી;
પંચાલી સેરંદ્રી દાસી, માજી રાખ્યા આલા રાસી. ૨

નગરતણે પરિસર જબ આવે, પિતૃવને હથીયાર છિપાવે;
સમીધ તણા તરુ ઉપર ઠાવી,
ગ્વાલ સકલ ભય વાત વતાવી. ૩

સમો પિછાણે સોઇ માટી, મૂંઢ વિચાલે મારે આંટી;
ચતુર શિરોમણી પાંચે ભ્રાતા, એકાંતે મુકી નિજ માતા. ૪

વયરાડા ઘર ચાલી આયા, નિજ નિજ કામેં સયલ લગાયા;
પૂછંતા એ ઉત્તર પાયા, પાંડવ ઘર હમ આપ સવાયા. ૫

પાંડવજી તો અછે વનવાસી, તેહ થકી હમ ફિરા ઉદાસી;
રાજા ભાંખે ભાગ્ય હમારો, દર્શન લાધો આજ તુમ્હારો. ૬

સુખમેં રહિયે એ ઘર સંપે, અછે તુમ્હારો રાજા જંપે;
પ્રાતઃ સમે માજીને વંદે, શીખ લહી સહુએ આનંદે. ૭

સુદેષ્ણા નામે પટરાણી, વીર ઘણાંની બ્હેન કહાણી;
છિડોત્તર સો કીચક ભાઇ, નૃપને સાલાની અધિકાઇ. ૮

જેમલ નામે દૂત વિકરાલ, દુર્યોધન મેલ્યો સુવિશાલ;
પાંડવાની જે ખબર જ લાવે, લાખ પસાય અનોપમ પાવે. ૯

ચાલ્યો દૂત કરીને જુહાર, લાવું ખબર વેગે તુમ લાર;
ગામ નગર પુર જોતો રંગે, માગે જંગ એ ભૂપતિ સંગે. ૧૦

લાવો મુજ પાસે લડવા દૂતો,
શક્તિ ન હોય તો બાંધી ઘો પુતો;
વડા વડા એમ ભૂપતિ જીતી, લેતો દાન મહાબલ શીતી. ૧૧

મછ દેશ વૈરાડો રાજા, પુરી સભા અધિક દવાજા;
બેઠો ભૂપતિ પરખદા પુરી, કંક વિપ્રશું સભા સનુરી. ૧૨

આયો જેઠી તિહાં કણે ચાલી, દેખી સભા ઝાકઝમાલી;
ઉભો રાયને કરીય જુહાર, રાજા પૂછે કવણુ વિચાર. ૧૩

સુણુ સ્વામી હત્થીણાપુર ભૂપ, દુર્યોધનનો દૂત અનૂપ;
દેશ દેશના જીતી રાણા, આવ્યો આપ મનાવી આણા. ૧૪

હોય બલીયો કોઇ મુજને સાધો, નહિંતર પુતલું પાઇ બાંધો;
કીચક તવ મુછીએ વલ ઘાલ, ઉઠયો કોપ કરી અસરાલ. ૧૫

આયો ભૂપતિ હાલી ચાલી, દૂતે ફંગોલ્યો પાયે ઝાલી;
કુંક ભણે વાલીયો બલવંત, ખાય ઘણું ને છે મયમંત. ૧૬

સ્વામી જો ઇહાં કણે આવે, દેશ સહુના પુતલા છોડાવે;
રાજાએ તવ પુરૂષ જ ભેજ્યો, સુતો ભીમ ઉઠાવે હેજો. ૧૭

ચાલો સ્વામી રાય બોલાવે, કંક વિપ્ર તુમ વાત બણાવે;
ખાઇ અન્ન ખુટાડયા કોસ, એમ વાત કહે તિહાં જોસ. ૧૮

લેઇ ચાટવો ઉઠયો જામ, ધરતી ધણેણવા લાગી તામ;
ચાલી આયો સભા મોજાર, દેખી દૂતને હરખ્યો અપાર. ૧૯

આવી કંક પાઇ શિર નામ્યું, પછી જોયું જેમલ સાહમું;
ઇહાં જોધ કિહાંથી આયો, સ્યા પુતલાં પગે બાંધી લાવ્યો. ૨૦

ઈંહાં આઇને બાકરી બાઇ, નહિં જીવતો જાયે ભાઇ;
ઈમ કહી માંહોમાંહે વલગ્યાં, લોગ સહુ જુએ જઇ અલગા. ૨૧

વાગે હાથ ઉડે પડછંદા, ખડેડે મોલ નાશે નરવૃંદા:
લાત પ્રહારે પ્રથ્વી પડ ધ્રૂજે, ઉડે ખેહ સુરજ નવિ સુઝે. ૨૨

ઉઠી કચેરી રાજા પણ ભાગ્યો, પડીયો મલ ભુજાબલ લાગ્યો;
એ તો પાંડવ ભીમજી દીસે, ઇમ વિચાર્યો વિસવાવીશે. ૨૩

જાણ્યો ભીમ તણો ભડવાય, કાઢયો મુખ થકી એમ વાય;
જીભ કરંતો જાણી ગાઢો, ભીમે પછાડી પાડયો ટાઢો. ૨૪

એગુણુતીશા સોમી ઢાલે ભણીયો, ભીમે મલ મહાબલ હણીયો;
શ્રી ગુણસાગર સુર વદીતો, પુન્યે પાંડવ જગ જશ જીત્યો. ૨૫

---

## દોહા

એક દિવસ પરિવાર શું, કીચક નામે ભૂપ;
બ્હેન તણે ઘર આવીયો, દીઠો સેરંદ્રી રૂપ. ૧

બ્હેન ભણી એમ પુછીયો, એ કુણ નારી હોય;
કિહાં થકી આવી અછે, રૂપે રંભા સોય. ૨

જે આપણુ ઘર વાલીયો, તેહ તણી એ નાર;
રહે છે મુજ આગલે, દાશી પણે સુવિચાર. ૩

લાજ તજી નિર્લજ પણે, બ્હેન ભણી કહે એમ;
એક વાર મુજ મંદિરે, મોકલજો ધરી પ્રેમ. ૪

વાત મ કર એ ભાઇજી, કરતાં હોય અકાજ;
શીલ ન લોપે સુંદરી, એહને પતિ શિરતાજ. ૫

રાય વૈરાટે એમ કહ્યો, એ કોઇ કારણ રુપ;
રુડી રીતે રાખજો, ભલાવી મુજ ભૂપ. ૬

## ઢાલ ૧૩૦ મી

( રામચંદ્ર કે બાગ આંબો મોરી રહ્યો રી—એ દેશી )

ઉઠી ચાલ્યો તવ રાય, મનમાં રીશ ઘણેરી;
તેડાવ્યો રે ખવાસ, કરે વાત બુરેરી. ૧

એકલી દેખો જો નાર, કહેજ્યો હેત ધરીરી;
શું કરશે મુજ રાય, પાડું લાજ ખરીરી. ૨

એક દિવસ નૃપ નાર, રતી કેલ ભણીરી;
આવે વન ઉદ્યાન, સાથે સખીય ઘણીરી. ૩

સાથે કીચક રાય, આવ્યો અશ્વ ચડીરી;
ફરતા વન આરામ, સેરંદ્રી દ્રષ્ટે પડીરી. ૪

સતીશું આલ ઝખંત, ચાલો મુજ ઘરેરી;
હું જગ મોટો રાય, સહુ મુજ આણ ધરેરી. ૫

આપું નવલખ હાર, ચોકી રત્ન જડીરી;
કરી થાપું પટનાર, તુજશું પ્રીત ખરીરી. ૬

બોલી ચટક લગાય, ફિટ કુબુદ્ધિ શું લવેરી;
બાળું તારો રાજ, આછો શીયલ હવેરી. ૭

આવ્યો ચાબખ લેઈ, કીચક કોપ કરીરી;
બ્હેન સુદેષ્ણા તામ, આવી આડી ફરીરી. ૮

બાઇ એ વારો વીર, ઈમ કિમ કામ કરેરી;
એ તો નિર્લજ દાસ, એહને કુણ વરેરી. ૯

મોટી રાજકુમાર, પરણાવું વર નારી;
રહેવા દ્યો એહથી હઠે, એહની જાત ન સારી. ૧૦

એક વાર મુજ દ્વાર, આવે નેહ ધરીરી;
પુરૂં મન તણી ખાંત, ન કરું આશ ફરીરી. ૧૧

બ્હેન ભણે સુણ વીર, તું મતિ ચિંતા કરેરી;
હોસે ધીરે કાજ, જાઓ આપ ઘરેરી. ૧૨

હરખાણો તવ રાય, હોશે કામ ભલોરી;
હુવો વિકલ નરેશ, લાગ્યો તાસ પલોરી. ૧૩

તીસા સોમી ઢાલ, ગુણસાગર ઇમ ભાષી;
લેશે દુઃખ અઘોર, પાપી પાપ પ્રકાશી. ૧૪

## દોહા

એક દિવસ રાણી રાઉલી, નિપજાવી પકવાન;
ગોત્રજ તણી પુજા કરી, આપી સહુને માન. ૧

પાત્ર કર ધરી પ્રેમદા, કીધો સેરંદ્રી સાદ;
મંદિર આપો મારા વીરને, ગોત્રજ તણો પ્રસાદ. ૨

માજી કિમ મને મોકલો, શું નથી જાણતા વાત;
કાલ એણે તુમ દેખતાં, કર્યો ઘણો ઉત્પાત. ૩

દુધ દેખી માંજારને, હુવે લાલચ જેમ;
ન ગણે લાજ પરનારની, લંપટ માણસ તેમ. ૪

બાઈ ન કેશે તુજને, મેં વાર્યો છે એહ;
નામ લીએ જો તાહરું, તો ટલી આવજે ગેહ. ૫

પરવશ પ્રેમદા શું કરે, લેઇ ચાલી તે પાત્ર;
આવ્યો ઘર જબ ઢુંકડો, થરથર કંપે ગાત્ર. ૬

## ઢાલ ૧૩૧ મી

(શ્રી રામજી એ નારી ગમાઈ, સીતા શુદ્ધ ન પાઇજી—એ દેશી)

દ્રૌપદી મનમાં જોયું વિમાશી, કીચક કુબુદ્ધિ પુરોજી;
એકલડા જાતા ઇણે મંદિર, રહે કિમ શીયલ સનુરોજી. દ્રૌ૦ ૧

એમ છિપાતી આવી બાલા, કૈયા તણે આવાસજી;
દીધું પાત્ર દૂરેથી ઉભી, લીધું હાથ ખવાસજી. દ્રૌ૦ ૨

મેલી થાલ વલી જબ પાછી, કીચક આયો પુંઠજી;
રે ઉભી રંડા કિહાં જાઇશ, વાણી વદે એમ જુઠજી. દ્રૌ૦ ૩

પામી ત્રાસ તે સભા સન્મુખ, નારી નાઠી જાયજી;
આવી ઉભી રાજા શરણે, કામી કેડે થાયજી. દ્રૌ૦ ૪

કંક વિપ્ર દેખંતા મારી, નારી લાતે તામજી;
વૈરાટ ને સર્વ સુભટ જોતાં, કીધી સભા ગત મામજી. દ્રૌ૦ ૫

નાથ પ્રતે એમ વદે વાણી, છોડાવો માહારાજજી;
એ પાપીડો મુજને પીડે, મુકાવે મુજ લાજજી. દ્રૌ૦ ૬

કંક ભણે વૈરાટ સભાની, લાજ લઇ મછરાલજી;
ઇમ નિસુણી રાય ઝંખાણો, હાકલીયો ભૂપાલજી. દ્રૌ૦ ૭

આજ મુકું છું તુજને જાણી, કાલે તારી વાતજી;
આણુ વહે માહરી રાયરાણા, આજ ઘણી આખ્યાતજી. દ્રૌ૦ ૮

એમ કહીને વલ્યો પાછો, ગયો નિજ આવાસજી;
પંચાલી તિહાંથી આવી, મછરાલીની પાસજી. દ્રૌ૦ ૯

રાણી આગલ કીધું સઘલું, હૈયું ફાટતાં રોયજી;
અમ દિશ તો સહુ ઉજજડ થઇ, સાર ન લીએ કોઇજી. દ્રૌ૦ ૧૦

અનેકપરે આશાસના દીધી, રાણીએ રોતી રાખીજી;
કહેતાં માહરા દાંતજ ઘાઠા, છે મુજ અંતર સાખીજી. દ્રૌ૦ ૧૧

તે દિન દોહિલો ગયો રામાને, રાત પડી જેવારજી;
અવસર લેઇ આવી એકાકી, વિનવીયો ભરતારજી. દ્રૌ૦ ૧૨

કૈયે મુજને એણીપરે ભાંખ્યો, આણીશ તારો અંતજી;
આત્મઘાત કરૂં તે પહેલી, તિણ કારણ મુજ કંતજી. દ્રૌ૦ ૧૩

મેં ત્રિનવાયા ગોદ બીછાઇ, તુમ તણા વડ વીરજી;
તે પણ સાંભલી હેવું ઘાલ્યું, કરી નહિં મુજ ભીરજી. દ્રૌ૦ ૧૪

ભીમ ભ્રગુટી ભાલે ચડાવી, વચન વદે સુણ નારજી;
એટલા દિન આપણ દુઃખ લીધા,
તે ધર્મ તણો ઉપગારજી. દ્રૌ૦ ૧૫

મુજ આણાએ એટલું કીજે, કૈયા ભણી તુમ જાયજી;
આપણે દોય એકાંતે મલશું, કરી મતો એક ઠાયજી. દ્રૌ૦ ૧૬

કંત તણે આદેશે આવી, વાત ન જાણે કોઇજી;
સોલ શૃંગાર સજ્યા તનુ સુંદર, પહેર્યા દર્પણ જોઇજી. દ્રૌ૦ ૧૭
મારગ જાતાં કીચક દીઠી, બાલી ઝાક ઝમાલીજી;
કામાતુર અકુલાણો રાજા, ફેરી કોટ નિહાલીજી. દ્રૌ૦ ૧૮

દિવસ રાત હિંડું તુમ્હ જોતાં, લાગી લેહ તુમ્હારીજી;
આજ મનોરથ થયા પુરણ, કીધી સાર અમ્હારીજી. દ્રૌ૦ ૧૯

મુખ પંચાલી વાયક બોલી, સુણો સુભટ એક વાતજી;
કોઇ મંદિર દેખાડો એકાંતે,
તો રમીએ તુમ સંઘાતજી. દ્રૌ૦ ૨૦

હિંડોલાખાટ ઝબુકે ઉંચી મણીમય મારા આવાસજી;
આવજો રાત સમે તુમ રાણી,
જિમ પુગે મુજ આશજી. દ્રૌ૦ ૨૧

ઇમ સંકેત કરીને ચાલ્યો, કીચક નિજ આવાસજી;
ભામનીએ સહુ વાત પ્રકાશી, ભીમ ભણી ઉલ્લાસજી. દ્રૌ૦ ૨૨

એકતીસા સોમી એ ઢાલે, વાત્ત જણાવી તાસજી;
શ્રી ગુણસાગર સુરી પ્રકાશે, જો જો કુવ્યસન વિનાશજી. દ્રૌ૦ ૨૩

## દોહા

ભીમ ભણે સુણ ભામની, આપ સુરંગો વેષ;
થાશું કૈયાની કામની, હોંશ ધરી સુવિશેષ. ૧

દેઇ આલિંગન એહને, પહોંચાડું જમ લોક;
તો તું મુજને જાણજે, ભીમ તણો બલરોક. ૨

આજ પછી કોઇ નારીનો, નામ લીએ નહિં તેહ;
ખોડા માંજાર તણી પરે, ભમતો રાખું એહ. ૩

---

## ઢાલ ૧૩૨ મી

( સમુદ્રવિજય સુત ચંદલો સામલીયાજી—એ દેશી )

રાત સમે ભડ ભીમજી, મનમોહના;
સ્નાન કરી શુચી દેહ, લાલ મન મોહના;
કેશ સમાર્યા કામની, મનમોહના;
ઘાલી ફૂલેલ સ્નેહ, લાલ મન મોહના. ૧

સેંથો લાલ સોહાવીયો મન૦, નકવેસર રુડો નથ; લાલ૦
નિલવટ મોતી પુરીયો મ૦, સોવન ચુડી હત્થ. લાલ૦ ૨

રક્ત મનોહર કંચુકી મ૦, મસ્તક ઓઢયો ચીર; લાલ૦
પગ પીતાંબર ઝલકતો મ૦, ઝણકે ને ઉર ગુહિર. લાલ૦ ૩

નાખ્યો કંઠે લહકતો મ૦, પંચાલી ઉરનો હાર; લાલ૦
હસી બોલી એમ ભામની મ૦, તુમ જીતી જગ નાર. લાલ૦ ૪

નારી વેષ ભીમે કર્યો મ૦, કરવા કીચક ભંગ; લાલ૦
ચાલ્યો મધ્ય બજારથી મ૦, લટકે જોતો અંગ. લાલ૦ ૫

આવ્યો કીચક મંદિરે મ૦, દીઠો અનોપમ ઘાટ; લાલ૦
મોતી ઝુંબખ બાંધીયા મ૦, લટકે હિંડોલા ખાટ. લાલ૦ ૬

અસુર થાશે આવતાં મ૦, સુવું વાર લગાર; લાલ૦
દેઇ શીર ભીંતે પોઢીયો મ૦, ચરણે ચાંપી કમાડ. લાલ૦ ૭

એટલે કીચક આવીયો મ૦, પહેરી તનુ શણગાર; લાલ૦
પેઠો મંદિર એકલો મ૦, સેવક રહિયો બ્હાર. લાલ૦ ૮

લાલચ ધરતો આવીયો મ૦, મોહની મોટો બંધ; લાલ૦
દીપક દેખી પતંગીયો મ૦, પડીયો તિમ મતિ અંધ. લાલ૦ ૯

આજ સફલ દિન માહરો મ૦, કરતો મન સુવિચાર; લાલ૦
આવી આવાસે ઉભો રહ્યો મ૦, કર સ્યું કુટયો દ્વાર. લાલ૦ ૧૦

બોલાવી બોલે નહિં મ૦, એહનું પછીતે શીષ; લાલ૦
ઉઠો ઉઠો ભદ્રે તુમ્હે મ૦, સાદ કીયા દશવીસ. લાલ૦ ૧૧

કમાડ કઠીન ખખડાવીયું મ૦, તવ સાંભલ્યું શું યાર; લાલ૦
ચરણ સંકોચ્યા આપણા મ૦, રાય ઉઘાડયો દ્વાર. લાલ૦ ૧૨

પોલ દેઇને પરવર્યો મ૦, ખોડતો ખુણા ચાર; લાલ૦
ખડકી મંડપ ઓસરી મ૦, નવિ દીઠી ત્યાં નાર. લાલ૦ ૧૩

એમ સઘલે જોતાં થકાં મ૦, કીચકે દીઠો સોય; લાલ૦
કુણ કુબુદ્ધિ ઈહાં આવીયો મ૦, એ તનુ નારી ન હોય. લાલ૦ ૧૪

ભીમ મધુર એમ બોલીયો મ૦, આવો કંત સુજાણ; લાલ૦
વાર ઘણી મુજને થઇ મ૦, નાથજી જીવન પ્રાણ. લાલ૦ ૧૫

એમ કહી ઉઠયો ભીમડો મ૦, કીચક પાડી ચીસ; લાલ૦
હા હા હવે હું નહિં કરૂં મ૦, મુકો મુજને ઇશ. લાલ૦ ૧૬

કર ઝાલીને પાટકયો મ૦, કરતો આક્રંદ સાદ; લાલ૦
ભીમ ભણે પરનાર શું મ૦, વલી કરજો ઉન્માદ. લાલ૦ ૧૭

મારી કીધો કોથલો મ૦, શીર ચાંપ્યું ધડમાંહિ; લાલ૦
કીચક પ્રત્યક્ષ પામીયો મ૦, પાપ તણા ફલ પ્રાંહિ. લાલ૦ ૧૮

ભીમે તામ વિચારીયો મ૦, એ નૃતકેલી શાલ; લાલ૦
ધનુર્વિદ્યા ઈહાં કણે ભણે મ૦, દેખી બીસે બાલ. લાલ૦ ૧૯

ભારવટ ભાર ઉંચો કરી મ૦, ચાંપીયો તે માંય; લાલ૦
પુનરપિ ભીમ વિચારીયો મ૦, રખે જાણે કોઇ આય. લાલ૦ ૨૦

રક્ત તણી સલીકા ભરી મ૦, ભારોંટ લિખીયો નામ; લાલ૦
રાજા વાત જણાવવા મ૦, ત્રણ અક્ષર તિણ ઠામ. લાલ૦ ૨૧

કામ કરી કીચક તણો મ૦, ભીમ ગયો નિજ સ્થાન; લાલ૦
સકલ સંબંધ આવી કહ્યો મ૦, નારી ભણી બહુમાન. લાલ૦ ૨૨

બત્તીસા સોમી ઢાલમેં મન૦, શ્રી ગુણસાગર જોય; લાલ૦
કીચક પ્રત્યક્ષ પામીયો મન૦, કીધા ના ફલ સોય. લાલ૦ ૨૩

---

### દોહા

રાય કચેરી આવીયો, પુરી સભા અભિરામ;
કીચક ભાઇ સહુ મલી, બેઠા કરી પ્રણામ. ૧

રાજા પૂછે સાદરો, તુમ બંધવ ગુણખાણ;
હમણા અમો દીઠા નથી, કુણ કારણ રાજાન. ૨

અમ ભાઇ કાલે ચડી, ગયા હુતા કાંઇ બાહાર;
રાતે પણ આવ્યા નથી, અમ મંદિર નિરધાર. ૩

રાયે સેવક મુકીયા, કૈયા તણે દરબાર;
પૂછે જઇ સા નારીને, કિહાં છે તુમ ભરતાર. ૪

સાંજ સમે શોભા ધરી, તેડી સેવક સાથ;
ગયા પૂછયા વિણ મુજને, હજી નવિ આવ્યા નાથ. ૫

## ઢાલ ૧૩૩ મી

( સોઈ સયાણો અવસર સાધે—એ દેશી )

કીચક ભાઇ મલી સબ આવે, રાજાશું એમ વાત સુણાવે;
હજીય ન આવ્યા કીચક રાય, રાજાજી મન ચિંતા થાય. કીચક૦ ૧

સેવક તેડી પુછયો અભિરામ, ઠાકુર તુમચા ગયા કુણ કામ;
નૃત તણી શાલા નરનાથ,
તિહાં સુધી હતા અમેં સહુ સાથ. કી૦ ૨

પછી અમને શીખ જ આપી, આપ એકીલા ગયા થિર થાપી;
દ્વારપાલે પણ એમ જ ભાંખ્યો,
નિકલતાં બ્હાર અમેં નથી ઝાંખ્યો. કી૦ ૩

રાજા શોધ કરવા રંગે, ઉઠયો સુભટ લેઇ બહુ સંગે;
ઘર ઘર શેરી ચોક મોઝાર,
જોતાં ન લાગી શોધ લગાર. કી૦ ૪

બ્હેન સુદર્શના વાત એ જાણી, ભાઈ ન લાધો હોઈ બિરાણી;
નૃતશાલાએ આવે સહુ સાથ,
પગ ન લાભે જોતાં નરનાથ. કી૦ ૫

ધરતી વિવર દીઠો તિણે ઠામ, દીસે છે ઈહાં થયો સંગ્રામ;
ભારોટે આંક દીઠા અતિ રાતા,
બ્હેન ભણે ઈહાં સહિ મુજ ભ્રાતા. કી૦ ૬

મેતા પ્રધાન તેડાવી રાજા, વંચાવે સહિ અક્ષર તાજા;
વાંચતાં એમ વિચારે સુજાણ,
મેં માર્યો એમ કહે કોણુ વાણુ. કી૦ ૭

એટલે રાય આવી એમ વાંચ્યું, મેં માર્યો મુખ કહે તવ સાચું;
રાણી આંખે નાખે બહુ નીર,
તુમે માર્યો દીસે મુજ વીર. કી૦ ૮

કોઈક પાપ ઉદય થયો આજ, કૈયા તણો એમ થયો અકાજ;
એણે સેરંદ્રી સભા માંહિ મારી,
મૃત્યુ જાણ્યો એમ રાય વિચારી. કી૦ ૯

વાલીયો આદે મિલ્યા સહુ લોગ, ભારોટ અલગો કિયો બલયોગ;
કાઢયો કીચક મલી બહુ સાથ,
દેખી રાણી ભીડયો લેઇ બાથ. કી૦ ૧૦

બૈન ભાઇનો અંગ નિહાલે, તિમ તિમ આંખે આંસુડા ઢાલે;
વાત વિવિધ પ્રકારે દાખી, સહુ મલી એમ રોતી રાખી. કી૦ ૧૧

ભાઇ મિલી સુવિચારણ કીજે, સેરંદ્રીને સાથે દહીજે;
એહ થકી કીચકનો નાશો, સતી કિહાં પામે ઘર વાસો. કી૦ ૧૨

શિબીકા કીચક કાજ એ કીજે, કેશ ગ્રહી સેરંદ્રી લીજે;
થરહર થરહર ધ્રૂજે સોઇ, ભીમ કહે ચિંતા નહિં કોઇ. કી૦ ૧૩

કુરુ કુરુ કરી કીચક કાગા, સેરંદ્રીને નાખણ લાગા;
ભીમ ભુજાબલે વૃક્ષ ઉખાલી, કીચક બંધવ માર્યા બાલી. કી૦ ૧૪

બાંધવ શોક કરંત સરોષી, રાજાએ રાણી સંતોષી;
એકાકીના એ છે કાજો, છેડયો તો એ છિન્નાશે રાજો. કી૦ ૧૫

ડોકરડી ઘર વાઘ જ પેઠો, એહ ઉખાણો પ્રત્યક્ષ દીઠો;
એ તો અગ્નિ પ્રત્યક્ષ દેખાયા, હાથશું રે ઓલાશી જાયા. કી૦ ૧૬

એ તો કોઇક ઉઠી ઉપાધિ, સાધ્ય નહિં એ રોગ અસાધી;
મુજને તો આયો જોગવણો, કાઠો છે નૃપ પદ ભોગવણો. કી૦ ૧૭

ભૂર ઝાલમેં હું છું પડીયો, સિંહ તણે શિકારે ચડીયો;
મસલી પેટ ઉપાઇ પીડા, સાપ સંઘાતે માંડી ક્રીડા. કી૦ ૧૮

કામ પખે એ વીર બોલાયા, અમૃત કાજે મહા વિષ પાયા:
જો તું રાખ્યો ચાહે ચૂડો, તો મ કર એહ કદાગ્રહ કૂડો. કી૦ ૧૯

આપ ભલો જગનું ભલું ભાવે, આપ મુવા જેમ બુડ કહાવે;
સો હણીયા તસ હણતાં એકો, કરે કિશી એ આણી વિવેકો. કી૦ ૨૦

જે દિન સો દિન આઘો લહું છું, દિન પણે દિલાસા દઉં છું;
છાનીમાની રહીજે રાણી, શા મારે ત્રોડીજે તાણી. કી૦ ૨૧

તેત્રીશા સોમી ઢાલે ભણીયા, ભીમે કીચક સઘલા હણીયા;
શ્રી ગુણસાગર સુર વદીતો, શીલ પસાયે જગ જશ જીત્યો. કી૦ ૨૨

---

### દોહા

ચતુર મહા ચર ચોકસી, ફિરી આયા પ્રભુ પાસ;
ખબર ન પામી પાંડવા, શોચ ઘણો ચિત્ત તાસ. ૧

વિદુર ને ભીષમ તણો, વદન વિલોકી રાય;
પૃથ્વી સઘલી શોધતાં, પાંડવ ખબર ન પાય. ૨

---

### ઢાલ ૧૩૪ મી

( મેતારજ મુનીવર ધન ધન તુમ અવતાર—એ દેશી )

બલવંતા પાંડવ પૃથ્વીમાંહિ પ્રસિદ્ધ;
ગુણવંતા પાંડવ પ્રગટ હોશે સો સિદ્ધ. એ આંકણી
વિદુર અને ભીષમ ભણેજી, વાણી અધિક અનૂપ;
પાંડવની સહિનાણીકાજી, સાંભલ કૌરવ ભૂપ. બલવંતા૦ ૧

ઈતિ અનીતિ ન ભીતિ કાજી, રોગ ન અધિકો શોગ;
પાંડવ છે જે દેશડેજી, હોશે સુખીયા લોગ. બલ૦ ૨

અરિહંતા અતિશય જિસ્યાજી, દીસે ગ્રંથ મોજાર;
કેટલાય અતિશય તિસ્યાજી, પાંડવના સુવિચાર. બલ૦ ૩

દૂત ભલો તો ખરોજી, સાચો એ ઉપમાન;
મછદેશ મહિમા ઘણોજી, દિન દિન ચડતે વાન. બલ૦ ૪

સુસરમા રાજા કહેજી, એ તો સુધી વાત;
નગર તણી ગૌ વાલવેજી, પાંડવ પ્રગટ થાત. બલ૦ ૫

ખુણસ હમારી છે ખરીજી, વૈરાડા નૃપ સાથ;
સ્વામી કાજ સમારતાંજી, સુજશ દીયો જગનાથ. બલ૦ ૬

કૌરવપતિ સેના સજીજી, સાથે સહુ પરિવાર;
હયગય રથ પાયક ઘણાંજી, ભીષમજી પણ લાર. બલ૦ ૭

ઘમ ઘમ વાગે ઘુઘરાજી, પાખર જડીયા પલાણ;
ઉડી રજ ઘમસાણશુંજી, ગયણ છાયો વર ભાણ. બલ૦ ૮

દેખી દલ બલ આપણોજી, મુલકાણો મન રાય;
કુણ ખત્રી મુજ આગલેજી, યુદ્ધે જીવતા જાય. બલ૦ ૯

સુસર્મા દક્ષિણ દિશેજી, જાઇ લાગ્યો જામ;
ગૌ હરતાં તે ગ્વાલીયાજી આઇ પોકાર્યાં તામ. બલ૦ ૧૦

ક્ષત્રી સહુ ચડી ચાલીયાજી, સજી ભાથા કર બાણ;
પાંડવ ચાર સાથે હુઆજી, વાગ્યા ઢોલ નિશાણ. બલ૦ ૧૧

ભલા ભલા ભડ પાખર્યાજી, સંબાહ્યા અતિ શૂર;
ભૂપ હુવો ગો વાહરૂજી, વાજીયા રણતૂર. બલ૦ ૧૨

નૃપ લડવે ભડ લડથડયાજી, ભાગ્યા જાઈ ભૂર;
ઉગંતાં રવિ આગલેજી, તમ: જિમ નાશે દૂર. બલ૦ ૧૩

ખીસતી જાણી આપણીજી, સુસર્મા કોપંત;
મોટા ભડને મોડવેજી, વૈરાડો રોપંત. બલ૦ ૧૪

સુસર્માએ બાંધીયોજી, વૈરાડો ભૂપાલ;
જોર ન ચાલે કોઇનોજી, શોચે બાલગોપાલ. બલ૦ ૧૫

પાંડવ ચારે ધાઇયાજી, ધસમસતા ધુતાલ;
સુસર્માને જીતીયાજી, નાઠા ભડ તત્કાલ. બલ૦ ૧૬

મછરાય છોડાવીયોજી, ભીમ ભૂજાબલ જોય;
સાથે તો બલીયા ભલાજી, નબલાથી શું હોય. બલ૦ ૧૭

હરખ ધરી તેહી સ્થાનકેજી, રાત રહ્યો રાજાન;
કંક તણે મુખ સાંભલીજી, પાંડવનો આખ્યાન. બલ૦ ૧૮

અધિકામેં અધિકો ઘણોજી, સુજશ સુણી નિજ કાન;
સત્ય કરીને સરદહેજી, લીધી સબહી માન. બલ૦ ૧૯

ચાકર જેહના એહવાજી, શૂર મહા રે સનૂર;
ઠાકુરનો કહેવો કિશ્યોજી, દીસે એહ હજૂર. બલ૦ ૨૦

ચોત્તીસા સોમી ઢાલમેંજી, ભીમે જણાવ્યો આપ;
શ્રી ગુણસાગર સુરી કહેજી, ન છિપે તેજ પ્રતાપ. બલ૦ ૨૧

---

## દોહા

પ્રાત: હુવા કૌરવપતિ, ઉત્તર દિશની ગાય;
વાલી વલીયા વેગશું, ગ્વાલ પોકાર્યા આય. ૧

રાજાનો સહુ રાવણો, રાજા સાથે જોય,
ઉત્તરા કુંવર એકલો, ઘર રખવાલો હોય. ૨

બુંબારવ શ્રવણે સુણી, બોલે રાજકુમાર;
મ્હારે નહિં કોઇ સારથી, કરે જણાવણ સાર. ૩

મહીલા ને માય આગલે, ગાલ મારતો જાણ;
સેરેંદ્રી બોલી હસી, કુંવર અરતિ મ આણ. ૪

---

## ઢાલ ૧૩૫ મી

( આ છીંલાલ જિનવર વાંદવા નિસર્યાજી—એ દેશી )

તવ સેરેંદ્રી બાલ, બોલે વચન રસાલ;
આછે લાલ, કુંવરપે ચટક લગાયને જી. ૧

અહો કુંવર કહું તુજ, યુદ્ધ કરણની બૂઝ;
આછે લાલ, તો સારથી છે સોહામણો જી. ૨

એ નરવિંદલ વેષ, છે સારથી સુવિશેષ;
આછે લાલ, અદ્‌ભૂત રુપ સોહામણો જી. ૩

હરીનંદનો રથ આપ, ખેડતો પરમ પ્રતાપ;
આછે લાલ, તે રથ ખેડશે તાહરો જી. ૪

ત્યો તુમ એહને સંગ, હોશે જીત અભંગ;
આછે લાલ, હોંશ મ રાખીશ કો હવે જી. ૫

હસતાં રોતાં એહ, આવ્યો પરોણો ગેહ;
આછે લાલ, કુંવરે પૂછયો સારથી જી. ૬

કહે વિંદલ મહારાજ, એ તો આછો કાજ;
આછે લાલ, આપણને ગો વાલતાં જી. ૭

માયને મહલણી પાસ, પહેરી બગતર તનુ ખાસ;
આછે લાલ, રણરંગ રમવા સજજ થયો જી. ૮

બહેન ભણે સુણ ભાય, જીતી કૌરવ રાય;
આછે લાલ, લાવજો ધ્વજ રલીયામણી જી. ૯

એહ મનોરથ આજ, મુજ પુતલાને કાજ;
આછે લાલ, હોશે વસ્ત્ર સાદરોજી. ૧૦

રણમેં આયો ચાલ, દેખી દલ વિકરાલ;
આછે લાલ, જાણે ઘટા કાદંબની જી. ૧૧

અહો વૃહાનડા બાલ, ચડીયો મેહ અસરાલ;
આછે લાલ, વાલ રથ પાછો ઘરે જી. ૧૨

કહે અર્જુન અનૂપ, એહ દુર્યોધન ભૂપ;
આછે લાલ, એહ દલ ઉભા એહના જી. ૧૩

લાખ સવા ગજરાજ, દેખી પામે ઘનલાજ;
આછે લાલ, કાલીખડા તેહની બની જી. ૧૪

ધર્યો દુર્યોધન ભૂપ, મેઘાડંબર અનૂપ;
આછે લાલ, મેઘ સમોવડ ગાજતો જી. ૧૫

ખડ્ગ ભાલા પ્રકાશ, વિજલી સમ આકાશ;
આછે લાલ, નીલાંબર નેજાં ભલાં જી. ૧૬

એ દલ અધિક અલોલ, થાયે દ્રઢતા ડમડોલ,
આછે લાલ, તજી કાયર શૂરતા ભજો જી. ૧૭

દલ કૌરવનો જોય, ભયભીત હુવો સોય;
આછે લાલ, હા હા મુજ મારે ખરો જી. ૧૮

અહો વ્રહાનડા બાલ, ચાલ ઘરે રથ વાલ;
આછે લાલ, એ દલ અધિક ડરામણો જી. ૧૯

કહે હરીનંદ તે વાર, રે કાયર શિરદાર;
આછે લાલ, ઘર આગલ શું ફૂલતો જી. ૨૦

ઈહાં નહિં છે સેલ, એ છે ખાંડાનો ખેલ;
આછે લાલ, ખેલ ખરો અસોહામણો જી. ૨૧

ઝુઝણ લાગ્યા શૂર, વાગીયા રણતૂર;
આછે લાલ, સુભટ સમરમેં સજજ થયા જી. ૨૨

પસરીયો દલપૂર, દેખી કુમર ઘટી નૂર;
આછે લાલ, અંગે છૂટી ધ્રૂજણી જી. ૨૩

રથથી પડીયો તામ, નાસણ લાગ્યો જામ;
આછે લાલ, પારથ પગ પાછો ધર્યો જી. ૨૪

હરીનંદ સાહ્યો હાથ, ઘાલી ગલા માંહિં બાથ;
આછે લાલ, આપણો મરમ પ્રકાશીયો જી. ૨૫

હું અર્જુન અભિરામ, શીખવું તુજ સંગ્રામ;
આછે લાલ, આજ શોભા તુજને દઉં જી. ૨૬

પાંત્રીશા સોમી ઢાલ, જગમેં સુજશ વિશાલ;
આછે લાલ, ગુણસાગર પાંડવ તણો જી. ૨૭

## દોહા

ઉત્તરાકુમર મન લાજીયો, પાછો ફર્યો સંગ્રામ;
હાથ જોડી ઉભો રહ્યો, અર્જુન પે અભિરામ. ૧

બીજકે છે હથીયાર વર, ધનુષ્ય બાણ ઉદાર;
કવચ પ્રમુખ આયુધ સહુ, તું જઇ લાવ કુમાર. ૨

આદેશ લેઈ અર્જુનનો, આવ્યો પિતૃવન;
અહિ રૂપે આયુધ સબે, દીઠા તિહાં નૃપતન. ૩

ડર આણી પાછો ફર્યો, દેખી કાલા નાગ;
અર્જુન પેં આવી કહ્યો, કોઇ ન ફાવે લાગ. ૪

## ઢાલ ૧૩૬ મી

( સાહીબા રે મારા મેરુ તણી પરે ધીર—એ દેશી )

હરીનંદ આપે આયને રે લાલા, લીધા કર હથીયાર;
વજ્ર કવચથી તનુ જડયો રે લાલા, ઉપર સાડી ઉદાર. ૧

ચડી આયો રે લાલા, પારથ પ્રબલ પ્રતાપ. એ આંકણી
આવી રણને સન્મુખે રે લાલા, પૂર્યો શંખ જે વાર;
કર્ણ આદે સહુ રાજીયા રે લાલા,
ચમકયા ચિત્ત મોજાર. ચડી૦ ૨

નાદ શંખનો સાંભળી રે લાલા, પભણે શ્રી ગંગેવ;
એ બાલા રૂપ સોહામણો રે લાલા,
પણ અર્જુન અહમેવ ચડી૦ ૩

કૌરવપતિ તવ કલકલ્યો રે લાલા, અહો અહો જગદીશ;
છે શત્રુ મુજ ઉપરે રે લાલા, એ તો વિસવા રે વીશ. ચડી૦ ૪

દ્રોણ વદે તવ સાંભલો રે લાલા, હમણાં હોશે ઉત્પાત;
ધણ અવસર ટલવો ભલો રે લાલા,
શુકન અપશુકન થાય. ચડી૦ ૫

સુભટ દલ ઝાંખો થયો રે લાલા, ચઉદિશ હુવો અંધકાર;
ધરણીપડ ધ્રૂજે ઘણો રે લાલા,
આયો અર્જુન એણીવાર. ચડી૦ ૬

મુકી ધણ પાછા વલ્યા રે લાલા, તવ ભાંખે હરીસુત;
કાયર કિમ પાછા વલો રે લાલા,
રે રાણી જાયા રજપુત. ચડી૦ ૭

લજજા પામી રાજીયા રે લાલા, આવી ઉભા રે શૂર;
છાયો ગયણ ઘમશાણશું રે લાલા, વાજીયા રણતૂર. ચડી૦ ૮

કર્ણ કહે સહુ સાંભલો રે લાલા, દુઃખ મ આણશો કોય;
આ રણ અર્જુન મેં વર્યો રે લાલા,
એમ કહી આયો રે સોય. ચડી૦ ૯

દલ દેખી કૌરવ તણો રે લાલા, વૈરાટ સુત કહે એમ;
તિલક સુભટ કુણ એહમેં રે લાલા,
કહ્યો અર્જુન મુજ તેમ. ચડી૦ ૧૦

કૃપાચાર્ય રથ તણી રે લાલા, નીલી ધ્વજ અહીનાણ;
કનકદંડ ધ્વજ રથ ભલો રે લાલા,
એ દ્રોણ ગુરુ ગુણખાણ. ચડી૦ ૧૧

એ દોઇ મુજ ઉપગારીયા રે લાલા, દીધી કલા અસમાન;
એ ગુરુ ચરણ પસાયથી રે લાલા,
હું ધરૂં ધનુષ બાણ. ચડી૦ ૧૨

ધનુષ ધ્વજે દ્રોણ સુતજી રે લાલા, કરે અંબરશું રે વાદ;
નાગકેતુ વર રથ ભલો રે લાલા, દીશે દૂર્યોધન આદ. ચડી૦ ૧૩

પીલી પતાકા રથ તણી રે લાલા, એ કર્ણ અભિરામ;
એમ સઘલા અર્જુન કહે રે લાલા,
સુભટ મહારથી નામ. ચડી૦ ૧૪

બાણે અંબર છાઇયો રે લાલા, દલ પસર્યા ચિહું દિશ ઓર;
આયા કર્ણ રથ સન્મુખે રે લાલા, કરી આડંબર જોર. ચડી૦ ૧૫

અર્જુન રથના નાદથી રે લાલા, સુભટ ન ધરે રે ધીર;
સિંહ તણી પરે ગાજતો રે લાલા, આવી ઉભો વડવીર. ચડી૦ ૧૬

શસ્ત્ર છેદી કર્ણના રે લાલા, કહે અર્જુન તજી રીશ;
ઇણ અવસર અંગરાયજી રે લાલા,
પુગી સઘલી જગીશ. ચડી૦ ૧૭

વિંધ્યાચલ ગજની પરે રે લાલા, અડીયા દોઇ તતખેવ;
અચરજ પામી અંબરે રે લાલા, મલીયા કૌતુકી દેવ. ચડી૦ ૧૮

મોટા ભડને મોડતો રે લાલા, એકલડો હરીનંદ;
મૂર્છાઇ ધરણી વિષે રે લાલા, પડીયા કર્ણ નરિંદ. ચડી૦ ૧૯

દ્રોણ ગુરુ તવ આવીયા રે લાલા, હરખાણો મન ભૂપ;
આજ ગુરુ ભલે આવીયા રે લાલા, દેવા શોભ અનૂપ. ચડી૦ ૨૦

પ્રથમ બાણે હરીનંદજી રે લાલા, કીધો ગુરુ પ્રણામ;
મુકી બાણ વર દુસરો રે લાલા, છેદે ધ્વજ અભિરામ. ચડી૦ ૨૧

અનર્થ જાણી આકરો રે લાલા, પ્રભુ દયા દિલ આણ;
કૌરવ દલની ઉપરે રે લાલા, મુકે મોહનબાણ. ચડી૦ ૨૨

સેન સકલ ધરણી પડયો રે લાલા, ન રહી શુધ લગાર;
બાર મણુના જો ઘડે રે લાલા,
તો પણ ન લહે રે સાર. ચડી૦ ૨૩

નીલી ધ્વજ કૌરવ તણી રે લાલા, પીલે કર્ણ બિરાજ;
લેજે ધ્વજ રલીયામણી રે લાલા,
તુજ ભગિનીને રે કાજ. ચડી૦ ૨૪

ભીષમ ભય મનમાં ધરી રે લાલા,
કુંવર આવ્યો ધરી શંક;
લેઇ ધ્વજ પાછો વલ્યો રે લાલા, કંપે અટારી રે લંક. ચડી૦ ૨૫

કૌરવરાય પાછો વલ્યો રે લાલા, ધરતો મન સંતાપ;
ગૌધન વાલી ઉત્તરા રે લાલા, આયો પ્રભુને પ્રતાપ. ચડી૦ ૨૬

છત્રીશા સોમી ઢાલમેં રે લાલા, અર્જુન દેખાયો રે આપ;
ગુણસાગર પાંડવ તણો રે લાલા, ચડતો તેજ પ્રતાપ. ચડી૦ ૨૭

---

## દોહા

મછરાય ઘર આવીયો, પામી ખબર તે વાર;
ઉત્તરા કુમર એકલો, હુવો કૌરવ લાર. ૧

ભૂપ ચઢાઇ કારણે, ઉદ્યમ કરે અશેષ;
આવી તામ વધામણી, જીત્યો કુમર નરેશ. ૨

કંક વિપ્રને રાયજી, બેઠા સભા મોઝાર;
સારી પાસા ખેલતાં, ઉલ્લટનો અધિકાર. ૩

કરત પ્રશંસા પુત્રની, કંક કહે સુવિચાર;
વ્રહનડા જસ સારથી, જીતે કયું ન કુમાર. ૪

---

## ઢાલ ૧૩૭ મી

( ઈણે અવસર આષાઢો બાલક, વધતે વરસ ઇગ્યાર—એ દેશી )

એટલે ચલી આયા, જગત સોહાયા, હરીસુત ભીંતર જાયા રે;
કુમર પગે લાગી, ઉભો આગી આલંગે તવ રાય રે. ૧

મુંહ માથો ચુંબી, અંબર અંબી, વારંવાર પ્રશંસ્યો રે;
આપુણુપે કરતો, મુખ ઉચ્ચરતો, કુંવર કુલ અવતંશો રે. ૨

તવ કુમર ભાષે, મર્મ પ્રકાશે, જીત્યો જાસ પ્રસાદે રે;
તે ત્રીજે વાસર, આપ ઉદોધર, પ્રગટ કુલ અવતંશો રે. ૩

દિન ત્રીજો પામી, પાંડવ સ્વામી, પ્રગટ થયા સુખકારો રે;
તવ નાઇ ધોઇ પાવન હોઇ, પહેરી ધોતી ઉદારો રે. ૪

જિનવર આરાધી, સુર વિધિ સાધી, સિંઘાસણ બેસંતો રે;
તે સઘલા વીરા, સાહસધીરા, પ્રભુના પગ પ્રણમંતો રે. ૫

વાદલને ટલવે, પૂજા મિલવે, સહસ્સ કિરણ દિનકારો રે;
દેખાવે આપો, પ્રબલ પ્રતાપો, જગમાંહિ જયકારો રે. ૬

તિમ કુંતી જાયા, તેજ સવાયા, આપ આપણી સોહ રે;
પેખંતા પેખી, વાત વિશેષી, લોગા ઇહાપોહ રે. ૭

પાંડવ જાણી, જણ જણ આણી, નામંતા નિજ શીષો રે:
ચિરંજીવ ઇસો કોડ વરીસો, ભાટ ભણે આશીષો રે. ૮

તવ વેગે વધાવા, આવે ગાવા, ગામ તણી વર ગોરી રે;
નાચંતી પાત્રો, સુલલીત ગાત્રો, ચતુર મહા ચિત્ત ચોરી રે. ૯

નિશાણ ધડુકે, છંદ ન ચૂકે, નાદે અંબર ગાજે રે:
દીજે બહુ દાનો, અતિ સન્માનો, ઓચ્છવ અધિક વિરાજે રે. ૧૦

વયરાડો રાજા, અધિક દેવાજા, કરતો આવે તામ રે;
ચરણે શીર નામી, નિજ હિત કામી, કરત ઘણો ગુણગ્રામ રે. ૧૧

તે નિજ કરજોડે, દેવો લોડે, સંપત્ત સરીસો રાજો રે;
અભિમાન ન રાખે, ફિર ફિર ભાંખે, તુમ્હેં સાર્યા અમ કાજો રે. ૧૨

સગપણ કરવે, અતિ વિસ્તરવે, નેહ તણો અધિકારો રે;
આતાસ્યું ઉલજી, જાઈ ન સુલજી, લટ જગનો વ્યવહારો રે. ૧

કુંવરની ભગિની, છે શુભ લગની, શુભ લક્ષણ શુભકારી રે;
અતિ રુપ રસાલી, ઝાકઝમાલી, બાલી છે સુવિચારી રે. ૧૪

અહેવનને દીજેં, કારજ સીઝે, માનો એહ અરદાસો રે;
એ સરખો મેલો, થાય જો ભેલો, તો પહોંચે મન આશો રે. ૧૫

વાહલાનો વંછયો, આપણ ઇચ્છયો, કામ મહા અભિરામો રે;
રાજાજી માની, પ્રીત પ્રમાણી, પણ પુછીજે સાહમો રે. ૧૬

નૃપ શામ સલુણો, દિન દિન દુણો, તેજ પ્રતાપ પ્રકાશો રે;
તવ હરીશું જાઇ, વાત સુણાઈ, હરી માની ઉલ્લાસો રે. ૧૭

ભાણેજા સાથે, શ્રી જગનાથે, આણી વ્યાહ કરાયો રે;
હાથી ને ઘોડા, પાટ સજોડા, મણી કંચન મન ભાયો રે. ૧૮

દીધાં વર હેતે, તે પરણેતે, વાધ્યા રંગ સવાયા રે;
ભૂયા શું બંધુ, હરી ગુણ સિંધુ, દ્વારામતી ચલી આયા રે. ૧૯

ભોજનની ભક્તિ, જણ જણ યુક્તિ, સાચવતા અતિ સેવો રે;
આદર અતિ દીજે, ખીજમત કીજે, હલધર ને હરી દેવો રે. ૨૦

યાદવની કુમરી, જેહવી અમરી, તે ચારે પરણાયા રે;
નવ નવ સુખ વાસી, લીલ વિલાશી, પરમ મહા સુખ પાયા રે. ૨૧

એ ઢાલ સોહાવી, અતિ મન ભાવી, સાડતીશા સોમી વારુ રે;
શ્રી ગુણસાગર, સુરી ઉજાગર, પાંડવ ચરીત ન પારુ રે. ૨૨

---

### ચોપાઇ

ખંડ ખંડ રસ છે નવનવા, સુણતાં મીઠા સાકર લવા;
શ્રી હરીવંશ ચરિત્ર જયજયો, સાતમો ખંડ એ પૂરણ થયો. ૧

---

ઇતિ સપ્તમ: ખંડ: સમાપ્ત:

卐

# ખંડ ૮ મો.

**દોહા**

શ્રુતજ્ઞાની જગમેં વડો, પ્રણુમું ભાવ ઉદાર;
અબ અષ્ટમ અધિકારનો, ઉદ્યમ કરૂં અપાર. ૧

કુંવર યાદવ પાંડવ તણા, મલી મલી મનનો મેલ;
દ્વારામતી માંહે કરે, નિત નિત નવલી કેલ. ૨

યાદવ બહુ હિત દાખવે, પાંડવ શું ધરી પ્રીત;
ઘણા નેહે ઘરની પરે, રહે તિહાં શુભ રીત. ૩

સમુદ્ર વિજય આદિ સહુ, તવ મિલી જાદવનાથ;
પાંચે પાંડવને કહે, વારુ સુણો એક વાત. ૪

પ્રતિજ્ઞા પૂરણ થઇ, પણ અધુરી વાત;
શત્રુ પરાભવ બહુ સહ્યાં, બલ ન રહ્યો તિલ માત. ૫

હવે તો અવસર પામીને, સઘલો મેલી સાજ;
એ કટક કટકી તરુ પરે, એ છેદો તુમ્હેં આજ. ૬

પાંડવ પૃથ્વી વાલવા, યાદવ કરે વિવેક;
દુર્યોધન રાજા કને, દૂત મોકલે સુવિવેક. ૭

તવ કૌરવપતિ કલકલે, હારી ધરતી ફેર;
કિમ દેવાયે દેવજી, ન્યાય નજરશું હેર. ૮

( ઉદયરત્ન વિરચીત ઢાલ )

( ત્રિપદીની–એ દેશી )

તવ ધર્મપુત્ર કહે ધરીને કાજે, યુદ્ધ હું ન કરું સહિ કુલ લાજે;
ભાર માહરો વલી ભાજે. ૧

ભૂલેશ કાજે ભાઇને ભેદું, પાંખ પોતાની કહો કેમ છેદું;
હું નહિ કુલ છેદું. ૨

દ્રૌપદીએ તવ કીધી શાન, તિહાં રે ભીમ ભાંગે બલવાન;
તુમ્હે સાંભલો રાજાન. ૩

આજ લગે તો તુમ કહ્યું કીધું, હવે તો તે સર્વ થયું સીધું;
પણ પણી નિરવહી લીધું. ૪

હવે તો અમે આપ્યા વાજી, દિલની ભલી પરે ભાંગીશું દાઝી;
બડાશું રુડીપરે બાજી. ૫

અબ એ અવરે રહ્યો ન જાય, લોક માંહિં પણ હાંસી થાયે;
વલતું બલ ન ખમાયે. ૬

તુમે તો છો ટાઢા હિમ, અગ્નિના ભડકા સરીખો હું ભીમ;
હવે નહિં પાલું નીમ. ૭

યુધિષ્ઠિર કહે તુમે યુદ્ધે શૂરા, સકલ પરાક્રમમાં સદા પુરા;
નહિં મેલો અધુરા. ૮

તો પણ ગુલે જો સમજે ગુંડા, તો આપણ નહિં થઈએ ભૂંડા;
બાંધવ થાયે ઉંડા. ૯

સહુની આણ લહી અદ્દભૂત, જય નામા તવ મોકલ્યો દૂત;
ગજપુરે તેહ પોહત. ૧૦

કૃષ્ણનો દૂત હું છું રાજાન, સાંભલે સર્વે થઇ સાવધાન;
કથન સુણો ધરી કાન. ૧૧

તેર વરસ મહા દુ:ખે ગાલી, પાંડવે પુરી પ્રતિજ્ઞા પાલી;
હવે તુમે જુઓ સંભાલી. ૧૨

એહુનો તુમે હવે આપો રાજ, જેમ તુમ્હારી વાધે લાજ;
કરો વિચારી કાજ. ૧૩

રાજય ના આપો તો આપો પાંચ ગામ,
ઈંદ્રિપ્રસ્થ તિલપ્રસ્થ કાશી અભિરામ;
ગજપુર વારણાવતી નામ. ૧૪

દૂત વચન દૂર્યોધન કાને સુણી, અહો મુને યુદ્ધે આરોખો;
બોલીયો જયું ઓખો. ૧૫

મૂછો મરડીને દંત જ ઘરડી, આલસ મોડીને અધર તે કરડીત;
આંખે આંખો તરડી. ૧૬

હાયું રાજ આપું કિમ હેવ, એ તો મારા શત્રુ સ્વયમેવ;
સાંભલો વાત સત્યેવ. ૧૭

આજ લગે એ જિહાં રહ્યાં જેહ, પૃથ્વી માહરી જાણી તેહ;
ભાગ આપ્યો મેં એહ. ૧૮

કટક બલે થાયે તે કરજો, યુદ્ધ કરતા મત ઓસરજો;
વરાએ તો જઈને વરજો. ૧૯

સોઇ અણીએ ચંપાયે જેતી, અવની નવિ આપું એહુને તેની;
ફોગટ થાશે એ ફજેતી. ૨૦

એ તો રૂડી ઢાલ પુરાણી, ઉદયરત્ન એમ બોલે વાણી;
જિનવાણી ભજો પ્રાણી. ૨૧

---

દોહા

એમ સુણી કહે દૂત તવ, રાજન માનો વયણ;
ગોત્ર વિરોધ નહિં ભલું, જુઓ વિચારી સયણ. ૧

કીચક બક કીરમીર જિસ્યા, હેડંબાદિક હણ્યાં જેણે;
તે ભીમ આગલે સહિ ભાગશો, કરશો ન કહ્યો કહેણ. ૨

---

## ઢાલ

( રૂકમણી રાણી મહેલમાં—એ દેશી )

દૂત કહે સુણો રાયજી, ભીમ તણી ભડવાય હો રાજ;
ઉડયા જાયે આકાશમાં,
તુમ સરીખા કેઇ રાય હો રાજ. દૂત કહે૦ ૧

અર્જુન આગલ નહિં આસરો, તુમ્હારો તિલમાત્ર હો રાજ;
રાધાવેધ સાધ્યો જેણે, બોલો વિચારી ગાત્ર હો રાજ. દૂત૦ ૨

વિદ્યાધર દલ જીતીને, તુમને દીધું જીવીત દાન હો રાજ;
તે માટે તે પૂજ્ય છે, કાં થાઓ અજ્ઞાન હો રાજ. દૂત૦ ૩

તું અપકાર કરે સદા, તે કરે ઉપકાર હો રાજ;
ધર્મપુત્ર ધર્માતમા, તુમ્હારો હિતકાર હો રાજ. દૂત૦ ૪

વન્હિ મેઘ વરસાવતાં, યુધિષ્ઠિર જલધાર હો રાજ;
વારી રાખે છે વીરને, આજ લગે નિરધાર હો રાજ. દૂત૦ ૫

દેવ દાનવ જેણે દમ્યા, જેણે માર્યો કંશ હો રાજ;
આશ્રવાએ તેહને, તેહનો જગ અવતંશ હો રાજ. દૂત૦ ૬

પાવક સરીખા પાંડવા, તું તો ઘાસ સમાન હો રાજ,
વનમાલી વાયુ પરે, પ્રેરે છે વલી તાસ હો રાજ. દૂત૦ ૭

તવ ભીષ્મ દ્રોણ વિદુર કહે, સાચી એ માનો વાત હો રાજ;
મનના આમલા મેલીને, મિલી બેસો સહુ ભ્રાત હો રાજ. દૂત૦ ૮

શીખામણ તે સાંભલી, વલી કોપ્યો વિશેષ હો રાજ;
અગ્નિજવાલા પરે ઉપણ્યો, ધરતો દિલમાં દ્વેષ હો રાજ. દૂત૦ ૯

તવ કૃષ્ણ દૂત કહે કોપીને, આવ્યું તમને મોત હો રાજ;
યુદ્ધે તે સહુ જાણજો, જાશે ગોફણ ગોલા સોત હો રાજ. દૂત૦ ૧૦

એમ કહી દૂત આવ્યો વહી, કૃષ્ણ પાસે સદેશ હો રાજ;
માંડીને સર્વે કહ્યો, એકે એક અશેષ હો રાજ. દૂત૦ ૧૧

સજ્જન સહુ ઢાલે જુઓ, દુર્યોધન દિલમાંહિ હો રાજ;
કપટ રાખ્યાથી ઉદય કહે,
હવે એ આગલે શું થાય હો રાજ. દૂત૦ ૧૨

ઇતિ ઉદયરત્ન વિરચીત ઢાલો.

---

## ( અથ—ભારથના ત્રિપદ )

### ( પ્રથમ પદ )

( રાગ—બેહાગડો )

માનો વૃષ્ટિ હમારી હો રાજા, માનો વૃષ્ટિ હમારી;
પાંચ ગામ પાંડવને દીજે,
ઓર સબ ભોમી તુમ્હારી હો રાજા. માનો૦ ૧

કુરુદેશ હસ્તિનાપુર નગરી, અંગદેશ પંચાલો;
ઉત્તરદેશ અયોધ્યા નગરી,
દક્ષિણ દેશ બંગાલો હો રાજા. માનો૦ ૨

પાંચ ભાઇ પાંડવ કહેવાયે, અર્જુન જોર અપારો;
ભીમસેન જયારે ભારથ રચશે,
ત્યારે નહિં ઉગર્યાનો આરો હો રાજા. માનો૦ ૩

કહેવું હોય તો હમણા કીજે તુમ્હો કૃષ્ણજી કારો;
પૃથ્વી એક કણીકો ન આપું,
કયા કરે ધર્મ બિચારો હો રાજા. માનો૦ ૪

ક્ષત્રી હોય તે ખાંડાની ગત જાણે,
એ તો ગાય ચરાવનહારો;
રાજનીતિ માંહિ એ શું રે જાણે,
મહી લુંટાવન હારો હો રાજા. માનો૦ ૫

---

(દ્વિતીય પદ)

ગઇ ભોમ તમારી હો પાંડવો, ગઈ ભોમ તમારી;
જેણે વૃષ્ટિ ન માની હમારી હો પાંડવો,
ગઇ ભોમ તમારી. એ ટેક૦

ક્ષત્રી હોય તે વેર જ ખેડે, શું કરે ભક્તિ સંસારી,
બાપુ કી જાતાં બલ જે ન કરે,
ભૂપત નહિં પણ ભિખારી હો પાંડવો. ગઇ૦ ૧

આ અવનીમાંહિ અમર ન રેણાં, કહે ધરમ વિચારી;
ગોત્ર ગરદન અમેં જો કરીએ,
તો શી ગતિ થાયે અમારી હો પાંડવો. ગઇ૦ ૨

દ્યુત વિદ્યાદલ માંહિ રમીયા, હાર્યા ગરથ ભંડારી;
લાખાઘર માંહિં તુમને રે બાલ્યા,
શી રે સગાઇ સધારી હો પાંડવો. ગઇ૦ ૩

પાપ તણો એણે પાયો રે માંડયો, પંચાલી રે પોકારી;
અંધનો સુત જો અવની લેશે,
ત્યારે પોરસસે ગંધારી હો પાંડવો. ગઇ૦ ૪

આ અવની ઉંધે પડ નાખું, ઉઠયો ભીમ પોકારી;
સુરનો સ્વામી શીખ જ આપે,
લ્યો કૌરવને મારી હો પાંડવો. ગઇ૦ ૫

---

( તૃતીય પદ )

કીધા અમને દોસારી દૂર્યોધન, કીધા અમને દોસારી;
અમેં માગીતી ભોમ અમારી દૂર્યોધન,
કીધા અમને દોસારી. કીધા૦ ૧

હસ્તીનાપુર એને હૈયે રે ઉગી, જાણે કરશું ભોમ હમારી;
સો સો કૌરવ સંઘાતે સંહરશે,
તો ઠબકો દેશે ગાંધારી દૂર્યોધન. કીધા૦ ૨

( પાંડવ કૌરવ સંગ્રામ )

દોહા

પાંડવ ભાંખે પરવડા, સાંભલ કૃષ્ણ નરેશ;
ધરતી લેસ્યાં ભુજ બલે, ભારથ કરી સુવિશેષ. ૧

પાંડવ પતિ તવ ચાલીયા, પામી પ્રભુ આદેશ;
જઈને કુરુ ક્ષેત્રમાં, કરવા યુદ્ધ વિશેષ. ૨

ઢાલ ૧૩૮ મી

( ભજો નર રામ રામ રામ—એ દેશી )

હો રાજા કિયો ભારથ આજ,
કૌરવ કાગ ઉડાવવા અલગા,
કહે ભીમ અરુ પારથ હો રાજા. કિયો૦ ૧

પ્રભુ આદેશ લઇ નૃપ આયો, કુરુક્ષેત્રે કલી કાજે;
એકાદશ અક્ષોહિણી આણી,
કૌરવરાય વિરાજ્યો હો રાજા. કિયો૦ ૨

એકવીશ સહસ્સ આઠસેં સીતેરે, ગજ રથ તિગુણ હય કીજેં;
સાર્ધ ત્રિશત નવ સહસ્સ લાખ પાયક,
એક અક્ષોહિણી લીજે હો રાજા. કિયો૦ ૩

પાંડવ પ્રગટ પ્રમાણ પ્રસિદ્ધિ, સાત અક્ષોહિણી સાચી;
ભૂમી હેતે ભ્રમે ભાઇ ભૂલા, માંહોમાંહિ મચી હો રાજા. ક્રિયો૦ ૪
ગોત્ર કદર્થના જાણી યુદ્ધે, સમતાવંત અપાર,
ચરણ ગ્રહીને શિવપદ સાધે,
વિદુર વિચારી વાર હો રાજા. ક્રિયો૦ ૫

( ઢાલ અધુરી. )

ઉદયરત્ન વિરચીત ઢાલો

સવિસ્તર સંગ્રામ ઢાલો

દોહા

હવે પાંડવ ઉદ્યમ ભરે, બહુ કરી કટકનો બંધ;
યાદવ પણ સર્વે સજયા, વલી વિરાટ નરિંદ. ૧

ધૃષ્ટદ્યુમનને સત્યકી, સૌભદ્ર દ્રૌપદ અભિમન્યુ;
ઘટોત્કચ્છ આદે ઘણા, મલીયા બહુ રાજાન. ૨

અર્જુન આશ્રિત વિદ્યાધરા, ઈંદ્રચૂડ મણીચૂડ;
ચિત્રાંગદને ત્રિયદ્ગગતિ, આવ્યા વિમાનારૂઢ. ૩

અર્જુન ને કર્ણ બેહુ જણા, આપ આપણી સભા હી;
અન્યો અન્યે પણ કરી, મારણનું ઉસ્યાંહિ. ૪

દુર્યોધન પણ દૂત મોકલી, પક્ષપાતિ રાજાન;
રણ કાજે તેડાવીયા, આપી આદરમાન. ૫

ભૂરિશ્રવા ને ભગદત્ત વલી, શલ્ય શકુની કર્ણ;
ભીષ્મ સોમદત્ત ને ગ્રહદ્બલ, કૃપાચાર્ય ને દ્રોણ. ૬

સુકિત્ત સૌબલ ને હલાયુધ, કૃતવર્મા વખસેન;
ઉલુક આદે બહુ આવીયા, નિજ નિજ લેઇ સેન. ૭

વિદુરે તો દિક્ષા ગ્રહી, યુદ્ધ સમયે ગયો વન;
કુંતાએ કર્ણને સમજાવીયો, પણ ન તજે એ ખાધું અન્ન. ૮

કર્ણ કહે માતા સુણો, દુર્યોધન ન તજાય;
અંગીકૃત જો છોડીએ, તો મહાપાતક થાય. ૯

તો પણ કુંતા તેહનો, જય વાંછે સદાય;
પાંડવથી અધિકો ગણે, કિહાં રે ન વિહડે માય. ૧૦

બહુ સૈન્ય શું પરિવર્યો, દુર્યોધન મહારાણ;
કુરુક્ષેત્રમાં આવીયો, કરી અવસ્થિત પ્રયાણ. ૧૧

સૈન્ય મલ્યું સઘલું તિહાં, અક્ષોહિણી ઇગ્યાર;
ભીષ્મ કર્યો સેનાપતિ, દુર્યોધને તેણીવાર. ૧૨

પાંડવ પણ આવ્યા તિહાં, સૈન્ય લહી અક્ષોહિણી સાત;
કુરુક્ષેત્ર સોહાવીયો, ચાલી સઘલે વાત. ૧૩

ધૃષ્ટપ્રદ્યુમ્ન સેનાપતિ, પાંડવે કર્યો ધરી પ્રેમ;
પાંડવ ને કૌરવ મિલ્યા, રામ ને રાવણ જેમ. ૧૪

શામ દામ ભેદ મુકીને, કેવલ નિગ્રહ એક;
ઠરાવી રણક્ષેત્રમાં, વઢવું એહ વિશેષ. ૧૫

---

### ઢાલ

( તુમ્હે પિતાંબર પહેરોજી, મુખને મરકલે—એ દેશી )

રણનું મુહુર્ત નિરધારીજી, રાજવી રણ રશીયા;
આયુધ અર્ચી અધિકારીજી, રાજવી રણ રશીયા,
ધૂપ દીપ અક્ષત ફુલેં જી, રાજવી૦
ઓપે આયુધ બહુ મૂલેજી. રાજવી૦ ૧

નિશાણ તણે નિર્ઘોષેજી રાજવી૦
જાણે તે વીરરસ પોષેજી. રાજવી૦
અરુણોદય વેલા રણે ધાતાજી રા૦
રવિ સરીખા થયા વીર રાતાજી. રા૦ ૨

કોલાહલ રણે ઉછલીયોજી,રા૦ સિંહનાદ માંહિ જઇ ભલીયોજી; રા૦
રણતૂરના થયા રણકારાજી, રા૦
ભેરીના વાજે ભણકારાજી. રા૦ ૩

ઢક્કા કાહલ ઢણકારાજી રા૦ હુંડક પડરો પોકારાજી; રા૦
ધન્ય ધરણી લાજ રાખેજી રા૦ ધીરપણું શીર ધારેજી. રા૦ ૪

ગયવર ગાજે ઘન લાજેજી રા૦ વાજા રણના બહુ વાજેજી; રા૦
હયવરના જોર હિંસારાજી રા૦ ચિહું દિશેરથના ચિત્કારાજી. રા૦ ૫

વલી સુભટ શબ્દ ભયંકારાજી રા૦ કોદંડ તણા ટંકારાજી; રા૦
ગયવરની ઘટાતિહાં ચાલેજી રા૦ મોઢા પર્વતસ્યા મ્હાલેજી. રા૦ ૬

મદઝર મયંગલ રોસાલા રા૦ સુંડ ના કરે ઉલ્લાલાજી; રા૦
ધ્વજે ઘુઘરી ઘંટ વાજેજી રા૦ રથ દેખી રવિ રથ લાજેજી; રા૦ ૭

ઇન જાણે આયુધશાલાજી રા૦ ધણણી ચાતુર્ઘંટ વાલાજી; રા૦
ધવ ધવ ધાતા ચક્રધારાજી રા૦ પૃથ્વીના થાયે પચકારાજી. રા૦ ૮

નાના તિક્ષણ તોખારા રા૦ ખેડતા રથ થાયે હોંકારાજી; રા૦
હયવરના થાયે હિલોલાજી રા૦ જાણે સમુદ્ર તણા કલ્લોલાજી. રા૦ ૯

સોંચે તો પગ નવિ માંડેજી રા૦ રવિરથ હયવર માન ખંડેજી; રા૦
તૂર નિર્ઘોષે ગઇ તંદ્રાજી રા૦ તિહાં અશ્વ થયા ઉન્નિંદ્રાજી. રા૦ ૧૦

અણાયે ધરા ખુર ઘાતેજી રા૦ ઉડે ડુંગરા ઉજાતીજી રા૦
પવનવેગી જલપંથાજી રા૦ એહવા તે અશ્વ અસંખ્યાતાજી. રા૦ ૧૧

ચર્મકવચ સંનાહાજી રા૦ અંગે પહેર્યા ઉચ્છાંહાજી; રા૦
કૃપાણ ફલ તૂણીરજી રા૦ ધનુર્ધર મહાધીરજી. રા૦ ૧૨

સિંહનાદ મુખે બોલેજી રા૦ વિશ્વને જાણે તૃણ તોલેજી; રા૦
સંગ્રામ તણા મહા રસીયાજી રા૦
પાયક જાયે બહુ ધસીયાજી. રા૦ ૧૩

રથ રેણું ભરે રવિ છાયોજી ર૦ જાણે વરસાલો આયોજી; ર૦
સર્વ શબ્દ ઉઠયો સમકાલેજી ર૦
ત્રિભુવન કંપ્યો તિણ કાલેજી. ર૦ ૧૪
હાથીશું મલીયા હાથીજી ર૦ રથવાલા રથ સાથીજી; ર૦
ભાથીશું મલીયા ભાથીજી ર૦ ઘોડાચડ ઘોડાચડ ઘાતીજી. ર૦ ૧૫
રણ થયું સાયરરુપીજી ર૦ કલ્લોલા તુરંગ અનૂપજી; ર૦
ગજરુપે જાણો વહેજી ર૦ મીનરુપી થયા એહજી. ર૦ ૧૬
તિહાં મગર થયા રથ રાશીજી ર૦
પાલા જલમાણુસા ભાથીજી; ર૦
પ્રવહણ થયા વિમાનજી ર૦ શસ્ત્ર તે વડવાગ્નિ માનજી. ર૦ ૧૭
રણતૂર મીસે નિર્ઘોષેજી ર૦ સેના વેલા ને પોખેજી; ર૦
એહવું રણ રયણાકર રાજેજી ર૦ કાયર દેખીને ભાજેજી. ર૦ ૧૮
ઢાલ રસીલી ઉદય બોલેજી ર૦ સંગ્રામ સાગરને તોલેજી; ર૦
સાંભલતાં શૂરા જાગેજી ર૦ કાયર તો દૂરે ભાગેજી. ર૦ ૧૯

---

## દોહા

વીર રસ વાજે વિસ્તર્યો, આવીને રણમાંહિ;
એહવું તે તિહાં દેખીને, પાર્થ પુત્ર તિણે ઠાએ. ૧
અભિમન્યુ તવ ઉછલી, પડયો કૌરવ દલમાંહિ;
બાણધારા જલ વરસતાં, શત્રુ જવાસા સુકાએ. ૨
તેહવો તિહાં દેખીને, દલ પામ્યું સહુ ક્ષોભ;
દેખી પડતા આભને, કહો કુણ માંડે થોભ. ૩

---

## ઢાલ

( મેવાડા રાણા રે એ—દેશી )

અર્જુનસુત આયો રે, અભિમન્યુ સોહાયો રે;
ન જાયે સાહ્યો એ તો આકરો રે,

કૃપાચાર્ય કહે છે રે, વ્રહદબલ લહે છે રે;
બેઠો કિમ રહે છે, ખારો લાગે એ ખરો રે. ૧

રથે બે બેસી રે, બાણુ નાખે વીહીશી રે;
અભિમન્યુ તવ હસી, બલમાં બોલીયો રે;
ભલે તુમે આવ્યા રે, મુજને ઘણું ભાવ્યા રે;
સંગ્રામે સોહાવ્યા, રખે ધ્રૂજે હૈયો રે. ૨

વ્રહદબલ રુંધ્યો રે, અભિમન્યુએ ગુંધો રે;
કૈંકવે તવ, ખુંધો કૃપાચાર્યને રે;
તે ચારે યુદ્ધે જડીયા રે, હથીયારે વઢીયા રે;
અંગોઅંગે અડીયા, લાગે ભય લોકને રે. ૩

કૈંકવ કૃપા ઝુઝે રે, રથ રહિત તનુ ધ્રૂઝે રે;
ખડ્ગે ખડ્ગા સલુઝે, અલુઝે ન એકલા રે;
ખડ્ગા ટોપ ધરંતા રે, કૃણ ટોપ હરંતા રે;
મહા કોપ કરંતા, મહા યુદ્ધે મિલ્યા રે. ૪

વ્રહદબલ બલે વાધ્યો રે, અભિમન્યુશું બાંધ્યો રે;
રથ ધ્વજ સારથી, તેહના છેદીયા રે;
એહવે રથ ખેડી રે, પૃથ્વી ઉખેડી રે;
ભીષ્મે ન કરી જોડી, પાંડવદલ ભેદીયો રે. ૫

ભીષ્મ ને જોરે રે, પાંડવ દલે ઢોરી રે;
નાશી ચિહુંએ રે, અથીર થયું અતિ રે;
તવ અભિમન્યુ ઓપ્યો રે, ભીષ્મ શું કોપ્યો રે;
અહો મુને લોપ્યો, ધ્વજ છેદ્યો તે વતી રે. ૬

દુર્મુખ નૃપ કેરો રે. સારથી સવેરો રે;
ભેદ્યો ભલેરો, વાર લાગી નહિં રે;
તવ ભીષ્મ ક્રોધી રે, અભિમન્યુ શું યોધી રે;
એહ મહા વિરોધી, આજ મારૂં સહી રે. ૭

તવ પાંડવ સેનાથી રે, દશ નૃપ થયા સાથી રે;
અભિમન્યુ લહી હાથી, ઉપરાલે આવીયા રે;
તવ ભીષ્મ તિહાં ધાયો રે, રથે બેસી આયો રે;
દલ દૂરે નસાયો, શત્રુ ન ફાવીયો રે. ૮

તવ ભીષ્મ નિજ બાણે રે, તસુ ધ્વજને ઠાણે રે;
છેદી મને જાણે, રખે અરિ જીતતા રે;
તવ ઉત્તર કુમારો રે, શલ્ય ગજને સંહારે રે;
તવ શલ્યને ઠારે, દેખી અરિ દીપતા રે. ૯

અમોઘા સ્વર્ણ શક્તિ રે, મેલી નિજ ભક્તિ રે;
સહુ જોતાં સશક્તિ, ઉત્તર મારીઓ રે;
તવ પાર્થ બાણને પૂરે રે, દલ નાઠું દૂરે રે;
આર્યો અર્જુન શૂરે, ન રહે વારીઓ રે. ૧૦

તવ ભીષ્મ ભૂજાલો રે, ધરી ધનુષ્ય ક્રોધાલો રે;
આવી ઉજમાલો, સેનાશું અડયો રે;
ધૃષ્ટદ્યુમન થયો સાહમો રે, મહા મચ્યો સંગ્રામો રે;
લેવા વિશ્રામો, રવિ સાયરે પડયો રે. ૧૧

દિનકર ગયો દૂરે રે, ન રહ્યો હજુરે રે;
મહાસંગ્રામે દિનપણે, આથમ્યો રે;
પ્રીતિવંતી ઢાલે રે, કહી ઉદય વિચાલે રે;
નમીએ પ્રહકાલે, યુદ્ધથી જે સમ્યો રે. ૧૨

---

### દોહા

રણને મેલી રાજવી, પહોતા નિજ નિજ સ્થાન;
પહેલે દિવસે યુદ્ધ એમ, થયું તે ધરજો કાન. ૧

રાત્રિ સમયે સહુ રાજવી, પાંડવ કૃષ્ણ સમાજ;
મિલીને કરે મંત્રણું, કિમ સધારો કાજ. ૨

ભીષ્મ સર્વ થાય જીત એ, જીત્યો કિણે ન જાય;
તો દુર્યોધન એ જીવતાં, કહોને કેમ જીતાય. ૩

તવ કૃષ્ણ કહે ઉપાય એક છે, ભીષ્મને નિયમ છે એહ;
વિણ હથીયારા સ્ત્રી કિલબને, ન મારે ગુણગેહ. ૪

તાઢાં ઉપરાંઠા પ્રત્યે, ભીષ્મ ન નાખે બાણ;
ભેદે ભીષ્મને ભેદીએ, સાંભલો વાત નિવાણ. ૫

તે માટે પાર્થવી છો તુમ્હેં, દ્રુપદ પુત્ર કિલબ;
શીખંડીઓ રથે થાપીને, તસ પૂંઠે રહી અતીવ. ૬

ભીષ્મને ભેદે બાણશું, ગાંગેવ નહિં નાખે બાણ;
કિલબ શીખંડીઆ ઉપરે, એહ ઉપાવ એક જાણ. ૭

કથન સુણી એહ કૃષ્ણના, પાંડવ કરી પ્રમાણ;
બલથી છલ બહુ અછે, જો હોય બુદ્ધિ વિજ્ઞાણ. ૮

---

ઢાલ

( રાજંદ આયો જરાસિંધુજી એ—દેશી )

પ્રભાત થાતે પરવર્યા, રણ મધ્યે સઘલા રાય રે;
પાંડવ કૌરવ મલ્યા સાહમા, ધવ ધવ ક્રોધે ધાય રે. ૧

રાજંદ રણરંગ રસે ભર્યા, આદર્યા શસ્ત્ર અનેક રે;
વીરરસે વિરાજતા, ગાજતા સિંહ જેમ નેક રે. રાજંદ૦ ૨
શીખંડીયો રથે થાપીને, તિહાં પાર્થ રહી પૂંઠે રે;
ભીષ્મપે જયું ભાળીને, સંભાલી નિજ મૂંઠ રે. રાજંદ૦ ૩
ભીષ્મ કિલબને ભેદવા, સમર્થ નહિં તક જોય રે;
આકર્ણાંત તાણી બાણે માર્યો,
ભીષ્મ ભાંખે તિહાં સોય રે. રાજંદ૦ ૪
ચર્મ નર્મ ભેદીને હણે, ભેદીયા માહરા પ્રાણ રે;
એ શીખંડીયાનું નહિં ગજું, એ સહિ અર્જુન બાણ રે. રાજંદ૦ ૫
એમ સારથીને કહી તત્ક્ષણે, પડીયા રથ મોઝાર રે;
તવ શોકાતુર થઇ કૌરવે, આવી રથ વિંટયો તેણીવાર રે. રાજંદ૦ ૬

અંત સમયના વચન સુણવા, સહુ થયાં સાવધાન રે;
તવ ભીષ્મે તિહાં શાન કીધી, કોઇ કરાવો જલપાન રે. રાજં૰ ૭

બાણ બલે પૃથ્વી ભેદીને, પાર્થે કાઢયું નિર્મલ નીર રે;
પ્રપિતામહને પાઇને, સાવધાન કીધ શરીર રે. રાજં૰ ૮

તવ દુર્યોધનને ભીષ્મ કહે, રે રે દુર્મતા દેખ રે;
પારથ સમો પૃથ્વી વિષે, પરાક્રમી નહિં કોય પેખ રે. રાજં૰ ૯

સુણી શીખ છેહલી માન મેલીને, કરતું એહશું મેલ રે;
જો રાજ્ય અને જીવવું વાંછે, તો વચન માહરા મત ઠેલ રે. રાજં૰ ૧૦

દૂર્યોધને તો કાને નવ ધર્યા, ભીષ્મ સાહમું રહ્યો ભાલી રે;
ક્રોધે નજર કરડી કરી, ગર્વે દિયે મન ગાલી રે. રાજં૰ ૧૧

ગાંગેય તવ દેવ વાણીએ, સાવદ્ય તજી વ્રતધાર રે;
અણસણ તવ અંગીકરીને, તજયા ચારે આહાર રે. રાજં૰ ૧૨

સમાધિ મરણ કરીને, પહોતા બારમેં દેવલોક રે;
અમરનો અવતાર પામીયા, જાણયો ધર્મફલ થોક રે. રાજં૰ ૧૩

પ્રાતઃ સમયે રવિ પ્રગટીયો, તવ રણાંગણે જાય રે;
દ્રોણને કરી સેનાપતિ, દૂર્યોધન ગયો ધાય રે. રાજં૰ ૧૪

અર્જુને નિજગુરુ જાણીને, દ્રોણને કર્યો પ્રણામ રે;
બાણરુપ આપી દક્ષિણા, સંભાલી લીયો સ્વામ રે. રાજં૰ ૧૫

તિહાં રે જોરાવર તે યુદ્ધે લાગ્યા, તુરંગ પામ્યા તિહાં ત્રાસ રે;
અસ્તાચલે રવિ આથમ્યો, તવ પોહતા સહુ નિજવાસ રે. રાજં૰ ૧૬

બારમે દિને ત્રિગર્તાધિપ, અર્જુન સશક્તાન રે;
ગયા જીતવા તિહાં શુન્ય લહી,
આવ્યો તિહાં ભગદત રાજાન રે. રાજં૰ ૧૭

ગજે બેઠો સેના અવગાહી, દુષ્ટ ને દુર્દાંત રે;
કમલિનીને ભેદે જેમ કરીવર, તિમ કરી તે કલ્પાંત રે. રાજં૰ ૧૮

તે સુણી અર્જુન આવીયો, તે યુદ્ધ તજી તત્કાલ રે;
ગજ સહિત તે ભગદતને, યુદ્ધે હણ્યો તે તાલ રે. રાજં૰ ૧૯

રસીલી ઢાલે ઉદય બોલે, ઉદય જેહનો હોય રે;
તેહ ઘરે રંગ વધામણા, મહાહર્ષ પામે સોય રે. રાજંદ૦ ૨૦

દોહા

ભગદત્ત પડતે કૌરવે, ચિંતા લહી ચક્રવ્યુહ;
રચ્યો તિહાં એક રાતમાં, મેલી સૈન્ય સમુહ. ૧

અર્જુન તો યુદ્ધે ગયો, શશક્ત જીતણ હેત;
પ્રાત:સમય અભિમન્યુ તવ, ભીમાદિક સુભટ સમેત. ૨

ચક્રવ્યુહમાં સંચર્યો, તિહાં દૂર્યોધન ને કર્ણ;
કૃપા કૃતવર્મ દ્રોણ આદે, મહાશસ્ત્રે આવર્ણ. ૩

તેહને અવગણી આઘો વર્યો, દૂર્યોધને રુંધ્યો ભીમ;
તવ અભિમન્યુ પડયો એકલો, સુર વિદ્યાનો સીમ. ૪

જયદ્રથ યુદ્ધે ચડયો, દિવ્યાસ્ત્ર શસ્ત્રે યુદ્ધ;
વડી વાર કીધું તેણે, દિવસ રહ્યો એક મુહુર્ત્ત. ૫

જયદ્રથે છલ તાકીને, અભિમન્યુ પમાડયો અંત;
કૌરવ તિહાં કલરવ કરે, અરીનો પામી અંત. ૬

ઢાલ

( શ્રી વીરને વાંદી પૂછે શ્રી ગૌતમ સ્વામ—એ દેશી )

અર્જુન આવ્યો તિહાં હેલાએ જી,
જયદ્રથ મારું આ વેલાએજી;
અભિમન્યુને વેર વિરોધેજી, એમ પ્રતિજ્ઞા કીધી ક્રોધેજી. ૧

ક્રોધે કરીને યુદ્ધ માંડયો, દ્રોણાદિક સંઘાતે;
ચમૂ તો બહુ ચૂરી નાખી, શસ્ત્ર અસ્ત્રને ઘાતે. ૨

અન્ય નૃપ તવ આવીયા, સત્યકી વાયુપુત્ર;
દુર્યોધનને ભીમ ઝુંઝે, ભૂરિશ્રવા સત્યકી યુદ્ધે. ૩

અર્જુને ઓસારી સર્વ સૈન્યજી,
જયદ્રથ દીઠો મહા મલીનજી;
તે ખટ યોધા જોરે તિહાં ઝૂઝેજી,
તન મન થયા ક્રોધે ધ્રૂજેજી. ૪

ક્રોધે કરીને ભૂરિશ્રવાના, ભુજ ઉપાડી નાખીયા;
તવ સત્યકીએ નેઠો રે માર્યો, શત્રુ બીજા શંકીયા. ૫

પાર્થ પણ જયદ્રથના, તુરંગ રથ સારથી હણી;
દિનાંતે જયદ્રથ માર્યો, અરિ ગણ સઘલો અવગણી. ૬

ચૌદે દિહાડે અક્ષોહિણી સાતજી, પાંડવે ચૂરી દેખાડી હાથજી;
તવ કૌરવ ચિંતે એ પાંડવ પૂરાજી,
ન્યાય નીતિ ન થાયે અધુરાજી. ૭

ન્યાય નીતિએ જીત્યા ન જાયે, કરું ઇહાં અન્યાયજી;
ધાડી મેં લીધા એ પહુતો, રાતે મારું ઠાય જી. ૮

ઘુવડની પરે લેઉં ઘેરી, પાંડવ વાયસની પેરે;
ઇમ ચિંતીને ધાડ લેઇ, પોહતો કોઇક અવસરે. ૯

તવ ભીમપુત્ર હેડંબા જાયોજી,
અસ્ત્ર લેઇને સાહમો આયોજી;
ઘટોત્કચ્છને કરી ઝૂઝ ઝાઝોજી,
જગમાંહે જેહનો સઘલો આઝોજી. ૧૦

આઝાવંત તે અસ્ત્ર જોરે, કૌરવ સેના તે મથે;
માયા યુદ્ધે બહુ મારીયા, તવ કર્ણ કોપ્યો બલ છતે. ૧૧

બાણ બહુલા નાખીયા, પણ તેહ પાછો ન ઓસરે;
તવ વહ્નિકણાવૃત શક્તિ મેલી, પ્રાણ તેહના અપહરી. ૧૨

ઘટોત્કચ્છનો લહી સંહારજી,
પાંડવ સેનામાં થયો હાહાકારજી;
કૌરવસેના મન હરખાણીજી,
કર્ણ સમો નહિં કોઇ બાણીજી. ૧૩

બાણી નહિં કો કર્ણ સરીખો, પ્રભાતે ધરી પ્રેમ;
રણાંગણમાં આવીયા, સાહમ સાહમા સાગર જેમ. ૧૪

વિરાટ દ્રુપદ દ્રોણે માર્યા, મહા યુદ્ધને જોરે કરી;
પાંડવનું દલ થયું ઝાંખું, અતિ આનંદ પામ્યા અરી. ૧૫

આ સું ર ઢાલે તક જોઇ, ઉદયરત્ને એણી પરે કહી;
હરખની કેડે શોક હેરી, હર્ષ શોક તે કર્મે લહી. ૧૬

---

દોહા

પાંડવ દલ સ્થિર કરી, ધૃષ્ટદ્યુમન સાહમો થાય;
દ્રોણને કહે ઉભો રહે, જીવતો આજ ન જાય. ૧

ગજ અશ્વ ભટ ક્ષય પમાડીયા, યુદ્ધ તવ જામ્યો જોર;
એહવે માલવરાયનો, અશ્વસ્થામા ગર્જતે ઘોર. ૨

અશ્વસ્થામા નામે તેહ ગજ, પડયો રણમાં જામ;
અશ્વસ્થામા મારીઓ, જન સહુ ભાંખે તામ. ૩

દ્રોણે તે વાત સાંભલી, વિસંસ્થુલ થયો જામ;
શોકાકુલ લહીને છલે, તે ધૃષ્ટદ્યુમને હણ્યો તામ. ૪

દ્રોણ તવ ધરણી ઢલ્યો, અણસણ કરીને સોય;
મરણ સમાધિ તે મરી, બ્રહ્મ દેવલોકે સુર હોય. ૫

---

## ઢાલ

( ગર્વ ન કરશો રે ગાત્રનો—એ દેશી )

અશ્વસ્થા તિહાં રે ઉછલ્યો, આવ્યો પાંડવ દલ માંહિ;
જલધરની પરે વરસતો, બાણધારા તે ઠાય;
જોરો જોયો રે યુદ્ધનો. ૧

પાંડવના દલ ઉપરે, અસ્ત્ર નારાયણી નામે;
મુકયું મહાક્રોધે કરી, વિશ્વ કંપ્યું તે ઠામે. જોરો૦ ૨

જાણે કોલીયો કરશે વિશ્વનો, સૈન્ય લીધું સર્વ ઘેર;
તેહને સમર્થ નહિં કોઈ વારવા,
જોરાવર પણ થયા ઢોર. જોરો૦ ૩

તવ કૃષ્ણને વચને પાંડવે, આયુધ મેહલી દૂર;
વિનય કરી તે સપરિકરે, હેજે રહી હજુર. જોરો૦ ૪

ભક્તિની યુક્તિ તૂઠી સદા, શક્તિ તે થઇ શાંત;
બાર પહોર યુદ્ધ તે થયું,
અનેકનો આવ્યો તિહાં અંત. જોરો૦ ૫

કર્ણ સેનાપતિ થાપીયો, કૌરવ મિલી તે ઠામ;
રણાંગણ માંહિ આવીયા, વર્ત્યો મહા સંગ્રામ. જોરો૦ ૬

તવ કર્ણાંત તાણી કોદંડને, કર્ણ ને પાર્થ દોય;
કલ્પાંત કાલ રવિની પરે, ક્રોધે વ્યાકુલ હોય. જોરો૦ ૭

બલે પૂરા તે બેહુ સહિ, બાણાવલી પણ તુલ્ય,
સરીખે સરીખા તે બે ભડ,
ઓજ છે જેહના અતુલ્ય. જોરો૦ ૮

ભીમ ભુજાબલી ભાલીને, ભાંજયો દુઃશાસન,
ભૂજા કાઢી ભુજાબલે, વીર હર્યા ધરી મન. જોરો૦ ૯

રવિએ રહેવાણું નહિં, નાશી ગયો નિજ ગેહ;
રાત્રિ પડી તવ રણ તજી, નિજ થાનક પોહતા તેહ. જોરો૦ ૧૦

કર્ણે પ્રતિજ્ઞા તવ કરી, અર્જુનને મારું આજ;
શલ્યને સારથી થાપીને, શંખનો કરી અવાજ. જોરો૦ ૧૧

રણાંગણમાંહિ આવીયો, ગર્જના કરતો ઘોર;
દશે દિશી બહિરી કરી, ભય લાગ્યો ચિહું ઓર. જોરો૦ ૧૨

સજલ જલદ ઘટાની પરે, અવની આકાશ પર્યંત;
તીર તે ત્રિભુવને વિસ્તાર્યાં, જાણે કોપ્યો કૃતાંત. જોરો૦ ૧૩

પન્નગ અસ્ત્ર કર્ણે મુક્યું, પાર્થે ગરુડ અસ્ત્ર તામ;
મએ અસ્ત્ર અનેક અફલાં કર્યાં, અર્જુને તેણે ઠામ. જોરો૦ ૧૪

શંખચૂડ ને સાનિધે, કર્ણ માર્યો દિનાંત;
કર્ણ પડયે કૌરવ તણી, ભાંગી સઘલી ભ્રાંત. જોરો૦ ૧૫

આશા બલવંતી જગમાં લહી, તવ શલ્ય કર્યો સેનાની;
રણાંગણમાં આવીયા, હજુ હોંશ અછે જીત્યાની. જોરો૦ ૧૬

શલ્ય તે શલ્ય સારીખો, બાણનો વરસતો મેહ;
તિહાં યુધિષ્ઠિર એક સ્થિર રહ્યા, થયું યુદ્ધ અછેહ. જોરો૦ ૧૭

દિશી દાવાનલ સારીખો, શકુની આવ્યો તક જોય;
ઉત્તર વૈર સંભારીને, શલ્ય યુધિષ્ઠિરે સોય. જોરો૦ ૧૮

શક્તિ મેલીને સંહારીયો, દિનાંતે દલમાંહે;
એ તો ઢાલ રસાલ એ, ઉદય વદે ઉચ્છાંહે. જોરો૦ ૧૯

---

### દોહા

શલ્ય પડતે મહાશલ્ય થયો, કૌરવને તે કાલ;
લોકમાંહિ લાજતો, મુખ ઢંકે મછરાલ. ૧

દુર્યોધન તવ નાશીને, અલોપ થયો તે આપ;
કોઇ સરોવરમાંહિ જઇ પડયો, અતાગ દેખી આપ. ૨

---

### ઢાલ

( ચડી આવ્યો રે લાલા પારથ પ્રબલ પ્રતાપ—એ દેશી )

ધોં ધોં નગારા વાજતા રે વાહલા, ચડયો દૂર્યોધનનો સેન;
વનમાંહિ વોલીવિધુ રે વાહલા, મુખ મેહલંતાં ફેન. ૧

માહરા નાથ ગુમાની, કુણ લેશે રે મ્હારો મુજરો આજુનો;
આવી મીલો રે મ્હારા ભૂપ અભિમાની. ૨. એ આંકણી.

ખાંતે વગડો ખોલતાં રે વા૦ કિહાં એક લાધી ભાલ;
જલ મધ્યે તિહાં જાણીને રે વા૦ સહુ બોલે સમકાલ. માહરા૦ ૩

પાંડવ પણ પોહતાં તિહાં રે વા૦ માહરા બંધુ છબીલા;
કુણ કરશે રે જો ને યુદ્ધ આજુનો,
રણમાં આવો રે મ્હારા રણના રંગીલા. એ આંકણી.

તું અભિમાની રાજવી રે વા૦ તું શૂરામાંહિ શૂર;
તુજને ન ઘટે નાસવું રે વા૦ નહિં રહે નાસતાં નૂર. માહરા૦ ૪

કાં તું કુલને લાજવે રે વા૦ પુરૂષાતન કરી મલીન;
પાણીમાં પોઢયો થકો રે વા૦ દીસે છે મહાદીન. માહરા૦ ૫

અર્જુનરુપે આથલે રે વા૦ કહેને કિમ રહેવાય;
એ સરોવરનો સ્યો આસરો રે વા૦
શોષાસ્ત્રે જો સમુદ્ર શોષાય. માહરા૦ ૬

અથવા તું જો ઓસરે રે વા૦ સેના સ્યું યુદ્ધ ન થાય;
તો મન માને જેહશું રે વા૦
તો એક શું વઢો રણ ઠાય. માહરા૦ ૭

જેણે તેણે વાતે જાણ એ રે વા૦ માથે આવ્યું છે મોત;
તે માટે દીનતા તજી રે વા૦ મરે તું શૂરાતન સહિત. માહરા૦ ૮

તવ તિહાં દૂર્યોધન બોલીયો રે વા૦ ગદાયુદ્ધ ભીમને સાથ;
માની સરથી મગર જ્યું રે વા૦ નીસર્યો કૌરવનાથ. માહરા૦ ૯

પાંડવ કૌરવ સહુ મિલી રે વા૦ બેઠા સભા બનાય;
ભીમ દૂર્યોધન બે ભડે રે વા૦ મારે ગદાના ઘાય. માહરા૦ ૧૦

મલ પરે તે બે મિલ્યા રે વા૦ પ્રોઢા પર્વતમાંહે;
ઉંચા નીચા ઉચ્છલે રે વા૦ ધડોધડી ધરતી ઘેરાએ. માહરા૦ ૧૧
રોષારુણ થયા રાતડા રે વા૦ જોયા કેણે ન જાય;
દૂર્યોધન નાઠો ઘણું રે વા૦ પૃથ્વીએ ન મેલે પાય. માહરા૦ ૧૨
લઘુ લાઘવી કલા લહી વા૦ છલ વિણ નવિ છેતરાય;
જંઘમાં ગદા જોરશું રે વા૦ ભીમ મારે મહાકાય. માહરા૦ ૧૩
ભોંએ પાડીને ભીમડે રે વા૦ મારી પાટુના પ્રહાર;
મુકુટ ભાંગી ભૂકો કર્યો રે વા૦ પૂરવ કોપ સંભાર. માહરા૦ ૧૪
ઉદય રત્ન કહે સાંભલો રે વા૦ એ તો ઢાલ રસાલ;
વિઘ્ન ઘણાં વાંકા ભડાં રે વા૦ આવી પોહોતે કાલ. માહરા૦ ૧૫

---

### દોહા

સંબંધી જાણી તે સમય, બલભદ્ર બહુ રીસાય;
પાંડવ સહુને અવગણી, નીસરી દૂરે જાય. ૧
પાંડવ તવ પૂંઠે ગયા, આગે કૃષ્ણ કરેહ;
બલભદ્રને મનાવતા, નિજ મને આણી નેહ. ૨
ધૃષ્ટદ્યુમન ખેડીયો, રક્ષાને રણમાંહિં;
સ્થિર કરીને સ્થાપીયા, રહ્યા રણ અવગાહી. ૩

---

### ઢાલ

( શીયલ સુરંગી ચુંદડી—એ દેશી )

હોજી દૂર્યોધનને તે આવી કહે,
હોજી કૃતવર્મા કૃપા અશ્વસ્થામ;
હોજી અંતસમયે આવ્યા અમે,
હોજી તુમ સ્વરુપ જોવાને કામ. ૧
સાહીબીયા બોલ બોલ રે જે કહો તે કરું અમે. એ આંકણી
હોજી તમેં તો સહુને તજી, હોજી સુતા મરણ શરણાએ;
હોજી તો પણ આપો આજ્ઞા,
હોજી તે કાજ કરું ઉચ્છાંહે. સાહીબીયા૦ ૨

હોજી માનો જો તુમ્હે આજ્ઞા, હોજી તો પાંડવના શીષ;
હોજી મુખ આગે આણી મેલીએં,
હોજી એહ અમારી આશીષ. સાહીબીયા૦ ૩

હોજી વચણ સુણી તે વેધાલુઆ, હોજી આપે થઇ ઉજમાલ;
હોજી વાંસો થાપીને મોકલ્યાં,
હોજી દૂર્યોધનને તત્કાલ. સાહીબીયા૦ ૪

હોજી તે ત્રણે રણમાં જઇ, હોજી યુદ્ધ કરીને જોર;
હોજી ધૃષ્ટધુમન શીખંડીયા હણી,
હોજી શુન્ય લહી રણઠોર. સાહીબીયા૦ ૫

હોજી પાંડવના પાંચ પુત્રના, હોજી માથા લેઇ પંચ;
હોજી મુખ આગલે આણી મેલીયા,
હોજી દૂર્યોધન લેઇ પ્રપંચ. સાહીબીયા૦ ૬

હોજી શીશુ શીર ઓલખી બોલીયો,
હોજી તુમને પડો ધિક્કાર;
હોજી બાલહત્યા મુજ આપીને,
હોજી ભર્યો અતિ પાપને ભાર. સાહીબીયા૦ ૭

હોજી મુખે એમ કહેતો થકો, હોજી પોહતો તે પરલોક;
હોજી તે પણ ત્રણે કિહાંઈ ગયા,
હોજી પામી લાજ ને શોક. સાહીબીયા૦ ૮

હોજી ઉદયરત્ન એમ ઉચ્ચરે, હોજી ઢાલ ભલી રસાલ;
હોજી મરણ અકાલે તે મરે,
હોજી જેહને પાપનો ઢાલ. સાહીબીયા૦ ૯

---

### દોહા

ભક્તિભાવ વિનયે કરી, બલભદ્રને બહુમાન;
દેઇ મનાવી પાંડવા, આવ્યા કરી રણસ્થાન. ૧

પુત્ર હણ્યા લેઇ શોકે અતિ, કૌરવને પાંડવ નંદ;
સ્વજનાદિક સહુ સાથના, કરી મૃતકાર્ય નિરાનંદ. ૨

સરસ્વતી તરીતા તટે, પાંડવે મૃત કાજ;
ઉજવણીઉ પાલીયા, સર્વેને શુભ સાજ. ૩

ઇતિ ઉદયરત્ન વિરચીત પાંડવ કૌરવ સંગ્રામની
ઢાલો સંપુર્ણ.

ઢાલ મુલગી

દુર્યોધન સેનાપતિ ભીષમ, કીધો બલીયો જાણી;
ધૃષ્ટદ્યુમન પાંડવ થીર થાપ્યો,
કટક તણો આગે વાણી હો રાજા. કિ૦ ૬

અભિમન્યુ કુમર અધિક બલવંતો, સર્વ સુભટને આગે;
રણરંગે રમવા રલીયાયત,
બ્રહત બલશું લાગે હો રાજા. કિયો૦ ૭

ભીષ્મકેતુ અભિમન્યુ કપિ, ભીષ્મ ભીષમ હોવે;
છેદે કેતુ ભીમની ભૂપતિ, દેવ તમાસો જોવે હો રાજા. કિયો૦ ૮

ઉત્તરકુંવરને દુઃખદાઇ, શલ્ય નરેસર દેખી;
અર્જુન કૌરવના દલ મોડે,
ભીષ્મ રીશ વિશેષી હો રાજા. કિયો૦ ૯

સંટ શીખંડી આગે રાખી, ઈંદ્ર તણો સુત કોપે;
ભીષ્મ તનુ તવ બાણે વિંધ્યો,
પ્રભુ મર્યાદા ન લોપે હો રાજા. કિયો૦ ૧૦

તૃષાવંત નંદીસુત જાણો, અર્જુન પાવે પાણી;
સંથારો કરી સ્વર્ગ બારમે,
હુવો અમર વિમાની હો રાજા. કિયો૦ ૧૧

દ્રોણાચાર્ય સેના નાયક, હોઈ રણમેં આવે;
આરંભી આરંભ ઘણેરો,
કરતો શંક ન પાવે હો રાજા. કિયો૦ ૧૨

શ્રી ભગદત્ત હરાયો અર્જુન, જયદ્રથ અર્જુન નંદો;
જયદ્રથ અર્જુન કરી પ્રતિજ્ઞા;
પાડયો તત્ક્ષણ મંદો હો રાજા. કિયો૦ ૧૩

સાત અક્ષોહિણી ચોદશમેં દિને, ખીણી કૌરવ કેરી;
હેડંબા સુત હાર મનાવી, કર્ણે કરીય ઘણેરી હો રાજા. કિયો૦ ૧૪

ધૃષ્ટદ્યુમન આગે પ્રપંચે, દ્રોણાચાર્ય હાર્યો;
અણસણ બલે પંચમ સુર લોકે,
આછો કાર્ય સાર્યો હો રાજા. કિયો૦ ૧૫

સેના નાયક કર્ણ કિયો તવ, આશા અમર કહાવે;
અર્જુન કર્ણ સરીખે લડવે,
હોંશ કાંઇ ન રહાવે હો રાજા. કિયો૦ ૧૬

ભીમ પ્રચંડ બલી ને આગે, દૂર્યોધન બલ ભાંગ્યો;
દિયો પ્રહાર ગદાનો ગાઢો,
આઇ ધરતી પર લાગ્યો હો રાજા. કિયો૦ ૧૭

હાર્યો કૌરવ પાંડવ જીત્યા, ધર્મે જય જગ જાણ્યો;
યાદવરાય ઘણું ગહગહીયા,
પાંડવ શું દિન પિછાણ્યો હો રાજા. કિયો૦ ૧૮
રાય મિલી ઓચ્છવ કિયો રે, આયા ગજપુર માંહિ;
રાજ લીયો પુગી રલી રે,
પુન્ય તણે બલ પ્રાંહિ હો રાજા. કિયો૦ ૧૯
ધરતી લીધી આપણી રે, આપદા કાઢી દૂર;
સત પ્રભાવે પાંડવા રે, ભોગવે સુખ ભરપૂર હો રાજા. કિયો૦ ૨૦

આડતીશા સોમી ઢાલમેં રે, કૌરવ પાંડવ વાદ;
શ્રી ગુણસાગર સુરજી રે, ઉપજ્યો આહ્‌લાદ હો રાજા. ક્રિયો૦ ૨૧

દોહા

એક દિવસ હરીની સભા, ઈંદ્ર સભા સમ જોય;
વડવડા રાણા રાજીયા, પાવે શોભા સોય. ૧

એટલે આયા નેમ જિન, રાય કિયો જુહાર;
સિંઘાસણ હરી પાખતી, બેઠા નેમકુમાર. ૨

ઢાલ ૧૩૯ મી

( થેં મન મોહ્યું મહાવીરજી–એ દેશી )

નેમજી વાત વિનોદમાં, બલ કેરો અધિકાર;
નિજ નિજ મનશું રે રાજીયો,
વર્ણવે વિવિધ પ્રકાર પ્રાણ પીયારા રે નેમજી. ૧

કોઇ કહે વસુદેવનો, બલ મોટો રે સંસાર;
અક્ષોભ બલ અધિકો કહ્યો, મહાસેન જોર અપાર. પ્રાણ૦ ૨

કોઇ સરાહે પ્રજુન્નને, સંબ વિશેષે રે જોય;
પક્ષ લીયા આપ આપણી, કરે પ્રશંસા રે સોય. પ્રાણ૦ ૩

હલધર હાકી રે બોલીયો, જુઠી સઘલી રે વાત;
જિન બલને નવિ પુગ હી, કોણ નર કોણ સુર માત. પ્રાણ૦ ૪

ચરમ ઉદધિને શોષવે, મેરુ દલે તત્કાલ;
છત્ર કરે ધરણી તણો, દંડ ગિરંદ સુવિશાલ. પ્રાણ૦ ૫

ચક્રી કોડનો બલ અછે, સો એક સુરની પાસ;
કોડ સુરાનો બલ જેટલો, એક સુરપતિને વિમાશ પ્રાણ૦ ૬

કાલ ત્રિહુંના રે ઇંદ્રનો, બલ જિનબલને રે પ્રાંહિ;
લઘુ આંગુલીયા નવિ પુગ હી,
બલ અનંત જિન માંહિ. પ્રાણુ૦ ૭

હરીને અમરખ ઉપનો, લડવા ઉઠે રે જામ;
જિન નિજ ભુજ ઉંચો કિયો,
હરી હિંચાણો રે તામ પ્રાણુ૦ ૮

હરી ચિત્ત ચિંતા રે ઉપની, એ બલવંતો રે વીર;
લેશે પદવી રે માહરી, સાહસવંત સધીર. પ્રાણુ૦ ૯

ખંડો ખંડીયા રે ખેલતાં, ભાભીયાં શું રે ભાય;
રંગે રાણી રે રૂખમણી, બોલી બોલ લગાય. પ્રાણુ૦ ૧૦

ભાઇ ભલા સુખ ભોગવે, રમણી સોલ હજાર;
સ્યા તુમ કુંવર રાઉલા, નારી એક હી લાર. પ્રાણુ૦ ૧૧

તિર્થંકર રે આગે હુવા, ભોગવી ભોગ વિલાસ;
મુકતે પહોતા રે તે સહિ, તુમ્હ કો ઉપર આશ. પ્રાણુ૦ ૧૨

જાંબુવતી પભણે સખી, વાદિ કરો તુમ્હ ખેદ;
પુરુષ નહિં એ હેજ છે, મેં લીધો છે રે ભેદ. પ્રાણુ૦ ૧૩

નારી વિના નર કયું રહે, પેખી પારેવા પ્રેમ;
અંબરથી રે આવે ધર્યો, કામની ઉપર કેમ. પ્રાણુ૦ ૧૪

ભામા ભાંખે રે ભોલડી, તું નવિ સમજી રે વાત;
નારી ભરેવી રે દોહિલી, સાંસામેં દિન જાત. પ્રાણુ૦ ૧૫

દેવરીયો રે ડાહ્યો ખરો, ફિરે નિપુણ સ્યારે ન્યાય;
વ્યાહ મનાવ્યો રે જોરશું, હરખ્યો યાદવ રાય. પ્રાણુ૦ ૧૬

રાજેમતી રે વ્યાહવા, આવ્યા તોરણ બાર;
હિંસા દેખી રે બાહુડયો, ચઢિયો ગઢ ગિરનાર. પ્રાણુ૦ ૧૭

રાજુલ રાણી રે વિનવે, નવ ભવના ભરતાર;
તુજ વિણ વ્યાપી રે વેદના, સો જાણે કિરતાર. પ્રાણ૦ ૧૮

સંજમ લીધો રે સાદરો, સહસ્સ નરાં પરિવાર;
ઘાતી કર્મને ક્ષય કરી, પામ્યા કેવલ સાર. પ્રાણ૦ ૧૯

સમવસરણ દેવે રચ્યો, મલીયા ચોસઠ્ઠ ઇંદ્ર;
વન રખવાલો રે આવીયો, પ્રણમ્યો કૃષ્ણ નરિંદ. પ્રાણ૦ ૨૦

દાન દેઇ રે સંતોષીયા, મેલ્ઙી સુંદર સાજ;
દશ હી દશારાં રે પરિવર્યો, ચાલ્યો શ્રી હરીરાજ. પ્રાણ૦ ૨૧

માતા બંધવ અંગના, પુત્રાં કેરો રે સાથ;
વિધિશું દેઇ પ્રદક્ષિણા, વાંધા શ્રી જગનાથ. પ્રાણ૦ ૨૨

દેશના સુણી રે સ્વામીની, ભવિ પામ્યા પ્રતિબોધ;
સમતા રુપે રે પ્રાણીયા, છોડે વૈર વિરોધ. પ્રાણ૦ ૨૩

રાજેમતી રે સંજમ લીયો, નવ હી દશારા તેમ;
મહાનેમી રહનેમી શું, અવર ગ્રહે વ્રત નેમ. પ્રાણ૦ ૨૪

સુર પોહતા નિજ સ્થાનકે, હરી પહોત્યા પુરમાંહિં;
પ્રભુ વિચરે રે મહીતલે, સાથે ઘણાં સુર પ્રાંહિં. પ્રાણ૦ ૨૫

એ ગુણ ચાલીશા સોમી ઢાલમેં, રાજેમતી જિન પ્યાર;
શ્રી ગુણસાગર સુરજી, નિવહ્યો અધિક અપાર. પ્રાણ૦ ૨૬

---

## દોહા

ગજપુરપતી ગર્જે મહા, પાંડવ પ્રબલ પ્રતાપ,
આજ્ઞા ઇશ્વરતા પણે, પાલે પૃથ્વી આપ. ૧

નારદ નામ મહામુની, ચાલી આયો રુષી જામ;
આપ માયશું પાંડવા, કીધો તામ પ્રણામ. ૨

અસંજતી ને અવિરતિ, જાણી દ્રૌપદી દેવ;
માન્યો નહિં મુનીશ્વરુ, ફિર ચાલ્યો તત્ખેવ. ૩

---

## ઢાલ ૧૪૦ મી

( ચંદ્રાવલાની–એ દેશી )

રીશ વસે ચિત્ત ચિંતવે રે, એક પુરુષની નાર;
ગર્વ કરે મનમેં ઘણું રે, હું મોટી સંસારે જાણી;
પાંચ પુરુષની નાર વખાણી, મદ આઠે હીશું અતિ જાતી;
ન્યાયે રહે રસ રંગે રાતી. ૧

જી નારદજી રે, કદલી તરુની ઉપમા રે;
જાણી કાલ વિનાશ, ફલ મૂકે તિમ દ્રૌપદી રે;
પડીયો ચાહે પાસ, પડીયો ચાહે પાસને એતાં;
મુજને તો અણુ આદર દેતાં, તો હું જોરે વિણશું કામ;
એમ કહી રુષી ચાલ્યો તામ. જી૦ ૨

સોલ હજાર એ દેશમાં રે, વર્તે હરીની આણ;
પહોંચાવું તેહિ સ્થાનકે રે, જિહાં ન ચાલે હરી પ્રાણ;
જિહાં ન ચાલે હરીનો પ્રાણ, શોધું સો જઈ નિશ્ચલ ઠાણ;
દ્વીપ સમુદ્ર ઓલંગી જાય, નારદ કરવા કાજ ઉમાય. જી૦ ૩

ધાતકી ખંડ ભરતમેં રે, સુર કંકાહ ઉચ્છાહ;
પદ્મનાભી રાજા ભલો રે, સાત સયાત્રીય નાહ;
સાત સયા ત્રીય કેરો નાહ, આપુણપે જાણે ગુણ ગાહ;
નારી નિરોપમશું સુખ વાસી,
ભોગ પુંરંદર લીલ વિલાશી. જી૦ ૪

નારદ ચાલી આઇયો રે, મહેલમાંહિ મનરંગ;
રાજા રાણી સાચવે રે, સેવા ધર્મ સુચંગ;

સેવા ધર્મ સુચંગપણે રે, અતિ આદરશું ભૂપ ભણે રે;
મુજ અંતે ઉર સરીખો રુડો,
કિહાં એ દીઠો મતિ ભાંખ્યો કૂડો. જી૦ ૫

નારદ ભાંખે રાયજી રે, સ્યો જૂઠો અહંકાર;
કુવા મીંડક સારીખો રે, તું દીસંત અપાર;
તું દીસંત અપાર, નરેસર, અવર ન દીઠી નાર અલવેસર;
જિણે હી જોતો દેખ્યો પેખ્યો,
તે તો હી મન વાત વિશેષ્યો. જી૦ ૬

જંબુદ્વીપે જાણીએ રે, ખેત્ર ભરત સુસ્થાન;
હસ્થીણાપુર મેં હર્ષશું રે, પાંડવ નારી પ્રધાન;
પાંડવ નારી પ્રધાન કહાવે, પંચાલી જગમેં જશ પાવે;
તેહને પગ અંગુઠે આણી,
લાખમેં ભાગે નાવે તુજ રાણી. જી૦ ૭

એમ કહી રુષીજી ગયો રે, નૃપને તો રઢ લાગી;
વિષયા વશે આતુર થયો રે, દેખણુની મતિ જાગી;
દેખણુની મતિ જાગી જામ, સુર આરાધન કીધી તામ;
સુર ભાંખે સા અવર ન ચાહે,
શું કરશો ઇણ સાથ ઉમાહે. જી૦ ૮

નૃપનો હઠ જાણી કરી રે, સુર આયો પ્રીય હેત;
આપી નિદ્રા આકરી રે, કીધી અધિક અચેત;
કીધી અધિક અચેત જેવા રે, પૂરવ સંગીત કામ સમારે;
રાજાના મંદિરથી લીધી, પદ્મનાભીને જઇને દીધી. જી૦ ૯

મહેલ માંહિ અતિ ભલો રે, વૃક્ષ અશોક ઉદાર;
આણી રાણી દ્રૌપદી રે, કીધો અતિ અવિચાર;
કીધો અતિ અવિચાર વિમાશે, રાજાને એમ વાત પ્રકાશે;
એ કામથી તું જાણજે રાજા,
જગ વાગ્યા અપકીર્ત્તિ વાજા. જી૦ ૧૦

હવે મુજને મત તેડાવજે રે, એ કહું છું તુજ આજ;
સતી શિરોમણી એ ખરી રે, ધીરે કરજે કાજ;
ધીરે કરજે કાજ નિવેરો, એથી મ કરજે હઠ ઘણેરો;
સુર ગયો એમ કહીને વાણી, ચાલીશા સોમી ઢાલ કહાણી
શ્રી ગુણસાગર સુર વખાણી. જી૦ ૧

## દોહા

જાગી રાણી દ્રૌપદી, જાણ્યો એ અપહાર;
આરતીવંતી અતિ ખરી, મનશું કરે વિચાર. ૧

હત્થીણાપુર કિહાં રહ્યો, સાસુ સસરો જેઠ;
મુજ પ્રીતમ પાંડવ કિહાં, સુખરો કારણ તેથ. ૨

કિહાં તે મંદિર માલીયા, કિહાં રત્નાલી સેજ;
કિહાં દાસી મલયાગિરી, બાલપણાનો હેજ. ૩

એ હિંડોલો માહરો, પણ નવિ એ મુજ બાગ;
કોઇ વૈરીએ મુજ અપહરી, એમ ચિંતવે મહાભાગ. ૪

ઓલંભા દેઇ આકરા, રાણી વિવિધ પ્રકાર;
દૈવ મ ઓછો ઉતરે, આજ અછે તુજ વાર. ૫

નૃપ અંતેઉરશું ચલી, આણી જણાવે આપ;
કેલવણી કરતો ઘણી, તામ પ્રકાશે પાપ. ૬

## ઢાલ ૧૪૧ મી

( બંદલીની–એ દેશી )

રાજા કુમરી પ્રતે બોલે,
નારી કુણ તારા તોલે હો સુંદર વયણ સુણો;

તે નગરીમાંહિ સારી,
મૃગનયણી પદ્મિની નારી હો સુંદર વયણ સુણો. ૧

તુજ રૂપે રંભા હારી, તુજ નયના કી બલીહારી હો; સુંદર૦
તોરી વાત કહી બ્રહ્મચારી,
રચી પચી વિધ આપ સમારી હો. સુંદર૦ ૨

તુજ કારણ દેવ મનાયો, ત્રિજે ઉપવાસે આયો હો; સું૦
તુને તિહાંથી આણી, એહિ સાચી સહિનાણી હો. સુંદર૦ ૩

મનમેં મત કો ડર આણો,
મુજ નગરી સબલો થાણો હો; સુ૦
કુણ રાજા રાવણ રાણો,
મુજથી કો નવિ સપરાણો હો. સુંદર૦ ૪

હમશું હઠ છોડ છબીલી, રાજકુમરી રંગ રંગીલી હો; સુ૦
માનની મન માન નિવારો,
મુજ વિનતડી અવધારો હો. સુંદર૦ ૫

સહુ રાજ તણી ધણીયાણી, તુજ કરી થાપું પટરાણી હો; સુ૦
મુજ ઘરે પહેલી જે રાણી,
તુજ આગલ આણશે પાણી હો. સુંદર૦ ૬

ધન્ય દિન દરિસણ પાયો, ધન તુજ શું પ્રેમ લગાયો હો. સું૦
લીલાપતિ નામ ધરાઉં, ગજગમની વિરહ ગમાઉ હો. સુંદર૦ ૭

મુજ દેખી કુમરી તું લાજી, હવે કિણ વાતે તું રાજી હો. સુ૦
મન ગાંઠ છોડી કર બોલો,
ઘુંઘટપટ પરહો ખોલો હો. સુંદર૦ ૮

કુમરી રાજા પ્રતે ભાષે, વ્રત રાખણ એમ વિમાશે હો; સું૦
જેનો હુવે શીયલ અટંકો,
તસ વાલ ન હોવે વંકો હો. સુંદર૦ ૯

---

## દોહા

કાલ ખેપણા કારણે, દેવી કરે અરદાસ;
લાગી સુવાનો નહિં સમો, માગી લીયા ખટ માસ. ૧

એટલા માંહિ વાહરૂ, થાશે દેવ મોરાર;
નહિં તો વશ છું તાહરે, રાજા આરતિ નિવાર. ૨

પાંડવ બલ ને હરી તણાં, રથ જલ થલમેં જાય;
મનોરથ અનુસારથી, કિહાંહિ ન ખલાય. ૩

## ઢાલ ૧૪૨ મી

( રામ પધારીયાજી, બ્રાહ્મણ કેરે ગેહ—એ દેશી )

ધન્ય ધન્ય સતીજી, આપુણ રાખે એમ;
કાલે ખેપણા કરે ઘણી જી, નિર્વાહે નિજ નેમ. ધન્ય૦ ૧

સાઠ સહસ્સ વરસાં લગે જી, સુંદરીએ તપ કીધ;
કાયા કરી અતિ દૂબલી જી, પ્રભુ પાસે વ્રત લીધ. ધન્ય૦ ૨

સતીયાં માંહિ શિરોમણીજી, સત્યવતી ત્રીય દેખ;
રાજા રાવણ આગલે જી, રાખી ટેક વિશેષ. ધન્ય૦ ૩

સેવશ તો અતિ સોહલીજી, શીલ તણો સુવિચાર;
પણ તો પરવશ દોહિલોજી, રાખેવો આચાર. ધન્ય૦ ૪

લેખણ ખટીકા કામનીજી, હાથ પરાઇ જાય;
સાબત પાછી નાવહિજી, લાગે વચન એ પ્રાંહિ. ધન્ય૦ ૫

રાગી તો રાવણ ઘણોજી, હૂતી રાણી તાસ;
તો પણ શીયલ નવ ખંડીયોજી, ત્રિભુવનમેં શાબાશ. ધન્ય૦ ૬

ગુફા માંહિ એકલીજી, રાજુલ રાણી આપ;
પડતો દેવર ઉદ્ધર્યોજી, શીયલ ગુણે થિર થાપ. ધન્ય૦ ૭

ચેડા ભૂપતિની સુતાજી, સંતાનીકની નાર;
એવંતી પતિ છેતર્યોજી, સુજશ ઘણો સંસાર. ધન્ય૦ ૮

કષ્ટ પડીયા કામનીજી, ન તજે નેમ લગાર;
મોટા માણસ તેહનેજી, પ્રણમે પ્રાત: અપાર. ધન્ય૦ ૯

દો ઉપવાસે પારણોજી, આયંબીલ તપશું પ્રેમ;
કરતી વર્તે દ્રૌપદીજી, સાનિધ હોવે કેમ. ધન્ય૦ ૧૦

યુધિષ્ઠિર નૃપ જાગીયોજી, દેવી ન દેખે તામ;
અરહું પરહું શોધી ઘણીજી, શુદ્ધિ ન લાધી તામ. ધન્ય૦ ૧૧

આજ અમારા રાજ્યમાજી, કો ન કરે અન્યાય;
લોહ જડયો શીર કેહનોજી, કુલ હિણીત થે જાય. ધન્ય૦ ૧૨

બાપ કન્હે આયા ચલી જી, ભાંખી સઘલી વાત;
પાખરીયા ભડ મોકલ્યાજી, વસુધા માંહિ વિખ્યાત. ધન્ય૦ ૧૩

સુભટ સહુ ફિરી આવીયાજી, ખબર ન હુઇ કોઈ;
રાજા પાંડુજી ખરોજી, આરતિવંતો હોઈ. ધન્ય૦ ૧૪

કુંતીશું પાંડુ કહેજી, દ્વારામતી તું જાઈ;
વાત જણાવો મોરારનેજી, જિમ એ કામ સરાઇ. ધન્ય૦ ૧૫

એકતાલીશા સોમી ઢાલમેંજી, કુંતી કરવા કામ;
શ્રી ગુણસાગરજી કહેજી, કિમ ભેટે નૃપ સામ. ધન્ય૦ ૧૬

---

દોહા

કુંતી આડંબર ઘણે, બેસી વડ ગજરાજ;
આવી નગરી દ્વારીકા, કારીજ કરવા કાજ. ૧

આપ હરીસા બાગમેં, દૂત મોકલ્યો એક;
ખબર કરણ ભત્રીજને, પ્રભુ તવ કરે વિવેક. ૨

---

## ઢાલ ૧૪૩ મી

(શીયલ સલુણી મયણરેહા સતી રે—એ દેશી)

શોભા વિવિધ પ્રકારશું રે, કીધી નગરીમેં પ્રાંહિ રે;
જણ જણ જય જય ઉચ્ચરે રે, વાજા વાજતા ઉચ્છાંહિ રે. ૧
ભતીજ ભૂવાશું સાદરો રે. એ આંકણી.

પેશારા વિધી સાચવી રે, હય ગય રથ પાયક સાર રે;
બેસી વડગજરાજીએ રે, સાથે સહુ પરિવાર રે. ભતીજ૦ ૨

દેતો દાન મહાબલી રે, હરજી હરખે આવંત રે;
દર્શન દેખી દૂરથી રે, પ્રભુજી સુખ પાવંત રે. ભતીજ૦ ૩

હાથીથી તવ ઉતરી રે, પ્રણમી ભૂવાના પાવ રે;
ભક્તિ કરી ભલ ભાવશું રે,
ચિત્તનો ચોકખો ચાવ રે. ભતીજ૦ ૪

જન્મ કૃતારથ માહરો રે, માહરો જીવ સોલ્લાસ રે;
દીઠો દર્શન તાહરો રે, સફલ હુઈ સબ આશ રે. ભતીજ૦ ૫

કંઠે લગાયો પ્રેમશું રે, આણી અધિક જગીશ રે;
ફૂલી અંગ ન માવહિ રે,
તવ ભૂવાજી દીએ આશીષ રે. ભતીજ૦ ૬

ચિરંજીવે ચિરંનંદજે રે, ચિર લગી પાલજે રાજ રે;
ચિરં આશ્રિત સહુ લોકના રે,
પ્રભુ પૂરે વંછિત કાજ રે. ભતીજ૦ ૭

ભૂવા ભતીજો એકઠા રે, બેઠા વડ ગજરાય રે;
નગરીમેં પાઉધારીયા રે,
ઘર ઘર હુવો ઉચ્છાય રે. ભતીજ૦ ૮

ભોજાઇયું ભક્તિ મહા રે, નણદીશું નેહ ઉદાર રે;
બહુત્તેર સહસ્સ સોહામણી રે,
પ્રણમે હેત અપાર રે. ભતીજ૦ ૯

હલધરને હરજી તણી રે, નારી અધિક ઉમ્મેદ રે;
વિશ્રામણ વિધિ સાચવી રે, ટલીયો સઘલો ખેદ રે. ભતીજ૦ ૧૦

ભોજન ભક્તિ કરી ખરી રે, હરી પૂછે આગમની વાત રે;
વાત સુણંતા વિશેષથી રે,
હરી હાંસો હૈયે ન સમાત રે. ભતીજ૦ ૧૧

એકીલો હું એટલી રે, કેરો થાઉં રખવાલ રે;
એ પાંડવ પાંચે મહાબલી રે,
ન રખાણી એક હી બાલ રે. ભતીજ૦ ૧૨

કૃષ્ણ કહે ફઇ સાંભલો રે, મ કરો ચિંતા લગાર રે;
પાતાલથી પેદા કરું રે, સોંપું તુજ સુખકાર રે. ભતીજ૦ ૧૩

આસાસના દીધી ઘણી રે, આપી બહુલા માલ રે;
પહોંચાવી હત્થીણાપુરે રે, સા આવી તત્કાલ રે. ભતીજ૦ ૧૪

કૃષ્ણે સાદ ફેરાવીયો રે, ત્રિહું ખંડ ખબર કઢાય રે;
લાધી નહિં ઈહા દ્રૌપદી રે,
હરી મન ઝાંખો થાય રે. ભતીજ૦ ૧૫

બેતાલીશા સોમી ઢાલમેં રે, હરજી કરવો એ કામ રે;
શ્રી ગુણસાગર સુરજી રે,
કહે મોટાનો મોટો નામ રે. ભતીજ૦ ૧૬

---

## દોહા

એટલે નારદ આવીયો, દીધો બહુ સન્માન;
આરતિ અતિ ઉતાવલી, પૂછે શ્રી ભગવાન. ૧

ગામ નગર પુર પાટણા, ફિરતા નવ નવ દેશ;
કિહાં દીઠી તુમે દ્રૌપદી, વાત કહો સુવિશેષ. ૨

સુરકંકા નગરી ભલી, પદ્મનાભી નૃપ ગેહ;
મેં પંચાલી સારખી, દીઠી પણ સંદેહ. ૩

હરી ભાંખે નારદ પ્રતે, થારા કામ મુણીંદ;
એમ કહી ઉઠી ગયો, નિશ્ચે લહ્યો નરીંદ. ૪

## ઢાલ ૧૪૪ મી

( બાબા કીશનપુરી—એ દેશી )

માધવ કાગલ લખીયો ભલો, ગજપુર નગર અછે ગુણનીલો;
પાંડુ ભૂપતિ પાંડવ ભૂધણી, કાગલમાંહિ લખી હેત ઘણી. ૧
મેરો ભાગ્ય ભલો, મેરો ભાગ્ય ભલો. એ આંકણી.

દૂત તેડી હરી કાગલ નૃપ દીયો, કરી જુહાર તેણે ઉંચો લીયો;
દ્રૌપદી ખબર કહેજે સુખદાય,
હત્થીણાપુર તું વેગે જાય. મેરો૦ ૨

ઘાતકીખંડ ઇહાંથી દૂર, અમરકંકા નગરી ધનપૂર;
પદ્મનાભ નૃપ મહેલ મોજાર,
તિહાં છે દ્રૌપદી રાજકુમાર. મેરો૦ ૩

કહેજે કીશન હુવા અસવાર, સાથે લશ્કર અપરંપાર;
પૂર્વ સાગરતટ વેતાલ, તિહાં ચાલ્યા વાગી કરનાલ. મેરો૦ ૪

આઓ કટક સાથે લાવજો, અમ પાસે વેગા આવજો;
દૂત શીખ લેઇ ચાલ્યો ગજપુરે,
અનુક્રમે ગયો નગરી પરીસરે. મેરો૦ ૫

પંડુરાયને કીયો જુહાર, કાગદ દીયો હરખ અપાર;
વાંચી કાગદ હુવો સંતોષ, પાંડવ લશ્કર કરી બહુ જોશ. મેરો૦ ૬

હવે નારાયણ જોર મંડાણ, ગામ નગર કરતા મેલાણ;
અનુક્રમે દરીયા કાંઠે ગયા, ભલી ઠામ જઇ ડેરા દીયા. મેરો૦ ૭

પાંડવ આવ્યા મનની રલી, હરી દીઠા મનવાંછા ફલી;
માંહોમાંહિ મલ્યા સસ્નેહ,
જિમ હરખે જન વૂઠા મેહ. મેરો૦ ૮

શ્રીપતિ પાંડવ કરે વિચાર, જાદવ જોર જુડયો દરબાર;
કીશન કહે સુણજો સહુ ભૂપ,
આગે સાગર પદ્મ સરુપ. મેરો૦ ૯

લાખ દો જોયણનો માન, કિમ ઉલ્લંઘ્યો જાય અસમાન;
આપ આપણી મતિ કેલવો,
પાછે અરિપુર અછે ભેલવો. મેરો૦ ૧૦

બોલ્યા બલભદ્ર દશે દશાર, જલનિધિ તરવો તુમ્હ આધાર;
નિસુણી સહુ રાજાની વાત,
હવે હરી કરે કવણ અવદાત. મેરો૦ ૧૧

ત્રણ ઉપવાસ કિયા રોકડા, જિણથી હુવે વંછિત થોકડા;
ત્રિજે દિન સુર પ્રગટ થયો, માધવ મનમાં આનંદ ભયો. મેરો૦ ૧૨

સુર ભાંખે સુણ કેશવરાય, કિણ કારણ સમર્યો ચિત્ત લાય;
કીશન કહે સુણો સુરરાય,
પદ્મનાભી નૃપ કિયો અન્યાય. મેરો૦ ૧૩

ઢાહી કોટ પાડું કાંગુરા, માગે ભીખ ચુણે સાગરા;
સુર બોલે મ કરો હરી રીસ,
ઇહાં બેઠા તુમ ફલે જગીશ. મેરો૦ ૧૪

પદ્મનાભ તુમ્હ લાગે પાય, દ્રૌપદી પણ આણું ઇણ ઠાય;
સઘલી નગરી આણું ઇહા, સાયર તરી થેં જાઓ કિહા મેરો૦ ૧૫

કહો તો નગરી સાયર ધરું, તરલી માટી ઉપર કરું;
તિણે સુરખ જો કિયો અકાજ,
તુમ્હે હઠ મ કરો મહારાજ. મેરો૦ ૧૬

ક્રીશન કહે એ સઘલું ભલું, પણ એકવાર જઇ એહને મલું;
સાયર મારગ માંગું ઉચ્છાંહ,
એહ તણી મુજને જશ ચાહ. મેરો૦ ૧૭

તેતાલીશા સોમી ઢાલ, કહે ગુણસાગર અધિક રસાલ;
દ્રૌપદી શીયલ તણે સુપ્રકાર, ઉપનો હૈડે હરખ અપાર. મેરો૦ ૧૮

## દોહા

દીધો મારગ મોકલો, પાંડવ ને નૃપ શામ;
ખટ રથ સાયર ઉતરી, આયા કંકાપુરી તામ. ૧

દારુક નામા સારથી, નૃપ કન્હે ગયો તેહ;
સિંઘાસણ લાતે હણ્યો, કાઢી ભાલા રેહ. ૨

દુર્વચને નિભ્રંછીયો, રે રે લંપટ ભૂપ;
કૃષ્ણ વ્હારે આવીયા, થા સાહમો ધરી ચુપ. ૩

રાજા કોપ્યો તત્ક્ષણે, દુતને દેઇ અપમાન;
ચડીયો આડંબર ઘણે, દલબલ ને મંડાણ. ૪

કરી શણગાર શોભા ધરી, હાથ ગ્રહી સર ચાપ;
ગજ ઐરાવણ પર ચડી, આયો સન્મુખ આપ. ૫

કૃષ્ણ કહે પાંડવ પ્રતે, અરી સાથે સંગ્રામ;
તુમ્હે કરશો કે હું કરું, ભાંખે પાંડવ તામ. ૬

## ઢાલ ૧૪૪ મી

( વીરા મોરા ગજ થકી ઉતરો—એ દેશી )

હમેં કરસ્યાં સંગ્રામને, તુમે દેખો એક વારો રે;
હરી પગે લાગી રથ ચડયા, વચન કહ્યો અવિચારો રે. ૧
પાંડવ કહે હરજી સુણો. એ આંકણી.

પદ્મનાભ કે અમ્હે નહિં, એમ કહી સન્મુખ ચાલ્યા રે;
માધવે તિહાં વિચારીયો, પહેલે વચને પાલ્યા રે. પાંડવ૦ ૨

બેહુ દલ એકઠા મિલ્યા, વાગ્યા બાણના થોકો રે;
પાયકશું પાયક ભડે, નાઠા કાઠા લોકો રે. પાંડવ૦ ૩

સહદેવ જોશી જોગણી, ડાવી ભેરવ ઘેરે રે;
લોહ કોટ ભડ કટકમેં, કૃષ્ણ દુહાઇ ફેરે રે. પાંડવ૦ ૪

દુશ્મન ભૂપ ભુજંગમ, નકુલ નકુલ પરે ધાવે રે;
ધર્મપુત્ર વપુ કારીયા, વડા વડા બિરુદ બોલાવે રે. પાંડવ૦ ૫

પદ્મનાભ ચડી આઇયો, પડી દદામા ઠોરો રે;
હલકારા વડ વાગીયા, પડી લડાઇ જોરો રે. પાંડવ૦ ૬

અર્જુને બાણ સંભારીયા, જિમ ધોરીધર ધીરો રે;
સન્મુખ કો આવે નહિં, પાસે વહે હથીયારો રે. પાંડવ૦ ૭

અર્જુન ભીર કરણ ભણી, ભીમ ગદા લેઇ ધાયો રે;
પદ્મનાભ મન ચિંતવે, દાનવ કિહાંથી આયો રે. પાંડવ૦ ૮

આપ ભૂપ રોસે ચડયો, પાંચ લાખપેં જાયો રે;
પાંચ સહસ્ર કર એકઠાં, અર્જુનને ઠહરાયો રે. પાંડવ૦ ૯

પદ્મનાભ પ્રપંચથી, અર્જુન મન અકુલાવે રે;
શસ્ત્ર સઘલા હિ ચલાવે, હાથ કોઇ નવિ ફાવે રે. પાંડવ૦ ૧૦

દિશ મુંઝાણી પાંડવા, ઉભા તવ પિછતાયા રે;
શૂરવીર પણ શું કરે, વચન છલે છેતરાયા રે. પાંડવ૦ ૧૧

નાઠા ભાગ્યા આવીયા, પાંચે પાંડવ શૂરો રે;
વિલખાણા મન આપથી, કાયર દેહ ન નૂરો રે. પાંડવ૦ ૧૨

કૃષ્ણ કહે પાંડવ સુણો, રો ઉભા મતિ ઝૂરો રે;
હવે કિહાં નાશી જાયસો, દ્વારકા તો રહી દૂરો રે. પાંડવ૦ ૧૩

એહિ વચન મુજ માનજો, દુશ્મન દૂર નસાવું રે;
પદ્મનાભને જીવતો, અપૂઠો તાસ બંધાવું રે. પાંડવ૦ ૧૪
ચુમાલીશા સોમી ઢાલમેં, સન્મુખ ઉઠયો સોઇ રે,
શ્રી ગુણસાગર દેખજો, હવે કુણ તમાસો હોઇ રે. પાંડવ૦ ૧૫

### દોહા

ઝુઝ કરણ માધવ ચડયો, કરી આડંબર જોર;
પદ્મનાભ સેના સજી, ઉભો એકણુ કોર. ૧

આજ હમારો જય હોશે, પદ્મનાભનો નાશ;
એમ કહી રથ ઉપર ચઢયા, દારુક સારથી પાસ. ૨

### ઢાલ ૧૪૫ મી
( કડખાની એ–દેશી )

ધજા રથ ફરહરે, દેખી વેરી ડરે, એક રથ સહસ્ર રથ આંખે દિસે;
જાણે ગઢ ભેલશે, કોડી સુભટ મેલશે,
કિશન લોચન અરુણ હુઓ રીશે. ૧

હવે ગઢ ભેલવા, ચડયો વસુદેવ સુત, સુર્ય જિમ તેજે દીપે સવાયો;
અમરકંકાપુરી, રત્ન માણેક ભરી,
ભય કરી સ્થિર હરી કોણ આયો. હવે૦ ૨

પાંચ પાડવ તણી વાત શ્રવણે સુણી,
રોષ ધરી રથ ચડી કૃષ્ણ આવે;
દૂરથી અટકલ્યો, ગામ નૃપ ખલભલ્યો,
એ કુણ સામત તુમ સબલ દાવે. હવે૦ ૩

દેવ દીઠે પડયા, રથે રથ આથડયા, કૃષ્ણ મુખ હાથશું શંખ બજાયો;
તીસરો ભાગ લશ્કર તણો ઘટી ગયો,
મિટ ગયો વલતો ન આયો. હવે૦ ૪

ધનુષ્ય સારંગ મનરંગ હરી કર ધરી,
પણ વઢણ કાજ તિણવાર નાઠો;
ભાગ ત્રિજો કટક સુભટ પગ ચાતર્યા,
પગ પગ છોડીયા હુતો નાઠો હવે૦ ૫

અમરકંકા જડી નગર ભાગ જ પડી,
ખલભલ્યા લોક સહુ એમ ભાંખે;
ભૂપ એ લંપટી ન્યાયે પ્રભુતા ઘટી,
નાસતાં ભાગતાં કવણ રાખે. હવે૦ ૬

અમરકંકા જિહાં, કૃષ્ણ આવે તિહાં, રથથી ઉતરી કોટ દેખે;
ઢાહિ ઢમ ઢેર કરી, સુસહિ તત્ક્ષણે,
રૂપ નરસિંહનો કરી સુવિશેષે. હવે૦ ૭

હવે કૃષ્ણ નરસિંહનો રૂપ સબલો કિયો,
અમરકંકાપુરી કોટ પાડયો;
વડવડા મહેલ તો રણ પડયા ધડહડી,
પોલનો બાર હરી આપ ઉઘાડયો. હવે૦ ૮

અમરકંકા ધણી, ચિત્ત ચિંતા ઘણી, એકલે કવણ એ કામ કિયો;
કટક નાશી ગયો, કોટ પણ ઇણ લિયો,
કોટિ દે રાખીએ આપ જીયો. હવે૦ ૯

આપ આલોચ કરી હૈયો નિજ ઠામ કરી,
દ્રૌપદી પાસે ભૂપાલ આવે;
માહરી ધર્મરી બ્હેન મુજ રાખ લે,
સુમતિ દે તાહરી દાય આવે. હવે૦ ૧૦

દ્રૌપદી કહે સુણ વાણી કલ્યાણ મુજ,
પણ તું રુદન કરે દેશ સારો;
સાર ભંડારથી લાભ બહુ માન લે,
લાગ હરી પાય જો ભાગ્ય થારો. હવે૦ ૧૧

દિને દીવો ધરી લેઈ અંતઉરી, તરણું દાંતે ધરી સાથ મોરે;
મન હઠ પરિહરી હાથ જોડી કરી,
રાખ લે માધવા શરણ તોરે. હવે૦ ૧૨

હું કહું તિમ કરો કૃષ્ણથી મત ડરો,
ચરણ લાગી કરી એમ ભાંખો;
સ્વામીનું શરણ સંસાર તારણ તરણ,
મુજ ગુનહ માફ કર મામ રાખો. હવે૦ ૧૩

કૃષ્ણ બોલ્યા તવ છુટશો કિમ હવે, બ્હેન તેં માહરી કેમ આણી;
મારી સત ખંડ ભુજ દંડ શીર મુંડ કરી,
કરું તેમ બેલ વહે જેમ ઘાણી. હવે૦ ૧૪

હવે મુજને મલ્યો કોપ સઘલો ટલ્યો, જા ઘર તાહરે પદ્મ પાપી;
દ્રોપદી લેઇ કરી તિહાં થકી સંચરી,
દ્વારકા ગમનરી વાત થાપી. હવે૦ ૧૫

કૃષ્ણ પાંડવ મિલ્યા દ્રોપદી લેઇ વલ્યા,
છઠું રથ પાછલી રાતે ચાલ્યા;
ભાગ્ય મોટે કૃષ્ણના નાંહિ કોઇ વસન,
ઘણાં પકવાન લેઇ સાથ ઘાલ્યા. હવે૦ ૧૬

દ્રોપદી શીલ બલે કિશન સૌભાગ્ય બલે;
પાંડુસુત ભાગ્ય બલે વિજય પાયો;
પારકો વધ ને ધાવલી પારકી,
પારકી જઇ જલ નિધિમેં સવાયો. હવે૦ ૧૭

ઢાલ પીસ્તાલીશા સોમી રલીયામણી;
દ્રોપદી શીલ થકી કાજ સરીયા,
શ્રી ગુણસુરી ગુરુ ભવિકને શીખવે;
શીલ કેડે વ્રત સઘલા હિ ધરીયા. હવે૦ ૧૮

દોહા

તિણે કાલે તિણે સમયે, ધાતકી ખંડ મોઝાર;
પૂર્વ ધાતકી ભરતમેં, ચંપાનગરી સાર. ૧
નગરી બાહિર ઉદ્યાનમેં, રાજે શ્રી જિનરાજ;
કંપીલ પ્રમુખ પરખદા, બેઠી અધિક સકાજ. ૨

---

## ઢાલ ૧૪૬ મી

( ઈડર આંબા આંબલી રે એ—દેશી )

જિન દરિસણે મન ઉલ્લસે રે, આણંદ અંગ ન માય;
જિન દેશના સહુકો સુણે રે, સુણતાં આવે દાય. ૧

જિનેશ્વર એમ ભાંખે ઉપદેશ, એ આંકણી.
તિણ વેલા સુણી તિહાં રે, શંખ શબ્દ ઘન નાદ;
ચિત્ત ચમક્યો નૃપ ચિંતવે રે, મન ઉપનો વિખવાદ. જી૦ ૨

કોઇ નવો ઇહાં ઉપનો રે, વાસુદેવ બલવંત;
મુજ સરીખો જાણીએ રે, જિણ બલે અચલ ચલંત. જી૦ ૩

હરી પૂછે જિનને નમી રે, શંખ શબ્દ સંબંધ;
જિન બોલે થેં મત ડરો રે, પદ્મનાભ પ્રબંધ. જી૦ ૪

એક ખેત્રે એકણ સમે રે, ચક્રી જિન બલદેવ;
વાસુદેવ પણ જોડલે રે, નવિ ઉપજે નિત્યમેવ. જી૦ ૫

પદ્મનાભશું ઝુઝતાં રે, કીશન બજાયો શંખ;
તે સાંભલી તુજ ઉપની રે, વાસુદેવની શંક. જી૦ ૬

કંપીલ વાત સુણી હરખીયો રે, ટાલ્યો મન સંદેહ;
જિન વાંદી એમ વિનવે રે, કૃષ્ણ મિલણ મુજ નેહ. જી૦ ૭

વલતું મુનિ સુવ્રત ભણે રે, વાસુદેવ સુણ વાણ;
હુઓ ન હોશે હુઈ નહિ રે, એ તું નિશ્ચે જાણ. જી૦ ૮

હરી હરીને નવિ મલે રે, જો કરે ક્રોડ ઉપાય;
દેખીશ ધ્વજ હરી રથ તણી રે, સાગર તટ તિહાં જાય. જી૦

પ્રભુને વાંદી ગજ ચડી રે, કંપીલ ચાલ્યો તત્કાલ;
સાગર વિચ દીઠી તીસે રે, ધ્વજા પીત શીત લાલ. જી૦

શંખ વજાયો મનરલી રે, ક્રીશન સુણો અરદાસ;
એકવાર દેદાર દીયો રે, મુજ મન પૂરો આશ. જી૦

હરી પણ શંખ વજાઇયો રે, શંખે શંખ મિલંત;
ઘણી ભોમી અમો આવીયા રે, રથ પાછા ન વલંત. જી૦

હરખ ધરી પાછો વલ્યો રે, સુરકંકા ભણી જાય;
પદ્મનાભ પણ સાહમો રે, આવી લાગ્યો પાય. જી૦

પદ્મ ભણી તવ પૂછીયો રે, કિશ્યો નગરી પ્રકાર;
કુણ વૈરીએ તુજને રે, સંતાપ્યો નિરધાર. જી૦

સ્વામી તાહરી સાહેબી રે, લેવા કારણ આજ;
હરી આપુણ આવ્યો હુતો રે, મેં તસ વાજ. જી૦

કંપીલ ક્રોધાતુર થયો રે, સાંભલી એહવી વાણ;
આણા થકી અલગો કિયો રે, પામ્યો દુઃખ અસમાન. જી૦

તેડાવી તસ નંદને રે, થાપ્યો નરપતિ પાટ;
રાજા નિજ થાનક ગયો રે, ટાલી દુઃખ ઉચ્ચાટ. જી૦

છેતાલીશા સોમી કહી રે, ઢાલ અનોપમ એહ;
ગુણસાગર જિન વાણીએ રે, ઉપજે અધિકો નેહ. જી૦

---

### દોહા

મારગ જાતાં એમ કહે, પાંડવને હરીરાય;
સુસ્થિક સુર ભેટી કરી, હું આવીશ સુખદાય. ૧

યાનપાત્ર તરી જાહ્નવી, લેજો જઇ વિશ્રામ;
પ્રવહણ પાછો મુકજો, મુજ કારણ અભિરામ. ૨

ગંગાને તટ આવીયા, પાંડવ પંચ ઉદાર;
છઠ્ઠી રાણી દ્રૌપદી, રથ વાહન અતિ સાર. ૩

નાવા મોટી મનોહરુ, બેઠો સઘલો સાથ;
*એમ કુશલ જલ ઉતર્યા, ચિત્ત ચિંતવે નરનાથ.* ૪

### ઢાલ ૧૪૭ મી

( ઈણ પુર કંબલ કોઈ ન લેશી એ—દેશી )

ચિત્ત ચિંતવે તવ નરનાથો, એક મતો છે સઘલો સાથો;
હોણહાર મેટચો નવિ જાય, સઘલાની મતિ સરખી થાય. ૧

કુંડ કુંડનો જુદો પાણી, તુંડ તુંડની જુદી વાણી;
મસ્તકે મસ્તકે મતિ છે જુઇ, પણ સહુની એક જ હુઇ. ૨

સહુ સયાણા શોચો કાંઈ, ભાવિનો બલ મોટો પ્રાંહિ;
પાંડવજી સરીખા જો ચૂકે, સુમતિ સરોવર તો કુણ ઢુંકે. ૩

હાંસી મિસે ઉપાવ ઉઠાવે, શાંતકમેં વૈતાલ જગાવે;
એહ અજાણપણો જગ મોટો, જાણી બુઝી ખાજે ખોટો. ૪

નાવ છિપાવે એમ વિચારી, કિતનોએક બલવંત મોરારી;
હાંસો કામ વિણાસણહારો, હાંસાથી ચિડ થાયે ન્યારો. ૫

સ્વામ તદા સુરને સંતોષી, પ્રીતિ પનોતિ પરિઘલ પોખી;
શ્રી ગંગાતટ ચાલી આયા, નાવ ન દેખે તવ હરી રાયા. ૬

એક હાથે રથ બેડુ ઘોડા, બીજે હાથ તરે જલ થોડા;
પોટ નદીનો જોયણ બાસઠ્ઠ, તે પણ જોજન દેવ તણો પટ. ૭

જલ અધવિચે આયા જામો, થાકયા અતિ ન તરાયે તામો;
ચિત્ત ભીંતરે એ ચિંતા થાપી, પાંડવ તો બલવંતા આપી. ૮

નાવ વિના એ પયરીઓ પાણી, હય રથ ને નિરવાહે રાણી;
એહ અચંભો દીસે ભારી, કિમ આયા અરી આગે હારી. ૯

જાણી હરી ચિંતાએ ચંપ્યો, ગંગાદેવીનો આસન કંપ્યો;
ગંગાદેવીએ દીધો થાહ, હરી મન ઉપજ્યો અધિક ઉચ્છાહ. ૧૦

પાણી પયરી કાંઠે લાગે, પાંડવ આવી ઉભા આગે:
શ્રી હરી પાંડવ પ્રેમ અપારો, અબ ઉપજે મનમાંહિ વિકારો. ૧૧

દૂષણ તો હરીનો નવિ દીસે, પાંડવાનો તો વિસવાવીસે;
લુગડ તો ધોવંત કુહાડા, ન રહે સાજો હોય જો જાડો. ૧૨

સડતાલીશા સો ઢાલ સુ ભાંખી, ચંદ સુરજ દો દીધા સાખી;
શ્રી ગુણસાગર સુરી પ્રકાશે, મતિ ચૂકયા નર ગાઢા ઘાસે. ૧૩

---

## દોહા

કૃષ્ણ કહે પાંડવ સુણો, તુમ બલવંત અપાર;
ગંગાજલ ભુજ બલે તર્યા, નારી લિયા વલી લાર. ૧

જલ અધવિચે આવીયો, હું અતિ થાકયો તામ;
ગંગાદેવીએ માહરી, સાનિધ કરી સકામ. ૨

તો હમથી બલવંત તમો, ભાંખે હરી સસનેહ;
પદ્મનાભ નૃપ આગલે, હાર્યા એહ સંદેહ. ૩

---

## ઢાલની ગાથા

સરલા ભાંખે સરલી વાણી, નવિ મેલે કોઇ દુજી આણી;
અહલ્યા ભાંખ્યો હરી મમ જાર, ગંગા દાખ્યો હર ભરતાર. ૧

---

દોહા

કપટ તજી પાંડવ ભણે, આણી નિરમલો ભાવ;
જોવા તુમ બલ કારણે, હમે છિપાવી નાવ. ૧

ઢાલ ૧૪૮ મી

(મારા ઘણું રે પીયારા પ્રભુજી–એ દેશી)

નિસુણી એહ કહાણી, હરી હૃદયમાં રીશ ભરાણી હો,
કુબુદ્ધિ; શું કર્યું અક્કલ તુજ આઇ. એ આંકણી.
બાલપણેથી ભેલા, વસતાં થઇ એવડી વેલા હો. કુબુદ્ધિ૦ ૧

ગોવરધન ગિરીરાજ, મેં ઉપાડયો બલ કાજ હો. કુ૦
વલી બાલપણે મહા ભાગ, મેં નાથ્યો કાલિંજર નાગ હો. કુ૦ ૨

વલી જરાસંઘ લડાઈ, હુઇ ત્યાં પણ અધિક વડાઇ હો; કુ૦
તપ અઠ્ઠમ કરી મેં સાધ્યો,
સુર આયો આપ આરાધ્યો હો. કુ૦ ૩

દ્વિલખ લવણ કહાય, ઓલંગી જીત્યો વડરાય હો; કુ૦
પદ્મોતર ઝગડો જેથ, તિહાં હુતા આપુ સહુ સાથ હો. કુ૦ ૪

લડતાં પદ્મોતર જંગ, તુમ ભાગી આવ્યા મુજ સંગ હો; કુ૦
દેખી મુજ બલ કાઠો, નૃપ પદ્મોત્તર ગયો નાઠો હો. કુ૦ ૫

દેઇ પુર તણા દરવાજા, જઇ પેઠો મહેલમાંહિ રાજા હો. કુ૦
પદ્મોતર સ્ત્રી રૂપે, તિહાં આવી નમ્યો તે ભૂપ હો. કુ૦ ૬

તે બલ નાવ્યો તુમ દાય, હજી કેતો બલ જોવાય હો; કુ૦
એ તો આવ્યા પુન્ય પસાય,
કૃષ્ણ જાતાં તમારૂં શું જાય હો. કુ૦ ૭

તુમ પ્રતે મલી તુમ નાર, કૃષ્ણ વાટ જુએ બત્રીશ હજાર હો; કુ૦
આપુણ સરીયાં કામ, ત્યારે કુણ બિચારો શામ હો. કુ૦ ૮

પણ એટલી તો નવિ જાણી, જે રોસે હરી પટરાણી હો; કુ૦
કૃષ્ણની વાટ વિચાલ, જોતાં હોશે બાલ ગોપાલ હો. કુ૦ ૯

જાત જો ગંગા મોજાર, તો કુણ આપત સમાચાર હો; કુ૦
નિગુણુ નિઠોર મુખે મીઠ,
તુજ હૃદય કઠણ અતિ ધીઠ હો. કુ૦ ૧૦

તુમ વાત સકલમેં લાધી, તુમ પાંચે વડા અપરાધી હો; કુ૦
હવે તજવો તુમ્હ સાથ, એમ ભાંખે શ્રી જદુનાથ હો. કુ૦ ૧૧

ન કહ્યુ વાત કે કાજ, તુમ્હ કીધો અધિક અકાજ હો; કુ૦
તુમ્હ નિ:સ્નેહી થયા આજ,
મુજ લેખે ન કીધા કાજ હો. કુ૦ ૧૨

લોહ દંડ ઉપાડીને આયો, કેશવજી કોપે ભરાયો હો; કુ૦
અડતાલીશા સોમી એ ઢાલ,
ગુણસાગર કહે સુવિશાલ હો. કુ૦ ૧૩

---

### દોહા

ભૂપ ભુજંગમ સારીખા, જાલવીયાં સુખ હોય;
આસંગે અસોહામણા, પાંડવની પરે જોય. ૧

કેશવ કોપે પુરીયો, દેખી થર હરી બાલ;
આડી ફરી ઉભી રહી, ભાંખે વચન રસાલ. ૨

---

### ઢાલ ૧૪૯ મી

(રાયજી અમને હિંદુ આણા રાય ગરાશીયા રે લોલ—એ દેશી)

કૃષ્ણજી તમને કહું કરજોડ કે, સુણો પ્રભુ વિનતી રે લોલ;
પ્રભુજી નહિં કોઇ તુમચો દોષ કે, નિઠોર થયા મુજ પતી રે લોલ,

પ્રભુજી તુમશું એવડી હાસ કે, કરવી કેમ ઘટે રે લોલ;
પ્રભુજી લખ્યા છઠ્ઠીના લેખ કે, મટાડયા નવિ મટે રે લોલ. ૧

પ્રભુજી દોષ નહિં તુમ કોઇ કે, કિરતાર એહિ ગમે રે લોલ;
પ્રભુજી છોરૂ કછોરૂ થાય કે, માવિતર તોહિ ખમે રે લોલ;
બંધવ તુમચી મોટી લાજ કે, કાજ વિચારીયે રે લોલ;
પ્રભુજી વિનવું ગોદ બિચ્છાય કે, રોષ નિવારીએ રે લોલ. ૨

પ્રભુજી તુમે મ્હોટા મહારાજ કે, મનમાં જાણીએ રે લોલ;
પ્રભુજી પોતાનો પરિવાર કે, દિલમેં આણીએ રે લોલ;
પ્રભુજી મોટા હોય દાતાર કે, બોલે મુખ મીઠડું રે લોલ;
પ્રભુજી મોટા ન કથે આલ કે, કરે અણદિઠડું રે લોલ. ૩

દ્રૌપદી તારા પતિના બોલ કે, ખીણ ખીણ સાંભરે રે લોલ;
દ્રૌપદી ઇણે કીધા જે કામ કે, વેરી પણ નવિ કરે રે લોલ;
દ્રૌપદી મારી એકજ વાત કે, ગદા પાછી નવિ ફરે રે લોલ;
એહને બલ દેખાડું આજ કે, હરી મન રીશ ધરે રે લોલ. ૪

રાણી વિલખાણી તેણીવાર કે, આંખે આંસુ ઢલે રે લોલ;
ભાઇજી એવડો મ કરો રોષ કે, ઉભી એમ ટલવલે રે લોલ;
પ્રભુજી ફુઇ કુંતાજીની લાજ કે, દિલમાં આણવી રે લોલ;
પ્રભુજી પંડુરાય મયાય કે, મનમાં જાણવી રે લોલ. ૫

પ્રભુજી ગૌ બ્રાહ્મણ પ્રતિપાલ કે, સહુ તુમને કહે રે લોલ;
પ્રભુજી તુમ્હ શરણે જે આય કે, સો નર નિરવહે રે લોલ;
પ્રભુજી નિઠોર થયા તુમ આજ કે, કિમ હોશે સહિ રે લોલ;
પ્રભુજી કઠણ કરમની વાત કે, વાંક કેહનો નહિં રે લોલ. ૬

પ્રભુજી માણસ હોશે એહ તો, વાત ઘણી થઇ રે લોલ;
પ્રભુજી બાંહે ગ્રહ્યાની લાજ કે, રાખો હેત લઇ રે લોલ;
પ્રભુજી કરણી તણાં ફલ એહ કે, તુમચી બેનડી રે લોલ;
પ્રભુજી પૂરવ ભવનો પાપ કે તાસ વેલા પડી રે લોલ. ૭

પ્રભુજી એવડી તુમચી ઘાત કે, હવે હું કેમ સહું રે લોલ;
પ્રભુજી અખંડ એવાતણુ રાખ કે, ઝાઝું શું કહું રે લોલ;
પ્રભુજી રાખો એટલી લાજ કે, છોરૂ કરી છોડવો રે લોલ;
પ્રભુજી મેલો મનની રીશ કે, વ્હેલા રથ જોડવો રે લોલ. ૮

એહવા વચન સુણી યદુરાય કે, મનશું વિચારીયો રે લોલ;
હઠેમ લીયો અબલા અંત કે, એમ મન વાલીયો રે લોલ;
કેશવ ઉપાડી લોહ દંડ કે, કોપ કરી તિહાં રે લોલ;
પાંચે રથ કીયા ચકચૂર કે, પાંડવ ઉભા જિહાં રે લોલ. ૯

ભાંખે રોષ ધરી હરીરાય કે, આણ માહરી વહે રે લોલ;
પાંડવ તુમચો સહુ પરિવાર કે, રહેવા નવિ લહે રે લોલ;
રહેજો દૃષ્ટિ થકી તમેં દૂર કે, પાસે મતિ આવજો રે લોલ;
પ્રભુજી મન ફાટો ન સંધાય કે,
એમ સહિ જાણજો રે લોલ. ૧૦

પ્રભુજી રથ મર્દનને ઠામ કે, કોઠો વસાવીયો રે લોલ;
પ્રભુજી સેન સકલ તેણીવાર કે, સન્મુખ આવીયો રે લોલ;
પ્રભુજી દ્વારામતી સહુ સાથ કે, પહોત્યા તે સહિ રે લોલ;
પ્રભુજી એગુણ પંચાશમી ઢાલ કે, ગુણસાગર કહી રે લોલ. ૧૧

---

### દોહા

પાંડવ પ્રભુ સોચે ઘણું, કીયો કિશ્યો કિરતાર;
બીગડી વાત વિશેષથી, ખીજ્યો દેવમોરાર. ૧

જેહ તુસે હે જગ તુસીએ, જેહ રૂષે જગ રોષ;
સો તો પ્રભુજી પામીએ, તુસાં હી સંતોષ. ૨

પાંચે પાંડવ દ્રૌપદી, તિહાંથી આયા ગેહ;
પાંડુરાય કુંતા મલી, જાગ્યો અધિક સનેહ. ૩

વિલખયાં અંગજ દેખને, પૂછે પાંડુ વિચાર;
કુંતી બેઠી સાંભલે, પાસે સહુ પરિવાર. ૪

## ઢાલ ૧૫૦ મી

( એકલી નારી સાથ મારગડે નવિ જાવું હો વલી વાત ન કીજીએ—એ દેશી )

પાંડવ બોલ્યા બોલ, માત પિતાજી હો એક વચન સુણો;
શ્રીપતિ સેતિ પ્રીત, ઝાઝેરી હુતી હો, સુખ પણ હુતો ઘણો. ૧

સંપ્રતિ રુઠો જાણ, કેહને જઇ કહીએ, હો, દેશવટો દીયો,
વચન કહ્યા દશવીશ, તે તો હમ સાલે હો, એક જાણે હૈયો. ૨

પૂછે પાંડુ નરીંદ, એ કેમ ખટપટ હો, થેં હરીશું કરી;
સાયર કાંઠે જાય, હરી પાય લાગી હો, ઉભા હેત ધરી. ૩

સુસ્થિક સુર આરાધ, શ્રીપતિ સાથે હો ખટ રથ લેઈ કરી;
પહોતા પહેલે પાર, જિહાં કણે દીસે હો, અમરકંકા પુરી. ૪

માધવ કિયો સુબોલ, ઝુઝ કરીને હો, કટક ભગાડીયો;
કીધો નરસીંહ રુપ, ગઢ મઢ પાડી હો, પદ્મ નસાડીયો. ૫

દ્રૌપદી આણીને દીધ, હરી પગે લાગી હો, પદ્મ પાછો વલ્યો;
રથ ચડી પૂરણ પ્રીત,
જલધિ ઓલ્લંઘી હો, હરી સુરને મલ્યો. ૬

અમ્હ દીધો આદેશ, ગંગા જઇને હો, પાર તુમ્હે કરો;
હું પણ આઇશ વેગ, ભાઇજી પાંડવ હો મન ધીરજ ધરો. ૭

હમ પણ ગંગા આય, નાવ ચડીને હો, ગંગાતટ લહ્યો;
હરીની જોતાં વાટ, તરુ તલે બેઠાં હો, હૈડો ગહગહ્યો. ૮

એટલે કીશન નરેશ, શીખ કરીને હો, સુર સેતિ વલી;
આયા ગંગા તીર, નીર નિહાલે હો, તરણી અટકલી. ૯

નાવ ન લાધી કાંઇ, હરીભુજબલે હો, ગંગા ઉતરી;
મેં લાગ્યા હરી પાય, હલીમલીને હો, ઉભા હેત ધરી. ૧૦

પછી હરી બોલ્યા એમ, ગંગા તરીને હો, થેં કિમ આઇયા;
નાવા હુતી અમ્હ પાસ, તિણુ હમ તરીયા હો, પાંચે ભાઇયા. ૧૧

વલી માધવ બોલંત, કિમ તેં નાણી હો, સન્મુખ નાવડી;
નિજ ભુજ તરસે કેમ,
હરી બલ જોસ્યાં હો, અમેં એમ તે વલી. ૧૨

વચન સુણી નિજ કાન, કૃષ્ણ રીસાણો હો, બોલે આકરો;
કૃતઘ્ન મૂઢ નિટોલ, પાંડવ તે દીઠા હો, વચન કહ્યો બૂરો. ૧૩

લાખ જોયણ દો માન, સાગર ઉલ્લંઘી હો આણી તુમ્હ વહુ;
મુજ બલ તોહિ ન દીઠ,
થેં મન કૂડા હો, જગત જાણે સહુ. ૧૪

મુખ ન દેખાડજો મૂઢ, એમ ઓલંભા હો, દેઇને હરી ગયા;
મેં પણ તિહાંથી એથ, દુઃમના આયા હો, તુમ્હ દર્શન થયા. ૧૫

પાંડુરાય સુણી વાત, વલતાં બોલે હો, પુત્ર થેં બૂરી કરી;
કીશન કિયા કુણ કામ,
મામ વધારી હો, તુમ્હે તો એવી કરી. ૧૬

મોતીને મન લાખ, લાખને મૂલે હો, મોતી તો મલે ફરી;
પણ મન ભાંગ્યો જાણ, તે રંગ નાવે હો, કોડ જતન કરી. ૧૭

પાંડુરાય મહીપતિ તામ, કુંતી તેડીને હો, વચન એસો કહે;
મ કરો એહ વિચાર, શ્રીપતિ પાસે હો, જાયવા મન વહે. ૧૮

કહેજો ઘરનો સુલ્પ, માધવ લજ્જા હો, રાખો હવે માહરી;
તેં પૂર્યા મન કોડ, વલી હું શ્રીપતિ હો ભૂવા થાહરી. ૧૯

એમ દીધી નૃપ શીખ, કુંતી ચાલી હો, પહોતા એમ અનુક્રમેં;
દ્વારામતીનો રાય, માધવ આવી હો; ભૂવાને પાય નમે. ૨૦

પુરુષોત્તમ કરજોડ, કુંતી પૂછી હો, કેમ પધારીયા;
કુંતી ભાંખે એમ, તેં તો રીસે હો, પાંડવ વારીયા. ૨૧

ત્રણ ખંડ પૃથ્વીમાંહિ, આણ તુમ્હારી હો, સઘલી શીર વહે;
ભાઇ ભલપણ જાણ, ઠામ બતાવો હો, વીરા જિહાં રહે. ૨૨

છોરુ ઉપર રીશ, માત પિતાની હો, પાણી વલ રહે;
વલી મનાવે આપ, ખોલે બેસાડી હો, શીખ વચન કહે. ૨૩

જો થેં કરશો રોષ, તો ભાઇ પાંડવ હો, જઇને કિહાં વસે;
વલી મોટો સંતાપ, દેખી દુર્જન હો, દૂર્યોધન સુત હસે. ૨૪

બાહુબલ ભરતને જિમ, રોષ ધરીને હો બંધવ નિષેદીયો;
આણી ભાઇ સનેહ, પડતાં અપૂઠો હો તાસ ઝીલી લીયો. ૨૫

આપ ઉચ્છેરી રુંખ, કોઇ ન કાપે હો જો ફલ નવિ દિયે;
બેસો હે તુમ પાસ, દૂર મ કાઢો હો કો ગુણ લેઇ હિયે. ૨૬

રહેતા પીયરની ઓલ, આશ વીરાની હો, ભૂવાને હુતી ઘણી;
થોડામાં દિયો છેહ, વાત વિચારે હો, એ તો આવી ભણી. ૨૭

દીન વચન સુણી એમ, માધવ ભાંખે હો, ભૂવા દુઃખ મતિ ધરો;
ઓછું મ આણશો એહ, પાંડવથી મારે હો અધિક ન કો ખરો. ૨૮

કહેજો સુતને જાય, દક્ષિણ સાગર હો વેલ વહે જિહાં;
તિહાં રહેજો ચિત્ત લાય, પાંડુ મથુરા હો નગરી વાસી તિહાં ૨૯

કહે ચિરં લગી પાલજો રાજ, અદીઠ સેવાથી હો કારજ સારજો;
ઉનો શીલાવે નીર, સ્વાદ ન આવે હો, મુલ એમ ધારજો. ૩૦

કુંતી માની વાત, તિહાં થકી આવી હો પતિ સુતને કહ્યો;
હવે કુણ કરે વિચાર, ગજપુરમાંહિ હો કિમ જાઇ રહ્યો. ૩૧

જિહાં લગે પુન્ય પ્રકાશ, તિહાં લગે બંધવ હો સુજન મેલાવડો;
ગુણસાગર કહે એમ, જિહાં લગે સૂરજ હો તિહાં લગે તાવડો. ૩૨

પાંડુરાય મથુરાં નીવાસ, નગર વસાવી હો રહ્યા મનની રલી;
સુખમેં પાલે રાજ,
એકસો પંચાશમી હો ઢાલ ભાંખી ભલી. ૩૩

## દોહા

શ્રી જિન નેમ દયાલજી, અતિશયવંત અશેષ;
અરતિ અસુખ દુ:ખ ટાલતાં, વિચરે દેશ વિદેશ. ૧

ભદિલપુર આયા સહિ, હરખ્યા લોક અપાર;
રાજા વંદન આવીયો, સાથે સહુ પરિવાર. ૨

સુલશા સુધી શ્રાવિકા, નાગ નિરોપમ નામ;
ખટનંદનશું આવીયા, શ્રી જિનવંદન તામ. ૩

## ઢાલ ૧૫૨ મી

(ઝુમખડાની-દેશી અથવા હાથમાં તે લીધી કોથડી રે લાલ, ચાલ્યો રતનપાલ, મનની આશા ફલી–એ દેશી)

દે ઉપદેશ સોહામણો રે, એ સંસાર અસાર, સુંદર સુખકારી;
ધન યૌવન પરિવાર સહુ રે, કોઇ ન આવે લાર. સુંદર० ૧

દશ દષ્ટાંતે દોહિલો રે, માણુસનો ભવ એહ; સું०
આલસ તજી આતુર થઇ રે, કીજે ધર્મ સનેહ. સું० ૨

શ્રી જિનવાણી સાંભલી રે, તે ખટ હી સુકુમાર; સું०
સમજાવે માતા પિતા રે, લેવા સંજમભાર. સું० ૩

બત્રીશે વર કામની રે, અમરીને અવતાર; સું०
બત્રીશે કંચન તણી રે, કોડી તજી તેહિવાર. સું० ૪

જિનમુખ સંજમ ઉચ્ચરે રે, પાલે શુદ્ધાચાર સું૦
દો ઉપવાસે પારણો રે, સદા કરે સુખકાર. સું૦ ૫

સ્વામી પધાર્યા દ્વારીકા રે, વંદન શ્રી હરીરાય; સું
આયો આડંબર ઘણે રે, વાણી સુણ્યા સુખ થાય. સું૦ ૬

ખટ બંધવનો પારણો રે, એકણ દિન સુવિશેષ; સું૦
સંઘાડા ત્રણ જુજુઆ રે, પામી પ્રભુ આદેશ. સું૦ ૭

નગરીમાંહિ આવીયા રે, જુદા પડીયા જામ; સું૦
એક જુગલ હરી મંદિરે રે, આયા તવ અભિરામ. સું૦ ૮

દીઠા રાણી દેવકી રે, વિધિ વંદન અધિકાર; સું૦
અંતરજામી આતમા રે, હેજ જણાવણહાર. સું૦ ૯

લાડુ તો હરીકેશરી રે, વહોરાવ્યાં ભરી થાલ; સું૦
નિજ હાથે ઉલ્લટ પણે રે, આણી ભાવ રસાલ. સું૦ ૧૦

જેહનો ચિત્ત દેવા તણો રે, તેહને વિત્ત મ જોય; સું૦
વિત્તવંતને ચિત્ત નહિં રે, ચિત્ત વિત્ત પુણ્યે હોય. સું૦ ૧૧

ચિત્ત વિત્ત દેઇ સંપજ્યા રે, પાત્ર પાખે તો વાદી; સું૦
પાત્ર વડો સંસારમાં રે, સુકૃત સહુની આદિ. સું૦ ૧૨

પોષી ન જાણે પાત્રને રે, પોષે કાયા જેહ; સું૦
વિણ શિંગા હી જાણીએ રે, ઢોર સરીખા તેહ. સું૦ ૧૩

વ્યાજે દિયા દોણું વધે રે, ચતુરગુણો વ્યવસાય; સું૦
ખેતી સહસ્સ ગુણો વેહુ રે, દિયો અનંતો થાય. સું૦ ૧૪

કૂપ બાગ ને ગો તણો રે, પ્રત્યક્ષ દેખી વિચાર; સું૦
દેતાં દાન ન થાકીએ રે, દાન વડો સંસાર. સું૦ ૧૫

દીધાં રાણી દેવકી રે, મોદક ખરા અમોલ; સું૦
એટલે બીજો આવીયો રે, સંઘાડો સમતોલ. સું૦ ૧૬

એકાવન સોમી ઢાલમેં રે, દાતા કરતા દોય; સું૦
શ્રી ગુણસાગર સુરજી રે, એક સરીખા હોય. સું૦ ૧૭

## દોહા

સોઇ લાડુ થાલ સોઈ, વિધિ વંદન પણ સોઇ;
સોઇ ભાવ ઉદારશું, પ્રતિલાભ્યા મુનિ દોઈ. ૧
દૈવયોગ એવો હુવો, ત્રીજો જુગલ જેવાર;
શ્રીહરી જનનીને ઘરે, આયા સહિ તેણીવાર. ૨
ઓહી લાડુ ઓહી વિધી, વહરાવ્યા મુનિ તેહ;
પણ તો શંકા ઉપની, રાણીને મન એહ. ૩

---

## ઢાલ ૧૫૨ મી

( પૂછી હો પૂછી કોઇ નાર એ—દેશી )

પૂછે હો પૂછે રાણી વાત, ફિરી ફિરી હો આયા તુમ્ક ઘર માહરેજી;
વારી હો વારી હું સો વાર, વારી હો વારી દર્શન તાહરેજી. ૧

મિલીયા હો મિલીયા સાધુ અપાર,
ન મિલ્યો હો ન મિલ્યો યોગ આહારનો જી;
કરવી હો પિંડ ગવેષણા શુદ્ધ, કરવો હો ઉદ્યમ શુદ્ધાચારનોજી. ૨

મુનિવર હો મુનિવર ભાંખે વાણ,
વાણી હો વાણી અમૃત સારખીજી;
હમ ખટ હો હમ ખટ બંધવ જાણ,
ન શકે હો કોઇ જુદા પારખીજી. ૩

ભદિલ હો ભદિલપુર અવતાર,
સુલશા હો સુલશા માતા માહરીજી;
તીસ હો તીસ અને દોઇ નાર,
એતિ હો કોડી કનકની પરીહરીજી. ૪

ભેટયા હો ભેટયા નેમી જિણંદ,
જાણ્યો હો જાણ્યો જિન જગ તારણોજી;
લીધો હો લીધો સંજમભાર,
કિજે હો દોઇ ઉપવાસે પારણોજી. ૫

જોડલા હો જોડલા તિને આજ,
આયા હો વોહોરણ થારે શ્રાવિકાજી;
લાલચ હો લાડુની નહિં કોઈ,
લાલચ હો શીવની પુન્ય પ્રભાવિકાજી. ૬

રાણી હો ચિત્તશું ચિંતે તામ,
મુજશું હો નિમિતીયે એમ ભાંખીયોજી;
થારે હો થારે ઉત્તમ નંદ,
હોશે હો હોશે એમ કહી દાખીયોજી. ૭

મ્હારો હો મ્હારો કાન નરીંદ,
જેહવો હો તેહવો ખટ એ જાણીએજી;
મુજથી હો મુજથી સુલશા સોય,
મોટી હો મોટી આજ વખાણીએજી. ૮

વંદન હો વંદન નેમ જિણુંદ,
આવી હો આવી સા ઉતાવલીજી;
દેખી હો દેખી તેહ મુનિંદ,
ઉપજે હો ઉપજે અતિ મનની રલીજી. ૯

સુરભી હો સુરભીની પરે જોય,
હિંસે હો હિંસે હેજ હૈયે ઘણોજી;
નયણા હો નયણા જ્ઞાની હોય,
ઓલખી હો ઓલખી લે જન આપણોજી. ૧૦

ઢાલ જ હો ઢાલજ મીઠી ભૂર,
બાવન હો બાવન ને સોમી ભલીજી;
શ્રીગુણ હો શ્રીગુણસાગર સુર,
માતા હો માતા સુત મનસા રલીજી. ૧૧

## દોહા

પૂછે રાણી દેવકી, નેમ જિણુંદા પાસ;
એ ખટ મુનિવર દેખતાં, માહરે મન ઉલ્લાસ. ૧

એ ભવ કે પરભવ તણો, સગપણ કો વ્યવહાર;
દેવ દયા કરી દાખવો, જ્ઞાન તણાં ભંડાર. ૨

---

## ઢાલ ૧૫૩ મી

( મેતારજ મુનિવર ધન ધન તુમ અવતાર એ—દેશી )

બલી જાઉં પ્રભુજી, ભાંજો મોહ સંદેહ;
સાધુ સલુણા દેખતાંજી, ઉપનો અધિક સનેહ. બલી૦ ૧

સાંભલ રાણી દેવકીજી, ભાંખે શ્રી જગનાથ;
એ ખટ નંદન તાહરાજી, નિસુણે સઘલો સાથ. બલી૦ ૨

શારદ નામે શારદાજી, શારદ દેવી હોય;
વડ વખતી તુજ સારખીજી, નારી ન બીજી કોય. બલી૦ ૩

કુંસ કર્મ આદે કરીજી, સંભલાવ્યો વિરતંત;
હરખી રાણી દેવકીજી, વાંદી શ્રી ભગવંત. બલી૦ ૪

ઘર આવી એમ ચિંતવેજી, જાયા નંદન સાત;
બાલપણે ન રમાડીયોજી, એક હી ધિગ મુજ માત. બલી૦ ૫

ભાગ્યવંતી સા ભામનીજી, બાલક જેહને ગોદ;
હુલરાવે હડે ધરીજી, વાસર જાય વિનોદ. બલી૦ ૬

મેં કુણ કુણ પૂરવ ભવેજી, મોઢા પાતિક કીધ;
કેશર વરણો નાનડોજી, એહવો મુજ દૈવે ન દીધ. બલી૦ ૭

એમ કહેતી ધરતી લિખેજી, સજલ સલુણા નેણ;
થયા અણગમતા કાનનેજી, વ્હાલી સખીના વેણ. બલી૦ ૮

અરતિ અધુર વાધી ઘણીજી, આહટ દુહટ ધ્યાન;
પગે લાગવા આવીયોજી, એટલે શ્રી નૃપ કાન. બલી૦ ૯

ચાર ચારસેં માયનેજી, હરી નમે નિત્ય આય;
એમ છ માસે વાંદતાંજી, નિજ જનનીના પાય. બલી૦ ૧૦

નિજ પખેરાં આંતરોજી, મોટા નાણે કોઇ;
મેહ અને શશી દેવતાજી, સહુને સરીખા જોઇ. બલી૦ ૧૧

ઉપજણો અરતિ તણોજી, માતા મનહિ મોઝાર;
શ્રી હરીજીનો આવણોજી, તિણહી વાર વિચાર. બલી૦ ૧૨

વિનય કરીને વિનવેજી, જનની શ્રી હરીરાય;
માય મયા કરી ભાંખીએજી, આરતિ એવડી કાંય. બલી૦ ૧૩

અતિ લાંબો નિ:સાસડોજી, મેલી બોલી માય;
સાત નંદન મેં જાઇયાજી, તુજ સરીખા હરીરાય. બલી૦ ૧૪

ખટ વાધ્યા સુલસા ઘરેજી, તું પણ ગોકુલમાંહિં;
હોંશ ન પુગી માહરીજી, બાલ રમાડણ પ્રાંહિ. બલી૦ ૧૫

ઓ દિનથી પરવશ પણેજી, વૈરી કેરે વાસ;
નંદન હોવે આઠમોજી, તો મુજ પૂરે આશ. બલી ૧૬

માય મનોરથ પૂરવાજી, કાન્હે કિયા ઉપવાસ:
દેવ ચવીને આવીયોજી, રાણી ઉદર નિવાસ. બલી૦ ૧૭

જો જો સંચ્યા પુણ્યનાજી, માગ્યા નંદન હોઇ;
ચેલણા ચુંથા કારણેજી, રોઇ ન લિયે સોઇ. બલી૦ ૧૮

ત્રેપન સોમી ઢાલમેંજી, માધવ કેરી માત;
શ્રી ગુણસાગર સુરી કહેજી, સુખમાંહિ દિન જાત. બલી૦ ૧૯

---

દોહા

ભવિકજીવ પ્રતિબોધવા, જિનવર કરે વિહાર;
પાપ તિમિર નિર્ઘાટવા, સહસ્સ કિરણ દિનકાર. ૧

ગર્ભ દિવસ પુરા કરી, જાયો સુંદર નંદ;
ઘર ઘર રંગ વધામણાં, ઘર ઘર અતિ આનંદ. ૨

## ઢાલ ૧૫૪ મી

( નમિરાય ધન ધન તુમ અવતાર એ—દેશી )

રાણીજી હો જાયો પુત્ર રતન;
જી હો કોમલ જિમ ગજતાલુ લાલા,
નામે ગજ સુકુમાલ. રાણી૦ ૧

જી હો હરખ્યો શ્રીહરી રાજીયો લાલા, હરખ્યા દશ હી દશાર;
જી હો હરખી માતા દેવકી લાલા,
હરખ્યો સહુ પરિવાર. રાણી૦ ૨

જી હો બંદીખાના મોકળા લાલા, કીધા બહુ મંડાણ;
જી હો નગરીની શોભા ઘણી, લાલા,
વાજે ગુહિર નિશાણ. રાણી૦ ૩

જી હો યાદવ નારી સામટી લાલા, આવે ગાવે ગીત;
જી હો આરણુ કારણુ કીજીએ લાલા,
સાચવીએ શુભ રીત. રાણી૦ ૪

જી હો દીજે મયંગલ મોટકા લાલા, દીજે હયવર હાર;
જી હો દીજે સોના સાવટું લાલા, દીજે અરથ ભંડાર. રાણી૦ ૫

જી હો બારસમો દીન આવીયો લાલા, નામ દીયો અભિરામ;
જી હો ચંદ કલા જિમ વાધતો લાલા,
રૂપ કલા ગુણધામ. રાણી૦ ૬

જી હો ખેલાવણી હુલરાવણી લાલા, ચુંબાવણી ચિત્તલાય;
જી હો ન્હવરાવણી ખહેરાવણી લાલા,
આંગી અંગ લગાય. રાણી૦ ૭

જી હો આંખલડી અંજાવણી લાલા, જી હો ભાલે કરાવણુ ચંદ;
જી હો ગાલે ટીકી સામલી લાલા, આલિંગન આનંદ. રાણી૦ ૮

જી હો પગ મંડણ ગ્રહી અંગુલી લાલા, ઠમુક ઠમુકતી ચાલ;
જી હો બોલણ ભાષા તોતલી લાલાં,
રિઝાવણી અતિ ખ્યાલ. રાણી૦ ૯

જી હો રોટી દહિય જિમાવણી લાલા, લીલા બાલ વિનોદ;
જી હો સબહી પરે માય દેવકી લાલા,
પાવે અધિક પ્રમોદ. રાણી૦ ૧૦

જી હો પઢયો ગુણ્યો મતિ આગલો લાલા, યદુપતિ જીવન જોય;
જી હો પ્યારો પ્રાણ થકી ખરો લાલા,
માતાજીને સોય. રાણી૦ ૧૧

જી હો એટલે નેમ સમોસર્યા લાલા, વંદન દેવ મોરાર;
જી હો લઘુભાઇ આગે કરી લાલા, પરિવરીયો પરિવાર. રાણી૦ ૧૨

જી હો સોમલ બ્રાહ્મણની સુતા લાલા, પરણાવણને કાજ;
જી હો મુકી મંદિર આપણે લાલા,
જઇ વાંદે જિનરાજ. રાણી૦ ૧૩

જી હો પૂજી પ્રણમી સાંભલે લાલા, બેઠી પરખદા બાર;
જી હો શ્રી જિનવાણી વિસ્તરી લાલા,
ભવિકજના સુખકાર. રાણી૦ ૧૪

જી હો ચોપન સોમી ઢાલમેં લાલા, કુંવર ગજ સુકુમાલ;
જી હો શ્રી ગુણસાગર સુરજી લાલા,
ધર્મ સુણે સુવિશાલ. રાણી૦ ૧૫

---

દોહા

ઉપદેશે શ્રી નેમિ જિન, જીવાજીવ વિચાર;
દાન શીયલ તપ ભાવના, શ્રી જિન ધર્મ ઉદાર. ૧

ભવ ભય હરવા ભાવના, બાર તણો વિસ્તાર;
વિવરા શું વિવરી કહે, ત્રિભુવન તારણહાર. ૨

## ઢાલ ૧૫૫ મી

( એ જગ સ્થિર નહિં રે એ—દેશી )

જે ક્ષણુ જાય છે રે, ફિરી નાવે છે તેહ;
ચેત ચેત નર ચેતિએ હો, કર કર ધર્મ સનેહ. જે ક્ષણુ૦ ૧

### ૧ અથ અનિત્ય ભાવના

એ સંસાર અસાર વિચારો, પંખી તરૂવર વાસો;
હાટ મિલ્યો બાજીગર કેરો, પ્રસરે પ્રગટ તમાસો;
તીરથમેળો જેવો તેહવો, જગ વ્યવહાર વિમાશો. જે૦ ૨

અભ્ર પટલ જેમ ઉપજે વિણુશે, તન ધન યોવન જાણો;
ગગન નગર સરીખો સાચો, પદ્મની પ્રેમ પ્રમાણો
સાજન સાથ સરીસ સુહાવો, વિદ્યુતવાન વખાણો. જે૦ ૩

### ૨ અશરણુ ભાવના

મૃગ શાવક વનમાંહિ ફરતો, કરતો કેલી વિચારો;
સિંઘ સુરી દેખી સુવિશેષી, લે ચલીયો નિરધારો;
કાલ તણી અસવારી હોતા, કોઇ ન રાખણુહારો. જે૦ ૪

### ૩ સંસાર ભાવના

ચઉગતિ ફેરી કરીય ઘણેરી, અમર થયો એ પ્રાણી;
નરગતિરીઅવતાર અનંતા, પાપ તણી અહિનાણી;
નરભવે ધન ધન રામા રામા, બીજીવાત ન જાણી. જે૦ ૫

### ૪ એકત્વ ભાવના

જિહાં તિહાં નર આપ એકીલો, ફિરે રમતો સોઇ;
પરભવે જાતાં જાઇ પનોતા, સાથે નાવે કોઇ;
કાં ધન કાં ધણીયાણી ધરતી, ધર્મ સખાયત હોઇ. જે૦ ૬

૫ અન્યત્વ ભાવના

જીવ સચેતન દેહ અચેતન, એક કહો કિમ હોવે;
ઓ શિવ વંછે ઓ ભવ ઇચ્છે, ઓ જાગે ઓ સોવે;
આતમ દેહ વિચારે જુદા, સોઇ અઘ મલ ધોવે. જે૦ ૭

૬ અશુચિ ભાવના

કાય અશુચિ અનેક પ્રકારે, ધોયા શુદ્ધિ ન પાવે;
દશ હી દ્વાર શ્રવે નિશિવાસર, તે કિમ શોચ લહાવે;
સાતે ધાતુ પુરીત એ તનુ, બાહિર સોહ દેખાવે. જે૦ ૮

૭ આશ્રવ ભાવના

શ્રવણુ નયણને ઘ્રાણુ ઘણી પરે, રસના ફરસ કહીજે;
હરિણુ પતંગ ભમર ને મચ્છા, મયંગલ મરણ લહીજે;
એક એક ઇંદ્રિય કારણે એતો, પંચે કયું ન કસીજે. જે૦ ૯

૮ સંવર ભાવના

આશ્રવ રોકયાં હોવે સંવર, સંવરથી ફલ મોટો;
વ્યાપારી વ્યાપાર કરંતા, જાણી ન ખાયે ખોટો;
સમજ સમજ રે જીવ સલુણા, દુઃખ ઘણો સુખ છોટો. જે૦ ૧૦

૯ નિર્જરા ભાવના

ઉદય ઉદીરણા દુની પ્રકારે, કર્મ નિર્જરા કહીએ;
શ્રી જિન શાસન છાંડી અનેરા, એ તો મર્મ ન લહીએ;
તપ જપ દુઃકર કરણીને બલે, નિશ્ચલ હોઇને રહીએ. જે૦ ૧૧

૧૦ લોક ભાવના

ચોદ રાજ તિમ ઉંચો નીચો, લોક પ્રમાણ વિચારો;
સાત પાંચ ને એક રાજ વર, પહોલ પણે અવધારો;
કિણે ન કિણહી કોઇ ન કરેગો, જિમ છે તિમ નિરધારો. જે૦ ૧૨

### ૧૧ બોધ ભાવના

સ્થાવરથી એ ત્રસપણું દુર્લભ, ત્રસથી ઇંદ્રી પૂરા;
પાંચે ઇંદ્રિમેં માણુસની ગતિ, આર્યખેત્ર સનૂરા;
સાધુ યોગ સંયમનો ધરવો; જો તો પુન્ય અંકૂરા. જે૦ ૧૩

### ૧૨ ધર્મ ભાવના

ધર્મ વિના સબ ધંધો દીસે, કાંઇ હાથ ન લાગે;
ધર્મ વિના રુલીયો ભવભવમેં, રે મન મુરખ આગે;
વિત્યો કાલ અનંતો સોવત, અબહી કયું નવિ જાગે. જે૦ ૧૪

આગે જીવ અનંત વિગુતો, પડીયો ધન પ્રમાદે;
વિષયા વાહ્યા ન રહ્યા સાહ્યા, માચી રહ્યા ઉન્માદે;
પણ પરમારથ એહ ન જાણ્યો, તરવ ગુરૂ પ્રસાદે. જે૦ ૧૫

એકસો પંચાવનમી ઢાલે, શ્રી મુખ જિન ઉપદેશા;
ભવિક જના મન માન્યા કાની, કીધા ક્રોધ કલેશા;
શ્રીગુણસાગર સુરી સોહાવે, સમતા ભાવ વિશેષા. જે ક્ષણ૦ ૧૬

---

### દોહા

જિન વાણી શ્રવણે સુણી, ગજસુકુમાલ કુમાર;
વિષયાથી વિરચ્યો ખરો, મનશું કરે વિચાર. ૧

વિષયા વિષ હી થી બુરી, વિષીયા નામ કુનામ;
વિષયા વાહ્યા માનવી, દો ભવ ગમે નિ:કામ. ૨

આગ અને વિષયા કહી, એક સરીખા જોય;
સલગીને બાહિર પડી, હાથ ન આવે સોય. ૩

ધુર હી દાબી રાખીએ, ન લહે અતિ વિસ્તાર;
એ નિશ્ચય મનમાં ધર્યો, વ્યાહ તણો પરિહાર. ૪

---

## ઢાલ ૧૫૬ મી
( કાનજી મેલો ને કાંબલી રે એ—દેશી )

પ્રભુ પ્રણમી ઘરે આવીયો રે, માતાજીની પાસ;
અનુમતિ ને ઉતાવલો રે, સંજમ શું ઉલ્લાસ. ૧

માતા અનુમતિ દીજીએ રે, લેશું સંજમ ભાર;
જઇ જોઉં ઉતાવલો રે, મુક્તિ મનોહર નાર. માતા૦ ૨

મૂર્છાણી મા દેવકી રે, વાત સુણંતા તામ;
જાયા તું મુજ વાલહો રે, પ્રાણ થકી અભિરામ. માતા૦ ૩

દુર્લભ ઉંબર ફૂલ જયું રે; સાંભલવો જગ માંહિ;
તો તો દેખવો કિહાં રે, તિમ તુમ દર્શન પ્રાંહિ. માતા૦ ૪

પાન ફૂલનો જીવ તું રે, કોમલ કેલી સમાન;
લહુઓને અતિ લાડીલો રે, લાલન લીલા થાન. માતા૦ ૫

ચારિત્ર કાઠો છે ખરો રે, જિન વચને વિખ્યાત;
મીણ તણે દાંતે કરી રે, લોહ ચણા ન ચવાત. માતા૦ ૬

વાય ભરેવો કોથલો રે, ચાલવો ખાંડા ધાર;
સાયર તરવો ભુજ બલે રે,દુઃકર સંજમ ભાર. માતા૦ ૭

ધુરી હોઇ ઉતાવલો રે, છાંડી ઘર વ્યાપાર;
પછી પરીસહ ઉપજયો રે, ઢીલા પડેહી અપાર. માતા૦ ૮

લુંદ લજાવે જાતીનો રે, દો મેં એક ન હોય;
ના ઘર ના સંજમપણો રે, વાદી ગમે ભવ દોય. માતા૦ ૯

કુમર કહે માજી સુણો રે, રાગીનો એ માગ;
જાણેવો જુગતો સહિ રે, પણ જુદો વૈરાગ. માતા૦ ૧૦

જે વંછક એહ લોકના રે, નવિ વંછક પરલોક;
તે કાયરને દોહિલો રે, જાલવણો જગી જોગ. માતા૦ ૧૧

શૂરવીર ને સાહસી રે, ત્રિકરણ સુધા જાસ;
તેહને તો સહુ પાધરો રે, કાંઇ ન દોહિલો તાસ. માતા૦ ૧૨

યોવનને ધન કારીમો રે, અને કારમી દેહ;
શાણુપણાનો નામ એ રે, સંજમ સાથે સનેહ. માતા૦ ૧૩

ધન જીવી સંભોગથી રે, ત્રપ્તી ન પાવે જીવ;
સંતોષી સુખીયા મહા રે, સમતાવંત સદીવ. માતા૦ ૧૪

સમજાવી સંજમ લીયો રે, નેમી જિનેસર હાથ;
ધ્યાન ધર્યો શ્મશાનમેં રે, હુઓ દીઓ જગનાથ. માતા૦ ૧૫

સોમલ સસરો આવીઓ રે, શીર માટીની પાલ;
અંગારા લેઇ ખેરના રે, ધગધગતા તત્કાલ. માતા૦ ૧૬

મેલી મસ્તકે ચાલીયો રે, સાધુ ન ચૂકયો ધ્યાન;
ચડતે પરિણામેં લહ્યો રે, કેવલ પદ નિર્વાણ. માતા૦ ૧૭

ખટમાસી રજની થઇ રે, સુત વિરહે વિકરાલ;
પ્રાતિ પધારી પ્રભુ કન્હે રે, દેખણ ગજસુકુમાલ. માતા૦ ૧૮

વાછા ઉપર હિંસતી રે, સુરભી આવે જેમ;
સુતસુખ નિરખણ સાંભલી રે, માતા આવી તેમ. માતા૦ ૧૯

અકુલાણી અણદેખવે રે, પૂછીયા ત્રિભુવન સ્વામ;
નંદ હુઓ આનંદમેં રે, પહોંચ્યા અવિચલ ઠામ. માતા૦ ૨૦

ફરસી છેદી ડાલી જિઉં રે, ઢલી પડી સા માય;
રોવે ગોરી ગહવરી રે, હરી હલધર દુઃખ થાય. માતા૦ ૨૧

હરી પૂછયો જિનવર કહ્યો રે, ધસકી છાંડશે પ્રાણ;
બંધવ હતા તે જાણવો રે, સ્વામી કહી સહિનાણ. માતા૦ ૨૨

શેરી વાટે આવતાં રે, શોગ ધરી હરીરાય;
સોમલ સાંસા હી મેં મુઓ રે; કીધાનાં ફલ પાય. માતા૦ ૨૩

ઉત્કૃષ્ટા પાતિક જે કરે રે, ઉત્કૃષ્ટી હી વાર;
પાપે પચે ઘણું આપણે રે, નહિં સંદેહ લગાર. માતા૦ ૨૪

જે હુઆ ત્રિભુવનપતિ રે, તેહનો સોગ ન હોય;
કીધી હરી સમજાવણી રે, નેમીજિણંદા સોય. માતા૦ ૨૫

છપ્પન સોમી એ ઢાલમેં રે, મુક્તિ ગયા સુકુમાલ;
શ્રી ગુણસાગર સુરજી રે, પ્રણમું ચરણ ત્રિકાલ. માતા૦ ૧૬

દોહા

શ્રી હલધર હરીશું કહે, પુન્ય ઘટંતા આપ;
દીસે છે તેહિ કારણે, ઉપજ્યો એ સંતાપ. ૧

મોટાના તો કુંકરા, આસંગે નહિં કોઇ;
ભાઇ હણ્યો સુકુમાલસો, વડો અચંભો જોઇ. ૨

ઢાલ ૧૫૭ મી

(કપુર હોવે અતિ ઉજલો રે એ—દેશી)

શ્રી બલદેવ વિનય કરી રે, પૂછયા નેમી જિનેશ;
હોતારથ જે આગલો રે, સુખ દુઃખ હરખ કિલેશ. ૧

મયા કરી સ્વામી કરો પ્રસાદ, જે ઉગે તે આથમે રે;
કોઇ નહી વિખવાદ. મયા૦ ૨

એ નગરી એ સાહેબી રે, એ શ્રી કૃષ્ણ નરેશ;
કબ લગી રહેશે એહવો રે, યાદવ જોર વિશેષ. મયા૦ ૩

નેમી કહે સહુ સાંભલો રે, જૂઠો જગ વ્યવહાર;
મિલતાં દિન લાગે ઘણાં રે, વિછડતાં નહિં વાર. મયા૦ ૪

રંગ કુસુમ પતંગનો રે, દીસે અધિક સુચંગ;
દીવસ દશા ને આંતરે રે, સો ફિર થાયે વિરંગ. મયા૦ ૫

તન ધન યોવન ગારવો રે, પરિઅણ ને પરિવાર;
ચાર દિવસનો ચહચહો રે, પાછે વિરસ અપાર. મયા૦ ૬

દ્વારામતી નગરી તણો રે, મદીરા હેતે વિનાશ;
બારસમેં વરસે હોશે રે, કરશે એ શ્રી વ્યાસ. મયા૦ ૭

નિજ આંડે શ્રી હરી તણો રે, જરત કુમર ને હાથ;
વન કોસંબે નિશ્ચેશું રે, મરણ કહ્યો જગનાથ. મયા૦ ૮

એહ સુણંતા વાતડી રે, ખલભલીયા સહુ કોય;
આરતિ ઉપજે અતિ ઘણી રે, હરી હલધરને જોય. મયા૦ ૯

ભાઇ સુત ને સુંદરી રે, અવર અનેરા કોઇ;
દિક્ષા લિયે સાદરી રે, શ્રીહરી અનુમતિ હોઇ. મયા૦ ૧૦

કેતા એક દિક્ષા ગ્રહી રે, કેતા નગરી મોઝાર;
આયા હરી નિજ મંદિરે રે, ઉપકર્મા અધિકાર. મયા૦ ૧૧

મદીરા નગરી બાહિરે રે, કીધી સઘલી જામ;
દ્વિપાયન તપ આકરો રે, તપવા લાગ્યો તામ. મયા૦ ૧૨

જરતકુમાર ઉદાસીયો રે, વનહી માંહિ વસંત;
આંડો પત્થર ઉપરે રે, ઘાઢો કરી ઘસંત. મયા૦ ૧૩

ખિસ્યો અણી તબ આગલો રે, પાણી માંહિ પડંત;
ગલીયો મોટે માંછલે રે, પડીયો જાલે તુરંત. મયા૦ ૧૪

ઉદરથી કિયો ટૂંકડો રે, તીર તણે આકાર;
નિકલીયો તે તીરશું રે, ઘાયો હરીણુ ગમાર. મયા૦ ૧૫

હરીણુ ગયો વનમેં ચલી રે, માર્યો જરત કુમાર;
તરકસમાંહિ રાખીયો રે, સોઇ તીર તે વાર. મયા. ૧૬

સતાવન સોમી ઢાલમેં રે, સાચા શ્રી જિન બોલ;
શ્રીગુણસાગર સુરજી રે, અમીય સમા નિર્મોલ. મયા૦ ૧૭

---

દોહા

ચંદ ચલે સૂર્ય ચલે, ચલે સોઇ નિરંદ;
શેષ ચલે સાયર ચલે, ચલે સુવડા ગિરીંદ. ૧

પણ ન ચલે ભવિતવ્યતા, એહનો જોર અપાર;
સાંબ પ્રમુખ અતિ સામટા, ખેલણ ચલ્યા કુમાર. ૨

## ઢાલ ૧૫૮ મી

( હવે રાણી પદ્માવતી રે હાં એ—દેશી )

આવી મદીરા વાસના રે, હરખ્યા કુંવર જામ; ભાવિ બલવંતી;
સઘલા આવ્યા આસના રે હાં, પીધી મદીરા તામ. ભાવિ૦ ૧

છાક ચઢયો છયલા ઘણો રે હાં, ઘુમંતા ચાલંત; ભાવિ૦
દીઠો દ્વિપાયન યતિ રે હાં, તવ અમરખ પાલંત. ભાવિ૦ ૨

સાંબ કહે સહુ સાંભલો રે હાં, એહનો કીજે નાશ; ભાવિ૦
નગર અને ઘર યાદવા રે હાં, એહથી છે વિપનાશ. ભાવિ૦ ૩

લાત ધમુકા લાકડી રે હાં, ગાઢો કુટયો તેહ; ભાવિ૦
મૂવો જાણી મુકીયો રે હાં, દિયો સંધુકણ તેહ. ભાવિ૦ ૪

કુમર સાપ ડસાવીયો રે હાં, સુરી દાઢમેં બાલ; ભાવિ૦
લગ્નવાર તે વર હુવે રે હાં, આઇ મિલ્યો તત્કાલ. ભાવિ૦ ૫

પ્રતિકેશવ કેશવ કરે રે હાં, પાવે સહિ વિપનાશ; ભાવિ૦
સીતાપતિ નલ પાંડવા રે હાં, ભોગવીયો વનવાસ. ભાવિ૦ ૬

દુઃશાસન ખેંચ્યા ખરા રે હાં, પંચાલીના ચીર; ભાવિ૦
ભૂજા ઉપાડી ભીમજી રે હાં, હણ્યા સોઈ વીર. ભાવિ૦ ૭

કીચક તણા કુશીલથી રે હાં, બંધવ શત હિ સંહાર; ભાવિ૦
સયણ સયાણો શું કરે હાં, ભાવિનો અધિકાર. ભાવિ૦ ૮

રીસ વશે તિહાં તાપસે રે હાં, કીધો ઇમ નિયાણ; ભાવિ૦
દુઃખદાઈ દ્વારામતી રે હાં, હોજો તપ હિ પ્રમાણ. ભાવિ૦ ૯

વાત સુણી ઉતાવલા રે હાં, હરી હલધર આવંત; ભાવિ૦
વિવિધ પ્રકારે ખામણાં રે હાં, પગે લાગી ખામંત. ભાવિ૦ ૧૦

એ મુરખ મુજ નંદને રે હાં, ખીજાવ્યા તુમ્હ આજ; ભાવિ૦
ક્ષમા કરો રૂષીરાયજી રે હાં, તુમ્હને સઘલી લાજ. ભાવિ૦ ૧૧

ચંદન કંચન શેલડી રે હાં, અગર રસોઇ વંશ; ભાવિ૦
સંતાપ્યા એ અતિ ઘણાં રે હાં, રંચ ન રાખે ડંસ. ભાવિ૦ ૧૨

વ્યાસ કહે હરીજી સુણો રે હાં, જૂઠી અબ મનોહાર; ભાવિ૦
કર્યો નિયાણો આકરો રે હાં, તે ન મીટે કિરતાર. ભાવિ૦ ૧૩

તુમ્હ દો બંધવ બાહિરો રે હાં, અવર ન છોડું કોઇ; ભાવિ૦
સંજમધારી ઉગરે રે હાં, તુંગ રસે ગૃહી હોઇ; ભાવિ. ૧૪

તવ ઘર આયો આપણે રે હાં, માધવ મહિમાવંત; ભાવિ૦
ક્ષાયક સમકીતનો ધણી રે હાં, નિશ્ચેવંત અનંત. ભાવિ૦ ૧૫

વ્યાસે નિયાણો બાંધીયો રે હાં, દ્વારામતી દુઃખ હેત; ભાવિ૦
ઉપજયો અગ્નિકુમારમેં રે હાં, આણી મિલ્યો સંકેત. ભાવિ૦ ૧૬

અડસઠ્ઠી સો ઢાલમેં રે હાં, લીજે સંજમ ભાર; ભાવિ૦
શ્રી ગુણસાગરશું વધે રે હાં, સાધાંનો પરીવાર. ભાવિ૦ ૧૭

## ચોપાઈ ગાથા

ખંડ ખંડ રસ છે નવનવા, સુણતાં મીઠા સાકર લવા;
શ્રી હરીવંશ ચરિત્ર જયજયો, આઠમો ખંડ એ પૂરણ થયો. ૧

ઇતિ અષ્ટમઃ ખંડઃ સમાપ્તઃ

# ખંડ ૯ મો

## દોહા

મન વચન કર્મણા શુદ્ધશું. નેમી નમું સુખકાર;
અબ નવમા અધિકારનો, ભવિક સુણો સુવિચાર. ૧

કામદેવ એમ ચિંતવે, સારીજે નિજ કાજ;
સંસારીક સુખ ભોગવ્યાં, સાધીજે શિવરાજ. ૨

---

## ઢાલ ૧૫૯ મી

શ્રી રામજીએ તાર ગમાર્યું હો, એ દેશી

અનુમતિ માગે હો, વિનય કરી પગે લાગે;
મદન ઉભો હરી આગે, મોહ નિંદથી જાગે. અનુમતિ૦ ૧

અનુમતિ નામ સુણંતા મુછર્યા, હરી હલધર શું દેવા હો;
વજ્રપાત સમ વાત વિચારી, ધરણી પડયા તત્ખેવા હો. અ૦ ૨

સંજમ સ્યોને સ્યો તું કુંવર, કીજે ભોગ વિલાસ હો;
વિણુહી ધાડે જે વિષ ખાયે, તે તો પાવે હાસ હો. અ૦ ૩

કુંવર કહે જિન વચને શંકા, મુજને કાંઇ નાવે હો;
દ્વાર થકી નિજ મંદિર લાગ્યો, કાઢણ કોઇ ન પાવે હો. અ૦ ૪

પંડિત મૂરખ બૂઢા બાલા, કાયર શૂરા જોઇ હો;
રાજા રાણી રવિસુત આગે, રહેણ ન પાવે કોઇ હો. અ૦ ૫

આદિનાથ આદે ચોવીશે, જિનવર ચક્રી બારે હો;
કેશવયુગ ગણહરને હલધર, એ સહુએ યમ સારે હો. અ૦ ૬

માતપિતા ને બંધવ બેટા, વાર અનંતા પામા હો;
પરભવ જાતાં કોઇ પનોતા, મુજને આડા નાયા હો. અ૦ ૭
ભૂલ્યો છું તો અતિ હી ભૂલ્યો, અબ ભૂલ્યો નવિ જાઇ હો;
અણુજાણ્યા વિષ ખાધો કેવલ, જાણ્યા વિષ ન ખવાઇ હો. અ૦ ૮
જગત તણી સ્થિતિ ક્ષણીક દેખી, થયો હું ભવ વૈરાગી;
દ્યો અનુમતિ તો લેઉં દિક્ષા, જિનવચને રઢ લાગી હો. અ૦ ૯
સમજાવ્યો બાબા ને બૂઢા સમજાવ્યો નિજ તાતો હો;
ચારિત્રને ઉમાહ્યો અધિકો, અબ ગમે નહિં વાતો હો. અ૦ ૧૦
એગુણસાઠી ને સો મી ઢાલે, હરીનો લેઇ આદેશો હો;
શ્રીગુણસાગર સુરી પયંપે, વાધ્યો ભાવ વિશેષો હો. અ૦ ૧૧

### દોહા

માતાશું વિનતી ઘણી, કામ કરે કરજોડ;
સંજમ લેવા મેલવે, કેલવણીની કોડ. ૧

જિમ થી તિમ ધસકી પડી, ન રહી શુદ્ધિ લગાર;
બાંહે ધરી બેઠી કરી, કરી કરી અતિ ઉપચાર. ૨

### ઢાલ ૧૬૦ મી

સોદાગર લાલ ચલણુ ન દેશાં એ—દેશી

પ્યારે હમારે લાલ, એસી ન કીજે;
તુમ વિણ આછે લાલ કહો કેમ કીજે. પ્યારે૦
છાતીયાં મેરી લાલ તિખી કાતી,
કાલજ કંપે લાલ અતિ અકુલાતી. પ્યારે૦ ૧

તુમ વિરહે રે લાલ વિતક વિતે,
ફિર કહું ચાહું લાલ વો દી ન છિતે. પ્યારે૦

દુઃખ છતીયાં મેરે લાલ આગ જ ઉઠી,
તનુ જાલે રે લાલ ન સમજે જૂઠી. પ્યારે૦ ૨

છાતીયાં મે રે લાલ દુઃખ ન સમાવે;
દાડિમ જ્યું રે લાલ, ફાટી આવે. પ્યારે૦
દુઃખ હુંતે રે લાલ જે તે ભારે,
તુમ આઇ રે લાલ નીઠ વિસારે. પ્યારે૦ ૩

ચારે દિનાંકી લાલ કરીય ઉજવાલી;
પુનરપિ થાયે લાલ રજની કાલી. પ્યારે૦
દઈય મનાઇ લાલ એ દિન લોડે;
કહા કરો હો લાલ તોડાતોડે. પ્યારે૦ ૪

બાટા કેરી લાલ આશા એતિ;
કહિય ન જાઇ લાલ અંબર જેતિ. પ્યારે૦
દેશ પરદેશા લાલ સુખની રે સાઇ;
માતાને હુવે લાલ સુતથી વડાઇ. પ્યારે૦ ૫

સુંદર જાઇ લાલ સુંદર જાયો;
નેહ વસે રે લાલ જ્યું ઘર આયો. પ્યારે૦
સુંદર જાઈ લાલ ખરીય સપુતી;
સિંહણી જ્યું રે લાલ સુખભર સુતી. પ્યારે૦ ૬

ઉંચી લેઇ રે લાલ આભે અડાઈ;
નીચી કિયે રે લાલ જાત વડાઇ. પ્યારે૦
દુઃખ ન સહાયે લાલ કહિજે કોસું;
શોકાં વાસો લાલ કહિજે હાંસુ. પ્યારે૦ ૭

લાલ નગીનો લાલ તું મુજ ફીકો;
તુજ વિણ લાગે લાલ એ સહુ ફીકો. પ્યારે૦
રોવંત અતિ હે લાલ, રુખમણી રાણી;
ભરભર આવે લાલ, નયણે પાણી. પ્યારે૦ ૮

મદન કહે લાલ માય ન રોજે;
જેમ દિન આયો લાલ કયું સુખે સોજે. પ્યારે૦
મોહન કીજે લાલ મોહન માચ્યો;
સંગ અનેકે લાલ પ્રાણી નાચ્યો. પ્યારે૦ ૯

અસ્થિર મેલો રે લાલ કહો કિમ છાજે;
શરદ ઘન જયું રે લાલ ફોગટ ગાજે. પ્યારે૦
જન્મ જરા રે લાલ પૂંઠે લાગી;
કયું છુટીજે લાલ તેહથી ભાગી. પ્યારે૦ ૧૦

ઉત્કૃષ્ટી રે લાલ કીજે કરણી;
તો તો મીટે રે લાલ યમ કી ડરણી. પ્યારે૦
અજર અમર લાલ અબ હમ હોશું,
સિદ્ધ થઇને લાલ ત્રિભુવન જોશું. પ્યારે૦ ૧૧

દેવ યુક્તિ લાલ કહી સમજાવી,
કામકુમરે લાલ માય મનાવી. પ્યારે૦
સાઠ ને સોમી લાલ ઢાલ સોહાવી,
કહે ગુણસુરી લાલ ભવિ મન ભાવી. પ્યારે૦ ૧૨

---

દોહા

માતાની અનુમતિ લેઇ, અંતેઉરમાં જાય;
સમજાવે અંતેઉરી, વાણી વદે સુખદાય. ૧
પીત્તિવંતી નિસુણો પ્રીયા, હમેં ગ્રહાંછાં દિખ;
પાછે રુડા ચાલજો, એહ હમારી શીખ. ૨

---

ઢાલ ૧૬૧ મી

( વીશ જણાશું વાદ ન કીજે એ—દેશી )

બોલે રાણી અતિ વિલખાણી, નાખે નયણે પાણીજી;
આરતિવંત આતુર સઘલી, ભાંખે ગદ ગદ વાણીજી. બોલે૦ ૧

પ્રીતમ પ્રેમ વિહુણી વાણી, કિમ ભાંખો છો આજ જી;
ચારિત્રની ચતુરાઇ છાંડો, તુમ્હને કરવો રાજજી. બોલે૦ ૨

તુમ્હ પ્રભુ ઇંદ્ર તણે અવતારે, હમ ઇંદ્રાણી રુપજી;
લીજે લાહો નરભવ કેરો, સાંભલ યાદવ ભૂપજી. બોલે૦ ૩

નારીને કારણ નર જગમેં, કુષ્ટ કરતા કોડજી;
એક મના ઉભા નૃપ આગે, સેવ કરે કરજોડજી. બોલે૦ ૪

અધિક ભયંકર સાગર લંઘે, અટવીમેં પેસંતજી;
રોલ મહા સંગ્રામે શૂરા, આતુર થઇ ધસંતજી. બોલે૦ ૫

અહિલા રુપે ઇંદ્ર વિગુતો, એ પ્રગટ્યો અવદાતજી;
એક લાખ હજારા કેઇ, ન સર્યું આધી લાંચજી. બોલે૦ ૬

પારાસર સરીખો પાતરીયો, પાતરીયો શ્રી વ્યાસજી;
સત્યકી વેશ્યાશું પાતરીયો, પામ્યો પ્રાણ વિનાશજી. બોલે૦ ૭

બ્રહ્મા પુત્રીશું પાતરીયો, તાપસ તરુણી દેખજી;
વરસીતપ તરુ છાલી ચાટંતો, રાચ્યો રુપ વિશેષજી. બોલે૦ ૮

ભરત સુંદરી સાથે મોહ્યો, દિક્ષા લેવા ન દીધજી;
સાઠ સહસ્સ વરસાં તપ તપવે, કાયા ખીણ કીધજી. બોલે૦ ૯

પ્રજાપતિ નૃપ કિયો કિરાવર, તે તો ન કરે કોઇજી;
દશકંધર દશ માથા સોંતિ, લંકા સરીખી ખોઇજી. બોલે૦ ૧૦

રામચંદ્ર સીતાને કાજે, કીધો કેમ વિલાપજી;
પવનંજય પદ્મનીને લીધે, દેહ તજે તો આપજી. બોલે૦ ૧૧

સાંતનુનંદન આરતિવંતો, ભીષ્મે પૂરી આશજી;
કરમેતી કુંતીને કારણ, પાંડવ હુવો ઉદાશજી. બોલે૦ ૧૨

દેવ હમારે સુસરે સુંદરી, સાસુ કાજે કલેશજી;
અષ્ટાદશ અક્ષોહિણીશું, માર્યો વડો નરેશજી. બોલે૦ ૧૩

પાંડવ હરી પરખંડ સિધાવ્યા, પંચાલીને કામજી;
નામ કહું કેતા જગ જોતાં, પાર ન પાવે સ્વામજી. બોલે૦ ૧૪

ભૈરવ ઝંપા કમલની પૂજા, કરવત કાશી માંહિજી;
પંચાગ્નિ સાધે શીર ઉંધે, ધૂઓ ઘુટે પ્રાંહિજી. બોલે૦ ૧૫

એહવી કલ્પના કરીને કામી, વંછે નારી ભોગજી;
નાહ પામીને પરિહરીયે, કિણે દીઠો પરલોકજી. બોલે૦ ૧૬

કામ કહે કામિની તમેં નિસુણો, ભોગ ભોગવી ભલ ભૂરજી;
યોગી યોગ યુક્તિ જાલવતાં, હુવા મોક્ષ હજુરજી. બોલે૦ ૧૭

તુમ વાટ પાડી મુક્તિ પંથની, જાણી શ્રી જિનરાયજી;
સહસ્સ બાણું તજે સમકાલે, તો વૈરાગી થાયજી. બોલે૦ ૧૮

ચારિત્ર કઠીન હોવે કંતા, કરવો કેશાં લોચજી;
પર ઘર આશા ધરવી નિત કી, ભિક્ષા કેરો શોચજી. બોલે૦ ૧૯

ઉન્હો પાણી આછણુ પાણી, પીધો કહો કેમ જાયજી;
અણવાણા પાયે ચાલેવું, ફિરી પછતાવો થાયજી. બોલે૦ ૨૦

નાહ વિના નારી નિરાધારી, નિપટ નિકામી હોયજી;
અંગુઠા વિણ આંગુલીયા જિમ, નારી નિહાલી જોયજી. બોલે૦ ૨૧

સાસરડે સુખશાતા ન લહે, ન લહે પીયર માનજી;
ધણી ગયા ધણીયાપો છૂટે, ઘર આંગણુ મશાણુજી. બોલે૦ ૨૨

બેટા પોતા જનક જમાઇ, ગાંઠે ઝાઝા દામજી;
અલવેશર અલગાથી કહિયે, તો પણ નામ કુનામજી. બોલે૦ ૨૩

ધન ધન દમયંતી સતવંતી, ધન ધન પાંડવ નારજી;
આપદમાંહિ સાથ આ હારી, હુઇ ખીજમતદારજી. બોલે૦ ૨૪

નારીને પિયુ સાથે ભલો, કાં ઘર કાં વનવાસજી;
પતિવ્રતા વ્રત સાચો તે, સુખદુઃખ સરીખો જાસજી. બોલે૦ ૨૫

પિઉની લારે સંજમ લેસાં, સાધે સાનિધ્ય કાજજી;
મહેલ મુગતમેં સ્વામી સરસી,
કરીસાં અવિચલ રાજજી. બોલે૦ ૨૬

એકસો ને એકસઠમી ઢાલે, હરખ્યા કામ કુમારજી;
શ્રી ગુણસાગર નિજ પદ થાપ્યો,
શ્રી અનિરુધ્ધ કુમારજી. બોલે૦ ૨૭

---

## દોહા

ઓચ્છવ માંડયો અતિ ઘણો, સંજમનો મંડાણ;
ધન વિલસે મન મોકળે, સાજન મલ્યા સુજાણ. ૧
ભૂપતિને ભૂપતિની સુતા, મિત્રો ને પરિવાર;
સંજમ લેવા ચાલિયો, શ્રી પ્રદ્યુમ્ન કુમાર. ૨

---

## ઢાલ ૧૬૨ મી

દધિસુત વિનતડી સુણજો એ—દેશી

સંજમ લેવા સંચરીયો, સમતા રસશું ચિત્ત ભરીયો;
પ્રભુ પરિવારે પરિવરીયો હો. સંજમ૦ ૧

હાથી ઉપર આરોહે, શીર છત્ર મહા મન મોહે;
ચામરકી શોભા સોહે હો. સંજમ૦ ૨

તવ વાજા વાજે વારુ, તવ નાચે પાત્ર ઉદારુ;
તવ દીજે દાન અપારુ હો. સંજમ૦ ૩

હરી હલધર સાથે આવે, લોગાનો પાર નવિ પાવે;
પુરમાંહિ હોઇ સિધાવે હો. સંજમ૦ ૪

માધવજી સરીખો તાતો, રુખમણીજી સરીખી માતો;
એહ અચંભાની વાતો હો. સંજમ૦ ૫

આપણપે તો પ્રભુતાઇ, એ સવિ વાતે વડાઇ;
છાંડીજે એ ઠકુરાઇ હો. સંજમ૦ ૬

સ્ત્રિબી બીબી અતિ બુદ્ધિ, સાચી પતિ તણી તો કુઢી;
ન તજાયે મનકી ગુઢી હો. સંજમ૦ ૭

ખેચરની ધરતી સાધી, ભૂચરની પ્રભૂતા લાધી;
પ્રભુ ચાહે શીવ આરાધી હો. સંજમ૦ ૮

એમ સુણંતા આયા, જિનરાજ સમીપે સોહાયા;
તવ શ્રીમુખે સંજમ પાયા હો. સંજમ૦ ૯

સાંબકુમર વર વૈરાગી, વ્રત સાથે મહા લવ લાગી;
એ મદન તણી પરે ત્યાગી હો. સંજમ૦ ૧૦

અંતેઉર એ વિધિ કીજે, પિયુ સાથે સંજમ લીજે;
રાજેમતી પાસે રહીજે હો. સંજમ૦ ૧૧

ભાનુકુમરે પણ લીધો, ચારિત્ર સાથે ચિત્ત દીધો;
તેનો પણ કારજ સિધો હો. સંજમ૦ ૧૨

રુખમણી આદે પટનારી, એ આઠે સુવિચારી;
ચારિત્ર લીધો સુખકારી હો સંજમ૦ ૧૩

મદન મહા મુનિરાયા, પરમારથશું ચિત્ત લાયા;
એ સાધ સકલ હિ સુખદાયા હો. સંજમ૦ ૧૪

બાસઠું અને સોમી ઢાલે, મુનિ ચોકખું ચારિત્ર પાલે;
ગુણસાગર કુલ અજવાલે હો. સંજમ૦ ૧૫

---

દોહા

હરી હલધર જિનને નમી, આંસુ ઢાલે અપાર;
મન મેલી કુંવર કન્હે, ઘર આયા તેહિવાર. ૧

મહેલમાંહિ નવિ સુંદરી, સભામાંહિં સુકુમાર;
અણદેખ્યા હરી જાણીયો, સુનો સહુ સંસાર. ૨

## ઢાલ ૧૬૩ મી

( રામ રસે રાચી ઘણું એ—દેશી )

શ્રી હરીજી આલંગે નહિં, તે વાત ન જાયે કહી હો. શ્રી૦ ૧
રોમ રોમ શું રાચીયો, રૂખમણી કેરો રાગ હો;
ખાંચી કાઢયો દુઃખ હી, નહિં ઓષધનો લાગ હો. શ્રી૦ ૨
સુના મંદિર માલીયા, સુની ઘર પટશાલ હો;
સુની સેજ ડરામણી, વિણુ રુખમણી સુકુમાલ હો. શ્રી૦ ૩
ખાટ હિંચોલે હિંચતાં, હરીનો હૈયો ભરાય હો;
ઉંચો નીચો દેખહી, પતિવ્રતા નહિં પાય હો. શ્રી૦ ૪
ભોજન તો ભાવે નહિં, નહીં પાણી પ્યાસ હો.
આંખ્યાં ન લાગે સોવતાં, લાંબા લિયે નિઃસાસ હો. શ્રી૦ ૫
જો કદાચિત દૈવથી, પલક મિલંતી જાય હો;
સ્વપ્ને રુખમણીશું ખરી, વાત કરે હરી સોય હો. શ્રી૦ ૬
જાગ્યાથી કાંઇ નહિં, આરતિવંત મોરાર હો;
આવ નિરાશી નિદ્રડી, ફિરી જ્યું દેખું નાર હો. શ્રી૦ ૭
ઉઠત બેસત ચાલતાં, સહસ્સ રુખમણી હોય હો;
આંખ્યા આગે રુખમણી, સુખ પામે અવલોય હો. શ્રી૦ ૮
આસન સયન વિલોકતાં, વેદન તો અસમાન હો;
સાજનીયા સાલે નહિં, સાલે એ અહિઠાણ હો. શ્રી૦ ૯
અવરાં પાસે છે નહિં, રુખમણી કો વિલાસ હો;
આંબલીયા નવિ પુગહી, આંબા કેરી આશા હો. શ્રી૦ ૧૦

સીતા વિછોહો રામજી, નયણુ શ્રાવણુ મેહ હો;
ઝડમંડી વરસે સહિ, નારી નિરોપમ નેહ હો. શ્રી૦ ૧૧

હું કોણુ તું કોણુ એમ કહી, લક્ષ્મણુજી શું રામ હો;
ઝુરી ઝુરી પંજર હુવા, મુદ્રા કંકણુ નામ હો. શ્રી૦ ૧૨

અવરાં સાથે ન એહવો, જેહવો ત્રીયશું ચાવ હો;
મેલાવા નિકો પરી, વૈદ્ય કિયો ઉપાવ હો. શ્રી૦ ૧૩

રુપ નહિં કાંઇ એહવો, કલા એહવી નાંહિ હો;
મટકા મોટા મોહવા, નારી ન અવરાંમાંહિ હો. શ્રી૦ ૧૪

અક્ષર ચારું રુખમણી, હૈયે વસી હરીરાય હો;
વાસર તો નિઠે નહિં, રયણી છ માસી જાય હો. શ્રી૦ ૧૫

મદનકુમારની સુરતી, જોવતાં જગમાંહિ હો;
સારીખી અણુદેખવે, પુરુષોત્તમ દુઃખ પ્રાંહિ હો. શ્રી૦ ૧૬

હેલવીયા હીરા તણા, ફરકે ફરકે હાથ હો;
રુખમણી રુખમણી મદનને, સંભારે જગનાથ હો. શ્રી૦ ૧૭
ત્રેસઠ્ઠને સોમી ઢાલમેં, બોલંલો અધિકાર હો;
શ્રી ગુણસાગર વખાણીયો, પ્રેમ પરમ રસ સાર હો. શ્રી૦ ૧૮

---

### દોહા

સાંબ અને પ્રદ્યુમ્નને, અધિકો ધર્મ સ્નેહ;
તપ જપ કીજે એકઠા, શોષીજે નિજ દેહ. ૧

ચારિત્ર પાલે નિર્મલો, તે મોટા મુનિરાય;
સુમતિ ગુપ્તિ ખપ કરે, જીતી વિષય કષાય. ૨

એષણા શુદ્ધ આહારની, કરે ગવેષણા શુદ્ધ;
શુદ્ધાચારી સાધુનો, મારગ એ અવિરુદ્ધ. ૩

સતાવીશે ગુણ ધરે, સાધુ તણા સુખકાર;
મુનિવર મહીયલ સંચરે, નેમીનાથની લાર. ૪

### ઢાલ ૧૬૪ મી

( પ્રણુમી સદ્દગુરુ પાય ગુણ રે ગાશું રાજેમતી સતીજી એ—દેશી )

સાંબ પ્રદ્યુમ્ન મુણીંદ, ચારિત્ર પાલે નિરમલોજી;
પ્રણમે પાય નરિંદ, આરાધે માર્ગ ભલોજી. ૧

જંગમ થાવર જીવ, આપ સમાના રાખીયેંજી;
જાણી દોષ અપાર, મૃષા ભાષા ન ભાંખીએજી. ૨

સ્વામી જીવ જિન દેવ, ગુરુ અદત્તા ન આદરેજી;
વાડે વિશુદ્ધ વિશેષ, સુધો શીયલ સમાચરેજી. ૩

અંતર બાહિર ભેદ, પરિગ્રહ સહુ પરિહરેજી;
રાત્રિ ભોજન ત્યાગ, ખટકાયા રક્ષા કરેજી. ૪

જીત્યા વિષય વિકાર, પાંચ ઇંદ્રીના પાંડુવાજી;
નિર્લોભી અણગાર, આતમરામ રમાડવાજી. ૫

આણી ક્ષમા ગુણ સાર, પડીલેહણા ભલ ભાવશુંજી;
કરણ વિશુદ્ધ વિહાર, ચતુર મહા ચિત્ત ચાવશુંજી. ૬

સંજમ શુદ્ધ વિશુદ્ધ, મન વચન કાય કરીજીએંજી;
શીતાદિકની પીડ વિવિધ પ્રકારે સહિજીએંજી. ૭

મરણાંતિક ઉપસર્ગ, આયા અહિયાસિજીએં જી;
આદિ થકી એ ટેક, પાછા પાવ ન દિજીએ જી. ૮

સાધુ ગુણે શિરદાર, દુષ્કર તપ કરણી કરેજી;
પામી લબ્ધી અપાર, શૂર થઇને સંચરેજી. ૯

એકાંતરથી માંડી, માસા આયા ઉલ્હસીજી;
ઉત્કૃષ્ટા તપ કીધ, કંચન જિમ કાયા કશીજી. ૧૦

પંચ વિગયનો ત્યાગ, અરસ વિરસ અન્ન લીજીએ જી;
સમતા સાથે સનેહ, કદહી ક્રોધ ન કિજીએં જી. ૧૧

વર્ષા કાલ વિશેષ, તરુ મૂલે વાસો રહેજી;
ડાંસ મસાશું દ્વેષ, નાણે નિશ્ચલતા રહેજી. ૧૨

શીયાલે અતિ ટાઢ, ટાઢે કાયા થરહરેજી;
શીતલ વાયે વાય, વાયે શીલક વિસ્તરેજી. ૧૩

ગ્રીષ્મ કાલે જોય, લુઝલ વાયે આકરીજી;
ગિરી શીરે ધરીયો ધ્યાન, તદા શીલાવે અનુસરીજી. ૧૪

સુતા કુસુમની સેજ, ઈહાં કાંકરામેં સંથરીએજી;
ચાલંતા ચઢી ગજરાજ, ઈહા અણુવાણે પાઉ ધારીએજી. ૧૫

કરતા સોલ શણગાર, ઈહા ઓઢણુ જીરણુ પછેવડીજી;
ચુવા ચંદન વાસ, ઈહા મલશું મેલી દેહડીજી. ૧૬

પાડે થા જગત્રાસ, ઈહા શાંત હોઇ ચાલે ખરાજી;
આલસ નહિં લગાર, સાધુ કિરીયાશું સાદરાજી. ૧૭

પરિસહ બાવીશ, શૂરાપણુથી જીતીયાજી;
હિંસાદિક અઢાર, પાપ સહુ અલગા કિયાજી. ૧૮

તેજે તપત દિનકાર, ચંદ જિમ ચઢતી કલાજી;
સાગર જિમ ગંભીર, ગુણ આચારે આગલાજી. ૧૯

પઢીયા દ્વાદશ અંગ, ભવિક નરાં પ્રતિબુઝવેજી;
ભાવે ભાવના બાર, આપો આપે સુઝવેજી. ૨૦

આયા ગઢ ગિરનાર, કર્મસબલ દલ નાશીયોજી;
પામ્યા કેવલજ્ઞાન, લોકાલોક પ્રકાશીયોજી. ૨૧

ચાર પ્રકારાં દેવ, ખેચર ભૂચર આવીયાજી;
યાદવ યાદવરાય, મુનિ દર્શને સુખ પાવીયાજી. ૨૨

કરી કેવલ ઉત્સાહ, રુષી મુખે દેશના સાંભલેજી;
જીવાજીવ વિચાર, સંશય ભવભવના ટલેજી. ૨૩

માલવદેશે સ્વામ, સાથે સહુશું ચાલીયાજી;
નિસ્તાર્યા બહુ લોક, પાપ પરભવના ટાલીયાજી. ૨૪

ચોસઠ્ઠ ને સોમી એ ઢાલ, વૈરાગી સુખીયા સહુજી;
પભણે શ્રી ગુણસુરી, રાગી દુ:ખ પાવે બહુજી. ૨૫

---

દોહા

દ્વારામતીનો દ્વેષીયો, તે દ્વિપાયન દેવ;
તપ બલે પહોંચી નવિ શકે, પણ ન તજે અહમેવ. ૧

ભાવિનો બલ આવીયો, કાલ વિનાશ જે વાર;
લોક પડયા પ્રમાદમેં, સ્વેચ્છા આહાર વિહાર. ૨

---

ઢાલ ૧૬૫ મી

( હો સાહીબ બાહુ જિનેસર વિનવું એ—દેશી )

હો તાપસ છલ પામ્યો તે દેવતા, ઉલ્કાપાત અપાર હો;
તાપસ કીધી વાય વિકુરવણા, આણી પુર મોઝાર. હો૦ ૧

તાપસ બાલે નગરી દ્વારીકા, દ્વિપાયન અતિ ક્રોધ; હો. તા૦
રીસવશે નર આંધલો, નવિ પામે પ્રતિબોધ હો. તા૦ બા૦ ૨

કાઠ ઘણાં ને તૃણ ઘણાં, જાુહરનો સમદાવ હો; તા૦
આણી મેલ્યો એકઠો, પામીને ~~પ્રસ્તાવ~~ હો. તા૦ બા૦ ૩

હાહાકાર હુવો ઘણો, આરડ ભેરડ ભૂર હો; તા૦
દૂર ગયા જે માનવી, આણી કર્યા હજૂર હો. તા૦ બા૦ ૪

ગઢ મઢ પોલ પાગારશું, મંદિર મહેલ ઉદાર હો; તા૦
રાજ ભુવન સુવિશેષથી, બલતા ન લાગે વાર હો. તા૦ બા૦ ૫

બાલહત્યા ને ગૌ હત્યા, બ્રહ્મહત્યા ને નાર હો; તા૦
ચાર હત્યા ચાંડાલની, કીધી કોડી પ્રકાર હો. તા૦ બા૦ ૬

પાર નહિં પશુપંખીઆ, પદ્મિની કરે પોકાર હો; તા૦
અરે અદેખા પાપીયા, કરે કિશ્યું કિરતાર હો. તા૦ બા૦ ૭

છોરુ ગોરુ આપણા, છાતી આગે રાખ હો; તા૦
બલતી બાલા વલવલે, દીન મહા અતિ ભાંખ હો. તા૦ બા૦ ૮

માંહોમાંહિં આફલે, સહી ન જાયે ઝાલ હો; તા૦
નીકલવા પાવે નહિં, વિલવે બાલ ગોપાલ હો. તા૦ બા૦ ૯

નારી ભાંખે નાહશું, સઘલા સાથે તોડ હો; તા૦
જોડીથી મુજથી ખરી, અબ કાં જાઓ છોડ હો. તા૦ બા૦ ૧૦

બાલક બલતાં વિનવે, માતાજી શું એમ હો; તા૦
જઠરાગ્નિથી રાખીયા, આજ ન રાખે કેમ હો. તા૦ બા૦ ૧૧

સેવકશું સ્વામી કહે, નિત્ય હી રહેતાં પાસ હો; તા૦
તાપ ન દેતા લાગવા, અબ કાં જાઓ નાશ હો. તા૦ બા૦ ૧૨

આરેણીથી આણીયો, આડો ઘોડો ઘાલી હો; તા૦
અબ મુજ મુકી ભાઇજી,
કાં જાઓ મુંહ ટાલી હો. તા૦ બા૦ ૧૩

મિત્ર મનોહર માહરા, મતિસાગર તુજ નામ હો. તા૦
એહ ઉપદ્રવ જો ટલે, તો તુજ નામ સકામ હો. તા૦ બા૦ ૧૪

કંથને દેખી કામિની, કામિનીઆ પણ કંથ હો; તા૦
જે જિમ થા તે તિમ બલ્યા,
ઐ ઐ ઐ ભગવંત હો. તા૦ બા૦ ૧૫

બહુંતેર કુલ કુલકોડીનો, નગરીમાંહિ નિવાસ હો; તા૦
સાઠી કહી પુર બાહિરી,
એ સહુ લહ્યો વિનાશ હો. તા૦ બા૦ ૧૯

અંતર ઢાલ

નગરી બલતી દેખીને રે, ઘણા હુવા દિલગીર;
હૈડું લાગ્યું ફાટવા રે ભાઇ,
નયણે વછુટયા નીર રે; માધવ એમ બોલે. ૧

બંધવ બેહુ તિહાં મલ્યા રે ભાઇ, વાત કરે કરુણા એ;
દુ:ખ આલે દ્વારિકા તણું રે ભાઇ,
કથ્યું કાંઇ ન જાય રે માધવ એમ બોલે. ૨

કિહાં દ્વારીકાની સાહેબી રે ભાઈ, કિહાં ગજદલનો ઠાઠ;
સજજન મેલાવો કિહાં ગયો રે ભાઇ,
ખિણમેં હુવા ઘનઘાટ રે. માધવ૦ ૩

માધવ કહે સુણો બંધવા રે ભાઇ, જાગ્યાં પૂર્વલા પાપ;
અગ્નિ ચઉદિશે પરજલી રે ભાઇ,
કાઢો માય ને બાપ રે. માધવ૦ ૪

માત પિતા કહે સુણો દાવરાં રે, ન ફરે નેમની વાણ;
સોંએ સંથારો આદર્યો રે, તજી અન્ન ને પાન રે. માધવ૦ ૫

રથ જોડી વૃષભ આણીને રે ભાઇ, લાગી ચઉદિશે લાય;
આપણ બેહુ જણ તાણીએ રે ભાઇ,
બલદ લેલા કોણ જાય. માધવ૦ ૬

રથે જુતા બે બાંધવા રે ભાઇ, અગ્નિ વચ્ચે પાડી વાટ;
દેવતા કોપ્યો સહિ રે ભાઇ, તૂટીને પડીયો માઢ રે. માધવ૦ ૭

રથ ઘોડાને વેલુ બલે રે ભાઇ, બેતાલીશ બેતાલીશ લાખ;
અડતાલીશ કોડ પાલા બલે રે ભાઇ,
ક્ષણમાં હુઇ ગઇ રાખ રે. માધવ૦ ૮

હરી ભાંખે બલદેવને રે ભાઇ, ધિગ્ ધિગ્ જીવત મોય;
નગરી બલે મુજ દેખતાં રે ભાઇ,
મારું જોર ન ચાલે કોય રે. માધવ૦ ૯

બલતી નગરી દેખીને રે ભાઇ, હું રાખી ન શકું એમ;
ઇંદ્ર ધનુષ મેં ધારીયો રે ભાઇ,
તે બલ ભાંગ્યો કેમ રે. માધવ૦ ૧૦

જેણી દિશે આપણે જોવતા રે ભાઈ, સેવક સહસ્ર અનેક;
હાથ જોડી રહેતા ખડાં રે ભાઇ,
આજ ન દીસે એક રે. માધવ૦ ૧૧

વાદળ વિજ તણી પરે રે ભાઇ, રિદ્ધિ બદલાય એ સોય;
એણી વેલામાં આપણું રે ભાઇ,
સગું ન દીસે કોય રે. માધવ૦ ૧૨

મોટા મોટા રાજવી રે ભાઇ, શરણે રહેતા આય;
ઉલટો શરણો તાકીયો રે ભાઇ,
વેરણ વેલા આય રે. માધવ૦ ૧૩

હરી ભાંખે બલદેવને રે ભાઇ, સાંભલો બંધવ વાત;
ધરતી આપણશું ફિર ગઇ રે ભાઇ,
કોઇ દુશ્મને બતાય રે. માધવ૦ ૧૪

માધવ વચન સાંભલી રે ભાઇ, હલધર બોલે એમ;
પાંડવ ફઇ કુંતા તણા રે ભાઇ,
ચાલો તેને ગામ રે. માધવ૦ ૧૫

વચન સુણી હલધર તણા રે ભાઇ, માધવ બોલે એમ;
દેશવટો દઇ કાઢિયા રે ભાઈ, તે ઘર જાવું કેમ રે. માધવ૦ ૧૬

વળતાં હલધર એમ કહે રે ભાઇ, દેખી હોશે દિલગીર;
તે કેમ અવગુણ આણશે રે ભાઇ,
ગીરુઆ ગુણ ગંભીર રે. માધવ૦ ૧૭

તેં તેહના કારજ કિયા રે ભાઇ, ઘાતકી ખંડમેં જાય;
દ્રોપદી સોંપી આણીને રે ભાઇ,
તે કેમ ભૂલશે ભાવ રે. માધવ૦ ૧૮

અહંકારી શિર શેહરા રે ભાઇ, એહવી સંપદા પાય;
તે નર પાલા ચાલીયા રે ભાઇ,
આપદા પડી બહુ આય રે. માધવ૦ ૧૯

પાંડવ મથુરા પ્રગટી જિહાં રે ભાઇ, અગ્નિ ખૂણે સમુદ્ર તીર;
તે નગરી ભણી ચાલીયા રે ભાઇ,
બાંધવ બેહુ સધીર રે માધવ૦ ૨૦

---

ઢાલ મૂલગી

હરીમાતા ને રોહિણી, શ્રી વસુદેવ તિવાર હો. તા૦
અણુસણુને બલે પામીયો, દેવ તણો આકાર હો. તા૦ બા૦ ૧૭

સોલ સહસ્સ હરીની ત્રીયા, અણુસણુ બલે સુર હોઇ હો. તા૦
પોહોતી યાદવની ત્રીયા,
અવર અનેરી જોય હો. તા૦ બા૦ ૧૮

નેમીનાથનો શિષ્ય છું, કરતો એમ પોકાર હો. તા૦
નંદન શ્રી વસુદેવનો, દવાલીયો ઉબાર હો. તા૦ બા૦ ૧૯

શ્રી હરી હલધર નિકલ્યા, ઉભા બાહિર જાય હો. તા૦
બલતી દેખી દ્વારીકા,
દુઃખ હૈયે ન સમાય હો. તા૦ બા૦ ૨૦

શ્રી હલધર હરી શું કહે, આપા અલગી વાત;
નગરી અવર વસાવસું, સાંભલ સુંદર ભ્રાત હો. તા૦ બા૦ ૨૧

સગો સગાની જડ અછે, સગો સગા આધાર હો. તા૦
પ્રભુજી પાંડવ સંભારીયા,
આપદ ને અધિકાર હો. તા૦ બા૦ ૨૨

પાંડુમથુરાને ચલ્યા, કેવલ બંધવ દોય હો. તા૦
પાણી હિ પાવા ભણી, સાથ ન ત્રીજો કોય હો. તા૦ બા૦ ૨૩

ન હય ન ગય વાહણી, પાલા પુલાયા સોઇ હો. તા૦
અંતર નયણે નિરખજો,
દિન પલટે ઇમિ હોઇ હો. તા૦ બા૦ ૨૪

ગર્વ મ કરજો લાછીનો, કોઇ એક લગાર હો. તા૦
જો ન હુંઇ નિજ કંતની,
બીજા કવણ વિચાર હો. તા૦ બા૦ ૨૫

લચ્છી આવંતી ભલી, જાતા જાય વિગોય હો. તા૦
એ તો પડછો આસનો,
દ્વારામતી પતિ જોય હો. તા૦ બા૦ ૨૬

ફિટ રે લચ્છી કુલક્ષણી, છટકી દેખાયો છેહ; હો. તા૦
દૈવે કરાવ્યો હરી કિયો,
નિગુણી સરીસો નેહ હો. તા૦ બા૦ ૨૭

નિજબલ પરબલ પાધરો, દિન પાધરો જે વાર હો. તા૦
દિન વાંકે વાંકુ સહુ, ઘણું કિશ્યું વિસ્તાર હો. તા૦ બા૦ ૨૮

હરી હલધર તનુબલ ઘણાં, સુરબલનો નહિં પાર હો. તા૦
એકહી આડો નાવીયો,
મેટણ વ્યાસ વિકાર હો. તા૦ બા૦ ૨૯

ખટમાસાં લગી દ્વારીકા, બલી બૂઝાણી જાણ હો. તા૦
સાયરજલ વિંટી વલ્યે, પૂરવલે પરિમાણ હો. તા૦ બા૦ ૩૦
ચોસઠ્ઠે સોમી ઢાલમેં,
લચ્છી ન ચાલે લાર; હો. તા૦ બાલે૦ ૩૧

---

દોહા

કર્મે ઇંદ્ર વિગોઇયો, કર્મે ચંદ્ર કલંક;
કર્મે મોટા રાજવી, વનમેં ભમ્યા નિઃશંક. ૧

સત્યવંતી આદે સતી, કર્મે કરી સદોષ;
કર્મ આગલ નવિ છુટીયા, હરીહર બ્રહ્મા સરોષ. ૨

---

## ઢાલ ૧૬૧ મી

( મહાવિદેહ ક્ષેત્ર સોહામણો એ—દેશી )

કીધા કર્મ ન છુટીએ, રાય રંક સમ ભાય લાલ રે;
હરી હલધર દોઇ બાલીયા, પાંડવ મથુરા જાય લાલ રે. કીધા૦ ૧

હસ્તીકલ્પ નામે સહિ, આયો પુર અભિરામ લાલ રે;
દોઇ બંધવ તિહાં બાગમેં,
તરુ તલે લે વિશ્રામ લાલ રે. કીધા૦ ૨

સાજન જન લોગાં તણો, હરીને બહુલો દુઃખ લાલ રે;
એતાહિમેં આકરી, આવી લાગી ભૂખ લાલ રે. કીધા૦ ૩

ભુંડી ભૂખ અભાગણી, બ્હાલા ખાયે તારું નામ લાલ રે;
આપ જણાવણુ આકતી,
ન ગણે ઠામ કુઠામ લાલ રે. કીધા૦ ૪

હલધરશું હરજી કહે, એ વૈરીનો વાસ લાલ રે;
નૃપ છે દંત ડરામણો,
મતિ આણો વિશ્વાસ લાલ રે. કીધા૦ ૫

લ્યો મુજ કરની મુદ્રડી, વેચી સારો કામ લાલ રે;
લાવો ખાવા સુખડી, બાકી લાવો દામ લાલ રે. કીધા૦ ૬

હલધર પુરીમાંહે ચલ્યો, કંદોઇની પાસ લાલ રે;
નામાંકિત સા મુદ્રડી, જોઇ વાંચે ઉલ્હાસ લાલ રે. કીધા૦ ૭

વાત જણાવી રાયને, રાજા દલબલ સાજ લાલ રે;
ઘેરી લીધો સાંકડે, નાદ કિયો બલરાજ લાલ રે. કીધા૦ ૮

નાદ સુણી હરી ધાઈયો, મારે લાત કમાડ લાલ રે;
ઉડીને અલગાં પડયાં, આણી જીતી ઝાડ લાલ રે. કીધા૦ ૯

ડાંગ ભલી પણ ખોખરી, તો પણ હાંડી યોગ લાલ રે;
રાજા ધસી પગે લાગીયો,
પગે લાગે સહુ લોગ લાલ રે. કીધા૦ ૧૦

પુનરપિ આયા બાગમેં, હલધરશું રૂપ સ્યામ લાલ રે;
આરોગી તે સુખડી, ચાલ્યા આગે તામ લાલ રે. કીધા૦ ૧૧

વન કોસંબે પોચીયા, તૃષા વ્યાપી અપાર લાલ રે;
સુતો હરી તરુ છાંયડી, પુગી વેલા વાર લાલ રે. કીધા૦ ૧૨

હલધર જલ લેવા ગયો, આયો જરતકુમાર લાલ રે;
સો સર તિહાં સાંધીયો,
જાણી હરણ તે વાર લાલ રે. કીધા૦ ૧૩

વિંધાણો પગ બાણુશું, ધિગ્ ધિગ્ કરતો સોચ લાલ રે;
જરતકુમાર હરી આગલે,
આવી ઉભો હોય લાલ રે. કીધા૦ ૧૪

હરી ભાંખે સુણ ભાઇલા, તુજનો કોઇ ન દોષ લાલ રે;
જા રે જા ઉતાવલો, હલધર કરશે રોષ લાલ રે. કીધા૦ ૧૫

સહિનાણીને આપીયો, કૌસ્તુભરત્ન પ્રધાન લાલ રે;
લેઇ ચાલ્યો એટલે, છુટયા હરીનાં પ્રાણ લાલ રે. કીધા૦ ૧૬

છાસઠું સોમી ઢાલમેં, કૃષ્ણ તણો નિર્વાણ લાલ રે;
શ્રીગુણસાગર સુરજી, પ્રવચન વચન પ્રમાણ લાલ રે. કીધા૦ ૧૭

---

ઢાલ

ગર્વ ન કરજો રે ગાત્રનો, આખર એહ અસાર રે;
રાખ્યું કેહનું રે નવિ રહે, કર્મ ન ફેરે કિરતાર રે. ગર્વ૦ ૧

સડણ પડણ વિધ્વંસણ, જેહવું માટીનું ભાંડ રે;
ક્ષણમાં વાગે રે ખોખરું, તે કેમ રહે અખંડ રે. ગર્વ૦ ૨

મુખને પૂછીને જે જમે, પાન ખાય ચૂંટી ચૂંટી બીંડ રે;
તે મુખ બંધાણા ઝાંઝુએ, કાગ ચરકતા વિષ્ટ રે. ગર્વ૦ ૩

મુખ મરડીને મોજો કરે, કામિનીશું કરે કેલ રે;
તે જઇ સુતા શ્મસાનમાં, મોહ મમતાને મેલ રે. ગર્વ૦ ૪

હસી હસી બોલતાં હેજમાં, નરનારી લખ કોડ રે;
તે પરભવ જઇ પોઢીયા, ધણ કણ કંચન છોડ રે. ગર્વ૦ ૫

કોડ ઉપાય જો કિજીએ તો પણ નવિ રહે તેહ રે;
સજ્જન મલી સહુ તેહને, કરે અગ્નિને ભેટ રે. ગર્વ૦ ૬

કૃષ્ણ સરીખો જુઓ રાજવી, બલભદ્ર સરીખો વીર રે;
જંગલમાં જુઓ તેહને, તાકી માર્યું છે તીર રે. ગર્વ૦ ૭

બત્રીશ સહસ્સ અંતેઉરી, ગોવાલણી સોલ હજાર રે;
તરસે તરફડે ત્રીકમો, નહિં કોઇ પાણી પાનાર રે. ગર્વ૦ ૮

કોટી શીલા કરમેં ધરી, ગિરધારી થયા નામ રે;
બેઠા ન થવાણું તે બલે, જુઓ જુઓ કર્મના કામ રે. ગર્વ૦ ૯

જન્મતાં કેણે નવિ જાણીયા, મરતાં નહિ કોઇ રોનાર રે;
મહા અટવીમાંહે એકલા, પડયા કરે પોકાર રે. ગર્વ૦ ૧૦

છબીલો છત્ર ધરાવતા, ફેરવતા ચૌદિશી ફોજ રે;
વનમાં વાસુદેવ જઇ વસ્યા, વસે જિહાં વનચર રોઝ રે. ગર્વ૦ ૧૧

ગજે બેસી જેહ ગાજતા, થતી જિહાં નગારાની ઠોર રે;
ઘુવડ હોલા તિહાં ઘુઘવે, સાવજ કરતા તિહાં સોર રે. ગર્વ૦ ૧૨

જરાકુમાર જંગલ વસે, ખેલે છે તિહાં શિકાર રે;
હરી પગે પદ્મ તે દેખીયો, મૃગની ભ્રાંતે તેણીવાર રે. ગર્વ૦ ૧૩

તીર માર્યું તેણે તાણીને, પગ તલે બલપૂર રે;
પગ ભેદીને તે નિસર્યું, તીર પડયું જઇ દૂર રે. ગર્વ૦ ૧૪

આપ બલે ઉઠીને કહે, રે રે હું તો કૃષ્ણ રે;
બાણે કેણે મુને વિંધીઓ, એવો કોણ છે દુર્જન રે. ગર્વ૦ ૧૫

શબ્દ તે કૃષ્ણનો સાંભળી, વૃક્ષતલે જરાકુમાર રે;
કહે હું વસુદેવ પુત્ર છું, રહું છું આ વન મોઝાર રે. ગર્વ૦ ૧૬

કૃષ્ણ રખોપાને કારણે, વરસ થયા મુજ બાર રે;
પણ નવિ દીઠો કોઇ માનવી, આજ લગે નિરધાર રે. ગર્વ૦ ૧૭

દુષ્ટ કર્મ તણે ઉદયે, ઇહાં આવ્યા તુમે આજ રે;
મુજને હત્યા રે આપવા, વલી લગાડવા લાજ રે. ગર્વ૦ ૧૮

કૃષ્ણ કહે ઉરો આવ બંધવા, જેણ કાજ સેવે છે વન રે;
તે હું કૃષ્ણ તેં મારીઓ ન મટયા,
શ્રી નેમના વચન રે. ગર્વ૦ ૧૯

એ નિશાની પાંડવને આપજે, જા તું નજરથી દૂર રે;
નહિં તો બલભદ્ર મારશે, ઉપજશે ઉદ્વેગ રે. ગર્વ૦ ૨૦

આ સમે કેમ જાઉં વેગળો, જો તુમે મોકલો મોરારી રે;
ફરી ફરી પાછું જોતો થકો,
વરસતો આંસુ જલધાર રે. ગર્વ૦ ૨૧

દ્રષ્ટિ અગોચર જે થયો, એ ઢાલ અતિ રસાલ રે;
ઉદયરત્ન કહે સજજનો, સુણજો સહુકો ઉજમાલ રે. ગર્વ૦ ૨૨

---

## દોહા

જરતકુમાર વેગે કરી, પાંડવ મથુરા જાય;
જલ લેઈ હરી પાખતી, હલધર આયો ધાય. ૧

ઉઠો પ્રભુ પાણી પીયો, દેવ ન બોલે જામ;
રીસાણો પ્રભુ જાણીયો, હલધર બોલે તામ. ૨

## ઢાલ ૧૬૭ મી

( ગોરાંજી થેં મુને ગોડે ન રાખ્યો એ—દેશી )

ઉઠો પ્રભુજી પીવો પાણી, અણમલતાં એતિ વાર લગાણી;
તું મુજ બંધવ પ્રાણ પિયારો,
ભાઇજી આનો બોલ હમારો. ઉઠો૦ ૧

હું તો સેવક આદિ તુમ્હારો, ગોકુલમાં તું ફિરત કુમારો;
તે દિનથી તું પ્રીતમ પ્યારો,
હું ન રહું તુમથી ક્ષણ ન્યારો. ઉઠો૦ ૨

પૂર્વ ભવંતર નેહ ઘણેરો, ગંગદત્ત ને લલીતાંગ ભલેરો;
ચારિત્ર પાલી દેવ વિમાની,
પુનરપિ આપુણ પ્રીત થપાણી. ઉઠો૦ ૩

એતિ તો પ્રભુ કદહી ન કીધી, હમ તુમ એકલાસ પ્રસિદ્ધિ;
વાસર જાણી આજ અપૂઠો,
કહે રે બંધવ તું પણ રુઠો. ઉઠો૦ ૪

દુઃખભરી આંખે આંસુ ઢાલે, ઉંચો નીચો ખરો હિ નિહાલે;
કોઈ નહિં જે રોતો રાખે,
રાન રોઝ મલી એહિ સાંખે. ઉઠો૦ ૫

ખાંધે ધરી ચાલ્યા બલદેવા, ખટમાસ લગી કરતા સેવા;
સુર દ્રષ્ટાંત અનેક બતાવી,
દાઘ દીયો હલધર સમજાવી. ઉઠો૦ ૬

ચારણરુષી સમજાવે આયો, જિનનો પ્રેર્યો બલી મન ભાયો;
સંજમ લેઇ પાલે નિસ્તો,
વિષય કષાય થકી મન વિરતો. ઉઠો૦ ૭

રુખમણી આદિ આઠે દેખી, ઈગિયારે અંગ પઢી સુવિશેષી;
વરસ વીશ વ્રત પાલી સારી,
માસ સંલેખણા મોક્ષ સિધારી. ઉઠો૦ ૮

સાંબ અને પ્રધુમન મુનિસા, ચારિત્ર પાલી સોલ વરીસા;
શેત્રુંજે સંથારો સાધી, મોટા મોટી પદવી લાધી. ઉઠો૦ ૯

સાર્ધ ત્રિક્રોટી કુમર કહીયા, મદન સાંબને સાથે લહીયાં;
તે સઘલાયે શિવગતિ પામી,
નાથ નિરંજન અંતરજામી. ઉઠો૦ ૧૦

અનીરુધ્ધાદિક તે બટબંધુ, ક્રિયાવંત મહા ગુણસિંધુ;
વિમલપણે વિમલાચલ આવી,
અમલ વિમલ ગતિ ઉત્તમ પાવી. ઉઠો૦ ૧૧

યાદવને યાદવની નારી, મોક્ષ ગયા બહુ કર્મ નિવારી;
નામ સુગોત્ર સદા સુખદાઇ,
ત્રિવિધે ત્રિકાલ નમું ચિત્ત લાઇ. ઉઠો૦ ૧૨

સડસઠું અને સામી ઢાલ કહાવે, શ્રીબલદેવ મહાવ્રત પાલે
શ્રીગુણસાગર સુરી સોહાવે,
હરેખ ધરી રુષીના ગુણ ગાવે. ઉઠો૦ ૧૩

---

દોહા

શ્રી બલદેવ મહામુની, દ્વિવિધ શીખ સંયુત્ત;
પંડીતરાજ શિરોમણી, સમ દમ ગુણ સંયુત. ૧

તુંગીયા ગિરી શિખરે, ધ્યાન તણો અધિકાર;
ભિક્ષા લેવા પુરીભણી, આવે શ્રી અણગાર. ૨

---

### ઢાળ ૨૬૮ મી

( ઝુમખડાની—દેશી )

ભિક્ષા લેવા પુરભણી હો, આવે શ્રી અણગાર; રૂડા સાધુ નમો,
ઇર્યા મારગ શોધતાં હો, ગયવરની ગતિ સાર, રૂડા સાધુ નમો. ૧

કુવા કાંઠે કામિની હો, સાત પાંચની જોડ; રૂડા૦
કાઢે પાણી હેજશું હો, ખાંચે હોડા હોડ. રૂડા૦ ૨

રુપે મોહી ભામની હો, ગાફિલ થઇ તે વાર; રૂડા૦
ફાંસો દેઇ સુતને ગલે હો, ન લહે શુદ્ધ લગાર. રૂડા૦ ૩

શ્રી રુષીજી ચિત્ત ચિંતવે હો, રુપ નહિં એ ફંદ; રૂડા૦
માનનીયા મન મોહની હો, પાછા ફર્યા મુણીંદ. રૂડા૦ ૪

એ કો ગહિલ ગમારડી હો, રાચે રુપ રસાલ; રૂડા૦
સબવિધ સુંદર નારીના હો, હોશે કવણ હવાલ. રૂડા૦ ૫

ચંદ સમાવે તાપને હો, એ જગ પ્રગટી રીત; રૂડા૦
લહે તાપ જગ ચંદથી હો, એ તો અતિ વિપરીત. રૂડા૦ ૬

સુર કહ્યો ઉદ્યોતમેં હો, જો રે કરે અંધાર; રૂડા૦
સુર્ય નહિં એ સાચલો હો, રાહુ તણો અવતાર. રૂડા૦ ૭

નાવ કહી છે નીરમેં હો, પાવણ પરલે પાર; રૂડા૦
જો બોળે જલધારમેં હો, તો કુણ રાખણહાર. રૂડા૦ ૮

અજરામરકારી કહ્યો હો, આછો અમૃતપાન; રૂડા૦
કુણ વડતણુ વાધવો હો, કરતા જગનો જાન. રૂડા૦ ૯

દીઠે દરિસણ સાધુને હો, સંજમ ગુણનો પોષ; રૂડા૦
જો રે અસંજમ ઉપજે હો, તો એ મોટો દોષ. રૂડા૦ ૧૦

જાણી લાભ વિશેષથી હો, શાહ કરે વ્યાપાર; રૂડા૦
ત્રોટે જે વિરચે નહિં પાવે નામ ગમાર. રૂડા૦ ૧૧

આજ પછી વસતિ વિષે હો, મેં નાવેવો એહ; રૂડા૦
કીધો નિશ્ચે આકરો હો, જંગલ સાથે નેહ. રૂડા૦ ૧૨

દુઃકર તપ કરણી કરે હો, સમતારુપી હોઇ; રૂડા૦
વનમાંહિ આહારની હો, કરે ગવેષણા સોઇ. રૂડા૦ ૧૩

માસખમણ કરતાં ભલા હો, સાઠી મહાસુખકાર; રૂડા૦
પાંચખમણ પણ એટલા હો, ચો ચોમાસી સાર. રૂડા૦ ૧૪

પૂંઠી અપૂઠી રાખ કે, બેસે ધ્યાન અનૂપ; રૂડા૦
મતિ કો દેખે ખેચરી હો, મોહે માહરે રુપ. રૂડા૦ ૧૫

અમૃતવાણી વિશેષથી હો, વિધિશું દિયે ઉપદેશ; રૂડા૦
વાઘ સિંઘ પ્રતિબોધીયા હો, હિંસા તજે રે અશેષ. રૂડા૦ ૧૬

હિરણ એક હરખ્યો ખરો હો, સેવા કરે સુજાણ; રૂડા૦
સાથે ફરે જિમ ચેલણા હો, પામ્યો પુન્ય પ્રમાણ. રૂડા૦ ૧૭

એક દિવસ રથકારને હો, જાણી ભોજન યોગ; રૂડા૦
સાધુ પધાર્યા વહોરવા હો, મલીયો શુભ સંયોગ; રૂડા૦ ૧૮

વોહોરાવે રથકારજી હો, વોહોરે શ્રી રુષીરાય; રૂડા૦
ભાવના ભાવે હિરણલો હો, ઘડી પહોતી આય. રૂડા૦ ૧૯

તૂટી શાખા તરુતણી હો, ચંપાણા તે તીન; રૂડા૦
સ્વર્ગ પંચમે દેવતા હો, સુર સુખમેં લયલીન. રૂડા૦ ૨૦

અડસઠ્ઠસોમી ઢાલમેં હો, રામ રુષી નિર્વાણ; રૂડા૦
શ્રી ગુણસાગર સુરજી હો, કીજે સંઘ કલ્યાણ. રૂડા૦ ૨૧

---

## દોહા

રામરુષી સુરગતિ લહી, તપ તણો પ્રકાર;
દાનગુણે રથકારજી, મૃગલો વડો વિચાર. ૧

## ઢાલ ૧૧૯ મી

(આજ તો આનંદ વધામણા, દીઠા રુષભ જીણંદ—એ દેશી)

સાધુ કહે ભવિ સાંભલો, એહનો એહ વિચાર;
દાન શીયલ તપને વિષે, ભાવનાનો અધિકાર. ૧

જગમેં મોટી ભાવના, ભાવો હૃદય મોઝાર;
ભાવથકી ભવનિધિ તરે, પામે ભવનો પાર. જગ૦ ૨

લુણ વિના જેમ રસવતી, ભોજન વિણ તંબોલ;
દાન વિના કમલા જિસી, સાચ વિના જિમ બોલ જગ૦ ૩

કંત વિના જેમ કામિની, શીલ વિના શણગાર;
પુત્ર વિના ઘર આંગણો, રાય વિના દરબાર. જગ૦ ૪

કરણી તેમ વિણ ભાવના, ન લહે શોભ લગાર;
ભાવ થકી ભારે ઘડો, ભાવ વડો સંસાર. જગ૦ ૫

દાન નામ ધનથી હુવે, શીલરો કેવો ચિત્ત;
તપ કરી કાયા શોષવી, ભાવે ન લાગે વિત્ત. જગ૦ ૬

શ્રી મરુદેવી સ્વામિની, આદિનાથની માત;
ભાવબલે ભવજલ તરી, એ પ્રગટયો અવદાત. જગ૦ ૭

શ્રી ભરતેશ્વર ભાવના, ભાવે તે કેવલ લાધ;
તિમહી આઠ પટોધરાં, ભાવન જોર અગાધ. જગ૦ ૮

પુત્ર એલાચી જોઈજયો, કિણ વિધ સાર્યાં કાજ;
એમ દ્રષ્ટાંત અનેકજી, પ્રત્યક્ષ દીસે આજ. જગ૦ ૯

દૂધ જામણ ભાવના, કાંજી ક્ષુદ્ર પ્રમાણ;
ભાવના છે ભવનાશિની, લાભ ઘણો વિણ દામ. જગ૦ ૧૦

એગુણતેર સોમી ઢાલમેં, ભાવ કિયો શિરદાર;
શ્રી ગુણસાગર ન્યાય એ, હિરણ લહ્યો પદ સાર. જગ૦ ૧૧

દોહા

જરતકુમર જાઇ કહ્યો, ભૂત્રા ભાઇયાં સાથ;
વિધ્વંસણુ દ્વારામતી, કાન્હ કિયો જગનાથ. ૧

એ આભરણુ હરિ કુંઠનો, આપ્યો છે ધરી નેહ;
ભૂવાજી હવે આજથી, આશ મ કરશો એહ. ૨

ઢાલ ૧૭૦ મી

( ભાગ્ય પ્રબલ નૃપ ચંદનો રે—એ દેશી )

કુંતી કાલજ કંપીયો રે, ધરણી પડી તત્કાલ રે માય;
દુઃખ ભર તે અતિ રોવતી રે,
વિલવે સા અસરાલ રે માય. કુંતી૦ ૧

હા હા એ સ્યું નિપનું રે, અણુચિંતવ્યું વલી આમ રે માય;
ભાઈ નામે ઘણું પામતા રે,
શીતલતા અભિરામ રે માય. કુંતી૦ ૨

હરી હલધરની સુરતિ રે, મુર્તિ અવર ન કોય રે માય;
મરદાં નામશૈદાં શિરૈ રૈ,
એહ અવસ્થા હોય રે માય. કુંતી૦ ૩

ઈંદ્રપુરી દ્વારામતી રે, સઘલા હિ જગનો સાર રે માય;
કનકમય સુર નિરમઇ રે,
જલી બલી હુઇ છાર રે માય. કુંતી૦ ૪

ગુણુ સંભારી એહના રે, નિર્મલ ગંગા નીર રે માય;
હડકુદણુ લાગી હૈયે રે,
નયણે ચાલ્યા નીર રે માય. કુંતી૦ ૫

પર ઉપકારી શિરોમણી રે, હા બંધવ હા ભ્રાત રે માય;
વહેલા આવો વાહલા રે,
કરવા મો સ્યું વાત રે માય. કુંતી૦

હૈડા હવે તું સ્યું રહ્યો રે, ગયો તે તુજ આધાર રે માય;
ભાઈ માધવ મલશેં કિહાં રે,
ભીડનો ભંજણહાર રે માય. કુંતી૦ ૭

કૂબા ડાહ્યા પાપીયા રે, તાપસ થારી વાટ રે માય;
પડજો મારે કોસણે રે, ઉપાયો ઉચ્ચાટ રે માય. કુંતી૦ ૮

ઉગ્યો આડંબર ઘણે રે, આથમતાં નહિં વાર રે માય;
સુર સરીખા જાદવા રે,
હોઇ ગયો વ્યવહાર રે માય. કુંતી૦ ૯

સાજનીયા સાલે ઘણું રે, સંભાર્યા સો વાર રે માય;
જે વિણ ઘડી નવિ ચાલતું રે,
કિમ ચાલશે જમવાર રે માય. કુંતી૦ ૧૦

ધર્મનંદ સમજાવણી રે, માતા સાથ કરંત રે માય;
ઉપજયો તે વિણશે સહિ રે,
એમ કહે અરિહંત રે માય. કુંતી૦ ૧૧

ઈંદ્ર ચંદ્ર નર દેવતા રે, જિન ચક્રી ગણધાર રે માય;
જમ આગલ નવિ છુટીયા રે,
અવરાં કિસ્યો વિચાર રે માય. કુંતી૦ ૧૨

ચાલ્યા તે ચાલી ગયાં રે, નહિં તે ચાલણહાર રે માય;
સમજી ન કરે આપણી રે,
સાચો શોચો ગમાર રે માય. કુંતી૦ ૧૩

ચાવણ ચાવી આપણો રે, પંથી પંથ પુલાય રે માય;
તિમ કાગલ કિરતારને રે,
રંચ ન રહેણો જાય રે માય. કુંતી૦ ૧૪

એ ઉપદેશ વિશેષથી રે, માતાજી સુસ્તી થાય રે માય;
ધર્મ કરેવા કારણે રે, ક્ષણ લાખેણી જાય રે માય. કુંતી૦ ૧૫

સીતેર સોમી ઢાલમેં રે, ધર્મનંદના બોલ્ર રે માય;
શ્રી ગુણસાગર સુરજી રે,
અમીય સમા નિર્મોલ રે માય. કુંતી૦ ૧૬

( દોહા )

પાંડવ પ્રભુ મન ચિંતવે, સાધુ યોગ જો થાય;
તો તો કારજ સારીએ, જ્ઞાનબલે જિનરાય. ૧

ધર્મઘોષ મુનીશ્વરુ, પાંસુસયા પરિવાર;
પાંડવ મથુરા આવીયા, સર્વે જીવા હિતકાર. ૨

પાંડવ તામ પધારીયા, વંદન શ્રી ગુરુદેવ;
દેશના સુણે સોહામણી, સાચવતાં અતિ સેવ. ૩

ઢાલ ૧૭૧ મી

( હનુમંતો વીરો આયો એ—દેશી )

સમજો હો તુમ્હે ભવિ પ્રાણી, એ જગત વિનાશી જાણી;
શ્રી જિનધર્મ આરાધો, સમતાએ શિવ હી સાધો. સમજો૦ ૧

ત્રિવિધ વાતાં વૈરાગો, ભોગ ભયંકર નાગો;
ભોગે ભૂલ્યા જે ભોલા, ભટકે જિમ ગિરી ટોલાં. સમજો૦ ૨

દીસે કારમી કાયા, બાંધી રહી અતિ માયા;
પહેરણુ ખાણુ અણુરી, રોગ વ્યથા કરી પુરી. સમજો૦ ૩

ચિહું ગતિમાંહે નર ગાઢો, રુલતાં નવિ હુઓ તાઢો;
આજ લગી અંત નવિ આવે,
દરિસણુથી દોલત પાવે. સમજો૦ ૪

ત્રિકરણ શુદ્ધ રાખીજે, કરણીના ફલ ચાખીજે;
આઠ મદાનો પરિહારો, કરતાં ભવનો પારો સમજો૦ ૫

ઇંદ્રી જીતેવા કાઠા, ઇંદ્રીયાના ફલ ઘાઠા;
નરક નિગોદમેં પડીયા, કાલ ઘણો રડવડીયા. સમજો૦ ૬

વિકથા ચારુ નિવારી, પામ્યા પ્રભુતા ભારી;
વિકથા વાહી ડોકરડી, સઘલાએ ભાંખે સરડી. સમજો૦ ૭

વિશ નવી લધા વિગુતા, હીંડે છે ઈહા હુતા;
સાતા સાતે ફરસીજે, તજીયા શીવ દરસીજે. સમજો૦ ૮

પાપ અઢારે પરિહરીએ, અપજશથી અતિ ડરીએ;
દીન દુઃખી ઉદ્ધરીએં, પુન્યે કરી ઘર ભરીએ. સમજો૦ ૯

શ્રી ગુરુરાયા એ વાણી, અમૃતપાન સમાણી;
સમતા કેરી સહિનાણી, પાંડવ પાંચા સોહાણી. સમજો૦ ૧૦

એકોતેરસોમી ઢાલે, પાંડવ પાપ પખાલે;
સુરી ગુણસાગરજી સાચો,
શ્રી જિનમત હીરો જાચો. સમજો૦ ૧૧

---

( દોહા )

સદ્‌ગુરુ કેરી દેશના, દુધ સરીખી જાણ;
ઘુંટ ઘુંટ પીધી પાંડવા, પૂછે જોડી પાણ. ૧

પૂર્વ ભવંતરની વત્તી, ભાંખો શ્રી ગુરુરાજ;
ભવસાયરને તારવા, તુમ વડસફરી જહાજ. ૨

---

## ઢાલ ૧૭૨ મી

( વીરે વખાણી રાણી ચેલણા જી એ—દેશી )

સાધુ કહે નૃપ સાંભલોજી, પૂર્વ ભવંતર વાત;
પાંચ હી તુમ પરભવ તણાંજી, ધૂરથી સુણો અવદાત. સાધુ૦ ૧

એક સ્થાનક વસતા હુતા જી, પંચ સહોદર સાર;
કરસણની આજીવિકાજી, આપદના રે ભંડાર. સાધુ૦ ૨

[1]સુરતિ ને [2]શાંતનુ જાણીએજી, [3]દેવ ને [4]સુમતિ સુજાણ;
નામે [5]સુભદ્રક પાંચમોજી, પ્રીતિ તણો રે મંડાણ. સાધુ૦ ૩

શ્રી જસોધર ગુરુ પાખતીજી, લીધો સંજમભાર;
સુમતિ ગુપ્તિ વ્રત પાલતાંજી, મહીયલ કરે રે વિહાર. સાધુ૦ ૪

તપ જપ કરણી આગલાજી, આગલા ગુણે રે આચાર;
શાસ્ત્ર કલા કરી આગલાજી, આગલા ધર્મ વિચાર. સાધુ૦ ૫

સુરતિ કર્યો કનકાવલીજી, રત્નાવલીય વિશેષ;
શાંતનુ સુરિ મુક્તાવલીજી, સુમતિ તણો તપ દેખ. સાધુ૦ ૬

સિંહ નિષ્ક્રીડીત સાચવ્યોજી. આંબેલ તપ વર્ધમાન;
સાધુ સુભદ્રનો જાણવોજી, એ તપ પંચ પ્રધાન. સાધુ૦ ૭

માસ સંલેહણા વિધિ કરીજી, સ્વર્ગ અનુત્તર પામ;
એ તુમ આવીને ઉપનાજી, પંચ હી પાંડવ નામ. સાધુ૦ ૮

એમ સુણી વ્રત આદર્યોજી, પરીક્ષિતને દેઈ રાજ;
પંચ મુનીશ્વર મ્હોટકાજી, સારે સારે આપણા કાજ. સાધુ૦ ૯

માતા કુંતાને દ્રૌપદીજી, ચારિત્ર લીયો તેહિ વાર;
કર્મપક્ષે તિમ ધર્મને જી, પક્ષ તજી નહિં લાર. સાધુ૦ ૧૦

બહુંતેર સોમી એ ઢાલમેંજી, પાંડવોનો રે વૈરાગ્ય;
શ્રી ગુણસાગર સાધશેજી, મુનિવર મોક્ષનો માર્ગ. સાધુ૦ ૧૧

---

## દોહા

જગજીવન જગ વચ્છલુ, જગપતિ જગપ્રતિપાલ;
વિચરે છે મહીમંડલે, શ્રી જિન નેમ દયાલ. ૧

ને દયાલે દેવતા, પુરી પુરી ઉદ્યાન;
રેવતકાચલ મસ્તકે, દ્વાર મનાઇ જાણુ. ૨

જરાસંઘના યુદ્ધમેં, જરાવ્યાપના કાલ;
દલ રોકી સહુ રાખીયા, ભૂપ અપૂઠો વાલ. ૩

દહન કાલે દ્વારાપુરી, જો જિન હો તો માંહિ;
તો દ્વિપાયન દ્વારિકા, બાલી ન શકતો પ્રાંહિ. ૪

ગુણ અનંત ભગવંતના, કહેતાં ન આવે અંત;
ગગન મવે કોણ આંગુલે, ગાઢો વિદ્યાવંત.

---

ઢાલ ૧૭૩ મી.

(ધન ધન શીયલ શિરોમણી એ દેશી)

ધન ધન નેમ જિનેશ્વરુ, ધન ધન યાદવ વંશ ઉદાર તો;
પુરુષ રતન જિહાં ઉપના,
તે તો ત્રિભુવનના શણગાર તો. ધન૦ ૧

જીવ ઘણાં પ્રભુ તારીયા, તારી તરી રાજેમતી વર નાર તો;
પહેલી મુકતે મોકલી,
જાણું જાણું રાખે ઠામ સમાર તો. ધન૦ ૨

પ્રીતિ પનોતિ પાલવી, ગાઢિ ગાઢિ હે કાઠી જગમેં જોય તો;
રાજુલ સાથે નેમજી, છેહા છેહે હે નિવાઇ સોઇ તો. ધન૦ ૩

કાં નરભવ કાં સુરભવે, કાં રે મનોહર મુક્તિ મોઝાર તો;
સરસી રાખી સ્વામીજી,
અલગી ન કરી એક લગાર તો. ધન૦ ૪

આરજદેશ અનારજે, વિચર્યા હે સ્વામી કરત વિહાર તો;
પ્રતિબોધ્યા ભવિજન ઘણાં,
કેઈ સમકીત કેઇ વ્રત ધાર તો. ધન૦ ૫

જાણી સમય નિર્વાણનો, સ્વામી આવ્યા હે ગઢ ગિરનાર તો;
દીધી છેલ્લી દેશના, જીવ ઘણાંના કામ સમાર તો. ધન૦ ૬

પંચસયા ષટતીસ શું, સંથારો હે કીધો સુવિશાલ તો;
શોગ ધરંતા સામટા,
આયા ઇંદ્ર હે ચલી તત્કાલ તો. ધન૦ ૭

સ્વામી પધાર્યા શિવપુરી, જન્મ જરાનો હે પ્રભુ આણ્યો અંતતો;
જ્ઞાનાદિક વર આઠશું,
સિદ્ધ ગુણે હે સોહે ભગવંત તો. ધન૦ ૮

સંસ્કાર કાયા ભણી, ચંદન કાઠે હે કીધો છે તામ તો;
દાઢા લીધી હે સુરપતિએ,
સુરલોકે હે પૂજણ અભિરામ તો. ધન૦ ૯

દ્વીપ ગયા નંદીશ્વરે, આઠ દિવસ હે ઓચ્છવ અધિકાર તો;
હરી પહોંતા નિજ સ્થાનકે,
સમરતા હે શ્રી જિનગુણ સાર તો. ધન૦ ૧૦

શ્રી ગિરનારે જિન તણાં, દિક્ષા નાણ હે અને નિર્વાણ તો;
કલ્યાણિક તીને ભલાં,
તે માટે હે એ સ્થાનક પ્રધાન તો. ધન૦ ૧૧

નેમજિણંદ આણંદમેં, જય જય હે જિનવર જગદીશ તો;
રંગ વિનોદ વધામણાં,
પૂરજો હે શ્રી સંઘ જગદીશ તો. ધન૦ ૧૨

તિહુતેર સોમી ઢાલમેં, ભાંખ્યો ભાંખ્યો હે નિર્વાણ કલ્યાણ તો;
મેરુ ભરીજે મ્હોટકો,
ગુણસાગર હે સુરી સાધુ સુજાણ તો. ધન૦ ૧૩

### દોહા

પાંડવ પાંચ મહામુની, છઠ્ઠી કુંતા માય;
પંચાલી એ સાત હિં, તપ કરી સોષે કાય. ૧

ગુણ આચારે આગલા, દુઃકર દુઃકર કાર;
ચરમ શરીરી પ્રાણીયા, પુનરપિ નહિં અવતાર. ૨

---

### ઢાલ ૧૭૪ મી

(તે મુનિ વંદો તે મુનિ વંદો—એ દેશી)

આણી અમા પાંડવ પંચ સુહાવંદા, સુહાવંદા રે સુહાવંદા;
મહામુનીશ્વર કહાવંદા, ધન આંગણે જિહાં આવંદા,
ઇહાં મોતી થાલ વધાવંદા. મુની૦ ૧

ગામ નગર પુર પાટણ વિચરે, ભવિનરાં મન ભાવંદા;
જ્ઞાનધ્યાનશું તત્ત્વ પિછાની,
એકાંતે મન સમજાવંદા. મુની૦ ૨

રાગદ્વેષ દો દૂર નિવારી, ત્રિકરણ શુદ્ધ કરાવંદા;
ચાર કષાય તજણ ચતુરાઇ, ઇંદ્રી પાંચ દમાવંદા. મુની૦ ૩

પીયરીયા ખટ કાયા કેરા, ભય સાતે નવિ આણંદા;
મદ આઠે પરીહરી,
નવવિધ શીયલ સદા સુખ જાણંદા. મુની૦ ૪

દશ હી પ્રકારે ધર્મ ધરંદા, ઇગ્યારે અંગ પઢાવંદા;
બારે ભિક્ષુ પ્રતિમા પાલે, ક્રિયા તેર તજાવંદા. મુની૦ ૫

ચોદે ભેદે જીવ વિચારી, કોડી કારજ સારીંદા;
જંગમ તીરથ જીવન જગના,
આપ તરે પર તારીંદા. મુની૦ ૬

હસ્તીકલ્પપુર વનમેં આયા, વહોરણ સાધુ જાવંદા;
મોક્ષ કલ્યાણક નેમ તણો સુણી, શેત્રુંજે સિધાવંદા. મુની૦ ૭

અઢાર હજાર મુની પરિવારે, સંથારો ગહાવંદા;
માતાજીશું પાંચે પાંડવ, કેવલ મોક્ષ લહાવંદા. મુની૦ ૮

અવર મુનિવર કેઇ મુક્તિ, કેઇ સ્વર્ગ વસાવંદા;
શેષ કર્મ બાકી શોધનને, સુર સુખનો ચિત્ત લાવંદા. મુની૦ ૯

પંચાલી પંચમ સુરલોકે, ભવહી માંહિં રહાવંદા;
અણગમતો આહાર દિયાથી, અજહુ પાર ન પાવંદા. મુની૦ ૧૦

નારદ રુષી વિધિ વાત કરીને, નિશ્ચલ મન ફરસાવંદા;
પાપ પખાલી અણુસણુ પાલી,
શિવગતિનું દરસાવંદા. મુની૦ ૧૧

ચુમોતેર સોમી એ ઢાલે, પાંડવ શિવપદ પાવંદા;
શ્રી ગુણસાગર સુરી ઉજાગર,
નાગર ગુરુ ગુણ ગાવંદા. મુની૦ ૧૨

---

( દોહા )

સંઘ ચતુર્વિધ તીર્થમેં, શાંતિનાથ દાતાર;
સ્થુલીભદ્ર આચારમેં, મંત્રમેં નવકાર. ૧

મણીમાં મણી ચિંતામણી, ગ્રહગણમેં દિનકાર;
શ્રી ગૌતમગુરુ ગણહરા, તરૂમેં સુરતરુ સાર. ૨

સુરમાંહિ જેમ સુરપતિ, નરમેં નરપતિ જેમ;
વંશા મેં હરીવંશજી, વિશ્વવદીતો તેમ. ૩

---

ઢાલ ૧૭૫ મી

( શ્રેણીકરાય હું રે અનાથી નિગ્રંથ - એ દેશી )

મેં ગાયો શ્રી હરીવંશ ઉદાર, સરીયા રે મનવંછિત કાજ૦ મેં૦
પામી પ્રશંસા ખરી, અધિકાઇ રે ઉપની આજ. મેં ગાયો૦ ૧

બારે દશમા જિનતણે, વંશ એ ઉત્પન્ન; મેં૦
વિસ્તરી શાખા ઘણી, કાંઇ હુવા રે એ પુરુષ રતન્ન. મેં૦ ૨

અપર નામ સોહામણો, નૃપ યદુથી જોય; મેં૦
રાય જાદવ રાજીયા, કાંઈ પુહવી રે પર સિદ્ધા સોય. મેં૦ ૩

વીશમો બાવીસમો, એ વંશે જીણંદ; મેં૦
ઉપજીયા આણંદશું, કાંઈ આયા રે તિહાં ચોસઠ્ઠ ઈંદ્ર. મેં૦ ૪

કૃષ્ણને બલદેવજી, વંશમેં અવતંશ; મેં૦
વાસી નગરી દ્વારીકાં,
કાંઇ કીધો રે અરિકુલ વિધ્વંશ. મેં૦ ૫

મામાઇ ફુઇયાઇ ભાઇ ભલા, ધર્મનંદને ભીમ; મેં૦
શક્રસુત શોભા ધરી, કાંઇ પ્રૌઢી રે પૌરુષની સીમ. મેં૦ ૬

સાંબ અને પ્રદ્યુમ્નના, બલ તણો નહિં પાર; મેં૦
એક એકાથી વડા,
કાંઇ અગણીત રે હરીવંશ કુમાર. મેં૦ ૭

ઈંદ્ર નગરી દ્વારીકા, દ્વારીકા પણ સોઇ; મેં૦
ઉપમા સરખી સહિ, કાંઇ અંતર રે ન દીસે કોઇ. મેં૦ ૮

નિત્ય હરખ વિનોદમેં, નિત્ય હરખ વિલાસ; મેં૦
દ્વારીકા નગરી તણો, કાંઇ નિત્યકો રે વાધતો વાસ. મેં૦ ૯

નિત્ય સુત જન્મોત્સવો, નિત્ય સુત નીશાલ; મેં૦
નિત્ય સુત પરણેત ના,
કાંઇ કરીએ રે ઘર ઘર કલ્યાણ. મેં૦ ૧૦

ખેલ ખેલના ખરા, ઘુઘરા ઘમકાર; મેં૦
ધોંક ધપમપ માદલા, કાંઇ વાજે રે વાજીંત્ર અપાર. મેં૦ ૧૧

કિજીએ જિન સેવના, સાધુ ભક્તિ અપાર; મેં૦
ભલી ભાવે ભાવના,
કાંઇ ભાવીયા રે ભલ ભાવ ઉદાર. મેં૦ ૧૨

અબલ ભાવ પ્રભાવના, પરમ પુન્ય પ્રકાશ; મેં૦
શ્રીફલાં શ્રીકારણી, કાંઇ પુગી રે પુગી મન આશ. મેં૦ ૧૩

નારી નીકી શોભતી, પહેરીયાં પટકુલ; મેં૦
તનુ સોલ શણુગાર કરી,
કાંઇ બોલે રે મુખ મીઠા બોલ. મેં૦ ૧૪

રંગ રોલ કચોલડા, થાલે મોતી સાર; મેં૦
કરે સુગુરુ વધામણાં,
કાંઇ વરતે રે જિનમતની વાર. મેં૦ ૧૫

આજ અછે દીવાલીકા, નારી ઝાકઝમાલ; મેં૦
આજ પર્વ પજુસણા,
કાંઇ કીજે રે ઓચ્છવ સુવિશાલ; મેં૦ ૧૬

મિલે સાહમ્મી સામટા, સાહમ્મિણી સુવિચાર; મેં૦
ધવલમંગલ ચારશું,
કાંઇ જણુ જણુ રે જય જયકાર. મેં૦ ૧૭

ગચ્છ સ્વગચ્છે પરિમાણુશું, વિજયવંત વાશેષ; મેં૦
શ્રી વિજય ગચ્છ રાજીયા,
કાંઇ દીપે રે ગુરુ ધર્મ નરેશ. મેં૦ ૧૮

વિજયરુષી વિદ્યાબલી, ધર્મદાસ મુનીશ; મેં૦
ક્ષિમાસાગર ખેમજી,
કાંઇ જેહની રે જગમાંહિ જગીશ. મેં૦ ૧૯

પદ્મસાગર સુરજી, સુજશ સુજશ ભરપુર; મેં૦
પાય પ્રણુમી પ્રભુતણાં,
કાંઇ પભણે રે ગુણુસાગર સુર. મેં૦ ૨૦

સંવત સોલ બહુંતેરે, માસ શ્રાવણ શુદ; મેં૦
ત્રીજ સોમ સુમુહુરતાં,
કાંઇ વાસર રે વારુ અવિરૂદ્ધ. મેં૦ ૨૧

કુર્કુટસ્વર નગરમેં, પાર્શ્વસ્વામી પસાય; મેં૦
સંઘને ઉત્સુકપણે, કાંઇ રચીયો રે મેં ચરીત સુભાય. મેં૦ ૨૧

ઢાલસાગર નામ એ, **શ્રી** હરીવંશનો વિસ્તાર; મેં૦
શુદ્ધ ભાવે સાંભલે, કાંઇ પામે રે સુખસંપત્તિ સાર. મેં૦ ૨૩

એકસો પંચોત્તેર એ, ઢાલનો સોભાગ; મેં૦
આદે તો આશાવરી, કાંઈ અંતે રે ધન્યાશ્રી રાગ. મેં૦ ૨૪

જબ લગ ગિરિ શ્રી મેરુજી, સકલ ગિરિવર ઇશ;
તબ લગે હરીવંશ એ, કાંઇ થાજો રે સ્થિર વિશ્વાસ. મેં૦ ૨૫

---

**કલશ**

**ચોપાઇ**

હરીવંશ ગાયો સુજશ પાયો, જ્ઞાનબુદ્ધિ પ્રકાશનો;
પાપ ત્રાઠો ગયો નાઠો, પુન્ય આયો આસનો. ૧

કર્ણપુત્ર કલત્ર કમલા, પઢત સુણત સોહામણો;
પૂજ્ય શ્રી ગુણસુરી જંપે, સંઘ રંગ વધામણો. ૨

ઇતિ નવમઃ ખંડઃ સમાપ્તઃ

ઈતિ ઢાલસાગરઃ સમાપ્તઃ

### शार्दूलविक्रीडित वृत्तम्

श्रीमत् साधुशिरोमणे – बुधजनालंकार–चूडामणेः ।
युक्तस्यापि च सप्तविंशतिगुणै–र्नैग्रंथ्य–प्रोद्दीपकैः ॥

साहाय्यान्मुनि–दीपचंद्र–सुगुरोः सद्बोधि–बोधाप्तये ।
प्राप्रिष्ट्याय च ढालसागर इति ग्रंथोऽयमुन्मुद्रितः ॥ १ ॥

PALITANA